ૐ

શ્રી વીતરાગાય નમઃ

# બૃહદ દ્રવ્યસંગ્રહ પ્રવચન

(ભાગ-૧)

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના 'બૃહદ દ્રવ્યસંગ્રહ'
ઉપરના પ્રવચનો
(ગાથા ૦૧ થી ૩૪)

પ્રકાશક
વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ
ભાવનગર

**પ્રાપ્તિ સ્થાન**

**વીતરાગ સત્સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ**
૫૮૦, જૂની માણેકવાડી,
પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ
ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : (૦૨૭૮) ૨૪૨૩૨૦૭

**શ્રી પંકજભાઈ પ્રાણભાઈ કામદાર**
૩૨, કહાનનગર
૨૭૧/૨૯૧ એન. સી. કેલકર રોડ
દાદર (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૨૮
ફોન : (૦૨૨) ૨૪૩૦૭૪૮૯

**ખીમજીભાઈ ગંગર (મુંબઈ) : (૦૨૨) ૨૬૧૬૧૫૯૧**
**ડોલરભાઈ હેમાણી (કલકત્તા) : (૦૩૩) ૨૪૭૫૨૬૯૭**
**અમી અગ્રવાલ (અમદાવાદ) : R-૨૫૪૫૦૪૯૨, ૯૩૭૭૧૪૮૯૬૩**

**શ્રી આદિનાથ કુંદકુંદ કહાન દિગંબર જૈન ટ્રસ્ટ**
'વિમલાંચલ' હરિનગર,
અલીગઢ.
ફોન : (૦૫૭૧) ૪૧૦૦૧૦/૧૧/૧૨

**પ્રથમાવૃત્તિ : ૧૧-૦૫-૨૦૦૫**
**(પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૧૬મી જન્મ જયંતિ)**
**પ્રત : ૧૦૦૦**
**પૃષ્ઠ સંખ્યા : ૩૦૮ + ૮ = ૩૧૬**
**પડતર કિંમત : ૭૫/-**
**મૂલ્ય : ૨૦/-**

**લેસર ટાઈપ સેટિંગ :**
**પૂજા ઇમ્પ્રેશન્સ**
**પ્લોટ નં. ૧૦૭૫/A**
**માતૃછાયા - ૪, આંબાવાડી**
**ભાવનગર-૩૬૪૦૦૧**
**ફોન : (૦૨૭૮) ૨૨૦૩૪૭૦**

**મુદ્રક :**
**ભગવતી ઑફસેટ**
**૧૫/C, બંસીધર મિલ કંપાઉન્ડ**
**બારડોલપુરા,**
**અમદાવાદ-૩૮૦૦૦૪**
**ફોન : (૦૭૯) ૨૧૬૭૬૦૩**

# પ્રકાશકીય

સમસ્ત જિનાગમ સંસારદુઃખથી તપ્ત જીવોને શાશ્વત સુખ-શાંતિનો માર્ગ દર્શાવી રહ્યાં છે. સનાતન દિગંબર જૈનધર્મની પરંપરામાં અનેક આચાર્યો તથા મુનિ ભગવંતો થતા આવ્યા છે, જેઓએ સ્વયંના અનુભવપૂર્ણ સિદ્ધાંતોથી નિષ્કારણ કરુણા કરી શાશ્વત સુખ-શાંતિ પ્રાપ્ત કરવાનો માર્ગ ગ્રંથારૂઢ કરી પંચમકાળના ભવ્યજીવો ઉપર અમાપ ઉપકાર કર્યો છે. આવા અનેક મહાન આચાર્યો થયા એમાંના એક છે – '**શ્રીમદ્ નેમિચન્દ્રસિદ્ધાન્તદેવ**', જેઓએ '**બૃહદ્ દ્રવ્યસંગ્રહ**' નામક સિદ્ધાંતગ્રંથની રચના કરી છે.

આ ગ્રંથમાં ત્રણ અધિકાર છે. પહેલા અધિકારમાં છ દ્રવ્ય અને પંચાસ્તિકાયનું, બીજા અધિકારમાં સાત તત્ત્વ અને નવ પદાર્થોનું તથા ત્રીજા અધિકારમાં નિશ્ચય-વ્યવહાર મોક્ષમાર્ગનું પ્રતિપાદન ઉત્તમ શૈલીથી કરવામાં આવ્યું છે. સૈદ્ધાંતિક જ્ઞાન માટે 'તત્ત્વાર્થસૂત્ર'ની જેમ 'દ્રવ્યસંગ્રહ' પણ અત્યંત ઉપયોગી ગ્રંથ છે અને શ્રી 'સમયસાર' આદિ અધ્યાત્મ-ગ્રંથો માટે પ્રવેશિકા સમાન છે.

'બૃહદ્ દ્રવ્યસંગ્રહ'ની માત્ર એક સંસ્કૃત ટીકા ઉપલબ્ધ છે. શ્રી '**બ્રહ્મદેવે**' આ ટીકા ઘણી સુંદર, વિસ્તૃત અને સપ્રમાણ લખી છે. તેઓ બહુશ્રુત વિદ્વાન હતા. અનેક જૈન શાસ્ત્રોનું ગહન અધ્યયન અને મનન કર્યું હતું. તેમને નયોનું ઉચ્ચ કોટિનું જ્ઞાન હતું.

આ કાળના અચંબા સમાન, આશ્ચર્યની પ્રતિમાસ્વરૂપ, મોક્ષમાર્ગ રહસ્યોદ્‌ઘાટક, પંચમકાળને ચતુર્થ કાળમાં પરિવર્તિત કરનાર, સદ્‌બોધદાતા, કૃપાનિધાન પરમ કૃપાળુ સદ્‌ગુરુદેવશ્રી '**કાનજીસ્વામી**'એ આ ગ્રંથ ઉપર ઇ. સ. ૧૯૫૨ પ્રવચનો કરેલા. તે વખતે કેસેટ ટેપ ઉતારવાની કોઈ શોધ નહોતી થઈ, ત્યારે શ્રી 'સદ્‌ગુરુ પ્રવચનપ્રસાદ'માં પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો પ્રકાશિત થયા હતાં. આ પ્રવચનો ગ્રંથારૂઢ કરી '**બૃહદ્ દ્રવ્યસંગ્રહ પ્રવચન**' નામનો પ્રથમ ભાગ પ્રકાશિત કરતાં અમોને અત્યંત હર્ષ થાય છે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ આ ગ્રંથ ઉપર સ્વયંની મૌલિક શૈલીથી તથા સરળ ભાષામાં કરેલા પ્રવચનો મુમુક્ષુજીવો માટે અત્યંત પ્રકાશસ્તંભ સમાન છે. કોઈપણ સ્તરના મુમુક્ષુજીવ સમજી શકે એવી ભાષામાં થયેલા આ પ્રવચનોમાં સમસ્ત જિનાગમોનો સાર ભરી દીધો છે. આ ગ્રંથમાં કુલ ૫૮ ગાથાઓ છે, જેના ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીએ વિસ્તૃત પ્રવચનો કરેલાં છે. છ દ્રવ્યોનું

સ્વરૂપ, નવ તત્ત્વોનું સ્વરૂપ તથા નિશ્ચય-વ્યવહાર મોક્ષમાર્ગનું સ્વરૂપ સ્પષ્ટ કરીને પૂજ્ય ગુરુદેવશ્રીએ સમસ્ત મુમુક્ષુ સમાજ ઉપર અવિસ્મરણીય ઉપકાર કર્યો છે. વર્તમાન દુષમકાળમાં આવું ઉત્તમ સમ્યક્ તત્ત્વ પીરસીને મોક્ષાર્થી ભવ્ય જીવોની મોક્ષપ્રાપ્તિ અર્થેની પિપાસાને શાંત કરવા અર્થે પૂજ્ય ગુરુદેવશ્રીએ અમૃતધારા વર્ષાવી છે. સજ્જન પુરુષો એક મરણથી બચાવનારનો ઉપકાર પણ ભૂલતા નથી ત્યારે આ નિષ્કારણ કરુણામૂર્તિએ મુમુક્ષુજીવોને અનંત જન્મ-મરણથી બચાવવાનો માર્ગ પ્રકાશિત કરી અનંત અનંત ઉપકાર કર્યો છે. પૂજ્ય ગુરુદેવશ્રીના ઉપદેશથી પ્રાપ્ત નિશ્ચય રત્નત્રયાત્મક મોક્ષમાર્ગના ફળસ્વરૂપ મોક્ષદશામાં પ્રાપ્ત થતાં સુખ અને શાંતિનો કોઈ અંત નથી તો એવા ઉપદેશદાતા શ્રીગુરુનો ઉપકાર પણ અનંત જ હોય. પ્રસ્તુત પુસ્તકના પ્રકાશન પ્રસંગે, જેનું મૂલ્ય ન થઈ શકે એવા અપૂર્વ જ્ઞાનદાતા પુરુષના ઉપકારને હૃદયંગમ કરી પાવન ચરણકમળમાં અત્યંત ભક્તિભાવે વંદન કરીએ છીએ.

આ પ્રવચનો 'સદ્ગુરુ પ્રવચન પ્રસાદ'માં પ્રકાશિત થઈ ચૂક્યા છે. વીર નિર્વાણ સંવત–૨૪૭૮, સન ૧૯૫૨માં થયેલાં આ પ્રવચનોની કોઈ પણ ઑડિયો કેસેટ નથી. માટે આ પ્રવચનો પુસ્તકાકારરૂપે પ્રકાશિત થાય તો મુમુક્ષુ સમાજને વિશેષ હિતનું કારણ થાય એવો સૂઝાવ શ્રી 'હેમંતભાઈ ગાંધી', 'સોનગઢ' તથા શ્રી 'જયસુખભાઈ ખાટડીયા' 'મુંબઈ', તરફથી મળતાં આ પ્રવચનોને બે ભાગમાં પ્રકાશિત કરવાનો નિર્ણય 'વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટે' લીધો. પ્રથમ ભાગમાં ૧ થી ૩૪ ગાથાનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ પ્રવચનોની ફાઈલો 'જામનગર' નિવાસી શ્રી 'સુનીલભાઈ પુનાતર' પાસેથી પ્રાપ્ત થતાં આ પ્રકાશનકાર્ય શક્ય બન્યું છે. તે માટે અત્ર તેમનો હૃદયપૂર્વક આભાર માનવામાં આવે છે.

પ્રસ્તુત ગ્રંથ 'બૃહદ્ દ્રવ્યસંગ્રહ પ્રવચન'ના પ્રથમ ભાગના પ્રકાશન પ્રસંગે અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી, પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન, પુરુષાર્થમૂર્તિ પૂજ્ય નિહાલચંદ્રજી સોગાની તથા જેમની કૃપાથી તથા પ્રેરણાથી 'વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ'માં વીતરાગ સત્ સાહિત્યનું પ્રકાશન ચાલી રહ્યું છે એવા પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના ઉપકારને હૃદયપટમાં અંકિત કરી વંદન કરીએ છીએ.

પ્રસ્તુત ગ્રંથના પ્રકાશન અર્થે સ્વ. શ્રી સોમચંદભાઈ ભગવાનજીભાઈ કચરાભાઈ શાહ, લંડનના સ્મરણાર્થે હ. મીનાબહેન શાહ, લંડન તરફથી રૂ. ૨૫,૦૦૦/- પ્રાપ્ત થયેલ છે. તેઓનો અત્ર આભાર માનવામાં આવે છે તથા અન્ય દાનરાશિનું સાભાર વિવરણ અન્યત્ર આપવામાં આવેલ છે. ગ્રંથના ટાઈપ સેટિંગ માટે 'પૂજા ઇમ્પ્રેશન્સ'નો તથા સુંદર મુદ્રણ કાર્ય કરી આપવા બદલ મે. 'ભગવતી ઑફસેટ' નો આભાર માનવામાં આવે છે તથા અન્ય જે જે મુમુક્ષુઓનો સહકાર પ્રાપ્ત થયો છે તેમનો પણ અત્ર આભાર માનવામાં આવે છે.

આ પ્રવચનોનાં પ્રકાશનકાર્યમાં પ્રમાદવશ અથવા અજાગૃતિવશ કોઈ ક્ષતિ રહી જવા પામી

હોય તો સર્વ જિનેન્દ્રભગવાનની, આચાર્યભગવંતોની, જિનવાણી માતાની તથા સર્વ સત્પુરુષોની શુદ્ધ અંતઃકરણપૂર્વક ક્ષમા યાચીએ છીએ.

અંતતઃ આ પ્રવચનોના સ્વાધ્યાયથી સમસ્ત જીવો તત્ત્વજ્ઞાનને પ્રાપ્ત થઈ મોક્ષમાર્ગને પ્રાપ્ત થાય એ જ ભાવના સાથે અત્ર વિરામ પામીએ છીએ.

**ફાગણ વદ-૧૦, તા. ૦૪-૦૪-૨૦૦૫**
**(પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની**
**૭૩મી સમ્યક્ જયંતી)**

ટ્રસ્ટીગણ
**વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ**
ભાવનગર

**આ પુસ્તકની કોઈપણ પ્રકારે વિરાધના ન થાય તેની સાવધાની રાખવા વિનંતી.**

## હું જ્ઞાનમાત્ર છું.

સુખધામ અનંત સુસંત ચહી,
દિનરાત્ર રહે તદ્ધ્યાન મહી;
પ્રશાંતિ અનંત સુધામય જે,
પ્રણમું પદ તે વરતે જય તે.

❀ ❀

પાવન મધુર અદ્ભુત અહો ! ગુરુવદનથી અમૃત ઝર્યાં,
શ્રવણો મળ્યાં સદ્ભાગ્યથી નિત્યે અહો ! ચિદ્રસ ભર્યાં.
ગુરુદેવ તારણહારથી આત્માર્થી ભવસાગર તર્યાં,
ગુણમૂર્તિના ગુણગણતણાં સ્મરણો હૃદયમાં રમી રહ્યાં.

❀ ❀

હું એક શુદ્ધ સદા અરૂપી, જ્ઞાનદર્શનમય ખરે;
કંઈ અન્ય તે મારું જરી, પરમાણુમાત્ર નથી અરે.

❀ ❀

**સહજાત્મસ્વરૂપ સર્વજ્ઞદેવ પરમગુરુ**

श्री सर्वज्ञवीतरागाय नमः

# શાસ્ત્ર સ્વાધ્યાયનું પ્રારંભિક મંગલાચરણ

ओंकारं बिन्दुसंयुक्तं नित्यं ध्यायन्ति योगिनः।
कामदं मोक्षदं चैव ॐकाराय नमोनमः।।१।।
अविरलशब्दघनौघप्रक्षालितसकलभूतलकलङ्का।
मुनिभिरुपासिततीर्था सरस्वती हरतु नो दुरितान्।।२।।
अज्ञानतिमिरान्धानां ज्ञानाञ्जनशलाकया।
चक्षुरुन्मीलितं येन तस्मै श्रीगुरुवे नमः।।३।।

## ।। श्रीपरमगुरुवे नमः, परम्पराचार्यगुरवे नमः।।

सकलकलुषविध्वंसकं, श्रेयसां परिवर्धकं, धर्मसम्बन्धकं, भव्यजीवमनःप्रतिबोधकारकं, पुण्यप्रकाशकं, पापप्रणाशकमिदं शास्त्रं श्री समयसारनामधेयं, अस्य मूलग्रन्थकर्तारः श्रीसर्वज्ञदेवास्तदुत्तरग्रन्थकर्तारः श्रीगणधरदेवाः प्रतिगणधरदेवास्तेषां वचनानुसारमासाद्य आचार्यश्रीकुन्दकुन्दाचार्यदेवविरचितं, श्रोतारः सावधानतया श्रृणवन्तु।।

मंगलं भगवान वीरो मंगलं गौतमो गणी।
मंगलं कुन्दकुन्दार्यो जैनधर्मोऽस्तु मंगलम्।।१।।
सर्वमंगलमांगल्यं सर्वकल्याणकारकं।
प्रधानं सर्वधर्माणां जैनं जयतु शासनम्।।२।।

❁ ❁ ❁

ॐ नमः सिद्धेभ्य।

આચાર્ય શ્રીનેમિચંદ્ર સિદ્ધાંતચક્રવર્તી વિરચિત

# બૃહદ દ્રવ્યસંગ્રહ

# પ્રવચન

**(પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનોનો સંક્ષિપ્ત સાર)**

**ભાગ–૧**

**પ્રસાદ નં. – ૨૫૯-અ**

**વી. નિ સં. ૨૪૭૮, અષાડ વદ ૯, વર્ષ ૨જું. પુસ્તક નવમું,**
**સોનગઢ, તા. ૧૫-૭-૫૨, મંગળવાર.**
**શ્રી દ્રવ્યસંગ્રહ ગાથા–૧**
**(અષાડ વદ ૪, શુક્રવાર, ૧૧-૭-૫૨ બપોર)**

આ 'બૃહદ દ્રવ્યસંગ્રહ'માં છ દ્રવ્યોનું વર્ણન છે. ભગવાન સર્વજ્ઞદેવે જ્ઞાનમાં છ વસ્તુઓ ભિન્નભિન્ન જોઈ છે. તેનું આમાં વર્ણન છે. આ શાસ્ત્રના કર્તા શ્રી'નેમિચંદ્ર આચાર્ય' છે તેઓ સિદ્ધાંતચક્રવર્તી હતા. ભગવાનના દિવ્યધ્વનિની પરંપરામાંથી સંતોએ ષટ્ખંડ આગમ રચ્યાં છે, તેનું જેમને જ્ઞાન હોય તેમને સિદ્ધાંતચક્રવર્તી કહેવાય છે. આ આચાર્ય લગભગ વિક્રમ સં. ૭૦૦માં થઈ ગયા છે. આમાં છએ દ્રવ્યોના ભિન્ન-ભિન્ન સ્વરૂપનું વર્ણન છે. 'સમયસાર'માં તો શુદ્ધ દ્રવ્યદૃષ્ટિના વિષયની પ્રધાનતાથી જ્ઞાયક દ્રવ્યનું વર્ણન છે, ને આમાં જ્ઞાનપ્રધાન કથન છે, એટલે

દ્રવ્યને પરથી ભિન્ન વર્ણવે છે. તેમાં પણ નયો ઉતારશે ત્યારે શુદ્ધ દ્રવ્યાર્થિકનયના વિષયનું પણ વર્ણન કરશે. આ 'દ્રવ્યસંગ્રહ'માં ૫૮ ગાથા છે. તેમાં તો 'ગાગરમાં સાગર' સમાવી દીધો છે. તેમાં પ્રથમ અનુવાદક મંગલાચરણ કરે છે.

**श्री वीरं जिनमानम्य जीवाजीवावबोधकम्।**
**द्रव्यसङ्ग्रहग्रन्यस्य देशभाषां करोम्यहम्।।१।।**

'શ્રી વીર ભગવાન'ને નમસ્કાર કરીને, જીવઅજીવ દ્રવ્યોનો બોધ કરાવનાર એવા આ 'દ્રવ્યસંગ્રહ' શાસ્ત્રની દેશભાષા કરું છું.

સંસ્કૃત ટીકાકાર બ્રહ્મદેવ છે તેઓ મંગળાચરણ કરે છે :–

**प्रणम्य परमात्मानं सिद्धं त्रैलोक्यवन्दितम्।**
**स्वाभाविकचिदानन्दस्वरूपं निर्मलाव्ययम्।।१।।**
**शुद्धजीवादिद्रव्याणां देशकं च जिनेश्वरम्।**
**द्रव्यसंङ्ग्रहसूत्राणां वृत्तिं वक्ष्ये समासतः।।२।।युग्मम्।**

મંગલાચરણમાં સિદ્ધભગવાનને નમસ્કાર કર્યા છે. સિદ્ધ ભગવંતો ત્રણલોકથી વંદ્ય છે. ત્રણ લોકના પ્રધાન પુરુષો સિદ્ધને નમે છે. સિદ્ધોને સ્વાભાવિક જ્ઞાન અને આનંદ છે. કોઈ બહારથી જ્ઞાન કે આનંદ આવતો નથી, પણ પોતાના સ્વભાવમાં એકાગ્રતા કરતાં સ્વભાવમાંથી જ ઉત્પન્ન થયા છે. જ્ઞાન અને આનંદ સ્વભાવથી ઉત્પન્ન થયા છે એટલે કે પરથી જ્ઞાન અને આનંદ ઉત્પન્ન થતા નથી. આત્મામાં શક્તિરૂપ સામર્થ્ય તો હતું, પણ સિદ્ધદશા અનાદિથી વ્યક્ત ન હતી; સ્વભાવમાં શ્રદ્ધા-જ્ઞાન કરીને તેમાં એકાગ્રતાથી સિદ્ધદશા પ્રગટી, તેમાં સહજ સ્વભાવથી જ જ્ઞાન ને આનંદ છે. વળી સિદ્ધભગવંતો નિર્મળ છે. રાગ-દ્વેષાદિ મેલ નથી તેમ જ નિમિત્ત તરીકે કર્મનો મેલ પણ નથી, તેમ જ તે સિદ્ધોને ફરીથી અવતાર થતો નથી. તેઓ અવિનાશી પરમાત્મદશાને પામ્યાં છે. ભગવાનને ફરીથી અવતાર લેવાની ઇચ્છા હોય નહિ, ને અવતાર પણ હોય નહિ. આવા સિદ્ધ ભગવંતોને નમસ્કાર હો.

વળી શુદ્ધ જીવદ્રવ્ય વગેરે છ દ્રવ્યનો ઉપદેશ દેનારા શ્રી જિનેન્દ્રભગવાનને પણ નમસ્કાર હો - એ પ્રમાણે મંગલાચરણ કરીને આ 'દ્રવ્યસંગ્રહ' નામના સૂત્રની ટીકા હું કરીશ - એમ 'શ્રી બ્રહ્મદેવસૂરિ' એ પ્રતિજ્ઞા કરી.

આ શાસ્ત્ર કોના નિમિત્તે રચ્યું છે તે કહે છે.

માળવા દેશની ધારાનગરીમાં ભોજદેવ નામના રાજા સંબંધી શ્રીપાલ મંડલેશ્વર હતા, તેના 'આશ્રમ' નામના નગરમાં શ્રી'મુનિસુવ્રત ભગવાન'ના ચૈત્યાલયમાં આ શાસ્ત્રની રચના કરી છે. 'સોમ' નામના રાજશ્રેષ્ઠીને માટે આ રચના કરી છે. તે સોમ નામના નગરશેઠ કેવા છે ? તે કહે છે.

શુદ્ધાત્મદ્રવ્યના જ્ઞાનથી ઉત્પન્ન જે પરમાનંદ અમૃત, તેનાથી વિપરીત ચાર ગતિનાં દુઃખ છે, એ ચારે ગતિનાં દુઃખથી જે ભયભીત છે અને ચિદાનંદ પરમાત્માની ભાવનાથી ઉત્પન્ન એવા પરમ સુખામૃતના પાનના અભિલાષી છે, તથા નિશ્ચય-વ્યવહાર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ રત્નત્રયની ભાવના જેને પ્યારી છે. જુઓ, જેને સંસાર વહાલો છે તે જીવને આ વાત રુચશે નહીં. શ્રોતા કેવો હોય ? તે આમાં આવી જાય છે કે જેને ચાર ગતિનો ભય હોય, ને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની ભાવના જેને વહાલી હોય, એવો જીવ આ દ્રવ્યસંગ્રહનો શ્રોતા થવાને લાયક છે. જુઓ, ગૃહસ્થાશ્રમમાં રહેલા મોટા શેઠને પણ આવો ધર્મનો પ્રેમ હોય છે. આવા ધર્મપ્રેમી જીવને માટે આચાર્યદેવે પહેલાં 'દ્રવ્યસંગ્રહ'ની ૨૬ ગાથાઓ રચી, ને પછી વિશેષ તત્ત્વો જણાવવા માટે બીજી ગાથાઓ રચી, એ રીતે 'બૃહદ્ દ્રવ્યસંગ્રહ'ની રચના થઈ છે.

હવે તેની પહેલી ગાથા કહે છે. તેમાં મંગલાચરણ કરે છે તેમ જ ગ્રંથનો સંબંધ, ધ્યેય વગેરે જણાવે છે.

## સૂત્ર-૧

**जीवमजीवं दव्वं जिणवरवसहेण जेण णिद्दिट्ठं।**
**देविंदविंदवंदं वंदे तं सव्वदा सिरसा।।१।।**

જુઓ, નિર્ગ્રંથ દિગંબર સંત 'શ્રીનેમિચંદ્ર સિદ્ધાંતચક્રવર્તી' જંગલમાં વસનારા ને આત્માના આનંદમાં ઝૂલનારા મહાસંત હતા. વનમાં જેમ સિંહ વિચરતા હોય, તેમ જેઓ આત્માના મોક્ષમાર્ગમાં વિચરતા હતા. તેઓ કહે છે કે જિનવરોમાં પ્રધાન એવા શ્રી તીર્થંકરદેવે જીવ અને અજીવ દ્રવ્યોનું કથન કર્યું છે. તથા દેવેન્દ્રોના સમૂહથી જે વંદિત છે, એવા શ્રીતીર્થંકરદેવને હું સદાય મસ્તક નમાવીને નમસ્કાર કરું છું.

જુઓ, વિકલ્પ ઊઠ્યો છે તેથી એમ કહ્યું કે, 'સદા મસ્તક નમાવીને નમસ્કાર કરું છું' મસ્તક કાંઈ ચોવીસે કલાક નમેલું ન હોય, મસ્તક નમાવીને નમસ્કાર કરવાનું કહ્યું તે તો નિમિત્તનું કથન છે, નમસ્કારમાં પણ નયો ઉતારીને અદ્‌ભુત કથન કરશે. આ શાસ્ત્રમાં નયોનો ઘણો સરસ વિસ્તાર છે.

હવે ગાથાના એકેક શબ્દનો અર્થ કરે છે.

'વંદે' એટલે કે વંદન કરું છું. કઈ રીતે વંદન કરું છું ? તેમાં નય ઉતારે છે.

(૧) એકદેશ શુદ્ધ એવો જે નિશ્ચયનય છે તેની અપેક્ષાએ પોતાના શુદ્ધ આત્માનું આરાધન કરનારા ભાવસ્તવનથી વંદું છું. પોતાના ચિદાનંદ સ્વભાવનું ભાન કરીને તેમાં એકાગ્રતાથી જે અંશે શુદ્ધપર્યાય પ્રગટી છે, તેનું નામ એકદેશ શુદ્ધ નિશ્ચયનય છે, નિર્મળપર્યાયનો અંશ પ્રગટ્યો તેટલો એકદેશ શુદ્ધનિશ્ચયથી નમસ્કાર છે. જુઓ, શરીરની ક્રિયા તો બહારમાં ગઈ, ને વિકલ્પ ઊઠ્યો તે વ્યવહારમાં ગયો. નિર્મળ પર્યાય પ્રગટીને અંતરમાં અભેદ થઈ તેટલું નિશ્ચયથી વંદન છે. જુઓ, આ અરિહંતભગવાનને નમસ્કાર કરવાની રીત ! સ્વપર્યાયની શુદ્ધતા થઈ તેને જાણનારું જ્ઞાન તે પર્યાય અપેક્ષાએ શુદ્ધ નિશ્ચયનય છે. અહીં નિશ્ચયનય કહ્યો છે તે પર્યાય અપેક્ષાએ છે. પર્યાયમાં અંશે શુદ્ધતા પ્રગટી તેને જાણવું તેનું નામ એકદેશ શુદ્ધ નિશ્ચયનય છે. 'સમયસાર'માં શુદ્ધદ્રવ્યદૃષ્ટિની અપેક્ષાએ તો તે નિર્મળપર્યાયને પણ અભૂતાર્થ ગણીને વ્યવહારનો વિષય ગણ્યો છે, ને અહીં તે પર્યાયને એકદેશ શુદ્ધ નિશ્ચયનયનો વિષય કહે છે.

જુઓ, યથાર્થ તત્ત્વ સમજ્યા વિના જીવે મંદ રાગ અનંતવાર કર્યો, અને અનંતવાર નવકારમંત્ર બોલીને પુણ્ય બાંધ્યાં, સ્વર્ગમાં અનંતવાર ગયો, પણ અહીં કહે છે તેવા એકદેશ શુદ્ધ નિશ્ચયરૂપ ભાવનમસ્કાર કદી કર્યા નથી. એક સમય પણ આવા ભાવનમસ્કાર કરે તો અલ્પકાળમાં મુક્તિ થયા વિના રહે નહીં. અહીં તો એવા વંદન કરે છે કે જેથી મુક્તિ જ થાય.

પોતાના શુદ્ધ ચૈતન્ય સ્વભાવના ભાન વિના યથાર્થ નમસ્કાર થાય નહિ. વંદન કરનાર કેવો છે ? ને વંદન કરવા યોગ્ય કેવા છે ? તેના ભાન વિના સાચા વંદન થાય નહીં. હું જ્ઞાયકમૂર્તિ ભગવાન છું એમ પોતાના સ્વભાવની આરાધના કરવી તેનું નામ નિશ્ચયથી ભાવસ્તવન છે. શુભભાવ થાય તેને અહીં ભાવસ્તવન નથી કહ્યું. પણ રાગરહિત ચૈતન્યમાં એકાગ્રતા થાય તેનું નામ ભાવસ્તવન છે, એવા ભાવસ્તવનથી અહીં નમસ્કાર કરું છું એટલે કે હું મારા શુદ્ધ આત્માનું ભાન કરીને તેની આરાધના કરું છું, વચ્ચે વિકલ્પ ઊઠે તેનો આદર કરતો નથી. ભગવાન તરફનું લક્ષ તે વિકલ્પ છે, રાગ છે, તે ખરો ભાવનમસ્કાર નથી, પોતાના નિજ શુદ્ધત્માની પ્રતીત અને એકાગ્રતા થાય તે ભાવનમસ્કાર છે. પરને નમસ્કાર કરવા તે વ્યવહાર છે, પોતે પોતાની નિર્મળ વીતરાગી પર્યાય વડે પોતાના આત્મામાં નમી ગયો, તે નિશ્ચયથી ભાવનમસ્કાર છે. આ હજી સાધકદશાની વાત છે. તેથી એકદેશ શુદ્ધતાની વાત લીધી છે. અંદરમાં આવા નિશ્ચય સહિત ભગવાનને નમસ્કાર કરવાનો વિકલ્પ ઊઠે તે વ્યવહાર નમસ્કાર છે.

(૨) અસદ્‌ભુત વ્યવહારનયની અપેક્ષાએ તો નિજ શુદ્ધાત્માનું પ્રતિપાદન કરનારાં વચનરૂપ દ્રવ્ય સ્તવનથી નમસ્કાર કરું છું. જુઓ, અંદર જેને શુદ્ધ ચૈતન્યની આરાધનારૂપ એકદેશ નિશ્ચય નમસ્કાર વર્તે છે એવા જીવને વિકલ્પ ઊઠતાં વાણીથી શુદ્ધ આત્માનાં વખાણ કરે છે, તેને દ્રવ્યનમસ્કાર કહેવાય છે. 'અહો ! નિજ શુદ્ધાત્મામાં અંતર વલણ કરવું તે જ ધર્મ છે' એવા

પ્રકારની વાણીથી નિજ શુદ્ધાત્માનું સ્તવન કરવું તે અસદ્ભુત વ્યવહારનયથી નમસ્કાર છે. વાણી જડ છે, તે આત્માથી જુદી છે, માટે તેને અસદ્ભુત કહી છે. વાણી નીકળી તેને દ્રવ્યનમસ્કાર કહ્યો, ને તે વખતે સ્વભાવમાં એકાગ્રતા થઈ છે તેટલો ભાવનમસ્કાર કહ્યો છે. એ રીતે ભાવ અને દ્રવ્ય બંન્નેને સાથે ને સાથે રાખીને વર્ણન કર્યું છે. અંતર સ્વરૂપમાં વીતરાગભાવે એકાગ્રતા થઈ તેટલું ભાવનમન તે નિશ્ચય, અને વિકલ્પ ઊઠતાં વાણી નીકળી તો તે વાણીમાં પણ શુદ્ધ આત્માનો જ આદર અને બહુમાન કરે છે, તેને દ્રવ્યનમસ્કાર કહ્યાં છે. 'અહો ! મારો આત્મા જ પરમાત્મા છે, આત્માનું આરાધન કરીને હું જ પરમાત્મા થઈશ' - આવી વાણી નીકળે તેને પણ અસદ્ભુત વ્યવહારનયથી દ્રવ્યનમસ્કાર કહ્યો છે. જુઓ, આનું નામ ભગવાનને નમસ્કાર છે. ભગવાનનું નામ લ્યે - એવી તો વાત પણ ન આવી ! જેણે ભગવાન શુદ્ધ આત્માનું બહુમાન કર્યું. તેણે જ ખરેખર ભગવાનને નમસ્કાર કર્યાં છે. અહો ! શુદ્ધાત્મા જ શ્રવણ કરવો. શુદ્ધાત્મા જ કહેવો, તેનું જ મનન-ચિંતન કરવું - એમ શુદ્ધાત્માની ભાવના કરીને તેમાં લીનતા કરી તેટલો નિશ્ચયથી ભાવનમસ્કાર છે, ને હજી સાધકદશા છે ત્યાં વિકલ્પ ઊઠતાં વાણી નીકળી તે દ્રવ્યનમસ્કાર છે, તે અસદ્ભુત વ્યવહારથી નમસ્કાર છે. વંદનમાં બે નયોની અપેક્ષાથી કહ્યું :

(૧) શુદ્ધ આત્માનાં શ્રદ્ધા-જ્ઞાન કરીને તેમાં એકાગ્રતાથી એકદેશ શુદ્ધપર્યાય પ્રગટી તેનું નામ એકદેશ શુદ્ધ નિશ્ચયથી નમસ્કાર છે.

(૨) વિકલ્પ ઊઠતાં શુદ્ધાત્માના બહુમાનની વાણી નીકળી તે અસદ્ભુત વ્યવહારથી નમસ્કાર છે.

**હવે ત્રીજો નય ઉતારે છે.**

પરમ શુદ્ધ નિશ્ચયનયથી તો વંદ્ય-વંદક ભાવ જ નથી. હું વંદનાર છું ને ભગવાન વંદ્ય છે - એવો વંદ્યવંદકભાવનો વિકલ્પ આત્માના સ્વભાવમાં નથી - તેમ જ જ્યાં પૂર્ણ શુદ્ધદશા પ્રગટી ગઈ છે ત્યાં કેવળી ભગવાનને પણ વંદ્યવંદકભાવ નથી. સાતમા ગુણસ્થાનથી જ એવી નિર્વિકલ્પ દશા હોય છે કે ત્યાં વંદ્યવંદક ભાવનો વિકલ્પ હોતો નથી. કેવળી ભગવાન 'નમોતીર્થ્થસ્સ' એમ ચાર તીર્થને નમસ્કાર કરે નહીં, ચિદાનંદસ્વભાવના ભાન પછી નિર્વિકલ્પદશા ન પ્રગટી હોય ત્યાં સુધી - છઠ્ઠા ગુણસ્થાન સુધી વંદ્યવંદકભાવનો વિકલ્પ હોય છે. પછી તેને વિકલ્પ હોતો નથી.

## પ્રસાદ નં. – ૨૬૧

### વી. નિ સં. ૨૪૭૮, અષાડ વદ ૧૧, વર્ષ ૨જું. પુસ્તક નવમું, સોનગઢ, તા. ૧૭-૭-૫૨, ગુરુવાર. શ્રી દ્રવ્યસંગ્રહ ગાથા–૧ (અષાડ વદ ૬, શનિવાર, ૧૨-૭-૫૨ બપોર)

'દ્રવ્યસંગ્રહ'ના મંગલાચરણમાં 'શ્રી નેમિચંદ્ર સિદ્ધાંતચક્રવર્તી' જિનેન્દ્ર ભગવાનને નમસ્કાર કરે છે. અંતરના ચિદાનંદ સ્વભાવની દૃષ્ટિપૂર્વક તેમાં એકાગ્રતાથી ક્ષણે ક્ષણે વીતરાગી શુદ્ધતા વધતી જાય છે તેનું નામ એકદેશ શુદ્ધ નિશ્ચયનયથી ભાવનમસ્કાર છે. જ્યાં સુધી પોતે પોતાના જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિ કરીને અંશે વીતરાગભાવ પ્રગટ ન કરે ત્યાં સુધી ભગવાનને સાચો ભાવનમસ્કાર થતો નથી. જેવો ભગવાનનો સ્વભાવ છે તેવો જ પોતાનો સ્વભાવ છે એવા સ્વભાવની દૃષ્ટિથી શુદ્ધતા પ્રગટે તેટલો ભાવનમસ્કાર છે. જુઓ, ધર્મીને ચૈતન્યસ્વભાવની દૃષ્ટિમાં આવી શુદ્ધતા તો ક્ષણે-ક્ષણે વધે જ છે, પણ અહીં મંગલાચરણમાં જ્યારે પરને નમસ્કાર કરવાનો વિકલ્પ ઊઠ્યો છે, ત્યારે અંદરમાં પોતાના સ્વભાવ તરફની જેટલી એકાગ્રતા વર્તે છે તેને નિશ્ચયથી ભાવનમસ્કાર કહ્યા, ને પર તરફના વલણનો વિકલ્પ ઊઠ્યો તેને તથા વાણીને દ્રવ્યનમસ્કાર કહ્યો. એ જ પ્રમાણે નિશ્ચયપ્રતિક્રમણ, વંદન, સ્તુતિ વગેરેમાં પણ એમ જ સમજવું, કે જે જે ક્ષણે જે જાતનો વિકલ્પ ઊઠ્યો તે તે ક્ષણે સ્વભાવ તરફની એકાગ્રતાને તે નામ આપ્યું. પ્રતિક્રમણનો વિકલ્પ ઊઠ્યો ત્યારે તે શુદ્ધતાને નિશ્ચય પ્રતિક્રમણ કહ્યું, અને સ્તુતિનો વિકલ્પ ઊઠ્યો ત્યારે તે શુદ્ધતાના અંશને જ નિશ્ચયસ્તુતિ કહી છે. એ રીતે સ્વભાવના આશ્રયે જે શુદ્ધતા થઈ તેમાં જ નિશ્ચયસ્તુતિ, નિશ્ચયપ્રતિક્રમણ વગેરે આવી જાય છે. અહીં શુદ્ધતાના અંશને એકદેશ શુદ્ધનિશ્ચય કહ્યો છે. આ પણ મૂળ નિશ્ચય નથી, ત્રિકાળી એકરૂપ ચિદાનંદ સ્વભાવ તે પરમ શુદ્ધ નિશ્ચય છે, ને તેના આશ્રયે અંશે શુદ્ધપર્યાય પ્રગટી તે એકદેશ શુદ્ધનિશ્ચય છે. તથા તે વખતે સ્તુતિનો વિકલ્પ ઊઠ્યો છે, ને વાણી નીકળે છે, તેથી તે વાણીને દ્રવ્યસ્તુતિ કહેવાય છે. પણ **તે અસદ્‌ભુત વ્યવહાર છે.** વાણીનો આત્મામાં અભાવ છે, પણ તે વખતે તે જાતનો વિકલ્પ ઊઠ્યો છે માટે વાણીને પણ ઉપચારથી દ્રવ્યસ્તવન કહ્યું. આ રીતે બે નયોથી

વર્ણન કર્યું.

પરમ શુદ્ધનિશ્ચયથી તો પોતાનો આત્મા શુદ્ધ સિદ્ધસમાન છે, તે સ્વભાવમાં એકાગ્રતાથી સાતમા ગુણસ્થાનની નિર્વિકલ્પદશા થઈ ત્યાં તો વંદ્ય-વંદકભાવનો વિકલ્પ નથી. છઠ્ઠા ગુણસ્થાન સુધી જ વંદ્ય-વંદકભાવનો વિકલ્પ હોય છે. જુઓ, આ વસ્તુસ્વરૂપ સમજવા જેવું છે. એકદેશ શુદ્ધ નિશ્ચય કહો, ભાવ સ્તવન કહો. સંવર ને નિર્જરા કહો કે ધર્મ કહો, તે એક જ છે, પણ તે અખંડ ચિદાનંદ સ્વભાવની દૃષ્ટિ અને આશ્રયથી જ પ્રગટે છે. વચ્ચે વિકલ્પ ઊઠ્યો તે પણ દ્રવ્યસ્તવનમાં જાય છે, ને તે પુણ્યબંધનું કારણ છે. અહો ! હું એક સમયમાં પરિપૂર્ણ સામર્થ્યનો પિંડ છું, અનંત લોકાલોકને એક સમયમાં જાણી લેવાનું મારી પર્યાયનું સામર્થ્ય છે - આમ પોતાના સ્વભાવનો વાણીથી મહિમા કરવો તે દ્રવ્યસ્તવન છે, ને ત્યાં સ્વભાવદૃષ્ટિથી જે શુદ્ધતા પ્રગટી છે તે ભાવસ્તવન છે, આવા ભાવસ્તવન વગર વ્યવહારસ્તવન પણ સાચું હોતું નથી. જ્ઞાનીને જ નિશ્ચયસ્તવન સહિત વ્યવહારસ્તવન હોય છે. અજ્ઞાનીને નિશ્ચય કે વ્યવહારસ્તવન હોતાં નથી. જુઓ, પોતાના સ્વભાવની દૃષ્ટિ કરીને તેની આરાધના કરી તેમાં જિનેન્દ્ર ભગવાનનું સ્તવન પણ આવી જાય છે. આત્માના ભાન વિના જિનેન્દ્રની સ્તુતિ પણ સાચી ન હોય એ રીતે સ્તુતિનું વર્ણન કર્યું.

હવે વંદન કરનાર કોણ છે ને વંદ્ય કોણ છે ? તે કહે છે. અહીં નેમિચંદ્ર સિદ્ધાંતચક્રવર્તી તો વંદન કરનાર છે, તેઓ શ્રી જિનેન્દ્ર ભગવાનને નમસ્કાર કરે છે. કઈ રીતે ? કે મસ્તક નમાવીને સર્વદા વંદું છું. જુઓ, માથું નમાવીને કાંઈ ચોવીસે કલાક નમસ્કાર ન કરે. પણ અંતરમાં ચૈતન્ય સ્વભાવની દૃષ્ટિથી ક્ષણે ક્ષણે શુદ્ધતા જ વધતી જાય છે. જ્ઞાયક સ્વભાવને જ સદાય આદરું છું માટે ભગવાનને સર્વદા નમસ્કાર કરું છું એમ કહ્યું. મુનિને અલ્પ ઊંઘ હોય, તે ઊંઘ વખતે પણ ચિદાનંદ સ્વભાવનું જેટલું અવલંબન છે તેટલી તો શુદ્ધિ વધતી જાય છે. તેથી ઊંઘ વખતે પણ ભગવાનને નમસ્કાર કરું છું - એમ કહ્યું. અંદરમાં પરમાર્થ સ્વભાવમાં નમસ્કાર સદાય થાય છે માટે વ્યવહારમાં પણ સદાય નમસ્કાર કરવાનું કહી દીધું. કાંઈ સદાય આવો વિકલ્પ નથી હોતો, પણ અંદરની વીતરાગદશા વધતી જાય છે. તેથી સર્વદા વંદન થયા જ કરે છે. જેઓ સંપૂર્ણ વીતરાગ સર્વજ્ઞદશાને પામ્યા છે એવા શ્રી જિનેન્દ્રદેવને નમસ્કાર કર્યાં છે. શ્રી જિનેન્દ્રદેવ કેવા છે ? કે મોક્ષપદને ચાહનાર દેવેન્દ્રોથી પણ તેઓ પૂજ્ય છે. સો ઇન્દ્રો છે. તેઓને મોક્ષપદની જ અભિલાષા છે, ઇન્દ્રપદ પામ્યા છે પણ તેની ભાવના નથી, એવા ઇન્દ્રો પણ ભગવાનના ચરણકમળમાં વંદન કરે છે. અહો, જેને ઇન્દ્રપદની ૠદ્ધિનો આદર નથી, પણ ચિદાનંદ સ્વભાવનો જ આદર છે - એવા ઇન્દ્રોથી પણ ભગવાન વંદિત છે. સો ઇન્દ્રો છે તે આ પ્રમાણે :–

| | | |
|---|---|---|
| ભવનવાસીદેવોના ૪૦ | વ્યંતરદેવોના ૩૨ | કલ્પવાસીદેવોના ૨૪ |
| જ્યોતિષીદેવોના ૨ | મનુષ્યોનો ૧ | તિર્યંચોનો ૧ |

આ પ્રમાણે સો ઇન્દ્રો છે, તે બધાય ત્રિલોકનાથ જિનેન્દ્રભગવાનને નમસ્કાર કરે છે. જુઓ, ભગવાન તો સર્વજ્ઞ છે, તે સર્વજ્ઞતાનો મહિમા છે ને ત્યાં પુણ્ય પણ એવાં છે કે સો ઇન્દ્રો ભગવાનને વંદન કરે છે. જુઓ, સનાતન પ્રણાલિકામાં સો ઇન્દ્રો છે, તેમાં ઓછા માને તો તે સર્વજ્ઞની પરંપરા નથી.

સર્વજ્ઞદેવે જીવ-અજીવ તત્ત્વોનું વર્ણન કર્યું છે. તેમાં સહજ શુદ્ધ ચૈતન્ય વગેરે લક્ષણનો ધારક તો જીવ છે, અહીં શુદ્ધ ચૈતન્યની મુખ્યતા લીધી, પણ અશુદ્ધતા વગેરે પણ જીવદ્રવ્યમાં સમાય છે. જીવની જેટલી પર્યાયો છે તે બધી જીવમાં સમાય છે ને આવા જીવથી વિપરીત લક્ષણવાળા એટલે કે જડ પદાર્થો તે અજીવ છે. તે અજીવદ્રવ્યો પાંચ પ્રકારનાં છે - પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ ને કાળ. જુઓ, આ જીવ અને અજીવ દ્રવ્યોનું ભેદજ્ઞાન ! જીવનો સહજ સ્વભાવ જાણનાર-દેખનાર છે, ને બીજાં પાંચ અજીવ દ્રવ્યો છે, તે જડ-અચેતન છે. આવાં જીવ-અજીવ દ્રવ્યો ભગવાને કેવળજ્ઞાનથી જાણ્યાં છે ને વાણીમાં તેનું કથન આવ્યું છે. આવાં છ દ્રવ્યોમાં શુદ્ધ જીવદ્રવ્ય જ ઉપાદેય છે.

વળી ચૈતન્યચમત્કારરૂપ લક્ષણને ધરનાર જે શુદ્ધ જીવાસ્તિકાય છે તેની મુખ્યતા સહિત પાંચ અસ્તિકાયનું વર્ણન કર્યું છે. કાળદ્રવ્ય અસ્તિરૂપ છે. પણ અસ્તિકાયમાં કાળ સિવાયનાં પાંચ દ્રવ્યો છે, તે ભગવાનની વાણીમાં આવ્યાં છે.

વળી ભગવાનની વાણીમાં સાત તત્ત્વોનું કથન આવ્યું છે. પરમ જ્ઞાનજ્યોતિને ધારણ કરનાર શુદ્ધ જીવતત્ત્વ છે, તે સાતે તત્ત્વોમાં મુખ્ય છે. તથા દોષ રહિત પરમ શુદ્ધ જીવ સહિત નવ પદાર્થોનું કથન ભગવાનની વાણીમાં આવ્યું છે. નવે તત્ત્વોને ભગવાને ભિન્ન ભિન્ન બતાવ્યાં છે. શુદ્ધ ચૈતન્યમય જીવતત્ત્વ છે, તે પુણ્ય-પાપ તત્ત્વથી ભિન્ન છે, જીવતત્ત્વ તો અનાદિઅનંત નિર્દોષ જ્ઞાયક પરમાત્મા છે. આમ ભગવાનની વાણીમાં જીવ-અજીવ વગેરેનું સ્વરૂપ કહેવાયું છે. આ પ્રમાણે ઓળખીને ભગવાનને નમસ્કાર કર્યો છે, આનાથી વિરુદ્ધ કહેનારા હોય તે વંદ્ય નથી.

વળી ભગવાન કેવા છે ? કે જિનવરવૃષભ છે, સમ્યગ્દૃષ્ટિ જીવે આત્માના ભાનથી મિથ્યાત્વ અને રાગ-દ્વેષને જીત્યા છે તેથી તે જિન છે, ચોથા ગુણસ્થાને અસંયત સમ્યગ્દૃષ્ટિ પણ 'જિન' છે. જુઓ, આ તત્ત્વદૃષ્ટિની વાત છે. આત્મસ્વભાવની દૃષ્ટિ થઈ ત્યાં એકદેશ વીતરાગતા થઈ, તે અપેક્ષાએ સમ્યગ્દૃષ્ટિ પણ 'જિન' છે. તેવા સમ્યગ્દૃષ્ટિઓમાં છઠ્ઠા-સાતમા ગુણસ્થાને ઝૂલતા ગણધરદેવ મુખ્ય છે, તેથી તેઓ 'જિનવર' છે, ચોથા-પાંચમા ગુણસ્થાનવાળા કરતાં ગણધરદેવને ઘણી વીતરાગતા પ્રગટી છે. તેથી તેઓ 'જિનવર' છે. એ જિનવરોમાં પણ જે પ્રધાન છે એવા શ્રી તીર્થંકર પરમાત્મા તે 'જિનવરવૃષભ' છે. આવા જિનવરવૃષભને અહીં નમસ્કાર કર્યાં છે. 'નેમિચંદ્ર સિદ્ધાંતચક્રવર્તી' કહે છે કે અહો ! હું મારા સ્વભાવનો આદર કરતો થકો જિનવરવૃષભ તીર્થંકરદેવને નમસ્કાર કરું છું. ત્યાં સ્વભાવના આશ્રયે શુદ્ધતા પ્રગટી તેટલો ભાવનમસ્કાર છે,

વાણી તે દ્રવ્યનમસ્કાર છે.

અહો ! હું મારા હૃદયમાં પૂર્ણ પરમાત્મદશાનું પ્રસ્થાનુ મૂકું છું. પૂર્ણ સિદ્ધદશા પ્રગટી નથી એટલે પ્રસ્થાનુ મૂકું છું. મારી પરમાત્મદશાનો આદર કરું છું. 'સમયસાર'માં ભગવાન 'કુંદકુંદાચાર્યદેવ' કહે છે કે, 'वंदित्तु सव्वसिद्धे' 'અહો ! હું સિદ્ધ ભગવંતોને નમસ્કાર કરું છું. મારા આત્મામાં સિદ્ધપણાનું પ્રસ્થાન મૂકું છું.' એ પ્રમાણે અધ્યાત્મશાસ્ત્રોમાં સિદ્ધને નમસ્કાર કરવામાં આવે છે અને આ અધ્યાત્મશાસ્ત્રમાં અરિહંત પરમાત્માને નમસ્કાર કર્યો છે, તેનો ખુલાસો કરે છે. વર્તમાનમાં શ્રી તીર્થંકરભગવાનની વાણીનો ઉપકાર છે તેથી વ્યવહારમાં તીર્થંકરનો ઉપકાર ગણીને તેમને અહીં નમસ્કાર કર્યાં છે. તીર્થંકરભગવાનની વાણી ઉપકારી છે, માટે પંચપરમેષ્ઠીમાં સિદ્ધ પહેલાં અરિહંતને નમસ્કાર કર્યાં છે. અહો ! મને મારા ચિદાનંદસ્વરૂપની પ્રાપ્તિમાં ભગવાનની વાણીનો ઉપકાર છે ! - એમ લક્ષમાં લઈને અહીં પ્રથમ અરિહંતને નમસ્કાર કર્યાં છે.

આપ્ત પરીક્ષામાં કહ્યું છે કે 'અર્હત્ પરમેષ્ઠીના પ્રસાદથી કલ્યાણરૂપ મોક્ષમાર્ગની સિદ્ધિ થાય છે.' જુઓ, આ નિમિત્તનું કથન છે. પોતે પોતાના આત્માનું ભાન કરીને મોક્ષમાર્ગ પ્રગટ કર્યો ત્યારે પોતાની પ્રસન્નતાનો નિમિત્તમાં આરોપ કરીને એમ કહ્યું કે 'અહો ! ભગવાનની પ્રસન્નતા થઈ ! ભગવાનની કૃપાથી અમને મોક્ષમાર્ગ મળ્યો !' ભગવાનને કાંઈ કૃપાનો વિકલ્પ નથી. જેણે પોતાના આત્માના આશ્રયે મોક્ષમાર્ગ પ્રગટ કર્યો, તે જીવ ઉપચારથી 'ભગવાનની પ્રસન્નતા થઈ' એમ કહે છે. સિદ્ધભગવાનને વાણી હોતી નથી, અર્હંત ભગવાનને વાણી હોય છે, ને તે કલ્યાણમાર્ગનું નિમિત્ત છે તેથી ઉત્તમ મુનિવરોએ શાસ્ત્રની આદિમાં અર્હંત પરમેષ્ઠીના ગુણોની સ્તુતિ કરીને તેમને વંદન કર્યાં છે.

અહીં ગાથાના ઉત્તરાર્ધમાં ભગવાનને વંદન કર્યાં તેમાં ચાર પ્રયોજન છે. (૧) નાસ્તિકતાનો ત્યાગ, (૨) ઉત્તમ પુરુષોના વિનયનું પાલન (૩) પુણ્યની પ્રાપ્તિ અને (૪) વિઘ્નરહિતપણું.

જુઓ, વહાલો પુત્ર દૂર હોય તો માતા-પિતા તેને યાદ કરે છે, તેમ અહીં સર્વજ્ઞતાનો વિરહ છે ત્યાં સાધકજીવ સર્વજ્ઞભગવાનને બહુમાનપૂર્વક યાદ કરીને વંદન કરે છે કે, હે નાથ ! મારી સાધકદશામાં મને શાસ્ત્રરચનાનો વિકલ્પ ઊઠ્યો છે. તેમાં આપને યાદ કરું છું, મારી સર્વજ્ઞતાને સાધવામાં મને વિઘ્ન નહિ આવે, ને શાસ્ત્રરચનામાં પણ વચ્ચે વિઘ્ન નહિ આવે. મારી પરમાત્મદશામાં વચ્ચે વિઘ્ન ન આવે, આમ સર્વજ્ઞદેવને નમસ્કાર કરીને મંગલાચરણ કર્યું છે.

## અષાડ વદ ૭, રવિવાર, ૧૩-૭-૧૯૫૨

'દ્રવ્યસંગ્રહ'ના પહેલા સૂત્રમાં મંગલાચરણ ચાલે છે. તેમાં એમ કહ્યું કે હું ભગવાન તીર્થંકરદેવને ભાવસ્તવનથી ને દ્રવ્યસ્તવનથી વંદું છું. ભગવાન કેવા છે ? કે દેવેન્દ્રોના વૃંદથી વંદ્ય છે, જિનવરોમાં શ્રેષ્ઠ છે, એવા ભગવાને જીવ-અજીવ દ્રવ્યોનું સ્વરૂપ કહ્યું છે. અભિષ્ટ, અધિકૃત અને અભિમત એવા ભગવાનને નમસ્કાર કર્યાં છે.

અભિષ્ટ એટલે પોતાને ઈષ્ટ, વહાલા;

અધિકૃત એટલે નમસ્કાર કરવાને લાયક એવા ઉત્તમ;

અભિમત એટલે પોતાને સંમત છે.

આવા સર્વજ્ઞ પરમાત્માને નમસ્કાર કરીને મંગલાચરણ કર્યું.

(૨) વળી શાસ્ત્ર બનાવવાનું નિમિત્તકારણ પહેલાં કહ્યું કે સોમશેઠના નિમિત્તે આ શાસ્ત્ર રચ્યું છે.

(૩) પ્રયોજન :– મૂળ પ્રયોજન તો સહજાનંદમૂર્તિ જ્ઞાયક આત્માનો નિર્વિકલ્પ અનુભવ કરવો તે આ શાસ્ત્રનું પ્રયોજન છે.

(૪) શાસ્ત્રના શ્લોકની સંખ્યા ૫૮ છે, તે તેનું પરિમાણ છે.

(૫) શાસ્ત્રનું નામ 'દ્રવ્યસંગ્રહ' છે.

(૬) શાસ્ત્રના કર્તા 'શ્રી નેમિચંદ્ર સિદ્ધાંતચક્રવર્તી' છે.

એ પ્રમાણે શાસ્ત્રનું મંગલ, નિમિત્ત, પ્રયોજન, પરિમાણ, નામ અને કર્તા - એ છ બોલ કહ્યા.

વળી ગાથાના પૂર્વાર્ધમાં સંબંધ, અભિધેય ને પ્રયોજન બતાવ્યાં છે. કઈ રીતે ? તે કહે છે.

જ્ઞાનદર્શનમય શુદ્ધ ચિદાનંદ નિર્મળ આત્મસ્વભાવ છે. તેના સ્વરૂપને વિસ્તારથી કહેનારી આ શાસ્ત્રની જે ટીકા છે વ્યાખ્યાન છે, પરમાત્મસ્વરૂપના પ્રતિપાદક ૫૮ મૂળ સૂત્રો છે તે વ્યાખ્યા કરવા યોગ્ય છે. જુઓ, અહીં તો કહ્યું કે બધાંય સૂત્રો પરમાત્માના સ્વરૂપના પ્રતિપાદક છે, ભલે અજીવ દ્રવ્યોનું પણ વર્ણન આવશે, પણ તેનો જ્ઞાયક તો આત્મા છે, પુણ્ય-પાપથી પાર જ્ઞાયકમૂર્તિ પરમાત્માનું પ્રતિપાદન કરનારાં સૂત્રો છે તે વ્યાખ્યા કરવા યોગ્ય છે, ને ટીકાદ્વારા તેનું વિસ્તારથી વિવેચન કર્યું છે. તે વ્યાખ્યાન છે અને વ્યાખ્યા કરવાયોગ્ય આ 'દ્રવ્યસંગ્રહ'નાં જે સૂત્રો છે તે તો 'અભિધાન' એટલે કે વાચક શબ્દો છે, ને તે શબ્દોદ્વારા કહેવા યોગ્ય અનંત જ્ઞાનાદિ ગુણોનો ધારક જે ચિદાનંદ પરમાત્મા છે તે 'અભિધેય' છે આ રીતે આ શાસ્ત્રને

અને ચિદાનંદ પરમાત્મસ્વભાવને અભિધાન-અભિધેય સંબંધ છે. અભિધેય એટલે શાસ્ત્રનો વિષય શું છે ? કે અનંત જ્ઞાનાદિ અનંત ગુણોનો ધારક એવો શુદ્ધ આત્મા તે અભિધેય છે. શાસ્ત્ર ભણી ભણીને શું કાઢવું ? કે શુદ્ધ જ્ઞાનાદિ અનંત ગુણમૂર્તિ આત્મા છે તેને ઓળખવો.

આ શાસ્ત્રનું પ્રયોજન શું ? તે ત્રણ પ્રકારે વર્ણવે છે. (૧) વ્યવહારથી તો જીવાદિ છ દ્રવ્યોને ભિન્ન ભિન્ન જાણવાં તે પ્રયોજન છે. (૨) નિશ્ચયથી તેનું પ્રયોજન તો પોતાના નિર્લેપ શુદ્ધ આત્માના જ્ઞાનથી ઉત્પન્ન જે પરમાનંદરૂપી સુખના આસ્વાદરૂપ એવું સ્વસંવેદન તે જ પ્રયોજન છે. જુઓ, પરને જાણવું તે તો વ્યવહારમાં ગયું. પણ છ દ્રવ્યોને જાણીને પોતાના શુદ્ધ ચિદાનંદ સ્વભાવના સહજ આનંદનો અનુભવ કરવો તે જ નિશ્ચય પ્રયોજન છે. વચ્ચે પુણ્યના પરિણામ થાય ને સ્વર્ગ મળે તે કાંઈ પ્રયોજન નથી. છ દ્રવ્યોનું જ્ઞાન કરવું તે વ્યવહારપ્રયોજન છે. આત્માના પરમાહ્‌લાદરૂપ જે વીતરાગી આનંદ, તેનું જ્ઞાન કરવું તે નિશ્ચય પ્રયોજન છે એમ બે બોલ કહ્યાં.

(૩) પરમ શુદ્ધ નિશ્ચયથી સ્વસંવેદન આત્મજ્ઞાનના ફળરૂપ જે અનંત સુખમય મુક્તદશા તેની પ્રાપ્તિ થવી તે પ્રયોજન છે. તે અનંત સુખની પ્રાપ્તિ કેવળજ્ઞાન વગેરે અનંત ગુણો વગર હોતી નથી અને પોતાના આત્માના ઉપાદાનથી જ તે અનંતસુખની સિદ્ધિ છે. કોઈ નિમિત્તમાંથી તેની પ્રાપ્તિ થતી નથી, તેમ જ શુભાશુભભાવોથી પણ તે પરમસુખની પ્રાપ્તિ થતી નથી. જુઓ, અનંત સહજાનંદમય જે મુક્તદશા છે તે જ પરમનિશ્ચયથી આ શાસ્ત્રનું પ્રયોજન છે. ત્રણ પ્રકારે પ્રયોજનની વાત કરી, પણ તેમાં ક્યાંય રાગને પ્રયોજન કહ્યું નથી. જીવાદિ છ દ્રવ્યો ભિન્ન ભિન્ન સ્વતંત્ર છે, જીવનો વિકાર જીવથી છે, અજીવ કર્મને લીધે વિકાર નથી - એમ ભિન્ન ભિન્ન જાણે ત્યારે તો હજી શાસ્ત્રોનું વ્યવહાર પ્રયોજન સમજ્યો કહેવાય. છ દ્રવ્યોની પૃથક્‌તાનું જ્ઞાન પણ જેને નથી, ને જીવને લીધે અજીવની ક્રિયા થાય એમ માને કે અજીવને લીધે જીવને વિકાર થાય એમ માને તો તે જીવ શાસ્ત્રોના વ્યવહાર પ્રયોજનને પણ સમજ્યો નથી. જુઓ, સર્વજ્ઞ વીતરાગની વાણીમાં છ દ્રવ્યો વર્ણવ્યા છે, તે છ દ્રવ્યમાંથી કોઈ પણ એક દ્રવ્યને જો છોડી દ્યે તો તે સર્વજ્ઞનું કથન નથી. સર્વજ્ઞદેવની વાણીમાં છ દ્રવ્યમાંથી એક પણ દ્રવ્યને છોડ્યું નથી. જગતમાં છ દ્રવ્યો છે ને દરેક દ્રવ્ય પૃથક્ પૃથક્ પોતપોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયની ૠદ્ધિવાળાં છે - આમ જાણવું તે તો હજી વ્યવહાર જ્ઞાન છે.

નિશ્ચય પ્રયોજન તો એ છે કે આત્માના સહજ સ્વભાવ સુખનું જ્ઞાન કરવું. અને આત્મજ્ઞાનના ફળરૂપ કેવળજ્ઞાનાદિ અનંતગુણો સહિત જે અનંત સુખની પ્રાપ્તિ થવી તે આ શાસ્ત્રનું પરમ નિશ્ચય પ્રયોજન છે.

આ રીતે નમસ્કાર ગાથાનો અર્થ પૂર્ણ થયો. ॥૧॥

હવે બીજી ગાથામાં જીવદ્રવ્યનું વર્ણન શરૂ કરે છે. મહાવીર ભગવાનના દિવ્યધ્વનિ સાથે સીધો સંબંધ ધરાવનારાં ષટ્‌ખંડાગમની રચના સંતોએ કરી છે, તેને જે પોતાના મતિજ્ઞાનરૂપી ચક્રથી સિદ્ધ કરે છે તેને સિદ્ધાંત ચક્રવર્તી કહેવાય છે. 'શ્રી નેમિચંદ્ર આચાર્યદેવ' 'સિદ્ધાંતચક્રવર્તી' હતાં. છઠ્ઠા-સાતમા ગુણસ્થાને ઝૂલતા સંત હતા, તેઓ આ શાસ્ત્રમાં જીવદ્રવ્યનું વર્ણન કરે છે. તેમાં જીવદ્રવ્ય સંબંધી જીવ અધિકારનું કથન કરે છે.

## ગાથા-૨

**जीवो उवओगमओ अमुत्ति कत्ता सदेहपरिमाणो।**
**भोत्ता संसारत्थो सिद्धो सो विस्ससोड्ढगई।।२।।**

(૧) જીવ (૨) ઉપયોગમય (૩) અમૂર્ત (૪) કર્તા (૫) સ્વદેહ પરિમાણ (૬) ભોકતા (૭) સંસારસ્થિત (૮) સિદ્ધ અને (૯) ઊદ્ધર્વગમનસ્વભાવી - એ પ્રમાણે જીવના નવ અધિકાર છે. એનું વિસ્તારથી વર્ણન આગળ આવશે.

જ્ઞાયકમૂર્તિ શુદ્ધ ચિદાનંદ અભેદ આત્મા છે તેના ઉપયોગના બાર પ્રકાર પડે છે. તે બારે પર્યાયો જીવદ્રવ્યની છે. એટલે ઉપયોગના જેટલા જેટલા પ્રકારો છે તે બધાય જીવની પર્યાયને લીધે છે, પરને લીધે તે પર્યાય નથી. દ્રવ્યદૃષ્ટિના વિષયમાં તો પર્યાયને અભૂતાર્થ કહે છે. પણ અહીં તો જ્ઞાનનો વિષય છે એટલે પર્યાય પણ પોતાને કારણે છે તે ઓળખાવે છે. ભાવકર્મનો કર્તા નિશ્ચયથી જીવ છે એમ આમાં કહેશે. 'સમયસાર' માં એમ કહે કે નિશ્ચયથી આત્મા રાગનો કર્તા છે જ નહીં. પણ ત્યાં શુદ્ધદ્રવ્યદૃષ્ટિનું વર્ણન છે, ને અહીં દ્રવ્ય-પર્યાય બન્નેના પ્રમાણજ્ઞાનનું વર્ણન છે. જીવ પોતાની પર્યાયરૂપ ભાવકર્મનો કર્તા નિશ્ચયથી છે, ને જડકર્મનો કર્તા વ્યવહારે છે - એમ અહીં કહેશે. એ પ્રમાણે નવે અધિકારમાં નયોથી અદ્‌ભુત વર્ણન કરશે. સંસારદશા પણ જીવની છે, ને સિદ્ધદશા પણ જીવની છે. કોઈ પરને કારણે સંસારદશા કે સિદ્ધદશા નથી. જુઓ, સિદ્ધદશા પ્રાપ્ત થતાં જીવને ઊધ્ધર્વગમન થાય છે તે તેનો સ્વભાવ છે, તે કાંઈ વિભાવ નથી. અહીં સિદ્ધ થયો ત્યારે અહીંથી સિદ્ધલોકમાં ઊધ્ધર્વગમન કરે છે તે એક સમયની પર્યાયમાં સ્વભાવ ઊધ્ધર્વગમન છે.

નવ અધિકાર કહ્યાં તેની વ્યાખ્યા કહે છે.

(૧) તેમાં પ્રથમ **`जीव'** ની વ્યાખ્યા કરે છે.

(૧) શુદ્ધ નિશ્ચયથી તો આદિ, મધ્ય અને અંત રહિત છે, નિજ-પર પ્રકાશક છે. કર્મ વગેરેની ઉપાધિરહિત છે અને શુદ્ધ છે. આવા ચૈતન્યસ્વરૂપ પ્રાણ તે જીવના નિશ્ચયપ્રાણ છે,

ને તેનાથી જ જીવ ત્રિકાળ જીવે છે. જુઓ, જીવના પ્રાણ ક્યા ? કે ત્રિકાળ એકરૂપ ચૈતન્યપ્રાણ તે જ જીવના નિશ્ચયપ્રાણ છે, ને તેનાથી જ જીવ જીવી રહ્યો છે. બધાય જીવોનો આવો સ્વભાવ છે. ઇન્દ્રિય વગેરે જડ પ્રાણોથી કે અશુદ્ધપ્રાણોથી ખરેખર જીવ જીવતો નથી. અન્ન અને ધનને અજ્ઞાની જીવો પ્રાણ માને છે, પણ અહીં તો કહે છે કે શુદ્ધ ચૈતન્યપ્રાણ તે જ તારા પ્રાણ છે, ને તેનાથી જ તું ત્રિકાળ જીવનારો છે. જીવનો સ્વભાવ ત્રિકાળ સ્વ-પર પ્રકાશક છે, અનાદિથી આવો જ સ્વભાવ છે, પણ તેને ભૂલીને મિથ્યાત્વથી બીજી રીતે માની બેઠો છે. નિગોદને ભલે ખબર નથી પણ તેનોય જ્ઞાનસ્વભાવ તો સ્વ-પર પ્રકાશક જ છે. અહો ! ત્રિકાળ ચૈતન્યપ્રાણથી જીવનારો ને સ્વ-પરનો પ્રકાશક ચૈતન્યપ્રભુ છે, પણ મિથ્યાદૃષ્ટિ જીવો પરને લીધે જીવવાનું માને છે. ચૈતન્યપ્રાણ જીવના ત્રિકાળ છે, કદી નવા પ્રગટ્યા નથી ને કદી તેનો વિયોગ થતો નથી, આવા ચૈતન્યપ્રાણ વડે નિશ્ચયથી જીવ જીવે છે. જેને આવા શુદ્ધ નિશ્ચયનું ભાન થાય તેને જ અશુદ્ધપ્રાણનું સાચું જ્ઞાન થાય.

(૨) અશુદ્ધ નિશ્ચયનયથી અનાદિ કર્મ બંધનને વશ થઈને અશુદ્ધ એવા દ્રવ્યપ્રાણ ને ભાવપ્રાણોથી જીવે છે. જ્ઞાનાદિની હીનતા તથા રાગ-દ્વેષ અને નિમિત્તરૂપ જડ ઇન્દ્રિયો વગેરેને અહીં અશુદ્ધપ્રાણ કહ્યા છે, તેનાથી જીવ જીવે છે એમ કહેવું તે અશુદ્ધ નિશ્ચયનયથી છે. પણ ત્રિકાળ શુદ્ધ ચૈતન્યપ્રાણનું ભાન રાખીને આ અશુદ્ધ નિશ્ચયનું જ્ઞાન થાય છે. શુદ્ધ ચૈતન્યના ભાન વગર અશુદ્ધતાનું યથાર્થ જ્ઞાન હોય નહીં. પર્યાયની સ્વતંત્રતાના જ્ઞાન વગર પર્યાયને સ્વ તરફ વાળીને દ્રવ્યનો નિર્ણય કરી શકશે ક્યાંથી ? મારી પર્યાય સ્વતંત્ર મારાથી છે, પરથી નથી - એમ પરથી ભિન્નતાનું ભાન કર્યું તેને યથાર્થ જ્ઞાન ક્યારે કહેવાય કે જો પર્યાયને અંતર્મુખ કરીને શુદ્ધ દ્રવ્યનો આશ્રય કરે તો પર્યાયની સ્વતંત્રતાનું જ્ઞાન સાચું કહેવાય.

શુદ્ધ દ્રવ્યનો આશ્રય કરીને નિશ્ચય પ્રગટ કરે ત્યારે પૂર્વના જ્ઞાનમાં વ્યવહારનો આરોપ આવે છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા પણ જેને ખોટી હોય એવા જીવો તો વસ્તુ સમજવાને પાત્ર પણ નથી. પણ સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને ઓળખે તેને વ્યવહારનો આરોપ ક્યારે આવે ? કે જ્યારે અખંડ સ્વભાવ તરફ વળીને તેની નિશ્ચય પ્રતીત પ્રગટ કરે ત્યારે પૂર્વના જ્ઞાનને વ્યવહારનો આરોપ આવે છે. એટલે નિશ્ચયસહિતના વ્યવહારને સાચો વ્યવહાર કહેવાય છે. પહેલાં વ્યવહાર અને પછી નિશ્ચય એમ નથી, શુદ્ધતાના ભાન વિના એકલી અશુદ્ધતાનું જ્ઞાન તેને તો વ્યવહારુ સાચું જ્ઞાન પણ નથી ગણતા, સ્વના જ્ઞાન વિના પરનું યથાર્થ જ્ઞાન હોય નહીં. જીવ સ્વ-પર પ્રકાશક છે પણ સ્વને ન જાણ્યો ને પરને જાણે તો તેમાં કાંઈ ૫૦ દોકડા સાચું જ્ઞાન ન આવે. સ્વને જાણ્યાં વિના પરનું જ્ઞાન પણ સાચું હોતું જ નથી.

કર્મને અને જીવની અશુદ્ધતાને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે, માટે દ્રવ્યપ્રાણ અને ભાવપ્રાણ બન્નેને અશુદ્ધનિશ્ચયમાં અહીં લઈ લીધા છે. ખરી રીતે જડપ્રાણ તો અસદ્‌ભૂત વ્યવહારમાં જાય છે, પણ અહીં તેને જુદા નથી પાડ્યા.

(૨) હવે **`उपयोग'** નું વર્ણન કરે છે.

(૧) જીવ ઉપયોગમય છે. બાર ઉપયોગ તે પણ જીવનો સ્વભાવ છે. ઉપયોગના બાર ભેદ છે. તે પણ પોતાની પર્યાય છે. તેથી તે ભેદને પણ અહીં નિશ્ચયમાં ગણ્યા છે. શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી તો પરિપૂર્ણ અને નિર્મળ એવા જે કેવળજ્ઞાન-દર્શનરૂપ ઉપયોગ છે તે ઉપોયગસ્વરૂપ જીવ છે. જુઓ, ઉપયોગની પર્યાય અંતરમાં વળીને અભેદ થઈ ત્યાં તેને દ્રવ્યાર્થિકનયના વિષયમાં લઈ લીધેલ છે અને

(૨) અશુદ્ધનયથી જીવ ક્ષાયોપશમિક જ્ઞાનદર્શનવાળો છે. આ રીતે બે નયોથી જીવને ઉપયોગમય વર્ણવ્યો છે.

**નિશ્ચયદૃષ્ટિથી દરેક જીવ પરમાત્મસ્વરૂપ જ છે. જિનવર ને જીવમાં ફેર નથી. ભલે તે એકેન્દ્રિયનો જીવ હોય કે સ્વર્ગનો જીવ હોય. એ બધું તો પર્યાયમાં છે. વસ્તુ સ્વરૂપે તો પરમાત્મા જ છે. પર્યાય ઉપરથી જેની દૃષ્ટિ ખસીને સ્વરૂપ ઉપર દૃષ્ટિ થઈ છે એ તો પોતાને પણ પરમાત્મા સ્વરૂપ દેખે છે ને દરેક જીવને પણ પરમાત્મસ્વરૂપ દેખે છે. સમ્યગ્દૃષ્ટિ બધા જીવોને જિનવર જાણે છે અને જિનવરને જીવ જાણે છે. અહા ! કેટલી વિશાળ દૃષ્ટિ ! અરે, આ વાત બેસે તો કલ્યાણ થઈ જાય, પણ આવી કબૂલાતને રોકનારા માન્યતારૂપી ગઢના પાર ન મળે ! અહીં તો કહે છે કે ૧૨ અંગનો સાર એ છે કે જિનવર સમાન આત્માને દૃષ્ટિમાં લેવો કેમ કે આત્માનું સ્વરૂપ પરમાત્મસ્વરૂપ જ છે.**

**(પરમાગમસાર–૨૫)**

## પ્રસાદ નં. – ૨૬૩

### વી. નિ સં. ૨૪૭૮, અષાડ વદ ૧૩, વર્ષ ૨જું. પુસ્તક નવમું, સોનગઢ, તા. ૧૯-૭-૫૨, શનિવાર.
### શ્રી દ્રવ્યસંગ્રહ ગાથા–૨
### (અષાડ વદ ૮, સોમવાર, ૧૪-૭-૫૨ બપોર)

'દ્રવ્યસંગ્રહ'માં જીવના સ્વરૂપનું વર્ણન ચાલે છે. તેના નવ અધિકાર છે.

(૧) નિશ્ચયથી શુદ્ધ ચૈતન્યપ્રાણથી અનાદિઅનંત જીવે છે, શુદ્ધદૃષ્ટિથી તો ચૈતન્યપ્રાણ અને પ્રાણવાન જીવ એ જુદા નથી પણ અભેદ છે. અશુદ્ધનયથી આત્મા રાગાદિ અને ઇન્દ્રિયોરૂપ અશુદ્ધપ્રાણથી જીવે છે. એટલે કે જ્ઞાનાદિની પર્યાયની હીનતા છે તે પણ પોતાની પર્યાયની યોગ્યતાથી જ છે. - એમ જાણવા જેવું છે, ને ત્રિકાળી શુદ્ધ સ્વભાવ છે તે આદરવા જેવો છે.

(૨) નિશ્ચયથી તો આત્મા કેવળજ્ઞાન અને કેવળદર્શનથી અભેદ શુદ્ધઉપયોગસ્વરૂપ છે અને અશુદ્ધનયથી ક્ષાયોપશમિક જ્ઞાન-દર્શનવાળો છે, પર્યાયમાં જ્ઞાનાદિની હીનતા છે તે પણ પોતાની લાયકાતથી છે. ક્ષાયિકજ્ઞાન-દર્શનને તો દ્રવ્યમાં અભેદ ગણીને દ્રવ્યાર્થિકનયમાં લીધા. 'સમયસાર'માં અભેદદૃષ્ટિથી તો ગુણ-ગુણીના ભેદનો પણ નિષેધ છે. શુદ્ધ ચૈતન્યમૂર્તિ આત્મા ત્રિકાળ એકરૂપ છે તે જ સ્વભાવ દૃષ્ટિનું અવલંબન છે, તેને જ ભૂતાર્થ કહ્યો છે, અને અહીં કેવળજ્ઞાનપર્યાયને દ્રવ્ય સાથે અભેદ ગણીને દ્રવ્યાર્થિકનયનો વિષય કહ્યો છે. કેવળજ્ઞાનપર્યાયનો ભેદ પાડીને લક્ષમાં લેવું તે તો વ્યવહાર છે, ને તે અભૂતાર્થ છે. અભેદદ્રવ્યની દૃષ્ટિ કરાવવા માટે કેવળજ્ઞાનપર્યાયના ભેદને પણ અભૂતાર્થ કહ્યો. અભેદ સ્વભાવને મુખ્ય કરીને તેને જ ભૂતાર્થ કહ્યો અને તે જ દ્રવ્યદૃષ્ટિનો વિષય છે. અહીં તો કેવળજ્ઞાનપર્યાયને દ્રવ્યની સાથે અભેદ ગણીને દ્રવ્યાર્થિકનયનો વિષય ગણ્યો છે અને જે મલિન અધૂરી પર્યાય છે તે અશુદ્ધનયનો વિષય છે. ઓછી જ્ઞાનદશા હોય તે પણ પોતાની પર્યાય છે, પણ તે અસલી સ્વભાવ નથી, માટે તેને અશુદ્ધનયનો વિષય કહ્યો. મતિજ્ઞાન વગેરે પર્યાય છે તે જીવની પર્યાય છે, તે કોઈ પરના કારણે નથી.

મતિ-શ્રુત-અવધિ-મનઃપર્યયજ્ઞાન કે ચક્ષુ-અચક્ષુ-અવધિદર્શન તે બધાય ઉપયોગ જીવના

પોતાના કારણે થાય છે, કર્મના કારણે કે ઇન્દ્રિયના કારણે તે થયા નથી. અવગ્રહ-ઈહા-અવાય-ધારણાના દરેક ભેદ પણ જીવની પોતાની પર્યાયના કારણે છે, પરને કારણે તે નથી. શ્રુતજ્ઞાનના વીસ બોલ (પર્યાય-જ્ઞાન, પર્યાયસમાસ વગેરે) આવે છે તે પણ જીવની પોતાની પર્યાયથી રચાયેલા છે, એ પ્રમાણે ઉપયોગના જેટલા પ્રકાર છે તે બધાય જીવના પરિણામ છે. અખંડ જ્ઞાયક ચૈતન્યવસ્તુની દૃષ્ટિ કરતાં શુદ્ધિ વધે છે તેથી તે દૃષ્ટિ કરાવવા માટે એમ કહ્યું કે જ્ઞાનમાર્ગણા વગેરે પણ પુદ્‌ગલના પરિણામ છે. પણ તે મતિજ્ઞાન વગેરે ભેદો જીવની પોતાની પર્યાયમાં છે એમ પણ જાણવું જોઈએ. અહીં તો સ્વતંત્રતાનો ઢંઢેરો પીટીને કહે છે કે મતિજ્ઞાન વગેરે ઉપયોગ છે તે તારી જ પર્યાય છે, પરને લીધે તારો ઉપયોગ નથી. પર્યાય પોતાની છે, પણ પર્યાયના આશ્રયે શુદ્ધતા થતી નથી તેથી પર્યાયને અભૂતાર્થ કહીને શુદ્ધ અભેદ દ્રવ્યનો આશ્રય કરાવ્યો છે.

જુઓ, જીવ પોતે ઉપયોગમય છે - એમ કહ્યું. એટલે જીવ અને ઉપયોગ જુદા જુદા નથી. જીવને અને જ્ઞાનને જુદા માને છે તે અન્યમતિ મિથ્યાદૃષ્ટિ છે, તેમ જૈનસંપ્રદાયમાં રહીને પણ જો કોઈ એમ માને કે મારું જ્ઞાન પર નિમિત્તોને લીધે થાય છે – તો તેણે પણ જીવને ઉપયોગમય જાણ્યો નથી, પણ ગુણગુણીને જુદા માન્યા છે, તેથી તે પણ મિથ્યાદૃષ્ટિ છે.

**(૩) अमूर्त :–** જીવનો સ્વભાવ તો ચિદાનંદ અમૂર્તિક છે. વ્યવહારનયથી મૂર્ત કર્મોને આધીન થવાથી સ્પર્શ-રસ-ગંધ-વર્ણવાળા મૂર્ત પદાર્થ સંયુક્ત છે. તેથી મૂર્ત છે. જુઓ, આ તો નિમિત્તનું કથન છે. મૂર્ત કર્મો જડ છે, તે કાંઈ જીવને જબરદસ્તીથી પરાધીન કરતા નથી, પણ જીવ પોતે પોતાના સ્વભાવને ચૂકીને જડ કર્મોને આધીન થાય છે, તેથી મૂર્તનો સંયોગ છે, તે સંયોગ અપેક્ષાએ વ્યવહારથી જીવને મૂર્ત કહેવાય છે. કર્મો મને હેરાન કરે - એવી ઊંધી માન્યતા કરીને પોતે મૂર્ત કર્મોને આધીન થાય છે. તે અપેક્ષાએ આત્માને વ્યવહારથી મૂર્ત કહ્યો છે, પણ કાંઈ આત્મા અમૂર્તિક મટીને મૂર્ત થઈ જતો નથી. જડ કર્મ નિમિત્ત છે, તે મૂર્ત છે, તેથી તે નિમિત્તની અપેક્ષાએ જીવને વ્યવહારથી મૂર્ત કહ્યો છે. તથાપિ જીવ પોતાના અસલી સ્વભાવથી તો ત્રિકાળ અમૂર્ત છે, ઇન્દ્રિયોથી અગમ્ય છે. જડ ઇન્દ્રિયોથી તો અગોચર છે, ને ખંડખંડ જ્ઞાનરૂપ ભાવેન્દ્રિયોથી પણ આત્મા અગોચર છે, જીવ તો શુદ્ધ બુદ્ધ - એકરૂપ ચિદાનંદ ભગવાન છે. શુદ્ધ ચૈતન્ય સ્વભાવી હોવાથી જીવ અમૂર્ત છે. આવો જીવ આદરણીય છે.

**(૪) कर्ता :–** નિશ્ચયથી તો જીવ દેહાદિની ક્રિયારહિત, તેમ જ શુભાશુભરાગની ક્રિયાથી પણ રહિત, નિરુપાધિ ટંકોત્કીર્ણ એક જ્ઞાયક સ્વભાવ છે, તે રાગાદિનો કે પરની ક્રિયાનો કર્તા નથી. પણ વ્યવહારનયથી મન-વચન-કાયાની ક્રિયાના કારણભૂત એવાં જડકર્મોનો તથા શુભાશુભભાવોનો કર્તા છે. જડ કર્મોનો કર્તા તો ઉપચારથી છે. જડ કર્મ બંધાવામાં જીવનો

વિકારભાવ નિમિત્ત છે, તેથી ઉપચારથી જડકર્મોનો કર્તા કહ્યો છે. ખરેખર તો કર્મ પોતાથી જુદી ચીજ છે તેથી જીવ તેનો કર્તા છે જ નહીં. પણ નિમિત્તનૈમિત્તિક સંબંધ અપેક્ષાએ ઉપચારથી જીવને જડકર્મનો કર્તા કહ્યો છે. જીવ વિકાર કરે ત્યારે કર્મ બંધાય છે, કર્મ બંધાવામાં જીવનો વિકાર નિમિત્ત છે, એમ જો નિમિત્તનૈમિત્તિક સંબંધને પણ ન જાણે તો તે અજ્ઞાન છે. રાગ-દ્વેષ પણ પોતાની પર્યાયમાં થાય છે. તે પર્યાય પણ સત્ છે, તે કાંઈ ભ્રમ નથી. જો તે પર્યાયને જાણે નહિ, તો તે મિથ્યાદૃષ્ટિ છે. રાગ પર્યાય છે તે પણ સત્ છે, તે કોઈ પરના કારણે નથી, વિકાર તે ત્રિકાળ સત્ નથી પણ એક સમય પૂરતી પર્યાયનું સત્ છે. દ્રવ્ય-ગુણ તે ત્રિકાળી સત્ છે, ને પર્યાય તે એક સમય પૂરતી સત્ છે - એમ બન્નેને જે જ્ઞાન જાણે તે જ્ઞાનનું જોર ક્ષણિક સત્ ઉપરથી ખસીને ત્રિકાળી સત્ ઉપર વળી જાય છે. પણ વિકારી પર્યાય કે જે એક સમય પૂરતી સત્ છે તેને ન માને તો તો જ્ઞાન જ મિથ્યા છે. વર્તમાન અને ત્રિકાળ બન્નેને સત્પણે જાણતાં જ્ઞાન ત્રિકાળી સત્ તરફ વળી જાય છે. એટલે વર્તમાનનું જ્ઞાન ને ત્રિકાળીનો આદર થઈ જાય છે, એનું નામ ધર્મ છે.

જીવ પોતે પોતાના વિકારને વહાલું કર્મ બનાવીને પોતે શુભ-અશુભભાવનો કર્તા થાય છે. કોઈ કર્મ, ક્ષેત્ર, કાળને લઈને નહીં પર જડકર્મ રાગ-દ્વેષ, મૂંઝવણ કરાવે એમ ત્રણ કાળમાં નથી કેમકે કોઈ જીવ સંસાર અવસ્થામાં પણ પરમાણુને અડ્યો નથી. જડ કર્મની પર્યાય જીવને કાંઈ કરી શકે નહિ કેમકે ત્રણે કાળે જીવ અને કર્મને અત્યંત અભાવ છે. સાધકને નય હોય છે. કર્મ બંધાય છે તેમાં વિકારી ભાવ નિમિત્ત છે ને નવાં કર્મ નૈમિત્તિક છે તે જડના કારણે થાય છે એમ વ્યવહારનયનો વિષય જાણવો જોઈએ. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ આદરણીય નથી. વિકાર સ્વલક્ષે ન થાય પણ પરલક્ષે થાય ને તે પરાશ્રયમાં નિમિત્ત કર્મ છે એમ જાણવું તે વ્યવહારનય છે.

**(५) सदेह परिमाणो :–** જો કે નિશ્ચયથી દરેક જીવ પોતાના અરૂપી અસંખ્ય પ્રદેશવાળો છે. અસંખ્યપ્રદેશી સ્વક્ષેત્રમાં રહે છે, તે પરક્ષેત્રમાં રહ્યો નથી, પરક્ષેત્રના આધારે નથી. ખરેખર લોકાકાશસમાન અસંખ્યપ્રદેશપણું તે દરેક જીવનું ત્રિકાળી સ્વરૂપ છે. સમુદ્‌ઘાતથી લોકપ્રમાણ અને વર્તમાન શરીર પ્રમાણ સંકોચ-વિસ્તાર થવો તે વ્યવહાર છે. તે મૂળ સ્વરૂપ નથી. જીવ નિગોદ-એકેન્દ્રિયદશામાં હોય તો ત્યાં પણ અસંખ્યપ્રદેશી છે. લોકના પ્રદેશોની જેટલી સંખ્યા છે તેટલી જ સંખ્યા દરેક જીવના પ્રદેશોની ત્રિકાળ છે તોપણ શરીર નામકર્મના નિમિત્તથી, પોતાની યોગ્યતાથી શરીર પ્રમાણે સંકોચવિસ્તારરૂપે થઈ જાય છે. કીડીમાં હોય કે હાથીમાં હોય તેના પ્રદેશ નાના-મોટા થાય અથવા વધે-ઘટે એમ થતું નથી પણ ક્ષેત્રમાં સંકોચાઈ જાય અથવા વિસ્તારરૂપ થાય છે.

જેમ દીવો છે તે નાના-મોટા ઘડા કે મકાનમાં રહે ત્યાં નાના-મોટા આકારે તેનો પ્રકાશ

સંકોચ-વિસ્તારરૂપ થાય છે તેમ નાના-મોટા નિજ દેહ પ્રમાણે જીવ પોતાના કારણે નાનો-મોટો આકાર ધારણ કરે છે. જેમ પાણી નાનાં-મોટાં તપેલામાં કે લોટામાં હોય ત્યારે તે આકારે થાય છે તે તેની યોગ્યતાથી થાય છે. જો તે વાસણ આકારે થઈ જાય તો બીજા આકારે થઈ શકે નહિ. તેમ જીવમાં પણ તેની સ્વતંત્ર યોગ્યતાથી શરીર પ્રમાણે સંકોચ-વિસ્તાર પ્રદેશોમાં થાય છે તે વ્યવહાર છે. આ રીતે ક્ષણિક પર્યાયની સ્વતંત્ર યોગ્યતા જાણી, પર્યાય બુદ્ધિ છોડી ત્રિકાળ શુદ્ધ દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવી તે જ ધર્મનું કારણ છે.

**અષાડ વદ ૯, મંગળવાર, ૧૫-૭-૫૨**

અહીં જીવદ્રવ્યનું વર્ણન અનેક નયોથી કર્યું છે. બધાં પડખાંથી વસ્તુને જાણે તો પ્રમાણજ્ઞાન થાય. ત્રિકાળી વસ્તુ શું, તેની પર્યાય શું, વિકાર શું, નિમિત્ત શું, - તે બધાને યથાર્થપણે સમ્યગ્જ્ઞાની જાણે છે. જીવના નવ અધિકારોનું વર્ણન ચાલે છે.

**(૬) જીવના ભોકતાપણાનું વર્ણન :–** શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી ત્રિકાળ શુદ્ધ જીવસ્વભાવને જોતાં આત્મામાં રાગાદિ ઉપાધિ નથી, તે એકરૂપ ચિદાનંદ ધ્રુવ છે, તે પોતાના આત્માથી ઉત્પન્ન એવા સહજ આનંદનો જ ભોક્તા છે. ભગવાન આત્મા રાગાદિની ઉપાધિથી શૂન્ય છે. એવું શુદ્ધ દ્રવ્ય ત્રિકાળ છે, પણ તેને જોનારો શુદ્ધ દ્રવ્યાર્થિકનય તો વર્તમાન છે. સમ્યગ્દૃષ્ટિ જીવ અંતર્દૃષ્ટિથી પોતાના આત્મામાંથી ઉત્પન્ન થયેલા આનંદનો ભોગવનાર છે. સમ્યગ્દૃષ્ટિ સાધકને પર્યાયમાં આનંદનો પૂર્ણ ભોગવટો નથી, પણ અંશે આનંદનો ભોગવટો છે. પૂર્ણ આનંદના અભાવમાં શુભ-અશુભકર્મના નિમિત્તે સુખ-દુઃખનો ભોકતા અશુદ્ધનયથી છે. જુઓ, આ નય જ્ઞાનીને જ હોય છે. અજ્ઞાની તો એકાંતપણે હર્ષ-શોકનો ભોક્તા થાય છે, પણ તેને નય હોતો નથી. બીજો જ્ઞાની એમ કહે કે 'આ અજ્ઞાની જીવો પોતાના શુદ્ધ ચિદાનંદને છોડીને એકલા પર તરફના ઝોકથી હર્ષ-શોકને જ ભોગવે છે.' જ્ઞાનીને તો ત્રિકાળ સ્વભાવ તેમ જ અશુદ્ધ પર્યાય બન્નેનું જ્ઞાન છે, અજ્ઞાનીને ત્રિકાળી શુદ્ધ સ્વભાવનું તો ભાન જ નથી, એટલે તેને નય હોતા નથી. જ્ઞાનીને અંશે સ્વભાવના આનંદનો ભોગવટો છે, ને અંશે હર્ષ-શોકનો ભોગવટો છે. દૃષ્ટિ અપેક્ષાએ તો જ્ઞાનીને સ્વભાવની એકતાની જ અધિકતા હોવાથી

તે આનંદનો જ ભોક્તા છે, તે હર્ષ-શોકનો ભોક્તા નથી છતાં હજી અસ્થિરતાથી રાગ-દ્વેષ અને હર્ષ-શોક પણ થાય છે તેનો તે અશુદ્ધનયથી ભોક્તા છે. શુદ્ધનયથી તો સ્વભાવના અવલંબને આનંદનો જ ભોક્તા છે. આમ બન્ને પડખાંનું જ્ઞાન કરવું તે પ્રમાણ જ્ઞાન છે. જ્ઞાની કે અજ્ઞાની કોઈ જીવ પરદ્રવ્યનો ભોગવનાર તો છે જ નહિ. જ્ઞાની પોતાના સ્વભાવની દૃષ્ટિથી અતિન્દ્રિય સહજાનંદને અનુભવે છે, ને જે અલ્પ હર્ષ–શોક થાય છે તેનો ભોક્તા અશુદ્ધનયથી છે. અજ્ઞાની એકલા હર્ષ-શોકને જ ભોગવે છે. સ્પષ્ટ જ્ઞાનનો સ્વભાવ જેમ છે તેમ બધું જાણવાનો છે. ઘણું જાણવું તેમાં કાંઈ કંટાળો નથી.

ત્રિકાળ દ્રવ્ય છે, ક્ષણિકપર્યાય છે, ત્યાં ત્રિકાળી દ્રવ્યનો આશ્રય કરીને પર્યાય જેટલી અભેદ થઈ છે તેટલો તો આનંદનો ભોગવટો છે. તે આનંદનો ભોક્તા શુદ્ધનયથી છે અને હજી સાધકદશા હોવાથી અલ્પ હર્ષ-શોકનું વેદન પણ છે તેનો ભોક્તા અશુદ્ધનયથી છે, જડનો ભોક્તા આત્મા નથી.

જુઓ, આ શાસ્ત્ર 'નેમિચંદ્ર સિદ્ધાંતચક્રવર્તી' એ બનાવ્યું છે, તેઓ મહા સંત છે. 'ગોમ્મટસાર'માં તેઓ કહે છે કે, અહો ! મારા અભયનંદી ગુરુના ચરણકમળના પ્રસાદથી હું આ સંસારથી તરીને પાર થઈ ગયો છું. જુઓ તે વિનયનું વ્યવહારકથન છે. ખરેખર પોતે પોતાના ભાવથી સંસારને તરે છે, ત્યાં ગુરુના બહુમાનનો વિકલ્પ ઊઠતાં નિમિત્તનું કથન કર્યું છે. તે જ પ્રમાણે આત્મા વ્યવહારથી પરનો ભોક્તા છે - એમ આગળ કહેશે. ત્યાં પણ નિમિત્તનું કથન જાણવું. પર સામગ્રીથી જીવને દુઃખ-સુખ થતાં નથી, પણ પર સામગ્રીનું લક્ષ કરીને પોતે સુખ-દુઃખની કલ્પના કરે છે તેથી ઉપચારથી સામગ્રીને સુખ-દુઃખનું કારણ કહેવાય છે, અને ઉપચારથી પરનો ભોક્તા કહેવાય છે, ખરેખર પરનો ભોક્તા જીવ નથી.

**(૭) સંસારસ્થ :–** સંસારપર્યાય પણ જીવમાં થાય છે. સંસાર તે એક સમયની વિકારી પર્યાય છે, તેને જીવે ધારી રાખેલ છે, એટલે સંસાર તે પણ જીવનો પર્યાયધર્મ છે. કર્મથી સંસાર છે - એમ નથી. જીવના જેટલા શુદ્ધ કે અશુદ્ધ ભાવો છે તે બધાય ભાવોને જીવ જ ધારણ કરે છે. શુદ્ધ નિશ્ચયનયથી જીવના સ્વભાવમાં સંસાર છે જ નહીં, શુદ્ધ નિશ્ચયથી તો જીવ સદાય આનંદસ્વરૂપ એકરૂપ છે, તેમાં સંસાર નથી, પણ અશુદ્ધનયથી જીવની પર્યાયમાં સંસાર છે, તેથી જીવ સંસારસ્થ છે. જુઓ, આ પણ જાણવું જોઈએ કે સંસાર પરમાં નથી પણ જીવની પર્યાયમાં છે. પર્યાયમાં સંસાર છે તે ત્રિકાળમાં નથી. અશુદ્ધનયથી સંસાર છે એટલે કે શુદ્ધનયથી જોતાં જીવમાં સંસાર નથી, આમ નયોથી વસ્તુસ્વરૂપ જાણે તો સંસાર પર્યાય જેટલો માનવાની બુદ્ધિ છૂટી જાય ને શુદ્ધ સ્વભાવની દૃષ્ટિ થાય.

આ 'દ્રવ્યસંગ્રહ'માં તો દરેક ગાથામાં નયો ઉતારશે. શુદ્ધનયથી જુઓ તો અત્યારે પણ જીવનો સ્વભાવ સંસારરહિત છે, પર્યાયમાં સંસાર છે તે અશુદ્ધનયનો વિષય છે. – આમ બન્ને

પડખાંથી જ્ઞાની જીવ પોતાના આત્માને જાણે છે. અહો ! પર્યાયમાં સંસાર હોવા છતાં, મારા આત્માનો સ્વભાવ નિત્ય આનંદરૂપ છે - આમ ધર્મી જાણે છે. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભવ ને ભાવના પરાવર્તનરૂપ જે સંસાર છે તે પાંચેમાં જીવની પોતાની યોગ્યતા છે, કર્મને લીધે પરિભ્રમણ થાય છે એમ નથી. જીવ જે ક્ષેત્રે રહે છે ત્યાં જીવની પોતાની યોગ્યતાથી જ તે રહ્યો છે, કર્મને લીધે નહીં. પંચ પરાવર્તનમાં રખડવાની યોગ્યતા જીવની પોતાની છે અને તે અશુદ્ધનયનો વિષય છે, સંસાર પરમાં નથી પણ પોતાની પર્યાયમાં છે. જેને સાચું દર્શન થયું હોય તેને પર્યાયનું પણ આવું જ્ઞાન હોય છે. શ્રેણિક રાજાને ક્ષાયિક સમ્યગ્દર્શન હતું છતાં નરકમાં ગયા. ત્યાં કર્મના કારણે ગયા - એમ કહેવું તે ઉપચારમાત્ર છે. ખરેખર પોતાની તેવી લાયકાતના કારણે જ નરકમાં ગયા છે. જુઓ, શ્રેણિક નરકમાં ગયા ત્યારે તેમને આવું સમ્યગ્જ્ઞાન વર્તતું હતું. જ્ઞાની પ્રમાણજ્ઞાન વડે સંસાર-અસંસાર બન્ને દેખે છે, સ્વભાવદૃષ્ટિથી જોતાં એક સમયની પર્યાયનો સંસાર આત્મામાં નથી.

**(૮) સિદ્ધ :–** જીવની તે સમયની લાયકાતથી સિદ્ધત્વપર્યાયની પ્રાપ્તિ થઈ છે, શુદ્ધનયથી આત્મા ત્રિકાળ અનંત જ્ઞાનાદિ સ્વભાવનો ધારક હોવાથી સિદ્ધ છે, પણ સંસારદશામાં કર્મના ઉદયના નિમિત્તે પોતાની યોગ્યતાથી તેને અસિદ્ધપણું છે. તે અસિદ્ધપણું વ્યવહારનયનો વિષય છે. જુઓ, સંસારદશા વખતે પણ સિદ્ધ થવાની શક્તિ છે ને તેમાંથી સિદ્ધની પર્યાય પ્રગટે છે. ચાર ગતિમાં રખડે છે તે પણ તેની તેવી લાયકાત છે ને ચાર ગતિનો નાશ કરીને સિદ્ધ દશા પ્રગટ કરે તે પણ પોતાની લાયકાતથી પ્રગટ કરે છે.

**(૯) સ્વભાવ ઊર્ધ્વગમન :–** જુઓ, જીવનો ઊર્ધ્વગમન સ્વભાવ છે, એટલે સિદ્ધદશા થતાં એક સમયમાં ઊર્ધ્વગમન કરીને લોકાગ્રે જાય છે. જેમ ધૂમાડાનો સ્વભાવ જ ઊંચે જવાનો છે, તેમ જીવનો સ્વભાવ ઊર્ધ્વગમન કરવાનો છે. સિદ્ધ ભગવાનને એક સમયમાં જે ઊર્ધ્વગમન થાય છે તે વિભાવ નથી પણ સ્વભાવગતિ છે. ચૌદમા ગુણસ્થાનના છેલ્લા સમયનો વ્યય થતાં સંસારનો વ્યય થયો ને તે જ સમયે સિદ્ધદશાનો ઉત્પાદ થયો. ત્યાં એક સમયમાં ઊર્ધ્વગમન થાય છે. તે સ્વભાવથી જ થાય છે. પૂર્વ પ્રયોગ વગેરેને કારણે ઊર્ધ્વગમન કહેવું તે તો ઉપચારથી છે. લોકાગ્રે સ્થિર થાય છે તે પોતાના સ્વભાવથી જ થાય છે. ધર્માસ્તિકાયનો ઉપર અભાવ છે માટે ઉપર જતા નથી એમ કહેવું તે ઉપચારથી કથન છે.

કોઈ કહે છે કે જેમ પક્ષીની પાંખ તૂટી જાય ત્યારે ત્યાં હોય ત્યાં જ પડ્યું રહે તેમ અહીં ભૂમિ ઉપર મુક્ત જીવ રહે – એમ નથી તે બતાવવા સ્વભાવથી ઊર્ધ્વગમન થાય છે એમ કહ્યું છે. સિદ્ધ ભગવંતો સાદિ અનંતકાળ લોકાગ્રે રહે છે ને ત્યાં પોતાની સ્વતંત્ર સ્વસત્તામાં અનંત આનંદને અનુભવે છે. શક્તિરૂપે પૂર્ણ સ્વભાવ હતો તેને ઓળખી એકાગ્ર થતાં થતાં પૂર્ણ એકાગ્ર થયો ત્યાં પૂર્ણ વિકાસરૂપે પરમ પારિણામિકભાવની પૂર્ણદશા પ્રગટ થઈ તે મોક્ષ

છે.

જો કે વ્યવહારથી કર્મના નિમિત્તથી એટલે વર્તમાન ચાર ગતિમાં જવાની યોગ્યતાથી જીવ ઊંચો, નીચો, આડો એમ સંસારમાં ગમન કરે છે. તે વિભાવરૂપ ગમન હતું. એકેન્દ્રિયપણે સિદ્ધ ભગવાન પાસે અનંતવાર ગયો, તે ઊર્ધ્વગમન સ્વભાવ નથી પણ વિકારી યોગ્યતા છે. નિશ્ચયનયથી કેવળજ્ઞાનાદિ અનંતગુણની પ્રાપ્તિ સ્વરૂપ મોક્ષ છે, તે દશાની પ્રાપ્તિ થતા મોક્ષગમનકાળે સ્વભાવ ઊર્ધ્વગમન થાય છે. જુઓ, કોઈ એમ કહે છે કે, સિદ્ધ ભગવાનને ઊર્ધ્વગમન થાય છે તે વિભાવ છે - તે વાત જુઠી છે. સિદ્ધ ભગવાનને મોક્ષદશા થતાં એક સમયમાં સ્વભાવ ઊર્ધ્વગમન થાય છે.

આ પ્રમાણે નવ અધિકારમાં અનેક નયોથી જીવ દ્રવ્યનું વર્ણન કર્યું. તેનું નામ નયાર્થ છે. શબ્દાર્થ પહેલાં કહ્યો હતો. શાસ્ત્રના અર્થ કરવાના પાંચ પ્રકાર છે. શબ્દાર્થ, નયાર્થ, મતાર્થ, આગમાર્થ ને ભાવાર્થ તેમાંથી શબ્દાર્થ ને નયાર્થ કહ્યા, કર્મથી જીવ રખડ્યો એમ કહે ત્યાં તે વ્યવહારનયનું કથન છે એમ નયાર્થ જ્યાં જે હોય તે સમજવો જોઈએ.

**અજ્ઞાની સુખને ઈચ્છે છે પણ સાચા સુખના ઉપાયનું ભાન નથી. જ્ઞાન નથી તેથી દુઃખના ઉપાયને સુખ જાણી જાણીને દુઃખમાં ઝંપલાવી મરે છે. અહા ! સુખના સાચા ઉપાયના ભાન વિના સુખ મળે નહિ માટે સુખી થવા ઈચ્છનારે સુખનો સાચો ઉપાય શું છે તે જાણવું જરૂરી છે.**

**(પરમાગમસાર–૪૧)**

## પ્રસાદ નં. – ૨૬૫

**વી. નિ સં. ૨૪૭૮, અષાડ વદ ૦), વર્ષ ૨જું. પુસ્તક નવમું,**
**સોનગઢ, તા. ૨૧-૭-૫૨, સોમવાર.**
**શ્રી દ્રવ્યસંગ્રહ ગાથા–૩**
**(અષાડ વદ ૧૦, બુધવાર, ૧૬-૭-૫૨ બપોર)**

શબ્દાર્થ, નયાર્થ, મતાર્થ, આગમાર્થ અને ભાવાર્થ એ પાંચ પ્રકારે શાસ્ત્રના અર્થ થાય છે, ત્યાં મૂળ સૂત્રના શબ્દો પ્રમાણે અર્થ કરવો તે શબ્દાર્થ છે. તે કથન ક્યા નયનું છે તે સમજવું તે નયાર્થ છે.

'સમ્યગ્દૃષ્ટિ જીવ સચેત-અચેત વસ્તુને ભોગવતો છતાં નિર્જરા કરે છે' એવું વચન શાસ્ત્રમાં આવ્યું, ત્યાં તેનો આશય સમજ્યા વગર એમ જ કહી દ્યે કે 'આત્મા પરને ભોગવી શકતો નથી' – તો તે બરાબર નથી. પહેલાં જેમ શાસ્ત્રમાં કથન છે તેમ તેનો શબ્દાર્થ સમજવો જોઈએ. શાસ્ત્રનો શબ્દાર્થ ન સમજે તો તેનો આશય ક્યાંથી સમજશે ? પહેલાં શાસ્ત્રે શું કહ્યું છે તે તો સમજવું જોઈએ ને ! શબ્દાર્થ સમજ્યા પછી તે ક્યા નયનું કથન છે તે સમજવું જોઈએ. 'સમ્યગ્દૃષ્ટિ જીવ સચેત-અચેત વસ્તુને ભોગવતો છતાં નિર્જરા કરે છે' એ કથનમાં ભોગવવાની વાત તો નિમિત્ત-નૈમિત્તિક સંબંધના વ્યવહારથી કરી છે, એટલે તે કથન વ્યવહારનયનું છે, ને તે વખતે તેને અંતરની દૃષ્ટિ પડી છે તેના જોરે નિર્જરા થાય છે. નિશ્ચયદૃષ્ટિના જોરે નિર્જરા થાય છે ત્યાં ઉપચારથી સચેત-અચેતના ઉપભોગને પણ નિર્જરાનું કારણ કહી દીધું છે. પરને ભોગવે છે એમ કહ્યું છે તે તો અજ્ઞાની સંયોગને દેખે છે તેથી કહ્યું છે. 'જીવને અને શરીરને અભિન્નતા છે - એવી શ્રદ્ધા કરજે' એમ 'જયધવલા'માં કહે છે, પણ નિમિત્ત-નૈમિત્તિક તરીકે સંયોગ સંબંધ છે તે અપેક્ષાએ અભિન્નતા કહી છે. માટે કોઈ પણ કથનનો શબ્દાર્થ, નયાર્થ વગેરે સમજવો જોઈએ. રાગ છે તેથી આત્માને અને શરીરને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. એટલું જ્ઞાન કરાવવા માટે અભિન્નતા કહી દીધી. આત્માને સર્વથા સિદ્ધદશા થઈ નથી, ને વીતરાગી કેવળજ્ઞાન પણ થયું નથી, એટલે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે તેનું જ્ઞાન કરાવ્યું છે - એવો તે કથનનો ભાવાર્થ છે.

વળી ‘જયધવલા’માં કહે છે કે ક્રોધભાવનાં જે નિમિત્તો છે તે પણ ક્રોધ છે. સમ્યગ્જ્ઞાનની વાત ચાલતી હોય ત્યાં જેને કંટાળો ને દ્વેષ આવે તેના દ્વેષમાં જ્ઞાન નિમિત્ત છે, તેથી ઉપચારથી નૈગમનયે જ્ઞાનને પણ દ્વેષ કહી દે છે. એ રીતે સિદ્ધ વગેરે બધા પદાર્થોને દ્વેષ કહેવાય છે, તેમ જ રાગ પણ કહેવાય છે. જીવ રાગ-દ્વેષનું નિમિત્ત બનાવે ત્યાં સામી ચીજને પણ રાગ કે દ્વેષ કહેવાય છે, એવો પણ એક નય છે. એ પ્રમાણે જે નયનું કથન હોય તેને યથાર્થ સમજવું જોઈએ.

અહીં બીજી ગાથાનો મતાર્થ કહે છે. જૈનમતમાં કહેલું વસ્તુસ્વરૂપ શું છે, ને અન્યમતમાં શું વિપરીતતા છે તે સમજવું તેનું નામ મતાર્થ છે. બીજી ગાથામાં જીવના નવ અધિકાર કહ્યાં. તેમાં મતાર્થ આ પ્રમાણે –

(૧) ‘જીવ’ કહ્યો ત્યાં ચાર્વાક વગેરે અન્યમતો જીવને નથી માનતા તેનો નિષેધ થયો.

(૨) જીવને ‘ઉપયોગમય’ કહ્યો ત્યાં નૈયાયિક મતવાળા ગુણગુણીને સર્વથા જુદા માને છે તેનું ખંડન થયું.

(૩) ભટ્ટ તથા ચાર્વાક મતવાળા જીવને અમૂર્ત નથી માનતા, તેમની સામે અહીં જીવના ‘અમૂર્તપણા’નું સ્થાપન કર્યું.

(૪) જીવ કર્મનો કર્તા છે એમ કહ્યું ત્યાં સાંખ્ય મતવાળા, આત્માને સર્વથા કૂટસ્થ માને છે તેનો નિષેધ થયો.

(૫) આત્મા શરીરપ્રમાણ છે એમ કહ્યું ત્યાં નૈયાયિક, મીમાંસક અને સાંખ્ય મતવાળા આત્માને સર્વવ્યાપક માને છે તેનું ખંડન થયું.

(૬) ભોક્તાપણું કહ્યું તેમાં સર્વથા ક્ષણિક માનનાર બૌદ્ધમતનો નિષેધ થયો. સર્વથા ક્ષણિક તત્ત્વમાં ભોક્તાપણું ન હોય. જે જીવ કરે છે તે જ જીવ ભોગવે છે – એમ કહીને જીવની નિત્યતા તેમ જ અનિત્યતા સાબિત કરી ને બૌદ્ધ વગેરે અન્યમતી જીવને ભોક્તા માનતા નથી તેનો નિષેધ થયો.

(૭) આત્મા સંસારસ્થ છે એમ કહ્યું ત્યાં સદાશિવ મતવાળા આત્માને સર્વદા સિદ્ધ સમાન માને છે તેનો નિષેધ થયો.

(૮) આત્મા સિદ્ધ છે એમ કહ્યું ત્યાં ભટ્ટ અને ચાર્વાકમતવાળા કે જે મોક્ષને તથા સિદ્ધને માનતા નથી તેનો નિષેધ થયો.

(૯) જીવનો ઊર્ધ્વગમન સ્વભાવ છે એમ કહ્યું તે કથન જૈનદર્શન સિવાય અન્ય સમસ્ત મતોની સામે છે, કેમકે આત્માનો ઊર્ધ્વગમન સ્વભાવ છે તે જૈનદર્શન સિવાય અન્ય કોઈ મત માનતા નથી.

સત્ય શું છે ને તેનાથી વિપરીત મત શું છે તે બન્નેનો નિર્ણય કરવો જોઈએ.

ચોથો પ્રકાર આગમાર્થ છે. તે તો શાસ્ત્રથી પ્રસિદ્ધ છે. જે કથન આવ્યું હોય તે કથન

બીજે ઠેકાણે શાસ્ત્રમાં ક્યાં છે – એમ આગમ સાથે મેળવણી કરીને સમજવું તે આગમાર્થ છે.

પાંચમો પ્રકાર ભાવાર્થ છે. શબ્દાર્થ, નયાર્થ વગેરે જાણીને પછી તેનું તાત્પર્ય શું છે ? તે સમજવું તેનું નામ ભાવર્થ છે. બધું જાણીને શુદ્ધ જ્ઞાયક ચૈતન્યભાવ તે જ ઉપાદેય છે, ને બીજું બધું હેય છે. જ્ઞાન તો બધાનું કરે, પણ જ્ઞાન કરીને તેમાંથી એવો આશય કાઢે કે મારે શુદ્ધ ચિદાનંદ સ્વભાવ જ આદરણીય છે, ને બીજું બધું હેય છે – આવો શાસ્ત્રનો ભાવાર્થ છે. પણ પહેલાં જાણે તો પછી તેમાં હેય-ઉપાદેય સમજે ને ? જાણે જ નહીં તો હેય-ઉપાદેય ક્યાંથી સમજશે ? જ્ઞેયપણે તો સ્વ ને પર બધુંય છે, પણ ઉપાદેયપણે તો એક શુદ્ધ ચિદાનંદ સ્વભાવ જ છે, બીજું બધું હેય છે – આવો ભાવાર્થ છે.

આ પ્રમાણે શબ્દાર્થ, નયાર્થ, મતાર્થ, આગમાર્થ ને ભાવાર્થ એ પાંચે પ્રકારથી દરેક શાસ્ત્રના દરેક સૂત્રનો અર્થ સમજવો જોઈએ.

કોઈ વાર શાસ્ત્રમાં એમ કહે કે : શરીરની નગ્ન દિગંબરદશા તે મુનિપણું છે, એ પ્રમાણે દ્રવ્યલિંગને જ સાધુપણું કહી દે છે, ત્યાં નિમિત્ત કેવું હોય તે બતાવવા માટેનું વ્યવહારનયનું કથન છે એમ સમજવું જોઈએ. તેને બદલે બીજી રીતે નિમિત્ત માને – વસ્ત્ર સહિત મુનિદશા માને તો તે અન્યમત છે – એવો મતાર્થ છે અને વ્યવહારનયથી દ્રવ્યલિંગને મુનિપણું કહ્યું ત્યાં તે શરીરની દશાને જ નિશ્ચયથી મુનિદશા માની લ્યે ને અંદરની સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રદશાને સમજે નહિ – તો તે જીવ નયાર્થને સમજ્યો નથી.

શાસ્ત્રમાં એમ કહે કે નિમિત્ત કાંઈ કરતું નથી, સમ્યગ્દર્શન પોતાથી જ થાય છે. ત્યાં તે નિશ્ચયનયનું કથન છે, ત્યાં કોઈ એમ સમજી લ્યે કે ગમે તેવા કુગુરુના નિમિત્તથી પણ સમ્યગ્દર્શન થઈ જાય – તો તે જીવ શાસ્ત્રના અર્થને સમજ્યો નથી. અરે ભાઈ ! સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન તે પોતાથી જ થાય છે, પણ તે વખતે સમ્યગ્જ્ઞાની જ નિમિત્ત હોય છે. તે નિમિત્તને ન માને તો તે અજ્ઞાની છે. પોતાના જ્ઞાનમાં જે નિમિત્ત હોય તેના ઉપકારને ઓળવે, અથવા ગુરુનું નામ છૂપાવે તો તે જીવ મહા જ્ઞાનાવરણીયકર્મ બાંધે છે, તે જીવ વ્યવહારમાં પણ જ્ઞાનનો ચોર છે. નિશ્ચયમાં તો તે ચોર છે જ. સાચા જ્ઞાનમાં જ્ઞાનીનું જ નિમિત્ત હોય, તે ન સ્વીકારે ને ઉપકારી ગુરુનું નામ છૂપાવે – તો તે મોટો માયાવી છે.

'શ્રીમદ્ રાજચંદ્ર' કહે છે કે :

'બૂઝી ચહત જો પ્યાસકો, હૈ બૂઝનકી રીત,
પાવે નહિ ગુરુગમ વિના, યહી અનાદિસ્થિત.'

જુઓ, જ્ઞાન તો પોતે પોતાની યોગ્યતાથી જ પામે છે, પણ તે વખતે કેવું નિમિત્ત હોય છે તેનું જ્ઞાન કરવું જોઈએ. સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર કેવા હોય તેની પણ હજી જેને ખબર નથી, તેને હેય-ઉપાદેય તત્ત્વનો વિવેક હોય નહીં. માટે બધાં પડખેથી વસ્તુસ્થિતિ સમજવી જોઈએ.

જીવના નવ અધિકાર કહ્યાં છે, તેનું હવે વિવેચન કરે છે. પ્રથમ જીવનું સ્વરૂપ કહે છે.

ગાથા-૩

**तिक्काले चदुपाणा इंदियबलमाउआणपाणो य।**
**ववहारा सो जीवो णिच्छयणयदो दु चेदणा जस्स।।३।।**

ઇન્દ્રિય-બળ-આયુ ને શ્વાસોશ્વાસ એવા ચાર પ્રકારના પ્રાણોથી સંસારદશામાં જીવ ત્રિકાળ જીવે છે. અહીં ત્રિકાળ ચાર પ્રાણોથી જીવે છે એમ કહ્યું છે તે જ્યાં સુધી સંસારદશા હોય ત્યાં સુધીની વાત સમજવી. આ વ્યવહારનયની વાત છે. નિશ્ચયનયથી તો જીવ ત્રિકાળ ચૈતન્યપ્રાણથી જ જીવે છે.

જુઓ, આમાં ઘણી વાત આવી જાય છે. જગતમાં જડ ઇન્દ્રિયો છે, તેની સાથે જીવનો સંબંધ છે – એ બધું સ્વીકારવાનું આવ્યું. 'સમયસાર'માં એમ કહ્યું કે 'સમ્યગ્દૃષ્ટિ જિતેન્દ્રિય છે' – તો તેમાં કેટલું આવ્યું ? કે જીવની પર્યાયમાં ખંડખંડજ્ઞાનરૂપ ભાવેન્દ્રિય છે, તેના નિમિત્તરૂપ જડ દ્રવ્યેન્દ્રિયો છે ને તેના વિષયભૂત પર દ્રવ્યો છે – એ બધાને સ્વીકારે, ને તે ત્રણેથી પાર અખંડ ચૈતન્યસ્વભાવને જાણે – તો તે સ્વભાવના આશ્રયે ઇન્દ્રિયોને જીતીને જિતેન્દ્રિય થાય.

જીવનો સ્વભાવ ત્રિકાળ ચૈતન્યપ્રાણરૂપ છે, તે તો ઇન્દ્રિયોથી અગોચર છે, તે અતીન્દ્રિય ચૈતન્યપ્રાણથી પ્રતિપક્ષરૂપ એવા ક્ષાયોપશમિક ઇન્દ્રિયપ્રાણ છે, તેનાથી જીવે છે તેથી વ્યવહારે જીવ છે. જીવનો સ્વભાવ બેહદ – અનંતવીર્ય છે, અનંતવીર્યરૂપ બળ પ્રાણ જીવમાં ત્રિકાળ છે, તેના અનંતમા ભાગે હીણું પરિણમન થયું તે મનબળ-વચનબળ ને કાયબળ છે. જુઓ, મન-વચન-કાયા તો જડ છે, ને તે નિમિત્ત તરફના વલણવાળું વીર્ય છે તે અનંતમા ભાગનું હીણું પરિણમી ગયું છે. બળ પ્રાણથી જીવ છે તે વ્યવહારથી જીવ છે ને નિશ્ચયથી તો અનંતવીર્યરૂપ બળપ્રાણથી જીવે છે તે જીવ છે.

શુદ્ધ નિશ્ચયથી જીવ તો અનાદિઅનંત શુદ્ધ ચૈતન્યપ્રાણથી જીવનારો છે, તેમાં આયુષ્ય નથી, તે સ્વભાવથી વિપરીત સાદિ-અંત સહિત આયુષ્યની યોગ્યતા તે વ્યવહારપ્રાણ છે ને જડ આયુષ્ય છે. છે તે પણ વ્યવહારપ્રાણ છે. ત્રિકાળી શુદ્ધ પ્રાણને નિશ્ચય કહ્યો, તથા જડનો સંયોગ અને ક્ષણિક યોગ્યતા એ બન્નેને વ્યવહારપ્રાણ કહ્યા. આ જાતનું નિશ્ચય વ્યવહારની સંધિબદ્ધ કથન જૈનદર્શન સિવાય બીજે હોતું નથી. દ્રવ્ય, ગુણ, પર્યાય અને સંયોગ - એ બધાને જેમ

છે તેમ ન જાણે ને એકને પણ ઊડાડે તો મિથ્યાજ્ઞાન થઈ જાય છે.

જડ શ્વાસોશ્વાસ અને તે પ્રકારની જીવની યોગ્યતા – એવા શ્વાસોશ્વાસપ્રાણથી જીવ વ્યવહારે જીવે છે, નિશ્ચયથી જીવ તો સ્વભાવ શ્વાસોશ્વાસના આવાગમનથી ઉત્પન્ન થતો જે ખેદ તેનાથી રહિત છે, શુદ્ધ ચૈતન્યપ્રાણસ્વરૂપ છે. પણ વ્યવહારમાં શ્વાસોશ્વાસ છે તે જાણવા જોઈએ.

એ રીતે ચાર પ્રકારના દ્રવ્યપ્રાણ ને ભાવપ્રાણથી જે જીવ્યો-જીવે ને જીવશે તે જીવ છે. જુઓ, જગતમાં આવા ચાર પ્રાણ સહિત અનંત જીવો સદાય રહેવાના છે તે અપેક્ષાએ આ વાત છે. કાંઈ બધા જીવોને સદાય ચાર પ્રાણ રહ્યા જ કરે એમ નથી. એમ હોય તો તો કદી મુક્તિ જ ન થાય. જગતમાં ચાર પ્રાણ સહિત રહેનારા જીવો છે, તે તો પરજ્ઞેય છે. પોતે પોતામાં એમ ભાન કરે કે આ ચાર પ્રાણો તો વ્યવહાર છે, નિશ્ચયથી હું શુદ્ધ ચૈતન્યપ્રાણ સ્વરૂપ છું – એમ ભાન કરીને, પોતે ચાર વ્યવહારપ્રાણનો અભાવ કરીને સિદ્ધ થઈ જાય છે.

### અષાડ વદ ૧૧, ગુરૂવાર, ૧૭-૭-૫૨

આ ત્રીજી ગાથામાં જીવનું વર્ણન ચાલે છે. અહીં પ્રાણનું વર્ણન છે. અનંતકાળથી આત્મા શું છે તે જાણ્યું નથી, આત્મા શું છે, તેને જાણવામાં કેવો પુરુષાર્થ હોય છે ? તથા કેવાં નિમિત્ત હોય છે – તે કદી યથાર્થપણે જાણ્યું નથી. શુદ્ધ ચૈતન્યને જાણીને તેને સાધનારા સંત જ સમ્યગ્જ્ઞાનમાં નિમિત્ત હોય છે. જીવ અનાદિથી છે, તે અનાદિથી શુદ્ધ નથી, પહેલાં તેની પર્યાયમાં ભૂલ હતી, પછી સ્વભાવનું ભાન કરી વીતરાગ થઈ સર્વજ્ઞતા પ્રગટ કરી – એવા સર્વજ્ઞદેવે જીવનું યથાર્થ વર્ણન કર્યું. એવા સર્વજ્ઞદેવ, તેમણે કહેલી વાણી, અને તે સર્વજ્ઞતાને સાધનારા ગુરુ – તે જ સમ્યગ્જ્ઞાનમાં નિમિત્ત હોય છે. સાધકદશામાં વચ્ચે રાગ હોય ત્યારે આવાં સત્ નિમિત્તો ઉપર લક્ષ જાય છે, પણ કુદેવાદિનો આદરભાવ આવતો નથી. લોકો કહે છે કે 'વસુ વિના નર પશુ' ત્યાં જડ લક્ષ્મીનો તો આત્મામાં અભાવ જ છે, પણ આત્માની ચૈતન્યલક્ષ્મીના ભાન વગરનો જીવ પશુ સમાન છે, તે આત્માનો વિરાધક થઈને નિગોદ વગેરે પશુ થાય છે. ને જે જીવોએ પોતાના યથાર્થ સ્વભાવનું ભાન કર્યું તે જીવો આરાધક થઈને અલ્પકાળમાં સિદ્ધ થાય છે. શુદ્ધ ચૈતન્ય તત્ત્વ શું છે, તેના આરાધક જીવો કેવા હોય ? તે જાણીને પોતે સ્વભાવનો આરાધક થઈને સિદ્ધદશાને પામે છે. માટે અહીં સર્વજ્ઞદેવે જ્ઞાનમાં પ્રત્યક્ષ જોયેલા

ને વાણીમાં કહેલા જીવ-અજીવાદિ દ્રવ્યોનું વર્ણન કર્યું છે. પણ પહેલાં તો આવું કહેનારા સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને ઓળખવા જોઈએ, ને તેનાથી વિપરીત કહેનારા કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રને છોડવા જોઈએ. ભાઈ ! જો તારે ચૈતન્ય તત્ત્વની મુક્તદશા પ્રગટ કરવી હોય તો પહેલાં સત્સમાગમે તેનું યથાર્થ જ્ઞાન કર.

શુદ્ધ નિશ્ચયથી જીવના ત્રિકાળ ચૈતન્યપ્રાણ છે તે ઇન્દ્રિયોથી રહિત છે, પણ વ્યવહારથી પર્યાયમાં જડ ઇન્દ્રિયોનો સંબંધ છે, ને જ્ઞાનમાં પણ ભાવેન્દ્રિયની યોગ્યતા છે. ત્યાં જડ ઇન્દ્રિયોના પ્રાણને જીવના કહેવા તે અનુપચરિત અસદ્‌ભુત વ્યવહારથી છે. 'અનુપચરિત' એટલા માટે છે કે તેની સાથે નજીકનો સંબંધ છે, પણ તે ચૈતન્યસત્તાથી ભિન્ન છે માટે 'અસદ્‌ભુત' છે, ને પર્યાયમાં નિમિત્ત તરીકે દ્રવ્યપ્રાણ સાથે સંબંધ છે તેથી તેને વ્યવહાર કહ્યો. ઇન્દ્રિયો વગેરે જડપ્રાણ છે ખરા, પણ તે જીવના સ્વભાવથી ભિન્ન છે. જીવનો સ્વભાવ તો ઇન્દ્રિયોથી ભિન્ન શુદ્ધ ચૈતન્યપ્રાણ છે. આમ સમજે તો પરમાર્થ સ્વભાવ તરફ વળે ને ધર્મ થાય. દ્રવ્યપ્રાણ છે તેનું જ્ઞાન તો કરાવ્યું, દ્રવ્યેન્દ્રિયો છે તેને જાણે જ નહીં તો તો જ્ઞાન જ ખોટું છે, તે દ્રવ્યેન્દ્રિયથી ભિન્ન ચિદાનંદ સ્વભાવ છે – તેને ન જાણે ને દ્રવ્યેન્દ્રિયોને આદરણીય માને તોપણ મિથ્યાજ્ઞાન છે.

વળી પર્યાયમાં દ્રવ્યેન્દ્રિય તરફના વલણવાળું જે ખંડખંડજ્ઞાન છે તે ભાવેન્દ્રિયો છે તે અશુદ્ધનિશ્ચયનયથી જીવના પ્રાણ છે. ભાવેન્દ્રિય એટલે ખંડખંડજ્ઞાન, તે પોતાની પર્યાય છે, પણ તે અશુદ્ધપર્યાય છે. માટે તેને અશુદ્ધનિશ્ચય કહ્યો છે. ભાવેન્દ્રિયે તે પોતાનો અંશ છે તેને જો પરને લીધે માને તો અજ્ઞાન છે, ને તે અંશ જેટલો જ આખો આત્મા માની લ્યે તોપણ પર્યાયમૂઢ અજ્ઞાની છે. વર્તમાન અંશને અંશ તરીકે જાણે, ને ત્રિકાળી સ્વભાવને જાણીને તેનો આદર કરે તો સમ્યગ્જ્ઞાન અને ધર્મ થાય. દ્રવ્ય, પર્યાય અને નિમિત્ત એ બધાને જેમ છે તેમ જાણીને શુદ્ધદ્રવ્યનો આદર કરીને તેમાં એકાગ્ર થાય તે મોક્ષનું કારણ છે. જ્ઞાનનો ક્ષયોપશમ ઇન્દ્રિયોના વલણ તરફ જઈને ખંડખંડરૂપ થાય છે તે અશુદ્ધ પર્યાય છે. પણ તે પોતાની જ પર્યાય છે માટે નિશ્ચય છે; એ રીતે જડ પ્રાણોને તો અસદ્‌ભુત કહીને જીવથી જુદા બતાવ્યા ને ભાવપ્રાણોને અશુદ્ધનિશ્ચય કહીને એમ બતાવ્યું કે તે ભાવપ્રાણ જેટલું તારું તત્ત્વ નથી. એ રીતે દ્રવ્યપ્રાણ અને ભાવપ્રાણથી રહિત જે શુદ્ધ ચૈતન્ય સત્તારૂપ પ્રાણ છે તે શુદ્ધ નિશ્ચયથી છે. મારું અંતર્મુખી ખરું જીવન તો શુદ્ધ ચૈતન્ય, સત્તા, બોધ વગેરે શુદ્ધભાવ પ્રાણરૂપ છે. જડ ઇન્દ્રિયોથી તો મારું જીવન નથી, ને ખંડખંડરૂપ ક્ષણિક જ્ઞાનના આધારે પણ મારું જીવન નથી. મારું ખરું જીવન તો શુદ્ધ સત્તા અને બોધસ્વરૂપ છે. આ શુદ્ધ નિશ્ચયનયનો વિષય છે અને આવો શુદ્ધ સ્વભાવ જ ઉપાદેય છે. શુદ્ધ નિશ્ચયનય છે તે જડ ઇન્દ્રિયોને કે ખંડખંડજ્ઞાનને જીવ માનતો નથી. શુદ્ધ નિશ્ચયનય તો ઉપાદેયરૂપ શુદ્ધ ચેતનામય જીવને જ ગ્રહણ કરે છે. આવો શુદ્ધ ચૈતન્યસત્તાસ્વરૂપ જીવ જ ઉપાદેય છે. તેના જ આશ્રયે મોક્ષ થાય છે. અહો !

આવી વાત કોણે કરી ? કે જેમને અંતરમાં શુદ્ધ સ્વભાવની દૃષ્ટિ પ્રગટી છે – એવા સંતોનું આ કથન છે. આ સિવાય જેઓ પર નિમિત્તના આશ્રયથી કે દયાદિના શુભરાગના આશ્રયથી સંસારનો નાશ થવાનું મનાવતા હોય તે કથન અજ્ઞાનીનું છે. અશુદ્ધતાનો નાશ અશુદ્ધતાના આશ્રયે ન થાય, પણ શુદ્ધ જ્ઞાયક સ્વભાવના જ આશ્રયે અશુદ્ધતાનો નાશ થાય છે, માટે સંતોનું કથન છે કે શુદ્ધ ચૈતન્ય જીવ જ ઉપાદેય છે. જેમને આવા પૂર્ણ સાધ્યની દૃષ્ટિ પ્રગટી હોય એવાં સંતો જ આવી વાત કરી શકે. જેને હજી પૂર્ણ સાધ્યની ખબર નથી, ને રાગથી ધર્મ માને છે તે તો અજ્ઞાની છે. હજી જેને પૂર્ણ સાધ્યની ખબર નથી તે જીવ કોના આશ્રયે સાધકદશા પ્રગટ કરશે ? ત્રિકાળી શુદ્ધ સ્વભાવ, ક્ષણે ક્ષણે થતી તેની પર્યાય, તેમાં અશુદ્ધતા અને ભાવપ્રાણની યોગ્યતા. તેમાં જડ પ્રાણોનું નિમિત્ત, – આવું બધું જાણે, ને તેમાંથી શુદ્ધ જીવને આદરણીય જાણે તે જ સાચું જીવન જીવે છે. બાકી તો બધા હાલતાં ચાલતાં શબ જેવા છે. 'અષ્ટપાહુડ'માં આચાર્યદેવે મિથ્યાદૃષ્ટિને હાલતાં ચાલતાં શબ કહ્યાં છે. અહો ! શુદ્ધ ચૈતન્યસત્તાનું જેને ભાન નથી, ને રાગથી ને પરના આશ્રયથી જે કલ્યાણ માને છે તે પણ પરમાર્થે તો ચાર્વાક જેવો છે. અહીં ટીકાકારે એક શ્લોક કહીને જીવને સિદ્ધ કર્યો છે.

હવે ત્રણ ગાથામાં જીવના ઉપયોગનું વર્ણન કરે છે. તેમાં પહેલી ગાથામાં દર્શનઉપયોગનું મુખ્ય વર્ણન કર્યું છે. શાસ્ત્રોમાં જ્યાં એક વિષયની પ્રધાનતાથી કથન કરવાની વાત કરી હોય ત્યાં બીજા વિષયનું વર્ણન તેમાં ગૌણપણે છે એમ સમજવું.

જ્યાં એક વિષયની મુખ્યતાથી કથન કર્યું હોય ત્યાં બીજા વિષયો ગૌણપણે તેમાં આવી જાય છે. જેમકે કોઈએ એમ કહ્યું કે :–

'હે જીવ ! તું ધર્મ સમજ !' તો ત્યાં
કહેનાર પોતાથી ભિન્ન બીજો જીવ છે,
તે જીવની પર્યાયમાં અજ્ઞાન છે,
તે અજ્ઞાન પલટીને જ્ઞાન થાય છે,
તે જ્ઞાનમાં નિમિત્ત બીજા જ્ઞાની જગતમાં છે,
અજ્ઞાનમાં નિમિત્તરૂપ કુદેવ-કુગુરુ જગતમાં છે,
'તું સમજ' એમ કહ્યું એટલે સામો જીવ સમજવામાં સ્વતંત્ર છે,
બીજો તેને સમજાવી શકે – એમ બનતું નથી....
ઇત્યાદિ પ્રકારે બધું રહસ્ય સિદ્ધ થઈ જાય છે.

### ગાથા–૪

**उवओगो दुवियप्पो दंसणणाणं च दंसणं चदुधा।**
**चक्खु अचक्खू ओही दंसणमध केवलं णेयं।।४।।**

જીવનો ઉપયોગ સ્વભાવ છે. તે ઉપયોગ દર્શન અને જ્ઞાન એવા બે પ્રકારનો છે. તેમાં ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન ને કેવળદર્શન એમ ચાર પ્રકારનો દર્શનઉપયોગ છે.

દર્શનઉપયોગ સ્વભાવ છે તે તો ત્રિકાળ છે, ને આ ચાર તેની પર્યાયો છે. તેમાં ચક્ષુ-અચક્ષુ ને અવધિદર્શન છદ્મસ્થને હોય છે, ને કેવળદર્શન સર્વજ્ઞપરમાત્માને હોય છે.

ચક્ષુના નિમિત્તથી રૂપ વગેરે પદાર્થોને જાણવા - તેનું નામ કાંઈ ચક્ષુદર્શન નથી. પણ રૂપ વગેરેને જાણતાં પહેલાં ઉપયોગનો એક સામાન્ય વેપાર થાય છે તેનું નામ ચક્ષુદર્શન છે. આ દર્શનઉપયોગ નિર્વિકલ્પ છે. નિર્વિકલ્પ એટલે શું ? કે પદાર્થોમાં વિશેષભેદ પાડ્યા વગર દર્શનઉપયોગ તેનો સામાન્ય પ્રતિભાસ કરે છે, તેથી તે નિર્વિકલ્પ છે. ને જ્ઞાનઉપયોગ તો સ્વ-પર, જીવ-અજીવ, સામાન્ય-વિશેષ વગેરે બધા ભેદો સહિત પદાર્થોને જાણવાના સ્વભાવવાળો છે તેથી તે સવિકલ્પ કહેવાય છે. વિકલ્પનો અર્થ રાગરૂપ વિકલ્પ ન સમજવો. જ્ઞાન વિશેષ પ્રકારે જાણે છે માટે સવિકલ્પ છે. કેવળજ્ઞાન પણ સવિકલ્પ છે. જુઓ, ઉપયોગના જેટલા ભેદ છે તે બધાય જીવની સત્તામાં છે. તે કોઈ પરના કારણે નથી.

જુઓ, જીવનો સ્વભાવ જ જ્ઞાનઉપયોગ અને દર્શનઉપયોગ છે એટલે પૂર્ણતા પામે તે દશામાં એક સાથે કેવળજ્ઞાન અને કેવળદર્શન બન્ને હોય છે. આવા પૂર્ણજ્ઞાન ઉપયોગ અને પૂર્ણ દર્શનઉપયોગ સહિત જીવની સત્તા છે, તેને ન માને તો તેણે જીવની સત્તાને જાણી નથી. કોઈ એમ કહે કે સર્વજ્ઞ પરમાત્માને કેવળજ્ઞાન અને કેવળદર્શન બન્ને એક સમયમાં એક સાથે ન હોય પણ ક્રમે ક્રમે હોય, તો તેણે જીવની સત્તાને જ યથાર્થપણે જાણી નહીં. છદ્મસ્થદશામાં જ્ઞાનઉપયોગ વખતે દર્શનઉપયોગ ન હોય, ને દર્શનઉપયોગ વખતે જ્ઞાનઉપયોગ ન હોય, પણ ક્રમેક્રમે ઉપયોગ હોય; પૂર્ણદશામાં તેવો જ્ઞાન-દર્શનનનો ક્રમ હોતો નથી. ત્યાં તો જ્ઞાન અને દર્શન બન્ને ઉપયોગ એક સાથે છે. આથી વિપરીત માને તો તેણે જીવની શુદ્ધ સત્તાને તથા કેવળજ્ઞાનીની દશાને પણ જાણી નથી.

ત્રણ કાળ તથા ત્રણલોકનાં સમસ્ત દ્રવ્યોને સામાન્યપણે દેખનારું જે પૂર્ણ નિર્મળ કેવળદર્શન છે, તે જીવનો સ્વભાવ છે. આવું સ્વભાવ સામર્થ્ય જીવમાં ત્રિકાળ છે; પણ પર્યાયમાં તે પૂર્ણ સામર્થ્ય અનાદિથી પ્રગટ નથી. પર્યાયમાં અનાદિ કર્મ બંધને આધીન થવાથી કર્મના ક્ષયોપશમ

નિમિત્તે તથા ઇન્દ્રિયોના અવલંબને મૂર્ત પદાર્થોની સામાન્યસત્તાને ભેદરહિત દેખે છે તે ચક્ષુદર્શન છે.

જુઓ, ચક્ષુદર્શન કહ્યું છતાં તે ચક્ષુથી થતું નથી. શિષ્ય 'ધવળ'માં પ્રશ્ન કરે છે કે, પ્રભો ! ચક્ષુદર્શન કહ્યું છે છતાં આંખથી દેખાય એમ તેનો અર્થ ન કરતાં ગાથાનું ગળું મરડીને અર્થ કેમ કરો છો ? ત્યારે શ્રીગુરુ સમાધાન કરે છે કે, ભાઈ ! ગાથાના શબ્દોનો પણ એ જ આશય છે. અમે ગાથાના આશય પ્રમાણે જ અર્થ કર્યો છે. દર્શન ઉપયોગને ઓળખાવવા માટે ચક્ષુના નિમિત્તથી કથન કર્યું. પણ ચક્ષુથી મૂર્ત પદાર્થને દેખવો તે તો જ્ઞાન થઈ ગયું, તે જ્ઞાન થવા પહેલાં ઉપયોગનો સામાન્ય વેપાર થઈ જાય છે તેનું નામ ચક્ષુદર્શનઉપયોગ છે. જુઓ, આવો ઉપયોગ જીવની પોતાની પર્યાયમાં થાય છે.

અહીં ચક્ષુદર્શનના ઉપયોગને પણ 'સંવ્યવહારપ્રત્યક્ષ' કહ્યો, જેમ જ્ઞાનમાં પ્રત્યક્ષ-પરોક્ષ એવા ભેદ આવે છે તેમ અહીં દર્શનમાં પણ પ્રત્યક્ષ-પરોક્ષનો આરોપ કહ્યો છે. જેવું જ્ઞાન થાય છે તેવો જ દર્શન ઉપયોગ થતો હોય – એમ અહીં કહ્યું છે. દર્શનઉપોયગ સર્વથા નિમિત્ત વગર પરિપૂર્ણ કાર્ય કરતો હોય તો તો કેવળદર્શન હોય, તે કેવળદર્શન પ્રત્યક્ષ છે, ને ચક્ષુદર્શન તો ખરેખર પરોક્ષ છે, પણ જ્ઞાન સાંવ્યવહારિકપ્રત્યક્ષ થાય છે. તેથી આરોપથી તેની પહેલાના ચક્ષુદર્શનને પણ સાંવ્યવહારિક પ્રત્યક્ષ કહી દીધું છે. આ દર્શનઉપયોગને છદ્મસ્થ જીવ સીધો પકડી ન શકે, પણ પ્રતીતિમાં લઈ શકે. 'આ દર્શન છે' એમ લક્ષમાં લેવા જાય તો તે વખતે દર્શનઉપયોગ રહેતો નથી પણ જ્ઞાનઉપયોગ થઈ જાય છે. આવો ઉપયોગ સ્વભાવ જીવમાં ત્રિકાળ છે. આવા જીવ સ્વભાવને જાણીને તેનો આદર કરવો તે ધર્મ છે.

## પ્રસાદ નં. – ૨૬૭

**વી. નિ સં. ૨૪૭૮, શ્રાવણ સુદ ૨, વર્ષ ૨જું. પુસ્તક દસમું,**
**સોનગઢ, તા. ૨૩-૭-૫૨, બુધવાર.**
**શ્રી દ્રવ્યસંગ્રહ ગાથા–૪**
**(અષાડ વદ ૧૨, શુક્રવાર, ૧૮-૩-૫૨ બપોર)**

છ દ્રવ્યોમાં આ જીવનું વર્ણન ચાલે છે. યથાર્થ ચૈતન્યસ્વભાવ અને તેની સમયસમયની સ્વતંત્ર પર્યાય જેના જાણવામાં ન આવે તેને અંતર્દૃષ્ટિ થઈને સમ્યગ્દર્શન થતું નથી.

અહીં જીવના ઉપયોગનું વર્ણન છે. જીવમાં જ્ઞાનઉપયોગ અને દર્શનઉપયોગ ત્રિકાળ છે. તેની સમયસમયની સ્વતંત્ર પર્યાય થાય છે. દર્શન ઉપયોગની પર્યાયના ચાર પ્રકારો છે. ચક્ષુ-અચક્ષુ-અવધિ ને કેવળ – તે ચારે દર્શનઉપયોગ જીવની સત્તામાં થાય છે. ચક્ષુ નિમિત્ત છે, ને જીવમાં ચક્ષુદર્શન ઉપયોગનો ક્ષયોપશમ છે. તે દર્શનઉપયોગની પર્યાય સ્વતંત્ર છે, ને તે પર્યાયનું કાર્ય ચક્ષુઇન્દ્રિયના વિષયભૂત પદાર્થોને સામાન્યપણે નિર્વિકલ્પરૂપે દેખવાનું છે. ચક્ષુદર્શનઉપયોગ પર્યાય છે, તે સ્વતંત્ર છે, તે અંશે દેખે છે, પરોક્ષ દેખે છે ને નિર્વિકલ્પપણે દેખે છે. 'આ રૂપ છે' એવો ભેદ પાડ્યો તે તો જ્ઞાન થઈ ગયું. દર્શનઉપોયગ તેવો ભેદ નથી પાડતું, દ્રવ્યો, ગુણો ને પર્યાયો તે બધાને જેમ છે તેમ જાણે તો યથાર્થજ્ઞાન થાય, તે યથાર્થ જ્ઞાન વગર ધર્મ ન થાય.

આત્મા સ્વતંત્ર વસ્તુ છે, તેનામાં દર્શનઉપયોગ નામનો ગુણ છે, તેની ચાર પર્યાયો છે. તેમાં ચક્ષુદર્શન મૂર્ત પદાર્થોની સત્તાને પરોક્ષ દેખે છે, તે ચક્ષુદર્શન ઉપયોગ પૂરું નથી દેખતો પણ અંશે દેખે છે, તે દર્શન ભેદ પાડીને નથી દેખતું પણ પોતાના વિષયને નિર્વિકલ્પપણે (ભેદ પાડ્યા વગર) દેખે છે, ત્યાં ચક્ષુઇન્દ્રિય નિમિત્ત હોય છે, ને તે પ્રકારે કર્મનો ક્ષયોપશમ નિમિત્ત હોય છે. દેખવાનું કાર્ય તો દર્શનઉપયોગ સ્વતંત્રપણે કરે છે. આ દર્શન ઉપોયગ પણ એક અંશ છે, ત્રિકાળી શુદ્ધ જીવ છે તે અંશ જેટલો નથી. આમ બધું જાણીને શુદ્ધ જીવને ઉપાદેય માને તો સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન થાય, આવી વાત જૈનદર્શન સિવાય બીજે હોય નહિ.

વળી ચક્ષુદર્શન છે તેમાં સ્પર્શન, રસના, ધ્રાણ ને શ્રોત્ર ઇન્દ્રિયના આવરણનો ક્ષયોપશમ

તથા બાહ્ય ઇન્દ્રિયો તે નિમિત્તરૂપ છે, ને ત્યાં દર્શનઉપયોગનો તે પ્રકારનો ઉઘાડ છે. તે અચક્ષુદર્શન મૂર્ત પદાર્થોની સામાન્યસત્તાને, એકદેશરૂપ. વિકલ્પરહિત દેખે છે, તથા પરોક્ષ દેખે છે. શબ્દ લક્ષમાં આવી ગયો તે તો જ્ઞાન થઈ ગયું, પણ શબ્દ લક્ષમાં આવ્યા પહેલાં દર્શન ઉપયોગનો સામાન્ય વેપાર થઈ જાય છે તેનું નામ અચક્ષુદર્શન છે. આ જીવની પોતાની પર્યાય છે, તે પરને લીધે નથી. આ અચક્ષુદર્શન પણ પરોક્ષ છે. પરોક્ષજ્ઞાન છે ત્યાં તેની પહેલાંના દર્શનને પણ પરોક્ષ કહ્યું છે. દર્શનમાં પ્રત્યક્ષને પરોક્ષ એવા બે ભેદ અહીં લીધા છે. પણ 'પરોક્ષપ્રમાણ' ને 'પ્રત્યક્ષપ્રમાણ' એવા ભેદો તો જ્ઞાનમાં જ છે, દર્શનમાં 'પ્રમાણ' લાગુ ન પડે. દર્શનની સમય સમયની પર્યાય જીવ સાથે અભેદ છે. કેમકે જીવ ઉપયોગમય છે.

જુઓ, એક અચક્ષુદર્શનમાં કેટલા બોલ ઊતર્યા :–

| | |
|---|---|
| ૧. જીવનો દર્શન સ્વભાવ ત્રિકાળ છે. | ૨. અચક્ષુદર્શનઉપયોગ તેની પર્યાય છે. |
| ૩. તે પર્યાય પરોક્ષ છે. | ૪. મૂર્તને જ દેખે છે. |
| ૫. સ્વતંત્રપણે દેખે છે. | ૬. એક અંશને જ દેખે છે. |
| ૭. ઇન્દ્રિયો તથા કર્મનો ક્ષયોપશમ તેનાં નિમિત્ત છે. | ૮. તે સત્તાસામાન્યને જ દેખે છે. |
| | ૧૦. આવી દર્શનપર્યાય જીવથી અભિન્ન છે. |
| ૯. ભેદ પાડ્યા વગર નિર્વિકલ્પ દેખે છે. | ૧૧. અચક્ષુદર્શન તે એક અંશ છે. |

એક અચક્ષુદર્શનપર્યાયને ઓળખતાં આટલા બોલ જાણવા જોઈએ.

ઉપર જે વાત કરી તે ઇન્દ્રિયના નિમિત્તે થતા અચક્ષુદર્શનની વાત કરી છે. વળી મનના નિમિત્તે અચક્ષુદર્શન થાય છે તે અમૂર્ત પદાર્થને પણ દેખે છે. આ મૂર્ત અને આ અમૂર્ત – એવો ભેદ પાડવો તે તો જ્ઞાનનું કાર્ય છે, દર્શન તેવા ભેદ પાડતું નથી.

અવધિદર્શન :– અવધિજ્ઞાન એક અંશે પ્રત્યક્ષ જાણનારું છે, તે જ્ઞાન થવા પહેલાં અંદર અવધિદર્શનનો ઉપયોગ થાય છે તે અવધિદર્શન પણ એકદેશ પ્રત્યક્ષ છે. જુઓ, સ્વર્ગ અને નરકને અહીં પોતાના ઉપોયગથી દેખે છે. અવધિદર્શન મૂર્ત પદાર્થોની સામાન્યસત્તાને એકદેશપ્રત્યક્ષ નિર્વિકલ્પરૂપે દેખે છે.

કેવળદર્શન :– કેવળદર્શનનું વર્ણન કરતાં પહેલાં તે કેમ થાય ? તે કહે છે. સહજ શુદ્ધ સદા આનંદરૂપ એક સ્વરૂપનો ધારક પરમાત્મા છે તેના તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિના બળથી કેવળદર્શનાવરણીયનો ક્ષય થઈને કેવળદર્શન પ્રગટે છે. તે કેવળદર્શન કેવું છે ? કે સમસ્ત મૂર્ત અને અમૂર્ત બધા પદાર્થોની સામાન્યસત્તાને જે સંપૂર્ણ પ્રત્યક્ષરૂપે એક સમયમાં વિકલ્પરહિત દેખે છે. ચાર પ્રકારના દર્શન ઉપયોગમાં આવું કેવળદર્શન ઉપાદેય છે, તે પર્યાય અપેક્ષાએ ઉપાદેય છે. પણ આવું કેવળદર્શન કોને થાય ? કે નિશ્ચયથી ઉપાદેયરૂપ શુદ્ધ ચિદાનંદ ચૈતન્ય પરમાત્માને જ ઓળખીને તેની ભાવના કરે, તો કેવળદર્શન પ્રગટે છે. જુઓ, આ ઉપાદેયતત્ત્વની

વાત છે. આવા તત્ત્વને જાણ્યા વગર ધર્મ થતો નથી. આત્મા સદા આનંદસ્વરૂપ એકરૂપ છે, બંધ ને મોક્ષ એવા ભેદો પર્યાયમાં છે. પણ ત્રિકાળી તત્ત્વની દૃષ્ટિમાં એવા ભેદો નથી, તે તો એકરૂપ સદા આનંદરૂપ છે. દુઃખ મોક્ષમાર્ગ ને મોક્ષ – એ તો બધા ક્ષણિક પર્યાયમાં છે, ને ધ્રુવ ચિદાનંદ પરમાત્મા તો સદાય એકરૂપ છે, આવા સદા આનંદસ્વરૂપ એકરૂપ પરમાત્માના તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિના બળથી કેવળદર્શન થાય છે. દ્રવ્ય-પર્યાયને જાણીને સામાન્યનું અવલંબન કરવું – તે ધર્મની રીત છે. સામાન્યનું અવલંબન કઈ રીતે કરવું ? કે ધ્રુવ ચિદાનંદ સ્વભાવનો મહિમા જાણીને પર્યાયને તેમાં અંતર્મુખ કરવી તેનું નામ સામાન્યનું અવલંબન છે. સહજ આનંદસ્વરૂપ એવા પરમાત્માનું અવલંબન કરવાથી જ પરમાનંદમય પરમાત્મદશા પ્રગટે છે. પહેલાં ત્રિકાળ એકરૂપ પરમાત્મસ્વરૂપ આત્માનું યથાર્થ તત્ત્વજ્ઞાન કરવું જોઈએ, તે તત્ત્વજ્ઞાનના બળથી કેવળદર્શન પ્રગટે છે. પણ વચ્ચે રાગ આવે તેના બળે કે બાહ્ય ક્રિયાકાંડના બળે કેવળદર્શન થતું નથી.

જુઓ, તત્ત્વજ્ઞાન કરવાથી કેવળદર્શન થઈ જવાનું કહ્યું, પણ કોનું તત્ત્વજ્ઞાન ? કે ત્રિકાળી આનંદરૂપ પરમાત્માના તત્ત્વજ્ઞાનના બળથી કેવળદર્શન થાય છે. આવું કેવળદર્શન થાય ત્યારે દર્શનાવરણીયકર્મનો ક્ષય હોય છે. એ પ્રમાણે નિમિત્તનું જ્ઞાન પણ ભેગું જ કરાવે છે. દ્રવ્ય, પર્યાય અને નિમિત્ત એ બધાંનું જ્ઞાન કરાવીને, એક શુદ્ધ જ્ઞાયક સ્વરૂપ જ આદરણીય છે – એમ આ શાસ્ત્ર બતાવે છે.

આ પ્રમાણે જીવના દર્શન ઉપયોગના ચાર પ્રકાર બતાવ્યા. આ ચારે પ્રકારમાંથી કેવળદર્શન જ ઉપાદેય છે. બીજાં ત્રણ દર્શન અપૂર્ણ છે તેથી તે ઉપાદેય નથી. અહીં કેવળદર્શનને ઉપાદેય કહ્યું છે તે પર્યાય છે, પણ તે પર્યાય ક્યારે થાય ? કે ત્રિકાળી શુદ્ધ દ્રવ્યને ઉપાદેય કરે ત્યારે ! – આવું આ કથનનું તાત્પર્ય છે.

કેવળજ્ઞાન ને કેવળદર્શન એ બન્ને ઉપયોગ ભિન્ન ભિન્ન છે, પણ તેમને સમયભેદ નથી, એક જ સમયમાં તે બન્ને સાથે હોય છે. આમ ન માને તો જીવનો ઉપયોગ સ્વભાવ પૂરો થતો નથી. ઉપયોગ બે હોવા છતાં તેનો કર્તા એક છે અને તેની પૂર્ણ પર્યાય થઈ ગઈ છે, ત્યાં જ્ઞાનદર્શન ઉપયોગના કાર્યનો ભેદ હોય નહિ. કર્તા પોતે જ્યાં પૂર્ણ થઈ ગયો છે ત્યાં દર્શન અને જ્ઞાનના કાર્યને સમયભેદ કેમ રહે ? બન્ને થઈને એક જ ઉપયોગ નથી, તેમ જ તેમને પહેલાં-પછી એવો ક્રમ પણ નથી. છદ્મસ્થને જ્ઞાન-દર્શનઉપયોગના વેપારમાં ક્રમ પડે છે પણ કેવળીને તેવો ક્રમ હોતો નથી. – જીવના દર્શન ઉપયોગનું વર્ણન કર્યું. ॥૪॥

હવે જ્ઞાનઉપયોગનું વર્ણન કરે છે.

**ગાથા-૫**

**णाणं अट्ठवियप्पं मदिसुदिओही अणाणणाणाणि।**
**मणपज्जवकेवलमवि पच्चक्खपरोक्खभेयं च।।५।।**

જીવ ઉપયોગ સ્વભાવી છે, તેનો જ્ઞાનઉપોયગ ત્રિકાળ છે, તેની પર્યાયના આઠ પ્રકારો છે. કુમતિ, કુશ્રુતુ, કુઅવધિ એ ત્રણ અજ્ઞાન છે તથા સમ્યક્ મતિ-શ્રુત-અવધિ-મનઃપર્યાય ને કેવળ એ પાંચ સમ્યગ્જ્ઞાન છે. આ જ્ઞાનઉપયોગમાં પ્રત્યક્ષ અને પરોક્ષ એવા બે ભેદો છે.

જુઓ, જ્ઞાન અપેક્ષાએ આ બધું પ્રયોજનભૂત છે. જેમ સત્ છે તેમ જાણવાનો જ્ઞાનનો સ્વભાવ છે.

જ્ઞાયક ચૈતન્યબિંબ આત્માને ચૂકીને જે જ્ઞાન એકલા પરને જાણે છે એવા મતિજ્ઞાનને કુમતિજ્ઞાન કહે છે. તેમ જ જ્ઞાયક સ્વભાવ શું છે તે જાણે નહિ ને શાસ્ત્ર ભણી ભણીને ઊંધું સમજે તે બધું કુશ્રુતજ્ઞાન છે. અજ્ઞાનીને અગિયાર અંગ અને નવ પૂર્વનું ભણતર તે પણ કુમતિ ને કુશ્રુતજ્ઞાન છે, ને જેને ચિદાનંદ સ્વભાવના ભાનથી સમ્યગ્જ્ઞાન થયું છે તેને શાસ્ત્ર વગેરેને જાણનારું જ્ઞાન પણ સમ્યક્મતિ-શ્રુતજ્ઞાન છે. આ મતિ-શ્રુતજ્ઞાન પરોક્ષ છે. અવધિજ્ઞાન અને મનઃપર્યયજ્ઞાન એકદેશ પ્રત્યક્ષ છે; કેવળજ્ઞાન સંપૂર્ણ પ્રત્યક્ષ છે. તેમાં અજ્ઞાનીને કુઅવધિજ્ઞાન હોય છે. જ્ઞાનીને સુઅવધિજ્ઞાન હોય છે. મનઃપર્યયજ્ઞાન તો જ્ઞાની મુનિને જ થાય છે, ને કેવળજ્ઞાન તો અર્હંત અને સિદ્ધપરમાત્માને હોય છે.

સર્વજ્ઞદેવે જોયેલાં છ દ્રવ્યોમાં જીવદ્રવ્ય ભિન્ન, તે જીવ દ્રવ્યનો ઉપયોગસ્વભાવ, તેના જ્ઞાન અને દર્શન – એ બે ભેદ છે, તે જ્ઞાનઉપયોગ ને દર્શનઉપયોગ ત્રિકાળ છે. દર્શન ઉપયોગની પર્યાયના ચાર ભેદ છે, તે દરેક સ્વતંત્ર છે, તે પહેલાં કહેવાઈ ગયા છે. જ્ઞાન ઉપયોગની પર્યાયના આઠ પ્રકાર છે, તેમાં કુમતિ, કુશ્રુત તથા સમ્યક્ મતિ-શ્રુત - એ ચાર પ્રકાર પરોક્ષ છે. કુઅવધિ તથા સમ્યક્ અવધિ અને મનઃપર્યય તે એકદેશ પ્રત્યક્ષ છે ને કેવળજ્ઞાન સંપૂર્ણ પ્રત્યક્ષ છે.

તેમનું વિશેષ વર્ણન હવે કહેવાશે.

## અષાડ વદ ૧૩, શનિવાર, ૧૯-૭-૫૨

આ છ દ્રવ્યોમાંથી જીવદ્રવ્યનું વર્ણન ચાલે છે. જીવમાં ત્રિકાળ જ્ઞાનગુણ છે, તે ગુણની પર્યાયમાં મતિજ્ઞાન વગેરે આઠ ભેદો છે. તે આઠે ભેદો જીવની પોતાની પર્યાય છે, જ્ઞાનઉપોયગ તે જીવનો પોતાનો સ્વભાવ છે. જીવ પોતે ઉપયોગમય છે. આમ જાણે તો ત્રિકાળ જ્ઞાયક ચૈતન્ય દ્રવ્યના આદરથી ધર્મ થાય.

મતિ, શ્રુત અને અવધિ એ ત્રણ જ્ઞાનનો મિથ્યાત્વના ઉદયને વશ વિપરીત અભિનિવેશરૂપ હોય, તેને અજ્ઞાન કહે છે. જીવ પોતાના સ્વભાવને ચૂકીને પુણ્ય-પાપ તે હું ને દેહની ક્રિયા હું કરું છું – એવો ઊંધો અભિપ્રાય કરે છે ત્યારે તેનાં મતિ-શ્રુતજ્ઞાન તે કુમતિ અને કુશ્રુત છે. પરને લીધે મને જ્ઞાન થાય છે એમ માનનાર અજ્ઞાનીના જ્ઞાનને કુમતિ-કુશ્રુત કહેવાય છે. વળી અજ્ઞાનીને ક્યારેક એવું જ્ઞાન પ્રગટે કે સ્વર્ગ નરક વગેરેને જોઈ શકે, તેને વિભંગજ્ઞાન કહેવાય છે. તે અજ્ઞાન હોવા છતાં તે પણ જીવના પોતાના કારણે થયેલું છે. સર્વજ્ઞે કહેલાં. યથાર્થ તત્ત્વથી વિપરીત માન્યતા જેની હોય તેને કુમતિ-કુશ્રુત ને કુઅવધિ તે ત્રણે જ્ઞાન પણ પોતાની યોગ્યતાથી છે, પરને લીધે નથી. આવું જ્ઞાન પ્રગટે તેનો કાંઈ મહિમા નથી, કેમકે શુદ્ધ આત્મતત્ત્વનું તો તેને ભાન નથી. અહીં તો જીવના ઉપયોગના પ્રકારોનું વર્ણન છે. ઉપયોગના જેટલા ભેદ પડે છે તે બધાય પ્રકારો જીવના પોતાના કારણે જ છે, કોઈ નિમિત્તના કારણે તે નથી. ઉપયોગમય જીવ છે. શુદ્ધ ચૈતન્યતત્ત્વ શું છે તેના ભાન વિના જ્ઞાનના ઉઘાડથી અજ્ઞાની જીવ સાત દ્વીપ-સમુદ્રને કે સ્વર્ગ-નરકાદિ એકલા પરને જ જાણે છે – તે જ્ઞાનનો મહિમા નથી. જે જ્ઞાન અંતર સ્વભાવની સન્મુખ થઈને શુદ્ધ આત્માને જાણે તે જ્ઞાન જ સમ્યગ્જ્ઞાન છે, ને તે જ મોક્ષનું કારણ છે. ઉપયોગની અવગ્રહાદિ પર્યાય ઇન્દ્રિય કે મનને લીધે નથી થતી, છતાં પરને લીધે મારું જ્ઞાન થાય એમ માનનાર જીવ મિથ્યાત્વને વશ થયેલો છે, ને તેનું જ્ઞાન તે કુજ્ઞાન છે તથા શુદ્ધ આત્મતત્ત્વ વગેરે તત્ત્વોના વિપરીતતા રહિત યથાર્થ જ્ઞાનથી સમ્યગ્દૃષ્ટિને તે મતિ-શ્રુત-અવધિજ્ઞાન સમ્યક્ હોય છે. અજ્ઞાનીનાં મતિ-શ્રુત-અવધિજ્ઞાન તે મિથ્યાજ્ઞાન છે, ને સમ્યગ્દૃષ્ટિને સમ્યક્ મતિ-શ્રુત-અવધિજ્ઞાન હોય છે. એ રીતે કુજ્ઞાનના ત્રણ પ્રકાર તથા સુજ્ઞાનના ત્રણ – એમ છ પ્રકાર થયા. ત્યાર પછી મનઃપર્યયજ્ઞાન અને કેવળજ્ઞાન એ બે જ્ઞાન છે તે તો સુજ્ઞાન જ હોય છે, મિથ્યાદૃષ્ટિને તે જ્ઞાન હોતાં નથી.

જ્ઞાનના આઠે ઉપયોગમાં જીવદ્રવ્યનું સ્વતંત્ર પરિણમન છે. પૂર્વનાં કર્મ જ્ઞાનને રોકે – એમ જ્ઞાની માનતા નથી. કર્મ તો જડ છે. મારી જેટલી લાયકાત છે તેટલો જ્ઞાનનો વિકાસ થયો છે. જ્ઞાનીનો વિશેષ જ્ઞાનનો ઉઘાડ ન હોય ને વિશેષ ધારણા વગેરે ન રહેતાં હોય, તો ત્યાં તે પરનો દોષ નથી કાઢતા, શુદ્ધ સ્વભાવને તથા પ્રયોજનભૂત તત્ત્વોને તો જ્ઞાનથી

તે બરાબર જાણે છે, પણ અવધિજ્ઞાન વગેરે ન હોય તો ત્યાં ખેદ કરતો નથી. તેનું નામ 'અજ્ઞાનપરિષહ' છે. વિશેષ જ્ઞાનનો ઉઘાડ ન હોય તોપણ પ્રયોજનભૂત તત્ત્વના જ્ઞાનમાં સંદેહ પડતો નથી. 'જેવું નિમિત્ત હોય તેવું જ્ઞાન થાય છે, એટલે કે નિમિત્તને લીધે જ્ઞાન થાય છે' – એમ અજ્ઞાનીની માન્યતા છે, જ્ઞાની તેની ના પાડે છે, જ્ઞાન તો જીવના પોતાના ઉપોયગની લાયકાત પ્રમાણે જ થાય છે, તે વખતે તેવાં જ્ઞેય નિમિત્ત હોય છે, પણ જ્ઞેયને લીધે જ્ઞાન થતું નથી. જ્ઞાનના એક અંશને પણ જેણે પરને લીધે માન્યો તેણે ત્રિકાળી જીવદ્રવ્ય જ્ઞાનસ્વભાવી છે તેને જાણ્યું નથી.

નિશ્ચયથી જીવનો સ્વભાવ સંપૂર્ણ નિર્મળ અખંડ પ્રત્યક્ષ કેવળજ્ઞાનસ્વરૂપ છે. પણ વ્યવહારનયે, અનાદિથી કર્મબંધના નિમિત્તે, તથા મતિજ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમથી તથા વીર્યાંતરાયના ક્ષયોપશમથી, બહિરંગ ઇન્દ્રિયો તથા મનના અવલંબનથી મૂર્ત-અમૂર્ત પદાર્થોને એકદેશે, પરોક્ષરૂપ, વિકલ્પસહિત એટલે કે વિશેષો સહિત જાણે છે – એવા મતિજ્ઞાન સહિત જીવ છે. જુઓ, જીવની એક મતિજ્ઞાન પર્યાય આવી છે. આ મતિજ્ઞાન પરોક્ષ છે. પણ વ્યવહારમાં તેને પ્રત્યક્ષ કહેવાય છે એટલે કે તે સાંવ્યવહારિક પ્રત્યક્ષ છે. આ મતિજ્ઞાન વખતે ઇન્દ્રિયો અને મનનું નિમિત્ત હોય છે, પણ જ્ઞાન તો પોતાની જ યોગ્યતાથી થાય છે. આ પ્રમાણે નિમિત્તનૈમિત્તિક સંબંધ છે તે બે દ્રવ્યોની એકતા નથી બતાવતો પણ બે દ્રવ્યોની પૃથક્તા બતાવે છે.

મતિજ્ઞાનમાં ઇન્દ્રિય અને મન તો બાહ્યનિમિત્ત છે. અને અંદર વીર્યનો ક્ષયોપશમભાવ તે મતિજ્ઞાનનું સહકારીકારણ છે. વીર્યાંતરાયનો ક્ષયોપશમ તો જડ છે, પણ જે વીર્યનો ક્ષયોપશમભાવ છે તે મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન, આનંદ, સુખ, ચારિત્ર, સમ્યક્ત્વ વગેરે બધી પર્યાયોમાં સહકારી કારણ છે. કોઈ પણ પર્યાય વીર્ય વગરની હોતી નથી. જ્ઞાન વગેરેની પર્યાયની યોગ્યતા અનુસાર વીર્યનો ક્ષયોપશમભાવ હોય છે, કેવળજ્ઞાન વગેરેમાં ક્ષાયિકભાવ સહકારીકારણ છે. જુઓ, શરીરના બળની વાત ન લીધી, કોઈ પણ કાર્ય પ્રગટવામાં આત્મબળ જ સહકારીકારણ છે. જ્ઞાન અને વીર્ય બન્નેનો સમય તો એક જ છે, છતાં તેમાં વીર્યને જ્ઞાનનું સહકારીકારણ કહ્યું.

આત્માના જ્ઞાન, ચારિત્ર, સમ્યક્ત્વ વગેરે બધા ગુણોની પર્યાયમાં વીર્ય સહકારીકારણ છે. કોઈ એમ કહે કે સમ્યગ્દર્શનમાં જીવનો પુરુષાર્થ હોતો નથી. તો તેની વાત જૂઠી છે. અહીં તો કહે છે કે અજ્ઞાનીને તેના ઊંધા જ્ઞાન વગેરેમાં પણ વીર્ય સહકારીકારણ છે. કોઈ પણ પર્યાય વીર્ય વગરની હોતી નથી. વીર્ય એટલે આત્મબળ, આત્મશક્તિ. ઊંધાઈની પર્યાય કે સવળી પર્યાય – કોઈ પણ પર્યાય હો, તેમાં વીર્યનું પરિણમન પણ સાથે જ છે. એટલે જીવની પર્યાયની સ્વતંત્રતા છે. જીવને પોતાની પર્યાયમાં કોઈ પરનો સહકાર નથી, કેવળજ્ઞાન પામવામાં વજ્રર્ષભનારાચ સંહનન કાંઈ મદદ કરતું નથી, પણ તે સમયનું અનંતવીર્ય જ સહકારીકારણ

છે. છતાં કેવળજ્ઞાનને અને અનંતવીર્યને પ્રગટવાનો સમયભેદ નથી, સમ્યગ્દર્શન વખતે તે પ્રકારનો પુરુષાર્થ સાથે જ પરિણમે છે, તે બતાવવા માટે અહીં વીર્યને સહકારીકારણ કહ્યું છે. બહારના સહકારીકારણની વાત ન લીધી, પણ પોતામાં ને પોતામાં વીર્યને સહકારીકારણ તરીકે ઓળખાવ્યું.

મતિ-શ્રુતજ્ઞાન તે ખરેખર તો પરોક્ષરૂપ છે, છતાં તેને સાંવ્યવહારિક પ્રત્યક્ષ કહેવાય છે. કેમકે લોકમાં એવો વ્યવહાર છે કે 'મેં ઘડો પ્રત્યક્ષ જોયો', – એથી મતિજ્ઞાનને સાંવ્યવહારિક પ્રત્યક્ષ કહેવાય છે. મતિજ્ઞાન-પર્યાય ઘટજ્ઞાનરૂપે પરિણમી છે, ત્યાં ઘટનું જ્ઞાન તો પરોક્ષ છે. પણ 'મેં ઘડો જ જોયો, વસ્ત્ર નહિ' એમ બરાબર નિર્ણય કરે છે. તેથી વ્યવહારમાં તે જ્ઞાનને પ્રત્યક્ષ પણ કહેવાય છે. એ રીતે મતિજ્ઞાનનું વર્ણન કર્યું.

**પ્રશ્ન :- શુભ-અશુભ ભાવનો વ્યવહારે ભેદ હોવા છતાં પરમાર્થે ભેદ માનનાર ઘોર સંસારમાં રખડશે તેમ શાસ્ત્રમાં કહ્યું છે, અને દેવ-ગુરુ-વાણી પુણ્ય વિના મળતા નથી તો આવતા ભવે તે મેળવવા માટે પુણ્યની તો અપેક્ષા રહે ને ?**

**ઉત્તર :- પુણ્યથી દેવ-ગુરુ-વાણીનો યોગ મળે છે તે બરાબર છે પણ પુણ્યભાવ વર્તમાનમાં દુઃખરૂપ છે ને ભાવી દુઃખનું કારણ છે તેમ શાસ્ત્રમાં કહ્યું છે. કેમકે પુણ્યથી જે સામગ્રી મળશે તેના લક્ષે રાગ થશે તે દુઃખરૂપ છે. ભગવાનની વાણી મળે તેની સામે લક્ષ જાય તે રાગ દુઃખરૂપ છે. શુભ રાગ આવે છે, હોય છે પણ ચેતનનો ધર્મ શુભરાગ નથી. શુભરાગ દુઃખરૂપ છે. આહાહા ! આ વાત જગતને આકરી લાગે તેવી છે. ઝીણી વાત છે. બેસવી કઠણ પડે તેવી છે પણ જે સત્ય છે તે આમ જ છે.**

**(પરમાગમસાર–૬૮)**

## પ્રસાદ નં. – ૨૬૯

### વી. નિ સં. ૨૪૭૮, શ્રાવણ સુદ ૩, વર્ષ ૨જું. પુસ્તક દસમું, સોનગઢ, તા. ૨૫-૭-૫૨, શુક્રવાર. શ્રી દ્રવ્યસંગ્રહ ગાથા–૫ (અષાડ વદ ૧૪, રવિવાર, ૨૦-૭-૫૨ બપોર)

જીવદ્રવ્યની વ્યાખ્યા ચાલે છે. જગતમાં જીવ અનાદિઅનંત સ્વતંત્ર વસ્તુ છે, ને તેનો જ્ઞાનસ્વભાવ છે. તે જ્ઞાનસ્વભાવની સમયે સમયે અવસ્થા થાય છે તે પણ સ્વતંત્ર છે. જેણે ધર્મ કરવો હોય તેણે આવા સ્વતંત્ર આત્માને જાણવો જોઈએ.

'ધર્મ કરવો છે' તેનો અર્થ એ થયો કે વર્તમાનમાં અવસ્થામાં ધર્મ નથી, પણ ત્રિકાળી શક્તિ પરિપૂર્ણ છે, તેના આશ્રયે પર્યાયમાં ધર્મ નવો થાય છે. એટલે ત્રિકાળી શક્તિની પ્રતીતિ કરે ને ક્ષણે ક્ષણે થતી પર્યાયને સ્વતંત્ર જાણીને તે ત્રિકાળી શક્તિનું અવલંબન કરે તો ધર્મ થાય.

જીવતત્ત્વ જ્ઞાનસ્વભાવી છે. તે જ્ઞાનની પર્યાયના આઠ પ્રકાર પડે છે. જ્ઞેય શું ? ઉપાદેય શું ? ને હેય શું ? તેના જ્ઞાન વિના ધર્મ થાય નહિ. 'હું જ્ઞાયકમૂર્તિ ભગવાન છું' એમ પોતાનો ત્રિકાળી શુદ્ધસ્વભાવ આદરણીય છે, ને ક્ષણિક પર્યાયનું તેમ જ પરનું લક્ષ છોડવા જેવું છે. જેને આત્માનું ભાન નથી તેને પણ જ્ઞાનની સમયે સમયે અવસ્થા તો થયા જ કરે છે, તેને કુમતિ, કુશ્રુત તથા કુઅવધિજ્ઞાન હોય છે. તથા આત્માના ભાન સહિત હોય તો સમ્યક્ મતિ-શ્રુત-અવધિજ્ઞાન હોય છે. મતિ-શ્રુતજ્ઞાન તો બધા છદ્મસ્થ જીવોને હોય છે, અવધિજ્ઞાન અમુક જીવોને જ હોય છે. તેમાં અત્યારે શ્રુતજ્ઞાનનું વર્ણન ચાલે છે.

શુદ્ધ નિશ્ચયથી તો આત્મા પરિપૂર્ણ પ્રત્યક્ષ જ્ઞાનસ્વરૂપી છે. પણ અવસ્થામાં જ્ઞાનાવરણકર્મના નિમિત્તે જ્ઞાનની હીનતા છે. જ્ઞાનની હીનતા તો પોતાના કારણે થઈ છે, પણ તેમાં નિમિત્તરૂપ બીજી ચીજ (જ્ઞાનાવરણીયકર્મ) છે – એમ જાણવું જોઈએ. તેમાં શ્રુતજ્ઞાનાવરણ કર્મનો ક્ષયોપશમ શ્રુતજ્ઞાનનું નિમિત્ત છે. અહીં જીવના ઉપયોગમાં શ્રુતજ્ઞાનની લાયકાત છે અને તે અનુસાર

જડકર્મમાં જ્ઞાનાવરણનો ક્ષયોપશમ હોય છે. આવો નિમિત્તનૈમિત્તિક સંબંધ હોવા છતાં જ્ઞાનનું પરિણમન સ્વતંત્ર છે. જેને પોતાના જ્ઞાનમાં પદાર્થની સ્વતંત્રતાનો સ્વીકાર નથી તેને સત્યનું ભાન નથી ને તેને ધર્મ થતો નથી.

શ્રુતજ્ઞાનપર્યાયને ઓળખવામાં કેટલી વાત આવી જાય છે તે કહે છે.

પહેલાં તો જીવને માને, તેના જ્ઞાનસ્વભાવને માને, અને તેનું સમય સમયનું પરિણમન માને, તેમાં જીવની પર્યાયમાં શ્રુતજ્ઞાનની લાયકાત હોય ત્યારે સામે જ્ઞાનાવરણ કર્મનો ક્ષયોપશમ નિમિત્તરૂપ હોય છે. વળી અંદર આઠ પાંખડીવાળા કમળના આકારે જડમન છે, તે પણ શ્રુતજ્ઞાનમાં નિમિત્ત છે, તેમ જ અધ્યાપક, પુસ્તક, પ્રકાશ વગેરે સંયોગો પણ શ્રુતજ્ઞાનનું નિમિત્ત છે. શ્રુતજ્ઞાન કેટલું જાણે છે ? કે જગતના મૂર્ત તેમ જ અમૂર્ત સમસ્ત પદાર્થોને પરોક્ષપણે જાણે છે. આ શ્રુતજ્ઞાન લોકાલોકની વ્યાપ્તિરૂપ છે. જુઓ, આ સાધક જીવના શ્રુતજ્ઞાનનું સામર્થ્ય ! કેવળજ્ઞાન તો સંપૂર્ણ લોકાલોકને પ્રત્યક્ષ જાણનારું છે, ને શ્રુતજ્ઞાનમાં પણ લોકાલોકને પરોક્ષ જાણવાનું સામર્થ્ય છે. શ્રુતજ્ઞાનના તર્કદ્વારા લોકાલોકના સ્વરૂપનું જ્ઞાન થઈ જાય છે. કેવળજ્ઞાન તો પૂર્ણાનંદ પરમાત્મદશા છે, તે તો સંપૂર્ણ પદાર્થોને પૂર્ણ પ્રત્યક્ષ જાણે છે, ને ચિદાનંદસ્વભાવની રમણતાથી તે કેવળજ્ઞાનનો જે સાધક છે તે જીવને શ્રુતજ્ઞાનમાં પણ એટલું સામર્થ્ય છે કે તર્કની વ્યાપ્તિના બળથી લોકાલોકને જાણી લ્યે છે; આ જ્ઞાન પરોક્ષ છે. પૂર્ણ સ્વભાવસામર્થ્યનો જેને વિશ્વાસ પ્રગટ્યો છે, પણ હજી પૂર્ણ કેવળજ્ઞાન પ્રગટ્યું નથી, હજી મતિ-શ્રુતજ્ઞાનરૂપ સાધકદશા વર્તે છે, એવા સાધક જીવના જ્ઞાનમાં લોકાલોકને પરોક્ષ જાણવાનું સામર્થ્ય છે. જુઓ, આ શ્રુતજ્ઞાનમાં પણ અંશે પ્રત્યક્ષપણું લેશે, સર્વથા એકાંત પરોક્ષ નથી. શ્રુતજ્ઞાનનું આવું સામર્થ્ય છે કે લોકાલોક છે તેને જો ન માને તો તે જીવ શ્રુતજ્ઞાનના આવા સામર્થ્યને માની શકે નહીં.

ભગવાન ચિદાનંદ પ્રભુ જ્ઞાતા છે, તેની પ્રતીત કરીને તેમાં એકાગ્ર થતાં કેવળજ્ઞાન ખીલી જાય છે, ને તે કેવળજ્ઞાન સમસ્ત પદાર્થોને પ્રત્યક્ષ જાણે છે. આવું કેવળજ્ઞાન થયા પહેલાં સાધકદશામાં શ્રુતજ્ઞાન પણ લોકાલોકના મૂર્ત-અમૂર્ત પદાર્થોને પરોક્ષપણે જાણવાના સામર્થ્યવાળું છે.

ચિદાનંદ સ્વરૂપના આનંદનો અનુભવ તો સાધક જીવને પણ સ્વસંવેદનમાં આવે છે. કેવળીભગવાનને આનંદનો જેવો અનુભવ છે તેવા જ આનંદનો અંશ સાધકજીવ સ્વસંવેદનથી અનુભવે છે. કેવળી ભગવાન આત્માના અસંખ્યપ્રદેશને સ્પષ્ટ પ્રત્યક્ષ દેખે છે, ને સાધક જીવ આત્માના અસંખ્યપ્રદેશને પ્રત્યક્ષ દેખતો નથી – એટલો ફેર છે. જેમ દેખતો માણસ સાકર દેખે છે ને આંધળો તેને નજરે દેખતો નથી, પણ ખાવામાં સાકરનો સ્વાદ તો જેવો દેખતાને આવે છે તેવો જ આંધળાને આવે છે, – તેમ કેવળીભગવાન આત્માને પ્રત્યક્ષ દેખે છે ને છદ્મસ્થ જીવ આત્માને પરોક્ષ જાણે છે, પણ જેવો કેવળી ભગવાને આત્મા જોયો છે તેવો જ છદ્મસ્થ જીવે પરોક્ષ જોયો છે. તથા કેવળીભગવાન જેવા જ આનંદનો અંશ પોતાના સ્વસંવેદનથી

તે અનુભવે છે. જેમ કોઈ માણસે અમેરિકા વગેરે દેશો જોયા હોય ને બીજા માણસે નજરે ન જોયા હોય પણ નકશાથી કે કોઈ પાસેથી સાંભળીને નિર્ણય કર્યો હોય, તેમ સ્વર્ગ, નરક, અસંખ્ય દ્વીપ-સમુદ્ર વગેરે લોકાલોકને કેવળી ભગવાન તો પ્રત્યક્ષ જાણે છે, ને શ્રુતજ્ઞાની જીવ તેને પરોક્ષજ્ઞાનથી જાણે છે.

સ્વર્ગ-નરક વગેરે પદાર્થો જગતમાં શાશ્વતા છે. તે કેવળી ભગવાને પ્રત્યક્ષ જોયા છે. તેને ન માને તે મિથ્યાદૃષ્ટિ છે. સાધક જીવ પોતાના શ્રુતજ્ઞાનથી શાસ્ત્ર વડે સ્વર્ગ-નરકાદિને પરોક્ષ જાણે છે. સ્વર્ગ-નરક વગેરે બાહ્ય પદાર્થોને જાણનારું શ્રુતજ્ઞાન પરોક્ષ છે.

વળી અંદરમાં સુખ-દુઃખના વિકલ્પો થાય છે તે પોતાને કિંચિત્ પરોક્ષ છે. 'હું સુખી, હું દુઃખી,' એવું જે જ્ઞાન થાય છે તે કિંચિત્ પરોક્ષ છે. સુખ-દુઃખનું વેદન તે શ્રુતજ્ઞાનનો વિષય છે. જુઓ, મતિજ્ઞાનના વિષયમાં સુખ-દુઃખની વાત ન લીધી, સુખ-દુઃખના જ્ઞાનપૂર્વક તેનું વેદન થાય છે, ને તે શ્રુતજ્ઞાનનો વિષય છે. બહારના પદાર્થોમાં તો સુખ-દુઃખ નથી. પણ બહારના પદાર્થોના લક્ષે સુખ-દુઃખની કલ્પના થાય છે તેને શ્રુતજ્ઞાન જાણે છે. ત્યાં સુખ-દુઃખની લાગણીને શ્રુતજ્ઞાન પ્રત્યક્ષ જાણતું નથી માટે તે પરોક્ષ છે, પણ વેદનમાં તો તે પ્રત્યક્ષ છે. સુખ-દુઃખનું વેદન કાંઈ પરોક્ષ નથી.

પરને કારણે સુખ-દુઃખ થાય એમ જાણે તે તો મિથ્યાશ્રુતજ્ઞાન છે. જ્ઞાની પરને કારણે સુખ-દુઃખ માનતા નથી, પણ પોતાની નબળાઈથી સુખ-દુઃખની લાગણી થાય છે – તેને શ્રુતજ્ઞાન પરોક્ષ જાણે છે. જુઓ, સુખ-દુઃખની લાગણી અરૂપી છે, તે ઇન્દ્રિયોથી જણાતી નથી, છતાં શ્રુતજ્ઞાનમાં તેને પણ જાણવાનું સામર્થ્ય છે. અથવા હું અનંત જ્ઞાન, આનંદ આદિ સ્વરૂપ છું, શક્તિરૂપે પૂર્ણ છું, વ્યક્તરૂપે પર્યાયમાં અપૂર્ણ છું ઇત્યાદિ જ્ઞાન છે તે અંશે પરોક્ષ અને અંશે સ્વસંવેદનથી પ્રત્યક્ષ છે. અંશે વિકાસ પ્રગટ છે તેનું વેદન શ્રુતજ્ઞાનીને પ્રત્યક્ષ છે.

તથા જે ભાવશ્રુતજ્ઞાન છે તે શુદ્ધાત્મસન્મુખ હોવાથી, સુખ સંવેદનરૂપ છે તે સમ્યક્શ્રુતજ્ઞાનનો વિષય અખંડાનંદ જ્ઞાયકમૂર્તિ આત્મા છે અને તે નિજ આત્મજ્ઞાનના આકારથી સ્વવિષયમાં જોડાયું હોવાથી સવિકલ્પ છે અર્થાત્ વિશેષજ્ઞાનના ભાગવાળું છે, સ્વસન્મુખ વ્યાપારમાં વર્તવાવાળું છે. અહીં વિકલ્પ એટલે રાગ નહિ પણ વિશેષ આત્મજ્ઞાનના વ્યાપાર અપેક્ષાએ ભાવશ્રુતજ્ઞાન સવિકલ્પ છે. તો પણ ઇન્દ્રિય-મન તરફના વલણથી થતા શુભ-અશુભભાવથી રહિત હોવાની અપેક્ષાએ તે જ જ્ઞાન નિર્વિકલ્પ છે. જ્ઞાનમાં ચૈતન્યને વિષય બનાવ્યો એ અપેક્ષાએ સવિકલ્પ છે ને તે જ્ઞાન જેટલું સ્વસન્મુખ છે ને જેટલા અંશે રાગ ટળ્યો છે એટલા અંશે નિર્વિકલ્પ છે.

ભાવશ્રુતજ્ઞાન વડે આત્માને જાણ્યો એમ કહેવું તે ભેદકથન છે પણ અભેદદૃષ્ટિથી તે જ ભાવશ્રુતજ્ઞાન આત્મજ્ઞાન કહેવાય છે.

આમ શ્રુતજ્ઞાનમાં અનેક પડખાં બતાવી હવે પ્રત્યક્ષ કઈ રીતે છે તે કહેશે.

અષાડ વદ ૦)), સોમવાર, ૨૧-૭-૫૨

# ભાવશ્રુતજ્ઞાનનું સામર્થ્ય અને તેનો મહિમા

**અહો ! સ્વસન્મુખી ભાવશ્રુત જ્ઞાનના**
**બળે ચિદાનંદ ભગવાનનું પ્રત્યક્ષ સ્વસંવેદન કરનારા**
**સમ્યગ્દષ્ટિ સંતોના ચરણકમળમાં**
**ભક્તિપૂર્વક નમસ્કાર હો.**

ભગવાન સર્વજ્ઞદેવે જગતમાં છ પ્રકારનાં દ્રવ્યો જોયાં છે, તેમાંથી જીવદ્રવ્યનું આ વર્ણન ચાલે છે. જીવ સદા ઉપયોગમય છે. તે ઉપયોગ જ્ઞાન અને દર્શન એવા બે પ્રકારનો છે; તેમાંથી જ્ઞાનઉપયોગની આઠ પ્રકારની પર્યાયો છે; તેમાં શ્રુતજ્ઞાનનું સામર્થ્ય કેવું છે તે કહેવાય છે. સદા 'ઉપયોગમય' આત્મા છે – એમ જાણે તો પરથી ને વિકારથી ભેદજ્ઞાન થાય.

જીવની ઉપયોગપર્યાયમાં હીનતા હોય ત્યારે ઇન્દ્રિયો વગેરે નિમિત્ત હોય છે પણ કાંઈ તે નિમિત્તને લીધે જીવનો ઉપયોગ થતો નથી. જીવ પોતે જ ઉપયોગમય છે. શ્રુતજ્ઞાનપર્યાય વખતે શ્રુતજ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ તથા દ્રવ્યમન, અધ્યાપક શાસ્ત્ર વગેરે નિમિત્તો હોય છે, તે જ્ઞાન પોતાના ઉપયોગસ્વભાવથી **મૂર્ત-અમૂર્ત પદાર્થોને લોકાલોકની વ્યાપ્તિરૂપ જ્ઞાનથી જાણે છે,** પણ તે પરોક્ષ જાણે છે. વળી શબ્દના નિમિત્તવાળું જે શ્રુતજ્ઞાન છે તે તો **પરોક્ષ જ** છે. સ્વર્ગ-મોક્ષ વગેરે બાહ્યક્રિયાઓનું જ્ઞાન થાય તે પણ **પરોક્ષ** છે. અંતરમાં સુખ-દુઃખનું વેદન થાય તે **કિંચિત્ પરોક્ષ છે**, ને વેદન અપેક્ષાએ કિંચિત્ પ્રત્યક્ષ છે. અનંત જ્ઞાનમય આત્મા છે તેનું ધર્મી જીવને અંતરમાં સ્વસંવેદન થાય છે, તેમાં રાગ તૂટીને જેટલું નિર્વિકલ્પ સ્વસંવેદન થયું તેટલું તો પ્રત્યક્ષ છે, પણ સર્વજ્ઞની જેમ અસંખ્યપ્રદેશી આત્મા પ્રત્યક્ષ જાણતો નથી તેથી પરોક્ષ છે. જ્ઞાયક ચિદાનંદ સ્વભાવ તરફ વળીને સુખના સ્વસંવેદનનું જ્ઞાન થાય છે તે અપેક્ષાએ શ્રુતજ્ઞાન '**સવિકલ્પ**' છે, વિકલ્પનો અર્થ અહીં '**રાગ**' ન સમજવો, પણ સુખના સ્વસંવેદનને વિશેષપણે જાણે છે તે અપેક્ષાએ શ્રુતજ્ઞાન 'સવિકલ્પ' છે અને તે સ્વસંવેદનમાં રાગરૂપ વિકલ્પનો અભાવ છે તે અપેક્ષાએ તે સ્વસન્મુખી શ્રુતજ્ઞાન '**નિર્વિકલ્પ**' છે; તેમ જ તે શ્રુતજ્ઞાનપર્યાય અંતરમાં વળીને આત્મા સાથે અભેદ થઈ છે તેથી તેને જ અભેદપણે '**આત્મજ્ઞાન**' કહે છે. જુઓ, આ આત્માની શ્રુતજ્ઞાનપર્યાયનો સ્વભાવ !! જેને અખંડ જ્ઞાયક સ્વભાવની દૃષ્ટિ થઈ

હોય તેને શ્રુતજ્ઞાન પર્યાયના આવા સામર્થ્યનું પણ ભાન હોય છે. દ્રવ્યદૃષ્ટિમાં પર્યાય અભૂતાર્થ હોવા છતાં જેને એવી દ્રવ્યદૃષ્ટિ પ્રગટી હોય તેને પર્યાયનું યથાર્થ જ્ઞાન હોય છે.

શુદ્ધ આત્માના સ્વસંવેદનરૂપ જે ભાવશ્રુતજ્ઞાન છે તે ચારિત્ર વગર હોતું નથી. ચોથા ગુણસ્થાને પણ જ્યાં શુદ્ધ આત્માનું સ્વસંવેદન થયું ત્યાં સ્વરૂપાચરણ ચારિત્ર હોય છે.

ચોથા ગુણસ્થાનનું સ્વસંવેદનરૂપ શ્રુતજ્ઞાન છે તે સ્વરૂપાચરણચારિત્ર વગર હોતું નથી.

પાંચમા ગુણસ્થાને વિશેષ સ્વસંવેદનરૂપ જ્ઞાન છે તે જ્ઞાન દેશચારિત્ર વગર હોતું નથી.

છઠ્ઠા-સાતમા ગુણસ્થાને ઘણું સ્વસંવેદનજ્ઞાન છે, ત્યાં સકલચારિત્રદશા વગર તે હોતું નથી. એટલે કે **જેમ જેમ સ્વસંવેદનજ્ઞાન વધતું જાય છે તેમ તેમ રાગનો અભાવ પણ થતો જાય છે જેમ જેમ રાગનો અભાવ થઈને વીતરાગી ચારિત્ર પ્રગટતું જાય છે તેમ તેમ જ્ઞાનનું સ્વસંવેદન પણ વધતું જાય છે.**

રાગને અને જ્ઞાનને એક માનતો તે વખતે અનંતો રાગ હતો અને જ્યાં રાગથી ભેદજ્ઞાન થઈને જ્ઞાનસ્વભાવ સાથે એકતા થઈ ત્યાં રાગના અંશનો અભાવ થયા વિના રહે નહિ. આ રીતે જ્ઞાનને અને ચારિત્રને મેળ હોય છે. જ્ઞાનમાં શુદ્ધાત્માનું ઘણું સ્વસંવેદન થાય અને રાગ જરાપણ ન ઘટે – એમ બને નહીં. અનંતાનુબંધી કષાયનો અભાવ થઈને સ્વરૂપાચરણચારિત્ર પ્રગટ્યા વગર ચોથા ગુણસ્થાનનું સ્વસંવેદનજ્ઞાન પણ થતું નથી. જુઓ, અહીં રાગરહિત વીતરાગી ચારિત્રની વાત લીધી છે. બહારની ક્રિયાની વાત નથી લીધી. નિમિત્ત કે શુભરાગ વિના જ્ઞાન ન થાય – એમ ન કહ્યું, પણ અંતરમાં વીતરાગી ચારિત્રદશા વગર ભાવશ્રુતજ્ઞાન થતું નથી. **ચોથા ગુણસ્થાને પણ અનંતાનુબંધી કષાયનો અભાવ થયો છે તેટલું વીતરાગી સ્વરૂપાચરણ ચારિત્ર થયું છે,** કાંઈ મુનિદશા થાય તો જ આત્માનું સ્વસંવેદન થાય ને ગૃહસ્થદશામાં સમકિતીને સ્વસંવેદન ન થાય – એમ નથી. ચોથા-પાંચમા ગુણસ્થાને ગૃહસ્થદશામાં પણ ભાવશ્રુતજ્ઞાનથી શુદ્ધાત્માનું સ્વસંવેદન હોય છે. ગુણસ્થાન અનુસાર સ્વસંવેદનજ્ઞાન વધતું જાય છે, ને રાગ તૂટતો જાય છે. આ સ્વસંવેદનરૂપ જે ભાવશ્રુતજ્ઞાન છે તે પણ કેવળજ્ઞાનની અપેક્ષાએ તો પરોક્ષ છે, પણ છદ્મસ્થજીવોને ક્ષાયિકજ્ઞાન તો હોતું નથી. તેથી, આ ભાવશ્રુતજ્ઞાન પરોક્ષ હોવા છતાં તે પ્રત્યક્ષ પણ કહેવાય છે. કેવળજ્ઞાન જેવું પ્રત્યક્ષજ્ઞાન નથી, છતાં સ્વસંવેદનના અંશ અપેક્ષાએ તે ભાવશ્રુતજ્ઞાન પણ પ્રત્યક્ષ છે.

**છદ્મસ્થનું ભાવશ્રુતજ્ઞાન પણ રાગ વગરનું છે, તેથી તેને પ્રત્યક્ષ કહીએ છીએ. અહો ! જુઓ તો ખરા આ સંતોની વાત ! જુઓ આ આત્માની જ્ઞાનસંપદાનો મહિમા !! અંતરમાં સ્વસંવેદનપૂર્વકની આ વાણી છે. ચોથા ગુણસ્થાને સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થધર્મી જીવને પણ શુદ્ધ આત્માના સ્વસંવેદનરૂપ જે ભાવશ્રુતજ્ઞાન છે તે રાગરહિત હોવાથી તેને પ્રત્યક્ષ કહે છે.** સમ્યગ્દર્શન સહિતના જ્ઞાનની આ વાત છે. ચોથા-પાંચમા ગુણસ્થાને હજી સર્વથા વીતરાગતા નથી, અને કેવળજ્ઞાન થયું નથી, છતાં સ્વસંવેદનમાં તો અંશે રાગરહિતપણું છે, તેથી તે જ્ઞાનને પ્રત્યક્ષ

પણ કહેવામાં આવે છે. ગૃહસ્થદશામાં રહેલા સમ્યગ્દૃષ્ટિનું, અરે ! ઢોર અને નારકીના સમ્યગ્દૃષ્ટિનું જ્ઞાન પણ સ્વસંવેદન અપેક્ષાએ પ્રત્યક્ષ છે.

જુઓ, અહીં શ્રુતજ્ઞાનને પણ પ્રત્યક્ષ કહી દીધું, ત્યાં હવે શિષ્ય પ્રશ્ન કરે છે.

પ્રભો ! આપે અહીં સ્વસંવેદન ભાવશ્રુતજ્ઞાનને પ્રત્યક્ષ કહ્યું, તત્ત્વાર્થ સૂત્ર વગેરે શાસ્ત્રમાં તો 'आद्ये परोक्षम्' એમ કહીને મતિ-શ્રુતજ્ઞાનને પરોક્ષ કહ્યાં છે. તો અહીં આપ શ્રુતજ્ઞાનને પ્રત્યક્ષ કઈ રીતે કહો છો ? જુઓ, શિષ્ય શાસ્ત્રના આધાર સહિત પ્રશ્ન પૂછે છે. જેને કાંઈક અભ્યાસ હોય, સમજવાની દરકાર હોય, થોડુંક સમજ્યો હોય ને સંદેહ ઊઠે, તે જીવ વિશેષ સમજવા માટે પ્રશ્ન પૂછે છે. જેને સમજવાની બિલકુલ દરકાર ન હોય તેને પ્રશ્ન ઊઠે નહિ, અને જે જીવ બધું સમજી ગયો હોય તેને પણ પ્રશ્ન ઊઠે નહિ, પણ જે હજી સમજવાનો કામી છે તેવા જીવને સમજવા માટે જિજ્ઞાસાથી પ્રશ્ન ઊઠે છે, તેથી અહીં શિષ્યને ઉપરનો પ્રશ્ન ઊઠ્યો છે.

શ્રીગુરુ તેનું સમાધાન કરતાં કહે છે કે, સાંભળ ! હે શિષ્ય ! આગમમાં જ્યાં મતિ-શ્રુતજ્ઞાનને પરોક્ષ કહ્યાં છે ત્યાં તે ઉત્સર્ગનું કથન છે, એટલે હજી બીજું કાંઈક કહેવાનું તેમાં ગૂઢ રહી જાય છે. પર તરફના જ્ઞાનની અપેક્ષાએ આગમમાં મતિ-શ્રુતજ્ઞાનને પરોક્ષ કહ્યાં છે, પણ તે ઉત્સર્ગમાં બાધકરૂપ એવા અપવાદની અપેક્ષાએ તો મતિ-શ્રુતજ્ઞાન પ્રત્યક્ષ છે. ઉત્સર્ગ કથનને ધક્કો પહોંચાડે એવી એક વિવક્ષા બાકી રહી જાય છે તેનું નામ અપવાદ છે. ક્યો અપવાદ છે ? કે પોતાના આત્મા તરફ વળીને સ્વસંવેદનજ્ઞાનની અપેક્ષાએ મતિ-શ્રુતજ્ઞાન પ્રત્યક્ષ છે, એવો અપવાદ છે. તત્ત્વાર્થસૂત્રમાં મતિ-શ્રુતજ્ઞાનને પરોક્ષ કહ્યાં છે તે ઉત્સર્ગ કથન છે, ને અહીં તેમને પ્રત્યક્ષ કહ્યાં છે તે અપવાદ કથન છે.

જો તત્ત્વાર્થસૂત્રમાં ઉત્સર્ગકથન ન હોત તો ત્યાં મતિ-શ્રુતજ્ઞાનને પરોક્ષ કેમ કહ્યાં ? કેમકે સાંવ્યવહારિક પ્રત્યક્ષ તો છે ! જો શાસ્ત્રે સર્વથા પરોક્ષ જ કહ્યું હોત તો તર્કશાસ્ત્રમાં તેને સાંવ્યવહારિકપ્રત્યક્ષ કેમ કહ્યું ? માટે નક્કી થાય છે કે મતિ-શ્રુતજ્ઞાનને પરોક્ષ કહ્યાં છે તેમાં કાંઈક અપવાદ પણ છે. અપવાદ કથનથી જેમ પર તરફના મતિજ્ઞાનને પણ સાંવ્યવહારિક પ્રત્યક્ષ કહી દીધું છે, તેમ નિજ આત્મસ્વભાવની સન્મુખ થયેલું ભાવશ્રુતજ્ઞાન છે તે પણ સ્વસંવેદનમાં પ્રત્યક્ષ છે. જુઓ, આ સંતોની શૈલી ! તર્કનો આધાર આપીને શ્રુતજ્ઞાનને પણ અનુભવમાં પ્રત્યક્ષ સાબિત કર્યું.

અગિયાર અંગના જ્ઞાનને તો પરોક્ષ જ કહ્યું, પણ ચૈતન્ય સ્વભાવ તરફ વળેલા સમ્યગ્દૃષ્ટિ દેડકાના ભાવશ્રુતજ્ઞાનને પણ પ્રત્યક્ષ કહ્યું. અંતર્સ્વભાવમાં ભાવશ્રુતજ્ઞાનને વાળવું – તેનું નામ ધર્મ છે, પર તરફ ઉપયોગ જાય તેટલું તો પરોક્ષ છે, પણ અંતરમાં ચૈતન્યને પકડીને અનુભવ કરવાની શ્રુતજ્ઞાનની જે તાકાત છે તે અપેક્ષાએ ભાવશ્રુતજ્ઞાન પ્રત્યક્ષ છે. ધર્મી જીવને આવું જ્ઞાન હોય છે. કુદેવાદિને માને તેવી વાત તો ક્યાંય ગઈ, સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનું જ્ઞાન તે

પણ પરોક્ષજ્ઞાન છે, ને અંતરમાં ચિદાનંદ સ્વભાવની સન્મુખ થઈને તેનું વેદન કરે તે ભાવશ્રુતજ્ઞાન પ્રત્યક્ષ છે. સમ્યગ્દર્શન થતાં આવું પ્રત્યક્ષજ્ઞાન પ્રગટે છે. ભાષા બોલાય તે તો જડ છે. આત્મા કાંઈ બોલે નહીં. '**બોલે તે બીજો**' એટલે કે બોલનાર આત્મા નથી. પણ 'આત્મા' સિવાયનો બીજો એટલે કે 'જડ' છે. અહીં તો આત્મસ્વભાવ તરફ વળેલા ભાવશ્રુતજ્ઞાનને પ્રત્યક્ષ કહ્યું. જો મતિશ્રુતજ્ઞાન છે તે એકાંતે પરોક્ષ જ હોય ને સ્વસંવેદન અપેક્ષાએ પણ અંશે પ્રત્યક્ષ ન હોય, તો સુખ-દુઃખ વગેરેનું જે સ્વસંવેદન થાય છે તે પણ પરોક્ષ જ ઠરશે. પણ તે સ્વસંવેદન તો કાંઈ પરોક્ષ નથી, તે સંવેદન તો પ્રત્યક્ષ છે. હર્ષ-શોક, સુખ-દુઃખની જે લાગણી થાય છે તેનું સ્વસંવેદન જ્ઞાનમાં પ્રત્યક્ષ થાય છે. વીંછી કરડ્યો તે વખતે અંદર દુઃખની લાગણી થાય છે, તે દુઃખની લાગણીનું સંવેદન તો પોતાને પ્રત્યક્ષ છે, કોઈને પૂછવા જવું પડતું નથી. સુખ-દુઃખનું વેદન પ્રત્યક્ષ છે. વીંછીને કારણે દુઃખ નથી. પણ અંદર જે દુઃખનું વેદન થાય છે તે સંવેદન તો પ્રત્યક્ષ છે. આ સાધારણ સંવેદન અપેક્ષાએ પ્રત્યક્ષજ્ઞાનની વાત છે. અત્યારે સમ્યક્ કે મિથ્યાજ્ઞાનનો પ્રશ્ન નથી. પણ દૃષ્ટાંત આપીને અંતરના ભાવશ્રુતજ્ઞાનનું પ્રત્યક્ષપણું સાબિત કર્યું છે.

જુઓ, આ આત્માના શ્રુતજ્ઞાનઉપયોગનું સામર્થ્ય ! આવા સામર્થ્યને જાણે તો ઉપયોગમય આત્માની પ્રતીતિ થયા વિના રહે નહિ. એ રીતે જ્ઞાનસામર્થ્યની પ્રતીતિ કરતાં આત્મસ્વભાવ તરફ દૃષ્ટિ જાય તેનું નામ ધર્મ છે.

એ પ્રમાણે શ્રુતજ્ઞાનના સ્વભાવનું વર્ણન કર્યું.

હવે, અવધિજ્ઞાન ઉપયોગનું વર્ણન કરે છે :–

વળી, આ જ આત્મા અવધિજ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમથી મૂર્ત વસ્તુને એક અંશે પ્રત્યક્ષ જાણે છે, સવિકલ્પ જાણે છે – એટલે કે સ્વ-પરના વિશેષ ભેદ સહિત જાણે છે. કોઈ સમ્યગ્દૃષ્ટિ મરીને ઇન્દ્ર થાય ને ત્યાં અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકીને જુએ કે અહો ! તીર્થંકર ભગવાન ક્યાં બિરાજે છે ? મહાવિદેહમાં સીમંધર ભગવાન વગેરે તીર્થંકરો બિરાજે છે – એમ અવધિજ્ઞાનમાં ભગવાનને પ્રત્યક્ષ દેખે. ત્યાં પોતાના જ્ઞાનને તેમ જ ભગવાનને બન્નેને પ્રત્યક્ષ જાણ્યા છે.

જુઓ, મહાવિદેહમાં સીમંધરભગવાનની સભામાં કોઈ ભાવલિંગી સંત બિરાજતા હોય, ત્યાં તેમને અવધિજ્ઞાન ન હોય, ને ત્યાંથી સ્વર્ગમાં જાય ત્યાં અવધિજ્ઞાન થાય, તે અવધિજ્ઞાનમાં ભગવાનને પ્રત્યક્ષ જાણે કે અહો ! અમે આ ભગવાનની પાસે મુનિ હતા ! પણ અમારા પુરુષાર્થમાં અધૂરાશ રહી ગઈ તેથી આ સ્વર્ગનો અવતાર થયો. ત્યાં તેમને જે અવધિજ્ઞાન થયું છે તે અવધિજ્ઞાન પોતાના જ્ઞાનઉપયોગને તેમ જ પરને એકદેશ પ્રત્યક્ષ જાણે છે, એટલે અવધિજ્ઞાનમાં પણ સ્વ-પર પ્રકાશક સામર્થ્ય છે.

# અહો ! સ્વસન્મુખી ભાવશ્રુતજ્ઞાનના બળે ચિદાનંદ ભગવાનનું પ્રત્યક્ષ સ્વસંવેદન કરનારા સમ્યગ્દષ્ટિ સંતોના ચરણ કમળમાં ભક્તિપૂર્વક નમસ્કાર હો !!

કરોડો રૂપિયા ખર્ચે, મંદિરો બંધાવે કે જાવજીવ-આજીવન બ્રહ્મચર્ય પાળે પણ એ શુભરાગ છે. શુભરાગ છે તે કલેશ છે, દુઃખ છે, આડંબર છે. એવો આડંબર કરો તો કરો, પણ સર્વજ્ઞ વીતરાગદેવે જે આત્મા કહ્યો છે તેની પ્રાપ્તિ તો તેનાથી થશે નહીં. ધર્મના નામે એ શુભરાગનો રસ છે પણ એ રાગના રસ વડે વીતરાગ સ્વરૂપની પ્રાપ્તિ થતી નથી.

(પરમાગમસાર–૭૩)

## પ્રસાદ નં. – ૨૭૧

### વી. નિ સં. ૨૪૭૮, શ્રાવણ સુદ ૫, વર્ષ ૨જું. પુસ્તક દસમું, સોનગઢ, તા. ૨૭-૭-૫૨, રવિવાર. શ્રી દ્રવ્યસંગ્રહ ગાથા–૫ (શ્રાવણ સુદ ૧, મંગળવાર, ૨૨-૭-૫૨ બપોર)

જીવ ઉપયોગમય છે, તે વાત ચાલે છે. આત્મા ગુણી છે ને તેના ઉપયોગના બાર પ્રકાર છે તે આત્માથી જુદા નથી માટે કોઈ પર નિમિત્તથી જ્ઞાન થતું નથી. જ્ઞાન આત્મા સાથે અભેદ છે.

અવધિજ્ઞાન ગૃહસ્થદશામાં ચોથા ગુણસ્થાને પણ હોય છે. ચારે ગતિમાં સંજ્ઞી પંચેન્દ્રિય સમ્યગ્દૃષ્ટિને સુઅવધિજ્ઞાન થાય છે. મનઃપર્યયજ્ઞાન ભાવલિંગી મુનિદશામાં જ થાય છે. તે ઉપયોગ આત્મા સાથે અભેદ છે.

મનઃપર્યય જ્ઞાનાવરણના ક્ષયોપશમથી વીર્યાંતરાયના ક્ષયોપશમથી અને પોતાના મનના અવલંબન દ્વારા મનઃપર્યયજ્ઞાન અંદર એકાગ્રતાથી થાય છે. તે ઈહાપૂર્વક થાય છે, તેથી મનનું નિમિત્ત લીધું છે. કર્મનો ક્ષયોપશમ તો નિમિત્તમાત્ર છે. પોતાના કારણે મનઃપર્યય જ્ઞાનનો વિકાસ થાય છે તો જ્ઞાન પરના મનમાં પ્રાપ્ત મૂર્ત પદાર્થને એકદેશ પ્રત્યક્ષથી સવિકલ્પ જાણે છે.

નિત્ય આત્મદ્રવ્ય, તેના અનંતગુણો નિત્ય, તેમાં એક જ્ઞાનગુણ, તેની પાંચ અવસ્થા છે. તેમાં મતિ-શ્રુત, અવધિ, મનઃપર્યય જ્ઞાન સાધકદશામાં અલ્પજ્ઞને હોય છે ને કેવળજ્ઞાન સર્વજ્ઞ વીતરાગ અર્હંત ભગવાનને હોય છે. અલ્પજ્ઞ અવસ્થામાં સર્વજ્ઞતાની પ્રતીતિ હોય છે.

કેવળજ્ઞાન કેવી રીતે થાય છે તે પહેલાં સમજાવે છે.

સત્ ચિદાનંદમય આત્મા ત્રિકાળ શક્તિરૂપે છે. તેની સમ્યક્પ્રકારે શ્રદ્ધા કરવી, સ્વાશ્રય નિશ્ચયથી પોતે જ્ઞાયક ચૈતન્ય અનંતગુણનો પિંડ છે, જ્ઞાનાદિરૂપે ક્ષણે ક્ષણે પલટનારો નિર્મળ સ્વભાવી છે તેનું સારી રીતે સ્વસંવેદન જ્ઞાન કરવું ને એકલા જ્ઞાનમાત્રપણે આચરણ કરવું – એ રૂપ જે સ્વસન્મુખ એકાગ્ર ધ્યાન તે વડે કેવળ જ્ઞાનાવરણીયાદિ ચાર ઘાતિયાં કર્મોનો નાશ થઈ, જે પોતાથી જ ઉત્પન્ન થાય છે, જે એક સમયમાં સમસ્ત દ્રવ્ય-ક્ષેત્ર-કાળ તથા ભાવને

જાણવાવાળું છે અને સર્વ પ્રકારે ઉપાદેય-ગ્રહણ કરવા યોગ્ય છે તે કેવળજ્ઞાન છે. તે આત્માથી અભેદ એકરૂપ શક્તિમાંથી ઉત્પન્ન થાય છે, બહારથી ઉત્પન્ન થતું નથી.

જેમ દીવાસળીમાં અગ્નિ શક્તિરૂપે ભરી છે તેને તેના યોગ્ય સ્થાનમાં ઘસે તો અગ્નિ પ્રગટ થાય તેમ આત્મામાં શક્તિરૂપે કેવળજ્ઞાન-આનંદ વગેરે અનંત ગુણો છે તેને સારી રીતે ઓળખીને ત્યાં જ એકાગ્ર થાય તો પ્રાપ્તની પ્રગટ પ્રાપ્તિ થાય. જેટલા અર્હંત ભગવાન થયા તે આવા એકાગ્ર ધ્યાન દ્વારા પ્રગટ શુદ્ધતાને પામ્યા, અનંત દર્શન-જ્ઞાન-સુખ-વીર્ય એ અનંત ચતુષ્ટય ૧૩ મે ગુણસ્થાને એક સાથે પ્રગટ થાય છે અને નિમિત્તમાં ચાર ઘાતિકર્મનો અભાવ થાય છે. શક્તિ પૂર્ણ હતી તે અંદર અભેદ હતી તે પ્રગટ થઈ, તે શ્રદ્ધા-જ્ઞાન-આચરણરૂપ એકાગ્રતાથી જ પ્રગટ થાય છે એમ પુરુષાર્થ પણ બતાવ્યો છે ને પ્રગટ થયેલી પૂર્ણ દશા અંદરથી નવી નવી ઉત્પન્ન થઈ સદા આત્મા સાથે રહે છે. દરેક આત્મા આવો પરિપૂર્ણ સ્વભાવી છે.

આ રીતે આવા આત્માને પૂર્ણ જ્ઞાન સ્વભાવી ઓળખીને તેમાં એકાગ્ર થઈ જે કેવળજ્ઞાન પ્રગટે છે તે એક સમયમાં સર્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને ઇચ્છા વિના જાણ્યા કરે છે અને સર્વ પ્રકારે ઉપાદેયરૂપ (ગ્રહણ કરવા યોગ્ય) છે.

અહીં રાગ દશામાં ખંડ ખંડ થતું જ્ઞાન પણ અનેક તિથિ, વાર અને ઘણાં વર્ષનાં સૂર્ય-ચંદ્ર ગ્રહણની વાતો જાણે છે. તો ઇચ્છા અને અજ્ઞાન સર્વથા ટાળી અંદર એકલા સ્વદ્રવ્યસ્વભાવથી જે કેવળજ્ઞાન પ્રગટ થાય તે એક સમયમાં સર્વ પ્રકારે, ત્રિકાળવર્તી સર્વને જાણે છે, જ્ઞાનગુણની પૂર્ણ પર્યાયનું એવું સામર્થ્ય છે. તેથી તે કેવળજ્ઞાન સર્વ પ્રકારે ઉપાદેય છે. અહીં ઉપયોગનો અધિકાર છે તેથી કેવળજ્ઞાન ઉપાદેય છે એમ કહ્યું છે. પણ જ્યાં શુદ્ધ દ્રવ્યદૃષ્ટિની વાત હોય ત્યાં ત્રિકાળી ધ્રુવ પરમ પારિણામિક શુદ્ધ દ્રવ્યસ્વભાવ જ આદરણીય છે એમ કહેવામાં આવે છે, ત્યાં પર્યાય ગૌણ છે. અહીં ઉપયોગમાં કેવળજ્ઞાનરૂપ પૂર્ણ પર્યાય જે પ્રગટી તે આત્મા સાથે નિત્ય રહેવાની છે તેથી તે આદરણીય છે, અધૂરી દશા આદરણીય નથી – એમ સમજવું।।૫।।

હવે જ્ઞાન તથા દર્શન બન્ને ગુણોના ઉપયોગને નય વિભાગથી કહે છે.

આગળ બીજી ગાથામાં કેવળજ્ઞાન-દર્શનને દ્રવ્યથી અભેદ ગણીને દ્રવ્યાર્થિકનયનો વિષય કહ્યો હતો. અહીં તે જ કેવળજ્ઞાન-દર્શનને ભેદ અપેક્ષાએ વ્યવહારનયનો વિષય કહે છે.

**ગાથા-૬**

**अट्ठ चदु णाणदंसण सामण्णं जीवलक्खणं भणियं।**
**ववहारा सुद्धणया सुद्धं पुण दंसणं णाणं।।६।।**

આત્મા વસ્તુ, જ્ઞાન-દર્શન તેના ત્રિકાળ ગુણ છે, તેની આઠ અને ચાર પ્રકારની અવસ્થાઓ છે.

ગાથા-ભાવાર્થ :– આઠ પ્રકારના જ્ઞાન તથા ચાર પ્રકારના દર્શનનો ધારક છે તે જીવ છે. આ વ્યવહારનયથી સામાન્ય (ભેદ પાડ્યા વિના) જીવનું લક્ષણ છે. અહીં ત્રણ કુજ્ઞાનને પણ જીવનું લક્ષણ કહ્યું છે, કારણ કે તે જીવની અવસ્થા છે અને શુદ્ધનયથી શુદ્ધજ્ઞાન-દર્શનને જીવનું લક્ષણ સર્વજ્ઞ ભગવાને કહ્યું છે. જેમ તંબુ આખો ઊભો છે, તેની એક ખીલી ઢીલી થાય તો આખો તંબુ સરખો ન રહે. તેમ અનંતગુણનો પિંડ અખંડ આત્મા છે, તેના ગુણ-પર્યાયોનું સ્વરૂપ જે રીતે પૂરેપૂરું છે તે રીતે ન સ્વીકારે - ન જાણે તો તેમાં વિરોધ રહેશે, શ્રદ્ધા સરખી નહિ થાય.

વ્યાખ્યાર્થ :– આઠ પ્રકારનાં જ્ઞાન, ચાર પ્રકારનાં દર્શન છે તેને સામાન્યરૂપથી જીવનું લક્ષણ કહ્યું છે. આ લક્ષણમાં સંસારી તથા મુક્ત જીવના ભેદની અપેક્ષા કહેવા ધારી નથી અથવા શુદ્ધ-અશુદ્ધ ઉપયોગની વ્યાખ્યા કરી નથી. તો કેમ છે ? એમ પૂછો તો તેનો ઉત્તર છે કે તે વ્યવહારથી છે. એકાંત ભેદ અથવા અભેદ નથી પણ ત્રિકાળ ગુણથી અભેદ અને વર્તમાન પર્યાયથી ભેદપણું છે.

**શ્રાવણ સુદ ૨, બુધવાર, ૨૩-૭-૫૨**

જીવ દ્રવ્યના ઉપયોગમયપણાનો અધિકાર ચાલે છે. જ્ઞાનગુણની સમ્યગ્જ્ઞાનરૂપ મતિ-શ્રુત-અવધિ-મનઃપર્યય-કેવળ એ પાંચ અવસ્થા છે. કુમતિ, કુશ્રુત, અવધિ – એ મિથ્યાજ્ઞાન છે - એમ ત્રિકાળ જ્ઞાનગુણની આઠ અવસ્થા છે ને દર્શનગુણની ચક્ષુ, અચક્ષુ, અવધિ ને કેવળદર્શન એ ચાર – એમ બાર પ્રકારની પર્યાયો છે. તે આત્માના જ્ઞાનદર્શનગુણની સ્વતંત્રદશા છે. તે ભેદને વ્યવહાર જાણો ને અંશી-અભેદને નિશ્ચય જાણો.

સમ્યક્શ્રુતજ્ઞાન પ્રમાણ છે, તેનાં નિશ્ચય અને વ્યવહાર બે પડખાં છે, ત્રિકાળને વિષય કરે તે નિશ્ચય અને પર્યાયને – અંશને-ભેદને વિષય કરે તે વ્યવહાર છે.

ચૈતન્યનો ઉપયોગ બાર પ્રકારનો છે, તેમાં જ્ઞાનીને સાધકદશામાં મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યયજ્ઞાન તથા ચક્ષુ, અચક્ષુ, અવધિદર્શન એ સાત ઉપયોગ હોય છે. મિથ્યાદૃષ્ટિને કુમતિ, કુશ્રુત, કુઅવધિજ્ઞાન તથા ચક્ષુ-અચક્ષુદર્શન હોય છે.

બાર પ્રકારના ઉપયોગ તે ભેદ છે માટે વ્યવહારનયનો વિષય છે. કેવળજ્ઞાન-દર્શન પર્યાય નવી પ્રગટ થાય છે માટે તે પણ વ્યવહારનયનો વિષય છે.

(૧) કેવળજ્ઞાન-કેવળદર્શન શુદ્ધ સદ્‌ભૂત શબ્દથી વાચ્ય (કહેવા યોગ્ય) અનુપચરિત સદ્‌ભૂત વ્યવહારનયનો વિષય છે. માટે તે નિશ્ચયથી આદરણીય નથી, આદરવા યોગ્ય તો ત્રિકાળ સ્વભાવ છે. આત્મસ્વભાવથી પૂર્ણ શુદ્ધ પર્યાય પ્રગટી તેને અનુપચરિત કહી કેમકે તેનો સંબંધ પ્રગટ થયા પછી કદી છૂટતો નથી. તે આરોપિત નથી પણ પ્રગટયા પછી નિત્ય સંબંધ રાખે છે માટે અનુપચરિત છે. સ્વભાવથી પ્રગટે છે ને શુદ્ધરૂપ પોતાનો અંશ છે માટે સદ્‌ભૂત છે ને ભેદ છે માટે વ્યવહાર છે.

(૨) છદ્મસ્થને (અલ્પજ્ઞ સાધકજીવને) અધૂરાં જ્ઞાન-દર્શન અપેક્ષાથી ચાર જ્ઞાનની અને ત્રણ દર્શનની એમ સાત પર્યાય તે અશુદ્ધ સદ્‌ભૂત શબ્દથી વાચ્ય ઉપચરિત સદ્‌ભૂત વ્યવહારનયનો વિષય છે. અપૂર્ણ છે માટે અશુદ્ધ છે અને ટળી જાય છે તેથી ઉપચરિત છે, ખરેખર પોતાનો અંશ છે માટે સદ્‌ભૂત છે, અને વર્તમાન ભેદ છે માટે વ્યવહાર છે.

(૩) અજ્ઞાનીને કુમતિ, કુશ્રુત, કુઅવધિ જ્ઞાન તથા ચક્ષુ-અચક્ષુદર્શન એ પાંચ ઉપયોગ છે. અજ્ઞાનીને નયજ્ઞાનનો વ્યાપાર નથી પણ જ્ઞાની તેને જાણે છે. તેના પાંચ ભેદ ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહારનયનો વિષય છે. અશુદ્ધ છે અને ટળી જાય છે માટે ઉપચરિત, સ્વભાવરૂપ નથી માટે અસદ્‌ભૂત અને ભેદ છે માટે વ્યવહાર છે.

મૂળ સૂત્રમાં એક વ્યવહાર શબ્દ પડ્યો છે તેના સદ્‌ભૂત અનુપચાર, સદ્‌ભૂત ઉપચાર, અસદ્‌ભૂત ઉપચાર - એમ ટીકાકારે ત્રણ પ્રકાર લીધા.

આચાર્યે સૂત્રમાં એક શબ્દ લખ્યો હોય પણ ભાવમાં ઘણા ગૂઢ મહાન અર્થનો વિસ્તાર હોય છે. જેમ કોઈ મોટા વેપારીએ ખૂલ્લા કાગળમાં આડતિયા ઉપર દોઢ લીટીમાં લખ્યું હોય કે 'ચૈત્ર સુદ ૫ ના વાયદાનું રૂા. ૫૩૦, ના ભાવે લાખ ગાંસડી રૂ લેજો.' તો તેટલા ઉપરથી બન્ને વેપારીની મૂડી, વિશ્વાસ, સાહસિકતા, હિંમત વગેરેનો ખ્યાલ આવી શકે છે. તેમ સર્વજ્ઞકથિત આગમને જાણનાર આચાર્યભગવાન થોડું લખે તેમાંથી ટીકાકાર ઘણા ભાવ કાઢે છે.

ઉપરના બારે પ્રકારો ભેદ હોવાથી વ્યવહારનયનો વિષય છે.

હવે, શુદ્ધ નિશ્ચયનયથી દેખો તો સામાન્ય ધ્રુવ શુદ્ધ અખંડ કેવળ (માત્ર) જ્ઞાન તથા દર્શન એ બન્ને જીવનાં લક્ષણ છે.

કોઈ પૂછે કે આમાં ધર્મ શું આવ્યો ? તો કહે છે કે બારે પ્રકારની આ રીતે સ્વતંત્રતા સમજે, તે ભેદ છે માટે વ્યવહાર છે તેથી હેય છે એમ સમજે ને ત્રિકાળ પરિપૂર્ણ જ્ઞાનદર્શન સ્વભાવ છે તે જ ઉપાદેય છે એમ સમજે તો ધર્મ થાય.

કેરી છે, તેનો રંગગુણ કાયમ રહે છે, તેની લીલીમાંથી પીળી અવસ્થા થાય છે. તે અનિત્ય પર્યાય છે, ઉત્પાદ-વ્યયરૂપ છે, તેમ આત્મા તે અનંતગુણનો પિંડ છે, તેમાં ત્રિકાળ એકરૂપ

રહેનાર જ્ઞાન-દર્શન વગેરે ગુણ છે, તેની બાર પ્રકારની પર્યાયો થાય છે. તે બાર પ્રકાર ભેદ છે તેથી તે વ્યવહાર છે. નિશ્ચયથી તો ત્રિકાળ એકરૂપ જ્ઞાન-દર્શન સ્વભાવ તે જીવનું લક્ષણ છે – એવો સ્વભાવ અત્યારે પણ ઉપાદેય માની, તેમાં એકાગ્રતા કરે તો ધર્મ થાય છે.

અહીં આત્માના જ્ઞાન-દર્શનના ૧૨ પ્રકારના ઉપયોગના વર્ણનમાં ઉપયોગ શબ્દથી કહેવા ધારેલ વાત શું છે ? કે તે વડે સ્વ-પર પદાર્થના જ્ઞાનરૂપ વસ્તુને જાણવા-દેખવારૂપ વ્યાપારનું ગ્રહણ કરેલ છે, તેમાં આચરણ-અનુષ્ઠાન-ચારિત્રગુણની વાત નથી. અહીં સ્વ-પરને જાણવું-દેખવું તે ઉપયોગ શબ્દનો વાચ્ય ભાવ છે.

અને દયાદિરૂપ શુભ, હિંસાદિરૂપ અશુભ તથા શુભાશુભ રહિત શુદ્ધ એ ત્રણે ઉપયોગની વિવક્ષામાં તો ઉપયોગ શબ્દથી શુભ, અશુભ તથા શુદ્ધ ભાવોનું અનુષ્ઠાન જાણવું.

શુભ-અશુભ રાગમાં વર્તવું તે અશુદ્ધ આચરણ છે, સામો જીવ જીવે કે મરે તે ઉપર શુભ-અશુભ નથી પણ જીવાડવા-મારવા આદિનો જેવો ભાવ તે અનુસાર પુણ્ય-પાપમય અશુદ્ધ ઉપયોગ છે ને તે ચારિત્રગુણની વિકારી અવસ્થા છે. તે સ્વતંત્રપણે જીવ કરે તો થાય છે, કોઈ કરાવતું નથી.

શુભાશુભ આચરણરૂપ અશુદ્ધ ઉપયોગ રહિત ત્રિકાળી શુદ્ધ જ્ઞાન-દર્શનસ્વભાવની શુદ્ધ શ્રદ્ધા પૂર્વક જેટલા અંશે વીતરાગ દશા થઈ તે શુદ્ધોપયોગ છે. આ ત્રણે ઉપયોગ આચરણરૂપ છે.

જેમ ચણામાં સ્વાદ ભર્યો છે તેને શેકે તો અંદરમાં સ્વાદ શક્તિરૂપે હતો તે પ્રગટ થાય છે. તેમ આત્મામાં પૂર્ણ જ્ઞાન આનંદ શક્તિ ત્રિકાળ છે. તેને ઓળખી ઉપાદેયપણે અંગીકાર કરી તેમાં એકાગ્ર થાય તો પૂર્ણ સહજાનંદદશા પ્રગટ થાય છે. જેને આનંદ જોઈતો હોય તેણે અંદર પોતાનો ત્રિકાળ પૂર્ણ જ્ઞાનદર્શન સ્વભાવ છે તેને જ ઉપાદેય માનવો જોઈએ, તે જ સાચા સુખનું કારણ છે.

## પ્રસાદ નં. – ૨૭૩

**વી. નિ સં. ૨૪૭૮, શ્રાવણ સુદ ૭, વર્ષ ૨જું. પુસ્તક દસમું,**
**સોનગઢ, તા. ૨૯-૭-૫૨, મંગળવાર.**
**શ્રી દ્રવ્યસંગ્રહ ગાથા–૬**
**(શ્રાવણ સુદ ૩, ગુરુવાર, ૨૪-૭-૫૨ બપોર)**

દરેક પદાર્થ નિત્ય પોતાપણે ટકીને અવસ્થારૂપે બદલવાના સ્વભાવવાળા છે. આત્મા પણ નિત્ય હોવાથી તેની જ્ઞાનાદિ અનંત ગુણરૂપ શક્તિ નિત્ય છે, તેનાં શ્રદ્ધા-જ્ઞાન કરી, તેમાં એકાગ્ર થાય તો અલ્પજ્ઞાન અને રાગાદિ અશુદ્ધતા મટીને પૂર્ણ સ્વભાવદશા પ્રગટ થાય છે. કોઈ નિમિત્તથી થાય એમ માને તો કોઈ વસ્તુ સ્વતંત્ર રહેતી નથી.

આત્મા પોતે પોતાનું શુદ્ધ ઉપાદાનકારણ હોવાથી કેવળજ્ઞાન-દર્શનરૂપ પોતે થાય છે. તે અખંડ ઉપયોગને ઉપાદેય કહેલ છે. નિશ્ચયથી ત્રિકાળ અનંતગુણના પિંડરૂપ શુદ્ધ આત્મદ્રવ્ય છે તે જ ઉપાદેય છે. આમ નિયમ હોવાથી નૈયાયિકમતી કે જે ગુણ-ગુણી, જ્ઞાન અને આત્મા બન્નેને એકાંતથી ભેદ કહે છે તેનું નિરાકરણ થાય છે.

આવો નિત્ય સ્વતંત્ર સ્વભાવ યથાર્થપણે માન્યા વિના સાચા ધર્મનો ખ્યાલ પણ આવે નહિ. ॥૬॥

હવે, આત્મા અમૂર્ત છે તેનું વર્ણન કરે છે. આત્મા 'અમૂર્ત' એટલે સ્પર્શ, રસ, ગંધ, વર્ણ રહિત છે તથા અતીન્દ્રિય એટલે ઇન્દ્રિયોથી જણાય નહિ એવો છે. તેનું સાચું જ્ઞાન તે મોક્ષનું કારણ છે. મૂર્ત જે પાંચ ઇન્દ્રિયો તથા તેના શબ્દાદિ વિષયો છે તેનાથી રહિત આત્મા છે. નિંદા-પ્રશંસાના શબ્દો પણ જડ છે, વર્ણ, ગંધ, રસ, સ્પર્શને ભલાભૂંડા માની અજ્ઞાની તેનાથી રાગી-દ્વેષી થાય છે. વળી, તે બાહ્યવિષયોમાં સુખ માને છે.

જ્ઞાની સમકિતી છ ખંડનો સ્વામી હોય, અનેક પ્રકારે પુણ્યનો ઠાઠ હોય, છતાં તેને અલ્પ આસક્તિ છે. તે પર સંયોગોથી રાગ-દ્વેષ કે સુખ-દુઃખ માનતો નથી. મારી શાંતિ અને સુખ

મારા અતીન્દ્રિય જ્ઞાનાનંદ સ્વભાવમાં છે એમ માનતો હોવાથી તેને વિષયોમાં જરાય રુચિ નથી. જ્ઞાનીની દૃષ્ટિ મન-ઇન્દ્રિયોથી પાર પૂર્ણાનંદ ચૈતન્ય ઉપર છે, તે સ્વભાવને કદી ચૂકતો નથી ને સંયોગના કારણે આસક્તિ માનતો નથી. અજ્ઞાની વર્તમાન સંયોગ-વિકારમાં રુચિવાન છે તેને શબ્દાદિ વિષયોમાં મનોજ્ઞતા ભાસે છે, તેમાં તે અર્પાઈ જાય છે અને પરથી રાગ-દ્વેષ, લાભ-નુકસાન માને છે.

કર્મ જડ છે, તેનો ઉદય થવાથી તેનું નિમિત્તપણું અજ્ઞાનીની દૃષ્ટિમાં હોવાથી મૂર્તપણાની પ્રીતિ હોવાથી અજ્ઞાનીને વ્યવહારનયથી મૂર્તિક કહ્યો છે. નિશ્ચયથી તો આત્મા સદાય અમૂર્તિક જ છે, પણ ઉપચારથી મૂર્તિકના સંબંધથી વ્યવહારે મૂર્તિક છે એમ કથન કરવામાં આવે છે. એ વાત ૭ મી ગાથામાં કહે છે :–

**ગાથા-૭**

## वण्ण रस पंच गंधा दो फासा अट्ठ णिच्छया जीवे।
## णो संति अमुत्ति तदो ववहारा मुत्ति बंधादो।।७।।

**અર્થ :–** નિશ્ચયથી - ખરેખર વસ્તુસ્થિતિથી દેખો તો જીવમાં વર્ણાદિ નથી એટલે પાંચ પ્રકારની વર્ણગુણની પર્યાય નથી, રસગુણ પુદ્ગલમાં છે. તેની પાંચ પર્યાય છે તે જીવમાં નથી. ગંધગુણ ને તેની બે પર્યાયો – સ્પર્શગુણ ને તેની આઠ પ્રકારની પર્યાયો તે જીવમાં નથી. માટે જીવ અમૂર્ત છે અને બંધન, સંયોગના ઉપચાર અપેક્ષાએ વ્યહારથી જીવ મૂર્ત કહેવાય છે.

**વ્યાખ્યાર્થ :–** વર્ણ, રસ, ગંધ, સ્પર્શ શુદ્ધ નિશ્ચયનયથી શુદ્ધબુદ્ધ એક સ્વભાવધારી જે શુદ્ધ જીવ છે તેના નથી. વ્યવહારથી પણ જીવ મૂર્ત થયો નથી, મૂર્ત છે એમ માત્ર બોલાય છે. આ હેતુથી આ જીવ સદાય અમૂર્તિક છે. ખાટું તો લીંબુ છે, હું ખાટો થઈ ગયો એમ બનતું નથી. ખાટી ચીજ જ્ઞાનમાં પ્રવેશ થયા વિના જ્ઞાન જ્ઞાનપણે રહીને જાણે એવો તેનો સ્વભાવ છે. આત્મા સદાય અમૂર્ત, અતીન્દ્રિય જ્ઞાતામાત્ર સ્વભાવી છે પણ સ્વભાવને ચૂકીને અજ્ઞાની માને છે કે મને સુંવાળો સ્પર્શ થયો એ મને ઠીક પડે છે. વગેરે પ્રકારે તે ઊંધી માન્યતા કરે છે.

શંકા :– જો જીવ અમૂર્તિક છે તો મૂર્તિકપણા રહિત જીવને મૂર્તિક કર્મનો બંધ કેમ થાય છે ?

ઉત્તર :– 'ववहारा मुत्ति' જો કે જીવ અમૂર્તિક જ છે પણ અનુપચરિત અસદ્ભૂત વ્યવહારથી

મૂર્ત છે, ને તેથી બંધ થાય છે.

કર્મ-નોકર્મનો નિકટ સંબંધ છે માટે અનુપચરિત,

તે પોતાનું સ્વરૂપ નથી અને ટળી જાય છે માટે અસદ્ભૂત,

નિમિત્ત છે અને ભેદ પડે છે માટે વ્યવહાર –

– એ નયની અપેક્ષાએ આત્મા મૂર્ત છે ને તેથી કર્મબંધ થાય છે.

શંકા :– એ મૂર્ત પણ ક્યા કારણથી છે ?

ઉત્તર :– અનંત જ્ઞાનાદિ શક્તિની પૂર્ણ શુદ્ધતારૂપે પ્રગટ દશાની પ્રાપ્તિ તે મોક્ષ છે. તેથાની વિપરીત અનાદિ કર્મબંધથી મૂર્ત કહેવામાં આવે છે. જેમ કોઈ છોકરાને કહે કે તું તો સારો હતો પણ વાઘરીના સંગથી તું ચોર થયો. દોષ તો તેનો જ હતો પણ સુધારવા માટે પ્રથમ ખાનદાનીનું ભાન કરાવે છે. તેમ તું સિદ્ધ પરમાત્મા જેવો છે, પણ કર્મબંધથી તું બંધાયો તેથી મૂર્ત છો, એમ કહ્યું છે.

બંધનના લક્ષણની અપેક્ષાએ બંધન પ્રતિ જીવની એકતા છે, નિશ્ચયથી સ્વલક્ષણથી દેખો તો અમૂર્તપણું જીવને કાયમ છે. અહીં તાત્પર્ય એમ છે કે અમૂર્ત શુદ્ધાત્માના ભાન વિના જ જીવે અનાદિથી ભ્રમણ કર્યું છે.

હવે, આ અમૂર્ત શુદ્ધ જ્ઞાનાનંદ સ્વભાવમાં એકાગ્ર દૃષ્ટિ કરી સ્વસન્મુખતામાં જાગ્રત થવું કે જેથી પાંચ ઇન્દ્રિયોના વિષયો પ્રત્યેના રાગનો ત્યાગ થઈ જાય. પ્રતિમાનાં દર્શન કરવા તથા ભગવાનની વાણી સાંભળવી તે પણ શુભરાગનો વિષય છે. સ્વ સિવાય બધું પર છે. તેથી ત્રિલોકનાથ તીર્થંકરદેવ સાક્ષાત્ જોવા મળે તો તે પણ પર વિષય છે ને તેમના તરફના વલણમાં રાગ થાય છે. અંતર સ્વભાવ અવલંબનમાં કોઈ પર વિષય સહાયકારી નથી. અહીં ઇન્દ્રિયોના મૂર્ત વિષયો છોડવાનું કહ્યું છે તે તો નિમિત્તથી કથન કર્યું છે.

અહો ! અતીન્દ્રિય જ્ઞાતાસ્વભાવ છે તેને ચૂકીને શબ્દાદિમાં રોકાવું તે બધોય રાગનો વિષય છે. દ્રવ્ય-ગુણ-પર્યાયની સ્વતંત્રતા જાણ્યા વિના જ્ઞાનમાં યથાર્થતા આવે નહિ. પ્રથમ દૃષ્ટિમાં સ્વતંત્ર સ્વભાવના વલણ દ્વારા પરાશ્રયની દૃષ્ટિ છૂટી જાય ને પછી અંદર જ્ઞાતાપણે એકાગ્ર થાય તે ધ્યાન છે. આવા જ્ઞાનમાં વર્તમાન અપૂર્વ શાંતિનો સાક્ષાત્કાર થાય છે.

આ રીતે આ ગાથા વડે જીવને અસલી સ્વરૂપથી સદા અમૂર્ત કહી ભટ્ટ અને ચાર્વાકમતવાળા જીવો કે જે જીવને મૂર્ત માને છે તેનો નિષેધ કર્યો.

ઘીનો ઘડો ઘીના સંયોગથી વ્યવહારે બોલાય છે પણ તેથી ઘડો ઘીનો થઈ જતો નથી તેમ ભગવાન આત્મા સદાય અમૂર્તિક જ છે, મૂર્ત કર્મના સંબંધે મૂર્ત છે એમ ઉપચારથી કહેવાય છે પણ તેથી કાંઈ મૂર્તિક થઈ જતો નથી.

**શ્રાવણ સુદ ૩, શુક્રવાર, ૨૫-૭-૫૨**

જીવના નવ અધિકાર છે તેમાં ચોથો અધિકાર ‘કર્તા’નો છે.

આત્મા અક્રિય (ક્રિયારહિત) છે. દેહાદિ પરની કોઈ ક્રિયા કરી શકતો નથી. ત્રિકાળ નિર્વિકાર સ્વભાવદૃષ્ટિથી ક્ષણિક વિકારનો પણ અકર્તા છે. પણ સ્વાશ્રયી નિર્વિકાર સ્વભાવદશા પોતે ઉત્પન્ન કરે છે એ અપેક્ષાએ આત્મા સક્રિય પણ છે.

વળી, આત્મા કેવો છે ? નિત્ય અમૂર્ત સ્વભાવવાળો છે, ટંકોત્કીર્ણ છે. સંસાર એક સમયનો જ છે. તે અનિત્ય વર્તમાન અંશ લક્ષમાં ન લ્યો ને ત્રિકાળી નિરપેક્ષ ધ્રુવ સ્વભાવ જે જ્ઞાનમાત્ર છે તે દૃષ્ટિથી દેખો તો આ આત્મા સદાય એકરૂપ ચિદાનંદ ટંકોત્કીર્ણ છે. વસ્તુસ્વભાવ ત્રિકાળ જ્ઞાયક છે તે કર્મ અને રાગને નિમિત્તરૂપે થનાર નથી નિર્મળ અસંયોગી અમૂર્તિક અકર્તા છે પણ વ્યવહાર આદિ અશુદ્ધનય અપેક્ષાએ કર્તા થાય છે – એમ કહે છે.

**ગાથા-૮**

**पुग्गलकम्मादीणं कत्ता ववहारदो दु णिच्छयदो।**
**चेदणकम्माणादा सुद्धणया सुद्धभावाणं।।८।।**

**અર્થ :–** આત્મા વ્યવહારથી પુદ્‌ગલકર્મ આદિનો કર્તા છે, નિશ્ચયથી ચેતનકર્મનો કર્તા છે અને શુદ્ધનયથી શુદ્ધભાવોનો કર્તા છે.

આત્મા વ્યવહારથી પુદ્‌ગલકર્મઆદિનો કર્તા છે. કર્મ બંધાવામાં જીવના વિકારનું નિમિત્તપણું છે તેથી ઉપચારે કર્મનો કર્તા કહ્યો છે. વિકારી પર્યાયરૂપે જીવ પરિણમે છે માટે અશુદ્ધ નિશ્ચયદૃષ્ટિથી વિકારનો કર્તા છે અને શુદ્ધનયથી તો જીવ વીતરાગી શુદ્ધભાવોનો કર્તા છે. નિશ્ચયથી પુદ્‌ગલકર્મની દશાનો કર્તા તો તેના પરમાણુ દ્રવ્ય છે ત્યાં વ્યવહારથી જીવનો તે કાળે રાગભાવ નિમિત્ત છે તેથી તેનો કર્તા જીવ છે એમ ઉપચારથી કહેવાય છે.

વિકારનું ઉપસ્થિતપણું છે તે નવાં કર્મમાં નિમિત્ત છે. વ્યવહારથી કર્તા કહ્યો એટલે નિશ્ચયથી તેનો કર્તા નથી પણ પોતાના ભાવનો કર્તા છે.

મન, વચન, કાયની ક્રિયા-ચાલવું, બોલવું, લેવું, મૂકવું તે જડની સ્વતંત્ર ક્રિયા છે. વિકારથી

પણ રહિત ત્રિકાળ નિર્મળ જ્ઞાયક સ્વભાવી છું તેની ભાવના સમ્યગ્દ્રષ્ટિને છે તેથી તે જડકર્મ બંધાય તેમાં અને પુણ્યપાપના વિકાર થાય તેમાં નિમિત્ત પણ નથી. પુણ્ય-પાપ તત્ત્વ તે શુદ્ધ આત્મતત્ત્વ નથી. શુદ્ધ આત્મતત્ત્વની ભાવનામાં શુદ્ધ શ્રદ્ધા-જ્ઞાન-લીનતારૂપ વીતરાગી પરિણામ લેવા. અજ્ઞાની આવી સ્વભાવભાવનાથી રહિત છે તે કર્મ અને વિકારને નિમિત્ત થાય છે. હું નિમિત્તકર્તા તો છું એમ તે માને છે. ચૈતન્ય સ્વભાવને ચૂકેલો અને વિકાર કર્મની ભાવનાવાળો કર્તાપણાની ભાવના કરે છે. જ્ઞાનીને એવી ભાવના હોતી નથી. હું તો ત્રિકાળ જ્ઞાયક છું, ક્ષણિક વિકારરૂપે થનારો હું નથી એમ જ્ઞાની એકલા જ્ઞાનાનંદની રુચિવાળો છે. અજ્ઞાની પર્યાયની રુચિવાળો છે એટલે ત્રિકાળી શુદ્ધ જ્ઞાયકની અરુચિવાળો છે. તેને વિકારની મુખ્યતા ને ભાવના વર્તે છે. તેથી અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહારનયથી જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મોનો કર્તા છે.

કર્માદિ નજીક એકક્ષેત્રાવગાહી સંબંધે છે માટે અનુપચરિત,

આત્મામાં નથી માટે અસદ્‌ભૂત અને

નિમિત્ત તથા ભેદ છે માટે વ્યવહાર છે.

જ્ઞાનીને તો પૂર્ણ સ્વભાવની નિત્ય રુચિ છે તેથી તે જ્ઞાન, દર્શન, વીર્ય, સ્થિરતાની અધિકતાએ વર્તતો હોવાથી તે અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહારનયથી પણ કર્માદિનો કર્તા નથી. જ્ઞાનીને અંતર્મુખ જ્ઞાનનું વલણ છે, તે જ મુખ્ય છે. અજ્ઞાનીને બાહ્ય વલણ છે, તે ઇચ્છા કર્યા કરે છે. હું નિમિત્ત છું તો પરનું કાર્ય થાય છે એમ નિમિત્તકર્તાની ભાવના કર્યા વિના તે રહેતો નથી કેમકે તે અવિકારી ચૈતન્યની રુચિ વિનાનો છે.

જેને સંયોગ અને વિકારની રુચિ છે તેને જ્ઞાતામાત્રપણું રુચતું નથી તેથી હું ઔદારિક, વૈક્રિયિક, આહારક શરીર તથા આહાર આદિ છ પર્યાપ્તિ યોગ્ય પરમાણુ કે જે નોકર્મ કહેવાય છે તેનો કર્તા છું એમ અજ્ઞાની માને છે. તેથી તેને વ્યવહારે કર્તા કહેલ છે.

આહારક શરીરની લબ્ધિવાળા તો જ્ઞાની મુનિ હોય છે તેઓ તો કદી તેમાં કર્તાપણું માને નહિ. અજ્ઞાની સંયોગને દેખી ઈચ્છામાં રોકાય છે, જ્ઞાની સંયોગ અને રાગને જાણે છે પણ તેનો કર્તા થતો નથી.

બાહ્યસ્થિત ઘડા વગેરેનો કર્તા જીવને કહેવો તે ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહારનયથી છે. રોટલી, ઘટ, વસ્ત્રાદિની પર્યાય તેનાથી થાય છે પણ તે વખતે સ્ત્રી, કુંભાર અથવા વણકરને યોગનું કંપન અને ઈચ્છા છે તેનું નિમિત્ત ગણી તેને ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહારથી કર્તા કહેવાય છે, ખરેખર કર્તા છે નહિ.

ઘટ, પટાદિ વસ્તુ ક્ષેત્રે દૂરવર્તી છે માટે ઉપચરિત,

તે ચીજ આત્મામાં નથી માટે અસદ્‌ભૂત,

અને પર નિમિત્તનો સંબંધ બતાવનાર ભેદનું કથન છે માટે વ્યવહાર છે.

આ રીતે કર્તાનો ઉપચાર છે. વ્યવહારથી કર્તા કહ્યો ત્યાં ખરેખર કર્તા નથી એમ તેમાં

આવી જાય છે. પણ કાર્ય થાય છે ત્યારે તેમાં કોણ નિમિત્ત છે તેનું જ્ઞાન કરાવે છે. પણ તે નિમિત્તનું યથાર્થ જ્ઞાન કર્યું ક્યારે કહેવાય ? કે ચૈતન્ય સ્વભાવનું મુખ્યપણું છે તેને નિમિત્તનું યથાર્થ જ્ઞાન હોય છે.

પર ચીજ તેના કારણે ને તેના કાળે પરિણમે છે, તેમાં જીવનું કર્તાપણું માનવું તે અજ્ઞાન છે એમ જાણી એકલા જ્ઞાનસ્વભાવમાં શ્રદ્ધા-જ્ઞાન-લીનતાની ભાવના કરવી તેનું નામ ધર્મ છે.

**જ્ઞાનના ક્ષયોપશમનું વજન નથી પણ અનુભૂતિનું વજન છે. તેથી કહે છે કે આત્માને અનુલક્ષીને આત્માના સ્વાદનો અનુભવ થવો તે અનુભૂતિ છે અને બાર અંગમાં પણ અનુભૂતિનું વર્ણવ કર્યું છે- અુનભૂતિ કરવાનું કહ્યું છે. અનાકુળ જ્ઞાન ને અનાકુળ આનંદનો અનુભવ કરવો એમ બાર અંગમાં કહ્યું છે. શુદ્ધ આત્માની દૃષ્ટિ કરીને સ્થિરતા કરવી એમ તેમાં કહ્યું છે. બાર અંગથી વિશેષ શ્રુતજ્ઞાન ન હોય. તેમાં ચારેય અનુયોગનું જ્ઞાન આવી જાય છે-એવું ઉત્કૃષ્ટ બાર અંગનું જ્ઞાન તે મોક્ષમાર્ગ નથી. બાર અંગવાળાને સમ્યગ્દર્શન હોય જ-સમ્યગ્દર્શન વિના બાર અંગનું જ્ઞાન ન જ હોય પણ તે ક્ષયોપશમજ્ઞાન તે મોક્ષમાર્ગ નથી પરંતુ અનુભૂતિ તે મોક્ષમાર્ગ છે. આટલો બધો ઉઘાડ થયો માટે મોક્ષમાર્ગ વધી ગયો તેમ નથી.**

**(પરમાગમસાર–૭૯)**

## પ્રસાદ નં. – ૨૭૫

**વી. નિ સં. ૨૪૭૮, શ્રાવણ સુદ ૯, વર્ષ ૨જાું. પુસ્તક દસમું,**
**સોનગઢ, તા. ૩૧-૭-૫૨, ગુરુવાર.**
**શ્રી દ્રવ્યસંગ્રહ ગાથા–૮**
**(શ્રાવણ સુદ ૪, શનિવાર, ૨૬-૭-૫૨)**

જીવ કર્તા છે એ અધિકાર ચાલે છે. લોકમાં કોઈ વસ્તુનો કર્તા ઈશ્વર આદિ છે એમ માને તે મિથ્યા છે કેમકે દરેક વસ્તુ નિત્ય સત્ હોવાથી પોતાના આધારે ટકીને પોતાની અવસ્થારૂપી કાર્યને કરે છે. પર સત્તાનું કોઈનું કર્તૃત્વ નથી.

રાગ-દ્વેષ-મોહાદિ અરૂપી વિકાર તે રાગી જીવનું ભાવકર્મ છે, જ્ઞાનાવરણાદિ આઠ જડકર્મને દ્રવ્યકર્મ કહે છે, જીવ રાગ કરે તેમાં તે અંતર નિમિત્ત છે અને બાહ્યમાં શરીરાદિ નોકર્મ નિમિત્ત છે. જડ પરમાણુની સત્તા જીવથી ત્રિકાળ ભિન્ન છે. જડકર્મ અને શરીરાદિરૂપે પરમાણુ પરિણમે છે, તેને જીવ પરિણમાવતો નથી. પણ તે પરિણમે છે ત્યારે તેમાં જીવનો રાગ નિમિત્ત છે. તેથી જીવને તેનો વ્યવહારે કર્તા કહેવાય છે. તે વાત આવી ગઈ છે.

અશુદ્ધ નિશ્ચયનયની અપેક્ષાથી આત્મા ચેતનકર્મો (કાર્ય) – દયા, દાન, વ્રત, હાસ્ય, કામ, ક્રોધાદિભાવરૂપી કર્મો–નો કર્તા છે. ત્રિકાળી દ્રવ્ય સ્વભાવની દૃષ્ટિથી રાગાદિનો કર્તા નથી પણ વર્તમાન પર્યાયમાં જીવ પોતે રાગરૂપે પરિણમે છે. જડકર્મ નિમિત્ત છે માટે રાગાદિ થાય છે એમ લીધું નથી તેથી પાઠમાં કહ્યું કે 'णिच्छयदो चेदणकम्माणादा' જીવ પોતાના અસ્તિત્વમાં – પર્યાયમાં રાગાદિ કરે છે.

કેવો છે આત્મા ? વસ્તુસ્વરૂપે તો શુદ્ધ છે. ધ્રુવ નિત્યાનંદ આત્મા સમ્યગ્દર્શનનો વિષય છે, તે તો સંસાર એટલે વિકૃત દશા– મિથ્યાવાસના, રાગાદિ વિકલ્પરૂપ ઉપાધિ તેનાથી રહિત નિષ્ક્રિય છે. એવા પોતાના અક્રિય જ્ઞાનાનંદ આત્માનું જેને ભાન નથી એ જીવ રાગાદિ ઉત્પન્ન કરવાવાળાં કર્મો ઉપાર્જન કરે છે. એટલે કે ચૈતન્યપણું ચૂકે ને વિકારની રુચિથી પરાશ્રય કરે તો તેને રાગની ઉત્પત્તિ થાય છે, કર્મ રાગાદિ કરાવે – એમ નથી પણ સ્વભાવ ચૂકીને પરાલંબી વલણ કરે તો પોતે રાગરૂપે પરિણમે છે ત્યાં કર્મ નિમિત્ત છે.

શક્તિરૂપે તો દરેક આત્મા અત્યારે પણ શુદ્ધ જ છે. તેને ભૂલી વર્તમાન વિકારમાં રુચિ કરે છે તે શુભ-અશુભ રાગાદિરૂપ ચેતનકર્મ-ભાવકર્મ છે તેનો અશુદ્ધ નિશ્ચયનયથી કર્તા થાય છે. પૂજા, ભક્તિ, દયા, દાન, વ્રતાદિ પરિણામ તે શુભભાવ છે. હિંસા, કામ, ક્રોધાદિ અશુભભાવ છે. તેનો હું કર્તા છું – તે રૂપે હું થનારો છું એમ અનાદિથી પર્યાયબુદ્ધિવાળો અજ્ઞાની જીવ માને છે. 'શું કરીએ ? પૂર્વનાં તીવ્ર કર્મના થર એવા ઉદયમાં આવ્યા કે હેરાન થઈ ગયો. કર્યાં કર્મ ભોગવવાં પડે' એમ અજ્ઞાની માને છે પણ તે વાત ખોટી છે. વસ્તુનું સ્વરૂપ તેવું નથી.

હવે અશુદ્ધ નિશ્ચયનો અર્થ કહે છે.

કર્મરૂપ સંયોગના અવલંબનથી ઉત્પન્ન થવાથી ભાવકર્મ અશુદ્ધ કહેવાય છે. અને જેમ પોતાની વર્તમાન લાયકાતથી અગ્નિમાં તપ્તાયમાન લોઢાનો ગોળો તે કાળે ઊનો જ છે તેમ પોતાની વર્તમાન યોગ્યતાથી વિકાર સમયે જીવ તે રૂપ તન્મય થવાથી શુભ-અશુભ ભાવરૂપે પોતે પરિણમી ગયો છે. તેથી સ્વ અપેક્ષાએ નિશ્ચય કહેવાય છે. મારા અપરાધથી મારા કારણે રાગનું કાર્ય છે, કર્મના કારણે નહિ.

આ રીતે જીવ રાગાદિ ભાવકર્મનો કર્તા અશુદ્ધ નિશ્ચયથી છે. લોઢું પોતાની યોગ્યતાના કારણે ઊનું થાય છે, અગ્નિના કારણે લોઢું ઊનું થયું હોય તો લાકડું એક છેડે ઊનું છે ને બીજે છેડે ઠંડું કેમ છે ? કે તેની યોગ્યતા જ એવી છે. તેમ કર્મનો ઉદય છે માટે જીવને રાગ થતો નથી પણ પોતાની તે કાળની વિકારી યોગ્યતા અનુસાર રાગ થાય છે. જો કર્મના ઉદયના કારણે થાય તો એક ક્ષેત્રે ઘણા જીવ છે તેને તે પ્રકારનો તેટલો રાગ કેમ થતો નથી ? જે ક્ષેત્રમાં સિદ્ધભગવાન છે તે જ આકાશક્ષેત્રે પાંચ સ્થાવર એકેન્દ્રિય જીવ અનંતા છે. તેમને કર્મનો ઉદય છે, સિદ્ધ કેમ રાગરૂપે થતા નથી ? કે તેમનામાં લાયકાત નથી. આથી નક્કી થયું કે જે સ્વને ચૂકી પરાશ્રયરૂપ અપરાધ કરે તેની તે કાળની યોગ્યતા અનુસાર રાગાદિ વિકાર થાય છે. પોતે કરે તો થાય છે માટે નિશ્ચયથી તન્મય થઈને અશુદ્ધતાનો કર્તા જીવ છે.

હવે 'सुद्धणया सुद्धभावाणं' નો અર્થ.

જે જીવ શુભાશુભ વ્યાપારથી રહિત શુદ્ધબુદ્ધ એક સ્વભાવનું ભાન કરી પરિણમે છે, સ્વતંત્ર કર્તાપણે ત્રિકાળ શુદ્ધ જ્ઞાયક છું એમ અંતર્મુખદૃષ્ટિથી નિર્મળ અવસ્થારૂપ કાર્યને કરે છે તે સમ્યગ્દૃષ્ટિ છે. અલ્પજ્ઞદશામાં તે અનંતજ્ઞાન-દર્શન-સુખ આદિ શુદ્ધ ભાવોને અવલંબીને અંશે નિર્મળ પર્યાયનો એકદેશ શુદ્ધ નિશ્ચયનયથી કર્તા થાય છે. ચોથા-પાંચમા-છઠ્ઠા-સાતમા આદિ ગુણસ્થાનોમાં જેટલા અંશે સ્વભાવ આશ્રિત તન્મયપણે શુદ્ધદશા ઉત્પન્ન કરી તે વીતરાગભાવરૂપ નિર્મળતા થઈ તે જ્ઞાનીનું વહાલું કર્મ છે. સાધકને વ્રત, પૂજા, ભક્તિ વગેરેનો શુભરાગ આવે ખરો પણ તેનાથી તે ધર્મની પુષ્ટિ માને નહિ.

સાધક પોતે સ્વસન્મુખ અંશે વીતરાગી દશાનો કર્તા તન્મયપણે થયો છે તેથી એકદેશ શુદ્ધ નિશ્ચયનયથી તે શુદ્ધ ભાવોનો કર્તા છે. અને સિદ્ધભગવાન મુક્તદશામાં તો પૂર્ણ શુદ્ધ નિશ્ચયનયથી અનંત જ્ઞાનાદિ શુદ્ધભાવોના કર્તા છે, તે પૂર્ણજ્ઞાનમાં નય નથી. પણ સાધક નય દ્વારા વિચાર કરે છે.

**શ્રાવણ સુદ ૫, રવિવાર, ૨૭-૭-૫૨**

આત્મા શું કરી શકે છે તે વાત ચાલે છે. શરીર, જડકર્મ, લક્ષ્મી વગેરેનું પરિવર્તન–વર્તમાનદશા તેનાથી થાય છે એમ નહિ જાણતો અજ્ઞાની હું છું તો તેની અવસ્થા થાય છે એમ માને છે, પણ કોઈ જીવ પરનું ત્રણકાળ–ત્રણલોકમાં કોઈ પ્રકારે કરી શકતો નથી, માત્ર મિથ્યાવાસના અને શુભ-અશુભ રાગને કરે છે. અથવા શુદ્ધભાવને કરી શકે છે.

અહીં ખાસ એમ જાણવું કે શુદ્ધ-અશુદ્ધ ભાવોનું પરિણમન છે તેને જીવ કરી શકે છે પણ હાથ પગ હલાવવા, બોલવું કે શાસ્ત્રોનું લખવું આદિ વ્યાપારરૂપ ક્રિયાને કોઈ જીવ કોઈ રીતે કરી શકતો નથી. જડપદાર્થ જગતની સ્વતંત્ર ચીજ છે, તેથી તેની વિકારી કે અવિકારી અવસ્થા, સંયોગ કે વિયોય, ગતિ-સ્થિતિનું પરિવર્તન તે જડ સ્વતંત્ર કર્તા વડે થાય છે, જીવથી તેની અવસ્થા થતી નથી. જીવ તો જ્ઞાતામાત્ર સ્વભાવને ચૂકીને પુણ્ય, પાપ, દયા, દાન, હિંસાદિ મલિનભાવને પોતામાં કરે, અથવા શુદ્ધ છું એમ ઓળખી સ્વલક્ષે શુદ્ધભાવને કરે.

હવે દાળ, ભાત, શાક, રંગ વગેરે જીવ કરતો નથી. ત્યારે કોઈ કરે છે ? કોઈ ઈશ્વર કરે છે ? કે ના. દરેક વસ્તુ નિત્ય છે, સ્વતંત્ર પરિણામી છે, કાળું કે ધોળું રૂપ, શરીર, વસ્ત્ર વગેરે અવસ્થા પુદ્‌ગલથી થાય છે. કેમકે તેની સત્તાનો જીવની સત્તામાં ત્રિકાળ અત્યંત અભાવ છે. કોઈ આત્મા તેનો વ્યવહારે પણ કર્તા નથી. જીવ પોતાના ભાવમાં કાં કરે મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય ને કાં કરે સમ્યક્ત્વ, વ્રત, અકષાય, અપ્રમાદરૂપ પોતાની દશા, પણ પરનો સુધાર કે બગાડ જીવ કરી શકે નહિ.

આત્મા તો સ્વભાવને અવલંબીને શાંતિ–વીતરાગી દશા કરી શકે અને પરના અવલંબને અશાંતિ – રાગ-દ્વેષ-મમતારૂપ ભાવ કરી શકે, પોતામાં પોતાના હિત-અહિતભાવ કરી શકે. જુઓ, મૂળ સંસ્કૃત ટીકામાં છે. 'शुद्धाशुद्धभावानां परिणाममानानामेव कर्तृत्वं ज्ञातव्यम्, न च हस्ता दिव्यापाररूपाणामिति' હાથ, પગ વગેરેની ક્રિયા જીવ કરી શકે એમ ન સમજો. શરીરની

અવસ્થા અનેક પ્રકારે રોગ-નીરોગ થવી તેનો વ્યવહારે પણ કર્તા જીવ નથી. અજ્ઞાનભાવે કે જ્ઞાનભાવે કોઈ જીવ પરની અવસ્થા કોઈ રીતે કરી શકતો નથી. માત્ર માને છે ને પોતાની વર્તમાનદશામાં રાગ-દ્વેષ અજ્ઞાન કરે છે. આવું જેને જ્ઞાન થાય તેને પરના કર્તાપણાનું અભિમાન ટળી જાય છે. મારામાં શુદ્ધતા કે મલિનતા મારા કરવાથી થાય છે, એટલું જ કર્તૃત્વ મારે આધીન છે. જીવની પ્રભુતા જીવમાં છે. બહારમાં નથી છતાં પરમાં પ્રભુતા માનવી તે મોટી ભ્રમણા છે, ને તે સંસારમાં અનંત જન્મ-મરણનું મૂળ છે.

બીજા આત્માને કોઈ બીજો આત્મા સુધારી કે બગાડી શકતો નથી. જેની જેટલી યોગ્યતા હોય તે અનુસાર તેનામાં તેના જ્ઞાનનો વિકાસ થાય છે. બહારમાં સંયોગ-વિયોગ, સધન-નિર્ધન, રોગ-નીરોગ, જીવન-મરણ, બધું તેના કાળે જે થવાનું તે જ થાય છે. તેમાં કોઈનું ડહાપણ નથી. અજ્ઞાની મમતાથી માને કે હું કરું છું. જ્ઞાની જાણે કે હું પર જીવનું, આ શરીરનું કે બહારનું કાંઈ કરી શકતો નથી. જડ કર્મને લઈને મારામાં રાગ-દ્વેષ, સુખ-દુઃખની અવસ્થા થઈ નથી. આમ સ્વતંત્રતા નક્કી કરે તો આખા સંસારનું અભિમાન ટળીને સર્વ પ્રકારે સ્વતંત્ર છું એવું ભાન થાય ને સુખી થવાનો અવસર આવે અને આવું ન સમજે તેને પરનું હું કરું, હું આમ કરાવી શકું એ મિથ્યા કર્તૃત્વની મૂઢતા જાય નહિ ને એ મૂઢતા જ અનંત સંસારનું કારણ છે. હું આમ બોલું, હું આમ રાંધું, આમ ચાવીને ખાઉં તો નીરોગતા રહે – એમ ભાવ કરે પણ કોઈ જડની ક્રિયા આત્મા કરી શકે નહિ. હા, ઊંધું-સવળું માન્યું છે તે માન્યતાનો કર્તા ખરો, પણ હસ્તાદિ કોઈ ક્રિયાનો કર્તા આત્મા છે એમ કદી ન સમજવું જોઈએ.

આત્મા તો નિત્ય નિરંજન (મલિનતા વિનાનો), નિષ્ક્રિય (પરના તથા ક્ષણિક વિકારના કર્તૃત્વ વિનાનો) છે, એવું દરેક આત્માનું જ્ઞાયક ચિદાનંદ સ્વરૂપ છે પણ અજ્ઞાનીને તેનું શ્રદ્ધાન નથી. તેથી તે જીવને શરીર, જડકર્મ તથા રાગાદિ ભાવકર્મનું કર્તૃત્વ કહ્યું છે. જ્ઞાની તો નિત્ય જ્ઞાનસ્વભાવનો સ્વામી અને કર્તા છે. પરભાવ સંબંધી વ્યવહારથી પણ અજ્ઞાનીને કર્તા કહ્યો, જ્ઞાનીને નહિ, કેમકે જ્ઞાનીને નિમિત્તબુદ્ધિ નથી. માટે આ નિજ શુદ્ધ આત્મામાં જ સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાન – અનુભવરૂપ ભાવના કરવી જોઈએ. નબળાઈથી રાગનો અંશ થાય તે મુખ્ય નથી ને શરીરની ક્રિયા થાય તેમાં જ્ઞાની નિમિત્ત પણ નથી. હું નિમિત્તકર્તા છું તો પરની વ્યવસ્થા, શરીર વગેરેની ક્રિયા થાય છે એમ અજ્ઞાની માને છે. તે તેની ઊંધી માન્યતાનો કર્તા છે. ને તે અજ્ઞાનીને જ આરોપથી વ્યવહારથી કર્તા કહ્યો છે. જ્ઞાની તો અશુદ્ધપર્યાય અને નિમિત્તને જાણે છે અને અક્રિય જ્ઞાયક સ્વભાવને જ મુખ્ય કરી, સ્વ તરફ ઢળતાં નિર્મળ ભાવનો કર્તા થાય છે ને તે જ ધર્મ છે.

રાગદ્વારા કે જ્ઞાનદ્વારા પરનું કાંઈ કરી શકાતું નથી પણ હું છું તો તેનું થાય છે એમ નિમિત્તદૃષ્ટિ અજ્ઞાનીને ખસતી નથી.

એકેક ગાથામાં પાંચ-પાંચ અર્થ આવે છે. શબ્દાર્થ, નયાર્થ, મતાર્થ, આગમાર્થ અને ભાવાર્થ.

તેમાં વ્યવહારે 'કર્તા' માં શબ્દાર્થ અને નયાર્થ તો કહ્યો, મતાર્થમાં સાંખ્યમતી જેવા સર્વથા અકર્તાવાદી અથવા મિથ્યાદૃષ્ટિ કે જે એકલા પરનું જ કર્તૃત્વ માને છે, તેનો નિષેધ થયો. આગમમાં કહ્યું છે કે સંપ્રદાયમાં રહેલા જૈન નામધારી આત્માને એકાંતે અપરિણામી માની કર્મને જ કર્તા માને છે. રાગાદિનો કર્તા જીવ નથી એમ એકાંતે માને છે તે આગમના અર્થને સમજતા નથી અને ભાવાર્થ શુદ્ધનયથી શુદ્ધ આત્મા જ સર્વત્ર ઉપાદેય છે. ॥૮॥

હવે જો કે આ આત્મા શુદ્ધનયથી ત્રિકાળ વિકારરહિત પરમાનંદરૂપ એક લક્ષણનો ધારક છે ને તેનો ભોગવનાર છે, તોપણ ત્રિકાળ અનાકુળ સ્વભાવને ચૂકી કૃત્રિમ હર્ષ-શોકરૂપે પરિણમતો સુખ-દુઃખમય આકુળતાને અશુદ્ધ નિશ્ચયથી પર્યાયદૃષ્ટિવાળો ભોગવે છે. તે વાત હવે કહે છે.

શરીરાદિ તથા પુણ્ય-પાપ, હર્ષ-શોક વડે પરમાનંદ લક્ષણવાળો આત્મા જણાય નહિ. અંતર દ્રવ્યસ્વભાવની દૃષ્ટિથી દેખો તો આત્મા પરમાનંદનો ભોક્તા છે. શક્તિરૂપ પૂર્ણ સ્વભાવ છે પણ શુદ્ધસ્વભાવ વર્તમાન પ્રગટ નથી. કોઈ એકાંત શુદ્ધ જ માને – તો તેમ નથી. જીવ પોતાના જ્ઞાન આનંદને ભૂલી વર્તમાન હર્ષ-શોક, સુખ-દુઃખરૂપ આકુળતાને ભોગવે છે. તે અશુદ્ધ અનુભવ યથાર્થ છે. ભ્રમ નથી. કોઈ કહે કે સુખ-દુઃખ દેહનો ધર્મ છે તો એમ નથી. પરચીજના સંયોગથી અથવા વિયોગથી સુખ-દુઃખ નથી, પણ પોતે નિત્ય જ્ઞાનાનંદપણું ભૂલી વિકારરૂપ પોતાને માને છે અને હર્ષ-શોકને ભોગવે છે. કોઈ જડકર્મ અથવા બીજો ભોગવાવે છે એમ નથી.

**જેમ પુત્રમાં પિતાની અણસાર આવે છે તેમ મોક્ષમાર્ગી મુનિઓમાં વીતરાગી જિન ભગવાનનો અણસાર-વીતરાગતાનો અણસાર આવે છે. શાંત... શાંત... વીતરાગતા... અકષાય તરવરે છે. 'બહેનશ્રીનાં વચનામૃત' વાંચશે તેના કાળજામાં સત્યના ઘા વાગી જાય એવી વાતો છે. આ પક્ષની વાત નથી. વસ્તુ સ્થિતિની વાત છે. (પરમાગમસાર–૮૫)**

## પ્રસાદ નં. – ૨૭૭

**વી. નિ સં. ૨૪૭૮, શ્રાવણ સુદ ૧૧, વર્ષ ૨જું. પુસ્તક દસમું, સોનગઢ, તા. ૨-૮-૫૨, શનિવાર.**
**શ્રી દ્રવ્યસંગ્રહ ગાથા–૯**
**(શ્રાવણ સુદ ૬, સોમવાર, ૨૮-૭-૫૨ બપોર)**

છ દ્રવ્યોમાં આત્મદ્રવ્યનું વર્ણન ચાલે છે. જીવના નવ અધિકારો વર્ણવ્યા છે, તેમાંથી ભોક્તાપણાનું વર્ણન કરે છે. આત્મામાં ભોક્તાપણું કઈ રીતે છે અને આત્મા કોનો ભોક્તા છે તે કહે છે :–

**ગાથા-૯**

**बवहारा सुहदुक्खं पुग्गलकम्मप्फलं पभुंजेदि।**
**आदा णिच्छयणयदो चेदणभावं खु आदस्स।।९।।**

વ્યવહારથી આત્મા સુખ-દુઃખરૂપ કર્મફળનો ભોક્તા છે, અને નિશ્ચયથી તે પોતાના ચેતનભાવોનો જ ભોક્તા છે.

આત્માના સ્વભાવને ચૂકીને પૂર્વે જે શુભાશુભ કર્મો બંધાયાં તેના ફળમાં બહારમાં અનુકૂળ-પ્રતિકૂળ સામગ્રી મળી, તે હર્ષ-શોકમાં નિમિત્ત છે, તેથી બહારનાં સુખ-દુઃખનો ભોક્તા આત્માને વ્યવહારથી કહ્યો છે, અને નિશ્ચયથી તે પોતાના હર્ષ-શોક વગેરે ભાવોને ભોગવે છે. નિશ્ચયથી આત્મા પરને ભોગવતો નથી. ઠંડી-ગરમીને આત્મા નથી ભોગવતો. વીંછી કરડે તેનો અનુભવ આત્મા નથી કરતો, પણ તે વખતના પોતાના ભાવને તે ભોગવે છે. સ્વભાવને ચૂકીને હર્ષ-શોક કરે ત્યારે પરસંયોગ તરફ વલણ જાય છે, તેથી સંયોગનો ભોક્તા વ્યવહારથી કહ્યો છે. જડકર્મ અને તેના ફળરૂપ બાહ્ય સંયોગ તેને આત્મા ભોગવે એમ કહેવું તે વ્યવહાર છે. ને

પોતાની અવસ્થામાં થતાં હર્ષ-શોકભાવને ભોગવે તે અશુદ્ધ નિશ્ચયથી છે, તથા સહજ સ્વભાવનાં શ્રદ્ધા-જ્ઞાન-એકાગ્રતાથી જે સ્વાભાવિક આહ્‌લાદરૂપ આનંદ પ્રગટે તેનો ભોક્તા નિશ્ચયથી છે. અહીં તાત્પર્ય એમ છે કે પરના લક્ષે થતાં હર્ષ-શોકનો ભોગવટો છોડીને, સ્વભાવની દૃષ્ટિ અને રમણતા વડે પરમાર્થ સુખનો ભોક્તા થા.

પોતાના શુદ્ધ આત્માના જ્ઞાનથી પારમાર્થિક સુખરૂપી અમૃતની ઉત્પત્તિ થાય છે, તે પરમાર્થ સુખનો સ્વાદ જેણે પ્રાપ્ત કર્યો નથી એવો જીવ પર લક્ષે હર્ષ-શોક કરે છે, અને તેથી તે જીવ ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહારનયથી પાંચ ઇન્દ્રિયના ઇષ્ટ-અનિષ્ટ વિષયોને ભોગવે છે. વાસી અને એઠું-જૂઠું કોણ ખાય ? કે જેને તાજો અને મિષ્ટ ખોરાક ન મળતો હોય તે, પણ જેને તાજું મિષ્ટાન્ન મળતું હોય તે એઠું-જૂઠું ન ખાય, તેમ અહીં કહે છે કે પાંચ ઇન્દ્રિયોના વિષયો તરફ ઝૂકાવનો ભાવ કોને થાય છે ? કે જેણે અંતરમાં ચિદાનંદ સ્વભાવના પરમાનંદનો સ્વાદ જાણ્યો નથી. તે જીવ બહારના વિષયોમાં હર્ષ-શોક કરીને તેને ભોગવે છે. જ્ઞાનીને જરાક હર્ષ-શોકનો ભાવ આવે ને વિષયો તરફ વલણ જાય – તેની અહીં મુખ્યતા નથી, કેમકે તેણે અંતરના સ્વભાવના પરમાનંદનો સ્વાદ અનુભવ્યો છે, એટલે બહારમાં સુખબુદ્ધિ થતી નથી, માણસોની વિષ્ટા ભૂંડ ખાય, તેમ જ્ઞાનીઓએ સ્વભાવ સુખના સ્વાદ પાસે પાંચ ઇન્દ્રિયોના વિષયોને વિષ્ટા સમાન જાણીને તેમાંથી સુખબુદ્ધિ છોડી દીધી, તેમાં અજ્ઞાની ભૂંડ જેવા જીવો સુખ માને છે. અરે આત્મા ! તારું સુખ સંયોગમાં નથી, ને સંયોગ તરફના વલણવાળા ભાવમાં પણ તારું સુખ નથી, તારું સુખ તારા પરમાર્થ સ્વભાવના જ્ઞાનથી જ છે.

ચૈતન્યને ચૂકીને જડકર્મના ફળમાં હર્ષ-શોક કરીને તેને જે ભોગવે છે, તે સંયોગનો ભોક્તા તે ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહારથી જ છે, અને જડકર્મનો ભોક્તા અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહારથી છે. સંયોગો તો આત્માથી દૂર છે, તેથી તેનો ભોક્તા ઉપચારથી કહ્યો ને કર્મ સાથે નજીકનો સંબંધ છે તેથી તેનો ભોક્તા અનુપચરિત વ્યવહારથી કહ્યો ને અંદરના હર્ષ-શોક વગેરે અશુદ્ધ ભાવનો ભોક્તા અશુદ્ધ નિશ્ચયથી છે. મકાન, પૈસા, વસ્ત્ર, ખોરાક વગેરે પદાર્થો આત્માથી જુદા છે, તેનો ભોક્તા અસદ્‌ભૂત વ્યવહારથી છે. પાપના ઉદયથી શરીરમાં છરો ભોંકાય ને દ્વેષ થાય, ત્યાં જડકર્મનો તથા છરાના સંયોગનો ભોક્તા ખરેખર આત્મા નથી, ફક્ત વ્યવહારથી તેનો ભોક્તા કહેવાય છે ને જે દ્વેષનો ભાવ કર્યો તેનો ભોક્તા અશુદ્ધ નિશ્ચયથી આત્મા છે. બહારમાં અનુકૂળ-પ્રતિકૂળ સંયોગ મળવો તે પૂર્વ કર્મનું ફળ છે, ને તેના લક્ષે હર્ષ-શોક કરવો તે પોતાનો વર્તમાન અપરાધ છે.

શબ્દ, રસ, રૂપ, ગંધ, સ્પર્શને લક્ષે જીવ રાગ કરે છે તેમાં તે ચીજ નિમિત્ત છે, તેનું જ્ઞાન કરાવવા માત્ર વ્યવહારથી કહ્યું કે તે પાંચ ઇન્દ્રિયોના વિષયોને જીવ ભોગવે છે પણ તે ભિન્ન ચીજ હોવાથી ખરેખર તેને ભોગવી શકતો નથી. પણ ભોગવે છે એમ કહેવું તે ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહારનયનું કથન છે.

સ્ત્રી-પુત્રાદિની સગવડતા હું ભોગવું છું એમ કહેવું નિમિત્ત તરફનો અણછતો ઉપચાર છે. અસદ્‌ભૂત હોવાથી અસત્યાર્થ છે, ઉપાદેય નથી એમ જાણે તો પરથી ઉપેક્ષાવાન થઈ હર્ષ-શોકરૂપ લાગણીને પણ ગૌણ કરી એકલા જ્ઞાયક સ્વભાવ સન્મુખ જોનારો થાય.

આ રીતે સ્વભાવને જોનાર સમ્યગ્દૃષ્ટિને જ સ્વભાવમાં લીનતારૂપ ધર્મ થાય છે. સંયોગી દૃષ્ટિવાળો અસંયોગી ચિદાનંદ અમૃત ભોજનને ચૂકીને પરને અનુકૂળ-પ્રતિકૂળ માનીને પરથી હર્ષ-શોક, સુખ-દુઃખ માને છે ને તે પ્રકારના વિકારને અનુભવે છે. છરી, કાંટો, ઝેર, સાકરને અનુભવે એમ કહેવું તે નિમિત્તનું ઉપચાર કથન છે. પરમાર્થે જીવ પરનો ભોક્તા નથી એમ જાણે તો જુદા ચિદાનંદનો જ ભોક્તા છું એમ જાણી સ્વને અનુભવે.

જ્ઞાનાવરણાદિ આઠ કર્મ એક ક્ષેત્રે રહેલાં છે, તેના ઉદયને જીવ ભોગવે એમ કહેવું તે અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહારનયનું કથન છે. શાતા-અશાતાકર્મના ઉદયથી જીવને સુખ-દુઃખ ઉત્પન્ન થાય એમ કહેવું તે પણ ઉપચાર છે. કર્મથી સુખ-દુઃખ નથી પણ એકક્ષેત્રે સંબંધ અપેક્ષાએ અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહારથી ભોક્તા કહે છે. ચૈતન્ય સ્વભાવમાં તે કર્મ નથી માટે અસદ્‌ભૂત છે, 'કર્મે રાજા, કર્મે રંક, કર્મે વાળ્યો આડો આંક' એ નિમિત્તનું કથન છે, જડકર્મને અને કર્મના ફળરૂપ સંયોગને જીવ ભોગવી શકતો નથી. અજ્ઞાની ચૈતન્યને ભૂલીને માને છે કે હું કર્મ અને સંયોગને ભોગવું છું.

હવે હર્ષ-શોક, રતિ-અરતિ, સુખ-દુઃખની લાગણી અરૂપી વિકારભાવ જીવમાં જીવથી થાય છે તેનો અશુદ્ધ નિશ્ચયનયથી આત્મા ભોક્તા છે. જ્ઞાનાનંદથી વિરુદ્ધ ભાવ છે માટે અશુદ્ધ અને પોતાની પર્યાયમાં પોતે કરે છે માટે નિશ્ચય, સહજાનંદ અતીન્દ્રિય આત્મસુખને નહિ ભોગવનાર અજ્ઞાની આત્મા પોતાની દશામાં તેનો ભોક્તા છે. કર્મ, સંયોગ અથવા કોઈ જીવ સુખ-દુઃખ કરાવે એમ નથી.

દ્રવ્ય-ગુણ તો પરમાં નિમિત્ત પણ કહેવાતા નથી પણ જીવની એક સમયની ઉત્પાદરૂપ પર્યાયને જડકર્મની ઉત્પાદરૂપ પર્યાય એક સમય પૂરતી નિમિત્ત થાય છે. ધર્મ-અધર્મ, શાંતિ-અશાંતિ, સમ્યગ્જ્ઞાન-મિથ્યાજ્ઞાન વર્તમાન પર્યાયમાં જ થાય છે. તે પોતપોતાની તે કાળની યોગ્યતાથી થાય છે ત્યાં નિમિત્તરૂપ પરની અવસ્થા હોય છે. બન્ને સ્વતંત્રપણે કામ કરે છે.

(૪) શુદ્ધ નિશ્ચયનયથી આત્મા ત્રિકાળ જ્ઞાનાનંદથી પૂર્ણ પોતાનો અસલી સ્વભાવ છે તેને ભોગવે છે. નિર્મળ ધ્રુવ પરમ અમૃતનો શાશ્વતકુંડ એવો પરમાત્મસ્વભાવ તે આત્મા છે. તેમાં સમ્યક્શ્રદ્ધા, જ્ઞાન, લીનતા દ્વારા ઉત્પન્ન અવિનાશી, અતીન્દ્રિય આનંદરૂપ એક લક્ષણ ધારક જે સુખામૃત છે તેને ભોગવે છે. અહીં વર્તમાન નિર્મળ પર્યાયની વાત છે. શુદ્ધ દ્રવ્યસ્વભાવના આશ્રયે પ્રગટેલી અમૃતાનંદ પર્યાયને આત્મા ભોગવે છે એમ કહ્યું છે.

ધ્રુવ સ્વભાવના આશ્રયે નવી અનેક નિર્મળ પર્યાય છે છતાં તે એકતાને – અભેદતાને પામે છે માટે એક લક્ષણ ધારક સુખામૃત કહેલ છે. તેને ધર્માત્મા નિત્ય ભોગવે છે.

પર્યાય ભોગવાય, પણ દ્રવ્ય-ગુણ ભોગવાય નહિ. સંયોગ અને કર્મની પર્યાય ભિન્ન ભિન્ન છે, તેના લક્ષે થતો વિકાર અનેક પ્રકારે ભિન્ન-ભિન્ન ખંડખંડ થાય છે પણ દ્રવ્યસ્વભાવના અવલંબને નવી નવી નિર્મળદશા અનેક થાય છે છતાં એકતાની પુષ્ટિ થાય છે. તે એકતા સમતા-વીતરાગતાને જ અભિનંદે છે.

❖❖❖

**શ્રાવણ સુદ ૭, મંગળવાર, ૨૯-૭-૫૨**

આ ભોક્તાપણાનો અધિકાર ચાલે છે. પાંચ ઇન્દ્રિયોના વિષયો રાગમાં નિમિત્ત છે. તેથી તે શબ્દ, રૂપ, રસાદિનો ભોક્તા અજ્ઞાની જીવને ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહારથી કહ્યો છે, અને અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહારથી તે કર્મને અનુભવે છે, અને અશુદ્ધ નિશ્ચયનયથી હર્ષ-શોક, સુખ-દુઃખની લાગણીને જીવ વેદે છે. તે મલિન ભાવ છે માટે અશુદ્ધ છે. પોતે પોતાની અવસ્થામાં તન્મય થઈ વેદે છે માટે નિશ્ચય છે. તે અજ્ઞાનીનું અશુદ્ધ વેદન છે એમ જ્ઞાની જાણે છે. નિમિત્ત, સંયોગ, વિકારમાં એકત્વબુદ્ધિ છોડીને અતીન્દ્રિય શુદ્ધ દૃષ્ટિથી ત્રિકાળ અખંડાનંદ નિજ પરમાત્મસ્વભાવનાં અભેદ શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રથી ઉત્પન્ન સહજાનંદરૂપ એક લક્ષણરૂપ સુખામૃતને ભોગવે છે. તે શુદ્ધ સ્વભાવનો ભોક્તા જ્ઞાની જીવ શુદ્ધ નિશ્ચયનયથી છે.

જે જ્ઞાયક સ્વભાવથી ઉત્પન્ન થનાર એવું અતીન્દ્રિય આત્મિક સુખ તેના સ્વાદથી રહિત, ત્રિકાળ જ્ઞાનાનંદને ભૂલીને પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં સુખ માને છે તે સંસારમાં ભ્રમણ કરે છે. તે ઇન્દ્રિય સુખ આકુળતામય હોવાથી હેય છે અને વીતરાગી મોક્ષમાર્ગના કારણરૂપ ત્રિકાળ જ્ઞાનાનંદ સ્વભાવ છે તેમાં એકાગ્રતાથી ઉત્પન્ન અતીન્દ્રિય આનંદ જે નિશ્ચય મોક્ષમાર્ગરૂપ શુદ્ધ ઉપયોગ છે. તે જ સર્વ પ્રકારે ઉપાદેય છે એવો આ ગાથાનો ભાવાર્થ છે.

આ પ્રકારે કર્તા કર્મના ફળને નથી ભોગવતો એવો જે ક્ષણિકવાદી બૌદ્ધનો મત છે તેનું ખંડન કરવા માટે દરેક સંસારી જીવ કર્મફળનો, હર્ષ-શોક તથા શુદ્ધ આત્મિકસુખનો ભોક્તા છે એવા વ્યાખ્યાનરૂપ સૂત્ર સમાપ્ત થયું. ॥૯॥

### ગાથા-૧૦

**अणुगुरुदेहपमाणो उवसंहारप्पसप्पदो चेदा।**
**असमुहदो ववहारा णिच्छयणयदो असंखदेसो वा।।१०।।**

જગતમાં ઘણા વિપરીત મત છે. કોઈ કહે છે કે આત્મા સર્વવ્યાપક છે અથવા અણુમાત્ર છે. આ શરીર છૂટતાં આત્મા કોઈ અનંતમાં ભળી જાય છે. બધા આત્મા એકરૂપ છે એમ અનેક પ્રકારે મિથ્યા કલ્પના કરે છે તેના નિષેધ માટે વાસ્તવિકપણું શું છે તે બતાવે છે.

જો કે આત્મા નિશ્ચયનયથી લોકપ્રમાણ અસંખ્યાત પ્રદેશોનો ધારક છે. જેટલી લોકાકાશના પ્રદેશોની સંખ્યા છે તેટલા જ અસંખ્યાત પ્રદેશો દરેક આત્માના છે. દરેક જીવને સ્વતંત્ર સ્વક્ષેત્રથી ત્રિકાળઅખંડિતપણું છે ને તેથી દરેક જીવ સદાય પોતાના આધારે છે, પરક્ષેત્રને આધીન નથી એમ જાણવું તે સુખી થવાનો ધર્મ છે.

એક પરમાણુ જેટલી જગ્યા રોકે તેટલા ભાગને પ્રદેશ કહે છે. તેવા પોતપોતાના અસંખ્ય પ્રદેશોમાં વ્યાપક પોતાના અનંત ગુણોનો પિંડ એકેક જીવ છે. એવા અનંત જીવ છે. એકેક આત્માને અસંખ્ય પ્રદેશ છે. એકેક પ્રદેશમાં તે તે જીવના અનંતગુણ છે. ગુણ એટલે તેની ત્રિકાળી સામર્થ્યરૂપ શક્તિ. અસંખ્ય પ્રદેશોમાં તે જીવના બધા ગુણ પૂરા ભાગમાં સદાય વ્યાપક રહે છે.

**ગાથા-ભાવાર્થ :–** વ્યવહારનયથી જીવના પ્રદેશોની નાના-મોટા શરીરમાં સંકોચ-વિસ્તાર થવાની અનેકતા છે તે અપેક્ષાએ વર્તમાન નાનો-મોટો આકાર થવાની યોગ્યતા તે વ્યવહાર છે અને ત્રિકાળ એકરૂપ અસંખ્યપ્રદેશરૂપ સંખ્યા છે તેમાં ફેર પડતો નથી તે નિશ્ચય છે. કીડીના શરીરને જીવ ધારણ કરે ત્યારે તેના પ્રદેશ નાના થઈ જાય અને મોટા શરીરમાં પહોળા થઈ જાય – એમ નથી.

દરેક જીવ સંસાર અવસ્થામાં પણ અસંખ્યાતપ્રદેશી રહે છે તે નિશ્ચય છે. પણ વ્યવહારથી સમુદ્‌ઘાત અવસ્થા વિના જેમ વસ્ત્રનું સંકેલાવું કે પહોળું થવું થાય છે તેમ સંકોચ-વિસ્તારના કારણે નાના કે મોટા શરીર પ્રમાણે પોતાની યોગ્યતાને લીધે રહે છે. આવી જ વસ્તુસ્થિતિ છે. શરીર પ્રમાણે આત્મપ્રદેશો છે તેમાં બધા ગુણો સત્ છે. કેમકે શરીરના એક ભાગમાં વીંછીનો ડંખ લાગતાં અથવા શીત-ઉષ્ણનો સ્પર્શ થતાં આખા આત્માને તેનો ખ્યાલ આવે છે માટે જ્ઞાન, સુખ વગેરે જીવના બધા ગુણો જીવના પૂરા ભાગમાં એટલે અસંખ્ય પ્રદેશોમાં જ અખંડ અભેદપણે વ્યાપી રહેલા છે. ગુણ નવા થતા નથી તેમ જ નાશ પામતા નથી.

**વ્યાખ્યાર્થ :–** 'अणुगुरुदेहपमाणो' નિશ્ચયથી પોતાના દેહથી ભિન્ન તથા કેવળજ્ઞાનાદિ અનંત

ગુણોની રાશિથી અભિન્ન પોતાનું શુદ્ધ આત્મસ્વરૂપ છે. વિકાર, કર્મ, શરીર તે આત્માનું સ્વરૂપ નથી. પાણીમાં કાંકરા હજારો વર્ષ ભેગા રહે છતાં જેમ બન્ને જુદા જ છે તેમ દેહ અને જીવ એકક્ષેત્રે સંયોગ સંબંધીની યોગ્યતાથી ભેગા રહ્યા દેખાય છે પણ જડ દેહ અને ચેતન આત્મા બન્નેના સ્વભાવ ત્રિકાળ ભિન્ન ભિન્ન છે.

દરેક આત્મામાં જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય, અસ્તિત્વ, વસ્તુત્વ, દ્રવ્યત્વ, પ્રમેયત્વ, પ્રભુત્વ, વિભુત્વ આદિ અનંત શક્તિરૂપ ત્રિકાળી ગુણો છે. તે પોતાના સ્વલક્ષણથી ત્રિકાળ આત્મા સાથે રહે છે. આવો જ આત્મા છે. તેના અજાણપણાથી, પોતાના શુદ્ધ અસંગ ત્રિકાળ ગુણસ્વરૂપને ચૂક્યો છે તેથી સ્વરૂપ પ્રાપ્તિનો અભાવ છે. છે સ્વતંત્ર જુદો છતાં અજ્ઞાન વડે દેહાદિની મમતા કરે છે ને મમતામાં કારણરૂપ આહાર, ભય, મૈથુન, પરિગ્રહ સંજ્ઞા છે તેથી કર્મ શરીરમાં રોકાઈ રહે છે. રાગ આદિ વિભાવમાં રુચિ કરી પુણ્ય-પાપમાં મજા માને છે. પુણ્યથી - શુભવ્યવહારથી મને લાભ થશે એમ પરાશ્રય વિકારની પ્રીતિ રૂપ મમતા હોવાથી શરીરની મમતા અજ્ઞાની છોડતો નથી. બીજા વિદ્યમાન સત્ પદાર્થો સ્વતંત્ર છે એમ ન માનતાં તેની અવસ્થાને હું પલટાવી દઉં, હું પરનું કાંઈ કરી શકું છું, પર મારું સુધારી-બગાડી શકે છે, હું આહાર વગેરે લઈ શકું છું કે છોડી શકું છું એમ અજ્ઞાનીને સંયોગ અને વિકારની એકત્વબુદ્ધિ રહે છે, ચેતન જુદો સ્વતંત્ર છે તેને ભૂલી જાય છે તેથી બાહ્ય પરિગ્રહની ભાવના - પુણ્ય-પાપની ભાવના કર્યા કરે છે. જ્ઞાનીને ચારિત્રની નબળાઈથી આહારાદિ સંબંધી રાગ થાય પણ તેમાં એકત્વબુદ્ધિરૂપ આસક્તિ નથી.

અજ્ઞાની દયા, દાન, પૂજા, ભક્તિ, વ્રતાદિનો શુભરાગ કરી તેમાં અહોહો ! અમે ભારે ધર્મ કર્યો, આવું કરીએ તો જીવન સફળ છે, એમ માને છે. શુભભાવ કરવા જેવો છે, છોડવા જેવો નથી એવી મિથ્યામાન્યતાને લઈને અજ્ઞાની જીવે શરીરની પ્રાપ્તિ કરી છે. શરીર જડ છે તે જીવને મળતું નથી પણ જ્ઞાતા સ્વભાવ જુદો છે એવું ભાન અજ્ઞાની ચૂક્યો છે તેથી વિકારમાં - વ્યવહારમાં લીનતા કરે છે ને તેથી તેને શરીર મળે છે, અતીન્દ્રિય જ્ઞાનાનંદ આત્મા મળતો નથી એમ કહ્યું છે. વિકારની રુચિરૂપ આસક્તિથી તે જીવે શરીર નામકર્મ ઉપાર્જન કર્યું, તેના વિપાક ઉદયથી નાનાં-મોટાં શરીર પ્રમાણે તે મિથ્યાદૃષ્ટિ થાય છે.

જીવ સ્વતંત્ર સ્વભાવને ચૂકે છે ત્યારે વિકારની રુચિ કરે છે. શુભાશુભ વિકાર અરૂપી છે, તેમાં જડકર્મ નિમિત્ત છે તેના ફળમાં શરીર મળે છે. જીવ સદા અરૂપી અસંખ્યપ્રદેશી હોવા છતાં પોતાની પર્યાયની યોગ્યતાથી જ નાનાં કે મોટાં શરીર પ્રમાણે રહે છે. એવું ન માને તેને વસ્તુસ્વરૂપની ખબર નથી. આત્મા નિત્ય અનંત ગુણનો પિંડ શુદ્ધસ્વભાવી છે તે જ ઉપાદેય છે - આદરણીય છે તે આગળ કહેશે.

## પ્રસાદ નં. – ૨૭૯

**વી. નિ સં. ૨૪૭૮, શ્રાવણ સુદ ૧૪, વર્ષ ૨જું. પુસ્તક દસમું, સોનગઢ, તા. ૪-૮-૫૨, સોમવાર.**
**શ્રી દ્રવ્યસંગ્રહ ગાથા–૧૦**
**(શ્રાવણ સુદ ૮, બુધવાર, ૩૦-૭-૫૨ બપોર)**

આ જીવદ્રવ્યના સ્વરૂપનું વર્ણન છે. જીવ પોતાના નાના-મોટા શરીર પ્રમાણ છે – એ વાત સર્વજ્ઞભગવાન સિવાય બીજાના મતમાં હોય નહિ. નિશ્ચયથી તો જીવ ત્રિકાળ અસંખ્ય પ્રદેશી જ છે, પણ સમય સમયની યોગ્યતાથી તેનામાં સંકોચ-વિકાસ થાય છે એવો તેનો સ્વભાવ છે. એક પ્રદેશ તો એવડો ને એવડો જ રહે છે, તે કાંઈ નાનો મોટો થતો નથી. અસંખ્યપ્રદેશોમાં પણ વધઘટ થતી નથી, પણ તે અસંખ્યપ્રદેશોની અવગાહનામાં સંકોચ-વિસ્તાર થાય છે, તેથી જીવ દેહ પ્રમાણ છે. જીવનો આવો જ સ્વભાવ છે. સંકોચ-વિકાસ કેમ થાય છે ? તો કહે છે કે એવો જ તેનો સ્વભાવ છે, કોઈ બીજાના કારણે તે નથી. નામકર્મના કારણે સંકોચ-વિકાસ થવાનું કહેવું તે તો નિમિત્તનું કથન છે. અસંખ્યપ્રદેશી આત્માની અંતર્મુખતાથી તારું કલ્યાણ થાય છે, ક્યાંય પર સામે જોવાનું રહેતું નથી. જીવ અરૂપી પદાર્થ હોવા છતાં તેને પણ સંકોચ-વિસ્તાર થાય છે – એ વાત સર્વજ્ઞ સિવાય બીજો જાણી શકે નહિ. સાધારણ જીવોને તો આ વાત બેસવી કઠણ પડી જાય તેવી છે. એક આત્મા નિશ્ચયથી અસંખ્યપ્રદેશી અને વળી વ્યવહારથી સંકોચ-વિસ્તારધર્મ વડે દેહપ્રમાણ – એ વાત સર્વજ્ઞશાસન સિવાય અન્યમતમાં હોય નહિ. જુઓ, આ જીવના ધર્મની વાત છે. આ ધર્મને ઓળખ્યા વગર જીવને ઓળખ્યો કહેવાય નહીં.

લોટામાં રહેલા પાણીનો આકાર લોટા જેવો થાય છે. તેમ જીવનો આકાર શરીર પ્રમાણે થાય છે, તે શરીરને કારણે કે કર્મના કારણે નહિ, પણ જીવનો પોતાનો જ તેવો સંકોચ-વિસ્તાર થવાનો સ્વભાવ છે. કીડીના શરીર વખતે તેવો આકાર, ને હાથીના શરીર વખતે તેવો આકાર, છતાં તે આકાર પોતાના જ કારણે છે, પરના કારણે નથી. આત્માનો એકેક પ્રદેશ તો એક

પરમાણુ જેવડો ત્રિકાળ છે. સર્વજ્ઞભગવાને જેવો સ્વભાવ કહ્યો તેવો પોતાના જ્ઞાનમાં ભાસવો જોઈએ.

જેમ દીવો મોટા વાસણમાં રાખો તો તેટલામાં તેનો પ્રકાશ થાય, ને નાની જગ્યામાં રાખો તો તેટલામાં તેનો પ્રકાશ થાય – એવો સંકોચ-વિસ્તાર થવાનો તેનો સ્વભાવ છે તેમ જીવનો એવો સ્વભાવ છે કે જેવડું શરીર હોય તેવડો તેનો આકાર પોતાના કારણે થાય છે.

વળી દેહપ્રમાણ આકાર રહેવામાં 'સમુદ્‌ઘાત ન થવો' તે પણ કારણ છે, એટલે કે સમુદ્‌ઘાત થાય છે ત્યારે તે દેહપ્રમાણ નથી રહેતો. સમુદ્‌ઘાત ન હોય તે વખતે દેહપ્રમાણ રહે છે. સમુદ્‌ઘાતના સાત પ્રકાર છે. (૧) વેદના, (૨) કષાય, (૩) વિક્રિયા, (૪) મારણાન્તિક, (૫) તૈજસ, (૬) આહાર, અને (૭) કેવળી સમુદ્‌ઘાત. જુઓ, અહીં આ સમુદ્‌ઘાતની વાત લઈને એમ બતાવ્યું કે સમુદ્‌ઘાત વખતે જીવના પ્રદેશો ફેલાય છે તે પણ પોતાના જ કારણે છે. 'દેહ પ્રમાણ આકારે ઘણો કાળ રહે માટે તે તો પોતાના કારણે છે, પણ સમુદ્‌ઘાત પરના કારણે થતો હશે' – એમ નથી. સમુદ્‌ઘાત થાય તે પણ જીવની જ અવસ્થાનો ધર્મ છે. સમુદ્‌ઘાત વખતે જેવો આકાર છે તે પણ પોતાના જ કારણે છે.

સમુદ્‌ઘાતના સાત પ્રકાર છે. સમુદ્‌ઘાત કોને કહે છે ? પોતાના મૂળ શરીરને છોડ્યા વગર આત્માના પ્રદેશો દેહથી બહાર નીકળીને ઉત્તરદેહ પ્રત્યે ગમન કરે તેનું નામ સમુદ્‌ઘાત છે. જીવ અસંખ્યપ્રદેશી છે તે નિશ્ચય, દેહપ્રમાણ છે તે વ્યવહાર છે. તથા સમુદ્‌ઘાત થાય ત્યારે તેના પ્રદેશો ફેલાય છે – તે પણ વ્યવહાર છે, એમ ત્રણ પ્રકાર આ ગાથામાં આવ્યા. સાત સમુદ્‌ઘાતની વ્યાખ્યા કરે છે.

**(૧) વેદના સમુદ્‌ઘાત :–** તીવ્ર વેદના થતાં જીવના પ્રદેશો મૂળ શરીરને છોડ્યા વગર શરીરથી બહાર ફેલાય તેનું નામ વેદના સમુદ્‌ઘાત છે. દેહપ્રમાણ સિવાય સમુદ્‌ઘાત વખતે આવી યોગ્યતા પણ જીવમાં હોય છે – એમ અહીં બતાવે છે.

**(૨) કષાય સમુદ્‌ઘાત :–** તીવ્ર ક્રોધાદિ કષાય થતાં મૂળ શરીરને છોડ્યા વગર, આત્માના પ્રદેશો બીજાને મારવા માટે શરીરની બહાર નીકળે તેને કષાય સમુદ્‌ઘાત કહે છે. જુઓ, કોઈ જીવને તીવ્ર ક્રોધ થાય ત્યારે તેને આવો સમુદ્‌ઘાત થઈ જાય છે. તેને પોતાને તેની ખબર ન પડે, છતાં તેના અસંખ્ય પ્રદેશોની આવી પર્યાય થઈ જાય છે. તીવ્ર ક્રોધ, તીવ્ર માન, તીવ્ર માયા કે તીવ્ર લોભ – એ ચારે કષાયના નિમિત્તે આવો સમુદ્‌ઘાત થઈ જાય છે. સામા જીવને મારી શકે નહિ, બગાડી પણ શકે નહિ. તેમ ખબર પણ પડે નહિ કે આ સમુદ્‌ઘાત છે. પણ કોઈ જીવને તીવ્ર ક્રોધાદિ કષાયમાં આવું થઈ જાય છે.

**(૩) વિક્રિયા સમુદ્‌ઘાત :–** કોઈ પ્રકારની કામ વગેરે જનિત વિક્રિયા થતાં જે સમુદ્‌ઘાત થાય છે તે વિક્રિયા સમુદ્‌ઘાત છે. દેવો ભગવાન પાસે નૃત્ય કરે ત્યારે અનેક પ્રકારની વિક્રિયા કરે છે, નારકીઓ દેહની વિક્રિયા કરે છે. ભગવાન પાસે ઇન્દ્ર નૃત્ય કરે ત્યારે હજારો રૂપ

બનાવે છે – તેમાં આત્માના પ્રદેશો પણ તે પ્રકારે ફેલાય છે તેનું નામ વિક્રિયા સમુદ્‌ઘાત છે. ચક્રવર્તી વગેરેને પણ વિક્રિયા થાય છે.

નિશ્ચયથી તો આત્મામાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનો ભેદ પણ નથી, છતાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જેમ છે તેમ યથાર્થ જ્ઞાન તો કરવું જોઈએ.

(૪) **મારણાંતિક સમુદ્‌ઘાત :–** મરણના અંત સમયે મૂળ શરીરને છોડ્યા વગર જ્યાંનું નવું આયુષ્ય બંધાયું હોય ત્યાં જઈને આત્માના પ્રદેશો સ્પર્શી આવે – તેનું નામ મારણાંતિક સમુદ્‌ઘાત છે. જુઓ, લોકો કહે છે કે 'જ્યાં જવાનું છે તે સ્થાન જોઈ આવ્યો' – તે વાત તો જૂઠી છે, પણ જીવના પ્રદેશોની કોઈ વખતે એવી લાયકાત હોય છે કે જ્યાં ઊપજવાનો હોય ત્યાં તેના પ્રદેશો જઈ આવે. તેને પોતાને તેની ખબર ન પડે. આવો સમુદ્‌ઘાત કોઈને થાય ને કોઈને ન થાય. જેની લાયકાત હોય તેને થાય છે. બધાને થતો નથી. આ સમુદ્‌ઘાત સાથે સમ્યગ્દૃષ્ટિ કે મિથ્યાદૃષ્ટિનો સંબંધ નથી. આ બધાય સમુદ્‌ઘાતમાં એ વાત સમજી લેવી કે જે જીવની તે પ્રકારની યોગ્યતા હોય તેને જ તે સમુદ્‌ઘાત થાય છે, બધા જીવને થતો નથી. જુઓ, આ કેવળીગમ્ય સ્વરૂપ છે. તે તર્કનો વિષય નથી.

**(૫) તૈજસ સમુદ્‌ઘાત :–** તેના બે પ્રકાર છે. શુભ અને અશુભ. આ સમુદ્‌ઘાત મુનિને જ હોય છે. પોતાના મનમાં અનિષ્ટભાવ ઉત્પન્ન થવાના કારણરૂપ પદાર્થને દેખીને જેના મનમાં ક્રોધ ઊપજ્યો હોય – એવા મુનિના ડાબા ખંભામાંથી એક પૂતળું નીકળે છે, સિંદૂરના ઢગલા જેવું કાન્તિવાળું તથા બાર યોજન લાંબુ, સૂચિ અંગુલના સંખ્યાતમા ભાગ પ્રમાણ મૂળ વિસ્તારવાળું તથા નવ યોજન અગ્ર વિસ્તારવાળું બિલાવા (બિલાડી)ના આકારને ધારણ કરનારું પૂતળું નીકળે છે, તે ડાબી પ્રદક્ષિણા દઈને મુનિને જેના ઉપર ક્રોધ થયો હોય તે પદાર્થને બાળી નાખે છે. પછી તે મુનિને પણ બાળી નાખે છે, ને પોતે પણ બળી જાય છે. મુનિ નરકમાં જાય છે. – આ વખતે જીવના પ્રદેશો મૂળ શરીરને છોડ્યા વગર બહાર ફેલાય છે તેનું નામ અશુભ તૈજસ સમુદ્‌ઘાત છે.

જેમ 'દ્વીપાયનમુનિ'ને ક્રોધ થતાં તેમના શરીરમાંથી પૂતળું નીકળ્યું ને દ્વારિકાને બાળી નાખી, – તે વખતે અશુભ તૈજસસમુદ્‌ઘાત થયો. 'શ્રી નેમિનાથ' ભગવાનના દિવ્યધ્વનિમાં એમ આવ્યું હતું કે બાર વર્ષ પછી 'દ્વીપાયમુનિ' દ્વારા ભસ્મ થઈ જશે. ત્યારે 'દ્વીપાયન'ને એમ થયું કે હું દૂર ચાલ્યો જાઉં – જેથી મારાથી દ્વારિકા ન સળગે ! જુઓ, એને જિનવાણીની શ્રદ્ધા ન બેઠી. પછી બાર વર્ષ પૂરા થયા પહેલાં તે દ્વારિકા આવે છે, ત્યાં રાજકુમારો મદ્યના ઘેનમાં તેને પથરા મારે છે, ને 'દ્વીપાયમુનિ' ક્રોધિત થતાં તૈજસસમુદ્‌ઘાત થઈને દ્વારિકાને ભસ્મ કરે છે. જુઓ, ક્રોધ થયો માટે આવો સમુદ્‌ઘાત થયો – એમ પણ ખરેખર નથી, જીવના પ્રદેશોની જ તે પ્રકારની લાયકાત છે.

વળી શુભ તૈજસ સમુદ્‌ઘાતની વાત કરે છે. અશુભ તૈજસ સમુદ્‌ઘાતમાં ક્રોધનું નિમિત્ત

છે, ને આ શુભ તૈજસ સમુદ્‌ઘાતમાં કરુણાનું નિમિત્ત છે. કોઈ મહારોગ, દુષ્કાળ વગેરેથી જગતને પીડિત દેખતાં જેમને કૃપા ઊપજી છે એવા પરમ સંયમનિધાન મહાઋષિને શરીરના જમણા ખભામાંથી પૂર્વોક્ત માપનું સુંદર સૌમ્ય આકારનું પૂતળું નીકળે છે અને જમણી પ્રદક્ષિણા કરીને દુર્ભિક્ષ - રોગ વગેરે દૂર કરીને પાછું શરીરમાં પ્રવેશી જાય છે – આનું નામ શુભ તૈજસ સમુદ્‌ઘાત છે. જુઓ, મુનિદશામાં આવો કરુણાનો ભાવ પણ કોઈ વાર આવી જાય છે. આવી કરુણા આવે તેથી કાંઈ મિથ્યાત્વ થઈ જતું નથી. અહીં શુભ તૈજસમાં મુનિને 'પરમ સંયમ નિધાન' કહ્યાં. ને અશુભ તૈજસમાં 'પરમ' શબ્દ ના વાપર્યો. જુઓ, અસંયમી જીવ ઉપર કરુણા આવે તે પાપ નથી પણ પુણ્ય છે, મુનિદશામાં પણ તેવો ભાવ આવે છે. અજ્ઞાની જીવો તેને પાપ મનાવે છે, તે વાત જૂઠી છે. સામા જીવો બચે ને ભવિષ્યમાં પાપ કરે તેનું પાપ મુનિને નથી ને કોઈ શુભભાવથી અનુકંપાથી ધન આપી પશુ છોડાવે તે પણ પાપ નથી, શુભભાવ છે.

અહો ! અંતરમાં ચૈતન્યની સુખશય્યાને જે મોક્ષમાર્ગ છે તેને અજ્ઞાની જીવોએ પીંખી નાખ્યો છે. જુઓ, આ જીવના પ્રદેશોનો સ્વભાવ ! અંદર કરુણાનો ભાવ આવતાં કોઈને આવો સમુદ્‌ઘાત થાય છે, પણ કરુણા આવી માટે આવો સમુદ્‌ઘાત થયો એમ નથી. જુઓ, કુદરતમાં એવો મેળ છે કે ક્રોધ વખતે ડાબા ખભેથી પૂતળું નીકળે ને કરુણા વખતે જમણા ખભામાંથી નીકળે છે. કરુણાના વિકલ્પ વખતે પણ બધા મુનિને આમ નથી થતું, જેને તેવી લાયકાત અને તેવી ઋદ્ધિ હોય તેને જ આવો સમુદ્‌ઘાત થાય છે. આમાં શુભભાવ છે – પુણ્ય છે, અસંયમી જીવો બચીને પછી પાપ કરે – તેથી તેનું પાપ કાંઈ બચાવનારને લાગતું નથી, બચાવનારે તો શુભભાવ કર્યો, તેનું તેને પુણ્ય છે. છઠ્ઠા ગુણસ્થાને ઝૂલતા પરમ સંયમી ભાવલિંગી સંતને પણ કરુણાનો ભાવ આવી જાય છે. તેને જે પાપ મનાવે તેને તો જૈનદર્શનના સ્થૂળ વ્યવહારની પણ ખબર નથી. ગૃહસ્થને કે મુનિને શુભભાવ આવે તે પુણ્ય છે. ભલે સામો જીવ અસંયમી હોય, પણ આ જીવને તો પોતાના શુભભાવથી પુણ્ય છે, તે ધર્મ પણ નથી અને પાપ પણ નથી. પરમસંયમી મુનિને કરુણા થતાં શુભતૈજસસમુદ્‌ઘાત થાય છે ત્યાં તેના નિમિત્તે દુર્ભિક્ષ-રોગ વગેરે દૂર થઈ જાય છે – એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. સામે તેવી લાયકાત હતી, ને અહીં જીવના પ્રદેશોમાં તે પ્રકારની પર્યાયની લાયકાત છે. અશુભતૈજસસમુદ્‌ઘાતવાળો તો સંયમથી ભ્રષ્ટ થઈ જાય છે, ને આ શુભ સમુદ્‌ઘાતવાળા મુનિ સંયમથી ભ્રષ્ટ થતા નથી.

**(૬) આહારસમુદ્‌ઘાત :–** આહારક શરીર નામની એક લબ્ધિ થાય છે, આ લબ્ધિ ભાવલિંગી સંતને જ હોય છે. આ પરમ ઋદ્ધિના ધારક પરમ ઋષિ મુનિરાજને જ્યારે પદ કે પદાર્થમાં કાંઈક સૂક્ષ્મ શંકા ઊપજે ત્યારે માથામાંથી નિર્મળ સ્ફટિક જેવું સુંદર રૂપ ધારણ કરનારું એક હાથનું પૂતળું નીકળીને અંતર્મુહૂર્તમાં જ્યાં કેવળીભગવાન બિરાજતા હોય ત્યાં જાય ને કેવળીના દર્શનથી મુનિને પદ અને પદાર્થનો નિશ્ચય થઈ જતાં ફરી તે પૂતળું મૂળ સ્થાને આવી જાય

છે. શુભતૈજસ સમુદ્‌ઘાત કરતાં આમાં વિશેષતા છે તેથી મસ્તકમાંથી પૂતળું નીકળે છે. આવું પૂતળું નીકળે ત્યારે મુનિના આત્માના પ્રદેશો પણ તે પ્રમાણે ફેલાય છે. તે વખતે આહારસમુદ્‌ઘાત હોય છે.

આનો સાર છેલ્લે એમ લેશે કે શુદ્ધાત્માની ભાવના ચૂક્યો તેથી આવા શરીરનું ગ્રહણ થયું છે, માટે દેહનું મમત્વ છોડીને દેહથી ભિન્ન એવા શુદ્ધાત્માની ભાવના કરવી.

**શ્રાવણ સુદ ૯, ગુરુવાર, ૩૧-૭-૫૨**

સર્વજ્ઞ ભગવાને કહેલ છયે વસ્તુના દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રિકાળ સ્વતંત્ર છે, તેમાં જીવના અસંખ્ય પ્રદેશો નિત્ય અવસ્થિત રહીને તેનો સંકોચ-વિસ્તાર થાય છે તે પર્યાયની પણ સ્વતંત્રતા છે. તે વાત ચાલે છે.

વળી એક શરીર છોડી બીજા ભવમાં બીજું શરીર ધારણ કરવા જાય છે ત્યાં વચ્ચે કાર્મણ અને તૈજસ શરીર સહિત ગતિ કરે છે. ત્યાં પૂર્વના શરીર પ્રમાણ જીવના અરૂપી પ્રદેશોનો આકાર રહે છે. તે પણ સ્વતંત્ર યોગ્યતાથી છે. કોઈ કહે છે કે મરણ પછી અમુક દિવસ ઘરનાં નેવાં વગેરે ઠેકાણે જીવ રોકાઈ રહે છે તો તે વાત ખોટી છે. એક, બે કે ત્રણ સમયમાં જ બીજુ શરીર ધારણ કરે છે.

છ સમુદ્‌ઘાતની વાત આવી ગઈ છે.

(૭) **કેવળી સમુદ્‌ઘાત :–** વળી કોઈ સર્વજ્ઞ કેવળજ્ઞાનીને તેરમા ગુણસ્થાનના છેડે દંડ, કપાટ, પ્રતર, લોકપૂરણ એમ ચાર સમયમાં આત્માના પ્રદેશો પહોળો થાય છેઅને ચાર સમયમાં ક્રમે સંકોચાઈને મૂળ શરીર પ્રમાણે થઈ જાય છે. જડકર્મ કે જ્ઞાનને કારણે નહિ પણ સ્વતંત્ર તે જાતની યોગ્યતાથી તે અવસ્થા થાય છે ને ચાર અઘાતિકર્મ તેના કારણે ખરે છે. લોકપૂરણ સમુદ્‌ઘાત વખતે કેવળીભગવાનના આત્માના પ્રદેશો નરકક્ષેત્રની અતિશીત-ઉષ્ણતામાં પણ ફેલાય છે છતાં પોતાના અનંત સ્વચતુષ્ટયને જે કેવળી ભગવાન અનુભવે છે પણ નરકક્ષેત્રની પ્રતિકૂળતાને જરાય અનુભવતા નથી. એક દ્રવ્યને બીજા સાથે કાંઈ સંબંધ નથી.

જુઓ, વ્યંજનપર્યાય – જીવના પ્રદેશોનો આકાર ઘણો પહોળો થયો તેથી અર્થપર્યાય એટલે પ્રદેશત્વગુણ સિવાય બાકીના ગુણોના પરિણમનમાં વધઘટ થતી નથી. આવી વાત સર્વજ્ઞ વિના હોય નહિ.

હવે તેના ઉપર નય ઉતારે છે અર્થાત્ નયજ્ઞાનનો વિષય કરી બતાવે છે. નિશ્ચયથી આત્મા

ત્રિકાળ લોકાકાશપ્રમાણ અસંખ્યપ્રદેશી છે અને વ્યવહારથી શરીર પ્રમાણે તથા સાત પ્રકારના સમુદ્‌ઘાત પ્રમાણે નાની મોટી અવગાહનાવાળો છે. વર્તમાન ગુરુ-લઘુ એટલે કે મોટા-નાના દેહ પ્રમાણે જીવ કહ્યો તે અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહારનયથી છે અને જીવનું નિત્ય અસંખ્યપ્રદેશીપણું છે તે નિશ્ચયનયથી છે. લોકાકાશપ્રમાણ નિજ અસંખ્યપ્રદેશોનો ધારક આત્મા છે. આવો સ્વભાવ અને સ્વભાવવાન આત્મા જુદા નથી.

અહીં 'વા' શબ્દથી ગ્રંથકાર એમ કહે છે કે સ્વસંવિત્તિ (અતીન્દ્રિય શુદ્ધ આત્મજ્ઞાન)થી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે. પર્યાયના આશ્રયથી સમ્યક્ત્વ અને કેવળજ્ઞાન થતું નથી, સંવર-નિર્જરા-મોક્ષપર્યાયની પણ અપેક્ષા છોડી ત્રિકાળી સ્વચૈતન્યમૂર્તિ દ્રવ્યસ્વભાવ તેનું નિશ્ચયસંવેદન તેનાથી જ કેવળજ્ઞાન ઊપજે છે, પરાશ્રયથી કે વ્યવહારથી નહિ.

**(૧) આત્મા સર્વવ્યાપક છે :–** કેવળજ્ઞાન અવસ્થામાં વ્યવહારનયની અપેક્ષાથી આત્માને લોક-અલોકમાં વ્યાપક માનેલ છે પણ પોતાના અસંખ્યપ્રદેશમાં વ્યાપકપણું છોડી પરક્ષેત્રમાં વ્યાપક થતો નથી પણ સર્વને જાણવાની અપેક્ષાએ વ્યવહારથી-ઉપચારથી વ્યાપક કહેલ છે. નૈયાયિક, મીમાંસક તથા સાંખ્યમતવાળા આત્માને પ્રદેશોની અપેક્ષાએ વ્યાપક માને છે તેમ નથી.

**(૨) જડ :–** પાંચ ઇન્દ્રિય અને મનના વિષયોના જે શુભઅશુભ વિકલ્પ તેનાથી રહિત જે અતીન્દ્રિય સ્વસંવેદન સમાધિ-ધ્યાનરૂપ જ્ઞાનથી આત્મામાં લીન થાય છે તે કાળે એકલા આત્મજ્ઞાનમાં લીનતા-એકાગ્રતા છે તેમાં બાહ્ય વિષયરૂપ ઇન્દ્રિયજ્ઞાનનો અભાવ છે. તે અપેક્ષાએ આત્માને જડ માનવામાં આવે છે. બહાર ઉપસર્ગ, પરિષહ, સંકલ્પ-વિકલ્પનો ખ્યાલ નથી. તે અપેક્ષાએ અતીન્દ્રિય જ્ઞાનને જડ કહ્યું છે. સ્વ તરફની જાગૃતિ રહી છે ને પર તરફની જાગૃતિ ગઈ છે. પણ સાંખ્યમતની જેમ આત્મા સર્વથા જડ નથી.

કોઈને પ્રશ્ન થાય કે શાસ્ત્રો વડે તો ઘણું જ્ઞાન થાય છે, બહારનું પણ ઘણું જણાય છે તો તે જ્ઞાનનો વિકાસ આત્માને જાણવા વખતે ક્યાં ગયો ? તેને કહે છે કે બહારનું જાણપણું ઓછું હોય વા અધિક હોય તેની કીંમત નથી, પર તરફના વિકલ્પરૂપ વિકાસની અંતર માટે જરૂર નથી. બાહ્ય વિષયોને નથી જાણતો માટે જ્ઞાન ઘટી ગયું એમ નથી. અંતર્મુખ દ્રવ્યસ્વભાવમાં એકાગ્ર થયો તેને નિર્મળ વીતરાગજ્ઞાનમાં જાગૃતિ વધી છે, જડતા નથી. બહારમાં શરીર ઘાણીમાં પીલાય, સિંહ ફાડી ખાય છતાં ધ્યાન વખતે તેને જ્ઞાન ન જાણે. નિશ્ચયથી તે વખતે અખંડ ચૈતન્ય જ્ઞાનાનંદની જાગૃતિ છે, વ્યવહારમાં જડ છે. એક સાથે બે તરફ જ્ઞાનનું લક્ષ ન હોય. પાંચ ઇન્દ્રિયોના ઉપયોગને ભૂલ્યો, વ્યવહારાતીત થયો, નિશ્ચય સ્વાશ્રય સ્વભાવપણે અંદર એકાગ્ર થયો ત્યારે મુનિદશા અને કેવળજ્ઞાનદશા પ્રગટ થાય છે.

આત્માના સ્વભાવ તરફ વળીને સ્વસંવેદનમાં એકાગ્ર થયો તે વખતે ઇન્દ્રિય તરફના જ્ઞાનનો અભાવ છે તે અપેક્ષાએ આત્માને જડ કહ્યો. આ વાત કરીને એમ બતાવ્યું કે બાહ્ય વિષયમાં જાગૃતિ ન હોવા છતાં અંતરમાં જ્ઞાનની જાગૃતિ વધે છે – સાધકભાવની ઉગ્રતા વર્તે છે.

માટે હે મૂઢ અજ્ઞાની ! ઇન્દ્રિયજ્ઞાનનો મહિમા તું છોડ. ધ્યાન વખતે ઇન્દ્રિયજ્ઞાન ન હોવા છતાં સાધકભાવની ઉગ્રતા છે.

(૩) **શૂન્ય :–** વળી આત્મા જ્યારે સ્વસન્મુખ થઈને સ્વભાવમાં ઠર્યો ત્યારે અંતરમાં તેને રાગ-દ્વેષાદિ વિભાવ પરિણામોનો અભાવ છે, તે અપેક્ષાએ આત્મા શૂન્ય પણ છે. પણ સર્વથા શૂન્ય નથી, વિભાવથી શૂન્ય છે. સત્યને સ્થાપું ને અસત્યને ઉથાપું – એવો વિકલ્પ પણ અંતરના ધ્યાન વખતે ઊઠતો નથી. સત્તાસ્વરૂપમાં એમ કહ્યું છે કે અસત્યની પ્રરૂપણા સાંભળતાં જો અંદર તેને ઉથાપવાનો તલાકભાવ ન આવે, તો તે જીવ મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે – ત્યાં તો તે વિકલ્પવાળા જીવની વાત છે. અહીં તો ધ્યાન વખતની વાત છે. વિકલ્પ આવે છે તે પોતાની નબળાઈ છે. તે તે નબળાઈ પણ દૂર કરીને અપ્રમત્ત થઈને સ્વરૂપમાં ઠર્યો ત્યાં એવી ઉગ્રતા થઈ ગઈ કે વિકલ્પ પણ ઊઠતો નથી, માટે ત્યાં વિભાવની શૂન્યતા છે. પોતાના અનંતજ્ઞાનાદિ સ્વભાવથી ભરપૂર પરિપૂર્ણ છે, ને વિભાવથી ખાલી છે. ધર્મીને શાસનની પ્રભાવનાનો ભાવ આવે, સત્યની જોરશોરથી સ્થાપનાનો ભાવ આવે - પણ તે રાગ છે, જ્યારે ચિદાનંદ સ્વરૂપમાં ઠર્યો ત્યારે તો તેવો રાગ પણ હોતો નથી, ત્યાં રાગની શૂન્યતા છે, ને જ્ઞાનની પૂર્ણતા છે. જ્યાં જ્ઞાનની પૂર્ણતા થઈ ત્યાં રાગની શૂન્યતા છે. બૌદ્ધમતિ એમ કહે છે કે જેમ દીવામાંથી મસ કાઢવા માટે દીવો જ ઓલવી-બૂઝાવી નાખવો જોઈએ છે તેમ આત્મામાંથી વિકાર કાઢી નાખવા માટે જ્ઞાનનો પણ અભાવ થઈ જાય છે. – તે વાત જૂઠી છે. તેનો દાખલો પણ ખોટો છે. મસ વગરના દીવા પણ હોય છે, તેમ રાગ વગરનું એકલું જ્ઞાન પણ રહે છે. રાગનો નાશ થતાં કાંઈ જ્ઞાનનો નાશ થઈ જતો નથી. આત્મા રાગથી ખાલી છે, પણ જ્ઞાનથી તો પરિપૂર્ણ ભરેલો છે.

(૪) વળી આત્માને 'અણુમાત્ર' કહ્યો છે, ત્યાં 'અણુ' કહેતાં એક પુદ્‌ગલપરમાણુ ન સમજવો, પણ અણુ એટલે સૂક્ષ્મ શરીર, તે શરીરપ્રમાણ આત્મા હોય તે અપેક્ષાએ તેને 'અણુમાત્ર' કહેવાય છે. નિગોદના લબ્ધિ અપર્યાપ્ત જીવને જે નાનામાં નાનું શરીર હોય છે – તે આંખથી દેખાય નહિ એવું સૂક્ષ્મ છે, તેને અહીં 'અણુ' કહ્યું છે. તે અણુપ્રમાણ હોવાથી આત્માને અણુમાત્ર કહ્યો છે, તે વખતે પણ આત્માના અસંખ્યપ્રદેશો તો એટલા ને એટલા જ છે.

(૫) વળી 'ગુરુ' કહેતાં હજાર યોજનનું મોટું શરીર સમજવું. એક હજાર યોજનના માછલાં થાય છે. તે શરીરપ્રમાણ આત્મા છે તે અપેક્ષાએ આત્મા 'ગુરુ' એટલે કે મોટા શરીરપ્રમાણ છે. અણુ અને ગુરુ વચ્ચેની જે અવગાહના છે તે મધ્યમ અવગાહના છે. એ રીતે જીવ નાનાં-મોટાં શરીરપ્રમાણ છે. આ શરીરપ્રમાણ તે વ્યવહારનયથી છે. ને અસંખ્યપ્રદેશી તે નિશ્ચયનયથી છે.

એ પ્રમાણે 'નયાર્થ' કહ્યો.

હવે 'ભાવાર્થ' એટલે કે ગાથાનું તાત્પર્ય કહે છે.

અહીં આ ગાથાનું તાત્પર્ય એ છે કે – ચૈતન્યને ચૂકીને દેહના મમત્વને લીધે દેહને ધારણ કરીને જીવ સંસારમાં પરિભ્રમણ કરી રહ્યો છે, માટે તે દેહાદિકના મમત્વને છોડીને નિર્મોહ એવા પોતાના શુદ્ધ ચિદાનંદ સ્વભાવને ઓળખીને તેની ભાવના કરવી. આવા શુદ્ધ આત્માની ભાવના કરતાં દેહનો અભાવ થઈને શુદ્ધ સિદ્ધદશા પ્રગટે છે. આત્માને 'દેહમાત્ર' કહ્યો તે કાંઈ દેહની ભાવના કરવા માટે કહ્યું નથી, પણ દેહથી ભિન્ન ચિદાનંદમૂર્તિ આત્માને જાણીને તેની ભાવના કરવી – તે તાત્પર્ય છે. જુઓ, ચૈતન્યના ભાન વગર દેહની દરકાર છોડીને છાણ ખાય-વીંછી ખાય – તે તો મૂઢતા છે, ચૈતન્યના ભાનવાળા વીતરાગી સંત તો મહાવિવેકી હોય છે, તે છાણ વગેરેને અડે પણ નહીં. ચૈતન્યના ભાન વિના ગમે તેમ કરે તોપણ કલ્યાણ થાય નહીં, માટે દેહથી ભિન્ન ચૈતન્યતત્ત્વ શું છે તેને ઓળખીને શુદ્ધ જીવની ભાવના ભાવવી. ॥૧૦॥

હવેની ત્રણ ગાથામાં સંસારી જીવનું તેમ જ શુદ્ધ જીવનું સ્વરૂપ કહેશે. સંસારદશા હેય છે, તોપણ તેનું જ્ઞાન તો કરવું જોઈએ, તેથી તેનું જ્ઞાન કરાવવા તેનું પણ વર્ણન કરશે.

**રાગ છે તે ચૂડેલ ડાકણ સમાન છે, રાગનો પ્રેમ કરવાથી એ તને ખાઈ જશે-ભરખી જશે. પાપરાગની તો શું વાત ! પણ શુભરાગ કે જેણે હજારો રાણી છોડીને રાજપાટ છોડીને પંચમહાવ્રતના શુભરાગમાં પ્રેમ કર્યો છે તે આનંદસ્વરૂપ આત્માને ઘાયલ કરે છે, મારી નાખે છે. વીતરાગભાવ ધર્મ છે તેને રાગભાવથી ધર્મ મનાવે તે વીતરાગના વેરી છે. પાપી મિથ્યાદૃષ્ટિ છે.**

**(પરમાગમસાર–૮૯)**

## પ્રસાદ નં. – ૨૮૧

**વી. નિ સં. ૨૪૭૮, શ્રાવણ વદ ૧, વર્ષ ૨જું. પુસ્તક દસમું,**
**સોનગઢ, તા. ૬-૮-૫૨, બુધવાર.**
**શ્રી દ્રવ્યસંગ્રહ ગાથા–૧૧**
**(શ્રાવણ સુદ ૧૦, શુક્રવાર, ૧-૮-૫૨ બપોર)**

હવે ત્રણ ગાથામાં ૧૪ માર્ગણાસ્થાન, ૧૪ જીવ સમાસ, ૧૪ ગુણસ્થાનદ્વારા સર્વ સંસારી જીવોનું સ્વરૂપ નય વિભાગથી કહે છે. વ્યવહારનયથી દેખો તો વર્તમાનપર્યાયમાં સંસારીપણું હોવા છતાં નિશ્ચયનયથી તો સર્વ સંસારી જીવો સિદ્ધ પરમાત્માસમાન શુદ્ધ છે.

**ગાથા-૧૧**

**पुढविजलतेयवाऊ वण्णफ्फदी विवहथावरेइंदी।**
**विगतिगचदुपंचक्खा तसजीवा होंति संखादी।।११।।**

**ગાથાભાવાર્થ :–** પૃથિવી, જલ, તેજ, વાયુ, વનસ્પતિના ભેદોથી અનેક પ્રકારના સ્થાવર જીવ છે તે બધા પોતાની જ યોગ્યતાથી એક સ્પર્શનઇન્દ્રિયને જ ધારણ કરે છે ને તે શુદ્ધ ચિદાનંદ સ્વભાવી સ્વવસ્તુની વિરાધનાથી સ્વયં કરેલા અપરાધનું ફળ છે. તથા શંખ આદિ બે, ત્રણ, ચાર ને પાંચ ઇન્દ્રિયોધારા ત્રસ જીવો છે. તેને કોઈ ઈશ્વરે કર્યા નથી, કોઈ કર્મને લઈને તેમને આવી દશામાં રખડવું પડે છે એમ પણ નથી.

**વ્યાખ્યાર્થ :–** દરેક જીવ અતીન્દ્રિય છે. તોપણ 'होंति' = થયા છે. શું થાય છે ? કે અતીન્દ્રિય અમૂર્તિક જ્ઞાયક અવિકારી નિજ પરમાત્મસ્વભાવ છે તેના અનાકુળ આનંદરૂપ અનુભવથી ઉત્પન્ન સુખરૂપી અમૃતરસને નહિ પામીને પોતાને જ ભૂલેલા તે છદ્મસ્થ (આવરણરૂપ

હીણી દશાવાળા) જીવ તુચ્છ જે ઇન્દ્રિયોના આલંબનથી ઉત્પન્ન આકુળતામય સુખ તેની અભિલાષા કર્યા કરે છે.

જ્ઞાની સાધક તો પૂર્ણ જ્ઞાયક સ્વભાવના આશ્રયે નિર્મળ વિકાસમાં જાગૃત છે, અજ્ઞાની વર્તમાન હીણી પર્યાયમાં રોકાયેલો છે. જુઓ, પોતાની ભૂલથી એકેન્દ્રિય આદિમાં રખડે છે. કોઈ વિદ્વાન નામ ધરાવીને કહે છે કે એકેન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિય સુધીના જીવોને કર્મનું જોર છે તેથી સંસારમાં ભમે છે. ત્યારે અહીં ટીકાકાર કહે છે કે અતીન્દ્રિય અમૃતાનંદ સ્વભાવને પ્રાપ્ત કરતો નથી તે જીવની ભૂલ છે, કોઈ કાળ, ક્ષેત્ર, સંયોગ, કર્મ કે ઈશ્વરે ભૂલ કરાવી છે, એમ નથી. અજ્ઞાની ત્રિકાળ મુક્તાનંદ ચૈતન્યની રુચિ કરતો નથી અને પર ઇન્દ્રિય તરફ, વર્તમાન પર્યાય તરફના વલણથી પરમાં સુખ માને છે. જ્ઞાની પરથી રાગદ્વેષ કે સુખ-દુઃખ માનતા નથી તેથી જ્ઞાનીને ગૃહસ્થદશામાં વિષયો તરફ અલ્પ રાગ હોવા છતાં તેને વિષયોમાં સુખની અભિલાષા નથી તે તો જ્ઞાનાનંદ નિધિમાં નિરંતર સંતોષવાન છે તેથી એકેન્દ્રિય આદિમાં અવતાર લેતો નથી.

અજ્ઞાની પોતાને ભૂલી પર વિષયોની ઇચ્છા કરે છે. જ્ઞાનાનંદ નિધિને ભૂલે છે, અને ઇન્દ્રિયસુખમાં આસક્ત થઈ એકેન્દ્રિય આદિ જીવોનો ઘાત કરે છે તેથી ત્રસ તથા સ્થાવર નામકર્મના ઉદયથી અને પોતાની લાયકાતથી પૃથ્વી આદિરૂપ થાય છે.

તે જીવ સ્પર્શ ઇન્દ્રિય સહિત એકેન્દ્રિય થાય છે, કોઈ કરતું નથી. માત્ર સ્થાવર જ થતો નથી પણ બે, ત્રણ, ચાર તથા પાંચ ઇન્દ્રિયોધારી ત્રસ નામકર્મના ઉદયથી થાય છે. શંખ આદિ સ્પર્શન - રસન એ બે ભાવ ઇન્દ્રિયરૂપ અલ્પ વિકાસને પામ્યો, તે પોતાની પર્યાયની યોગ્યતાથી પામ્યો છે ને તેને યોગ્ય દ્રવ્યઇન્દ્રિયનો સંયોગ મળે છે. કોઈનો કર્તા કોઈ નથી. એ પ્રમાણે પંચેન્દ્રિય સુધીનો ક્ષયોપશમ - ઉઘાડ પામે તેને તેટલી જડ ઇન્દ્રિયો હોય છે.

અહીં તાત્પર્ય એ છે કે નિર્મળ જ્ઞાનદર્શનઆનંદ સ્વભાવનો ધારક જે નિજપરમાત્મરૂપ આત્મા તેની ભાવનાથી ઉત્પન્ન જે પારમાર્થિક સુખ તેને ઊંધા પુરુષાર્થથી નથી પ્રાપ્ત કરતો એવો જીવ ઇન્દ્રિયસુખમાં આસક્ત થઈ હિંસક થાય છે, તેના કારણે અજ્ઞાની ત્રસ-સ્થાવરમાં ઊપજે છે. તેના નાશ માટે પૂર્વોક્ત પ્રકારે શુદ્ધ પરમાત્મસ્વરૂપમાં ભાવના - એકાગ્રતા કરવી યોગ્ય છે. એક સમયમાં ત્રિકાળી પરિપૂર્ણ જ્ઞાનાનંદ સ્વભાવથી ભરેલો છું, તેની શ્રદ્ધા, રુચિ, લીનતા કરી તેની જ ભાવના કરવી યોગ્ય છે. ॥૧૧॥

હવે આ ત્રસ-સ્થાવરપણાને ૧૪ જીવસમાસ દ્વારા બતાવે છે :–

**ગાથા-૧૨**

## समणा अमणा णेया पंचिंदिय णिम्मणा परे सव्वे।
## बादरसुहमेइंदी सव्वे पज्जत्त इदरा य।।१२।।

**ગાથાભાવાર્થ :–** પંચેન્દ્રિય જીવ સંજ્ઞી અને અસંજ્ઞી – એમ બે પ્રકારના જાણવા અને બે ઇન્દ્રિય, ત્રિન્દ્રિય, ચૌરેન્દ્રિય – એ બધા મનરહિત અસંજ્ઞી છે. એકેન્દ્રિય બાદર અને સૂક્ષ્મ. બે પ્રકારના છે – તથા આ કહેલા સાતે પર્યાપ્ત અને અપર્યાપ્ત છે. એમ ૧૪ જીવસમાસ છે, તે પર્યાપ્ત-અપર્યાપ્ત આહાર, શરીર, ઇન્દ્રિય, શ્વાસોશ્વાસ, ભાષા, મન – એ રૂપ પોતાની વર્તમાન લાયકાતથી થાય છે.

**વ્યાખ્યાર્થ :–** 'समणा-अमणा' સર્વ પ્રકારના શુભ કે અશુભ વિકલ્પ તે આસ્રવ છે. બંધનું કારણ છે. જે ભાવે સર્વાર્થસિદ્ધિનો ભવ મળે વા તીર્થંકર નામકર્મ બંધાય તે ભાવ આસ્રવ છે, બંધનનું કારણ છે.

અહીં કહે છે કે અસંજ્ઞી મનરહિત છે તે દશા પલટી સંજ્ઞી મનવાળો કેમ થયો ? કે પોતાની લાયકાતથી થયો. જેમ પુદ્‌ગલની વર્તમાન પર્યાયમાં બીજા પુદ્‌ગલદ્રવ્યની વર્તમાન પર્યાયનો અન્યોન્યઅભાવ છે અને એક વસ્તુમાં બીજા દ્રવ્યનો અત્યંત અભાવ છે તેમ દરેક આત્માનું નિર્વિકલ્પ શુદ્ધ પરમાત્મ સ્વરૂપ છે, તેમાં કર્મ, શરીર અને સર્વ શુભાશુભ વિકારનો અત્યંત અભાવ છે. ભગવાન આત્મા દ્રવ્ય સ્વભાવે સદા અવિકારી છે. વિકાર-ઉદયભાવ તે પર્યાય અપેક્ષાએ જીવનું સ્વતત્ત્વ છે પણ દ્રવ્યસ્વભાવ તે વિકારી અંશથી તદ્દ્‌ન ભિન્ન છે. મહાવ્રતાદિ શુભરાગ વ્યવહાર છે. તે આત્મસ્વભાવ માટે બેકાર-નકામા છે. કેમકે તે એક સમયનો અરૂપી વિકાર ત્રિકાળ દ્રવ્યસ્વભાવમાં નથી, તેથી તે અભૂતાર્થ છે.

પુણ્ય-પાપના લક્ષણ વડે આત્મદ્રવ્ય ન ઓળખાય. પુણ્ય-પાપ તે વિકલ્પ જાળ છે. દાન દેવાના શુભરાગથી તથા અનુકંપાથી સંસાર પરિત ન થાય પણ પુણ્ય થાય. કોઈ એમ કહે છે કે મેઘકુમારે હાથીના ભવમાં સસલાની દયા પાળી ને તેથી પરિત સંસાર કર્યો તો તે વાત ન્યાયવિરુદ્ધ છે. કેમકે શુદ્ધ સમ્યગ્દર્શન વિના સંસાર ઘટે નહિ. કોઈ પણ પ્રકારના શુભ-અશુભ ભાવ તે વિકલ્પ જાળ છે તે જીવનું સ્વરૂપ નથી ને કોઈ પણ જીવને શુભ વિકલ્પ જાળોથી મોક્ષમાર્ગરૂપ ધર્મ થતો નથી. મન વડે શુભાશુભ રાગ થાય છે તે પરાલંબી વલણથી છૂટી નિર્વિકલ્પ જ્ઞાયકમાત્ર સ્વભાવથી જ ધર્મ થાય છે.

## પ્રસાદ નં. – ૨૮૩

### વી. નિ સં. ૨૪૭૮, શ્રાવણ વદ ૩, વર્ષ ૨જું. પુસ્તક દસમું, સોનગઢ, તા. ૮-૮-૫૨, શુક્રવાર. શ્રી દ્રવ્યસંગ્રહ ગાથા–૧૨ (શ્રાવણ સુદ ૧૧, શનિવાર, ૨-૮-૫૨ બપોર)

આચાર્યદેવ કહે છે કે આ આત્માની વર્તમાન પર્યાય હીણી છે. મનસહિતપણું કે રહિતપણું છે, અલ્પજ્ઞપણું છે તે સંસારદશા છે, તે રોગ છે, એ વાત બરાબર છે ? છે તો તે શાથી છે ને કેમ ટળે, તેનો ઉપાય કરવો જોઈએ. જેમ વૈદ છે તે રોગીને (રોગ મટાડવા માગતા રોગીને) રોગ, રોગનું કારણ અને નીરોગતાનો ઉપાય સમજાવે છે.

તેમ આચાર્યદેવ કહે છે કે તારી વર્તમાન અલ્પજ્ઞતાથી મનસહિત જાણે છે – એ વગેરે સંસારીપણું છે. સ્વતંત્ર જ્ઞાયકતત્ત્વનો વિરોધ કરીને અસંજ્ઞી અને સંજ્ઞીપણાની અવસ્થાને તું ધારણ કરે છે. મનના અવલંબને અટકીને કામ કરે છે તે તારી પરાધીનદશા છે, તે અશુદ્ધતા તારી સ્વતંત્રતા બતાવે છે. પંચેન્દ્રિય પ્રાણી સંજ્ઞી તથા અસંજ્ઞી હોય છે, તિર્યંચમાં જ એ બે ભેદ હોય છે. સમ્મૂર્ચ્છન મનુષ્ય પણ સંજ્ઞી જ છે. કોઈ કહે છે કે અસંજ્ઞી પંચેન્દ્રિય નારકીમાં પર્યાપ્ત ન થાય ત્યાં સુધી તે અસંજ્ઞી છે. સનાતન સિદ્ધાંતમાં કહે છે કે : નરકમાં ઊપજવા જનાર તે જીવ વાટે વહેતા પણ સંજ્ઞી છે. અહીં પણ કહે છે કે નારક, મનુષ્ય તથા દેવ એ સંજ્ઞી પંચેન્દ્રિય જ હોય છે.

લોકો સંયોગથી સુખ-દુઃખ માને છે પણ તે વસ્તુનું સ્વરૂપ નથી. નારકી કરતાં એકેન્દ્રિયને અનંતગણું દુઃખ છે. જ્ઞાતાદષ્ટાનો વિરોધ કરી, જ્ઞાનસામર્થ્ય હારી ગયા છે ને ચાર ઇન્દ્રિયો સંબંધી જ્ઞાનરહિત થયા છે તેથી એકેન્દ્રિય નારકીથી પણ મહાદુઃખી છે. વનસ્પતિ દેખાવમાં લીલી સુંદર દેખાય પણ મહામૂઢતા અને તીવ્ર કષાયવેદનથી મહાદુઃખી છે. વર્તમાન પર્યાયમાં જ્ઞાન ઘણું હીણું થઈ ગયું છે તે જ મહાદુઃખ છે. નારકીમાં છેદન, અગ્નિ આદિનું દુઃખ અજ્ઞાની માને છે. ઝાડ કપાય છે તેનું તે જીવને દુઃખ નથી, શરીરમાં લોહી ચાલ્યું જાય વગેરે સંયોગથી

દુઃખ નથી પણ અસંયોગી જ્ઞાનસ્વભાવના વિરોધરૂપ સંયોગીબુદ્ધિનું જ દુઃખ છે. પર્યાય વ્યક્ત બાહ્ય છે, દ્રવ્ય-ગુણ અપ્રગટ તાકાતરૂપ છે. જેને વ્યક્તપર્યાયની સ્વતંત્રતાની શ્રદ્ધા નથી તે જીવ દ્રવ્યગુણની સ્વતંત્રતાની દૃષ્ટિ કરી શકતો નથી. વિભાવ પણ સ્વતંત્ર તારાથી, હીણપ પણ તારાથી અને નિર્મળ વિકાસ પણ તારાથી છે, એમ સ્વતંત્ર સ્વભાવને જો.

મન તરફના વલણમાં શુભાશુભ વિકલ્પ છે તે સ્વતંત્ર પોતાના અપરાધથી છે એમ ન જાણે તેને મન, ઇન્દ્રિય અને રાગરહિત એકલો જ્ઞાયક છું એની શ્રદ્ધા કરવાની તાકાત નથી. બાદર તથા સૂક્ષ્મ એકેન્દ્રિયરૂપ અલ્પજ્ઞદશા ધારણ કરી ત્યારે તે જીવને આઠ પાંખડીના ખીલેલા કમળના આકારે જે દ્રવ્યમન છે તેનો અને તેના અવલંબનથી શિક્ષા, વચન, ઉપદેશ આદિને પકડનાર ભાવમનરૂપ જ્ઞાનનો ઉઘાડ – એ બન્નેનો અભાવ હોય છે તેથી તે અસંજ્ઞી જ છે.

સંજ્ઞી અને અસંજ્ઞી પંચેન્દ્રિય, બે, ત્રણ, ચાર ઇન્દ્રિયવાળા વિકલત્રય (અધૂરી ઇન્દ્રિયવાળા) તથા બાદર અને સૂક્ષ્મ એકેન્દ્રિય એ સાત ભેદ થયા, તેના પર્યાપ્ત અને અપર્યાપ્તા એમ કુલ ૧૪ ભેદ જીવના થયા તથા આહાર, શરીર, ઇન્દ્રિય, શ્વાસ, ભાષા તથા મન એ છ પર્યાપ્તિ છે. તેમાં એકેન્દ્રિય ને ચાર પર્યાપ્તિ હોય છે. સંજ્ઞી પંચેન્દ્રિયને છ હોય છે, બાકીના જીવોને મનરહિત પાંચ પર્યાપ્તિ હોય છે. એ બધી વર્તમાન પર્યાયની યોગ્યતા અશુદ્ધનયથી જીવનું સ્વતત્ત્વ છે. આત્મા સ્વભાવે તો ભગવાન છે પણ પર્યાયમાં જડની ઋદ્ધિ, અલ્પજ્ઞતા, પાણપર્યાપ્તિની ઉપાધિ છે તે બધી પરાધીનતાની હાલત બતાવે છે.

અશુદ્ધનયથી પ્રાણ, પર્યાપ્તિ, ગુણસ્થાન, માર્ગણામાં જીવ વર્તે છે. શુદ્ધનયથી એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીની બધી અવસ્થામાં બધા આત્મા ભગવાન છે – પ્રભુ છે. ૧૪ બ્રહ્માંડમાં બધા આત્મા ચિદાનંદ અમૃતવેલડીનાં ફળ છે. અનંતગુણનાં અખંડ કોળાં છે. દ્રવ્યસ્વભાવની અધિકતા, પ્રભુતા છે અને વર્તમાન ઊણી પર્યાયની હીનતા, તુચ્છતા છે એમ જાણી અતિ દુર્લભ અવસરમાં આ શુદ્ધાત્માને સમજવાનું ટાણું જાણી અશરીરી સિદ્ધ સ્વરૂપ જાણ.

શરીર, મન, ભાષા, પર્યાપ્તિ, શુભવિકલ્પથી પણ હું જુદો છું એમ જાણી એકલા શુદ્ધ પરમાત્મસ્વરૂપને ગ્રહણ કર, એ જ એક શરણ છે. કોઈ પરદ્રવ્ય કે પર દેવાદિ તને શરણરૂપ નથી, તને પરાધીન, ઓશિયાળો બતાવે તે સુદેવ-સુગુરુ નથી.

અહીં તો દરેક ગાથા દીઠ સ્વતંત્રાની દૃષ્ટિ કરાવી, પરથી જુદો બતાવી, સ્વાધીન સુખનો અક્ષય ભંડાર તું છો, એનો અનુભવ કરવાની વાત કહી છે. કોઈ સંયોગી ચીજ ઇષ્ટ-અનિષ્ટ નથી. જાડું વસ્ત્ર કોઈને કોઈ કાળે ઠીક લાગે, વળી અઠીક માને. વરસાદ પણ કોઈને ઠીક લાગે ને કોઈને અઠીક લાગે છે. પણ કોઈ પરચીજ ઇષ્ટ કે અનિષ્ટ કદી નથી. પૂર્ણરૂપ શુદ્ધ આત્મા તે ઇષ્ટ છે અને આત્માની અશુદ્ધપર્યાય અનિષ્ટ છે – આવું ભાન કરી પરથી ભિન્ન પોતાનું શુદ્ધાત્મતત્ત્વ છે તે જ નિરંતર ગ્રહણ કરવા યોગ્ય છે. ॥૧૨॥

હવે શુદ્ધ પારણિમાકિ પરમ ભાવને ગ્રાહક (જાણનાર) જે શુદ્ધદ્રવ્યાર્થિક નય છે તેનાથી સર્વ આત્મા - સર્વ સંસારી જીવ છે તે શુદ્ધ, બુદ્ધ, એક સ્વભાવના ધારક છે. બધાય આત્મા નિત્ય કેવળજ્ઞાન પરમાનંદના કંદ છે, શક્તિરૂપે સદાય પૂર્ણ શુદ્ધ સ્વભાવથી ભરેલા છે. ઉદય, ક્ષાયપોશમાદિ ભાવમાં નિમિત્તની અપેક્ષા છે ને ક્ષાયિકભાવમાં નિમિત્તના અભાવની અપેક્ષા છે. બન્ને અપેક્ષારહિત, ત્રિકાળ નિરપેક્ષ શુદ્ધ ચિદાનંદ દ્રવ્યસ્વભાવ તે જીવ વસ્તુ છે. સંસાર તે ઉદયભાવ છે. ઉપશમ સમકિત ને ઉપશમ ચારિત્ર તે નવી પર્યાય અનિત્ય છે તે પણ જીવદ્રવ્ય નથી, તે નિર્મળ પર્યાયો હોવા છતાં તેને ગૌણ કરી અસલી પૂર્ણ સ્વભાવની દૃષ્ટિ કરવી તે અપૂર્વ અને સુખી થવાનો ઉપાય છે.

'શ્રીમદ્ રાજચંદ્ર' કહે છે કે :– 'લોકોએ સાકરના શ્રીફળને વખાણી માર્યું પણ અહીં તો અમૃતની આખી નાળિયેરી છે.' બધાય આત્મા પૂર્ણ અમૃત આનંદની અવિનાશી નાળિયેરી છે.

ત્રિકાળ સામાન્ય શુદ્ધ ધ્રુવ સ્વભાવને ગ્રહણ કરવાનું જેનું પ્રયોજન છે એવી શુદ્ધ દ્રવ્યદૃષ્ટિથી જોઈએ તો સંસારી બધાય જીવ શુદ્ધ, બુદ્ધ, એક સ્વભાવના ધારક પ્રભુ છે. નિગોદના જીવો કે જે હજી કદી બે ઇન્દ્રિય થયા નથી તે પણ બધા પૂર્ણ પરમાત્મશક્તિના ભંડાર છે.

વસ્તુસ્વભાવ તો સદા આવો છે તો પણ વર્તમાન ભેદ ભંગથી અવસ્થાને દેખો તો ૧૪ માર્ગણા સ્થાન તથા ૧૪ ગુણસ્થાન સહિત છે. અહીં વ્યવહારનયથી નથી લીધું કારણ કે પોતાના કારણે પર્યાયમાં ભૂલેલા જીવને અનેક પ્રકારે અશુદ્ધતા થાય છે. સંસારનો વ્યય અને મોક્ષની ઉત્પત્તિ તે પણ અશુદ્ધનયનો વિષય છે. કારણ કે તે ભેદ છે એ તે ભેદ ઉપરથી પણ લક્ષ છોડાવવું છે.

જીવ છે તે શુદ્ધ પારિણામિકભાવથી સદા શુદ્ધ છે ને અશુદ્ધનયથી પર્યાયમાં અશુદ્ધ છે. જે શુદ્ધ છે તે જ અશુદ્ધ છે એ સાંભળતાં અજ્ઞાનીને નવાઈ લાગે છે. પણ જે દ્રવ્યસ્વભાવે શુદ્ધ છે તે જ પર્યાયમાં અશુદ્ધ છે.

કોઈ કહે લીલા રે અલખ અલખ તણી રે, લખ પૂરે મન આશ,
દોષરહિતને લીલા નવિ ઘટે રે, લીલા દોષ વિલાસ.

કોઈ ઈશ્વરને જગતની લીલાનો કર્તા માને છે પણ તે તો દોષનો વિલાસ છે. પણ સંસારમાં જેટલા જીવ છે તે પોતાના સ્વભાવે પૂર્ણ શુદ્ધ પ્રભુ હોવા છતાં પોતે સ્વભાવથી ભૂલ્યો છે તે પોતાની પર્યાયનો દોષરૂપ વિલાસ છે. તેનો કર્તા અશુદ્ધનિશ્ચયથી જીવ છે. કોઈ ઈશ્વર, કર્મ વગેરે દોષ કરાવે કે કોઈ દેવ, ગુરુ તારી દે એવું વસ્તુસ્વરૂપ નથી.

### ગાથા-૧૩

**मग्गणगुणठाणेहि य चउदसहि हवंति तह असुद्धणया।**
**चिण्णेया संसारी सव्वे सुद्धा हु सुद्धणया।।१३।।**

**ગાથાભાવાર્થ :–** ૧૪મા ગુણસ્થાન સુધી સંસારસ્થ ઉદયભાવ તે જીવનું સ્વતત્ત્વ છે, તે કોઈથી નથી. સંસારી જીવ અશુદ્ધનયથી ૧૪ માર્ગણા સ્થાનોથી તથા ૧૪ ગુણસ્થાનોથી ચૌદ ચૌદ પ્રકારના થાય છે અને શુદ્ધનયથી દેખો તો સર્વ સંસારી જીવ શુદ્ધ જ છે.

આ માર્ગણામાં ખુલાસો છે. 'ષટ્ખંડાગમ'માં 'ધવલ'ના ૯૩મા સૂત્રમાં 'સંજદ' પદનો જે ઝગડો છે તેનો સ્પષ્ટ ખુલાસો છે. આચાર્ય અહીં મૂળ ગાથામાં કહે છે કે માર્ગણા, ગુણસ્થાન તે અશુદ્ધનયથી જીવનું સ્વતત્ત્વ છે.

'શ્રી નેમિચંદ્ર સિદ્ધાંતિદેવ' આ ભાવમાર્ગણાને વ્યવહારનયથી નથી કહેતા પણ અશુદ્ધનયથી કહે છે તેથી માર્ગણા ભાવ અપેક્ષાએ જ છે. કેટલાક 'ધવલ' શાસ્ત્રમાંથી 'સંજદ' પદ કાઢી નાખવા માગે છે પણ આ ન્યાયથી તો ન કઢાય. ભાવમાર્ગણા હોવાથી 'સંજદ' પદ રાખવું જોઈએ. 'ગોમ્મટસાર', 'ધવલ' અને આ 'દ્રવ્યસંગ્રહ'માં એક જ વાત છે કે માર્ગણા ભાવ અપેક્ષાએ છે.

### શ્રાવણ સુદ ૧૨, રવિવાર, ૩-૮-૫૨

ભગવાન સર્વજ્ઞદેવે ત્રિકાળી જીવસ્વભાવ અને તેની પર્યાયની સમય સમયની લાયકાત સ્વતંત્ર જોઈ છે તેનું આ વર્ણન છે.

જીવમાં ચૌદ ગુણસ્થાન તથા ચૌદ માર્ગણાસ્થાનરૂપ પરિણમન થાય છે. ગુણસ્થાન અને માર્ગણાસ્થાનની પર્યાયરૂપે જીવ પોતે જ પોતાની યોગ્યતાથી થાય છે, કોઈ પરને લીધે તે પર્યાય થતી નથી. વિચિત્ર પર્યાયો થાય છે તે પણ તેનો જ સ્વભાવ છે. ત્રસ-સ્થાવર વગેરે ભેદરૂપ જે ચૌદ ગુણસ્થાનો કહ્યાં તે પણ જીવની પર્યાયની તેવી યોગ્યતા છે. મિથ્યાત્વથી માંડીને અયોગી ગુણસ્થાન સુધીની સંસારી જીવની જેટલી પર્યાયો છે તે બધી જીવની પોતાની યોગ્યતાથી છે

અને તે અશુદ્ધનયનો વિષય છે. જુઓ, તે જીવનો જ અશુદ્ધભાવ છે માટે તેને અશુદ્ધનયનો વિષય કહ્યો છે. જીવની સ્વતંત્રતા વડે જ તે ગુણસ્થાનો ને માર્ગણાસ્થાનો થાય છે, પણ જીવને સંસાર છે તે અશુદ્ધનયથી છે. શુદ્ધનયથી તો બધા જીવો શુદ્ધ છે. ગમે તે ગુણસ્થાન હો કે ગમે તે માર્ગણાસ્થાન હો, પણ તે જ વખતે અંતરના શુદ્ધસ્વરૂપની દૃષ્ટિથી જોતાં તો બધાય જીવો શુદ્ધ એકરૂપ જ્ઞાયકસ્વભાવી છે. સંસારપર્યાયના જેટલા ભેદો છે તે બધાય અશુદ્ધનયથી જ છે. શુદ્ધ ચિદાનંદ સ્વભાવની દૃષ્ટિથી જોતાં બધાય જીવો શુદ્ધ છે. પર્યાયમાં વિકાર વખતે પણ શુદ્ધનયથી તો આત્મા શુદ્ધ એકરૂપ છે. શુદ્ધનયથી આત્મા કદી વિકારપણે થયો જ નથી. ઢોરને કાપનારો કસાઈ હોય તેને મનુષ્યગતિ, કુમતિ, કુશ્રુતજ્ઞાન, મિથ્યાત્વદશા છે અને તે જ વખતે એક મુનિ ધ્યાનમાં લીન થઈને કેવળજ્ઞાન પ્રગટ કરે છે – એમ પર્યાયની યોગ્યતા ભિન્ન ભિન્ન છે પણ તે જ વખતે જો શુદ્ધનયથી જુઓ તો બધા જીવો એકરૂપ શુદ્ધ સ્વભાવના પિંડ છે, આ કેવળી અને આ કસાઈ – એવા ભેદ શુદ્ધનિશ્ચયનયના વિષયમાં નથી, શુદ્ધનયથી તો દરેક આત્મા સહજ સ્વભાવરૂપ એક જ્ઞાયકભાવ છે. શુદ્ધનયથી જોતાં આખું જગત આવા શુદ્ધ જીવોથી ભરેલું છે અને અશુદ્ધનયથી જોતાં સંસારપર્યાયની અનેક પ્રકારની લાયકાત પણ જીવની પોતાની છે.

સંસારદશામાં જીવને ગુણસ્થાનો હોય છે. તેમનાં નામ –

| | | |
|---|---|---|
| ૧. મિથ્યાત્વ, | ૨. સાંસાદન, | ૩. મિશ્રગુણસ્થાન, |
| ૪. અવિરતસમ્યક્ત્વ, | ૫. દેશવિરત, | ૬. પ્રમત્તવિરત, |
| ૭. અપ્રમત્તવિરત, | ૮. અપૂર્વકરણ, | ૯. અનિવૃત્તિકરણ, |
| ૧૦. સૂક્ષ્મસાંપરાય, | ૧૧. ઉપશાંતમોહ, | ૧૨. ક્ષીણમોહ, |
| ૧૩. સયોગી કેવળી જિન, | ૧૪. અયોગી કેવળી જિન. | |

હવે તે ચૌદ ગુણસ્થાનોનું સ્વરૂપ કહે છે.

## (૧) મિથ્યાત્વ ગુણસ્થાનનું સ્વરૂપ

શુદ્ધનયથી જીવ એકરૂપ શુદ્ધસ્વભાવી છે, પણ તેને ભૂલીને અનાદિથી સંસારમાં રખડે છે. તેમાં અનાદિથી મિથ્યાત્વ ગુણસ્થાન છે. વીતરાગ સર્વજ્ઞપરમાત્માએ જે જીવાદિ તત્ત્વો કહ્યા છે તેનું જેને યથાર્થ શ્રદ્ધાન નથી તે મિથ્યાદૃષ્ટિ છે. ભગવાને જે તત્ત્વો કહ્યાં તેમાં શુદ્ધ કેવળજ્ઞાન અને કેવળદર્શનસ્વરૂપ અખંડ પ્રત્યક્ષ પ્રતિભાસરૂપ એવો નિજ પરમાત્મા તે મુખ્ય છે. આવા નિજ શુદ્ધજીવ વગેરે છ દ્રવ્યો તથા પાંચ અસ્તિકાય, સાત તત્ત્વો વગેરેનું યથાર્થ શ્રદ્ધાન જે જીવને નથી તેને પહેલું મિથ્યાત્વ ગુણસ્થાન છે. આ પણ જીવની પોતાની પર્યાયની યોગ્યતા છે. સર્વજ્ઞ ભગવાને કાળદ્રવ્ય સહિત છ દ્રવ્યો કહ્યાં છે, તે મૂળ દ્રવ્યો છે, તેની શ્રદ્ધા ન

કરે અને કાળને ઉપચરિત દ્રવ્ય કહે – તો તેને સર્વજ્ઞે કહેલાં છ દ્રવ્યોની શ્રદ્ધા નથી – એવા જીવો મિથ્યાત્વ ગુણસ્થાનવાળા છે; તે તેમની પર્યાય છે. જુઓ, મિથ્યાત્વકર્મનો ઉદય હોય તેને મિથ્યાત્વગુણસ્થાન છે એમ અહીં ન કહ્યું, પણ સર્વજ્ઞદેવે કહેલા શુદ્ધ જીવાદિ તત્ત્વોની યથાર્થ શ્રદ્ધા જે નથી કરતો તેને મિથ્યાત્વ ગુણસ્થાન છે – એમ કહીને અહીં અશુદ્ધ નિશ્ચયનયનો વિષય બતાવ્યો છે.

છ દ્રવ્યોમાં જીવ-અજીવ ભિન્ન ભિન્ન છે. જીવને લીધે શરીરની ક્રિયા થાય કે શરીરની ક્રિયાથી જીવને ધર્મ થાય – એમ માને તેણે છ દ્રવ્યોને સ્વતંત્ર માન્યા નથી, સાત તત્ત્વોને પણ માન્યા નથી. માટે અહીં કહ્યું કે સર્વજ્ઞદેવે કહેલા શુદ્ધ જીવાદિ છ દ્રવ્યો, પાંચ અસ્તિકાય, સાત તત્ત્વો ને નવ પદાર્થોને યથાર્થ જાણવા. કઈ રીતે ? કે દેવમૂઢતા, ગુરુમૂઢતા ને લોકમૂઢતા – એ ત્રણે મૂઢતા ટાળીને યથાર્થ જાણવા – એવી મૂઢતા ટાળીને યથાર્થ તત્ત્વોને જે જીવે જાણ્યા નથી તે જીવને પહેલું મિથ્યાત્વ ગુણસ્થાન હોય છે.

લોકમાં દ્રૌપદી જેવી સતીને પાંચ પતિ માને છે, તેને જે માને તે જીવને લોકમૂઢતા છે. દ્રૌપદીને પાંચ પતિ હતા તે વાત તદ્દન જૂઠી છે. ભગવાન આહાર કરે, મુનિને વસ્ત્ર હોય – એવી માન્યતા તે દેવમૂઢતા ને ગુરુમૂઢતા છે. તથા જે શાસ્ત્રોમાં એવું વર્ણન કર્યું હોય તેવાં શાસ્ત્રોને માનવાં તે શાસ્ત્રમૂઢતા છે. આવી મૂઢતા છોડીને જીવે સર્વજ્ઞના કહેલાં તત્ત્વોને કદી યથાર્થ જાણ્યાં નથી તેથી તેને અનાદિથી મિથ્યાત્વગુણસ્થાન છે.

વળી પચીસદોષ રહિત જાણવાનું કહ્યું છે. સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર કેવા હોય તે જાણે નહિ ને કુદેવાદિને માને તથા તેના માનનારાની પ્રશંસા કરે તે જીવને છ અનાયતનના સેવનનો દોષ છે – તે મિથ્યાત્વ છે. વળી વીતરાગમાર્ગમાં શંકા કરે છે, પુણ્યના ફળની વાંછા કરે, ધર્માત્મા પ્રત્યે વાત્સલ્ય રાખે નહિ. ધર્મની પ્રભાવનાનો ભાવ કરે નહિ. ઇત્યાદિ આઠ પ્રકારના સમ્યક્ત્વના દોષો છે, તથા જાતિમદ વગેરે આઠ પ્રકારનો મદ છે. એ રીતે ૮ મદ, શંકાદિ ૮ દોષ, છ અનાયતન અને ૩ મૂઢતા – એવા પચીસ દોષથી રહિત થઈને, નય વિભાગથી વીતરાગ સર્વજ્ઞદેવે કહેલા તત્ત્વને જે જીવ જાણતો નથી, તેને મિથ્યાત્વ નામનું પહેલું ગુણસ્થાન છે. કુદેવાદિ તો મિથ્યાત્વનાં નિમિત્તો છે, તેની માન્યતાને પણ જે છોડતો નથી તે જીવ મિથ્યાત્વનું સેવન કરનારો છે. આ પહેલું ગુણસ્થાન છે. હવે બીજા ગુણસ્થાનનું વર્ણન કરે છે.

## (૨) સાસાદન ગુણસ્થાનનું વર્ણન

પહેલાં, જીવ ઉપશમ સમ્યગ્દર્શન પામ્યો હોય, ને પછી અનંતાનુબંધી ક્રોધાદિ કોઈ કષાયભાવનો ઉદય થતાં સમ્યક્ત્વથી ભ્રષ્ટ થયો હોય પણ હજી મિથ્યાત્વને પ્રાપ્ત થયો ન હોય – ત્યાં વચ્ચેના કાળમાં રહેલા જીવને સાસાદન ગુણસ્થાન હોય છે. આ દશા પણ જીવની

લાયકાતથી હોય છે. સ+આસાતન = ચૈતન્યસ્વરૂપની આસાતના કરતાં હજુ મિથ્યાત્વમાં ગયો નથી, તેના પહેલાંની આ દશા છે.

કાળમીંઢ પથ્થરમાં કોતરણી કરી હોય તે જેમ ભુંસાતી નથી તેમ આ અનંતાનુબંધી – અનંત સંસારના કારણરૂપ કષાય છે તે પાષાણરેખા સમાન કઠણ છે, તીવ્ર છે.

આવા તીવ્ર ક્રોધ-માન-માયા-લોભ ઉત્પન્ન થતાં સ્વભાવનું આચરણ છૂટી જાય છે. તે કોઈ નિમિત્ત કે કર્મના કારણે નથી પરંતુ જીવના અપરાધથી જ છે.

ચિદાનંદ મૂર્તિ આત્માનું દેહ-વાણી-મન રહિત ભાન તે પ્રથમ ઉપશમ સમ્યક્ત્વ છે. જેમ પાણીમાં કાદવ ઠરી ગયો હોય અને તે સમયે જેવી પાણીની નિર્મળતા હોય તેવી ઉપશમ સમ્યક્ત્વવાળા જીવની દશા છે. જેમ વૃક્ષથી કેરી પડતાં રસ્તામાં તે કેરી હોય છે તેમ સમ્યક્ત્વદશાથી છૂટીને જીવ મિથ્યાત્વભૂમિકાને પ્રાપ્ત થયો ન હોય તેના પહેલાંની આ દશા છે.

સર્વજ્ઞ સિવાય આ ચૌદ ગુણસ્થાનની દશાનું કોઈ વર્ણન કરી શકે જ નહિ. પ્રત્યેક ભૂમિકાની સૂક્ષ્મ અવસ્થાનું સ્વરૂપ જે સર્વજ્ઞે કહ્યું છે તે જાણવું જોઈએ. તે બધીયે દશાઓ જીવની પોતાની યોગ્યતાથી જ થયેલી છે. તે કોઈ કર્માદિના કારણે થયેલી નથી.

અહીં પહેલા ગુણસ્થાન પછી બીજું ગુણસ્થાન વર્ણવ્યું, પણ ત્યાં એમ ન સમજવું કે પહેલા ગુણસ્થાન પછી બીજું ગુણસ્થાન આવે. પહેલા ગુણસ્થાન પછી સીધું બીજું ગુણસ્થાન કદી કોઈ જીવને આવે જ નહિ. અનાદિ મિથ્યાદૃષ્ટિ જીવને સમ્યક્ત્વ થતાં, પહેલાં સીધું ચોથું ગુણસ્થાન આવે છે, ને ત્યારપછી ભ્રષ્ટ થનાર જીવને આવું બીજું ગુણસ્થાન હોય છે. તેમાં પહેલા ગુણસ્થાન કરતાં શુદ્ધતાની વિશેષતા છે. જુઓ અહીં આ બધા ગુણસ્થાન તથા માર્ગણાસ્થાન વગેરેના પ્રકારોનું વર્ણન કરીને એમ બતાવવું છે કે આ બધા પ્રકારો જીવની પર્યાયમાં છે. એટલે આ બધાય જીવના ભાવો છે. એમ અશુદ્ધનયથી જાણવું; શુદ્ધનયથી બધા જીવો શુદ્ધ છે. – આમ બંન્ને પડખાંથી જીવને ઓળખવો જોઈએ.

## પ્રસાદ નં. – ૨૮૫

**વી. નિ સં. ૨૪૭૮, શ્રાવણ વદ ૫, વર્ષ ૨જું. પુસ્તક દસમું,**
**સોનગઢ, તા. ૧૦-૮-૫૨, રવિવાર.**
**શ્રી દ્રવ્યસંગ્રહ ગાથા–૧૩**
**(શ્રાવણ સુદ ૧૪, સોમવાર, ૪-૮-૫૨ બપોર)**

આ જીવદ્રવ્યનો અધિકાર છે. તેમાં જીવને બે દૃષ્ટિથી જોવાનું કહ્યું છે. અહીં માર્ગણાસ્થાન-ગુણસ્થાનની દશા સહિતના સંસારી જીવનું સ્વરૂપ વર્ણવે છે. જીવના આ અશુદ્ધ પર્યાયોનું જ્ઞાન કરવું તે અશુદ્ધનય છે તથા જીવના કાયમી શુદ્ધ ચિદાનંદ એકરૂપ સ્વરૂપનું જ્ઞાન કરનાર શુદ્ધનય છે.

આ બધીયે - મિથ્યાત્વથી માંડીને ચૌદમા ગુણસ્થાન સુધીની દશારૂપ જીવ પોતે પરિણમે છે, કોઈ બીજું તેને પરિણમાવતું નથી. આ અશુદ્ધનયના વિષયભૂત દશાઓનું જ્ઞાન કરીને શુદ્ધનયના વિષયભૂત ત્રિકાળી નિજસ્વરૂપ તરફ વળવું તે ધર્મ છે.

### (૩) ત્રીજા ગુણસ્થાનનું સ્વરૂપ

અનાદિ મિથ્યાદૃષ્ટિને સીધી આ ત્રીજા ગુણસ્થાનની દશા આવે નહિ પરંતુ ચોથું ગુણસ્થાન પામ્યા પછી જીવ ત્યાંથી પડે ત્યારે જ આ ત્રીજું મિશ્ર ગુણસ્થાન આવે છે, તેનું જ્ઞાન કરાવે છે. આ મિશ્ર ગુણસ્થાનદશારૂપ જીવ પોતે પરિણમ્યો છે – એમ જાણવું તે અશુદ્ધનય છે.

સર્વજ્ઞે કહેલું તત્ત્વ પણ માને તથા અન્ય મતાવલંબીઓએ પ્રરૂપિત તત્ત્વોનું પણ શ્રદ્ધાન કરે, કોઈએ કહેલ સ્ત્રીમુક્તિ માને, વસ્ત્રસહિત મુક્તિ માને, તથા કેવળીને કવલાહાર માને – આમ વિપરીત-અવિપરીત બન્ને તત્ત્વોનું શ્રદ્ધાન કરે, જેમ દહીં અને ગોળ મળ્યા હોય તેમ પદાર્થોનું મિશ્ર શ્રદ્ધાન કરે છે તે મિશ્રગુણસ્થાનની દશા છે.

શંકા :– આપણે કોઈનો અનાદર કરવો નહિ, બધા દેવોનો વિનય કરવો. આપણે તો

દેવ સાથે પ્રયોજન છે ને, સર્વજ્ઞ પણ સાચા અને બીજા વિષ્ણુ આદિ દેવ પણ સાચા, બધામાંથી કોઈને કોઈ દેવ સાચા જ નીકળશે માટે બધા દેવોનો વિનય કરવો તે વિનય-મિથ્યાદૃષ્ટિ તથા સંશય મિથ્યાદૃષ્ટિ છે, તો તેમાં અને સમ્યક્‌મિથ્યાદૃષ્ટિ – મિશ્રગુણસ્થાનની દશામાં શો તફાવત છે ? અર્થાત્ વૈનયિક કે સાંશયિક મિથ્યાદૃષ્ટિ જીવમાં અને મિશ્રગુણસ્થાનની દશાવાળા જીવમાં શો તફાવત છે ?

સમાધાન :– સમ્યગ્દર્શન પામીને પાછા પડતા જીવની દશા તે મિશ્રગુણસ્થાન છે. ત્યાં વર્તતા જીવને બન્ને પ્રકારની શ્રદ્ધા હોય છે, પરંતુ વૈનયિક મિથ્યાદૃષ્ટિને કે સાંશયિક મિથ્યાદૃષ્ટિ જીવને કાંઈ નિશ્ચય હોતો નથી. બધા દેવ સાચા એમ માની બધા દેવની ભક્તિ કરે છે, ને તેમાં સાચા દેવની પણ ભક્તિ આવી જશે અને પુણ્ય થશે એમ તે માને છે. તેથી તેઓ મિથ્યાદૃષ્ટિ જ છે.

વૈનયિક મિથ્યાદૃષ્ટિવાળા એક દૃષ્ટાંત આપે છે – એક બાઈના ધણીને કોઈએ વિદ્યાથી બળદ બનાવી દીધેલ, તેથી તે બાઈ બળદની ચાકરી કરે ને ચરાવે. એક વખત ઉપરથી જતી વિદ્યાધરીને તેને જોતાં દયા આવી તેથી તેણે તેના ધણી વિદ્યાધરને વિનંતિ કરી કે આને મનુષ્ય બનાવી દ્યો, ત્યારે તેણે કહ્યું આ બળદને સંજીવની વેલ ખવડાવવામાં આવે તો તે મનુષ્ય થઈ જશે. પણ પેલી બાઈ સંજીવની વેલને ઓળખતી ન હતી તેથી તેણે માન્યું કે બધા વેલા ખવડાવતાં તેમાં તે સંજીવની વેલ પણ આવી જશે અને મારો ધણી સારો થઈ જશે. એમ માની બધા પ્રકારના વેલા ખવડાવવા લાગી. તેમાં સંજીવની વેલ આવતાં તે બળત માણસ થઈ ગયો – એવું દૃષ્ટાંત આપે છે. પરંતુ તે દૃષ્ટાંત જ મિથ્યા છે, તેમાં કોઈ ઝેરી વેલો આવી જાય તો બળદ મરી પણ જાય, માટે તે વૈનયિક મિથ્યાદૃષ્ટિનું દૃષ્ટાંત મિથ્યા છે. માટે બધામાંથી કોઈ એકનો વાસ્તવિક નિર્ણય કરવો જોઈએ.

ક્રમબદ્ધની વાત આવતાં અજ્ઞાની સંશયમાં પડી જાય છે કે જો ક્રમબદ્ધ દરેક પદાર્થ પરિણમતા હોય તો તેમાં પુરુષાર્થ ક્યાં આવ્યો ? કાંઈ કરવાનું તો રહ્યું નહિ, તથા જો વસ્તુનું સ્વરૂપ ક્રમબદ્ધ ન માનીએ તો સર્વજ્ઞ ત્રણકાળ ત્રણલોકના જાણનારા છે તે સર્વજ્ઞદશા ઊડી જાય છે. આમ માનનાર સંશય મિથ્યાદૃષ્ટિ છે. તથા કોઈ બન્નેનું સાચું માને, સર્વજ્ઞ પણ માને અને વળી પદાર્થોની પર્યાયો આડીઅવળી પણ કરી શકાય – આમ બન્ને માને, અથવા એ બેમાંથી કોઈ સાચા હશે, આપણે વાદવિવાદ શા માટે કરવો – બન્નેની માન્યતા સાચી હશે – તે વૈનયિક મિથ્યાદૃષ્ટિ છે. તે બન્ને પ્રથમ ગુણસ્થાનવર્તી મિથ્યાદૃષ્ટિ જ છે.

## (૪) ચોથા ગુણસ્થાનનું સ્વરૂપ

દર્શનમોહ ખસ્યો તેથી જીવને સમ્યગ્દર્શન પ્રગટે – એમ નથી. આ જીવની દશા છે.

જીવ પોતે પોતાથી જ સમ્યગ્દર્શનરૂપે પરિણમે છે.

સ્વાભાવિક અનંત જ્ઞાનાદિ ગુણોના આધારભૂત જે નિજ પરમાત્મદ્રવ્ય તે જ ઉપાદેય છે. નિજ પરમાત્મદ્રવ્ય આધાર છે અને અનંતગુણો આધેય – દ્રવ્યના આશ્રયે રહેલા છે. હું અનંત ગુણોનો આધાર જ્ઞાતાદૃષ્ટા જ છું, તે જ આશ્રય કરવાયોગ્ય છે. ઉપાદેય છે તથા ઇન્દ્રિયોનું કાલ્પનિક સુખ, શુભાશુભ પરિણામ, વ્યવહાર રત્નત્રય તે પરદ્રવ્ય છે, હેય છે, આશ્રય કરવાયોગ્ય નથી – આમ સર્વજ્ઞદેવે કહેલા નિશ્ચય-વ્યવહારને સાધ્ય-સાધક માને અર્થાત્ ત્રિકાળ સ્વરૂપને સાધ્ય માને અને વર્તમાન સ્વસન્મુખ થયેલ મોક્ષમાર્ગની પર્યાયને સાધક માને – એમ જે યથાર્થ માન્યતા થવી તે સમ્યગ્દર્શન છે.

આ ગુણસ્થાનવાળાને યથાર્થ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા હોય છે તથા અંતરંગ નિજ શુદ્ધાત્મદ્રવ્યને તે ઉપાદેય માને છે તથા જેને ભૂમિરેખા તુલ્ય જે અપ્રત્યાખ્યાનાવરણ કષાય વર્તે છે તેની જેને અંતરમાં આત્મનિંદા વર્તે છે, તે ચોથા ગુણસ્થાનવર્તી સમ્યગ્દૃષ્ટિજીવનું સ્વરૂપ છે. જેમ કોટવાળે કોઈ ચોરને પકડ્યો તે ચોરને અંતરમાં પશ્ચાતાપ-ગ્લાનિ વર્તે છે તેમ આ ચોથા ગુણસ્થાનવર્તી જીવને પોતાના પુરુષાર્થની નબળાઈથી જે કષાયપરિણતિ વર્તે છે તેની તેને અંતરમાં નિંદા હોય છે, ખેદ હોય છે.

આ ચોથા ગુણસ્થાનવર્તી સમ્યગ્દૃષ્ટિને ભૂમિકા અનુસાર, પોતાની નબળાઈથી વેપારનો, પરણવાનો, સ્ત્રીનો, લડાઈનો રાગ હોય છે. ઇન્દ્રિય-સુખો તરફ વલણ જાય છે પરંતુ તેની તેને નિંદા વર્તે છે અને અંતરંગમાં હું શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ છું તે દૃષ્ટિ એક સમય પણ છૂટતી નથી.

આ ચોથા ગુણસ્થાનની દશા તે અશુદ્ધનયનો વિષય છે, તથા તે સમયે અખંડ ચિદાનંદ આત્માની દૃષ્ટિ કરવી તે શુદ્ધનયનો વિષય છે. ચોથા ગુણસ્થાનમાં આ શુદ્ધનયના વિષયભૂત પોતાના ત્રિકાળી એકરૂપ જ્ઞાતાસ્વભાવની દૃષ્ટિ-ઉપાદેયબુદ્ધિ હોય છે. પ્રથમના ત્રણ ગુણસ્થાનમાં પણ આવું કાયમી સ્વરૂપ તો મોજૂદ જ હતું પરંતુ ત્યાં તેની દૃષ્ટિ નહોતી, જ્યારે ચોથા ગુણસ્થાનમાં પોતાના ત્રિકાળી પરમાત્મદ્રવ્યની દૃષ્ટિ - રુચિ, ઉપાદેયબુદ્ધિ થઈ છે તેથી અંશે પર્યાયમાં પણ શુદ્ધતાનો અંશ પ્રગટ થયો છે.

## શ્રાવણ પૂર્ણિમા, મંગળવાર, ૫-૮-૧૯૫૨

આજે શ્રાવણ સુદ પૂર્ણામાને લોકો 'રક્ષાબંધન'નો દિવસ કહે છે. આજના દિવસે ઘણાં

ઘણાં વર્ષો પહેલાં 'વિષ્ણુકુમારમુનિ'એ 'અકંપનાચાર્ય' વગેરે ૭૦૦ મુનિઓ ઉપરના ઉપસર્ગને ટાળીને તેમની રક્ષા કરી હતી. તે 'વિષ્ણુકુમાર' પહેલાં મુનિદશામાં હતા, ને ઋદ્ધિઓ પ્રગટી હતી, બલિરાજાએ મુનિઓના સંઘ ઉપર મહા ઉપસર્ગ કર્યો; ત્યારે ઉપસર્ગ દૂર કરવા મુનિપણું છોડીને બ્રાહ્મણનો વેષ લીધો, ને બલિરાજા પાસે જઈને સાડા ત્રણ ડગલાં જમીન માગી, ને વિક્રિયાઋદ્ધિથી મોટું રૂપ બનાવીને બે ડગલાંથી પૃથ્વી ભરી દીધી, ને ત્રીજું પગલું બાકી રહ્યું. આ જોઈને બલિરાજા નમી પડ્યો, ને એ રીતે ૭૦૦ મુનિઓની રક્ષા કરી. પછી પ્રાયશ્ચિત લઈને પાછા મુનિ થયા. તેથી આજનો દિવસ પ્રસિદ્ધ છે. ધર્મ-વાત્સલ્ય તરીકે વિષ્ણુકુમારનું દૃષ્ટાંત અપાય, પણ મુનિદશાને માટે તે કાર્ય યોગ્ય નથી. ચોથા-પાંચમા ગુણસ્થાને એવો ભાવ હોય.

અહીં આત્માની પર્યાયના પ્રકારોનું જ્ઞાન કરાવે છે. શુદ્ધનયથી તો બધા આત્મા સિદ્ધસમાન શુદ્ધ છે, તે અપેક્ષાએ તો બધા આત્મા સરખા છે. પણ પર્યાયમાં મિથ્યાત્વની માંડીને ચૌદમા અયોગી ગુણસ્થાન સુધીની પર્યાયો થાય છે, તે અશુદ્ધનયનો વિષય છે.

ચોથા ગુણસ્થાને સમ્યગ્દર્શન છે, તે ભૂમિકામાં સર્વજ્ઞભગવાને જેવો કહ્યો તેવા પોતાના શુદ્ધાત્માનું ભાન થયું હોય છે; પણ ત્યાં હજી અપ્રત્યાખ્યાનાવરણકષાય છે એટલે વ્રત નથી – આવું ચોથું ગુણસ્થાન છે. જુઓ, પર્યાય આદરણીય નથી, પણ જ્ઞાનમાં જાણવાયોગ્ય છે, આદરણીય તો શુદ્ધનયના વિષયરૂપ શુદ્ધ આત્મા છે.

## (૫) પાંચમા ગુણસ્થાનનું સ્વરૂપ

અંતરમાં ચિદાનંદ સ્વભાવનું ભાન થયા પછી, સહજાનંદ આત્માના વિશેષ અનુભવથી એકદેશ રાગ ટળીને વીતરાગભાવ થતાં અપ્રત્યાખ્યાનાવરણકષાયનો અભાવ થઈને પાંચમું ગુણસ્થાન પ્રગટે છે. ત્યાં પાંચ અણુવ્રત તથા પડિમા વગેરે હોય છે. અંતરમાં સહજ સ્વભાવનો અનુભવ વધી ગયો છે, ને બાહ્યમાં હિંસાદિ છૂટી ગયા છે. આવા પાંચમા ગુણસ્થાને દર્શનપડિમા હોય છે, તે અગિયાર પડિમાઓમાં અનુક્રમે શુદ્ધતાનો અંશ વધતો જાય છે. જેમ જેમ અંતરમાં આનંદનો સ્વાદ વધતો જાય છે. તેમ તેમ પડિમા વધતી જાય છે, ને તે તે પ્રકારનો રાગ તથા રાગનાં નિમિત્તો છૂટતાં જાય છે. (શ્રાવકની અગિયાર પડિમાઓનું વર્ણન 'સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા'માં વિસ્તારથી આવ્યું છે, તેનાં પ્રવચનોમાં જોઈ લેવું.)

સમ્યગ્દર્શનપૂર્વક શ્રાવકના પાંચમા ગુણસ્થાનની દશા કેવી હોય તે વાત અહીં કરી, અનાથી વિરુદ્ધ જે મનાવતા હોય તે આગમ કે ગુરુ સાચા નથી, તે કુગુરુ અને કુશાસ્ત્ર છે. હજી પાંચમા ગુણસ્થાનવાળા શ્રાવકની કેવી દશા હોય – તેની કેવી શ્રદ્ધા હોય – તેનું પણ ભાન ન હોય. ને સીધું મુનિપણું લેવાનું માની બેસે ! તેને તો હજી સાચી શ્રદ્ધાનું પણ ઠેકાણું નથી. હજી

ચોથા ગુણસ્થાનવાળાને પણ સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની કેવી શ્રદ્ધા હોય, તેમના પ્રત્યેનો કેટલો હરખ અને ઉત્સાહ હોય – તેનું તો જેને ભાન નથી, ને કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રને પોષીને મૂઢતા સેવી રહ્યા છે – એવા જીવોને શ્રાવકપણું કે મુનિપણું હોય જ નહિ, તેને તે મુનિદશા એ શ્રાવકદશા કેવી હોય તેનું પણ ભાન નથી.

જુઓ, આ ગુણસ્થાન તો હજી અશુદ્ધનયનો વિષય છે, તેનું પણ જેને ભાન નથી તે શુદ્ધનયના વિષયરૂપ દ્રવ્ય આદરણીય છે – એ વાત તો તે ક્યાંથી લાવ્યો ? જેને દેવ-ગુરુ-શાસ્ત્રનું ભાન થયું છે, તેમણે કહેલાં શુદ્ધાત્મા વગેરે તત્ત્વોનું ભાન થયું છે – એવા જીવને સમ્યગ્દર્શનની ચોથી ભૂમિકા હોય ને પછી પાંચમું ગુણસ્થાન હોય છે, ત્યારપછી અંતરસ્વભાવમાં વિશેષપણે લીન થતાં નિર્વિકલ્પધ્યાનદશામાં પહેલાં સાતમું ગુણસ્થાન આવે છે ને પછી વિકલ્પ ઊઠતાં છઠ્ઠું ગુણસ્થાન આવે છે. આ સનાતન નિયમ છે કે મુનિને પહેલાં સાતમું ગુણસ્થાન પ્રગટે ને પછી જ છઠ્ઠું ગુણસ્થાન હોય. પણ અહીં ક્રમસર વર્ણન કર્યું હોવાથી પહેલાં છઠ્ઠા ગુણસ્થાનનું વર્ણન લીધું છે.

## (૬) છઠ્ઠા પ્રમત્ત ગુણસ્થાનનું વર્ણન

જુઓ, અંતરમાં સ્વભાવનું ભાન થયા પછી ઘણી વિશેષ શુદ્ધતા પ્રગટતાં છઠ્ઠા-સાતમા ગુણસ્થાને ઝૂલતી મુનિદશા પ્રગટે છે. જુઓ, મિથ્યાદૃષ્ટિને દ્રવ્યલિંગી મુનિ કહેવાય, પણ તેને છઠ્ઠું ગુણસ્થાન ન હોય, છઠ્ઠા ગુણસ્થાને ત્રણ કષાયના અભાવરૂપ વીતરાગભાવ સહિત દેહની દિગંબરદશા જ હોય છે. વસ્ત્રસહિત મુનિદશા કદી હોતી નથી. આવી છઠ્ઠા ગુણસ્થાનવાળા જીવની દશા છે. આનાથી વિરુદ્ધ જેઓ કહેતા હોય તે કુદેવ-કુગુરુ અને કુઆગમ છે. છઠ્ઠા ગુણસ્થાનવાળાને અંતરમાં ઘણો વીતરાગભાવ થઈ ગયો હોય છે ને બહારમાં વસ્ત્રાદિ સર્વ પરિગ્રહ છૂટી ગયો હોય છે. મહાવિદેહક્ષેત્રમાં અત્યારે આવા જ મુનિઓ છે, ને જ્યાં જ્યાં મુનિઓ હોય ત્યાં ત્યાં મુનિદશા આવી જ હોય છે, આનાથી વિરુદ્ધ મુનિદશા માને તો તે મિથ્યાદૃષ્ટિ છે. પોતાના શુદ્ધ આત્માના જ્ઞાનપૂર્વક તેના સુખામૃતનો અનુભવ વધી જતાં ત્રણ પ્રકારના કષાયોનો જેને અભાવ થઈ ગયો છે. એટલે અંતરમાં તો રાગાદિની ઉપાધિ છૂટી ગઈ છે ને બહારમાં હિંસાદિના ત્યાગરૂપ પંચમહાવ્રત હોય છે – આવા મુનિવરોને છઠ્ઠું ગુણસ્થાન હોય છે, આ છઠ્ઠા ગુણસ્થાને કોઈ અશુભસ્વપ્ન તથા કોઈ જરાક પ્રમાદભાવ આવી જાય છે. મુનિને બહુ લાંબી ઊંઘ હોતી નથી. બહુ અલ્પકાળની અલ્પ નિદ્રા હોય છે. અંદરનો જાગૃતિભાવ ઘણો વધી ગયો છે. આવી છઠ્ઠા પ્રમત્ત સંયમ ગુણસ્થાનની દશા છે.

જુઓ, સૌથી પહેલાં તો સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે ભક્તિનો ઉલ્લાસભાવ આવવો જોઈએ. જેમ કોઈ સ્ત્રીનો ધણી પરદેશ ગયો હોય ને બીજાને તે પોતાનો પતિ જાણી સેવતી હોય –

તેનો આદર સત્કાર કરતી હોય, પછી પોતાનો સાચો પતિ મળે અને તેના પ્રત્યે પહેલાં કરતાં વિશેષ પ્રેમ-આદરભાવ ન આવે તો તે કૂલટા સ્ત્રી છે. તેમ જે જીવ કુદેવ-કુગુરુ-કુશાસ્ત્ર ને પોષે છે, ને સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર મળ્યા તેમના પ્રત્યે કુદેવાદિના કરતાં વિશેષ પ્રીતિ-ઉલ્લાસ-આદર અને ભક્તિ ન આવે તો તે જીવ કૂલટા સ્ત્રી જેવો ગૃહીત મિથ્યાદૃષ્ટિ છે. ધર્મી જીવ સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને ઓળખીને તન-મન-ધન સર્વ પ્રકારથી તેમનું બહુમાન કરે છે, ને કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રને આદરતો નથી. છઠ્ઠા ગુણસ્થાનવાળા મુનિને કદી વસ્ત્ર હોય નહિ. અંતરની ચારિત્રદશામાં બહારમાં તેવું જ નિમિત્ત હોય છે. 'सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्ग' – એમ કહ્યું છે તેમાં આ વાત પણ સમાઈ જાય છે. આ તો વીતરાગી માર્ગ છે. આ કાંઈ લાલાપેથાનો (લટુપટુનો) માર્ગ નથી કે ગમે તેવી દશામાં મુનિપણું માની લ્યે !! મુનિદશામાં છઠ્ઠા ગુણસ્થાને જલરેખા જેવો અતિ સૂક્ષ્મ કષાય હોય છે.

## (૭) સાતમા અપ્રમત્તવિરત ગુણસ્થાનનું સ્વરૂપ

છઠ્ઠા ગુણસ્થાનવાળાને પહેલાં સાતમું ગુણસ્થાન આવી ગયું હોય છે. ચોથા કે પાંચમા ગુણસ્થાન પછી પ્રથમ સાતમું ગુણસ્થાન અને પછી છઠ્ઠું ગુણસ્થાન આવે છે. આ સાતમા ગુણસ્થાને સંજ્વલન કષાય પણ ઘણો મંદ હોય છે. આ ગુણસ્થાને નિર્વિકલ્પ અનુભવદશા જ હોય છે, તેમાં પ્રમાદભાવ હોતો નથી. આ ચૌદે ગુણસ્થાનની પર્યાયો જીવમાં વર્તે છે, કર્મને લીધે આ દશાઓ થતી નથી. માટે આ અશુદ્ધનયનો વિષય છે. સંજ્વલનની તીવ્ર ઉદયથી છઠ્ઠું ગુણસ્થાન અને સંજ્વલનના મંદ ઉદયથી સાતમું ગુણસ્થાન – એમ 'ગોમ્મટસાર'માં કથન આવે, તો તે નિમિત્તથી કથન કર્યું છે, પણ જીવની દશા કાંઈ કર્મના કારણે થતી નથી, જીવ પોતે જ પોતાની યોગ્યતાથી તે તે ગુણસ્થાનોમાં વર્તે છે. જુઓ, આ ગાથામાં ચૌદ ગુણસ્થાનો તથા માર્ગણાસ્થાનો વગેરેને અશુદ્ધનયનો વિષય કહીને વર્ણવ્યા છે એટલે તે બધા જીવના ભાવોનું વર્ણન છે – એ વર્ણન કરીને 'શ્રી ધવલ' 'જયધવલ' તથા 'મહાધવલ'નાં બીજડાં મૂકી દીધાં છે તથા 'શુદ્ધનયથી સર્વે જીવો શુદ્ધ છે' એમ શુદ્ધનયનું વર્ણન કરીને 'શ્રી સમયપ્રાભૃત' વગેરે અધ્યાત્મનાં બીજડાં મૂકી દીધાં છે.

## (૮) આઠમા અપૂર્વકરણ ગુણસ્થાનનું સ્વરૂપ

સાતમા ગુણસ્થાન પછી વિશેષ નિર્વિકલ્પતા જામતાં જીવ શ્રેણી માંડે છે, ત્યારે આઠમું ગુણસ્થાન આવે છે; શ્રેણી બે પ્રકારની છે, ઉપશમશ્રેણી અને ક્ષપકશ્રેણી. ક્ષપકશ્રેણીવાળો તો આગળ વધીને કેવળજ્ઞાન પામી જાય છે. આઠમા ગુણસ્થાને સંજ્વલનકષાય પણ અત્યંત મંદ

થઈ ગયો છે. સાતમા ગુણસ્થાનથી માંડીને ઉપરનાં બધાં ગુણસ્થાનોમાં નિર્વિકલ્પ ધ્યાનમાં એકાગ્રતા જ હોય છે. છઠ્ઠા-સાતમા ગુણસ્થાને કોઈ મુનિ હજારો વર્ષ ઝૂલે, પણ ત્યારપછી ૮ થી ૧૨ ગુણસ્થાનની સ્થિતિ તો અલ્પ છે, અંતર્મુહૂર્ત જ છે.

## (૯) નવમા અનિવૃત્તિકરણ ગુણસ્થાનનું વર્ણન

આઠમા કરતાં વધારે એકાગ્રતા થતાં નવમું ગુણસ્થાન પ્રગટે છે. દેખેલા-સાંભળેલા કે અનુભવેલા ભોગોની વાંછારહિત, સંકલ્પ-વિકલ્પ રહિત, પોતાના શુદ્ધ પરમાત્મધ્યાનમાં વિશેષ નિશ્ચળતા થતાં નવમું ગુણસ્થાન હોય છે. (આ ગુણસ્થાનનું વિશેષ વર્ણન મૂળમાં છે તે જોઈ લેવું). આ ગુણસ્થાને વર્તતા જીવો જુદા જુદા વર્ણ (ચાર વર્ણ) તથા સંસ્થાનાદિવાળા હોવા છતાં તેમના પરિણામમાં સરખાપણું છે.

## (૧૦) દસમા સૂક્ષ્મસાંપરાય ગુણસ્થાનનું વર્ણન

અહીં સૂક્ષ્મ લોભ હોય છે, તે પણ અબુદ્ધિપૂર્વક હોય છે. સાતમું તથા તે ઉપરના ગુણસ્થાનોએ બુદ્ધિપૂર્વકનો રાગ હોતો નથી. કષાય અત્યંત સૂક્ષ્મ થઈ ગયો તેથી અહીં પરમાત્મતત્ત્વને પણ 'સૂક્ષ્મ' એવું વિશેષણ આપીને કહ્યું કે સૂક્ષ્મ પરમાત્મતત્ત્વના ધ્યાનથી કિલષ્ટ લોભકષાયનો નાશ કર્યો છે – આવું દસમું ગુણસ્થાન છે.

હવે અગિયારમાં ગુણસ્થાનનું સ્વરૂપ કહેવાય છે.

**પર્યાયની સ્વતંત્રતા જેને બેસે નહીં તેને દ્રવ્ય-ગુણ કે જે અવ્યક્ત શક્તિ સ્વભાવ છે તેની સ્વતંત્રતા બેસી શકે જ નહીં, વર્તમાન અંશ સ્વતંત્ર છે એ જેને બેસે તેને જ દ્રવ્યની સ્વતંત્રતા બેસી શકે છે. (પરમાગમસાર–૯૩)**

## પ્રસાદ નં. – ૨૮૭

**વી. નિ સં. ૨૪૭૮, શ્રાવણ વદ ૭, વર્ષ ૨જું. પુસ્તક દસમું,**
**સોનગઢ, તા. ૧૨-૮-૫૨, મંગળવાર.**
**શ્રી દ્રવ્યસંગ્રહ ગાથા–૧૩**
**(શ્રાવણ સુદ ૧, બુધવાર, ૬-૮-૫૨ બપોર)**

આ જીવદ્રવ્યના સ્વરૂપની વાત ચાલે છે. તેમાં જીવની પર્યાયની સ્વતંત્રતા બતાવે છે. આ ચૌદ ગુણસ્થાન સીડીનાં પગથિયાંની જેમ ઊંચે ચડવા માટેનાં છે. તે અવસ્થા જીવદ્રવ્યની છે, પોતાથી બનેલી છે. પણ પર્યાય હોવાથી અશુદ્ધનયનો વિષય છે તેથી જાણવા જેવી છે. તે પર્યાયનો આશ્રય કરવા જેવો નથી. માત્ર શુદ્ધદ્રવ્ય આદરણીય ને આશ્રય કરવા જેવું છે.

### (૧૧) ઉપશાંત મોહ ગુણસ્થાનનું વર્ણન

હવે આ ગાથામાં અગિયારમી ભૂમિકાની વાત ચાલે છે. આત્માના જ્ઞાનના બળથી ઉપશમદશા ઉત્પન્ન થાય છે. વીતરાગદશા થવા પહેલાં કોઈ જીવને ઉપશમશ્રેણી હોય છે, તે જીવ પાછો પડે છે તેનું કારણ કર્મ નથી, પણ પોતાની પામરતા છે. કર્મના કારણે પડે છે તે નિમિત્તનું કથન છે. અજ્ઞાની જીવો માને છે કે કર્મને લીધે જીવ પડે છે – પણ તે વાત ખોટી છે. જે ઉપશાંતદશા કરે છે તે અગિયારમા ગુણસ્થાનવાળો જીવ છે એમ જ્ઞાન કરવું પણ તે પર્યાય છે તેથી આદરણીય નથી, શુદ્ધ આત્મા જ આદરણીય છે.

### (૧૨) ક્ષીણમોહ ગુણસ્થાનનું વર્ણન

ઉપશમમાં પુરુષાર્થ મંદ છે, બારમામાં ઉગ્ર પુરુષાર્થ છે. આત્માનાં શ્રદ્ધા-જ્ઞાનપૂર્વક સ્વરૂપમાં સ્થિરતા થઈ, શુદ્ધતાના અંશો વધતા જાય છે તેને શ્રેણી કહે છે. તે આઠમા ગુણસ્થાનથી

શરૂ થાય છે, ઉપશણશ્રેણી કરતાં ક્ષપકમાં ઉગ્ર પુરુષાર્થ છે. બારમા ગુણસ્થાનમાં શુદ્ધઆત્માની ભાવનાના બળ દ્વારા કષાય નષ્ટ કરેલ છે ને વીતરાગતા પ્રગટ કરેલ છે ને જીવ એવો પુરુષાર્થ કરે ત્યારે કર્મ નષ્ટ થયા વિના રહે નહિ. આ ભૂમિકા પણ અશુદ્ધનયનો વિષય છે. તે પર્યાય છે. જાણવા જેવી છે, પણ આદરણીય નથી.

## (૧૩) સયોગી કેવલી જિન

આઠમાથી બારમા ગુણસ્થાન સુધીનો કાળ અંતર્મુહૂર્તનો છે અને તેરમા ગુણસ્થાનની સ્થિતિ અંતર્મુહૂર્તથી લઈ દેશે ઊણા કરોડ પૂર્વ સુધીની હોય છે. વીતરાગતા થયા પછી શુકલધ્યાનના બીજા પાયામાં કેવળજ્ઞાન થાય છે. ક્ષપકશ્રેણીમાં શુકલધ્યાનનો પહેલો પાયો આઠમાથી દસમા ગુણસ્થાન સુધી છે. બીજો પાયો બારમાથી શરૂ થાય છે ત્યાં વિશેષ પ્રકારે એકત્વવિતર્ક વિચાર સંજ્ઞક ધ્યાનમાં સ્થિર થવાથી કેવળજ્ઞાન થાય છે. (એકત્વવિતર્ક વિચાર શ્રુતજ્ઞાન છે). તે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અંતરાય એમ ત્રણ કર્મોનો નાશ થતાં વાદળાંમાંથી બહાર નીકળતા સૂર્યની જેમ સંપૂર્ણ રૂપથી નિર્મળ કેવળજ્ઞાન પ્રગટ થાય છે અને તે લોક તથા અલોકને પ્રકાશે છે.

અહીં વાદળાનું દૃષ્ટાંત આપેલ છે તે અંશે લાગુ પડે છે. દૃષ્ટાંત સર્વ પ્રકારે લાગુ ન પડે. અહીં વાંદળાં પાછળ સૂર્ય પ્રગટ જાજ્વલ્યમાન છે તેમ આત્માની પર્યાયમાં કેવળજ્ઞાન પ્રગટ જાજ્વલ્યમાન છે ને કર્મો આડાં આવી ગયાં છે એમ ન સમજવું. સૂર્યની જેમ આત્મામાં કેવળજ્ઞાન પ્રગટરૂપ નથી કોઈ કેવળજ્ઞાનને સત્તારૂપે માને છે ને કહે છે કે કેવળજ્ઞાન અંદરમાં પ્રગટ છે ને કર્મનાં વાદળાં આડાં આવેલાં છે. તે કર્મરૂપી વાદળાં ખસી જવાથી કેવળજ્ઞાન પ્રગટ થાય છે એમ જે માને છે તે વાત બરાબર નથી. કેવળજ્ઞાન અંદર શક્તિરૂપે છે ને વ્યક્તરૂપે તો હીણીદશા છે ને તેમાં કર્મ નિમિત્તરૂપે છે. જે શક્તિસ્વભાવ છે તેમાં એકાગ્ર થવાથી કેવળજ્ઞાન વ્યક્ત પ્રગટ થાય છે ને કર્મ ખસી જાય છે તેથી વાદળાંનું દૃષ્ટાંત આપેલ છે. જેમ લીંડી પીપરમાં ૬૪ પહોરી તીખાશ વ્યક્તરૂપ નથી પણ શક્તિરૂપે છે. ઘસવાથી શક્તિરૂપની તીખાશ વ્યક્ત થાય છે. તેમ આત્મામાં કેવળજ્ઞાન શક્તિરૂપે છે તે અખંડ શુદ્ધ આત્માનાં શ્રદ્ધા-જ્ઞાન કરીને તેમાં લીનતા કરવાથી પ્રગટ થાય છે. 'મોક્ષમાર્ગ પ્રકાશ' પૃ. ૨૦૦ માં કહ્યું છે કે કોઈ એમ માને છે કે 'આત્માના પ્રદેશોમાં તો કેવળજ્ઞાન જ છે પણ તે ઉપરના આવરણથી પ્રગટ થતું નથી.' એ પણ ભ્રમ છે, જે કેવળજ્ઞાન વજ્રપટલાદિ આડાં છતાં પણ વસ્તુને જાણે, તે કર્મ આડાં આવતાં કેમ અટકે ?

અજ્ઞાની જીવો કર્મ તથા નિમિત્તને જુઓ છે. ને કર્મ નડે છે માટે કેવળજ્ઞાન થતું નથી – એમ કહે છે, તેઓ સ્વભાવને જોતા નથી. સ્વભાવને જોનારો ઉપાદાનને જોનારો નિર્ણય

કરે છે કે કેવળજ્ઞાન પોતાના પુરુષાર્થથી પ્રગટે છે. ને તે આડા અવળે કાળે પ્રગટતું નથી પણ જે સમયે પ્રગટવાનું તે જ સમયે પ્રગટે છે એમ કેવળજ્ઞાનની પર્યાયનો નિર્ણય કરનારની દૃષ્ટિ પોતાના અખંડ સ્વભાવ ઉપર છે.

કેવળજ્ઞાન શક્તિરૂપે છે તે વ્યક્ત થાય છે માટે કેવળજ્ઞાન અનાદિથી પ્રગટ છે એમ નથી તેમ કેવળજ્ઞાન ગુણ નથી પર્યાય છે તે કેવળજ્ઞાનમાં હું જુદો છું ને અનંતા બીજા પદાર્થો પર છે એમ ભાસે છે. છતાં ત્યાં વિકલ્પ નથી. જેમ છે તેમ ભાસે છે. તેરમા ગુણસ્થાને હજી જીવની સંપૂર્ણ શુદ્ધદશા પ્રગટી નથી તેથી તેરમું ગુણસ્થાન અશુદ્ધનયનો વિષય છે. કેવળજ્ઞાન દ્રવ્યના આશ્રયે પ્રગટે છે પણ પર્યાયના આશ્રયે પ્રગટતું નથી જેથી કેવળજ્ઞાન પર્યાય જાણવાયોગ્ય છે ને શુદ્ધદ્રવ્ય આદરણીય છે.

## (૧૪) અયોગી કેવલી જિન

તેરમા ગુણસ્થાને કંપન હોય છે તે ચૌદમે હોતું નથી. મન-વચન-કાયાના નિમિત્તે આત્માના પ્રદેશોનું કંપન થાય છે ને તેને લીધે કર્મોનું આવવું થાય છે, તે કંપનરહિત દશાને ચૌદમું અયોગી ગુણસ્થાન કહે છે તે પણ પર્યાય છે. માટે આદરણીય નથી. ત્રિકાળ સ્વભાવ જ અવલંબન કરવા જેવો છે.

આ જીવદ્રવ્યનો અધિકાર છે. જીવ અનાદિથી છે તેની વર્તમાન પર્યાયમાં ચૌદ પ્રકારના ગુણસ્થાનોના ભેદ પડે છે. તે સ્વતંત્ર છે. પર્યાય દીઠ સ્વતંત્રતા છે. પહેલા ગુણસ્થાનની પર્યાય પણ સત્ છે, ઉત્પાદ સત્ છે, વ્યય પણ સત્ છે. આમ પર્યાયની સ્વતંત્રતા બતાવે છે. પણ તે પર્યાયો હોવાથી અશુદ્ધ નયનો વિષય છે માટે આદરણીય નથી, પણ જાણવા જેવી છે. શુદ્ધ દ્રવ્ય એક જ આદરણીય છે.

હવે સિદ્ધ દશાની વાત કરે છે. નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના કારણભૂત 'સમયસાર' સંજ્ઞક જે પરમ યથાખ્યાત ચારિત્ર છે તે પૂર્વે કહેલાં ચૌદ ગુણસ્થાનોથી રહિત જ્ઞાનાવરણાદિ આઠ કર્મોથી રહિત તથા આઠ ગુણોમાં ગર્ભિત નિર્નામ, નિર્ગોત્ર વગેરે અનંતગુણ સહિત સિદ્ધદશા હોય છે.

હવે અહીં સમજવાને લાયક શિષ્ય પ્રશ્ન કરે છે કે કેવળજ્ઞાનની ઉત્પત્તિ વખતે મોક્ષના કારણભૂત સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પૂર્ણતા થઈ ગઈ છે. 'તત્ત્વાર્થસૂત્ર'માં તો 'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણિ મોક્ષમાર્ગ' એમ કહ્યું છે. ક્ષાયિક સમકિત તો ચોથેથી સાતમા સુધીમાં થઈ જાય છે. કારણ કે કોઈ જીવને ક્ષયોપશમ સમકિત હોય તો ક્ષપકશ્રેણી માંડતા પહેલાં ક્ષાયિક કરી નાખે કારણ કે ક્ષાયિક સમકિત વિના ક્ષપકશ્રેણી ન હોય એટલે સમકિત ક્ષાયિક હોય છે. ચારિત્ર બારમે ગુણસ્થાને પૂરું થયું છે ને જ્ઞાન તેરમે ગુણસ્થાને પરિપૂર્ણ પ્રગટ્યું છે. આમ

દર્શન-જ્ઞાન-ચારિત્રની પૂર્ણતા થતાં – મોક્ષમાર્ગ પૂરો થતાં તે જ વખતે તે જીવનો મોક્ષ થવો જોઈએ. તમોએ કહ્યું કે કોઈ કેવળી તેરમે ગુણસ્થાને અંતર્મુહૂર્ત રહે ને કોઈ અબજો વર્ષ સુધી રહે તો તેનું શું કારણ ? તેની મુક્તિ તરત જ કેમ થતી નથી એમ શિષ્ય શંકા કરે છે.

સમાધાન :– કેવળજ્ઞાનની ઉત્પત્તિ વખતે યથાખ્યાત ચારિત્ર થઈ ગયું છે પરંતુ આખા આત્માનું ચારિત્ર – પરમ યથાખ્યાત ચારિત્ર પ્રગટ થયું નથી. અઘાતિકર્મ બાકી છે માટે સિદ્ધદશા થતી નથી એમ નથી. તે દૃષ્ટાંતથી સમજાવે છે. જેમ કોઈ મનુષ્ય ચોરી કરતો નથી પરંતુ તેને ચોરના સંસર્ગનો દોષ લાગે છે તે પ્રમાણે કેવળીભગવાનને ચારિત્રના નાશ કરવાવાળા મોહકર્મના ઉદયનો અભાવ છે પણ કંપનરહિત શુદ્ધ આત્માના આચરણથી વિલક્ષણ જે મન-વચન-કાયાના નિમિત્તે કંપનનો વ્યાપાર છે તે આખા આત્માના ચારિત્રમાં દૂષણ ઉત્પન્ન કરે છે. આત્મામાં કંપનની યોગ્યતા છે ને તેમાં અઘાતી કર્મોનું નિમિત્ત છે. અઘાતીકર્મો દૂષણ કરાવતાં નથી પણ જોગ ગુણ, વૈભાવિક ગુણ, પ્રતિજીવી ગુણો, કર્તા, કરણ વગેરેમાં અશુદ્ધતા છે તે જીવની યોગ્યતા છે. ત્યાર પછી અયોગી દશામાં ચૌદમા ગુણસ્થાને કંપન નથી પણ સંસ્કાર રહે છે તે ચારિત્રમાં દોષ ઉત્પન્ન કરે છે તેમાં ચાર અઘાતીકર્મ નિમિત્ત છે ને અંત સમયમાં અઘાતીકર્મનો ઉદય મંદ છે તે નિમિત્તમાત્ર છે ને તે વખતે સંસ્કારના દોષનો અભાવ કરે છે ને અયોગી જિન મોક્ષદશા પ્રાપ્ત કરે છે. આ પ્રકારે ચૌદ ગુણસ્થાનોની વાત પૂરી થઈ.

હવે ચૌદ માર્ગણાસ્થાનનું કથન કરે છે.

ગતિ, ઇન્દ્રિય, કાય, યોગ, વેદ, કષાય, જ્ઞાન, સંયમ, દર્શન, લેશ્યા, ભવ્યત્વ, સમ્યક્ત્વ, સંજ્ઞા તથા આહાર – એમ ચૌદ પ્રકારે માર્ગણાસ્થાન જાણવા.

**(૧) ગતિ માર્ગણા :–** ચિદાનંદ આત્માની સંપૂર્ણ પ્રાપ્તિથી સિદ્ધદશા પ્રાપ્ત થાય છે તેનાથી વિલક્ષણ ચાર પ્રકારની ગતિ સંસારદશામાં થાય છે. નરકગતિનામકર્મને લીધે જીવ નરકમાં જતો નથી પણ નરકગતિરૂપની જીવની લાયકાત છે, વર્તમાન ગતિની પર્યાય સ્વતંત્ર આત્માથી થયેલી છે. એમ જ્ઞાન કરવું. નરકમાં રહેલો ક્ષાયિક સમકિતી જ્ઞાન કરે છે કે નારકીપણાની યોગ્યતા પોતાની પર્યાયમાં છે. તે કર્મને લીધે નથી, પણ પોતાને લીધે છે. છતાં તે પર્યાય છે માટે આદરણીય નથી. આશ્રય તો સ્વભાવનો જ વર્તે છે.

તિર્યંચગતિમાં નિગોદથી લઈ સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ સુધી લઈ લેવા. તે ગતિરૂપની યોગ્યતા જીવની છે. અઢી દ્વીપ બહાર અસંખ્યાતા તિર્યંચો પાંચમે ગુણસ્થાને છે તે સમજે છે કે તિર્યંચરૂપ રહેવાની પોતાની યોગ્યતા છે. પણ પર્યાય આદરણીય નથી. દ્રવ્ય જ આદરણીય છે. બાદર, સૂક્ષ્મ, એકેન્દ્રિયાદિ જુદા જુદા ભેદોને કેવળજ્ઞાની જેમ સ્વતંત્ર જાણે છે તેમ શ્રુતજ્ઞાની પણ શ્રુતજ્ઞાનથી બધી પર્યાયો સ્વતંત્ર છે તેમ જાણે છે. છતાં પર્યાય આદરણીય નથી.

મનુષ્યગતિ પૂર્વ કર્મને લીધે નથી. મનુષ્ય શરીર તો પુદ્ગલ છે, તેની વાત નથી. આત્માની

તે રૂપની યોગ્યતા તે મનુષ્યગતિ છે. પર્યાયનું જ્ઞાન કરી, તે આદરણીય નથી એમ જાણી, દ્રવ્ય આદરણીય છે એમ શ્રદ્ધા કરવી.

દેવગતિરૂપની પર્યાય જીવની યોગ્યતાથી છે. પણ આદરણીય નથી, દ્રવ્ય આદરણીય છે.

આ પ્રમાણે ગતિમાર્ગણા ચાર પ્રકારે કહેવાણી.

**શ્રાવણ વદ ૨, રવિવાર, ૭-૮-૫૨**

આ જીવ પદાર્થ છે તેની વર્તમાન દશા અથવા પર્યાય સત્ છે, તે કોઈએ કરેલ નથી. જીવ પદાર્થ અનાદિ અનંત દ્રવ્યસ્વભાવે હોવા છતાં વર્તમાન પર્યાય ૧૪ માર્ગણા સ્થાનરૂપ થાય છે. તે પોતાના કારણે થાય છે. તેનું જ્ઞાન કરાવી, તે પર્યાયનું લક્ષ છોડાવવા ને ત્રિકાળી સ્વભાવનો આશ્રય કરાવવા વાત કરે છે. ગતિ માર્ગણાની વાત થઈ ગઈ. હવે ઇન્દ્રિય માર્ગણાની વાત કરે છે.

(૨) **ઇન્દ્રિય માર્ગણા :–** આત્મા પોતાના અવલંબને પરિપૂર્ણ કામ કરતો હોય તો જ્ઞાનમાં ખંડ-ખંડ દશા ન હોય. એટલે કે ભાવેન્દ્રિય ન હોય, આત્મા કેવો છે ? આત્મા જડ ઇન્દ્રિયોથી અગમ્ય છે તેમજ ભાવઇન્દ્રિયોના અવલંબનથી પણ ગમ્ય નથી. વસ્તુ જે સત્ છે તે આદિ ને અંત વિનાની છે. વળી તે અખંડ જ્ઞાનસ્વભાવી વસ્તુના આશ્રયે અનુભવી શકાય એવી ચીજ છે. કેવળજ્ઞાનમાં પૂર્ણ ગમ્ય છે ને સાધકને સ્વસંવેદન જ્ઞાનથી અલ્પ ગમ્ય છે. જીવ પોતાના શુદ્ધ આત્માનું અવલંબન કરતો નથી. તેથી તેને ભાવઇન્દ્રિયપણું પ્રાપ્ત થાય છે. એકેન્દ્રિયાદિપણું શુદ્ધ આત્મતત્ત્વથી પ્રતિપક્ષભૂત છે, એકેન્દ્રિય જીવોને જ્ઞાનના ઓછા ઉઘાડ પણે પરિણમન થઈ રહ્યું છે તે પોતાના કારણે છે, કર્મને લીધે નથી. અહીં શરીર અથવા જડ ઇન્દ્રિયની વાત નથી. પણ અરૂપી ભાવઇન્દ્રિયપણાનું સ્વતંત્રપણું બતાવે છે, તે અશુદ્ધનયનો વિષય છે, પર્યાયમાં એકેન્દ્રિયપણું છે છતાં તે જ વખતે સ્વભાવ તો અતીન્દ્રિય આનંદકંદ છે એમ શુદ્ધનયથી ધર્મીજીવ જાણે છે. આમ બન્ને નયનું જ્ઞાન કરાવે છે. આ વાત સર્વજ્ઞ સિવાય બીજે હોઈ શકે નહિ. માટે સર્વજ્ઞનો યથાર્થ નિર્ણય પ્રથમ જ હોવો જોઈએ, એક સમયમાં પ્રત્યક્ષજ્ઞાનમાં સર્વજ્ઞે પરિપૂર્ણ જોએલ છે. અલ્પજ્ઞ પરોક્ષ જ્ઞાન દ્વારા તે વાત નક્કી કરી શકે છે. એકેન્દ્રિયની અવસ્થા સ્વતંત્ર છે એમ જાણીને પણ આત્મા આનંદકંદ છે એવી દૃષ્ટિ કરવી તે પ્રયોજન છે. એકેન્દ્રિય જીવની દયા પાળી શકું છું ને તેને બચાવી શકું છું તે વાત છે જ નહિ. બે ઇન્દ્રિયપણું તે પણ જ્ઞાનની ખંડખંડ અવસ્થા છે તે કર્મને લીધે નથી. છતાં સ્વભાવ તો અતીન્દ્રિય છે. અન્યમતનો નિષેધ

કરાવી, અશુદ્ધનયના વિષયભૂત પર્યાયનું જ્ઞાન કરાવી, તેનો નિષેધ કરાવી ત્રિકાળી શુદ્ધ સ્વભાવની શ્રદ્ધા કરાવે છે.

ત્રણ ચાર કે પાંચ ઇન્દ્રિયોનો ઉઘાડ પણ પોતાના કારણે છે, કર્મનો ક્ષયોપશમ છે માટે જ્ઞાનનો ઉઘાડ છે એમ નથી. અહીં સ્વતંત્રતા બતાવી, પર્યાયનો નિષેધ કરાવી ત્રિકાળી દ્રવ્યની શ્રદ્ધા કરાવે છે. સંસારી જીવને શોધવો હોય તો ઇન્દ્રિયમાર્ગણામાં તે જણાશે, કેવલીને ભાવઇન્દ્રિયપણું નથી, તેઓને અતીન્દ્રિય અનુભવ છે.

(૩) **કાય માર્ગણા :–** આત્મા તો શરીર રહિત છે. ઔદારિક, વૈક્રિયિક, આહારક, કાર્મણ ને તૈજસ એમ પાંચ પ્રકારનાં શરીરનો આત્મામાં અત્યંત અભાવ છે. આત્મતત્ત્વને ચૂકેલો જીવ પૃથ્વી આદિરૂપ હીનદશાને પામે છે. ઉપર જે દેખાય છે તે તો પૃથ્વીનું શરીર છે તેની વાત નથી અંદર પૃથ્વીકાયરૂપની જીવની પર્યાયની વાત છે. તે સ્વતંત્ર છે. પૃથ્વીકાય જીવની દયા પાળવાની વાત નથી. એ અવસ્થા બતાવી તેનો આશ્રય છોડાવી શુદ્ધ સ્વભાવનો આશ્રય કરાવે છે. જળ કાયની દશારૂપે જીવ પોતે થયેલ છે તેને મારી શકે કે જીવાડી શકે છે તેની વાત નથી. જીવની સ્વતંત્ર દશા બતાવે છે. અગ્નિકાયરૂપે જીવ પોતે થાય છે. ઉપર દેખાય છે તે શરીર છે તેની વાત નથી. અંદર એકેન્દ્રિયપણાની યોગ્યતાની વાત છે. તેવી રીતે વાયુકાય રૂપે, વનસ્પતિકાય રૂપે, કે ત્રસ કાયરૂપે જીવ પોતે પરિણમે છે. કોઈ ઈશ્વર તો તેનો કર્તા નથી પણ કર્મને લીધે તે રૂપ દશા થઈ છે એમ પણ નથી. તેમ જ પૂર્વ પર્યાયને લીધે પણ નથી. તે વર્તમાન પર્યાય સ્વતંત્ર છે એમ અશુદ્ધનયથી બતાવે છે પણ તે એક સમયની પર્યાય છે તેથી તેનું અવલંબન લેવા જેવું નથી. ત્રિકાળી સ્વભાવનું જ અવલંબન લેવા જેવું છે ત્રિકાળી સ્વભાવનું અવલંબન લેવાનું કહ્યું તેથી આવા એકેન્દ્રિયાદિ જીવોના ભેદો નથી જ એમ જાણે તો જ્ઞાન ખોટું ઠરે છે. વર્તમાન પર્યાય અથવા ભેદ છે તેનું અસ્તિત્વ ઉડાડવાથી શ્રદ્ધા-જ્ઞાન સાચાં થતાં નથી અને એકેન્દ્રિયાદિ પર્યાયો છે એટલું જ જીવનું આખું સ્વરૂપ માને તો પણ ખોટું છે માટે જેમ છે તેમ સમજવું જોઈએ.

(૪) **યોગ માર્ગણા :–** ભગવાનઆત્મા તો પંદર પ્રકારના યોગના વ્યાપાર રહિત છે. પર્યાયમાં કંપન છે, તે સ્વભાવમાં નથી એવા વ્યાપાર રહિત શુદ્ધ આત્મતત્ત્વથી વિલક્ષણ મનોયોગ, વચનયોગ ને કાયયોગ એમ માર્ગણા ત્રણ પ્રકારની છે અથવા વિસ્તારથી પંદર પ્રકારે છે. પંદર પ્રકારમાં જે જે પ્રકારનો યોગ વર્તતો હોય તે તે પ્રકારનો સમજવો, મન, વચન, કાયા તો જડ છે તેની વાત નથી, પણ આત્માના પ્રદેશોનું કંપન તે યોગ છે ને તેમાં જે નિમિત્ત હોય તે તે પ્રકારનો યોગ કહેવાય છે. મન તરફ જોડાણ અથવા કંપન તે મનોયોગ.

વચનના નિમિત્તે કંપન તે વચનયોગ કાયાના નિમિત્તે કંપન તે કાયયોગ છે. સત્ય બોલવાના ભાવ વખતે પ્રદેશોના કંપનને સત્યમનોવર્ગણા કહે છે, આત્માના અસંખ્ય પ્રદેશોમાં સૂક્ષ્મ પરિસ્પંદન છે તે કંપનની વાત છે. અસત્ય બોલવાના ભાવ વખતે પ્રદેશોનું કંપન તે અસત્ય મનોયોગ

છે. એ પ્રમાણે સત્યાસત્ય મનોયોગ ને સત્યાસત્ય મનોયોગથી વિલક્ષણ મનોયોગ એમ ચાર પ્રકારે પ્રદેશોમાં સ્વતંત્ર ધ્રુજારો થાય છે. આમ પર્યાયની સ્વતંત્રતાનું જ્ઞાન કરાવી દ્રવ્યદૃષ્ટિ કરાવે છે.

એ પ્રમાણે સત્ય, અસત્ય, સત્યાસત્યને સત્યાસત્ય વિલક્ષણ એમ ચાર પ્રકારની વાણી બોલાય તે વખતે જે કંપન થાય છે તે વચન યોગ છે.

એ પ્રમાણે પ્રદેશોનાં કંપનમાં જે પ્રકારનું શરીર નિમિત્ત હોય તે પ્રમાણે તે યોગ સમજવો. ઔદારિક, ઔદારિક મિશ્ર, વૈક્રિયિક, વૈક્રિયિક મિશ્ર, આહારક, આહારક મિશ્ર ને કાર્મણ એમ સાત પ્રકાર કાયયોગના સમજવા. કોઈ મુનિને આહારકયોગ હોય છે. કાર્મણયોગ જીવોને વિગ્રહ ગતિમાં હોય છે. તે તે પ્રકારની પર્યાયની સ્વતંત્રતા પોતાના કારણે છે કર્મને લીધે નથી, એમ પર્યાયનું જ્ઞાન કરાવી દ્રવ્ય કંપન રહિત છે એ પણ સાથે દૃષ્ટિ કરાવે છે.

**(૫) વેદ માર્ગણા :–** ત્રણ પ્રકારના વેદ કહ્યા તે દ્રવ્ય વેદની વાત નથી. શરીરના અવયવો તો જડ છે, અંદરના ભાવની વાત છે. એવા વેદના ઉદયથી જે રાગાદિ દોષો થાય છે તે પર્યાયમાં છે પણ પરમાત્મ દ્રવ્યમાં નથી. દ્રવ્ય તો ત્રિકાળ અવેદી ભગવાન છે. તેનાથી સ્ત્રી વેદના પરિણામ, ભિન્ન છે. સ્ત્રીવેદના પરિણામ પોતાની પર્યાયમાં પોતાના કારણે હોવા છતાં તેને ભિન્ન કહેવાનું કારણ એ છે કે વસ્તુ દૃષ્ટિ કરતાં તે ખ્યાલમાં આવતા નથી ને વસ્તુમાંથી ટળી જાય છે માટે ભિન્ન કહેલ છે. સ્ત્રીવેદના પરિણામ કર્મને લીધે નથી કે પરને લીધે નથી, જીવના પોતાના કારણે છે છતાં દ્રવ્યથી ભિન્ન છે. જે વખતે સ્ત્રીવેદ પર્યાયમાં છે તે જ વખતે તે પરિણામ સ્વભાવમાં નથી એમ બન્નેનું જ્ઞાન કરાવે છે.

અજ્ઞાની જીવો કહે છે કે બધા જીવોના દ્રવ્યને ગુણો સરખા છે પણ પર્યાય સરખી નથી માટે જુદા જુદા કર્મના ઉદયને લીધે પર્યાયો સરખી નથી તો તે વાત ખોટી છે. સ્ત્રીવેદનો ઉદય અશુદ્ધનયથી તારો છે ને શુદ્ધનયથી (સ્વભાવથી) તારો નથી એમ બન્ને નયનું જ્ઞાન કરાવે છે ને તેથી વેદના પરિણામ સ્વભાવથી ભિન્ન કહી દ્રવ્યદૃષ્ટિ કરાવે છે.

આ વાત સર્વજ્ઞ સિવાય બીજે ક્યાંય નથી. સર્વજ્ઞપણું એક જ પ્રકારે છે. જૈનના નામે ફાંટા નીકળ્યાં તેમાં પણ સર્વજ્ઞપણું નથી, પૂર્ણ જ્ઞાન દર્શન દશા પ્રગટી તેનો એક જ પ્રકાર છે. માટે સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનો નિર્ણય કરવો જોઈએ, સત્તા સ્વરૂપમાં તે ઘણા બોલથી મુદ્દાની રકમ બતાવી છે. મૂળ રકમના નિર્ણય વિના પેટા ભેદનો નિર્ણય સાચો ન હોય માટે સાચા દેવ ગુરુ શાસ્ત્રના સ્વરૂપનો યથાર્થ નિર્ણય હોવો જોઈએ, શ્લોક વાર્તિકકાર વિદ્યાનંદ સ્વામી કહે છે કે સર્વજ્ઞ ભગવાને કહેલું દ્રવ્ય-ગુણ-પર્યાય વગેરેનું સ્વરૂપ જે પ્રમાણે છે તેથી વિરુદ્ધ કોઈ જીવ પ્રરૂપણા કરે તો પોતાનાં શ્રદ્ધા-જ્ઞાન રાખીને તેનો વિરોધ કરવાનો વિકલ્પ ન ઊઠે, ને મિથ્યા પ્રરૂપણાની તલ્લાક ન કરે તે મિથ્યાદૃષ્ટિ છે. પોતાના બાપને ગાળ દેવામાં આવે તો દીકરો સહન ન કરે તેમ સર્વજ્ઞથી વિરુદ્ધ કહેનારની વાત ધર્મી જીવ સહન કરતો નથી

ને આ પ્રરૂપણા ખોટી છે એવો વિકલ્પ તેને આવ્યા વિના રહેતો નથી. જો એવો વિકલ્પ ન આવે તો તે મિથ્યાદૃષ્ટિ છે. કોઈને ભાષાનો યોગ ન હોય ને વાણી દ્વારા વિરોધ ન કરે તે જુદી વાત છે પણ ભાવમાં અસત્યનો વિરોધ આવ્યા વિના રહે નહિ. નહિતર સર્વજ્ઞનો અનાદર થઈ જાય છે માટે જીવોએ સત્યનો યથાર્થ નિર્ણય કરવો જોઈએ.

**પુરુષવેદ :–** દ્રવ્ય વેદની વાત નથી પણ અંદરમાં વિકાર થાય છે તે જીવની પર્યાય છે તે અશુદ્ધતા જીવના કારણે છે, પુરુષવેદનો કાળ હતો તે તારા પોતાથી છે એમ કબૂલ કરે તે જ ક્ષણે અખંડાનંદ ધ્રુવ છું એવી દૃષ્ટિ કબૂલી પર્યાયનું જ્ઞાન કરાવે છે અજ્ઞાની જીવો કહે છે કે અમારે ભાવ કરવા નથી, પણ પૂર્વનાં કર્મો એક સાથે ઉદયમાં આવે તેથી એવા ભાવ થાય છે પણ તે વાત તદ્દન ખોટી છે. વેદના પરિણામ પર્યાયમાં વ્યક્ત છે, જે વ્યક્ત છે તેની સ્વતંત્રતા ભાસતી નથી તેને અવ્યક્ત શુદ્ધ દ્રવ્ય સ્વતંત્ર છે એમ ભાસી શકે નહિ. વેદની પર્યાય હોવા છતાં આખી વસ્તુ એવી થઈ નથી એમ જ્ઞાન કરાવે છે.

**નપુંસકવેદ :–** સ્ત્રી ને પુરુષ બન્ને સાથે રમવાનો ભાવ તે નપુંસકવેદ છે. તે કર્મને લીધે નથી. તે વિભાવ જીવના કારણે થાય છે. તે જ વખતે ત્રિકાળી ભગવાન અવ્યક્ત અવેદી અંદર બિરાજે છે એવી રુચિ કરાવવા આ વાત કરી છે. આ પ્રમાણે વેદમાર્ગણા થઈ. અહીં 'દ્રવ્યસંગ્રહ'માં આ વાત ભાવમાર્ગણાની છે તેથી તેને અશુદ્ધનયનો વિષય કહ્યો છે. જીવનો સમય સમયનો પર્યાય જીવની યોગ્યતાથી થયેલો છે એમ બતાવે છે.

(૬) **કષાય માર્ગણા :–** ભગવાનઆત્મા તો કષાયથી રહિત છે. સ્વભાવ તો શુદ્ધ છે. તો પછી કષાય ક્યાંથી આવ્યો ? પોતે પર્યાયમાં કર્યો માટે. શુદ્ધ આત્માના સ્વભાવથી ક્રોધ, માન, માયા, લોભ એમ ચાર કષાયો પ્રતિકૂળ છે. જીવ પોતાનો અકષાયી સ્વભાવ ચૂકે છે તો પર્યાયમાં આવા પરિણામ થાય છે. તે વિસ્તારથી કહે છે. આત્મા જ્ઞાતાદૃષ્ટા છે એવી રુચિ વિના સ્વરૂપનું આચરણ ચૂકીને થતા મિથ્યા આચરણના પરિણામ તે અનંતાનુબંધીના પરિણામ છે. સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યેના અનાદરના પરિણામને તથા સાચા દેવાદિ કરતાં કુદેવાદિ અથવા સ્ત્રીકુટુંબ પ્રત્યે અધિક પ્રેમ થવાના પરિણામને અનંતાનુબંધી કષાય કહે છે. અનંતાનુબંધીને તીવ્ર, અપ્રત્યાખ્યાનને મંદ, પ્રત્યાખ્યાનને મંદતર ને સંજ્વલનને મંદતમ કષાય કહે છે. તેમાં ક્રોધ, માન, માયા, લોભ – એમ દરેકમાં ચાર ભેદ પાડતાં સોળ ભેદ થાય છે. તે જીવની યોગ્યતાને લીધે છે. કર્મને લીધે નથી. હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા, પુરુષવેદ, સ્ત્રીવેદ, નપુંસકવેદ – એમ નવ પ્રકારના નોકષાયના પરિણામ જીવના કારણે છે. આમ પચીસ પ્રકારે કષાય માર્ગણા છે. તે પરિણામ જીવના કારણે છે. તે અશુદ્ધનયનો વિષય છે. તે કષાયો દ્રવ્યમાં નથી કારણ કે દ્રવ્ય શુદ્ધનયનો વિષય છે. આ વાત સર્વજ્ઞ સિવાય બીજે નથી. જે સર્વજ્ઞની વાતને અન્યમત સાથે સન્મવય કરવા જાય છે તે મૂઢ છે. મિથ્યાદૃષ્ટિ છે. બીજાઓએ સર્વજ્ઞના નામે સંપ્રદાય ચલાવવા અક્કલ વગરની નક્કલ કરી છે. જે સુદેવાદિ અને કુદેવાદિ વચ્ચે વિવેક

કરતો નથી ને પોતાનો માનેલો પક્ષ છોડતો નથી તે ગૃહીત મિથ્યાદૃષ્ટિ છે.

સર્વજ્ઞ ભગવાન જે રીતે દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વરૂપ કહે છે તે રીતે જાણે તો પર્યાયબુદ્ધિ ટળી સ્વભાવબુદ્ધિ થાય છે.

**નિઃશંક નિર્ભય શ્રી સદ્ગુરુદેવનો જય હો !**

**શરીર-ધન-મકાન આદિ અનુકૂળતા દેખીને તને વિસ્મયતા અને કુતૂહલતા આવે છે તો ભગવાન આત્મા મહિમાવંત પદાર્થ છે, અજાયબ-ઘર છે તેનું કુતૂહલ તો કર ! ભગવાન સર્વજ્ઞદેવે જેના આટલા-આટલા વખાણ ને મહિમા કર્યા છે એવો આત્મા કેવો છે તેને દેખવા કુતૂહલ તો કર ! એકવાર વિસ્મયતા તો કર કે તું કેવડો મોટો મહાન પદાર્થ છો ! તેને દેખવા-અનુભવવાનું કુતૂહલ તો કર ! નરકનો નારકી મહા પીડામાં પડ્યો છે પણ આવા મહાન આત્માની કુતૂહલતા કરીને આત્માને અનુભવે છે તો તું આવા અનુકૂળ યોગમાં એકવાર કુતૂહલ તો કર !**

**(પરમાગમસાર–૯૨)**

## પ્રસાદ નં. – ૨૮૯

**વી. નિ સં. ૨૪૭૮, શ્રાવણ વદ ૯, વર્ષ ૨જું. પુસ્તક દસમું,**
**સોનગઢ, તા. ૧૪-૮-૫૨, ગુરુવાર.**
**શ્રી દ્રવ્યસંગ્રહ ગાથા–૧૩**
**(શ્રાવણ વદ ૩, શુક્રવાર, ૮-૮-૫૨ બપોર)**

આ જગતમાં અનંતા આત્મા છે, દરેક આત્મા ત્રિકાળ શુદ્ધ છે એમ પોતે પણ શુદ્ધ છે એવું ભાન થતાં સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન થાય છે ને સમ્યજ્ઞાન થતાં પોતાની વર્તમાન પર્યાય જ્ઞાન-દર્શન વગેરેની કઈ કઈ વર્તે છે ને બીજાઓ કઈ કઈ દશામાં વર્તે છે તેમ જાણવું તે માર્ગણાસ્થાનનું જાણપણું છે. માર્ગણાસ્થાનો બધા સંસારી જીવોને હોય છે પણ તેનો નિર્ણય સાધક જીવ અશુદ્ધનયથી કરે છે. અહીં બે નયની વ્યાખ્યા ચાલે છે. આત્મા જ્ઞાનસ્વભાવી છે, તેને નિમિત્તથી કે વિકારથી ધર્મ થતો નથી તેમ જ પર્યાયના અવલંબને પણ નવી શુદ્ધ દશા પ્રગટતી નથી. નવી શુદ્ધ દશા તો દ્રવ્યના અવલંબને થાય છે. હું ત્રિકાળ શુદ્ધ છું એવું જ્ઞાન શુદ્ધનય દ્વારા થાય છે ને પોતાની તથા જગતના જીવોની વર્તમાન પર્યાય જાણવી તે અશુદ્ધનયનો વિષય છે. આ કેવળીની વાત નથી, તેને કાંઈ નક્કી કરવાનું રહેતું નથી. સાધક આ માર્ગણાસ્થાનોનો વિચાર કરે છે.

આત્મા વસ્તુ છે, તેનો સ્વભાવ જ્ઞાન છે, તેની પાંચ સમ્યગ્જ્ઞાનની ને ત્રણ મિથ્યાજ્ઞાનની – એમ આઠ દશા છે. દરેક આત્માનો જ્ઞાનસ્વભાવ એકરૂપ શુદ્ધ છે. તે ગુણની આઠ અવસ્થા છે. મિથ્યાજ્ઞાન હોય ત્યારે સમ્યગ્જ્ઞાન ન હોય ને સમ્યગ્જ્ઞાન હોય ત્યારે મિથ્યાજ્ઞાન ન હોય. અહીં સમ્યગ્જ્ઞાની જીવ ત્રિકાળી સ્વભાવનો નિર્ણય કરી પર્યાયનું જ્ઞાન કરે છે. પર્યાય અશુદ્ધનયનો વિષય છે.

કેવળજ્ઞાનનું નક્કી કરતાં ત્રણકાળ ત્રણલોકના પદાર્થોનું નક્કી થાય છે, બીજા ચેતન તથા જડ પદાર્થોનું જે કાળે જેમ થવાનું હોય તેમ થાય, તેમાં ફેરફાર ન થાય. આ જગતનાં તત્ત્વોનો મહાન મર્મ છે. કેવળજ્ઞાન તે જ્ઞાનની પૂર્ણ પર્યાય છે. આત્મા વસ્તુ છે. જ્ઞાન તેનો પરમ સ્વભાવ

છે. તે જ્ઞાનગુણ ન હોય તો સ્વ-પર જણાય નહિ. માટે જ્ઞાનગુણ સદ્દશ ધ્રુવ છે ને તે પૂર્ણ છે. તેની વર્તમાન પર્યાય સાધકદશામાં રાગદ્વેષમાં અટકતાં અલ્પજ્ઞતા ભાસે છે. તે પર્યાયનું ખરું સ્વરૂપ નથી. પર્યાયનું સ્વરૂપ પૂર્ણ જાણવું હોઈ શકે. આમ આત્મદ્રવ્ય, જ્ઞાનગુણ ને તેની જાણવારૂપની પર્યાય પૂર્ણ હોઈ શકે – એમ જેણે નક્કી કર્યું તે જાણે છે કે જગતના પદાર્થોનું જે કાળે જેમ થવાનું હોય તેમ થાય છે, તેમાં જરા પણ આઘું પાછું થતું નથી.

કોઈ અહીં પ્રશ્ન કરે કે 'તો પછી તેમાં પુરુષાર્થ ક્યાં રહ્યો ?'

સમાધાન :– એમાં જ પુરુષાર્થ છે. આત્મા જ્ઞાનસ્વભાવી છે ને તેની એક સમયની પર્યાય પૂર્ણ થઈ શકે છે એટલે કે કેવળજ્ઞાન જગતમાં છે, પૂર્ણ સામર્થ્યમાંથી પૂર્ણ કાર્ય પ્રગટ્યું એવું કબૂલનારને રાગદ્વેષ, હર્ષ-શોક વગેરે પરિણામ હેયબુદ્ધિએ વર્તે છે. જગતમાં અનંતા કેવળીઓ છે પોતાના સામર્થ્યથી તેઓ કેવળજ્ઞાનને પામેલા છે. એમ જે માને છે તેને દયાદાનાદિની રુચિ છૂટી જાય. વિકલ્પનો આદર છૂટે, અલ્પજ્ઞ પર્યાયનું લક્ષ છૂટે છે. અલ્પજ્ઞમાં અલ્પજ્ઞના આશ્રયે સર્વજ્ઞનો નિર્ણય થતો નથી. હું અલ્પજ્ઞ છું, પૂર્ણ પર્યાય ક્યાંથી આવશે ? અલ્પજ્ઞતાને અભાવ ને સર્વજ્ઞતાનો ઉત્પાદ ક્યાંથી થશે ? રાગમાંથી કે નિમિત્તમાંથી થશે ? ના. પોતામાંથી થશે, એમ નક્કી કરતાં નિમિત્તની ને પુણ્ય-પાપની રુચિ છૂટી જાય છે. અલ્પજ્ઞતામાંથી સર્વજ્ઞતા ન પ્રગટે એમ નક્કી કરતાં અલ્પજ્ઞતાની રુચિ છૂટી જાય છે ને સર્વજ્ઞતા. તો જ્ઞાનગુણ ધ્રુવ સદ્દશ છે તેમાંથી આવે છે ને તે જ્ઞાનગુણ આત્માનો છે. આમ જ્ઞાનસ્વભાવી આત્મા ઉપાદેય માન્યો ને રાગ તથા અધૂરી પર્યાયને હેય માન્યા. અનંતા જીવો કેવળજ્ઞાન પામ્યા ને પામશે તે પોતાના આશ્રયે પામ્યા એમ હું પણ પામીશ – એમ નક્કી કરનાર સ્વમાં રહીને નક્કી કરે છે કારણ કે તે પર્યાય જ્ઞાનગુણમાંથી પ્રગટવાની છે ને તે જ્ઞાનગુણનો ધરનાર આત્મા છે. તેથી આત્મા તરફ દૃષ્ટિ થયા વિના કેવળજ્ઞાનનો નિર્ણય થાય નહિ. તે નિર્ણય ક્રમબદ્ધ થાય છે પણ તે સ્વદ્રવ્યના આધારે થાય છે પણ અલ્પજ્ઞતાના આધારે થતો નથી.

જગતનાં તત્ત્વો જે રીતે છે તે રીતે ભગવાને કેવળજ્ઞાનથી જાણ્યાં ને વાણી દ્વારા કથન આવ્યું એમ જે નિર્ણય કરે છે તે પર્યાયબુદ્ધિ, નિમિત્તબુદ્ધિ ને અલ્પજ્ઞબુદ્ધિને હેય માને ને જ્ઞાનગુણને ઉપાદેય માને એટલે કે તે ગુણ આત્માનો છે માટે આત્માને ઉપાદેય માને, તેને સમ્યગ્દર્શન થયા વિના રહે નહિ.

કેવળજ્ઞાનનો અથવા સર્વજ્ઞનો નિર્ણય કરનારને અલ્પજ્ઞતા ને રાગદ્વેષની હેયબુદ્ધિ વર્તે છે, તેને તે ઉપાદેય માનતો નથી. તે તો શુદ્ધ અંતર સ્વભાવને જ ઉપાદેય માને છે. જગતના પદાર્થો વ્યવસ્થિત પરિણમી રહ્યા છે. લોકાલોકમાં કોઈ પણ પર્યાય આડીઅવળી ન થાય એમ નિર્ણય કરનાર જીવ સર્વજ્ઞતા જેના આશ્રયે પ્રગટે છે એવા દ્રવ્યસ્વભાવને જ ઉપાદેય માને છે. જે જીવ વસ્તુસ્વરૂપ ક્રમબદ્ધ માનતો નથી તે કેવળીને માનતો નથી, તેને દ્રવ્ય, ગુણ, પર્યાયના સ્વરૂપની ને દેવ-ગુરુ-શાસ્ત્રના સ્વરૂપની શ્રદ્ધા નથી.

આમાં પુરુષાર્થ શું આવ્યો ?

સમાધાન :– સર્વજ્ઞની પ્રતીતિ કરનાર ગુણીનો આદર કરનાર છે. જ્ઞાનગુણ પરિણમીને કેવળજ્ઞાનરૂપ થાય છે ને તે ગુણનો ધરનાર પોતાનો આત્મા છે. પ્રથમ અજ્ઞાનદશામાં જે રાગ ને જ્ઞાન સાથે એકપણું માનતો અથવા નિમિત્તથી એકત્વબુદ્ધિ હતી તે છૂટીને હવે ગુણીમાં એકત્વ થયું. જે વીર્ય નિમિત્ત ને રાગમાં રોકાતું તે સ્વભાવ તરફ વળવા લાગ્યું. કારણ કે સ્વભાવની એકાગ્રતા થતાં સર્વજ્ઞદશા થશે. તે વીર્ય અથવા પુરુષાર્થ છે, તે સમ્યગ્દર્શન ને જ્ઞાન છે ને તે જ જૈનધર્મ છે.

કેવળી ભગવાનને સર્વજ્ઞતા ક્યાંથી આવી ? ગુણીમાં એકાગ્ર થતાં તે પ્રગટેલ છે – એમ નક્કી કરતાં આત્મા તરફ દૃષ્ટિ જાય છે. આમ ક્રમબદ્ધની કબૂલાત કરનારને દ્રવ્યદૃષ્ટિ થાય છે ને રાગ તથા અલ્પજ્ઞતાની હેયબુદ્ધિ વર્તે છે.

આ માર્ગણાનો અધિકાર છે. મિથ્યાદૃષ્ટિને માર્ગણા હોય છે. પણ તેને માર્ગણા શોધવાનું હોતું નથી. કારણ કે તેને શુદ્ધનયની ખબર નથી. તેમ જ અશુદ્ધનયની પણ ખબર નથી. ધર્મી જીવ જેને શુદ્ધનયની ખબર છે તે અશુદ્ધનયથી પોતાની તેમ જ પરની પર્યાયોનું જ્ઞાન કરે છે. કેવળજ્ઞાન પણ પર્યાય છે. તેમાં જણાતા જગતનાં પદાર્થો ક્રમસર પરિણમે છે – આમ કેવળજ્ઞાનનો નિર્ણય કરતાં દ્રવ્યનો નિર્ણય થાય છે, દેવ-ગુરુ-શાસ્ત્રનો નિર્ણય થાય છે અને તે જ પુરુષાર્થ છે.

અગાઉ એક ભાઈએ પ્રશ્ન પૂછેલ કે કેવળજ્ઞાનીએ જેમ જોયું છે તેમ બનતું હોય તો પુરુષાર્થ રહેતો નથી. ત્યારે તેને કહેવામાં આવ્યું કે કેવળજ્ઞાની છે કે નહિ, તેની અસ્તિ તમોએ કબૂલી છે ? જેની વાત પૂછો છો તેની કબૂલાત છે ?

પ્રશ્ન પૂછનારે કહ્યું કે 'મારે તેનું કામ નથી'

તેને કહેવામાં આવ્યું કે એમ ન ચાલે, તમો એમ કહી શકો છો કે જગતમાં કોઈ સર્વજ્ઞ ન હોઈ શકે અથવા સર્વજ્ઞ ન માનીએ તો શું વાંધો ? પણ કેવળજ્ઞાનીએ જેમ જોયું તેમ બનતું હોય તો પુરુષાર્થ રહેતો નથી એ પ્રશ્નમાં પ્રથમ કેવળજ્ઞાનીની અસ્તિ કબૂલ કરવી જોઈએ.

આત્મા 'છે' તો તેનો સ્વભાવ જ્ઞાન પણ 'છે' ને જે જે જેનો સ્વભાવ હોય તે પૂર્ણ ન થાય એમ બને નહિ. પૂર્ણ વ્યકતતા ન થાય તો તે તેનો સ્વભાવ કહેવાય નહિ એટલે આત્મા માનનારે જ્ઞાનસ્વભાવ માન્યો, ને તેની પૂર્ણદશા કેવળજ્ઞાન માન્યું ને કેવળજ્ઞાન માનનાર ક્રમબદ્ધ માન્યા વિના રહેતો નથી. તેને પર્યાયબુદ્ધિ રહેતી નથી, તેને સ્વભાવબુદ્ધિ થાય છે. આનું નામ પુરુષાર્થ છે. આમ જેને ખ્યાલ આવ્યો તેનો પુરુષાર્થ ઊપડે છે. જગત સમજે કે ન સમજે તે તેના કારણે છે. જગતની પર્યાય આડીઅવળી થતી નથી. આમ નક્કી કરનારને અહંકારનું પાણી ઊતરી જાય છે. ને પૂર્વની ઊંધી માન્યતા ઉપર મીંડા વાળવા પડે છે.

સર્વજ્ઞનો નિર્ણય થતાં સર્વજ્ઞ દોષરહિત હોય એમ નક્કી થાય છે. તેમને આહાર-પાણી

હોય નહિ, રોગ હોય નહિ. જે જીવ સર્વજ્ઞ આહાર-પાણી લ્યે એમ માને, તેમને રોગવાળા માને તે દેવ-ગુરુ-શાસ્ત્રને સમજતો નથી. જ્ઞાનપર્યાય અંતર્મુખ વળીને કેવળજ્ઞાન પ્રગટ્યું તેને સંયોગરૂપે પરમ ઔદારિક સ્ફટિક જેવું શરીર હોય ને તેમને આહાર-પાણી ન હોય આમ સર્વજ્ઞતા પ્રગટ થતાં કેવો સંયગો હોય ને કેવા સંયોગનો અભાવ હોય તે ધર્મી જીવ જાણી લ્યે છે.

લીંડી પીપર ૬૪ પહોરી પ્રગટ થાય છે તે ક્યાંથી થાય છે ? વર્તમાન તીખાશ ઓછી છે, ૬૪ પહોરી અવ્યક્ત છે તે શક્તિમાંથી વ્યક્ત થશે. તેમ વર્તમાન પર્યાયમાં અલ્પજ્ઞતા છે, ગુણ અવ્યક્ત છે. મારો સ્વભાવ સર્વજ્ઞ શક્તિવાળો છે એવો નિર્ણય કરી અંતરમાં ઠરતાં સર્વજ્ઞતા વ્યક્ત થાય છે. તે જ પુરુષાર્થ છે. આ વાત ન્યાયથી કહેવાય છે. આત્મા છે તો તે સ્વયંસિદ્ધ છે, આત્મા છે તો જ્ઞાન સ્વભાવ છે. જ્ઞાન સવિકલ્પ છે. તે વિશેષપણે દરેક પદાર્થને નક્કી કરે છે. પરમભાવગ્રાહક દૃષ્ટિથી જ્ઞાન જ આત્મા છે. કારણ કે જ્ઞાન અનંતા ગુણોને જાણે છે. આમ આત્મા 'જ્ઞ' સ્વભાવી છે – એમ નક્કી કરતાં અલ્પજ્ઞતા રહેશે નહિ. સાધકદશામાં હજી રાગદ્વેષ થશે પણ અલ્પ રાગનો જ્ઞાતા રહી શુદ્ધતા વધારતો વીતરાગતા પામી કેવળજ્ઞાનને પામશે. આ પ્રમાણે અનંતા પામ્યા છે, વર્તમાન પામે છે ને ભવિષ્યમાં પામશે.

જ્યાં સુધી વસ્તુસ્થિતિ ખ્યાલમાં ન આવે ને ભાવભાસન ન થાય ત્યાં સુધી બધું નકામું છે. સર્વજ્ઞ ભગવાન, નિર્ગ્રંથ ગુરુઓ ને શાસ્ત્ર આ પ્રમાણે જાહેરાત કરી રહ્યા છે.

અજ્ઞાની જીવ માને છે કે મારી હોંશિયારીથી પૈસા આવે છે તે જીવ મફતનો અભિમાન કરે છે. પૈસા તો પુદ્ગલ જડ છે, તે તેના પરાવર્તનના કાળે આવે ને જાય છે. પૈસાને આવવાનો કાળ હતો માટે આવ્યા છે. જીવના ડહાપણને લીધે તે આવ્યા નથી. વસ્તુસ્થિતિ આમ છે. મારો સ્વભાવ જ્ઞાનથી ભરેલો છે, મારી કચાશ છે એટલે અલ્પજ્ઞતા છે ને પૂર્ણ થાઉં એટલે સર્વજ્ઞતા પ્રગટ કરી શકું એમ છું. કેવળજ્ઞાન માનવામાં ન આવે ને અધૂરું જ્ઞાન જ સર્વદા માનવામાં આવે તો સંસાર કદી તૂટે નહિ પણ વસ્તુસ્થિતિ એવી નથી.

પ્રશ્ન :– તો પછી ચરણાનુયોગમાં મંદ કષાય કરવાનો ઉપદેશ કેમ આપ્યો ?

સમાધાન :– મંદકષાય થવાનો જે કાળ હોય છે તે જ વખતે તે થાય છે, આડો અવળો થતો નથી. વળી તત્ત્વજ્ઞાનના લક્ષપૂર્વક ચરણાનુયોગનું કથન હોય છે.

વળી 'પ્રવચનસાર' ગાથા ૮૦ માં કહ્યું છે કે :–

**जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं।**
**सो जाणदि अप्पाणं मोहो खलु जादि तस्स लयं।।८०।।**

જે જીવો અર્હંતના દ્રવ્ય ગુણ પર્યાયને જાણે છે તે જાણે છે કે મારો આત્મા તેવો જ શક્તિએ છે અંતર્મુખ થતાં કેવળજ્ઞાન પ્રગટ કરવાની તાકાત મારામાં છે એમ નિર્ણય કરનારને ક્ષાયિક સમકિત થાય છે. અર્હંત ભગવાનની – કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતવીર્ય, અનંત સુખ વગેરે – અર્થપર્યાયો તેમ જ તેમની વ્યંજનપર્યાયને જે જાણે છે તે નક્કી કરે છે કે હું પણ તે જાતિનો છું ને મારા દ્રવ્યના અવલંબને તે દશા પ્રગટ કરી શકીશ. તેનો દર્શનમોહ નાશ પામે છે એમ ક્ષાયિક સમકિતની વાત કરી છે.

વળી ગાથા ૮૨માં કહ્યું છે કે :–

**सव्वे वि य अरहंता तेण विधाणेण रवविदकम्मंसा।**
**किच्चा तधोवदेसं णिव्वादा ते णमो तेसिं।।८२।।**

અનંતા અર્હંતો તે જ વિધિથી કર્મોનો નાશ કરી તથા એ જ પ્રકારે ઉપદેશ કરી મોક્ષ પામ્યા છે. તેમને નમસ્કાર હો. આ પ્રમાણે 'કુંદકુંદાચાર્યદેવે' 'પ્રવચનસાર'માં સ્પષ્ટ કહ્યું છે.

વળી કોઈ કહે છે કે જડ પદાર્થોમાં અવસ્થા ક્રમબદ્ધ થાય પણ આત્મામાં ક્રમબદ્ધ ન થાય. તો એ વાત પણ ખોટી છે. જડ પદાર્થો કર્મબદ્ધ પરિણમી રહ્યા છે. તે જ્ઞેયો છે – તેને જ્ઞાન જાણે છે. જડ પદાર્થો વ્યવસ્થિત છે એમ જે જ્ઞાન નક્કી કરે છે તે જ્ઞાન પણ ક્રમસર છે, આડું અવળું નથી. જ્ઞાન ક્રમસર છે એમાં જ સર્વજ્ઞનો નિર્ણય છે ને સર્વજ્ઞના નિર્ણયમાં સમ્યગ્દર્શન થાય છે.

પ્રશ્ન :– જેમ જ્ઞેયો વ્યવસ્થિત છે તેમ જ્ઞાન ક્રમસર વ્યવસ્થિત છે તે જ પ્રમાણે કર્મના ઉદય પ્રમાણે રાગ થાય તે પણ ક્રમબદ્ધ છે ને ?

સમાધાન :– ના, કર્મના ઉદય પ્રમાણે રાગ થાય તો રાગ અને કર્મ એક થઈ જાય છે. ને રાગની પર્યાય પણ સિદ્ધ થતી નથી. તેથી તે વાત મિથ્યા છે. ધર્મી જીવ જાણે છે કે પર્યાયની યોગ્યતા મારા કારણે છે. કર્મના પ્રમાણમાં નથી. અનાદિ અનંત કાળના જેટલા સમય છે તેટલી ચારિત્રગુણની પર્યાયો છે. તે ક્રમસર પોતાના કારણે છે. જ્ઞાની જાણે છે કે રાગ થાય છે તે વખતે કર્મ નિમિત્ત છે પણ કર્મનો ઉદય કર્મના કારણે છે.

કર્મના ઉદયને લીધે રાગ નથી તેમ જ કર્મના ઉદયના પ્રમાણમાં પણ રાગ નથી. કર્મના ઉદયના પ્રમાણમાં રાગ કરવો પડે તો નિગોદમાંથી નીકળવાનો અવસર પણ રહે નહિ. નિગોદનાં જીવનાં કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ એક સાગરની છે. ત્યાંથી નીકળી કોઈ પંચેન્દ્રિય મનુષ્ય થાય તો ત્યાં વિગ્રહગતિમાં જ અંતઃક્રોડાક્રોડીની સ્થિતિનું કર્મ બાંધે છે. એક સાગરની સ્થિતિવાળાં જ કર્મો ઉદયમાં છે ને અંતઃકોડાકોડી એટલે ઘણી લાંબી સ્થિતિનાં કેમ બાંધે ? માટે કર્મના

ઉદય પ્રમાણે જીવ રાગ કરતો નથી પણ ઓછો કે વત્તો પોતાની યોગ્યતા મુજબ કરે છે. કર્મના ઉદય પ્રમાણે રાગ હોય તો સાધક થવાનો અથવા રાગ મંદ કરવાનો પણ પ્રસંગ રહેતો નથી. રાગના પ્રમાણમાં જડ કર્મનો ઉદય હોવો જોઈએ એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધનો અર્થ નથી. કર્મના ઉદયના પ્રમાણમાં રાગ થાય એમ માનનાર મૂઢ છે. તેને કર્મ સાથે એકત્વબુદ્ધિ વર્તે છે. ધર્મી જીવને ઉદય સન્મુખ દૃષ્ટિ નથી પણ સ્વભાવ સન્મુખ દૃષ્ટિ છે. જે પ્રકારનો રાગ ને જેટલા પ્રમાણમાં હોય તેને તે પ્રકારે જાણે છે ને કર્મનો ઉદય નિમિત્ત છે એમ પણ જાણે છે. પરને લીધે મારામાં કાંઈ નથી ને મારે લીધે પરમાં કાંઈ નથી - એમ તે જાણે છે.

અહીં જ્ઞાનમાર્ગણાની વાત ચાલે છે. તેમાં પહેલો ભેદ મતિજ્ઞાન છે. સમ્યગ્દૃષ્ટિ જીવ નક્કી કરે છે કે જે સમયે અવગ્રહ, ઈહા, અવાય, ધારણા થવાના છે તે સમયે તે થાય છે. તે ઇન્દ્રિયને લીધે કે કર્મના ક્ષયોપશને લીધે નથી. જ્ઞાનગુણનો સ્વકાળ થવાનો તે જ થવાનો છે. આંખ ઉઘાડી હોય તો જાણવાનું બને અને બંધ હોય તો જાણવાનું ન બને તે વાત ખોટી છે. આત્મા વસ્તુ છે, જ્ઞાન તેનો ગુણ છે ને તેની સમ્યક્ પાંચ પર્યાયો છે. પર્યાયો ઉત્પાદ-વ્યયરૂપ છે ને ગુણ ધ્રુવરૂપે છે. અવગ્રહાદિ મતિજ્ઞાનના પર્યાય છે. શુદ્ધનયથી ગુણી આત્માને જાણતાં અશુદ્ધનયથી અવગ્રહાદિની જે જે પર્યાય વર્તે છે તેને તેમ જાણે છે. પણ તે ભેદરૂપ છે તેથી અશુદ્ધનયથી જાણે છે. ત્રિકાળ વસ્તુ તો એકરૂપ છે, તેને શુદ્ધનય જાણે છે.

અહીં જ્ઞાનપ્રધાન અધ્યાત્મકથન છે તેથી પર્યાયના ભેદોને જાણનાર નયને અશુદ્ધનય કહેલ છે. 'સમયસાર'માં દૃષ્ટિપ્રધાન અધ્યાત્મકથન છે. તેથી ત્યાં પર્યાયના ભેદોને જાણનાર નયને વ્યવહારનય કહેલ છે.

અવગ્રહ, ઈહા, અવાય, ધારણા ક્રમસર થાય છે. કાંઈ આડું-અવળું થતું નથી. સમ્યગ્દૃષ્ટિ વિચારે છે કે મારી પર્યાય મારા કારણે હીણી છે. નિમિત્તને લીધે નથી. હીણી પર્યાયનું જ્ઞાન હોવા છતાં શુદ્ધ તરફની દૃષ્ટિ ખસતી નથી.

કોઈ કહે કે ચશ્મા હોય તો દેખાય છે ને ? ના, ચશ્માને લીધે જ્ઞાન માનનાર જ્ઞાનના વર્તમાનકાળને ઉડાડે છે. જેને વર્તમાન પર્યાયની સ્વતંત્રતાની ખબર નથી તેને દ્રવ્યની ખબર નથી.

પ્રશ્ન :– તો પછી ચશ્મા શું કામ ચડાવો છો ?

ઉત્તર :– ચશ્મા કોણ ચડાવે છે ? ચશ્મા આવે છે તેમ જાણે છે. જડની અવસ્થા આત્મા કરી શકતો નથી.

પ્રશ્ન :– ચશ્મા ચડાવતા પ્રત્યક્ષ અમે દેખીએ છીએ ? તે દાર્શનિક પુરાવો છે.

સમાધાન :– અહીં એક પંડિત આવેલા તેણે પણ એમ કહેલું કે આ ચાપડી (લાકડાની પટ્ટી) વાંચલાથી થયેલી પ્રત્યક્ષ દેખાય છે ને ? તો તે પ્રત્યક્ષપણું શેમાં છે ? પ્રત્યક્ષતા પરમાં

હોય, ઇન્દ્રિયમાં હોય, રાગમાં હોય કે સ્વના જ્ઞાનમાં હોય ? જ્ઞાન પ્રત્યક્ષ કોને થાય છે ? ઇન્દ્રિય નહિ, રાગ નહિ, મારો સ્વભાવ જ જ્ઞાન છે એમ પોતાનો જ્ઞાનસ્વભાવ સ્વતંત્ર છે એમ જેણે નક્કી કર્યું છે તેને જ્ઞાન અંશે પ્રત્યક્ષ પ્રગટેલ છે ને તેવો જીવ બીજા પદાર્થોનું નક્કી કરી શકે છે. દાર્શનિક પુરાવો ક્યાં રહેતો હશે ? જડમાં રહેતો હશે ? ના, જડમાં નથી, જડને લીધે નથી. આખી દુનિયાના પદાર્થો સ્વતંત્ર છે એમ નક્કી કરી સ્વ તરફ વળી જે સ્વસંવેદન જ્ઞાન પ્રગટ્યું તે જ્ઞાન સ્વને જાણતાં પરને સ્વતંત્ર જાણે તે દાર્શનિક પુરાવો છે.

પ્રશ્ન :– આમાં કારણ-કાર્ય સંબંધ શું આવ્યો ?

સમાધાન :– ત્રિકાળી દ્રવ્ય કારણ છે ને સમ્યગ્જ્ઞાનની પર્યાય પ્રગટી તે કાર્ય છે. અહીં સમ્યક્ મતિજ્ઞાનની વાત ચાલે છે. સમ્યગ્દૃષ્ટિ જીવ અશુદ્ધનયથી મતિજ્ઞાનની પર્યાયને જાણે છે ને આવા પ્રકારના જ્ઞાનની હીણપ વર્તે છે એમ જાણે છે. તેમ જ બીજાની પણ પર્યાય જેમ થઈ રહી હોય તેમ જાણે છે. પણ રુચિ તો શુદ્ધ સ્વભાવ ઉપર જ છે. આમ ધર્મી જીવને શુદ્ધનય અને અશુદ્ધનય બન્નેનું પ્રમાણજ્ઞાન વર્તે છે.

**સર્વજ્ઞતાની બંસરી બજાવનાર**
**શ્રી સદ્ગુરુદેવનો**
**જય હો !**

**શ્રાવણ સુદ ૨, બુધવાર, ૨૩-૭-૫૨**

(૭) ધર્મી જીવ સંયોગ વિકાર અને પર્યાયને ગૌણ કરી ત્રિકાળી દ્રવ્યને ઉપાદેય માને છે, આત્માનાં શ્રદ્ધા, જ્ઞાન ને ચારિત્રની શુદ્ધિની વૃદ્ધિ કરનારને આત્માનો પરમ સ્વભાવ એકરૂપ અંગીકાર કરવા જેવો છે એવી અંતર્મુખ દૃષ્ટિ હોય છે છતાં કેટલી ભેદદશા છે તેનું અશુદ્ધનયથી જ્ઞાન કરે છે. બન્ને નયનું જ્ઞાન એક સાથે વર્તે છે. હું પરમ પારિણામિક ભાવ એકરૂપ જ્ઞાયક છું, રાગ-દ્વેષ, દયા-દાનાદિના ભાવ તે અપરાધ છે. સ્વને જાણતાં તેનો વ્યવહારે જાણનાર છું એમ ધર્મી જાણે છે, પર્યાયમાં નવા ભાવ ઉત્પન્ન થાય છે ને જૂના ટળે છે તે અશુદ્ધનયનો

વિષય છે. અંશનું જ્ઞાન કરવા જેવું છે પણ આદરવા યોગ્ય નથી. અંશી ધ્રુવ સ્વભાવ આદરણીય છે. આ માર્ગણા અધિકાર છે, સ્વભાવ દૃષ્ટિએ માર્ગણા પણ આત્મામાં નથી પણ જે માર્ગણા વર્તે છે તેને ધર્મી જાણે છે. ગતિ, ઇન્દ્રિય, કષાય, જ્ઞાન વગેરેની જે જે અવસ્થા વર્તે છે તેને જાણે છે. તે અવસ્થા પરને લીધે નથી, મારા કારણે છે છતાં તે ઉપાદેય નથી, માત્ર શુદ્ધ આત્મા ઉપાદેય છે એમ ધર્મી માને છે. જ્ઞાયકનું શ્રુતજ્ઞાન પ્રમાણ છે. તેના બે પડખાં છે, એક ત્રિકાળને જાણે છે ને એક વર્તમાન ને જાણે છે ત્યારે જ્ઞાન પ્રમાણ થાય છે. આવું જ્ઞાન થયા પછી પોતાના પુરુષાર્થ દ્વારા રાગ ઘટવાની યોગ્યતા દેખે ત્યારે વ્રતાદિ પચ્ચખાણ હોય છે, તે વિના વ્રતાદિ હોતાં નથી.

અહીં મતિજ્ઞાનની વાત ચાલે છે તેના ભેદો,

**અવગ્રહ :–** જાણવાની શરૂઆત થવી, ઈહા :– વિચાર કરવો, અવાય = નિશ્ચય ને ધારણા ક્રમસર થાય છે. તે ભેદો ઇન્દ્રિયોને લીધે નથી તેમજ આડાઅવળા થતા નથી. સ્વતંત્રપણે થાય છે એમ ધર્મીજીવ વર્તમાન ભેદનું જ્ઞાન કરાવે છે. અવગ્રહાદિના ભેદો સ્વકાળે છે તેનું અશુદ્ધનયથી જ્ઞાન કરે છે ને મારું સ્વરૂપ એકરૂપ ધ્રુવ નિત્ય છે એમ પણ જ્ઞાન કરે છે. સ્વને જાણતાં પરને જાણે છે.

**શ્રુતજ્ઞાન :–** શાસ્ત્રાદિનું જ્ઞાન તે શ્રુતજ્ઞાન નથી પણ આત્મા જ્ઞાન સ્વરૂપ છે એમ મતિજ્ઞાન થયા પછી આત્મા આનંદરૂપ છે એવા આનંદના વેદનનું જ્ઞાન તે ભાવ શ્રુતજ્ઞાન છે. આનંદનું વેદન ચારિત્રગુણની પર્યાય છે પણ શ્રુતજ્ઞાનની પર્યાય નથી પણ તે વેદનનું જ્ઞાન થવું તે શ્રુતજ્ઞાન છે. આત્માના ભાન સહિત બાર અંગનું જ્ઞાન લબ્ધરૂપ થઈને ઉપયોગ રૂપ થાય છે તે શ્રુતજ્ઞાન છે તે જ્ઞાન પર્યાય ત્રિકાળી સ્વભાવથી ભેદરૂપ છે એમ બતાવવા તેને અશુદ્ધનયનો વિષય કહ્યો છે, ત્રિકાલી આત્માને શુદ્ધનયનો વિષય કહ્યો છે. કોઈ જીવ પરથી શ્રુતજ્ઞાન માને છે તેનો વિષય કરાવવા શ્રુતજ્ઞાન પોતાથી છે એમ પણ બતાવે છે, શ્રુતજ્ઞાન શ્રવણથી કે રાગથી થતું નથી પણ પોતના સામર્થ્યથી થાય છે, તે શ્રુતજ્ઞાન પરોક્ષ રીતે લોકાલોકના સ્વરૂપને, છ દ્રવ્યને, નવ તત્ત્વ, પંચાસ્તિકાયાદિના સ્વરૂપને યથાર્થ જાણે છે. કેવળી ભગવાન પ્રત્યક્ષ જાણે છે, શ્રુતજ્ઞાની પરોક્ષ જાણે છે પણ જેમ છે તેમ જાણે છે. ગણધર ભગવાન અંતર્મુહૂર્તમાં બાર અંગની રચના કરે છે, તે જ્ઞાનનો વિકાસ શુભરાગને લીધે અથવા ભગવાનની વાણીને લીધે થયો નથી, ધર્મી જીવ સમજે છે કે હું આત્મા નિત્યાનંદ ધ્રુવ છું તેનો જ્ઞાનગુણ સમયે સમયે પરિણમે છે.

કોઈ પ્રશ્ન પૂછે કે, તો પછી તમો જુદાં જુદાં શાસ્ત્રોના નિમિત્ત કેમ ફેરવો છો ?

સમાધાન :– પુસ્તકાદિ પર પદાર્થ છે તેને કોઈ લાવતું કે ફેરવતું નથી, તે તે પદાર્થોની તે કાળે તેવી અવસ્થા થાય છે તેને જ્ઞાન જાણે છે. 'સમયસાર' 'દ્રવ્યસંગ્રહાદિ'શાસ્ત્રને લીધે જ્ઞાન થતું નથી, જ્ઞાન તો પોતાથી જ થાય છે.

**અવધિજ્ઞાન :–** અવધિજ્ઞાની મન-ઇન્દ્રિયના નિમિત્ત વિના આત્માથી રૂપી પદાર્થોને દ્રવ્ય-ક્ષેત્ર-કાળની મર્યાદામાં જાણે છે ને સમજે છે કે આ જ્ઞાન ક્રમસર થયેલ છે.

પ્રશ્ન :– તો પછી અવધિજ્ઞાની ઉપદેશ કેમ કરે છે ?

સમાધાન :– અવધિજ્ઞાની જીવ વાણીને કરતો નથી. વાણી નીકળે તેને જાણે છે, વિકલ્પ આવે છે તેને પણ જાણે છે ને સામો જીવ પોતાના કારણે સમજે છે તેમ જાણે છે, મહાવીર ભગવાનની વાણી કેવળજ્ઞાન થયા પછી ૨ માસ ૬ દિવસે નીકળી તો તે ગણધર આવ્યા માટે નીકળી ? ના, વાણી બંધ રહી તે વાણીના કારણે ને નીકળી તે પણ વાણીના કારણે નીકળી છે. તેવી રીતે ભરત ચક્રવર્તીએ ભગવાન ઋષભદેવને પૂછયું કે આ સભામાં આપના જેવા કોઈ તીર્થંકર થશે ? ભગવાનને ઈચ્છા નથી. તેમને તો કેવળજ્ઞાન વર્તે છે. આવો પ્રશ્ન પૂછાશે ને વાણી નીકળશે તે બધી વાતની અગાઉથી ખબર છે. ભરતના પ્રશ્ન વખતે વાણી વાણીના કારણે સહજ નીકળી કે મરીચિનો જીવ ૨૪મા તીર્થંકર થશે એટલે કે લગભગ એક ક્રોડા ક્રોડી સાગરોપમ પછી તે તીર્થંકર થશે.

ભરતે સાંભળ્યું કે મરીચિની આટલા બધા લાંબા કાળ પછી મુક્તિ થશે તેમ તેને શ્રુતજ્ઞાનમાં બેઠું છે. ઋષભદેવ પછી અજીતનાથ ભગવાન ૫૦ લાખ ક્રોડ સાગરોપમ થયા ને ભગવાન મહાવીર તો છેલ્લા તીર્થંકર થયાં એટલે પહેલા ને છેલ્લા તીર્થંકર વચ્ચે ઘણો કાળ ગયો. એટલો બધો વખત મરીચિના જીવને સંસારમાં રહેવું પડશે ને તે પહેલાં તે જીવ પુરુષાર્થ કરી શકશે નહિ તે બાબતમાં ભરતને શંકા પડતી નથી કેમકે તે વાત ફરવાની નથી.

હવે મરીચિના ઝાઝા ભવ સાંભળ્યા માટે મને પણ અનંતા ભવો થશે તો ? એવી શંકા ભરતને પડતી નથી કારણ કે ધર્મીજીવની દૃષ્ટિ સ્વભાવ ઉપર છે. સ્વભાવમાં ભવ નથી, જરા રાગ વર્તે છે તે અલ્પકાળમાં ટળી મુક્તિ થશે. શ્રુતજ્ઞાનીને ભવની શંકા હોતી નથી. શ્રુતજ્ઞાની સ્વને જાણતાં વિકલ્પ તથા રાગ-દ્વેષને જાણે છે તેમજ તે આકુળતા છે એમ પણ જાણે છે છતાં તે આકુળતા ઝાઝો કાળ રહેશે નહિ એમ તે જાણે છે. જે જીવને શંકા પડે ને કહે કે મારે અનંતા ભવ થશે, તો તેનું જ્ઞાન સ્વભાવ સન્મુખ નથી, તે મિથ્યાજ્ઞાની છે.

આ માર્ગણા સ્થાનનો ગમે તે પર્યાયનો ભેદ ધર્મીને વર્તતો હોય તોપણ તે રાગ લાંબો કાળ રહેશે તેવી શંકા તેને હોતી નથી, ક્રમબદ્ધ સ્વીકારનારની દૃષ્ટિ ત્રિકાળ સ્વભાવ ઉપર રહે છે, તેને ભવની શંકા નથી છતાં પર્યાયને ગોતે છે. ધર્મીજીવ ને મતિ-શ્રુતજ્ઞાન અલ્પ હોય છે કોઈને અવધિજ્ઞાન અલ્પ હોય છે. તેથી મને ગણધર જેટલું ૧૨ અંગનું જ્ઞાન ક્યારે થશે ને ક્યારે કેવળજ્ઞાન થશે એવી શંકા ધર્મીને પડતી નથી. કોઈ અવધિજ્ઞાનીનો વિકાસ ઘણો દેખાય, પરમાણુને પણ દેખે એવું કોઈને જ્ઞાન હોય તો જ્ઞાનીને બીજાનો તેટલો મોટો વિકાસ દેખીને પોતાનો ઓછો વિકાસ દેખી હીનતા કે દીનતા થતી નથી ને ખેદ થતો નથી. વળી કોઈ જ્ઞાનીને અવધિજ્ઞાનનો વિકાસ ઘણો હોય, કોઈ મુનિને મનઃપર્યયજ્ઞાન હોય ને સામા જીવના

વિચારો ભૂત ભવિષ્યના પણ જાણે છતાં તેનો ગર્વ જ્ઞાનીને હોતો નથી ને કોઈ શ્રુતજ્ઞાનીને મનઃપર્યયજ્ઞાન ન હોય તો તે મનઃપર્યયની ભાવના ભાવતો નથી. પોતાની તેમ જ બીજાની હીન તથા અધિક જ્ઞાનની પર્યાયને જેમ છે તેમ જાણે છે.

કેવળજ્ઞાન પર્યાય દ્રવ્યથી ભેદરૂપ છે તેથી તે ભેદ અશુદ્ધનયનો વિષય છે. કેવલજ્ઞાનીને નય નથી તેઓ તો પૂર્ણ દશા પામ્યા છે. અવધિજ્ઞાન મર્યાદિત રૂપી પદાર્થને જાણે છે. મનઃપર્યયજ્ઞાન પરના વિચારો જાણે છે તે જ્ઞાન અંશે પ્રત્યક્ષ છે તેથી તેમાં નય નથી, મતિનો વિષય અલ્પ છે તેથી તેમાં નય નથી. શ્રુતજ્ઞાન તે મતિજ્ઞાનની ઉત્તર તર્કણા છે તેથી તેમાં નય પડે છે. શ્રુતજ્ઞાની અશુદ્ધનયથી માર્ગણા શોધે છે ને વિચારે છે કે જગતમાં કેવળજ્ઞાન પ્રગટ થયેલા અનંતા આત્મા છે. કેવળજ્ઞાની પ્રત્યક્ષ જાણે છે, શ્રુતજ્ઞાની પરોક્ષ જાણે છે, શ્રુતજ્ઞાની કેવળજ્ઞાનની માર્ગણાનો શોધક છે, કેવળજ્ઞાનની પર્યાયને પ્રતીતિમાં લ્યે છે, તે પર્યાય પરિપૂર્ણ છે એમ માર્ગણા શોધકને પ્રતીતિ થઈ છે છતાં કેવળજ્ઞાન પર્યાયની ભાવના નથી, ધર્મી જીવને કેવળજ્ઞાનના વિકલ્પની હોંશ નથી તેમ જ પોતાના અધૂરા મતિ-શ્રુતજ્ઞાનનો ખેદ નથી કારણ કે તે પોતાના સ્વરૂપની શ્રદ્ધામાં નિઃશંક છે.

જેમ લાડવો ખાનારને શ્રદ્ધા છે કે આ લાડવો આ નાના ગળામાંથી નીચે ઊતરશે ને પચી જશે, તેમાં તેને શંકા પડતી નથી, તેમ ભાવ શ્રુતજ્ઞાની નિઃશંક છે કે આ જગતમાં કેવળજ્ઞાનીઓ છે, હું આત્મા જ્ઞાનસ્વભાવી છું, મારામાં વર્તમાન અલ્પજ્ઞતા છે તેનો વ્યય થઈ પરિપૂર્ણ દશા એક બે ભવમાં થશે, પોતાના કેવળજ્ઞાન માટે અનંતા ભવો થશે એમ તેને શંકા પડતી નથી, હું કેવળજ્ઞાન અલ્પકાળમાં પામીશ તો પછી મારા પહેલાં અનંતા એ પ્રમાણે થઈ ગયા હોવા જોઈએ, મારા સ્વભાવની રુચિ કરી પૂર્ણ કરવા માગું તો તે માટે મારે કાળ અનંત હોઈ શકે નહિ. સાધકને કેવળજ્ઞાન પ્રગટ કરવામાં અનંતકાળ થાય નહિ પણ અલ્પકાળમાં તે કેવળી થઈ જાય છે.

અલ્પકાળ અનંત કાળના હિસાબે અનંતમે ભાગે છે. જો અલ્પકાળમાં હું કેવળજ્ઞાન પામી શકું છું તો અનંતકાળમાં તે હિસાબે અનંતા કેવળીઓ થઈ ગયા હોવા જોઈએ ને અનંતા થશે એમ તે જાણે છે.

ધર્મી જીવની દૃષ્ટિ તો ગુણી દ્રવ્ય ઉપર છે પણ તેની વર્તમાન પર્યાય કેવળજ્ઞાનની શોધણી કરે છે કેટલી સંખ્યાને કેવળજ્ઞાનમાં નાખું ? આ જગતમાં કેવળજ્ઞાનવાળા જીવો છે તે અનંતા છે. આ ક્ષેત્રે કેવળજ્ઞાની નથી તો બીજે ક્ષેત્રે કેવળજ્ઞાની છે માટે બીજું ક્ષેત્ર પણ સિદ્ધ થાય છે. વળી કેવળજ્ઞાન થયા પછી કેવળજ્ઞાની ને શરીરમાં રહેવાનો કાળ અનંત ન હોય, તથા કેવળજ્ઞાન પછી સિદ્ધ થતાં અસંખ્ય વર્ષ ન થાય, શરીર હોવા છતાં કેવળજ્ઞાન થઈ શકે છે, ને કેવળજ્ઞાન થયા પછી શરીરમાં રહેવાનો સમય અસંખ્ય વર્ષ ન હોય, આ ક્ષેત્રે વર્તમાનમાં કેવળજ્ઞાની નથી તેથી જગતમાં કેવળજ્ઞાની બિલકુલ નથી જ એમ હોતું નથી. વર્તમાનમાં આ

ક્ષેત્રે કેવળજ્ઞાની નથી તો પણ તેની શંકા શ્રુતજ્ઞાનીને પડતી નથી. જો કેવળજ્ઞાની વિષે શંકા પડે અથવા પોતાના ભવ વિષે શંકા પડે તો તેને કેવળજ્ઞાનની વાત તો બેઠી નથી પણ એકે જ્ઞાનની વાત બેઠી નથી.

હવે માર્ગણા શોધનાર અજ્ઞાન માર્ગણાની શોધ કરે છે, પોતાને અજ્ઞાન નથી, પણ જગતમાં અજ્ઞાની જીવો છે, તેની શોધ કરે છે. રાગથી ને નિમિત્તથી લાભ માનનાર અજ્ઞાની કુમતિ જ્ઞાની જગતમાં છે. આત્માના ભાન વિના એકલા શાસ્ત્રના ભણનાર કુમતિજ્ઞાનવાળા છે. જેમ કેવળજ્ઞાન ધરનારા અનંતા છે તેમ કુમતિના ધરનારા અનંતા છે. આત્માના ભાન વિનાના રાગથી ધર્મ માનનાર દ્રવ્યલિંગી મુનિ કુમતિવાળા છે. અગિયાર અંગના ભણનાર દ્રવ્યલિંગી મુનિથી માંડીને નિગોદ સુધીના મિથ્યાદૃષ્ટિ જીવો કુમતિજ્ઞાનના ધારક છે. માર્ગણા શોધક પૂરાનું તેમ જ સાધક ને બાધક બધાનું નક્કી કરે છે. તે પર્યાયની તાકાત બતાવે છે. તે દ્રવ્યના અવલંબને થયેલી સમ્યક્તા બતાવે છે.

**કુશ્રુતજ્ઞાન :–** વ્યવહારથી ને રાગથી લાભ માનનાર જીવ મિથ્યાદૃષ્ટિ છે. પછી ભલે તે અગિયાર અંગનો અથવા નવ પૂર્વનો પાઠી હોય તોપણ તેનું જ્ઞાન કુશ્રુતજ્ઞાન છે.

વિભંગ જ્ઞાન :– કોઈ મિથ્યાદૃષ્ટિને વિભંગજ્ઞાન હોય, અમુક દ્વીપ સમુદ્ર આદિનો ખ્યાલ આવે પણ તેને આત્માનો ખ્યાલ આવતો નથી. કષાય પરથી થાય એમ માનનાર તો તીવ્ર કષાયી છે. દ્રવ્યલિંગી મુનિ પરથી કષાય થાય એમ માનતા નથી પણ ઊંડે ઊંડે આત્મા સ્વયં સિદ્ધ તત્ત્વ છે તે વાત તેને બેસતી નથી. તેને ક્રિયાકાંડનો પક્ષ રહે છે. કોઈ મિથ્યા દૃષ્ટિને કદાચિત્ વિભંગ જ્ઞાન હોય ને ધર્મી જીવને અવધિજ્ઞાન ન હોય તોપણ મને અવધિ જ્ઞાન નથી. એવા પ્રકારની દીનતા ધર્મીને થતી નથી. કારણ કે મારું જ્ઞાન પરથી નથી તેમ જ પરને જાણનારો છું માટે હું જ્ઞાયક છું એમ પણ નહિ, હું તો અખંડ જ્ઞાનસ્વરૂપ જ છું એવું ભાન તેને વર્તે છે તે ધર્મી જીવ વિભંગ જ્ઞાનીને શોધે છે.

(૮) હવે ધર્મી જીવ ચારિત્ર માર્ગણા શોધે છે. માર્ગણા શોધક બધા ચારિત્રમાં હોય જ એવું હોતું નથી. ચોથે, પાંચમે, છઠ્ઠે ગુણસ્થાને વર્તતા શ્રુતજ્ઞાની ચારિત્રના ભેદનો વિચાર કરે છે, અખંડ વસ્તુની અપેક્ષાએ ચારિત્રના સાતે ભેદ અશુદ્ધનયનો વિષય છે ને તેથી આદરણીય નથી, માત્ર શુદ્ધ દ્રવ્ય જ આદરણીય છે.

**સામાયિક ચારિત્ર :–** આત્માના ભાન સહિત તેમાં લીનતા કરતાં રાગની અનુત્પત્તિ તે સામાયિક છે તે ચોથે, પાંચમે, ગુણસ્થાને હોતી નથી પણ સામાયિક ચારિત્ર કેવું હોય તેનું જ્ઞાન વર્તે છે, પોતાને સામાયિકની વીતરાગતા નથી એમ જાણે છે. ચૈતન્ય શુદ્ધ દ્રવ્યના આધારે શ્રદ્ધા-જ્ઞાન પૂર્વક એકાગ્રતા કરવી તે સામાયિક ચારિત્ર છે. તે સમ્યગ્દર્શન-જ્ઞાન વિના ન હોય, સામાયિક ક્યાં હોય છે તેનો સમ્યક્જ્ઞાનીને ખ્યાલ ને વિવેક વર્તે છે.

## પ્રસાદ નં. – ૨૯૧

**વી. નિ સં. ૨૪૭૮, શ્રાવણ વદ ૧૧, વર્ષ ૨જું. પુસ્તક દસમું,**
**સોનગઢ, તા. ૧૬-૮-૫૨, શનિવાર.**
**શ્રી દ્રવ્યસંગ્રહ ગાથા–૧૩**
**(શ્રાવણ વદ ૫, રવિવાર, ૧૦-૮-૫૨ બપોર)**

આ જીવદ્રવ્ય છે. તેનો અનંત ચૈતન્ય સ્વભાવભાવ છે. તે પરમપારિણામિક જ્ઞાયકભાવ છે. તે સમ્યગ્દર્શનનો તથા શુદ્ધનયનો વિષય છે ને વર્તમાન પર્યાય પોતાની તથા પરની છે તે અશુદ્ધનયનો વિષય છે. અધ્યાત્મદૃષ્ટિએ માર્ગણાસ્થાન, જીવસ્થાન વગેરે ભેદો અભૂતાર્થ છે, તેને વ્યવહારનયના વિષય કહ્યા છે. તે એકરૂપ સ્વભાવ નથી. તેથી શરણ લેવા જેવા નથી. માત્ર એકરૂપ સ્વભાવનું શરણ કરવા જેવું છે, તે જ સુખનું કારણ છે. તે વખતે જે સમ્યક્શ્રુતજ્ઞાન પ્રગટે છે તેમાં એક નય અનાદિ અનંત એકરૂપ જે સ્વભાવ છે તેને પકડે છે ને બીજો નય પોતાની તથા પરની પર્યાયને પકડે છે ને તે દ્વારા સાધક જીવ પર્યાયનું યથાર્થ જ્ઞાન કરે છે.

અહીં સંયમમાર્ગણા ધર્મી જીવ શોધે છે.

**સામાયિક :–** અખંડ દૃષ્ટિ ઉપરાંત વિશેષ શાંતિ – સમતાભાવ પ્રગટે છે તે સામાયિક છે, તે મુનિને હોય છે. તે વખતે બાહ્ય શરીર નગ્ન અવસ્થારૂપ હોય છે તેની અહીં વાત નથી. સ્વભાવના અવલંબને જે સ્થિરતા અથવા વીતરાગતા પ્રગટી તે સામાયિક છે પણ તે ભેદ હોવાથી અશુદ્ધનયનો વિષય છે. નીચલી દશાવાળા – સમ્યગ્દૃષ્ટિ – ને સામાયિક નથી પણ મુનિને કેવી સામાયિકદશા વર્તે છે તેનું જ્ઞાન કરે છે.

**છેદોપસ્થાપન :–** મુનિ પોતાના સામાયિક ચારિત્રમાં સ્થિર રહી શકતા નથી ત્યારે તેને ૨૮ પ્રકારના મૂળગુણના પાલનના વિકલ્પ ઊઠે છે. પાંચ સમિતિનું પાલન, વસ્ત્ર રહિતપણું, અદંતધોવન, એકવાર ઊભા ઊભા આહારનો વિકલ્પ ઊઠે છે. તે વખતે અખંડ સ્વભાવની લીનતામાં છેદ પડ્યો ને મૂળગુણપાલનનો વિકલ્પ ઊઠ્યો અથવા ૨૮ મૂળગુણપાલનમાં દોષ લાગ્યો તેના પ્રાયશ્ચિતને છેદોપસ્થાપન ચારિત્ર કહે છે.

પોતાની વર્તમાન પર્યાય તેમ જ બીજાની વર્તમાન પર્યાયનું સ્વરૂપ શું છે તેને ચોથા, પાંચમા, છઠ્ઠા ગુણસ્થાનવાળો જીવ આ માર્ગણા વડે શોધી વિચાર કરે છે.

**પરિહારવિશુદ્ધિ :–** કોઈ મુનિને આવું ચારિત્ર હોય છે તેને એવા પ્રકારની લબ્ધિ હોય છે કે તે પાણી કે લીલોતરી ઉપર ચાલે તો પણ તેના નિમિત્તે પગની નીચેના જીવોને દુઃખ ન થાય. જે ધર્મીને આવી લબ્ધિ હોતી નથી તે બીજાની પર્યાયનું જ્ઞાન ત્રિકાળની દૃષ્ટિ રાખીને કરે છે.

**સૂક્ષ્મસાંપરાય :–** આ દસમા ગુણસ્થાનની દશા છે તેમાં જરા કષાય બાકી છે. તે ભૂમિકાવાળાને વિકલ્પ નથી. નીચલી ભૂમિકાવાળો તેનો વિચાર કરે છે.

**યથાખ્યાત :–** આ ચારિત્ર ૧૧-૧૨-૧૩-૧૪ ગુણસ્થાને હોય છે. જેમાં આત્મા જેવો અકષાયી છે તેવો પ્રસિદ્ધિ પામ્યો છે. તેને યથાખ્યાત ચારિત્ર કહે છે. તે પણ પર્યાય છે. ત્રિકાળી સ્વભાવની અપેક્ષાએ ભેદ પડ્યો માટે તે પણ અશુદ્ધનયનો વિષય છે. આવા ભેદો સર્વજ્ઞના આગમમાં બતાવવામાં આવેલ છે. બીજે ક્યાંય નથી. સર્વજ્ઞદેવ તીર્થંકર – જેને ઇન્દ્રો નમે છે. જે સમવસરણમાં બિરાજે છે તે યથાખ્યાત ચારિત્રવાળા છે. તેવા ચારિત્રવાળા લાખો કેવળીઓ મહાવિદેહમાં બિરાજે છે. ધર્મી જીવ વિચારે છે કે આત્માનાં શ્રદ્ધા-જ્ઞાન કરતાં મને સ્વરૂપઆચારણ પ્રગટ થયેલ છે, તો તે વધીને યથાખ્યાત ચારિત્ર ટૂંક સમયમાં થશે. આત્મા અકષાયી છે તેવી શ્રદ્ધા ને લીનતા કરતાં અકષાયીદશા પર્યાયમાં પ્રગટ થાય છે. વિકલ્પ તે ચારિત્ર નથી પણ હું જ્ઞાયક સ્વભાવી છું એવાં જ્ઞાન ને પ્રતીતિ થયા પછી ક્રમે ક્રમે ચારિત્ર પૂર્ણ પ્રગટ કરનારા જીવો આ કાળે છે.

ભલે આ ક્ષેત્રે અત્યારે ન હોય પણ બીજે હોવા જોઈએ. અત્યારે આવા જીવો મહાવિદેહમાં વિચરે છે ને પૂર્વે ભરતમાં તથા ઐરાવતક્ષેત્રમાં હતા. આમ યથાખ્યાત ચારિત્રની પ્રતીતિ ને જ્ઞાન કરે છે તે જ વખતે ત્રિકાળી સ્વભાવપણે એકરૂપ છું એવું પણ જ્ઞાન કરે છે.

**સંયમાસંયમ :–** આ પાંચમા ગુણસ્થાનવર્તી શ્રાવકની દશાની વાત છે. આત્માનું ભાન ને જ્ઞાન થયું છે તથા કાંઈક લીનતા છે ને કાંઈક અસંયમ છે એવી દશા ગૃહસ્થાશ્રમમાં હોય છે. તેવી દશા પોતાની હોય તો પોતાને તેમ જ પરની દશા જેમ છે તેમ જાણે છે.

**અસંયમ :–** પહેલાથી ચોથા ગુણસ્થાન સુધી અસંયમદશા હોય છે. મિથ્યાદૃષ્ટિ જીવ જેને આત્માનું ભાન નથી તે બાહ્યથી શીલ, સંયમ પાળતો હોય, શરીરના ખંડખંડ ટુકડા થવા છતાં ક્રોધ ન કરે, ૨૮ મૂળગુણનું પાલન કરતો હોય, અગિયાર અંગનું જ્ઞાન હોય તોપણ તે અસંમયી છે. કારણ કે તેને આત્માનું ભાન નથી. ચોથા ગુણસ્થાનવાળો સમ્યગ્દૃષ્ટિ અસંયમી છે. આત્માનું ભાન છે પણ સંયમ નથી. ભરત-બાહુબલી બે ભાઈ લડાઈ લડેલ છતાં આત્માનું ભાન હતું ને અલ્પ દ્વેષ થયો તેને જાણે છે કે તે ગુનો છે, શાંતિને લૂંટનારો છે.

આ પ્રમાણે સંયમમાર્ગણાના સાત પ્રકાર થયા.

## (૯) દર્શનમાર્ગણાનું વર્ણન

આત્મા દર્શનાદિ અનંત ગુણોનો પિંડ છે એવી શુદ્ધ દૃષ્ટિ હોવા છતાં દર્શનનો વર્તમાન ઉપયોગ કયો વર્તે છે તેને ધર્મી જીવ અશુદ્ધનયથી જાણે છે. ચક્ષુદર્શન, અચક્ષુદર્શનને પોતાને પોતાની ભેદપૂર્વક ખબર નથી પણ તેનું કાર્ય થાય છે એમ જ્ઞાન જાણે છે.

**ચક્ષુદર્શન :–** રૂપ જાણવા પહેલાં આત્માનો સ્વસન્મુખ પ્રયત્ન વર્તે છે તેને ચક્ષુદર્શન કહે છે. 'ધવલ'માં શિષ્ય પ્રશ્ન કરેલ છે કે ચક્ષુદર્શનનો શબ્દાર્થ તો ચક્ષુથી દેખવું – એમ થાય છે તો તમો ગાથાને મરડીને અર્થ કેમ કરો છો ? તેનું સમાધાન આચાર્યદેવ કરે છે કે, 'અમે મરડીને અર્થ કરતા નથી પણ શબ્દોના ભાવ પ્રમાણે અર્થ કરીએ છીએ. શબ્દો પ્રમાણે અર્થ ન પણ હોય, ભગવાનને અથવા કાગળને આંખથી જોયા તે ચક્ષુદર્શન નથી, પણ જ્ઞાનઉપયોગ છે, તે જ્ઞાનઉપયોગ થતાં પહેલાં આત્માનો સામાન્ય સત્તામાત્ર વ્યાપાર તે ચક્ષુદર્શન છે.'

સિદ્ધાંતશાસ્ત્રમાં સ્વનું અવલોકન તેને દર્શન કહે છે, ને તર્ક શાસ્ત્રમાં દર્શનની વ્યાખ્યા સમજાવે છે ત્યાં સામાન્ય અવલોકનને દર્શન કહે છે, ને વિશેષ અવલોકનને જ્ઞાન કહે છે. એમ જુદી જુદી અપેક્ષા સમજવી જોઈએ.

રૂપ જાણતાં પહેલાં આત્મામાં સામાન્ય સત્તાનો ખ્યાલ આવવો અથવા પૃથક્ વસ્તુનો ખ્યાલ આવતાં પહેલાં આત્મામાં જે પ્રયત્ન થાય છે તે ચક્ષુદર્શન છે. ચક્ષુદર્શનના ઉપયોગ વખતે ચક્ષુદર્શન પોતાને ન જાણે પણ પાછળથી જ્ઞાન જાણે છે. તેમ જ ચક્ષુદર્શનમાં બીજી કોઈ ચીજ ન જણાય. આ ભગવાન છે એવો ખ્યાલ કે એવી પરિચ્છિન્નતા દર્શનમાં હોતી નથી. વળી ચક્ષુદર્શન વખતે અચક્ષુદર્શન ન હોય – એમ ધર્મી જાણે છે. ધર્મી જીવને પોતાનો આત્મા દર્શનાદિ ગુણોનો ભંડાર છે એવી દૃષ્ટિ હોવા છતાં વર્તમાન પર્યાય ચક્ષુદર્શનની વર્તતી હોય તેને અશુદ્ધનયથી જાણે છે.

**અચક્ષુદર્શન :–** શબ્દ, ગંધ, રસ, સ્પર્શ, સ્વપ્ન, સંકલ્પ-વિકલ્પ આદિનું જ્ઞાન થતાં પહેલાં આત્મામાં સામાન્ય વેપાર વર્તે છે તે અચક્ષુદર્શન છે તેમાં આ શબ્દ છે એવો ભેદ પડતો નથી.

ધર્માત્મા શ્રુતજ્ઞાની ત્રિકાળી દ્રવ્ય, ગુણ તથા વર્તમાન પર્યાય કેવા છે તે શોધે છે – તપાસે છે. કેવળજ્ઞાની પ્રત્યક્ષ જાણે છે ને શ્રુતજ્ઞાની પરોક્ષ જાણે છે.

આત્મા દ્રવ્ય છે, દર્શન ગુણ છે. ચક્ષુ-અચક્ષુદર્શન તેની પર્યાય છે. દ્રવ્ય કારણ છે ને પર્યાય કાર્ય છે. તો તેની કાર્યદશા પૂરી છે, અધૂરી છે કે વિપરીત છે તેનું ધર્મી જીવ જ્ઞાન કરે છે. અનંત ગુણોના પિંડ આત્માનો સ્વીકાર કર્યો તેને પર્યાયરૂપી કાર્ય કેવું હોય છે તેનું

જ્ઞાન યથાર્થ હોય છે.

**અવધિદર્શન :–** અવધિજ્ઞાન થતાં પહેલાં અવધિદર્શન હોય છે. આત્મજ્ઞાની જીવ મરીને નારકી, ઢોર કે મનુષ્ય ન થાય પણ દેવમાં ઊપજે. હું શુદ્ધ ચૈતન્ય છું એવો સ્વીકાર કરેલો હોવાથી જન્મતાં ખ્યાલ કરે છે કે હું શુદ્ધ ચૈતન્યમૂર્તિ છું પણ પર્યાયમાં પૂર્ણતા નથી તેથી પર્યાયમાં પૂર્ણતાને પામેલા પ્રભુ ક્યાં છે, ભગવાન ક્યા ક્ષેત્ર છે, તથા દિવ્યધ્વનિ છૂટે છે કે નહિ તેનો ખ્યાલ અવધિજ્ઞાન દ્વારા કરે છે તે જ્ઞાન થવા પહેલાંનો વ્યાપાર તે અવધિદર્શન છે.

ઇન્દ્રોના આયુષ્યની સ્થિતિ પૂરી થવા આવે ત્યારે અવધિજ્ઞાનથી જાણી લ્યે છે. તે વિચારે છે કે મનુષ્યનું આયુ અલ્પ હોય છે તે હિસાબે અમોને મનુષ્યો અમર કહે છે પરંતુ અમે પણ અમર નથી. ૩૩ સાગરોપમની સ્થિતિવાળા પણ ચાલ્યા જાય છે. તેઓ છેલ્લી સ્થિતિએ વૈરાગ્ય લાવે છે ને શાશ્વત પ્રતિમા ઉપર હાથ મૂકે છે ને દેહ છૂટી જાય છે. આ પ્રમાણે અવધિજ્ઞાનથી પોતાના શરીરની સ્થિતિ જોઈ તે જ્ઞાન થતાં પહેલાંનો સત્તામાત્ર વ્યાપાર તે અવધિદર્શન છે.

**કેવળદર્શન :–** છદ્મસ્થ જીવ દર્શનપૂર્વક જ્ઞાન કરે છે. કેવળી ભગવાનને કેવળદર્શન ને કેવળજ્ઞાન એક સમયે હોય છે. અનંતા સિદ્ધો ને લાખો કેવળીઓને એક સમયમાં કેવળદર્શન ને કેવળજ્ઞાન વર્તે છે તેનો ખ્યાલ શ્રુતજ્ઞાની કરે છે અલ્પજ્ઞાનમાં કેવળદર્શનનો ખ્યાલ કરે છે.

જેમ ચોખા, હીરા, મરચાં વગેરેના વેપારી પોતપોતાનો માલ સારો ક્યાં પાકે છે તેની શોધ કરે છે. તેમ ભાવ શ્રુતજ્ઞાની કેવળદર્શન ને કેવળજ્ઞાનનો પાક ક્યાં પાકે છે તેની શોધ કરે છે. ભલે ભરતક્ષેત્રમાં વર્તમાનમાં તે પાક નથી પણ મહાવિદેહમાં કેવળદર્શનથી પહેલા જીવો પણ છે ને વર્તમાન પ્રગટ કરતા જીવો પણ છે. પોતાને વર્તમાન પર્યાયમાં પ્રગટ નથી પણ પોતાના ચૈતન્યની સમીપમાં પાકે છે તેનો વિવેક કરે છે. આ પ્રકારે દર્શનના ચાર ભેદો છે તે ત્રિકાળી દ્રવ્યમાં ભેદ છે તેથી અશુદ્ધનયનો વિષય છે. કારણ કેવળદર્શન વગેરે ત્રિકાળી દ્રવ્યનો ભેદ છે. અંશ છે. આમ માર્ગણાનું ધર્મી જીવ જ્ઞાન કરે છે.

## (૧૦) લેશ્યામાર્ગણાનું વર્ણન :–

ક્રોધ, માન, માયા, લોભ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા વગેરે કષાય છે. કષાયોથી રંગાયેલા આત્માના પ્રદેશોનો પરિસ્પંદરૂપ વ્યાપાર તે લેશ્યા છે. જેમ લાકડા સાથે કાગળ ચોંટાડવા માટે

ગુંદર કામ કરે છે તેમ કષાય અનુરંજિત લેશ્યા તે આત્માને કર્મો ચોંટવાનું નિમિત્ત છે. દયાદાનાદિ તથા હિંસા, જૂઠું આદિના પરિણામ તે આત્માનું સ્વરૂપ નથી એવી લેશ્યા રહિત શુદ્ધ આત્મતત્ત્વ શુદ્ધનયનો વિષય છે. તેનાથી વિરુદ્ધ લક્ષણવાળી છ પ્રકારની લેશ્યા છે.

**શ્રાવણ વદ ૬, સોમવાર, ૧૧-૮-૫૨**

(૧૦) **લેશ્યા માર્ગણા :–** જીવ દ્રવ્ય અનંત ગુણોનો પિંડ છે તથા તેની પ્રત્યેક વર્તમાન પર્યાય સ્વયં સિદ્ધ સત્ છે – એમ બે નયથી વસ્તુનું જ્ઞાન કરવું તે પ્રમાણજ્ઞાન છે. દ્રવ્ય પોતાના કારણે મલિન અવસ્થા ધારણ કરે છે, આ સંસારી જીવની વ્યાખ્યા છે, વિકાર સ્વતંત્રપણે પ્રગટે છે તે જ વખતે આત્મા શુદ્ધ ચૈતન્યાનંદ ધ્રુવ છે.

આત્મા દ્રવ્યે શુદ્ધ છે તેનાથી વિરુદ્ધભાવ કરવાવાળી છ લેશ્યા છે, જેમ ગુંદરમાં ચિકાશ હોય છે તેમ લેશ્યા ચીકાશ સમાન છે તે છ પ્રકારની છે.

**કૃષ્ણ લેશ્યા :–** લેશ્યાનું સ્વરૂપ આંબાના ઝાડના દૃષ્ટાંતે શાસ્ત્રોમાં સમજાવે છે કેરીની ઇચ્છાવાળો જીવ કેરી માટે આખું ઝાડ કાપે છે તે દૃષ્ટાંત, ઘણા લોહવાટિયા અને ઉગ્ર પરિણામ બતાવવા માટે છે, આત્માના પ્રદેશ કંપન સાથે ઘણા લોહવાટીયા પરિણામ તે કૃષ્ણલેશ્યા છે. તેવા પરિણામ સમ્યક્દૃષ્ટિ જીવને પણ કોઈવાર હોય છે છતાં તે પરિણામ પોતાથી થયા માનતો, તેનું જ્ઞાન કરતો થકો તે ભાવને હેય સમજે છે, તે પરિણામ શુદ્ધ ચૈતન્યમાં નથી, શુદ્ધ ચૈતન્ય તો એકરૂપ છે એમ બન્નેનું જ્ઞાન કરે છે.

**નીલ લેશ્યા :–** કૃષ્ણ લેશ્યા કરતાં ઓછા મેલા પરિણામને નીલ લેશ્યાના પરિણામ કહે છે. દૃષ્ટાંતમાં કેરી ખાવાવાળો કેરી માટે મોટી ડાળો કાપે છે એ દૃષ્ટાંત મુજબના પરિણામ અશુભ છે. જ્ઞાનીને પણ આવા પરિણામ હોય છે, પણ તેમને હેયબુદ્ધિ વર્તે છે.

**કાપોત લેશ્યા :–** અહીં દૃષ્ટાંતમાં કેરી ખાવાવાળો નાની ડાળો કાપીને કેરી પ્રાપ્ત કરવા માગે છે. નીલ લેશ્યાના પરિણામ કરતાં ઓછા પાપના પરિણામ છે તે પણ અશુભ છે.

**પિત્ત લેશ્યા :–** આ શુભ પરિણામ છે. કેરી ખાવાવાળો માત્ર લુમખા તોડે છે તે પિત્ત લેશ્યાનું દૃષ્ટાંત છે. દયા, દાનાદિના પરિણામ શુભ છે. તે આત્મતત્ત્વથી વિરુદ્ધ છે. છતાં જ્યાં સુધી પૂર્ણ દશા ન પામે ત્યાં સુધી શુભ પરિણામ થાય છે.

**પદ્મ લેશ્યા :–** કેરી ખાવાવાળો ડીટિયાંથી પાકી હોય તેવી કેરી તોડે છે તે પદ્મલેશ્યાના

પરિણામનું દૃષ્ટાંત છે પિત્ત લેશ્યાવાળા જીવ કરતાં વિશેષ શુભ પરિણામ હોય છે તે પણ ચૈતન્યતત્ત્વથી વિરુદ્ધ છે.

**શુકલ લેશ્યા :–** કેરી ખાવાવાળો પવનથી નીચે પહેલી કેરીથી સંતોષ માને છે તે શુકલ લેશ્યાનું દૃષ્ટાંત છે. કેરી ખાવાના છ એ પ્રકારના ભાવો અશુભ છે, અહીં તો પરિણામની તારતમ્યતા બતાવવા દૃષ્ટાંત આપેલ છે, પહેલા ત્રણ અશુભ ને છેલ્લા ત્રણ શુભ છે. છએ લેશ્યાના પરિણામ બંધનું કારણ છે, કલ્યાણનું કારણ નથી.

કેટલાક લોકો શુકલ લેશ્યાના પરિણામને ધર્મનું કારણ માને છે પણ તે ભૂલ છે. તે બંધનું કારણ છે એમ સમજવું જોઈએ.

(૧૧) ભવીને અભવી એમ જીવોના બે પ્રકાર છે, ધર્મી જીવ ભવી-અભવીનો વિચાર કરતાં જાણે છે કે હું ભવી છું તથા જગતમાં બીજી જાત અભવીની પણ છે. એવી બે જાત અનાદિથી છે. ભવ્યત્વ ને અભવ્યત્વ બન્ને જીવના અનુજીવી ગુણ છે. કોઈ જીવ ઘણા કસાઈખાના માંડે માટે તે અભવી થયો છે એમ નથી ને કોઈ અભવી જીવ બહુ દયા પાળે, બ્રહ્મચર્ય પાલન કરે, તોપણ તે અભવી મટી ભવી થતો નથી, જેમ કોરડુ મગ કદી પણ પાણીમાં સીઝતા નથી. તેમ અભવી જીવ ગમે તેટલાં શાસ્ત્ર વાંચે કે ક્રિયાકાંડ કરે તોપણ તેનો કદી મોક્ષ થતો નથી. આવા બે પ્રકારના જીવ સ્વભાવથી છે એમ ધર્મી જીવ જાણે છે, કોઈ કહે કે આપણને ભવી-અભવીની ખબર ન પડે તો તેવા જીવને ધર્મની જ ખબર નથી. જેને ભવી કે અભવીપણાની શંકા ટળતી નથી તેને કદી ધર્મ પ્રગટતો નથી. ધર્મી જીવને અભવીની વાત સાંભળી કદી શંકા પડતી નથી. પણ તે તો એમ સમજે છે કે મારો પુરુષાર્થ એવો છે કે થોડા વખતમાં જ મારી મુક્તિ થશે, તે માટે ભગવાનને પૂછવા જવું ન પડે.

હવે અહીં શિષ્ય પ્રશ્ન કરે છે :– 'તમોએ આ ગાથામાં પૂર્વે કહ્યું હતું કે શુદ્ધ ચૈતન્ય સ્વભાવની દૃષ્ટિથી અથવા શુદ્ધ નિશ્ચયનયનો જે વિષય પરમ પારિણામિક ભાવ એકરૂપ કહ્યો હતો તેની અપેક્ષાએ જીવમાં ગુણસ્થાન તથા માર્ગણાસ્થાનોના ભેદ નથી કારણ તેમાં કોઈ કર્મની અપેક્ષા આવતી નથી, ઔદયિક ભાવમાં કર્મના ઉદયની, ઉપશમ ભાવમાં કર્મના ઉપશમની, ક્ષયોપશમભાવમાં કર્મના ક્ષયોપશમની ને ક્ષાયિક ભાવમાં કર્મના ક્ષયની એમ તે ચારે ભાવો કર્મના સદ્‌ભાવ અથવા અભાવની અપેક્ષા રાખે છે પણ પરમ પારિણામિક ભાવમાં કર્મના સદ્‌ભાવની અથવા અભાવની અપેક્ષા આવતી નથી. તેની તેને પરમ પારિણામિક ભાવ કહ્યો, કેવળજ્ઞાન પણ પરમ પારિણામિક ભાવે નથી, તે પરમભાવની અપેક્ષાથી જીવ ગુણસ્થાન તથા માર્ગણા સ્થાનના ભેદોથી રહિત છે. એમ તમોએ કહ્યું હતું. હવે આ અગિયારમી માર્ગણામાં ભવ્ય ને અભવ્ય એવા બે ભેદ તો તમે કહો છો ને ભવ્ય અભવ્ય તો પારિણામિક ભાવે છે તે બન્ને કર્મની સદ્‌ભાવ કે અભાવની અપેક્ષા રાખતા નથી, ભવ્યત્વ ને અભવ્યત્વ ઉદયભાવ નથી, ઉપશમ ભાવ નથી, ક્ષયોપશમ ભાવ નથી. તેમ જ જ્ઞાયિક ભાવ નથી કારણ કે તેમાં

કોઈ કર્માદિની અપેક્ષા આવતી નથી. ભવી જીવનો ભવ્યત્વ સ્વભાવ અનાદિ છે ને અભવી જીવનો અભવ્યત્વ સ્વભાવ અનાદિથી છે તે પારિણામિક ભાવે છે અને પારિણામિક ભાવ શુદ્ધનયનો વિષય છે તો તે ભેદોને માર્ગણામાં કેમ મૂક્યા ? કેમકે માર્ગણા તો અશુદ્ધનયનો વિષય છે. પરમ પારિણામિક ભાવમાં તો માર્ગણા સ્થાન નથી. તો પછી ભવ્ય–અભવ્યત્વ જે પારિણામિક ભાવે છે તેને માર્ગણામાં કેમ મૂક્યા ? આવી રીતે મૂકવાથી વિરોધ આવે છે.'

આ પ્રમાણે શિષ્ય શંકા કરે છે. જુઓ, મુનિઓ જ્ઞાન અને આનંદમાં ઝુલતા હતા તેમને વિકલ્પ આવતાં, શાસ્ત્રો રચાઈ ગયાં છે. અહીં શિષ્ય સમજવાની ધગશવાળો છે તેની શંકાનું સમાધાન કરે છે. પૂર્વે જે માર્ગણાસ્થાનાદિનો નિષેધ કરવામાં આવેલ તે શુદ્ધ ચૈતન્યની અપેક્ષાએ કરેલ હતો, અંતર્મુખની દૃષ્ટિથી જોતાં તો ત્રિકાળ સ્વભાવમાં ભવ્ય–અભવ્યના ભેદો નથી. શુદ્ધ સ્વભાવમાં ભેદો નથી, તે એકરૂપ છે, તે બંધનું કારણ નથી પણ ધર્મનું કારણ છે. જુઓ, આ વાત સમજવા માગે તે સમજી શકે છે, પરમ પારિણામિક ભાવ કહો, શુદ્ધ ચૈતન્ય સ્વભાવ કહો, એક જ છે, ને તે સમ્યગ્દર્શનનું ધ્યેય છે. પોતાના સ્વભાવનો વિશ્વાસ આવવો જોઈએ. નિત્ય નિગોદમાંના કોઈ જીવો જ કદી વ્યવહાર રાશિમાં ઈયળપણું, કીડી કે મનુષ્યપણું પામ્યા નથી તેવા કોઈ જીવો કષાયમંદ કરી મનુષ્યપણું પામે છે ને આઠ વર્ષની ઉંમરે ભગવાન પાસે જઈ, ધર્મ દેશના સાંભળી, ક્ષાયિક સમ્યગ્દર્શન પામી, ચારિત્ર અંગીકાર કરી, કેવળજ્ઞાન ને સિદ્ધદશા પામે છે. જુઓ, સિદ્ધ ને નિગોદદશાને આઠ વર્ષનો આંતરો છે. તે શાથી ? ચિદાનંદ એકરૂપ ધ્રુવ મારો સ્વભાવ છે એવા પરમભાવના આશ્રયે ધર્મ દશા પ્રગટે છે. તે સ્વભાવ કેવળજ્ઞાનની પર્યાયરૂપ નથી પણ કેવળજ્ઞાનનું કારણ છે. સંસારનું કારણ નથી. આવા સ્વભાવને, પરમ પારિણામિક ભાવ કહો, દ્રવ્યદૃષ્ટિનો વિષય કહો, કારણપરમાત્મા કહો, શુદ્ધભાવ કહો, એ બધું એક જ છે, આઠ વર્ષનો બાળક જેણે ધર્મનો અક્ષર સાંભળ્યો ન હોય તે સમવસરણમાં વાણી સાંભળે ને વિચારે છે. અહો ! એકરૂપ ચૈતન્યસ્વભાવ એ જ મારું સ્વરૂપ છે. તે ગુંલાટ ખાય છે, સમ્યગ્દર્શન પામી, ચારિત્ર પામી, કેવળજ્ઞાન ને સિદ્ધદશા પામે છે. અહીં તો જીવે અનંતા ભવ કર્યા ને આ જિંદગીમાં ૬૦ વર્ષ થવા આવે તોય આ વાત સમજાય નહિ એમ કહે તો તેને પોતાને ધર્મની રુચિ નથી એમ બતાવે છે, જે સમજવા માગે તે સમજી શકે છે. અહીં શિષ્યને સમજાવે છે કે એકરૂપ શુદ્ધ સ્વભાવની અપેક્ષાએ તો સ્વભાવમાં માર્ગણા પણ નથી. માર્ગણામાં ભવ્ય–અભવ્ય કહેલ છે તે અશુદ્ધ પારિણામિક ભાવથી કહ્યા છે. કારણ જે કાંઈ ભેદ પડે તે અશુદ્ધનયનો વિષય છે માટે નયભેદથી તે કથન સંગત છે – બંધ બેસતું છે, કોઈ જાતનો વિરોધ નથી.

જુઓ, આ સમજવાની ક્રિયા છે. મિથ્યા શ્રદ્ધા-જ્ઞાન પલટો ખાઈ સાચા શ્રદ્ધા-જ્ઞાન થાય તે જ ધર્મની ક્રિયા છે. જગતને જડની ક્રિયા ને રાગની ક્રિયા સમજાય છે. 'સમયસાર'માં કહે છે કે તું પરમાત્મા થવાની તાકાતવાળો છો, જે પરમાત્મા થઈ ગયા તેને પરમાત્મા થવાનું

કહેવાતું નથી પણ જે પરમાત્મદશારૂપ થયા નથી તેને 'કુંદકુંદાચાર્ય' કહે છે. હું સિદ્ધ ને તું પણ સિદ્ધ છો, કાઢી નાખ સંસાર. અમે બૈરાં-છોકરાંવાળા, અમે રાગી – તે બધી વાત કાઢી નાખ. આ પંચમકાળે સિદ્ધપણું નથી તો એકવાર પસ્તાનું તો મૂક. હા તો પાડ કે હું સિદ્ધ છું, વસ્તુસ્વભાવથી ત્રિકાળ શુદ્ધ છું – એવા સિદ્ધની હા પાડનારને આ વાત ન સમજાય તેમ રહેતું નથી.

શિવભૂતિ મુનિને વિશેષ જ્ઞાનનો ઉઘાડ ન હતો, પણ હું શુદ્ધ ચૈતન્ય છું ને આ શુભાશુભ પરિણામ મારાથી ભિન્ન છે – એમ ભાવભાસન બરાબર હતું.

અહીં કહે છે કે શુદ્ધ નિશ્ચયનયથી એકરૂપ શુદ્ધ ચૈતન્યભાવમાં માર્ગણા નથી તે વાત બરાબર છે તે વાત રાખીને ભવ્યત્વ ને અભવ્યત્વ કે જે પારિણામિકભાવના ભેદ છે તેને અશુદ્ધનયથી માર્ગણાસ્થાનમાં મૂક્યાં છે. આમ નયભેદથી વાત સંગત છે, વિરોધ આવતો નથી – એમ શિષ્યના પ્રશ્નનું સમાધાન કર્યું.

**મરણનો સમય આવશે તે કાંઈ પૂછીને નહિ આવે કે લ્યો હવે તમારે મરવાનો કાળ આવ્યો છે. અરે ! સ્વપ્ના જેવો સંસાર છે. કોના કુટુંબ ને કોના મકાન મિલ્કત ! એકદમ ફુ થઈને ક્ષણમાં દેહ છૂટી જશે. કુટુંબ કીર્તિ ને મકાન બધું અહીં પડ્યું રહેશે. અંદરથી-ભગવાનને છૂટો પાડ્યો હશે તો મરણ સમયે છૂટો રહેશે. જો દેહની ભિન્નતા નહિ કરી હોય તો મરણ સમયે ભીંસમાં ભીંસાઈ જશે, માટે ટાણા છે ત્યાં દેહથી ભિન્નતા કરી લેવા જેવું છે.** **(પરમાગમસાર–૮૭)**

## પ્રસાદ નં. – ૨૯૩

**વી. નિ સં. ૨૪૭૮, શ્રાવણ વદ ૧૩, વર્ષ ૨જાું. પુસ્તક દસમું,**
**સોનગઢ, તા. ૧૮-૮-૫૨, સોમવાર.**
**ગાથા–૧૩**
**(શ્રાવણ વદ ૭, મંગળવાર, ૧૨-૮-૫૨ બપોર)**

આ જીવ છે એવા અનંતા જીવો છે. તેનો સ્વભાવ પરમ પારિણામિકભાવે શુદ્ધ છે. ચિદાનંદ એકરૂપ છે ને તે સમ્યગ્દર્શનનું ધ્યેય છે. આમ હોવા છતાં તેની પર્યાયમાં ગુણસ્થાન, માર્ગણાસ્થાન આદિના ભેદો પડે છે. જીવના બે પડખાં વર્ણવ્યાં છે. એક ત્રિકાળી એકરૂપ પડખાને જાણનારો શુદ્ધનય છે ને વર્તમાન પર્યાય ગતિ, માર્ગણાસ્થાન, ગુણસ્થાન વગેરે ભેદોના પડખાને જાણનાર અશુદ્ધનય છે. ધ્રુવ સ્વભાવમાં એવા ભેદો નથી છતાં તેનું જ્ઞાન કરવા માટે વર્ણન કર્યું છે. અગિયારમાં બોલમાં કહ્યું કે જેમ ત્રિકાળી સ્વભાવમાં કર્મની અપેક્ષા નથી. તેમ ભવ્યત્વ ને અભવ્યત્વમાં કર્મની અપેક્ષા નથી. ભવ્યત્વ ને અભવ્યત્વ પારિણામિકભાવે છે. વળી કોઈ જીવ દયા, દાનાદિના પરિણામ કરે, મુનિપણું લ્યે ને શુકલ લેશ્યાના પરિણામ કરે અને દેવગતિ પામે માટે તે ભવી છે એમ નથી તેમ જ કોઈ જીવ ખૂબ પાપ કરે માટે અભવી છે – એમ પણ નથી. ભવ્યત્વ ભવી જીવનો અનાદિઅનંત ગુણ છે ને અભવ્યત્વ અભવી જીવનો અનાદિ અનંત ગુણ છે. જે ભવી જીવ સંસારનો અંત કરે તેની અપેક્ષાએ તેને અનાદિસાંત સંસાર છે ને કોઈ અંત ન કરે તેને સંસાર અનાદિ અનંત છે તોપણ તેનો સ્વભાવ તો ભવ્યત્વ જ છે. જેમ કોઈ લાકડું કદી પણ પાણીમાં પડ્યું ન હોય ને બળી જાય તોપણ તે લાકડાનો સ્વભાવ તરવાનો છે તે મટી જતો નથી. તેમ કોઈ ભવી જીવ નિગોદમાંથી કદી ન નીકળે તોપણ તેનો ભવ્યત્વ સ્વભાવ મટી જતો નથી ને અભવીનો સ્વભાવ કોરડુ મગ જેવો છે. તે કદી પણ તરવાને લાયક થતો નથી. તે સ્વભાવને કોઈ કર્મની અપેક્ષા આવતી નથી. ઔદયિકભાવને કર્મના ઉદયની અપેક્ષા, ઉપશમભાવને કર્મના ઉપશમની અપેક્ષા, ક્ષાયોપશમિકભાવને કર્મના ક્ષયોપશમની અપેક્ષા ને ક્ષાયિકભાવને કર્મના ક્ષયની અપેક્ષા આવે છે. તેથી તે ચારે

ભાવો – પારિણામિકભાવ નથી. એકરૂપ ધ્રુવસ્વભાવ પારિણામિકભાવે છે. તેમાં કર્મની અપેક્ષા આવતી નથી. તેવી રીતે ભવ્યત્વ–અભવ્યત્વભાવમાં કર્મની અપેક્ષા આવતી નથી માટે તે પણ પારિણામિકભાવે છે.

હવે અહીં શિષ્ય પ્રશ્ન કરે છે કે તમોએ અગાઉ શુદ્ધ પારિણામિક ભાવમાં માર્ગણા આદિ નથી એમ કહ્યું હતું તો પછી માર્ગણામાં પારિણામિકભાવ ભવ્યત્વ–અભવ્યત્વ કેમ મૂક્યો ?

તેનું સમાધાન :– ભવ્યત્વ–અભવ્યત્વ પારિણામિકભાવે કહ્યો છે તે અશુદ્ધનયથી કહ્યા છે ને પરમ પારિણામિક ભાવમાં માર્ગણા આદિ નથી એમ શુદ્ધનયથી કહેલ છે એમ બે નયથી વાત મૂકેલ છે ને તે નયથી વાત સુસંગત છે. અશુદ્ધદૃષ્ટિમાં ભેદ પડે છે ને શુદ્ધદૃષ્ટિમાં ભેદ પડતા નથી તે વાત બરાબર છે.

હવે કદાચિત્ એમ કહો કે ‘શુદ્ધ અશુદ્ધ ભેદથી પારિણામિકભાવ બે પ્રકારના નથી પરંતુ પારિણામિક ભાવ શુદ્ધ જ છે’ તો તે વાત બરાબર નથી.

અહીં શિષ્ય કહે છે કે અમોએ તો એક જ ભેદ જાણ્યો છે. કારણ કે ‘સર્વ જીવ છે સિદ્ધ સમ’ એમાં અમુક જીવો એવો ભેદ પડ્યો નથી. નિગોદથી સિદ્ધ બધા જ્ઞાયક મૂર્તિ છે. સ્વભાવથી શુદ્ધતા કદી મટી નથી. નિગોદના જીવ તથા અજ્ઞાની જીવ ને સ્વભાવનું ભાન નથી પણ શક્તિએ તો બધા સિદ્ધ સ્વરૂપ છે. વળી ઔદયિક ક્ષાયોપશમિક, ઔપશમિક, ક્ષાયિકના ભેદો કહો તો તે બરાબર છે પણ પારિણામિક ભાવમાં અમોને ભેદ દેખાતો નથી એમ શિષ્ય કદાચિત્ શંકા કરે તો :–

સમાધાન :– તું કહે છે તે વ્યાજબી નથી. જેમ ઔદયિક આદિના ભેદ છે તેમ પારિણામિક ભાવના પણ ભેદ પડે છે. જો કે સામાન્યરૂપ ઉત્સર્ગ વ્યાખ્યાનથી પારિણામિકભાવ શુદ્ધ છે – મુખ્ય માર્ગથી આત્મા શુદ્ધ ચૈતન્ય ત્રિકાળી એકરૂપ છે. છતાં અપવાદ વ્યાખ્યાનથી અશુદ્ધ પારિણામિક ભાવ પણ છે.

આ હેતુથી ‘તત્ત્વાર્થસૂત્ર’ અ-૨ સૂ-૭માં જીવત્વ, ભવ્યત્વ અને અભવ્યત્વ એવા ભેદથી પારિણામિકભાવના ત્રણ ભેદ કહ્યા છે. હવે તેમાં શુદ્ધ ચૈતન્યરૂપ જીવત્વ છે તે અવિનાશી હોવાથી શુદ્ધ દ્રવ્યના આશ્રયે છે તે કારણે શુદ્ધ દ્રવ્યાર્થિકતામાં શુદ્ધ પારિણામિક ભાવ કહે છે.

જુઓ, અહીં વિષય જરા સૂક્ષ્મ છે પ્રથમાનુયોગમાં જીવનું ચારિત્ર બતાવી પુણ્ય-પાપનાં ફળ બતાવે છે. ચરણાનુયોગમાં પુણ્ય-પાપની ક્રિયા બતાવે છે ને કરણાનુંયોગમાં કર્મની માર્ગણાસ્થાનાદિની સૂક્ષ્મતા બતાવે છે ને વસ્તુના સ્વભાવનો નિર્ણય દ્રવ્યાનુયોગ કરાવે છે તેમાં તર્ક યુક્તિ હેતુથી, વસ્તુનો નિર્ણય કરાવવાનો વિષય છે ત્યાં ન્યાયની મુખ્યતા છે તે અહીં બતાવે છે.

શુદ્ધ ચૈતન્યરૂપ જીવત્વ સ્વયં સિદ્ધ છે નવું પ્રગટે તેની વાત નથી. શુદ્ધ ચૈતન્યરૂપ જીવત્વ

અવિનાશી છે. તેથી તે શુદ્ધ દ્રવ્યના આશ્રયે છે, જીવ વસ્તુ છે દ્રવ્ય છે, તેનું ગુણપણું લેવું છે, શુદ્ધ ચૈતન્ય સ્વભાવ અવિનાશી ગુણ છે. કોઈ જીવના જીવત્વપણાનો કદી નાશ થતો નથી. અવિનાશી હોવાથી તે ગુણ શુદ્ધ દ્રવ્યના આશ્રયે છે માટે તે પારિણામિકભાવે છે, આ હેતુથી શુદ્ધ દ્રવ્યાર્થિકતામાં શુદ્ધ દ્રવ્યને લક્ષમાં લેનારો શુદ્ધ નિશ્ચય નય છે.

આ સમ્યગ્દર્શનનું ધ્યેય અથવા વિષય છે આ સમજવામાં વીર્ય પોતાના સ્વભાવ તરફ વળે છે, અજ્ઞાની સમજ્યા વિના તપ ઉપવાસાદિ કરે છે તેમાં વીર્ય સવળું થતું નથી અહીં અવિનાશી જીવત્વ ભાવ બતાવ્યો.

હવે વિનાશશીલ ભાવ બતાવે છે. કર્મના નિમિત્તે ઉત્પન્ન દસ પ્રકારના પ્રાણ સ્વરૂપ જીવત્વ જેમાં જ્ઞાનની ખંડ ખંડ દશા, વીર્યની ખંડ ખંડ દશા હોય છે એવો જીવત્વ તથા ભવ્યત્વ ને અભવ્યત્વ આ ત્રણ પ્રકારના ભાવ વિનાશશીલ છે. પર્યાયને આશ્રિત છે તેથી તેને પર્યાયાર્થિક સજ્ઞક અશુદ્ધ પારિણામિક ભાવ કહે છે.

આ ઉપરથી સાર એ છે કે અશુદ્ધ પારિણામિક ભાવ આદરવા જેવો નથી. પણ એકરૂપ શુદ્ધ પારિણામિક ભાવ આદરવા જેવો છે. કારણ કે શુદ્ધ દ્રવ્યના આશ્રયે જ મુક્તિ થાય છે ઘણી ઝીણી વાત કરી છે.

જે શાસ્ત્રમાં દયા દાનના ભાવથી જીવ મુક્તિ પામે એમ કહે ને હાથી એ પગ ઊંચો રાખી સસલાની દયા ખાધી તેથી તેણે સંસાર પરિત કરી નાખ્યો તેમ કહે છે તે તો સ્થૂલ ભૂલ છે કારણ કે સમકિત વિના સંસાર પરિત થાય તેમ બને નહિ, રાગના આશ્રયે તો મુક્તિ નથી પણ અશુદ્ધ પારિણામિક ભાવે જે ભેદો બતાવ્યા તેના આશ્રયે પણ મુક્તિ નથી. તેવા શાસ્ત્રમાં શુદ્ધ પારિણામિકભાવને અશુદ્ધ પારિણામિકભાવ એવી ચર્ચા પણ હોઈ શકે નહિ.

(૧) અહીં અશુદ્ધ પારિણામિકના ત્રણ ભેદ પાડી બતાવે છે કે દશ પ્રાણરૂપ અશુદ્ધ જીવનો ભાવ આશ્રય કરવા જેવો નથી.

(૨) ભવી–અભવી એવા ભેદમાં અભવીનો તો પ્રશ્ન નથી પણ હું ભવી છું એવા વિકલ્પને સ્થાન નથી. તેવો વિકલ્પ શરણભૂત નથી.

(૩) જીવત્વ, ભવ્યત્વ, અભવ્યત્વ એવા ત્રણ ભેદ પાડીને આશ્રય કરવા જેવો નથી.

ત્રણ ભેદ શરણરૂપ નથી પણ હું ભવી છું એવા વિકલ્પને પણ સ્થાન નથી પરમ પારિણામિક ભાવે એકરૂપ શુદ્ધ છું એવા સ્વભાવનો આશ્રયને વિશ્વાસ આવ્યો ત્યાં હું ભવી છું એવા પ્રશ્નને સ્થાન જ નથી.

દેવ, ગુરુ, શાસ્ત્રની કૃપાથી સંસાર તૂટે, દાન દેવાથી શુભ રાગથી દયાના ભાવથી, આહાર દાનથી ને ભક્તિથી સંસાર તૂટે એમ જે માને, ને પર્યાયથી ધર્મ થાય એમ જે માને છે. તે જીવો વસ્તુસ્વરૂપને સમજતા જ નથી. જેમાં સંસાર નથી એવા દ્રવ્ય સ્વભાવના અવલંબને 'સંસાર નથી' રૂપ પરિણામ આવે પણ એક સમયની ક્ષયોપશમની પર્યાયના અવલંબને અથવા દાનાદિના

અવલંબને ભવનો નાશ થતો નથી. જે જીવ દયા, દાનાદિથી મુક્તિ માને છે તે બહિરાત્માના અવલંબને પરમાત્મા થવાય એમ માને છે.

ત્રિકાળી સ્વભાવની અપેક્ષાએ દસ પ્રાણાદિરૂપ જીવત્વ, અભવ્યત્વ, કે ભવ્યત્વ એવા ભેદ પડતા નથી પણ પર્યાય અપેક્ષાએ ભેદ પડે છે, પાંચ ભાવ ઇન્દ્રિયો, ત્રણ બળ પ્રાણ વગેરે ભાવ પ્રાણરૂપ ખંડખંડ દશા વિનાશિક છે. પર્યાયમાં છે, એકરૂપ રહેતા નથી, ભવ્યત્વ ને અભવ્યત્વની યોગ્યતા પર્યાયમાં છે તે નવી નવી ઉત્પન્ન થાય છે ને વ્યય થાય છે. પર્યાય અપેક્ષાએ વિનાશશીલ ગણેલ છે તેથી પર્યાયાશ્રિત ગણી ભેદમાં નાખીને તેને અશુદ્ધ પારિણામિકભાવ કહ્યો છે.

'સમયસાર' બંધ અધિકારમાં કહ્યું છે, અભવી જીવ અભવી છે માટે તેને સમ્યક્ દર્શન થતું નથી એમ નથી પણ વર્તમાન પર્યાયમાં હું જ્ઞાન સ્વરૂપી આત્મા છું એવી શ્રદ્ધા કરતો નથી, દરેક સમયે એવી ભૂલ કરતો આવે છે માટે મોક્ષ પામતો નથી. ત્રિકાળી અભવી છે માટે પોતના આત્માને શ્રદ્ધતો નથી એમ કહ્યું નથી તે શુદ્ધ આત્માને શ્રદ્ધતો નથી ને રાગાદિના ભોક્તા ભાવને ફેરવતો નથી પણ ભોગને શ્રદ્ધે છે. પર્યાયબુદ્ધિ ટળી નથી પણ નવી નવી કરતો આવે છે માટે તે અભવી છે તે ભાવ પર્યાય આશ્રિત હોવાથી વિનાશિકભાવ છે ને ભવીની લાયકાત પણ નવી નવી ઉત્પન્ન કરે છે માટે તે વિનાશશીલ છે આમ ત્રણે વિનાશશીલ બતાવી અશુદ્ધમાં નાખ્યા છે.

સર્વજ્ઞ ભગવાનની દિવ્યધ્વનિમાંથી જે વાણી નીકળી ને તેમાંથી જે શાસ્ત્રો રચાયાં તે એક ધારાની વાત કરે છે. ગુરુ પરંપરા અનુસાર શાસ્ત્રની રચના થઈ છે. અહીં સંધી કરી છે પણ પરંપરા તૂટી નથી એમ બતાવે છે. પારિણામિકભાવની વાત બીજે ક્યાંય નથી. જીવે વસ્તુ સ્વરૂપ સમજવું જોઈએ 'સમજ પીછે સબ સરલ હૈ' પણ જ્યાં સુધી માર્ગની રીત અથવા પદ્ધતિ જાણવામાં ન આવે ત્યાં સુધી વીર્ય ઊછળે નહિ.

એકરૂપ શુદ્ધ ચૈતન્ય રૂપ જીવત્વ અવિનાશી કહેલ છે ને તે શુદ્ધ દ્રવ્યના આશ્રયે છે તેથી તે પરમ પારિણામિક ભાવે છે ને તે શુદ્ધ નિશ્ચયનો વિષય છે તેના આશ્રયે ધર્મ થાય છે.

પાંચ ભાવ ઇન્દ્રિયો રૂપ ખંડખંડ જ્ઞાન, ત્રણ ખંડખંડ બળ, પ્રાણ વગેરે એમ દસ પ્રાણરૂપ જીવની યોગ્યતા પર્યાય આશ્રિત છે ને ભવ્યત્વ ને અભવ્યત્વ પર્યાયમાં સમયે સમયે નવું ઉત્પન્ન કરે છે. તેથી તે પર્યાયમાં જાય છે. આ ત્રણ અશુદ્ધ પારિણામિક ભાવો સંસારી જીવમાં અશુદ્ધનયથી છે. અધ્યાત્મમાં તે ત્રણે ભાવો વ્યવહાર અભૂતાર્થ છે, ત્રિકાળ એકરૂપ સ્વભાવની અપેક્ષાએ ખંડખંડ પ્રાણરૂપ જીવત્વપણું, અને ભવ્યત્વ, અભવ્યત્વપણું એવા ભેદો શુદ્ધસ્વભાવમાં નથી, પણ સંસારી જીવોમાં એ ત્રણે ભેદો પડે છે. એ ત્રણે ભેદો અશુદ્ધ પારિણામિક ભાવથી વ્યવહારથી સંસારી જીવોમાં છે તોપણ શુદ્ધ નિશ્ચયનયની અપેક્ષાએ સ્વભાવમાં એવા ત્રણ ભેદ નથી ને

મુક્ત જીવોમાં તો એવી અશુદ્ધતા નથી, મુક્ત જીવોમાં ખંડખંડ જીવત્વપણું કે ભવ્યત્વ, અભવ્યત્વ વગેરે એવા ભેદ નથી. સંસારી જીવમાં પર્યાયદૃષ્ટિએ એવા ભેદ લીધા છે. તે કારણે તેને અશુદ્ધ કહ્યા છે.

આ પ્રમાણે શુદ્ધ ને અશુદ્ધ પારિણામિક ભાવ કહ્યા તેમાં શુદ્ધ પારિણામિક ભાવ ધ્યાન કરવા લાયક છે ને અશુદ્ધ ધ્યાન કરવા લાયક નથી એ વાત હવે બતાવશે.

# શુદ્ધ પારિણામિકભાવ માહાત્મ્યદર્શી
# શ્રી સદ્‌ગુરુદેવનો જય હો !!

**શ્રાવણ વદ ૮, બુધવાર, ૧૩-૮-૫૨**

આ અધિકાર જીવ દ્રવ્યનો છે. તેમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રદશા તે હિતરૂપ ને સુખરૂપ છે ને સુખનું કારણ છે; તથા દુઃખનું કારણ નથી. જગતને સુખ જોઈએ છે ને સુખી થવાનો ઉપાય જોઈએ છે. તારે સુખી થવું હોય તો સુખનો ઉપાય સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર છે. આત્માની યથાર્થ પ્રતીતિ જ્ઞાન ને રમણતા તે સુખનો ઉપાય છે ને દુઃખનો નાશ કરવાની રીત છે. દુઃખ જીવની પર્યાયમાં થાય છે ને દુઃખનો નાશ કરવાનો ઉપાય જીવમાં થાય છે. સુખનો ઉપાય કોના સન્મુખ થઈને થાય છે ? જીવ દ્રવ્યના સન્મુખ થાય છે તેથી જીવ દ્રવ્યના બે પડખાંનું વર્ણન કરે છે, એક ધ્રુવ પારિણામિક ભાવ જ્ઞાયક શુદ્ધ છે તેની પર્યાયમાં માર્ગણા વગેરેના અનેક ભેદો વર્તે છે તેનું યથાર્થ જ્ઞાન કરી શુદ્ધ દ્રવ્યનાં શ્રદ્ધા-જ્ઞાન ને રમણતા કરવાં તે સુખનો ઉપાય છે.

આત્માનો દ્રવ્ય સ્વભાવ શુદ્ધ પારિણામિક ભાવે છે તેમાં કર્મની અપેક્ષા નથી ને ખંડ-ખંડ પ્રાણ દેખાય છે તે કર્મની અપેક્ષાવાળા છે પણ તે અપેક્ષા નહિ લેતા તે જ્ઞાન વીર્યની વગેરે ભાવ પ્રાણરૂપ જીવની યોગ્યતા પોતાની પર્યાયની છે એમ કહી અશુદ્ધ પારિણામિક લીધેલ છે ને ભવ્યત્વ અને અભવ્યત્વભાવ જીવ પર્યાયમાં સમયે સમયે નવો નવો ઉત્પન્ન કરેલ છે

તેને પણ વિનાશશીલ ગણી અશુદ્ધ પારિણામિકમાં લીધેલ છે.

હવે આ શુદ્ધ ને અશુદ્ધ એવા બે ભાવમાં ક્યો ભાવ કરવા જેવો છે તે વાત લેવી છે. સર્વજ્ઞ ભગવાન વગેરે પરપદાર્થના ધ્યાનની વાત તો નથી કેમકે પર તરફનું ધ્યાન રાગનું કારણ છે ને દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિ પણ શુભભાવ છે. વિકાર છે, તે સંસાર ખાતે જાય છે માટે તે ધ્યાન કરવા યોગ્ય નથી, પણ અશુદ્ધ પારિણામિકભાવ પણ આશ્રય કરવા જેવો નથી, દેવ, ગુરુ, શાસ્ત્ર પ્રત્યે તો રાગ કરવા જેવો નથી પણ ભવી અભવી વગેરેનો ભેદ પાડીને માર્ગણાના ભેદ પાડીને આશ્રય કરવો યોગ્ય નથી. અહો ! સમ્યગ્દર્શન માટે એક પરમપારિણામિક ધ્રુવ સ્વભાવ આદરવા યોગ્ય છે, નિમિત્ત નહિ, કર્મ નહિ, હીણો પર્યાય નહિ. ભવિ-અભવિનો વિકલ્પ નહિ, એકરૂપ ચૈતન્ય ધ્રુવ સ્વભાવ ધ્યેયરૂપ છે, ધ્યાન કરવા યોગ્ય છે.

તે શુદ્ધ પારિણામિકભાવ ધ્યાન કરવા યોગ્ય છે પણ પોતે ધ્યાનરૂપ થતો નથી કારણ ધ્યાન તે શુદ્ધ આત્માના આશ્રયે ઊપજતી સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની વીતરાગી પર્યાય છે ને ધ્યેય તો એકરૂપ આત્મા તે દ્રવ્ય છે. દ્રવ્ય પર્યાયરૂપ થતું નથી, એક સમયની પર્યાયમાં આખું ત્રિકાળી દ્રવ્ય આવી જતું નથી. માટે શુદ્ધ પારિણામિકભાવ ધ્યાનરૂપ થતો નથી એમ કહ્યું. કારણ કે ધ્યાન પર્યાય અવિનાશશીલ છે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની વીતરાગી પર્યાયનો નાશ થઈ કેવળજ્ઞાનાદિ પર્યાય પ્રગટે છે માટે વિનાશશીલ છે ને ધ્યેયરૂપ તો શુદ્ધ પારિણામિકભાવ અવિનાશી છે. કારણ કે તે દ્રવ્ય છે.

અનંતકાળથી ચીજ શું છે તેની જીવોને ખબર નથી તું કેવળજ્ઞાન પ્રગટ કરવા માગે છે તે વર્તમાનમાં પ્રગટ નથી તો તે ક્યાંથી લાવીશ ? નિમિત્ત કે પુણ્યમાંથી લાવીશ ? પર્યાયમાંથી પર્યાય લાવીશ ? કેવળજ્ઞાનનું ધ્યેય એટલે લક્ષ શો છે ? તારો હેતુ શો છે ? મોક્ષમાર્ગનું ધ્યેય તો જ્ઞાયક સ્વરૂપ છે. રાગાદિ પરિણામ કે અશુદ્ધ પારિણામિકભાવોના ભેદો આશ્રય લેવા જેવા તો નથી પણ ધ્યાન પર્યાય ધ્યેયરૂપ નથી કારણ કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય વિનાશશીલ છે તેથી તે ધ્યેય નથી પણ ચૈતન્ય નિત્યાનંદ અનંત શક્તિનો પિંડ આત્મા ધ્યેયરૂપ છે.

તે ધ્યેય પોતે ધ્યાનરૂપ થતું નથી જેમ આંખોથી કોઈ વસ્તુને એકાગ્ર થઈને જુએ ને ઘડિયાળમાં કેટલા વાગ્યા છે તેનો વિચાર કરે છે તે વખતે પર્યાયનું લક્ષ કાંટા ઉપર જાય છે ને તે વખતે બીજા કોઈ વિચાર-વેપાર-ધંધા આદિના છોડી દે છે. વળી, કાંટા વગેરે સામેની ચીજ પોતાની પર્યાયમાં આવી જતી નથી છતાં પર્યાયનું ધ્યેય તો કાંટા છે, પર્યાયમાં તે ચીજ આવે છે ? પર્યાયનું ધ્યેય મટી જાય છે ? તે વખતે બીજા વિચારનું લક્ષ રહે છે ? ના, પર્યાયમાં કાંટા આવતા નથી છતાં પર્યાયનું ધ્યેય કાંટા છે ને તે વખતે બીજા વિચાર હોતા નથી, એવી રીતે સમ્યગ્દર્શનની પર્યાયનું ધ્યેય શુદ્ધ આત્મ દ્રવ્ય છે, છતાં દ્રવ્ય પર્યાયમાં આખું

આવી જતું નથી. ધર્મી કર્તા છે તેની પર્યાય ધ્યાન ને તેનું ધ્યેય શુદ્ધદ્રવ્ય છે ને તે વખતે ભવી અભવીના વિકલ્પો કે બીજા કોઈ પણ વિકલ્પો હોતા નથી. કેમકે તે નાશવાન હોવાથી તે આશ્રય લેવા જેવા નથી.

અહીં તો શિષ્ય વાત કરે છે, રાગ, દ્વેષપણું ને ભવી-અભવીપણું પણ કાઢી નાખ્યું ને શુદ્ધ પર્યાય પણ વિનાશશીલ છે માટે તે પણ ધ્યાન કરવા યોગ્ય નથી. અહીં બહુ સરસ વાત કહી છે. પર પદાર્થો પલટા ખાય છે માટે ધ્યાન કરવા યોગ્ય નથી, રાગ દ્વેષ પલટા ખાય છે. વ્યવહાર રત્નત્રયના પરિણામ પલટા ખાય છે માટે ધ્યાન કરવા યોગ્ય નથી, પ્રાણરૂપ જીવત્વ, ભવી ને અભવીપણું ભેદ છે પર્યાય આશ્રિત છે તેથી પલટો ખાય છે માટે ધ્યાન કરવા યોગ્ય નથી. ધ્યાનની પર્યાયની શુદ્ધતા વધતી જાય છે તેથી તે પલટો ખાય છે તેથી ધ્યાન કરવા યોગ્ય નથી ત્રિકાળી એકરૂપ શુદ્ધ આત્મા અવિનાશી છે પલટો ખાતો નથી તેથી તેના ઉપર મીંટ માંડવા જેવી છે ને ધ્યાન કરવા યોગ્ય છે.

કોઈ એમ કહે કે આ વાત કઠણ લાગે છે પણ 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં કહ્યું છે કે કઠણ વસ્તુમાં વિશેષ ઉપયોગ લાગે છે. દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વરૂપ કઠણ લાગે છે તો તેમાં ઉપયોગ લગાવી વિચાર કરતાં કરતાં જ્ઞાન પર્યાય નિર્મળ થતો જાય છે.

જીવ સામાયિક કરી ધર્મ કરવા માગે છે તો સામાયિક કરનારો કોણ છે તેની ખબર વિના ધર્મ કેવો ? તું ધ્યાન રાખીશ તો શાંતિ પ્રગટવાનો ઉપાય હાથ લાગશે. તું શાંતિ માગે છે તો વર્તમાન પર્યાયમાં શાંતિ નથી. તો લાવીશ ક્યાંથી ? બહારથી લાવીશ ? અંદરમાં એકરૂપ વસ્તુ છે તેને ધ્યેય બનાવીશ નહિ ત્યાં સુધી થાશે નહિ.

ધ્યાન પણ પર્યાય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની વીતરાગી દશા છે તે વિનાશશીલ છે તે નાશ થઈ સિદ્ધદશા પ્રગટે છે માટે ધ્યાન પર્યાય વિનાશશીલ છે ને ધ્યેયરૂપ વસ્તુ શુદ્ધ દ્રવ્ય છે ધ્યાન ને ધ્યેય એક હોય તો ધ્યાનનો નાશ થતાં ધ્યેયનો એટલે દ્રવ્યનો નાશ થઈ જાય પણ એમ બનતું નથી. પર્યાય પલટવા છતાં દ્રવ્ય એકરૂપ રહે છે નાશ પામતું નથી.

'સમયસાર'માં પણ કહ્યું છે કે ધ્યાન-ધર્મદશાને ધર્મી એક કહે તો ધ્યાન પર્યાય નાશ થતાં ધર્મી નાશ થાય પણ એમ નથી. ધ્યાન પર્યાય નાશ પામી કેવળજ્ઞાન થાય છે ને આત્મા ધ્રુવ રહે છે. આત્મ વસ્તુ અવિનાશી છે ને ધ્યાન વિનાશશીલ છે. ધ્યાનમાં આખું દ્રવ્ય આવી જતું નથી એટલે કે ધ્યાનનો વિષય દ્રવ્ય તો બને છે પણ ધ્યાન એક સમય પૂરતું છે તેથી આખા દ્રવ્યનો અનુભવ તેમાં આવી જતો નથી. આમ વીતરાગે કહેલાં છ પદાર્થો, નવ તત્ત્વ જાણવા જોઈએ, સાચી સમજણ કરવી તે સુખનો ઉપાય છે ને સમજણ ન કરવી તે દુઃખનો ઉપાય છે.

અહીં ભવી અભવી બે પ્રકારના ભાવો અશુદ્ધ પારિણામિકભાવ છે ને તે નાશવાન છે ને ધ્યાન પર્યાય પણ નાશવાન છે માટે તે ધ્યાન કરવા યોગ્ય નથી શુદ્ધ પારિણામિકભાવે

એકરૂપ દ્રવ્ય અવિનાશી છે માટે તે એક જ ધ્યાન કરવા યોગ્ય છે ને તે સુખનો ઉપાય છે ॥૧૧॥

**(૧૨) સમ્યક્ત્વ માર્ગણા :–** ઔપશમિક, ક્ષાયોપશમિક તથા ક્ષાયિક સમકિત એમ ત્રણ પ્રકારે સમ્યક્ત્વ માર્ગણા છે. આત્મા દ્રવ્ય વસ્તુ છે તેની પર્યાયમાં સાચી કે ખોટી શ્રદ્ધાના પડખાં પડે છે તે જીવની અવસ્થા છે પણ તે ભેદો શુદ્ધ સ્વભાવમાં નથી.

**ઉપશમ સમકિત :–** અનાદિ મિથ્યાદૃષ્ટિ જીવ સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કર્યા પછી આત્મા સંબંધી વાસ્તવિક વિચાર કર્યા પછી આત્માની પ્રતીતિ અથવા ઓળખાણ થાય તે ઉપશમ સમકિત છે. અનાદિ મિથ્યાદૃષ્ટિ ને પ્રથમ ઉપશમ સમકિત થાય છે, કોઈને પણ પહેલાં ક્ષયોપશમ અથવા ક્ષાયિક સમકિત થાય નહિ. ઉપશમ થયા પછી જ ક્ષયોપશમ થાય ને પછી જ ક્ષાયિક સમકિત થાય તે ઉપશમ સમકિતનો કાળ અંતર્મુહૂર્તનો છે. દેવ, મનુષ્ય, નરક ને તિર્યંચ એમ ચારે ગતિમાં ઉપશમ સમકિત થઈ શકે છે, સાતમી નરકનો ૩૩ સાગરોપમની સ્થિતિવાળો જીવ છે ત્યાંની અપાર ઠંડીમાં પણ તે જીવે પૂર્વે સાચી વાત સાંભળી હોય ને તેને યાદ લાવી ત્યાં વિચારે કે હું શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છું એમ પુરુષાર્થ લાવે તો ઉપશમ સમકિત પ્રાપ્ત કરે છે. જેમ પાણીમાં નીચે કચરો બેસી ગયો હોય ને ઉપર ચોખ્ખું હોય તેમ સત્તામાં કર્મ પડ્યાં હોય ને ઉપશાંત કર્યા હોય ને પોતે નિર્મળ આત્માનો અનુભવ કરે તે ઉપશમ સમકિત છે – તે પર્યાય છે તેનો વિષય અખંડ દ્રવ્ય છે પણ ઉપશમ સમકિત પર્યાય હોવાથી દ્રવ્યથી ભેદરૂપ હોવાથી અશુદ્ધનયનો વિષય છે.

**ક્ષયોપશમ સમકિત :–** ઉપશમ સમકિત પ્રગટ કરેલો જીવ ક્ષયોપશમ સમકિત પ્રગટ કરે છે. ઉપશમ સમકિતમાં ઉપશમનો પુરુષાર્થ છે ને ક્ષયોપશમ સમકિતમાં ક્ષય+ઉપશમ એવા બે શબ્દો છે પણ તેમાં ઉપશમનો પુરુષાર્થ નથી કારણ કે તેનો અણઉદયરૂપ (સદ્અવસ્થા રૂપ) ઉપશમ છે તેમાં પુરુષાર્થ નથી પણ દર્શન મોહનીય આદિની સર્વ ઘાતી પ્રકૃતિનો ઉદયાભાવી ક્ષય થાય છે કારણ કે એમાં તેનો પુરુષાર્થ છે.

આ બધું જીવે જાણવું જોઈએ. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં કહ્યું છે કે, ઉદ્દેશ ને લક્ષણ નિર્દેશ વસ્તુનું જાણવું જોઈએ. ઉદ્દેશ એટલે નામ ને લક્ષણ શાસ્ત્ર પ્રમાણે જાણે પણ તે પછી વિચાર શ્રેણી તો પોતે કરવી જોઈએ. અહીં સમ્યક્દર્શનનું લક્ષણ બતાવે છે તેનો વિચાર પોતે કરવો જોઈએ.

**ક્ષાયિક સમકિત :–** પ્રથમ તો કોઈ જીવ ઉપશમ પામ્યા વિના ધર્મ પામે નહિ, ઉપશમમાંથી સીધું ક્ષાયિક સમકિત થાય નહિ પણ ઉપશમમાંથી ક્ષયોપશમ સમકિત થાય ને ક્ષયોપશમમાંથી ક્ષાયિક સમકિત થાય તે ક્ષાયિક સમકિત કેવળી ભગવાન અથવા શ્રુત કેવળીની સમીપમાં થાય છે ને તે સાદિ અનંતકાળ સુધી રહે છે. શ્રેણીક રાજાએ અજ્ઞાનમાં નરકનું આયુ બાંધેલ ત્યાર

પછી ભગવાન પાસે ઉપદેશ સાંભળ્યો અખંડ આત્માની પ્રતીતિ થઈ, ઉપશમ ક્ષયોપશમ સમકિત પામીને પછી. ક્ષાયિક સમકિતને પામ્યા ને તીર્થંકર નામ કર્મ બાંધ્યું, તેમને બાહ્યથી રાજપાટ રાણીઓ વગેરેનો ત્યાગ ન હતો પણ મિથ્યાત્વનો ત્યાગ કર્યો હતો.

અહીં ક્ષાયિક સમકિતની વાત ચાલે છે તે પર્યાય છે દ્રવ્યથી ભેદરૂપ છે માટે અશુદ્ધનયનો વિષય છે પણ તેનો વિષય શુદ્ધ આત્મા છે. માટે તે પર્યાય જ્ઞાન કરવા માટે છે આદરવા યોગ્ય નથી, ત્રિકાળી શુદ્ધ આત્મા આશ્રય કરવા જેવો છે.

**સર્પના બચ્ચાને તેની માનું જ્ઞાન છે તેથી તે સર્પથી ડરે નહીં. સિંહના બચ્ચાને તેની માનું જ્ઞાન છે તેથી સિંહનું બચ્ચું સિંહથી ડરે નહિ. તેમ જ્ઞાન તેને કહીએ કે જેનાથી નીડરતા અને નિર્ભયતા આવે, તે કયારે આવે - કે જ્યારે શુદ્ધાત્માનું સાચું જ્ઞાન થાય ત્યારે. ૧૦૨.**

**ભદ્રિકપણું એટલે પોતાનો નાનો દોષ કોઈ દેખોડે અથવા તો પોતે દેખે ત્યાં તુરત જ પોતે કબૂલ જ કરે છે, બીજાનો નાનો ગુણ દેખે ત્યાં બહુમાન કરે. પોતાની મોટપ વધારવા ને બીજાની હીણપ કરવામાં જે પ્રકારના વિચાર, વાણી અને વર્તન થાય તે ભદ્રિકતા ન ગણાય, પણ વક્રતા કહેવાય. પોતાની જે હદ હોય તે હદ ઉપરાંત વધારે પોતાની મોટપ બતાવવા જે વર્તન થાય તે વક્રતા છે. ૧૦૭.**

**(પરમાગમસાર)**

## પ્રસાદ નં. – ૨૯૫

**વી. નિ સં. ૨૪૭૮, શ્રાવણ વદ ૦)), વર્ષ ૨જું. પુસ્તક દસમું, સોનગઢ, તા. ૨૦-૮-૫૨, બુધવાર.**

**(શ્રાવણ વદ ૯, ગુરુવાર, ૧૪-૮-૫૨ બપોર)**

આ માર્ગણા અધિકાર છે. જીવ વસ્તુ છે, તેનો સ્વભાવ એકરૂપ ચૈતન્ય છે, તેના પર્યાયમાં અનંત પ્રકાર છે. અનંતા પ્રકારો પૂરા કહેવાનું સામર્થ્ય ભગવાનની વાણીમાં નથી તો પછી અલ્પજ્ઞની વાણીમાં અનંતા પ્રકારો કહી શકાય જ નહિ, તેથી તેને ટૂંકામાં ૧૪ માર્ગણા સ્થાન, ૧૪ ગુણસ્થાન અને ૧૪ જીવસ્થાન કહીને સમજાવે છે. તેમાં ગતિ વગેરે એક એકમાં ઘણા પ્રકાર પડે છે, – અનંતા પ્રકાર પડે છે તે સ્વતંત્ર પડે છે, જીવ પરને વશ થાય છે. તે સ્વતંત્રપણે થાય છે. પર તેને તાબે કરતા નથી, જેમ લૌકિકમાં કહેવાય છે કે 'ધણીને સૂજે તે ઢાંકણીમાં' ને કહે કે જાને ઢાંકણીમાં દેખાય છે તો તેમ કહેવાને તે સ્વતંત્ર છે. તેમ અજ્ઞાની પોતાની સ્વતંત્રતાની ના પાડે ને પર ને તાબે થાય તો તેની સ્વતંત્રતાની વાત છે પણ પર ચીજ તેને તાબે કરતી નથી.

ત્રણ પ્રકારના સમકિતની વાત આવી ગઈ, તે આત્માના પુરુષાર્થથી થાય છે. તેના ઉપાય વિના મુક્તિ થાય નહિ. જ્ઞાનના તેમ જ ચારિત્રના પર્યાયના ભેદો આવી ગયા, હવે સમકિતની વાત કરી, એટલે સમ્યગ્દર્શન, જ્ઞાન-ચારિત્ર ત્રણે આવી ગયા, તે વિના જીવનો કદી મોક્ષ થતો નથી ને તે ધારણ કરવાથી નિયમથી મોક્ષ થાય છે.

'મોક્ષમાર્ગ પ્રકાશક'માં ત્રણ પ્રકારના કારણો બતાવ્યા છે :–

(૧) એક કારણ એવું છે જેના વિના મુક્તિ ન થાય અને જેનાથી મુક્તિ થાયે પણ ખરીને ન પણ થાય.

જેમકે બાહ્ય મુનિલિંગ – શરીરની નગ્નદશા – વિના જીવની કદી પણ મુક્તિ ન થાય,

અને જે હોય ને પોતે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કરે તો થાય, ને જે હોવા છતાં સમજણ વિના ધારણ કર્યું હોય તો મુક્તિ ન થાય; પણ જેને મુક્તિ થાય ત્યારે બાહ્ય લિંગ વિના મુક્તિ ન થાય એમ એક કારણ બતાવ્યું.

(૨) કોઈ જીવને અનશનાદિ તપની મુખ્યતાથી મુક્તિ થાય ને કોઈને એવી મુખ્યતા ન હોય તો પણ થાય,

આત્માની સમજણ કરી મુનિપણું અંગીકાર કરી બાર પ્રકારના સ્વાધ્યાય વગેરે, તપ કરે ને તે તપ દ્વારા મુક્તિ પામે છે. આત્માનું ભાન તો છે પણ તપની પ્રધાનતાથી તેને કારણ કહ્યું, અને ભરત ચક્રવર્તી છ લાખ પૂર્વ સુધી ચક્રવર્તીપણે રહ્યા (એક પૂર્વમાં ૭૦ લાખ ૫૬ હજાર ક્રોડ વર્ષ થાય) તે પછી મુનિપણું ધારણ કરી ધ્યાન કરી કેવળદશા પામ્યા, ત્યાં તેને બાર તપનું નિમિત્તપણું નથી, અલ્પ કાળમાં મુક્તિ પામ્યા એટલે તેમને તપ વગેરેનું નિમિત્ત નથી. આમ તપનું કારણ ન હોય તોપણ મુક્તિ પામે – એમ સિદ્ધ થયું.

(૩) ત્રીજા કારણથી અવશ્ય મુક્તિ થાય જ ને તે કારણ ન હોય તો મુક્તિ ન જ થાય, આત્માની પ્રતીતિ જ્ઞાન ને આચરણ એના વિના મુક્તિ થાય જ નહિ ને એ હોય તો મુક્તિ થાય જ એવો સિદ્ધાંત છે. અહીં સમકિતના બોલ આવ્યા છે તે આ ત્રીજા કારણમાં આવે છે. ઉપશમ, ક્ષયોપશમ ને ક્ષાયિક સમકિત વિના મુક્તિ થાય જ નહિ. સમકિત થયું એટલે અનુક્રમે ચારિત્ર થાય જ, એમ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતાથી મોક્ષ થાય જ ને એના વિના જરૂર ન જ થાય.

હવે જેને સમ્યગ્દર્શન નથી તેવા ભાવ ત્રણ પ્રકારે કહે છે.

**(૧) મિથ્યાત્વ :–** નવ તત્ત્વની સ્વતંત્રતાની મિથ્યાદૃષ્ટિ ને પ્રતીતિ નથી, જીવને જીવપણે, અજીવને અજીવપણે, પુણ્ય-પાપ, આશ્રવ ને બંધને જેમ છે તેમ જાણે, સંવર, નિર્જરા ને સંવર નિર્જરારૂપ જાણે અને મોક્ષને મોક્ષ જાણે – એમ નવે તત્ત્વો સ્વતંત્ર છે એમ વિપરીત અભિનીવેશ રહિત જેને શ્રદ્ધા નથી તે રખડે છે.

**(૨) સાસાદન :–** આત્માનું ભાન થયા પછી વમી જતા નીચે પડવાની દશાનું ગુણસ્થાન છે. તેમાં અનંતાનુંબંધીનો ઉદય છે પણ મિથ્યાત્વદશા થઈ નથી. જેમ ફળ તૂટતાં જમીન સુધી ન પહોંચે તેની માફક વચલી દશા.

**(૩) મિશ્ર :–** મિશ્ર પરિણામની દશા થાય છે કોઈ સાદિ મિથ્યાદૃષ્ટિ પહેલેથી ત્રીજે આવે છે ને કોઈ સમકિતથી પડી ચોથેથી ત્રીજે આવે છે તે પણ એક દશા છે. આ પ્રમાણે ત્રણ ઊંધી અવસ્થા બતાવી એમ સમ્યક્ત્વ માર્ગણાના છ ભેદ કહ્યા.

**(૧૩) સંજ્ઞી માર્ગણા :–** નારકી, મનુષ્ય ને દેવ મનવાળા છે ને તિર્યંચ મનવાળા તથા મન વગરના છે એવા બે ભેદથી વિલક્ષણ આત્માનું લક્ષણ છે. અહીં ભાવ મનની વાત છે. દ્રવ્ય મનની વાત નથી. મતિ-શ્રુત જ્ઞાનના ઉઘાડની વાત છે, શિક્ષા ને ઉપદેશ ગ્રહણ કરી

શકે તે ઉઘાડવાળા જીવ ને સંજ્ઞી કહે છે ને શિક્ષા ઉપદેશ ગ્રહણ કરી શકે નહિ તેવા ઉઘાડવાળા જીવને અસંજ્ઞી કહે છે. સંસારદશામાં સંજ્ઞીપણું ને અસંજ્ઞીપણું વર્તે છે, તે અવસ્થાનો સ્વભાવ છે. દ્રવ્ય સ્વભાવમાં સંજ્ઞી ને અસંજ્ઞીપણું કાંઈ પણ નથી. શુદ્ધ સ્વભાવ તો જ્ઞાયક એકરૂપ છે ને તે સમ્યગ્દર્શનનો ધ્યેય છે. આત્મા શુદ્ધ ચૈતન્ય મૂર્તિ છે એવી દૃષ્ટિ વિના ભાવ મન કાર્યકારી નથી. એક સમયમાં પર્યાય સંજ્ઞીપણું છે ને સ્વભાવે વસ્તુપણું છે, કોઈ જીવ માર્ગણા સ્થાન બિલકુલ માને જ નહિ તેને તે ભેદો સમજાવે છે ને કોઈ માર્ગણા સ્થાનના આશ્રયે ધર્મ માને તો પણ ના પાડે છે.

**(૧૪) આહાર માર્ગણા :–** જીવ એક દેહ છોડી બીજો દેહ ધારણ કરે ત્યારે રસ્તામાં જીવ અનાહારક હોય ને કેવળ સમુદ્ઘાત આદિ કોઈ કોઈ સમુદ્ઘાત તથા અયોગી ગુણસ્થાન વખતે આહારક હોય છે. બાકીના સંસારી જીવો બધા આહારક છે. આહાર ગ્રહણ કરવાને સંયોગ હોય ત્યારે આહારકને એવા સંયોગ ન હોય ત્યારે અનાહારક કહેવાય છે. આવી આહાર લેવાની યોગ્યતાને અનાહારકની યોગ્યતા બન્ને અશુદ્ધનયનો વિષય છે દૃષ્ટિમાં આહાર ને અનાહાર બન્ને નથી. બન્ને છોડવા જેવા છે. શુદ્ધ સ્વભાવ એવા ભેદથી રહિત છે.

આ પ્રમાણે ચૌદ માર્ગણાનું સ્વરૂપ જાણવું જોઈએ.

'મોક્ષમાર્ગ પ્રકાશક'માં કહ્યું છે કે 'બધો અવસર આવી ચૂક્યો છે' આવો સત્ સમજવાનો અવસર મળવો દુર્લભ છે માટે તારો ઉપયોગ અંતરમાં વાળ; પણ અંતર શું ?, રાગ શું ?, નિમિત્ત શું ?, તે જાણ્યા વિના શી રીતે વળે ? જીવનાં પર્યાયમાં પરાધીનતા સ્વતંત્ર પોતાના કારણે છે એમ નક્કી કરે તો આત્મા ત્રિકાળી શુદ્ધ સ્વયં સિદ્ધ તત્ત્વ છે તેમ નક્કી કરવાનો પ્રસંગ આવે, અહીં ચૌદ માર્ગણાસ્થાન જીવના પોતાના કારણે છે એમ નક્કી કરાવી શુદ્ધ સ્વભાવમાં એવા ભેદો નથી, એમ પણ સાથે જ્ઞાન કરાવે છે.

આ ગાથામાં કહેવાણું તે 'ધવલ' આદિ સિદ્ધાંતનાં બીજ પદની સૂચના રૂપે છે એમ બતાવે છે. ભગવાનની દિવ્યધ્વનીમાંથી 'ષટ્ખંડ આગમ' રચાયેલા છે ને તેના ઉપર 'ધવલ', 'મહાધવલ' ને 'જયધવલ' ટીકાઓ છે. તે શાસ્ત્રો મૂળબિદ્રીમાં દર્શન માત્ર હતા. હવે તે બહાર પડવા માંડ્યા છે. હવે 'ધવલ' 'જયધવલ' આદિમાં માર્ગણા સ્થાન, ગુણસ્થાન ને કર્મના ભેદો આદિનું વર્ણન જે કરણાનુયોગનો અધિકાર લીધો છે તેનો સાર 'ગોમટસાર'માં લીધેલ છે. તેમાં કહેલો સાર આ ગાથા ૧૩ના પહેલા ત્રણ પદમાં કહેલ છે.

'मग्गण गुणठाणेहि य चउदसहि हवंति तह असुद्धणया विण्णेया संसारी'

આ ત્રણ પદમાં અશુદ્ધ નયથી માર્ગણાસ્થાન તથા ગુણસ્થાનોનો ભેદ બતાવ્યો. તે મૂળ 'ધવળ'માં જે અધિકાર છે તેની વાત છે.

અહીં ટીકાકાર ખુલાસો કરે છે કે (આ શ્લોક રચાણા ત્યારે આ ગ્રંથો છપાઈ ને બહાર પણ પડ્યા ન હતા) 'ધવલ' 'મહાધવલ', ને 'જયધવલ'માં તથા 'ગોમટસાર'માં માર્ગણાસ્થાન

ને ગુણસ્થાનાદિનો જે અધિકાર છે તેના બીજ પદની સૂચના આ ત્રણ પદમાં કરી છે.

**અહીં આ ભાવમાર્ગણાનો અધિકાર છે તેથી સિદ્ધ થાય છે કે 'ધવલ'માં પણ ભાવ માર્ગણાના અધિકારનો વિસ્તાર છે. અહીં તેનું બીજ છે.** આ પ્રમાણે વ્યવહારનું બીજ બતાવ્યું.

હવે નિશ્ચયનું બીજ બતાવે છે. નિશ્ચયનો અધિકાર એક પદમાં બતાવ્યો 'सव्वे सुद्धा हु सुद्धनया' શુદ્ધ આત્મતત્ત્વને પ્રકાશ કરનારા 'પંચાસ્તિકાય', 'પ્રવચનસાર' તથા 'સયમસાર' નામના ત્રણ પ્રાભૃત છે તેમાં રહેલાં અધ્યાત્મનાં બીજ આ ચોથા પદ દ્વારા સૂચીત કર્યા છે.

દરેક જીવ ભવી હો કે અભવી હો, સાધક હો કે બાધક હો, ને કોઈ સેંકડો ગાયોને કાપનાર હોય તોપણ તેના વિકાર એક સમયની પર્યાયમાં છે અને તે બધા જીવો (નિગોદથી લઈ સર્વે સંસારી જીવો) શુદ્ધનયથી શુદ્ધ જ છે એવા શુદ્ધ આત્માના શ્રદ્ધા જ્ઞાન જીવ કરે તો ધર્મ પામી મુક્તિ પામે, એટલે આ તેરમી ગાથામાં વ્યવહાર ને નિશ્ચયનું સ્વરૂપ સમજાવી દીધું, અહીં બીજડાં કીધાં છે. વડનું બીજ ફાટીને વડ મોટો થાય છે. અહીં બીજ છે તેનો વિસ્તાર 'ગોમ્મટસાર', 'ધવલ', 'મહાધવલ', 'જયધવલ'માં છે. વ્યવહાર શાસ્ત્ર તથા અધ્યાત્મ શાસ્ત્ર કોને કહેવા તે પણ અહીં બતાવ્યું, ભગવાનની વાણી અનુસાર મૂળ શાસ્ત્ર 'ષટ્‌ખંડ' આગમ રચાણાં, તે અનુસાર 'ધવલ', 'જયધવલ,' 'મહાધવલ', 'ગોમ્મટસાર' તથા બીજા વ્યવહાર ગ્રંથો રચાણાં તેમાં મુખ્યપણે વ્યવહારનું કથન છે અને આત્મા અખંડ શુદ્ધ નિશ્ચય છે એવી દૃષ્ટિનું કથન 'પંચાસ્તિકાય', 'પ્રવચનસાર' અને 'સમયસાર' એમ ત્રણ પ્રાભૃતમાં આવે છે. આ પ્રમાણે સર્વજ્ઞે કહેલા નિશ્ચય-વ્યવહારના ગ્રંથોનું સ્વરૂપ બતાવ્યું; તેથી વિરુદ્ધ હોય તે ભગવાનની વાણી અનુસાર નથી, પણ ખોટાં શાસ્ત્રો છે.

'મોક્ષમાર્ગ પ્રકાશ'માં કહ્યું છે કે થોડી મુડીવાળો લાકડા-કોલસા ભેગા કરે ને બધી મુડી એમાં રોકે તો ખાવાના પદાર્થો માટે મુડી નહિ રહેતાં ભૂખ્યો રહે, તેમ જેને બુદ્ધિ થોડી છે તે જીવ અપ્રયોજનભૂતમાં બુદ્ધિ રોકે ને પ્રયોજનભૂત વાત યાદ ન રાખે તો તેનો સંસાર તૂટે નહિ. માટે જીવોએ પ્રયોજનભૂત વાત તો યાદ રાખવી જોઈએ. ઇતિહાસ, ગણતરીની વાત વગેરે અપ્રયોજનભૂત યાદ ન રહે તોપણ મોક્ષમાર્ગને વાંધો આવતો નથી. વધારે બુદ્ધિ હોય તેણે બધા પ્રકારનું જ્ઞાન કરવું.

હવે ટીકાકાર વિશેષ સ્પષ્ટ કરે છે, તે ગુણસ્થાન તથા માર્ગણાસ્થાનને વિષે કેવળજ્ઞાન ને કેવળદર્શન તથા ક્ષાયિક સમકિત ને સિદ્ધપદ આચાર સાક્ષાત્ ઉપાદેય છે. અહીં પર્યાય અપેક્ષાએ વાત કરે છે. પૂર્ણ પર્યાયને ઉપાદેય માને તે અખંડ દ્રવ્યને ઉપાદેય માન્યા વિના કેવળજ્ઞાનને ઉપાદેય માની શકે નહિ.

તથા શુદ્ધ આત્માની સમ્યક્ પ્રતીતિ, સ્વસંવેદનજ્ઞાન તથા આચરણરૂપ લક્ષણવાળો કારણ સમયસાર એટલે મોક્ષમાર્ગ પૂર્વોક્ત કેવળજ્ઞાન આદિનો એક દેશ શુદ્ધનયથી સાધક છે. શરીર, સંહનન, પુણ્ય, પાપ સાધક નથી, પણ મોક્ષમાર્ગ કેવળજ્ઞાનનું કારણ છે, તેથી સાધક કહ્યો છે.

કેવળજ્ઞાન, કેવળદર્શન, ક્ષાયિક સમકિત ને સિદ્ધ પદ આવ્યા જતા નથી માટે સાક્ષાત્ ઉપાદેય કીધાં ને મોક્ષમાર્ગને પરંપરા ઉપાદેય કહ્યો. તે વિના બધું ત્યાજ્ય છે. શરીર, મન, વાણી, રાગ-દ્વેષ, વ્યવહાર રત્નત્રય એ બધું ત્યાજ્ય છે.

તથા અધ્યાત્મ ગ્રંથમાં બીજ પદ ભૂત એટલે સમયસાર વગેરે ગ્રંથોમાં જે શુદ્ધ આત્માનું સ્વરૂપ બતાવ્યું છે તે જ ઉપાદેય છે. શુદ્ધ સ્વભાવ અંગીકાર કરવા જેવો છે.

આ પ્રમાણે જીવાધિકારને વિષે શુદ્ધ તથા અશુદ્ધજીવની કથનની મુખ્યતા રૂપ જે સાતમુ સ્થાન છે તેમાં ત્રણ ગાથા સમાપ્ત થઈ.

હવે પછીની ગાથામાં પૂર્વાર્ધમાં સિદ્ધોના સ્વરૂપને ઉત્તરાર્ધમાં તેના ઊર્ધ્વગમન સ્વભાવનું કથન કરે છે.

કોઈ જીવો કહે છે કે સિદ્ધ દશામાં જ્ઞાન ભૂલાઈ જાય છે.

કોઈ કહે કે મુક્તિ પછી જીવ એમ ને એમ ચાલ્યો જાય છે, કોઈ કહે કે અનંતકાળે સિદ્ધ ફરી અવતાર ધારણ કરે – એ બધી વિપરીતતા ટાળવા ને અવિપરીતપણું બતાવવા સિદ્ધપદની વાત કરે છે.

## ગાથા-૧૪

**णिक्कम्मा अट्ठगुणा किंचूणा चरणदेहदो सिद्धा।**
**लोयग्गठिदा णिच्चा उप्पादवएहिं संजुत्ता।।१४।।**

**ભાવાર્થ :–** જે જીવ જ્ઞાનાવરણાદિ આઠ કર્મોથી રહિત છે. સમ્યક્ત્વ આદિ આઠ ગુણોના ધારક છે તથા અંતીમ શરીરથી કિંચિત્ ન્યૂન છે. તે સિદ્ધ છે તથા ઉર્ધ્વગમન સ્વભાવથી લોકના અગ્રભાગે સ્થિત છે. નિત્ય છે તથા ઉત્પાદ અને વ્યય એ બન્નેથી સહિત છે.

કેવા છે સિદ્ધ ભગવાન ? જ્ઞાનાવરણાદિ કર્મોથી રહીત છે, તેમને કર્મનું નિમિત્તપણું નથી, સિદ્ધ દશાનું કારણ સમજાવ્યું. હવે કાર્યરૂપ સિદ્ધદશા પ્રગટી તે સમજાવે છે વળી સમ્યક્ત્વ આદિ આઠ ગુણોનો ધરનાર છે, વળી એ ચરમશરીરથી કાંઈક ન્યૂન છે અને ઉર્ધ્વગમન સ્વભાવથી લોકના અગ્રભાગે બિરાજે છે, દ્રવ્ય ગુણો ત્રિકાળ રહે છે ને પૂર્વ પર્યાયનો અનુભવ વ્યય થાય છે ને નવી પર્યાયના અનુભવનો ઉત્પાદ થાય છે, આમ સિદ્ધ ભગવાન ઉત્પાદ વ્યય ધ્રુવ સહીત છે.

કેટલાક અજ્ઞાની કહે કે સિદ્ધમાં ઘોડા ગાડી, બલુન, બગીચા નથી તો ત્યાં શું સુખ હશે ? અને ત્યાં શું ક્રિયા કરતા હશે ?

ભાઈ ! અહીં સંસારમાં પરની ક્રિયા જીવ કરતો નથી. રાગદ્વેષને અજ્ઞાનની અથવા અલ્પજ્ઞતાની ક્રિયા કરે તે સંસારી છે ને વીતરાગી વિજ્ઞાનનો ને પૂર્ણ આનંદનો અનુભવ કરે તે સિદ્ધ, મોક્ષમાર્ગનો વ્યય થઈ સિદ્ધદશા પ્રગટ થાય છે. ને ત્યાં શુદ્ધ ચૈતન્યનો અનુભવ કરે છે.

કીડીના ગંજે ગંજ ચાલ્યા જતા હોય તેને કોણ રોકે ? એમ અજ્ઞાનથી ઊંધા જીવો સંસારમાં ચાલ્યા જતા હોય તેને કોણ રોકે ? માટે પોતાએ પોતાનું કરવા જેવું છે.

**શ્રાવણ વદ ૧૦, શુક્રવાર, ૧૫-૮-૫૨**

૧૩મી ગાથામાં સંસારીનું સ્વરૂપ કહ્યું હતું. અહીં ગાથા-૧૪માં સિદ્ધ દશાનું વર્ણન કરે છે. તે સિદ્ધ કેવા હોય ને ક્યા કારણે થાય છે ? સંસાર અનાદિથી છે અને સિદ્ધ દશા નવી પ્રગટે છે. તેમાં કર્મ નિમિત્ત છે, તે સ્વભાવના પુરુષાર્થ દ્વારા નાશ કરી પર્યાયમાં સિદ્ધ દશા થાય છે. તેનું સ્વરૂપ કેવું છે ? તે બતાવે છે.

**વ્યાખ્યાર્થ :–** સિદ્ધ કેવા હોય છે ? આઠ કર્મોથી રહિત છે ને આઠ ગુણોથી સહિત છે. સંસારી જીવ કર્મોથી સહિત છે. એટલે કે કર્મ નિમિત્ત છે ને આઠ કર્મોનો નાશ થતાં આઠ પ્રકારની શુદ્ધદશા પ્રગટ થાય છે. વળી જ્ઞાન ઘન સિદ્ધની અવગાહનાં અંતિમ શરીરથી કિંચિત્ ન્યૂન હોય છે, કેટલાક જીવો કર્મને માનતા નથી. વળી કોઈ જીવો સિદ્ધમાં કર્મ રહિતપણું માનતા નથી. તે વાતનો આથી નિષેધ થયો, વળી કોઈ સિદ્ધની અવગાહનામાં ભૂલ કરે છે. શરીરના ૨/૩ ભાગ જેટલું કદ સિદ્ધમાં રહે એમ કહે છે. જેમકે છેલ્લા દેહનું પ્રમાણ ૫૦૦ ધનુષ્ય હોય તો તેના ૨/૩ ભાગ પ્રમાણ રહે છે પણ તે વાત ખોટી છે. પેટનું પોલાણ વગેરે પોલા ભાગ જેટલો કદમાં ઓછો થાય તે તો વ્યાજબી છે. પણ ઊંચાઈમાં ૧/૩ ભાગ કેમ ઓછો થાય ? માટે તે વાત ખોટી છે. સિદ્ધની અવગાહના છેલ્લા શરીરથી કિંચિત્ ન્યૂન હોય છે.

વળી સિદ્ધના જીવ લોકના અગ્રભાગે રહે છે, કોઈ કહે છે કે પંખીની પાંખ તૂટી જતાં પંખી ત્યાં ને ત્યાં પડ્યું રહે છે. તેમ આત્મા મુક્ત થતાં ત્યાં પડ્યો રહે – એમ કહે છે તે વાત ખોટી છે, કોઈ પંચ મહાભૂતમાં સમાઈ જાય અથવા અનંતમાં ભળી જાય એમ કહે છે તે વાત ખોટી છે. પંચ મહાભૂત પુદ્‌ગલથી જુદી ચીજ નથી. પૃથ્વી, પાણી વગેરે પુદ્‌ગલની અવસ્થા છે તથા આકાશ અરૂપી છે, આત્મા તેને સ્પર્શતો નથી, સિદ્ધ જીવ ઉર્ધ્વગમન સ્વભાવના

કારણે લોકના અગ્રભાગે રહે છે. વળી ભક્તને ભીડ પડે માટે સિદ્ધ ફરી અવતાર ધારણ કરે તેમ બનતું નથી. કોઈ તત્ત્વથી વિરુદ્ધ પ્રરૂપણા કરે માટે ભગવાન અવતરે એમ બને નહિ. જેમ ચણાનું બીજ નાશ પામવાથી ઝાડ થતું નથી તેમ રાગનું બીજ નાશ પામવાથી સિદ્ધને અવતાર હોતો નથી.

'મોક્ષમાર્ગ પ્રકાશક'માં કહ્યું છે કે સિદ્ધો રાગાદિરૂપે પરિણમતા નથી ને સંસાર ઈચ્છતા નથી. તે સમ્યગ્દર્શનનું બળ છે. એમાં કોઈ પ્રશ્ન કરે કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગનો વ્યય થઈ સિદ્ધ દશા પ્રગટ થાય છે તો પછી જેનો વ્યય થયો તે સમ્યગ્દર્શન સિદ્ધમાં કેમ રહે ?

**સમાધાન :–** ઝાડની મૂળ ડાળમાંથી નાની ડાળીઓ ઘણી થાય છે ને ઘણી શાખા થવા છતાં મૂળ નાશ પામતી નથી. ઘણી શાખા સહિત ડાળ રહે છે, તેમ ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ, અખંડ જ્ઞાયક મૂર્તિ છે તેનું ભાન કરવાથી સમ્યગ્દર્શનરૂપી મોટી ડાળ પ્રગટી ને પછી કેવળજ્ઞાન-કેવળદર્શન ને વીતરાગતારૂપી શાખા પ્રગટે તેથી કરીને સમ્યગ્દર્શન-સિદ્ધમાં નાશ પામતું નથી. સમ્યગ્દર્શનના બળે 'સિદ્ધો' રાગાદિરૂપ પરિણમતા નથી.

વળી સિદ્ધ ભગવાનના અનંત ગુણો ટકી રહેવાની અપેક્ષાએ નિત્ય છે ને સમયે સમયે નવી પર્યાય ઉત્પન્ન થાય છે ને જૂની પર્યાયનો નાશ થાય છે તે અપેક્ષાએ ઉત્પાદ-વ્યય સહિત છે.

હવે તેનો વિસ્તાર કરે છે :–

પોતાનો શુદ્ધ આત્મા આઠ કર્મરૂપી શત્રુઓને નાશ કરવામાં સમર્થ્ય છે. શાસ્ત્રમાં કથન આવે કે સ્વદ્રવ્ય તે ઇષ્ટ ને પરદ્રવ્ય તે અનિષ્ટ એમ માનવું તે ભ્રમ છે પરદ્રવ્યમાં ઈષ્ટિ -અનિષ્ટ પણું નથી. પોતામાં ઇષ્ટ અનિષ્ટના બે ભાગલા પડે છે. ત્રિકાળી સ્વભાવ ઇષ્ટ છે ને રાગાદિ પરિણામ અનિષ્ટ છે આમ સમજીને રાગદ્વેષાદિમાં કર્મ નિમિત્ત છે તેથી કર્મમાં અનિષ્ટનો અથવા શત્રુનો આરોપ કરેલ છે.

આઠ કર્મોનો નાશ પોતાના આત્માના જ્ઞાનના બળથી થાય છે એમ કહ્યું છે. તેમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે સમાઈ ગયા છે. કોઈ નિમિત્તના બળથી, સંહનનથી, ગુરુ કૃપાથી આઠ કર્મ નાશ પામે છે એમ કહ્યું નથી.

અહીં કોઈ પ્રશ્ન કરે કે 'શ્રીમદ્દે' તો કહ્યું છે ને,

'કરુના હમ પાવત હૈ તુમકી, વહ બાત રહી સુગુરુ ગમકી'

'પલમે પ્રગટે મુખ આગલ સેં, જબ સદ્‌ગુરુ ચરન સુપ્રેમ બસે,'

પરંતુ સદ્‌ગુરુની કૃપાથી તરી જાય એવો તેનો અર્થ નથી પણ હે નાથ ! તારી સર્વજ્ઞ દશામાં મારા સંસારનો નાશ થયો એવી તમારા જ્ઞાનની પ્રતીતિ મને ભાસી છે એ આપની કરુણા સમજું છું એવો એનો અર્થ છે.

કોઈ ક્રિયા કે ઉપવાસના બળથી આઠ કર્મનો નાશ થાય છે એમ કહ્યું નથી. આત્મ-જ્ઞાનના બળથી કહ્યું છે. તેમાં મોક્ષમાર્ગ ને શુક્લ ધ્યાન પણ આવી ગયું. આત્માની પ્રતીતિ સ્વસંવેદન જ્ઞાન ને લીનતા ત્રણે થઈને એક જ માર્ગ છે ને શુદ્ધ આત્મબળ પ્રગટ્યું તેને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની સાચી શ્રદ્ધા હોય જ છે.

'મોક્ષમાર્ગ પ્રકાશક'માં સમ્યગ્દર્શન થવા પહેલાનો અનુક્રમ બતાવે છે.

(૧) સાચા દેવ, નિર્ગ્રંથ ગુરુને સાચા શાસ્ત્રની શ્રદ્ધા પહેલે ઘડાકે થવી જોઈએ ને કુદેવાદિની શ્રદ્ધા છોડવી જોઈએ, નવ તત્ત્વોના કહેનારા કોણ છે તે જાણ્યા વિના તત્ત્વ વિચાર હોઈ શકે નહિ.

(૨) નવ તત્ત્વો જેમ છે તેમ જાણવા જોઈએ તે જાણ્યા વિના સ્વ-પર ભેદવિજ્ઞાન થાય નહિ.

(૩) સ્વ-પરનું ભેદ વિજ્ઞાન કરવું જોઈએ, સ્વ-પરના ભેદ વિજ્ઞાન વિના આત્માનો વિચાર હોઈ શકે નહિ.

(૪) આત્માનો વિચાર – તેના બળથી સમ્યગ્દર્શન થાય છે, આવા ક્રમ વિના, સાચા દેવ ગુરુની શ્રદ્ધા વિના માત્ર આત્માની વાતો કરે તો તે ચતુરાઈની વાતો છે.

અહીં શુદ્ધ આત્માના જ્ઞાન બળથી કહ્યું ત્યાં છેલ્લો બોલ આવ્યો એટલે તેના પહેલાના ત્રણે નિયમથી આવી જાય છે.

શુદ્ધ આત્માના જ્ઞાન બળથી આઠે કર્મોનો નાશ થાય છે તેમાં અઘાતી કર્મો પણ આવી ગયા, જે શુદ્ધ આત્માના બળે વીતરાગતા પ્રગટે તેમાં અઘાતિ કર્મ નાશ થયા વિના રહેતા નથી. તેથી બધા કર્મો શુદ્ધ આત્માના બળથી નાશ પામે છે એમ કહ્યું છે કોઈ જીવ આઠ વર્ષની ઉંમરમાં કેવળજ્ઞાન પામી તુરત સિદ્ધ થાય ને કોઈ કેવળજ્ઞાન પછી દેશેન્યૂન ક્રોડ પૂર્વ સુધી શરીરમાં રહે તે પોતાની યોગ્યતાના કારણે રહે છે. અહીં તો બધા માટે એક જ સિદ્ધાંત સ્થાપ્યો કે શુદ્ધ આત્માના બળથી કર્મો નાશ પામે છે. કર્મ જડ છે તેનો આત્મા વ્યય કરે છે તે નિમિત્તથી કથન છે. આ પ્રમાણે હવે જ્ઞાનાવરણ આદિ સમસ્ત મૂળ કર્મ પ્રકૃતિ ને ઉત્તરકર્મ પ્રકૃતિનો વિનાશ થવાથી સિદ્ધ આઠ કર્મોથી રહિત થાય છે. તે નાસ્તિથી કહ્યું છે.

હવે અસ્તિથી વાત કરે છે, સિદ્ધને આઠ ગુણો પ્રગટે છે. મોહનીય કર્મના અભાવથી સમ્યક્ત્વ, જ્ઞાનાવરણીયના અભાવથી કેવળજ્ઞાન, દર્શનાવરણીય કર્મના અભાવથી કેવળદર્શન, અતંરાય કર્મના અભાવથી વીર્ય, નામ કર્મના અભાવથી સૂક્ષ્મત્વ, આયુકર્મના અભાવથી અવગાહન, ગોત્રકર્મના અભાવથી અગુરુલઘુ, વેદનીયના અભાવથી અવ્યાબાધ એમ આઠ ગુણો પ્રગટે છે તે આઠે પર્યાય છે તોપણ પર્યાયને ગુણ કહેવાય છે.

હવે તે ગુણોનો વિસ્તાર કરે છે.

**(૧) સમ્યક્ત્વ :–** સિદ્ધ ભગવાન પ્રથમ સંસાર દશામાં હતા ને ત્યારે કર્મ નિમિત્ત હતું

તે સમ્યગ્દર્શન પ્રગટ કરી સિદ્ધ દશા પ્રગટ કરી તે સમ્યગ્દર્શન પૂર્વે ક્યાંથી થયું ને અત્યારે કેમ રહ્યું છે તેની વાત કરે છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષમાર્ગ છે તેનો વ્યય થઈ સિદ્ધ દશા થાય છે તો સમ્યગ્દર્શન સિદ્ધદશામાં કેમ રહેતું હશે એમ કોઈ પૂછે તો સમાધાન :- ઝાડની મોટી શાખામાંથી અનેક શાખા થવા છતાં મોટી શાખા નાશ પામતી નથી, તેમ સમ્યગ્દર્શનના નિમિત્તે વીતરાગતા ને કેવળજ્ઞાનાદિ પ્રગટવા છતાં સમ્યગ્દર્શન નાશ પામતું નથી.

હવે તે કેમ પ્રગટે છે ? શુદ્ધ આત્માની રુચિથી પ્રગટે છે કેવો છે આત્મા ? કેવળજ્ઞાન-દર્શન-ચારિત્ર, પ્રભુત્વ, સ્વચ્છત્વ, કર્તા, કરણ વગેરે અનંતા ગુણોનો ધામ આત્મા છે. વર્તમાન પર્યાયમાં રાગ-દ્વેષ, અલ્પજ્ઞતાને ગૌણ કરી સદૃશ સ્વરૂપી ગુણોનો ધામ છે તેને આદરણીય માની તેની અંતર રુચિ કરવી તેને નિશ્ચયસમ્યગ્દર્શન કહે છે. આવું કહેનારા સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરવી તે વ્યવહાર સમ્યગ્દર્શન છે. રાગ છે ને આત્માની શ્રદ્ધા કરવી તે અરાગી તત્ત્વ ને પ્રતીતિ છે. કુટુંબ શરીર વગેરે પર છે, અલ્પજ્ઞદશા, વિકારદશા પર્યાયમાં છે તેને હેય ગણી શુદ્ધ આત્માની અંતર રુચિ કરવી તે નિર્વિકારી સમ્યગ્દર્શન દશા છે. તે નવી પર્યાય પ્રગટે છે. તે ગુણ નથી પણ અહીં પર્યાયને ઉપચારથી ગુણ કહેલ છે.

આવું સમ્યગ્દર્શન પૂર્વે મુનિ દશામાં પ્રગટ કર્યું હતું. ખરી રીતે તો સમ્યગ્દર્શન ચોથા ગુણસ્થાને પ્રગટ થાય છે પણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતા અથવા સાક્ષાત્ મોક્ષમાર્ગ મુનિપણાથી શરૂ થાય છે તેથી સમ્યગ્દર્શન મુનિપણામાં પ્રગટ કરેલ છે એમ કહ્યું છે. આત્મામાં શ્રદ્ધા ગુણ અનાદિથી છે ને તેની મિથ્યા અવસ્થા અનાદિથી છે પણ સાચું ભાન કરી સમ્યગ્શ્રદ્ધા નવી ઉત્પન્ન કરે છે. તપશ્ચરણરૂપ અવસ્થા એટલે મુનિ અવસ્થા છે. બાહ્ય ઉપવાસ તપ નથી પણ મારા સ્વભાવમાં ઇચ્છા નથી એવી દૃષ્ટિ ને રુચિ વિના ચારિત્ર ને તપ ન હોય, પુણ્યથી સ્વર્ગ મળે પણ ધર્મ ન થાય, શુદ્ધ આત્માના આશ્રયે ધર્મ થાય એવા ભાન પૂર્વક ગ્રહસ્થાશ્રમ છોડી બાહ્ય-અભ્યંતર નિર્ગ્રંથ દશા પ્રગટ કરે છે તે મુનિદશા છે.

એવા મુનિપણામાં જે સમ્યગ્દર્શન ઉત્પન્ન કર્યું હતું તેના ફળભૂત, સમસ્ત જીવ આદિ તત્ત્વો કે વિષયોમાં વિપરીત અભિનિવેશ રહિત પરિણામરૂપ પરમ ક્ષાયિક સમ્યક્ત્વ નામનો પ્રથમ ગુણ સિદ્ધમાં હોય છે. વિપરીત અભિનિવેશ રહિત એટલે કે નવે તત્ત્વો જેમ છે તેમ શ્રદ્ધે છે. રાગને રાગ માને છે. એક તત્ત્વ બીજા તત્ત્વને અડે નહિ. એમ દરેક તત્ત્વ એક બીજાના અભાવમાં વર્તે છે, આત્મા પરચીજને સ્પર્શે છે એમ કહેવું તે નજીકતા બતાવનારું કથન છે. નવે તત્ત્વો સ્વતંત્ર જેમ છે તેમ શ્રદ્ધવા તેનું નામ વિપરીત અભિનિવેશ રહિતપણું છે. સમ્યગ્દર્શન થતાં જે વિપરીત અભિનિવેશ રહિતપણું છે તે સિદ્ધમાં વિપરીત અભિનિવેશ પણે ક્ષાયિક સમ્યક્ત્વ રહે છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં પણ એ શબ્દો વાપર્યા છે.

(૨) **કેવળજ્ઞાન :–** કેવળજ્ઞાન કેવી રીતે પ્રગટાવ્યું તે બતાવે છે. પૂર્વકાળમાં છદ્મસ્થ અવસ્થામાં ભાવના ગોચર કરેલા વિકાર રહિત સ્વાનુભવરૂપ જ્ઞાનના ફળરૂપે કેવળજ્ઞાન પ્રગટ્યું

છે. છદ્મસ્થ (છદ્મમાં ટકેલા) - જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય કર્મોને છદ્મ કહે છે. તેના વલણરૂપદશા હતી તેથી તેમાં ટકેલા કહે છે એટલે છદ્મસ્થ કહે છે તે કર્મો જડ છે તે જ્ઞાન દર્શનને રોકતા નથી. એક તત્ત્વ બીજાને નુકસાન કરે તેમ બને નહિ. તેમ જ એક તત્ત્વ બીજાથી નુકસાન પામે તેમ પણ બને નહિ. પણ જીવમાં પોતાના કારણે જ્ઞાનદર્શન હીણા થાય તો તેનો ઉદય નિમિત્ત કહેવાય. અહીં જીવોનો જ્ઞાનસ્વભાવ વર્ણવે છે. વિકારરહિત જ્ઞાનસ્વભાવ છે. તેવા જ્ઞાનસ્વભાવને અનુસરીને સમ્યક્જ્ઞાન પ્રગટાવેલ છે. પરને અનુસરીને શાસ્ત્રને કે રાગને અનુસરીને જ્ઞાન પ્રગટ થાય એ વાત કાઢી નાખી. પ્રથમ શાસ્ત્રજ્ઞાનનો વિકલ્પ હોય પણ તેના આશ્રયે સ્વ અનુભવ થતો નથી. પોતાના શુદ્ધ આત્માના આશ્રયે સ્વ અનુભવ થાય ને સ્વસંવેદનજ્ઞાન પ્રગટે છે ને નવી નવી જ્ઞાનદશા પ્રગટ થાય છે. સાધકને કેવળજ્ઞાન ભાવનાગોચર હોય છે. સાધકદશામાં આવું જ્ઞાન પ્રગટ્યું હતું. જેને સિદ્ધ થવું હોય તેને આવી સાધકદશા થયા વિના સિદ્ધદશા થાય નહિ.

વળી ઝાઝા શાસ્ત્ર ભણ્યો હોય એટલે નવ પૂર્વવાળાને આત્મજ્ઞાન વહેલું થાય ને ઓછું જાણ્યું હોય તેને મોડું થાય એમ છે જ નહિ. પોતાના આત્માના અનુભવથી થાય છે. પ્રથમ જીવે યથાર્થ શ્રવણ કરી ગ્રહણ કરવું જોઈએ ને ધારણા કરી વારંવાર વિચાર કરવો જોઈએ.

આત્માના સ્વાનુભવનું ફળ કેવળજ્ઞાન છે. તપ કે કષ્ટ કરવાથી કેવળજ્ઞાન થતું નથી. સ્વભાવવાન વસ્તુ છે તે ગુણ-પર્યાયનો પિંડ છે. તેના અનુભવરૂપ જ્ઞાનને સાધન કહ્યું. તેના ફળરૂપ કેવળજ્ઞાન પ્રગટે છે તે એક સમયમાં લોક તથા અલોકના સંપૂર્ણ પદાર્થોને ભિન્ન ભિન્ન જાણે છે. વિશેષોને જાણે છે એટલે કે દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદસહિત જાણે છે તેને કેવળજ્ઞાનગુણ કહે છે. આવા સ્વસંવેદનજ્ઞાનરૂપ સાધનથી કેવળજ્ઞાન અને સિદ્ધદશા પ્રગટે છે, બીજાથી નહિ.

## પ્રસાદ નં. – ૨૯૭

**વી. નિ સં. ૨૪૭૮, ભાદરવા સુદ ૨, વર્ષ ૨જું. પુસ્તક દસમું,**
**સોનગઢ, તા. ૬-૮-૫૨, બુધવાર.**
**શ્રી દ્રવ્યસંગ્રહ ગાથા–૧૩**
**(શ્રાવણ સુદ ૧, શનિવાર, ૧૬-૮-૫૨ બપોર)**

જીવ દ્રવ્યના સ્વરૂપમાં સિદ્ધ ભગવાનની વાત ચાલે છે. જેમ સંસારી જીવની પર્યાયનો કોઈ રચનાર નથી પણ પોતે સંસારનો રચનાર છે તેમ સિદ્ધ દશાનો પણ પોતે જ રચનાર છે, પોતાના આત્માના ભાન વડે સિદ્ધદશા પ્રાપ્ત થાય છે. આ સિદ્ધના ગુણોની વાત ચાલે છે.

(૧) **સમ્યક્ત્વ :–** શુદ્ધ ચૈતન્યના ભાન દ્વારા પૂર્વે પ્રગટાવેલ સમકિત સિદ્ધમાં વર્તમાન વિદ્યમાન છે.

(૨) **કેવળજ્ઞાન :–** ચૈતન્યના જ્ઞાન ગુણમાં એકાગ્રતા દ્વારા પ્રાપ્ત થાય છે.

(૩) **કેવળદર્શન :–** કેવળદર્શન કેમ પ્રાપ્ત થાય છે તેની વાત કરે છે. સંપૂર્ણ વિકલ્પોથી શૂન્ય નિજ શુદ્ધ આત્માની સત્તા અવલોકનરૂપ જે દર્શન પૂર્વે ભાવિત (ભાવનારૂપ) કર્યું હતું તેના ફળ ભૂત કેવળદર્શન થાય છે. સિદ્ધનો જીવ પહેલા સંસારી હતો તેમણે સંસાર દશામાં રાગ રહિત ભેદ રહિત એક રૂપ પદાર્થ જે પોતાનો આત્મા છે તેના અવલોકની ભાવના કરતાં કેવળદર્શન થયું છે.

પ્રથમ કહ્યું કે જેમ શુદ્ધ આત્માની પ્રતીતિ કરી હતી તેના ફળમાં ક્ષાયિક સમ્યક્ત્વ ઊપજ્યું ને જ્ઞાન સ્વભાવની એકાગ્રતા કરી હતી તેના ફળમાં કેવળજ્ઞાન ઊપજ્યું તેમ સાધકદશામાં શુદ્ધ આત્માના સત્તાવલોકનનો પ્રયત્ન કર્યો હતો તેના ફળમાં કેવળદર્શન ઊપજે છે એમ કહે છે. આત્મા ત્રિકાળી વસ્તુ છે. દર્શન તેનો ત્રિકાળી ગુણ છે ને આત્માની સામાન્ય સત્તા તરફનો ઝૂકાવ તે તેની પર્યાય છે, તેમાં આ દર્શન ગુણ છે ને આ જ્ઞાનગુણ છે એવો ભેદ નથી. તેમ જ આ આત્મા છે ને આ જ્ઞાન છે એવો ભેદ નથી આવો દર્શન ગુણ છે તેમ સમજીને

આત્મામાં સત્તાવલોકનનો પ્રયત્ન પૂર્વે કર્યો હતો તેના ફળરૂપ કેવળદર્શન ઊપજે છે. જે લોક અલોકના સંપૂર્ણ પદાર્થોમાં ભેદ પાડ્યા વિના ને અનેકતા પાડ્યા વિના દેખે છે. આ સિદ્ધમાં કેવળદર્શન નામનો ત્રીજો ગુણ થયો, લોકો 'સિદ્ધા સિદ્ધિ મમ દિસંતુ' ઓળખ્યા વિના કહે તે શું કામનું ? ભીંતને નમસ્કાર કરે છે, પથ્થરને નમસ્કાર કરે છે કે ભગવાનને નમસ્કાર કરે છે તે જીવોને ખબર હોતી નથી. અહીં સિદ્ધનું સ્વરૂપ બતાવે છે જેવું સિદ્ધનું સ્વરૂપ છે તેવું દરેક આત્માનું સ્વરૂપ શક્તિ એ છે ને તે સિદ્ધ દશારૂપ થાય છે.

(૪) **અનંત વીર્ય :–** સિદ્ધમાં અનંતવીર્ય હોય છે તે ક્યાંથી પ્રગટ્યું ? પ્રથમ મુનિદશામાં આત્માના ભાનપૂર્વક ઘોર પરિસહ આવવા છતાં તથા સિંહ, વાઘ, વીંછી, પ્રહાર, દેવકૃત પ્રતિકૂળતા, ક્ષુધા, તૃષા તથા સ્ત્રી, ઢોર, નારકી તથા અચેતન કૃત ઉપસર્ગ આવવા છતાં અનંત ગુણોને રચવા વાળી વીર્યથી પોતાના નિરંજન પરમાત્માના ધ્યાનમાં અચલિત રહીને ધીરજનું અવલંબન કર્યું હતું. તે ધીરજના ફળ રૂપે અનંત વીર્ય પ્રગટે છે.

પાંડવોને ઉપસર્ગો થયા. લોઢાનાં, ધગધગતા કડાં પહેરાવ્યા, ગજસુકુમારને અગ્નિનો પરિસહ થયો છતાં પણ 'બહુ ઉપસર્ગ કર્તા પ્રત્યે પણ ક્રોધ નહિ' ઉપસર્ગ કરનાર પ્રત્યે દ્વેષ તો નથી પણ નિમિત્ત તથા પુણ્ય-પાપના આશ્રય વિનાના ત્રિકાળી સ્વભાવમાં એકાગ્રતા કરી ધીરજનું અવલંબન કર્યું હતું, શાસ્ત્રો કહે છે માટે નહિ, પૂર્વે કર્મો બાંધ્યા હતા માટે આવો ઉદય આવ્યો તેવો વિકલ્પ નહિ, ધીરજ નહિ રાખી – એ તો નવાં કર્મો બંધાશે, એવો પણ વિકલ્પ નથી, પણ શુદ્ધ ચૈતન્ય મૂર્તિનું અવલોકન વર્તે છે તે વીર્યની એકાગ્રતા પૂર્ણ વીર્ય પ્રગટવાનું કારણ છે જેમ દર્શનની એકાગ્રતા પૂર્ણ દર્શનનું કારણ છે. જ્ઞાનની એકાગ્રતા પૂર્ણ જ્ઞાનનું કારણ છે. તેમ પરિસહોમાં વીર્યની એકાગ્રતા અનંત વીર્ય પ્રગટવાનું કારણ છે. હું જ્ઞાયક છું એવા ધ્યાનમાં ધીરજનું અવલંબન લીધું છે. તેના ફળરૂપે અનંત વીર્ય પ્રગટ્યું છે કેવળજ્ઞાન લોકાલોકને જાણે છે છતાં ખેદ થતો નથી. અહીં તો કોઈ જીવ થોડું વાંચે તો માથું દુઃખવા આવે ને સિદ્ધ લોકાલોકને જાણે, અનંતા પદાર્થો તેના દ્રવ્યો-ગુણો ને પર્યાયોને જાણે, અનંતા નિગોદને, અનંતા સિદ્ધોને, અનંતા પુદ્ગલ પદાર્થોને જાણે છતાં ત્યાં ખેદનો અભાવ છે, એવા વીર્ય ગુણને પ્રગટ કર્યો છે. કેવળજ્ઞાનની રચનાને રચે તેવું અનંત સામર્થ્ય સિદ્ધદશામાં પ્રગટ્યું છે.

આ પ્રમાણે જ્ઞાનાવરણીયના અભાવથી કેવળજ્ઞાન, દર્શનાવરણીયના અભાવથી કેવળદર્શન, મોહનીયના અભાવથી સમ્યક્ત્વ ને અંતરાયના અભાવથી અનંતવીર્ય એમ ચાર ગુણોની વાત કરી. હવે, અઘાતી કર્મના અભાવથી પ્રગટતા ચાર ગુણોની વાત કરે છે.

(૫) **સૂક્ષ્મત્વ :–** સિદ્ધનું સ્વરૂપ અતીન્દ્રિય કેવળજ્ઞાન ને ગોચર છે માટે સિદ્ધ સૂક્ષ્મ છે. આખો આત્મા પ્રત્યક્ષ અનંતા ગુણોની દશા સહિત કેવળજ્ઞાન વડે જાણી શકાય છે. રાગ વડે, નિમિત્ત વડે જાણી શકાય નહિ. ચાર જ્ઞાન વડે પણ પરિપૂર્ણ જાણી શકાય નહિ. પણ કેવળજ્ઞાન વડે જાણી શકાય છે. નીચલી દશામાં એવી પ્રતીતિ કરી શકાય છે. રાગને પુણ્યથી

આત્મા જણાય તેવો નથી પણ સ્વસંવેદન અતીન્દ્રિય જ્ઞાનથી જણાયે એવો છે.

(૬) **અવગાહનત્વ :–** જેમ એક દીવામાં બીજા દીવાનો પ્રકાશ સમાઈ જાય છે. તેવી રીતે એક સિદ્ધક્ષેત્રમાં અનંતા સિદ્ધો સંકર ને વ્યતિકર દોષ પામ્યા વિના રહી શકે એવા અવકાશ દેવાનું સામર્થ્ય પ્રગટ્યું તે અવગાહન ગુણ છે.

નીચલી દશામાં એક જીવ છે ત્યાં તે સ્થાનમાં કર્મ તથા બીજા જીવોને અવગાહન દેવાની શક્તિ છે છતાં તે ચીજો-કર્મ વગેરે પોતાને અડચણ કરે એમ છે જ નહિ તેમ જ પોતે બીજા સાથે સેળભેળ થતો નથી તેમ જ પોતે સ્વભાવના ધ્યાન ને એકાગ્રતા કરે તો બીજાને અવગાહન નથી આપતો એમ પણ નથી. વળી રાગ-દ્વેષ મન વાણી હોવા છતાં તેની સાથે એક થયો નથી. પોતાનું સ્વરૂપ ચૂક્યો નથી એવા પોતાના અવગાહન ગુણવાળા આત્માનાં શ્રદ્ધા જ્ઞાન પૂર્વક લીનતા કરી સિદ્ધ દશા પ્રગટ કરી ત્યાં અવગાહન ગુણ પ્રગટ્યો તેના કારણે અનંતા સિદ્ધ એક ક્ષેત્રે રહેવા છતાં બે સિદ્ધ ભેગા થતાં નથી. એ સંકરદોષ રહિતપણું છે ને દરેક સિદ્ધ સાથે રહેવા છતાં પોતાના સ્વરૂપથી ચ્યુત થઈને બીજા સિદ્ધરૂપ થઈ જતા નથી. તે વ્યતિકર દોષ રહિતપણું છે આવો અવગાહ ગુણ સિદ્ધમાં પ્રગટ્યો છે.

(૭) **અગુરુલઘુ ગુણ :–** જો સિદ્ધનું સ્વરૂપ સર્વથા ભારી હોય તો લોઢાના પિંડની જેમ સદા નીચે પડતા રહે ને જો સર્વથા હલકું હોય તો આકોલિયાના રૂની જેમ ઉડાઉડ કર્યા કરે એટલે કે નિરંતર ભ્રમણ કર્યા કરે પણ તેમ નથી, સિદ્ધ લોકાગ્રે જ્યાં છે ત્યાં સ્થિર છે, નીચેની દશામાં જીવનો સ્વભાવ તો આવો જ છે પણ પર્યાયમાં વિપરીતતા છે પણ સ્વભાવમાં ફેર નથી, સિદ્ધને પર્યાયમાં અગુરુલઘુ ગુણ પ્રગટી ગયો છે.

(૮) **અવ્યાબાધ :–** અવ્યાબાદ કેવી રીતે પ્રગટ થયો ? આત્મા સ્વાભાવિક વસ્તુ છે. રાગ-દ્વેષ, ખેદ, પુણ્ય, પાપ વગેરે ભાવોથી રહિત છે એવા સહજાનંદ સ્વભાવની રુચિ કરી, તેમાં વીર્ય જોડી જે સુખરૂપી અમ્રતનો એકદેશ અનુભવ થયેલ તેના ફળરૂપે અવ્યાબાધ અનંત સુખ નામનો સિદ્ધમાં આઠમો ગુણ પ્રગટ થાય છે.

સિદ્ધપણ પ્રથમ સંસારી હતા તેમને પણ આકુળતા હતી તે આકુળતાની રુચિ છોડી સ્વભાવની રુચિ કરી મુનિપણું અંગીકાર કર્યું હતું. તે મુનિપણામાં ખેદ ન હતો પરિસહો પડે, પેટમાં સૂળ ચડે વગેરે ઘણા કષ્ટ પડે છતાં તેના ઉપર લક્ષ નથી. સિદ્ધનો અર્થી શુદ્ધ સ્વભાવનો આશ્રય કરે છે તેને ખેદ નથી પણ આનંદની મજા માણે છે, આમ આત્માના આનંદનો એક અંશ અનુભવ કર્યો હતો તેના ફળ રૂપે શાતા-અશાતાની કલ્પના વિનાનું અનાકુળ આનંદના ફળરૂપ અવ્યાબાધ સુખ પામે છે કોઈ મુનિ આઠ વર્ષની ઉંમરે દીક્ષા લઈ સિદ્ધ થાય ને કોઈ કરોડો વર્ષો સુધી મુનિપણામાં રહે ને સિદ્ધ ન થાય તોપણ તે મુનિને ખેદ થતો નથી એવી મુનિમાં આનંદ સહિત ધીરજ હોય છે. એવી સહજ દશા છે.

લોકો ચારિત્રને કષ્ટદાયક માને છે ને કહે છે કે, મુનિ એ કેટલાં દુઃખો સહન કર્યાં,

તે જીવ દેવ-ગુરુ-શાસ્ત્રની આશાતના કરે છે, નવ પદાર્થોને સમજતો નથી. શુદ્ધ આત્માના અવલંબને સંવર નિર્જરા થાય છે ને તે શાંતિ દાયક છે તેમ સમજતો નથી. રોટલા ન ખાય તેને લોકો તપ કહે છે તે તપ નથી. ઈચ્છાનો નિરોધ તે તપ છે. મુનિઓ સુખરૂપી અમૃતનો સ્વાદ લ્યે છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ દશા તે આહ્લાદ દશા છે, પવિત્ર દશા છે તે રૂપ વિશેષ એકાગ્રતા થતાં અવ્યાબાધ ગુણ પ્રગટે છે. સિદ્ધની વ્યાખ્યા કરતાં સાધકપણું તથા ધર્મ કેવો હોય તે પણ બતાવે છે. ધર્મ શાંતિદાયક ને આનંદદાયક હોય પણ કષ્ટદાયક હોઈ શકે નહિ.

સિદ્ધમાં અનંતા ગુણો છે પણ આઠ કર્મના અભાવથી પ્રગટતા આઠ ગુણો મધ્યમ રુચિના ધારક શિષ્યો માટે બતાવ્યા. હવે વિસ્તારથી મધ્યમ રુચિના ધારક શિષ્ય પ્રત્યે વિશેષ ભેદનયના અવલંબનથી બીજા ગુણો બતાવે છે.

**ગતિ રહિતતા :–** મારો સ્વભાવ ગતિ રહિત છે એવા આત્માના ભાનપૂર્વક લીનતા કરી સિદ્ધ દશા પ્રગટે છે તેને ગતિ રહિતપણું પ્રાપ્ત થાય છે પછી તેમને ગતિમાં જન્મવું પડતું નથી.

**ઇન્દ્રિય રહિતતા :–** અતીન્દ્રિય મારો સ્વભાવ છે એવી દૃષ્ટિ ને લીનતા પૂર્વક ઇન્દ્રિય રહિતતા સિદ્ધમાં પ્રગટ થાય છે.

**શરીર રહિતતા :–** મારો આત્મા ત્રણે કાળ શરીર રહિત છે એવાં શ્રદ્ધા-જ્ઞાનને લીનતા કરવાથી શરીર રહિતત્વપણું સિદ્ધમાં પ્રગટ થાય છે.

**યોગ રહિતત્વ :–** મન-વચન-કાયા તો જડ છે પણ તેના નિમિત્તે થતું આત્માના પ્રદેશનું કંપન તે પણ મારો સ્વભાવ નથી એવા ભાનપૂર્વક લીનતાથી યોગ રહિતત્વપણું પ્રગટે છે.

**વેદ રહિતતા :–** વર્તમાન પર્યાયમાં વેદના પરિણામ હોવા છતાં મારો સ્વભાવ અવેદિ છે. હું સ્ત્રી પુરુષ કે નપુંસક નથી હું તો આત્મા છું એવા ભાન ને લીનતાથી વેદ રહિતતા પ્રગટે છે.

**કષાય રહિતત્વ :–** મારો સ્વભાવ કષાય રહિત છે. હું પરિપૂર્ણ શુદ્ધ છું એવા ભાનને લીનતાથી કષાય રહિતત્વ પ્રગટે છે. ભકતોને ભીડ પડ્યે ભગવાન અવતરે એમ બનતું નથી કેમકે તેમને કષાયનો અભાવ છે. કેવળજ્ઞાનમાં બધું જાણે છે કે ભકતો પણ શક્તિએ પૂરા છે.

**નામ રહિતત્વ :–** જસાણી, સંઘવી, કોઠારી, દોશી, પટેલ વગેરે નામો આત્માને હોય નહિ. મિથ્યાદૃષ્ટિ ઊંધું માને છે. સ્વભાવ નામ રહિત છે એવા ભાન લીનતા વડે નામ રહિતતા પ્રગટે છે.

**ગોત્ર રહિતત્વ :–** ઊંચ-નીચપણું મારા સ્વભાવમાં નથી એવા દૃષ્ટિને લીનતા વડે ગોત્ર રહિતતા પ્રગટે છે.

**આયુ રહિતત્વ :–** મારો આત્મા આયુ વિનાનો છે એવા ભાન ને લીનતાપૂર્વક આયુત્વપણું

પ્રગટે છે. સિદ્ધને આયુ હોતું નથી. સાદિ અનંત કાળ સિદ્ધદશા ટકે છે. આ પ્રમાણે સિદ્ધના વિશેષ ગુણો કહ્યા તે સંસારી જીવોમાં કે બીજા દ્રવ્યોમાં ન હોય. હવે છ દ્રવ્યોમાં સામાન્યગુણ હોય છે તે સિદ્ધમાં પણ હોય છે તેની વાત કરે છે.

**અસ્તિત્વ :–** દરેક દ્રવ્ય આ ગુણથી કાયમ ટકી રહે છે. જીવ, પરમાણુ, આકાશ, નિગોદના તથા સિદ્ધના જીવોમાં એટલે બધામાં અસ્તિત્વ ગુણ છે માટે તેને સામાન્ય કહે છે.

**વસ્તુત્વ :–** આ ગુણથી દરેક દ્રવ્ય પોતપોતાનું પ્રયોજનભૂત કાર્ય કરે છે, પરમાણુ પરમાણુનું કરે, જ્ઞાનાનંદ સ્વભાવ પોતાનું કામ કરે.

**પ્રમેયત્વ :–** આ ગુણના કારણે દરેક વસ્તુ કોઈને કોઈ જ્ઞાનનો વિષય થાય, સિદ્ધમાં પ્રમેયત્વ ગુણ છે માટે આપણા જ્ઞાનનો વિષય થઈ શકે છે.

આ સિવાય દ્રવ્યત્વ, અગુરુલઘુત્વ, પ્રદેશત્વ વગેરે સામાન્ય ગુણો છે તે તીર્થંકર ભગવાનની વાણી અનુસાર વીતરાગી શાસ્ત્ર રચાયાં હોય તે અનુસાર જાણવા.

હવે સંક્ષેપ રુચિવાળા શિષ્યને સિદ્ધના ગુણો જાણવા હોય તો વિવક્ષિત અભેદનયથી અનંતજ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ ને અનંત વીર્ય એવા ચાર ગુણ સંક્ષેપથી સિદ્ધમાં જાણવા, મુદ્દાની વાત એ છે કે આ ચાર ગુણો ક્યાંથી પ્રગટ્યા ? આત્મા અનંત શક્તિનો પિંડ છે તેના અવલંબને આ ચાર ગુણો પ્રગટે છે એવા શ્રદ્ધા-જ્ઞાન કરવા જોઈએ.

## શ્રાવણ વદ ૧૨, રવિવાર, ૧૭-૮-૫૨

ગાથા ૧૪ આવૃતિ બીજી પાને ૩૮મે છેલ્લેથી ૭મી લીટી. 'अनंत ज्ञान, दर्शन सुखरूप तीनगुण' ત્યાંથી લઈને પા.૪૦, ૧૮મી લીટી સુધી 'सिद्ध पर्यायका उत्पाद तथा शुद्ध जीवद्रव्यपनेसे ध्रौव्य है' ત્યાં સુધી મૂળ પુસ્તકમાં જોઈને સિદ્ધનું સ્વરૂપ વાંચી લેવું ત્યાર પછી 'ऐसे नय विभागसे नौ अधिकारोंद्वारा जीव द्रव्यका स्वरूप जानना चाहिये' અહીંથી આજે વ્યાખ્યાન શરૂ થયું છે.

આ પ્રમાણે નય વિભાગથી નવ અધિકારો દ્વારા જીવનું સ્વરૂપ જાણવું. વળી, તે જીવાત્મા, બહિરાત્મા, અંતરાત્મા ને પરમાત્મા એવા ત્રણ ભેદોથી ત્રણ પ્રકારના છે આ ત્રણે અવસ્થા છે.

(a) **બહિહાત્મા :–** નિજ શુદ્ધ આત્માના જ્ઞાનથી ઉત્પન્ન જે પારમાર્થિક સુખ છે તેનાથી વિરુદ્ધ જે ઇન્દ્રિય સુખ છે તેમાં જે આસક્ત છે તે મિથ્યાદૃષ્ટિ છે, શુદ્ધ આત્માની રુચિ કરતો

નથી ને ફક્ત ઇન્દ્રિયોનો ભરોસો કરે તે મૂઢ છે, દેવ-ગુરુ-શાસ્ત્ર પર છે. વિકલ્પ ઊઠે તે રાગ છે તે વિનાનું પારમાર્થિક સુખ બહિરાત્માની શ્રદ્ધામાં બેસતું નથી. સ્વર્ગમાં, શેઠાઈમાં, પુણ્ય-પાપમાં સુખ, માને તે બહિરાત્મા છે. ધર્મી જીવ ઇન્દ્ર પદ તથા ઇન્દ્રિયોના સુખને તરણા સમાન માને છે, ઇન્દ્રિયોને તેના સુખના કારણભૂત હું નથી, હું ચિદાનંદ છું એવા આત્માની પ્રતીતિ મિથ્યાદૃષ્ટિને બેસતી નથી, શબ્દોમાં, આબરૂમાં, વિષયોમાં સુખ છે એમ માનનાર મિથ્યાદૃષ્ટિ છે. વળી જે જીવ દયા દાનાદિના પરિણામમાં ને વર્તમાન શુભમાં લાભ માને છે તેને ભોગની તથા વિષયોની ઇચ્છા રહેલી છે, અંતર શક્તિરૂપ સ્વભાવ છે તેમાં હિત નહિ માનતા પુણ્ય-પાપને સારા માનવાને અનુકૂળ સંયોગોને હિતરૂપને પ્રતિકૂળ સંયોગોને અહિતરૂપ માને તેને આત્માનો ભરોસો આવતો નથી. તે સંસારમાં રઝળનારો છે.

(b) **અંતરાત્મા :–** તેથી વિલક્ષણ અંતરાત્મા છે. ઇન્દ્રિયોને બહારના પદાર્થોમાં સુખ નથી પુણ્ય-પાપમાં સુખ નથી મારું સુખ મારા સ્વભાવમાં છે એમ જે માને છે તેને અંતરાત્મા અથવા ધર્માત્મા કહે છે.

હું કોણ છું અથવા અશરીરી સિદ્ધ થયા તે ક્યાંથી થયા ? તીર્થંકરો જે આટલા ચૈતન્યના વખાણ કરે ને ખ્યાલમાં ન આવે તેનું કારણ શું ? આમ વિચાર કરી યથાર્થ ખ્યાલ લાવી શુદ્ધ આત્માની રુચિ કરે તે ધર્મી છે ને રુચિ ન કરે તે બહિરાત્મા છે.

(૨) (a) **બહિરાત્મા :–** બહિરાત્માની બીજા પ્રકારની વ્યાખ્યા કરે છે આત્મા દેહથી રહિત છે, દેહ, પુદ્ગલ અજીવ છે. શરીરને વિકારથી રહિત આત્મા શુદ્ધ દ્રવ્ય છે તે આત્મ દ્રવ્યની ભાવનારૂપ એકાગ્રતા જેને નથી તે મિથ્યાદૃષ્ટિ છે. શુદ્ધ ચૈતન્ય છે તેમાં જેને એકાગ્રતા થતી નથી તેને શરીર ને બહારના પદાર્થોમાં એકાગ્રતા થયા વિના રહેતી નથી. શરીર, મન, વાણી વગેરે બહારના સંયોગો ઠીક હોય તો જ ઠીક પડે એમ અજ્ઞાની દેહની ભાવનામાં એકરૂપ થયેલો બહિરાત્મા મૂઢ છે, વળી કહે છે કે :

'પહેલું સુખ તે જાતે નર્યા બીજું સુખ તે ચાર દીકરા
ત્રીજું સુખ તે સુકુળની નાર, ચોથું સુખ તે કોઠીએ જાર'

આમ માનનાર મૂઢ છે. એ બધી હોળી છે. સુખ આત્મામાં હશે કે શરીરની નિરોગતા. સ્ત્રી, દીકરા, જારમાં હશે ? પોતાના આત્મા સિવાય પરમાં સુખ માનનાર મૂઢ છે. વળી ધર્મના નામે અજ્ઞાની જીવ કહે છે કે વજર્ષભ નારાચસંહનન શરીરના હાડકાં મજબૂત મળે તો કેવળજ્ઞાન થાય તે પણ અજ્ઞાન ભાવ છે. મારો આત્મા હોય તો કેવળજ્ઞાન થાય તે વાત બેસતી નથી. અનંતકાળથી આત્માની દરકાર કરી નથી. અંતર શક્તિ ભરેલી છે તે વાત બેસતી નથી, પરથી ભેદજ્ઞાન કરવાને બદલે રાગની સાથે એકત્વ બુદ્ધિ કરે છે તે મિથ્યાદૃષ્ટિ બહિરાત્મા છે.

(b) **અંતરાત્મા :–** પોતાનો આત્મા પરથી ભિન્ન છે ને વિકાર મારા સ્વરૂપમાંથી નીકળી જાય છે તેથી તે મારું સ્વરૂપ નથી. રાગ નહિ, ક્ષેત્ર નહિ, હું જ્ઞાન સ્વરૂપી આત્મા છું એવી

અંતર શ્રદ્ધા-જ્ઞાન કરે તેને અંતર આત્મા કહે છે.

(૩) **બહિરાત્મા :–** આત્માનો જ્ઞાન સ્વભાવ છે તે સ્વભાવ ઉપાદેય છે ને રાગ-દ્વેષના પરિણામ તે દોષ છે. દોષ ને આત્મા વચ્ચે વિવેક કરનાર જ્ઞાન છે આત્માનું જ્ઞાન પરથી વિવેક કરવાની તાકાતવાળું છે તેને બદલે રાગ ને જ્ઞાનને એક માને તે નય વિભાગને જાણતો નથી. દયા-દાનાદિ ભાવ તે વ્યવહારનયથી પર્યાયમાં છે પણ નિશ્ચયથી તે સ્વભાવમાં નથી, નિશ્ચયથી આત્મા શુદ્ધ સ્વભાવથી છે એવી બે નયનું જ્ઞાન નથી તે મિથ્યાદૃષ્ટિ છે. અહીં જેને ત્રણ પ્રકારનું જ્ઞાન હોતું નથી તે મિથ્યાદૃષ્ટિ છે.

**(A) ચિત્ત :–** સમ્યક્જ્ઞાનની નિર્મળ પર્યાય શુદ્ધ આત્મા ઉપાદેય છે ને વિકારાદિ પરિણામ હેય છે એમ જે જ્ઞાન પર્યાય વિવેક કરે છે તે વર્તમાન નિર્મળ પર્યાય છે પણ ત્રિકાળી સ્વરૂપ નથી.

**(B) દોષ :–** વર્તમાન પર્યાયમાં થતા રાગ-દ્વેષના પરિણામ તે ક્ષણિક છે પણ સ્વભાવમાં નથી એમ દોષને દોષ જાણે.

**(C) શુદ્ધ આત્મા :–** આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છે તે ત્રિકાળી છે આમ ત્રિકાળી શુદ્ધ આત્મા, વર્તમાન ભેદજ્ઞાનરૂપ પર્યાય ને વર્તમાન દોષવાળી પર્યાય આ ત્રણનું જેને ભેદજ્ઞાન નથી તે મિથ્યાદૃષ્ટિ છે. આ ત્રણેના લક્ષણ જુદે જુદાં છે.

(૧) ભેદજ્ઞાનનું લક્ષણ વિકારને સ્વભાવથી જુદો પાડવો તે છે.

(૨) વિકાર અથવા દોષનું લક્ષણ આત્માથી ભિન્ન વસ્તુ છે પરમાત્માથી જુદો પડે તે દોષ છે.

(૩) શુદ્ધ ચૈતન્ય સ્વભાવ તે આત્માનું લક્ષણ છે.

વર્તમાન દોષ અથવા વિકારને જાણવો, દયા-દાનાદિ ભક્તિના પરિણામને જાણવા તે વ્યવહાર છે તે અશુદ્ધ નિશ્ચયનયનો વિષય છે ને વર્તમાન જ્ઞાન પર્યાય જેટલો આત્મા નથી પણ આત્મા તો શુદ્ધ દ્રવ્ય છે એવું જેને ભેદજ્ઞાન નથી તે મૂઢ છે.

અહીં અધર્મ કેમ થાય છે તેની વ્યાખ્યા ચાલે છે, અધર્મનું સ્વરૂપ જાણી દ્રવ્યના આશ્રયે ધર્મ પ્રગટાવી શકે – એમ શ્રદ્ધા કરવી તે ધર્મ છે.

અહીં તો કર્મની વાત કરી નથી. અજ્ઞાની જીવો કહે છે કે 'જિનેન્દ્ર ભગવાને કહ્યું છે સંસારી જીવ આઠ કર્મોથી રખડે છે' ભાઈ કર્મ તો જડ છે. જડ કર્મથી આત્મા રખડતો નથી, સ્વભાવની રુચિ છોડી, સ્વભાવની રુચિ કરતો નથી તે રખડે છે. પુણ્ય-પાપના પરિણામ દોષ છે ને દોષ રહિત આત્મા શુદ્ધ છે ને તેનું ભેદજ્ઞાન જ્ઞાન એક સમયની પર્યાય છે ત્રિકાળ સ્વરૂપ નથી. આવું ત્રણનું ભેદજ્ઞાન નથી તે જીવ મિથ્યાદૃષ્ટિ છે.

જેમ વેપારી ચોપડા તપાસે તેમ પોતાના આત્માના ચોપડા તપાસવા જોઈએ અનાદિથી જીવ અધર્મનું આચરણ કેમ કરે છે, હે આત્મા ! તું કેમ રખડ્યો ? તારામાં ભેદજ્ઞાન દશા

પ્રગટ કરવાની તાકાત છે તે જ્ઞાન કેમ પ્રગટે તેની ખબર નથી. તે જ બહિરાત્માપણું છે. વર્તમાન દોષ છે તે વિકાર છે. અશુદ્ધ નિશ્ચયનયનો વિષય છે ને દોષ તથા ત્રિકાળી સ્વભાવ ને ભેદજ્ઞાન કરી જાણનારી જ્ઞાન પર્યાય તે એકદેશ શુદ્ધ નિશ્ચયનયનો વિષય છે ને દોષ રહિત શુદ્ધ આત્મા તે પરમ શુદ્ધ નિશ્ચયનયનો વિષય છે. આમ ભેદ પાડીને જાણતો નથી. તે મિથ્યાદૃષ્ટિ છે. શરીરની ક્રિયાની તેમ જ કર્મની વાત નથી.

તારું પરથી ભેદજ્ઞાન નથી માટે પરથી એકત્વ જ્ઞાન છે તેથી રખડ્યો છે. આત્મા નિર્દોષ ત્રિકાળ છે. પુણ્ય-પાપ તે દોષ છે ને તેનું ભેદજ્ઞાન તે ચિત્ છે. આ જેવું છે તેવું પ્રતીતિમાં આવતું નથી તેથી રખડે છે. વર્તમાન જે દોષ થાય છે તે પરથી થાય એમ માને તેને દોષનું જ્ઞાન નથી અને હું ભેદજ્ઞાન કરતો નથી માટે મને જ્ઞાન થતું નથી એમ નહિ માનતા કર્મ મંદ પડે તો જ્ઞાન થાય એમ માનનાર ને ચિત્નું જ્ઞાન નથી. આ પ્રમાણે જેને ત્રિકાળી સ્વરૂપ ચિત્ ને દોષનું જ્ઞાન નથી તે રખડે છે.

અથવા વીતરાગ સર્વજ્ઞ ભગવાને કહેલા નવ પદાર્થો જીવ, અજીવ, પુણ્ય-પાપ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ – આમ નવ પદાર્થોના સ્વરૂપનું પરસ્પર અપેક્ષા સહિત નયના વિભાગથી શ્રદ્ધા-જ્ઞાન નથી તે બહિરાત્મા છે. પુણ્ય-પાપ થાય તે આસ્રવ છે. તે સંવર નથી. નિર્દોષ સ્વભાવના આશ્રયે સંવર-નિર્જરા થાય છે. વસ્તુ ત્રિકાળ છે. નિમિત્ત પર છે, રાગ પોતાથી થાય છે, સાધકદશામાં વ્યવહાર આવે છે પણ રાગથી કલ્યાણ થતું નથી, એવું અપેક્ષાવાળું જ્ઞાન જેને નથી તેને કલ્યાણ થતું નથી.

સાધુ નામ ધરાવી દેહની ક્રિયા ને પુણ્ય ને જુદાં ન માને ને પુણ્ય ને સંવર નિર્જરા માને તે સાધુ નથી. વળી જીવોએ પ્રેમપૂર્વક તત્ત્વ સાંભળ્યું નથી, પૈસામાં રુચિ આવે છે પણ તત્ત્વામાં રુચિ આવતી નથી. પૈસા, હીરા, માણેક વગેરેને જીવ જાણે છે. પૈસા પોતે પોતાને જાણતા નથી. તેને જાણનાર આત્મા છે તેનું માહાત્મ્ય નહિ આવતાં પર તથા પૈસા વગેરેને માહાત્મ્ય આપે છે. 'તું ખરો પણ તને જાણનાર હું નહિ' એમ અજ્ઞાની જીવ પરને માહાત્મ્ય આપે છે. પૈસા જ્ઞાનમાં જણાય છે માટે જ્ઞાનની કિંમત કરવી જોઈએ. તેના બદલે પૈસાની કિંમત કરે તે મિથ્યાદૃષ્ટિ છે, ખરો જ્ઞાનનો મહિમા છે, જ્ઞાન વગર બધું શૂન્ય છે. જગતમાં અનંતા દ્રવ્યો છે તે પોતાના જ્ઞાનથી ભિન્ન છે તે પોતામાં નથી. પોતાના લીધે નથી તેમ જ તેના લીધે જ્ઞાન થતું નથી. પોતાના જ્ઞાનસ્વભાવને લીધે જ્ઞાન થાય છે તે વાત તેને બેસતી નથી.

ચિત્ = વિવેક જ્ઞાન, આ જડ છે ને હું આત્મા છું આ વિકાર છે ને હું નિર્દોષ આત્મા છું. જ્ઞાન પર્યાય એક સમયની છે ને હું ત્રિકાળી છું – એમ વિવેક પ્રગટ કર્યા વિના જીવ મિથ્યાદૃષ્ટિ રહે છે, આમ નિશ્ચય ને વ્યવહારથી પદાર્થોનું જ્ઞાન નથી તેને બહિરાત્મા કહે છે.

(B) બહિરાત્માથી ભિન્ન લક્ષણવાળો અંતરાત્મા છે તેને ત્રણેનું જ્ઞાન વર્તે છે (૧) ત્રિકાળી સ્વભાવ (૨) ચિત્ = વર્તમાન ભેદજ્ઞાનની પર્યાય (૩) વર્તમાન દોષ એમ ત્રણેનું જ્ઞાન વર્તે છે, તે જાણે છે કે જડના પર્યાય જડના કારણે થાય છે. આત્મા જડનો કર્તા નથી, આત્મા રાગ ઘટાડે, તેને જાણે બીજું શું કરે ? બહારના જડ પદાર્થોની અવસ્થા થવા ટાણે થાય છે તેને કોણ કરે કે રોકે ? મંદિરાદિ જડ પદાર્થોના સંયોગ થવા કાળે થાય છે.

અજ્ઞાની જીવને પરથી જુદો છું એ વાત બેસતી નથી તે માને છે કે જડ પદાર્થની મંદિરાદિની અવસ્થા અમારાથી થાય છે ને અમો ન કરવા માગીએ તો ન થાય. તે બધી મિથ્યા માન્યતા છે જડ પદાર્થોની અવસ્થા પુદ્‌ગલ પરાવર્તનના નિયમ મુજબ સ્વતંત્ર થાય છે. તેવી જેને ખબર નથી ને રાગને ધર્મ માને છે તે મિથ્યાદૃષ્ટિ છે ને જેને જડ ને ચૈતન્ય વચ્ચે વિવેક વર્તે છે ને પુણ્ય તે સ્વભાવ નથી પણ વિકાર છે તેવા વિવેકનું ભાન છે તે અંતરાત્મા છે, આ પ્રમાણે બહિરાત્મા અને અંતરાત્માના લક્ષણ જાણવા જોઈએ.

હવે પરમાત્માનું લક્ષણ કહે છે. પરમાત્મા કોઈ બીજો નથી પણ આ આત્મા પોતે ભાન કરી પરમાત્મા થાય છે. પરમાત્મ દશાનું લક્ષણ સંપૂર્ણ તથા નિર્મળ કેવળજ્ઞાન દ્વારા સમસ્ત લોક અલોકનું જાણવું થાય છે તેથી તેમાં વ્યાપેલું કહેવાય છે. તેથી પરમાત્માને વિષ્ણુ કહે છે. વિષ્ણુ કોઈ જગતનો રચનાર કે વ્યાપક નથી પણ પોતે પરમાત્મ દશાને પ્રાપ્ત થતાં વિષ્ણુ કહેવાય છે. કર્મ ગયા માટે પરમાત્મા કહ્યો એમ નથી પણ પોતાથી પરમાત્મા થાય છે ત્યારે કર્મ જાય છે.

આ પ્રકારે બહિરાત્મા અંતરાત્મા ને પરમાત્મા એમ ત્રણ પ્રકારે વાત કરી.

(ધાર્મિક મહોત્સવ દરમિયાન (શ્રાવણ વદ ૧૩થી) સવારના શ્રી બૃહદ્‌સંગ્રહની ગાથા૩૯ આદિ ગાથાઓ ઉપર પ્રવચન શરૂ થયાં છે અને બપોરના શ્રી સત્તા સ્વરૂપ પર પ્રવચનો શરૂ થયા છે.)

### ભાદરવા વદ ૩, શનિવાર, ૬-૯-૫૨

'બૃહદ દ્રવ્ય સંગ્રહ' ગાથા-૧૪, પાનું ૪૨ જે વંચાવી બાકી હતી તે આજથી લીટી ત્રીજીથી શરૂ કરેલ છે.

અહીં આત્માના ત્રણ પ્રકાર લીધા. (૧) બહિરાત્મા, (૨) અંતરાત્મા, (૩) પરમાત્મા.

(૧) **બહિરાત્મા :–** આત્મા નિર્દોષ જ્ઞાનસ્વભાવી છે, તેની દૃષ્ટિ છોડીને શરીર, બૈરાં, છોકરાં, કુટુંબ ને પોતાનાં માને છે તથા પુણ્ય-પાપને પોતાના માને છે તે બહિરાત્મા છે. જેને ઇન્દ્રિયના વિષયોમાં પ્રેમ છે તેમજ પુણ્ય-પાપમાં રુચિ છે તેને આત્માની રુચિ નથી તે અજ્ઞાની છે, આ જગતમાં છ દ્રવ્યો છે, દરેક સ્વતંત્ર છે. જીવની વર્તમાન દશા પણ સ્વતંત્ર છે, તે કર્મના કારણે તો નથી, પણ વર્તમાન પુણ્ય-પાપ જેટલો જ પોતાને માનતો ને ત્રિકાળી સ્વભાવને નહિ કબૂલતો જીવ બહિરાત્મા છે.

(૨) **અંતરાત્મા :–** આત્મામાં વિકાર થાય છે તે ક્ષણિક છે, હેય છે, ત્રિકાળી સ્વભાવમાં તે નથી, સ્વભાવ તો શુદ્ધ નિત્ય છે ને તે જ આદરણીય છે. આમ જેને સ્વભાવનો આદર વર્તે છે ને રાગનું જ્ઞાન વર્તે છે તે અંતરાત્મા છે.

(૩) **પરમાત્મા :–** શુદ્ધ સ્વભાવનું ભાન કરી પરિપૂર્ણ જ્ઞાન ને આનંદ દશા પ્રગટ કરે તે પરમાત્મા છે.

બહિરાત્મા તે અધર્મ દશા છે. અંતરઆત્મપણું ધર્મ દશા છે ને પરમાત્માપણું તે ધર્મની ફળદશા છે.

આ 'દ્રવ્યસંગ્રહ' 'નેમીચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તી' એ બનાવેલ છે. જેમને 'ષટ્‌ખંડઆગમ'નું જ્ઞાન હતું, જે છ ખંડને સાધે તે ચક્રવર્તી કહેવાય છે. તેમ ષટ્‌ખંડ આગમનું જ્ઞાન મતિજ્ઞાન દ્વારા જે સાધે તેમને સિદ્ધાંત ચક્રવર્તી કહેવાય છે, તેઓ કહે છે કે આત્માના ત્રણ પ્રકાર છે, તેમાં મિથ્યાદૃષ્ટિ અથવા બહિરાત્મા સંખ્યાએ અનંતા છે ને, મનુષ્યમાં સંખ્યાતા ને સ્વર્ગ નરકમાં ને તિર્યંચમાં અંતરાત્મા અસંખ્યાતા છે એમ કુલ અસંખ્યાતા અંતરાત્મા છે ને સિદ્ધ પરમાત્માની સંખ્યા અનંત છે.

હવે મિથ્યાદૃષ્ટિ ભવી જીવની વાત કરે છે, તેવા જીવમાં બહિરાત્માપણું વ્યક્તિરૂપ છે શરીર વગેરે બહારના પદાર્થોને હું ત્યાગું છું ને ગ્રહું છું, હું છું તો બહારની વ્યવસ્થા ચાલે છે ને તો મને ઠીક પડે છે એવું અભિમાન પ્રગટપણે વર્તે છે, છતાં શક્તિરૂપે તો તેને અંતરાત્મપણું ને પરમાત્મપણું વર્તે છે. આત્મા શુદ્ધ ચૈતન્ય મૂર્તિ છે, એવું ભાન કરી અંતરાત્મ પણું પ્રગટ કરવાની શક્તિ તેમ જ તેવું ભાન સહિત સ્થિરતા કરી પૂર્ણ પરમાત્મા થવાની શક્તિ ભવ્ય મિથ્યાદૃષ્ટિને હોય છે. જેવી રીતે દીવાસળીના ટોપકામાં અગ્નિ પ્રગટવાની શક્તિ છે. તેવી રીતે આત્મામાં કેવળજ્ઞાનની શક્તિ ભરેલી છે તે અંતર એકાગ્ર થવાથી પ્રગટ થાય છે.

કેટલાક જીવો કેવળજ્ઞાન સત્તારૂપે કહે છે પણ તે વાત સાચી નથી કેવળજ્ઞાન પ્રગટ છે ને તેને કર્મનાં વાદળાં આડાં આવી ગયાં છે, એ વાત ખોટી છે. સંસારી છદ્મસ્થને કેવળજ્ઞાન પ્રગટરૂપે નથી પણ શક્તિરૂપે છે. લીંડી પીપરમાં તીખાશની શક્તિ ભરેલી છે. તે પીપર સીધી તીખી લાગતી નથી પણ અંદર છે તેમાંથી તે વ્યક્ત થાય છે, પથ્થરને લીધે તીખાશ આવતી નથી, પથ્થરને પીપર એક બીજાને અડતા નથી, બે ચીજો જુદી છે. પથ્થરની ક્રિયા પથ્થરમાં

થાય છે. લીંડીપીપર લીંડીપીપરમાં રહીને કામ કરે છે. બન્ને વચ્ચે અન્યોન્યઅભાવ છે તેથી બન્ને જુદા રહીને કામ કરે છે. આત્મામાં કેવળજ્ઞાન શક્તિ ભરેલી છે. અંતર એકાગ્ર થાય તો ધર્મ થાય ને પૂર્ણ દશા પ્રગટ કરે તો પરમાત્મા થાય. આત્મામાં 'જ્ઞ' ને આનંદ સ્વભાવ છે તેમાંથી પરમાત્મદશા પ્રગટ થાય છે તે બહારથી થતી નથી.

વળી, ભવી મિથ્યાદૃષ્ટિ જીવ ભાવી નૈગમનયથી, અપેક્ષાએ અંતરઆત્મા તેમજ પરમાત્મા વ્યક્તરૂપે પણ છે, જેમ રાજાનો કુંવર ભવિષ્યમાં રાજા થશે તેનો આરોપ વર્તમાનમાં તેને રાજા તરીકે કરે છે, તેમ ભવી જીવ પોતાનામાં શક્તિ સ્વભાવ પડ્યો છે તેના આશ્રયે અંતરાત્મપણું તથા પરમાત્મપણું પ્રગટ કરશે તેનો આરોપ વર્તમાનમાં કરે છે તે ભાવી નૈગમનયથી છે.

આત્મા નિત્ય હોવા છતાં નવી નવી અવસ્થા ધારણ કરે છે. સર્વથા કૂટસ્થ નથી, જો આત્મા પલટાતો જ ન હોય તો વર્તમાન નવું નવું કાર્ય ન થાય, ને જો આત્મા માત્ર પલટતો જ હોય તો દુઃખ સુખ ભોગવનારો રહેતો નથી, માટે આત્મા નિત્ય ને અનિત્ય છે. વર્તમાનમાં ક્ષણે ક્ષણે પલટતો હોવા છતાં અંતર શક્તિરૂપ ધ્રુવ નિત્ય છે એમ જે ભરોસો કરે છે તે ભવિષ્યમાં અંતરાત્મા તથા પરમાત્મા થાય છે. તેનો આરોપ વર્તમાનમાં કરે છે.

જુઓ, આત્મામાં કેવળજ્ઞાન શક્તિરૂપે છે પણ સત્તારૂપે નથી એ વાત સિદ્ધ કરે છે, કમળની નાની કળી સૂર્યના નિમિત્તે ખીલે છે, તે સૂર્યને લીધે ખીલતી નથી, જો સૂર્યને લીધે ખીલતી હોય તો લાકડાનું ચીતરેલું કમળ પણ ખીલવું જોઈએ પણ તેમાં ખીલવાની તાકાત નથી. તેથી ખીલતું નથી કમળની કળીમાં અંતર તાકાત છે તેથી તે પૂર્ણ કમળરૂપે ખીલી ઊઠે છે. તેમ આત્મામાં અંતરાત્માને પરમાત્મા થવાની તાકાત છે તે ખીલી નીકળે છે પણ તે કોઈ બહારની ક્રિયાથી કે પુણ્યની ક્રિયાથી ખીલતો નથી.

આ ઉપરથી નીચે મુજબ વાત સિદ્ધ થાય છે.

(૧) આત્મા દ્રવ્ય છે. અવસ્થામાં પલટવા છતાં અંતરમાં શક્તિઓ કાયમ રહેલી છે.

(૨) પોતાની શક્તિઓનું ભાન નહિ હોવાથી ને બહિર્મુખ દૃષ્ટિ હોવાથી જીવને વર્તમાનમાં દુઃખ છે.

(૩) તે દુઃખ વર્તમાનમાં હોવા છતાં અંતર્મુખ શક્તિનો ભરોસો કરે તો તે દુઃખ ટળી સુખ ઉત્પન્ન થાય છે, અધર્મ દશા પલટી ધર્મદશા પ્રગટે છે ને પોતે કાયમ રહે છે.

(૪) તે ધર્મદશા કોના અવલંબને થાય છે ? પોતાની શક્તિના અંતર અવલંબને ધર્મ દશા પ્રગટે છે પણ દેહની ક્રિયાથી કે પુણ્ય-પાપની ક્રિયાથી ધર્મદશા પ્રગટતી નથી.

આ પ્રમાણે દ્રવ્ય સાબિત કર્યું, વર્તમાન દુઃખ બતાવ્યું, તે પલટી શકે છે ને ધર્મ તથા સુખદશા થઈ શકે છે એમ બતાવ્યું ને તે અંતરના આધારે થાય છે પણ બહારથી થતી નથી એમ પણ બતાવ્યું.

આ બધી વાતની વાસ્તવિક ખબર વિના વીર્ય ક્યાંથી ઉપડે ? આ જગતમાં છ વસ્તુ

છે, તેમાં જીવ વસ્તુ છે ને તે સ્વતંત્રપણે કાયમ રહે છે. સોનાવાળા પથ્થર આવે છે તેમાંથી પ્રયોગ દ્વારા સોનું છૂટું થઈ શકે છે તેમ ભવ્ય જીવ પોતાના આત્માના ભાનને સ્થિરતાના પ્રયોગ દ્વારા મોક્ષની પ્રાપ્તિ કરી શકે છે. અંતર ઉપાદાનના આધારે કામ થાય છે, ઉપ=સમીપ, આદાન=ગ્રહણ કરવું તે, પોતાની સમીપે ધર્મનું કાર્ય ગ્રહણ થાય છે. ભવી મિથ્યાદૃષ્ટિને વર્તમાનમાં પોતાની શક્તિનો ભરોસો નથી પણ ભવિષ્યમાં પોતાની શક્તિનો ભરોસો કરી અંતરાત્મા ને પરમાત્મા થશે એમ જ્ઞાની જાણે છે. વર્તમાનમાં મિથ્યાદૃષ્ટિને પ્રગટ બહિરાત્મપણું હોવા છતાં ભવિષ્યમાં અંતરાત્માપણું ને પરમાત્મપણું પ્રગટ કરશે તે અપેક્ષાએ વર્તમાનમાં તેને અંતરાત્મપણું ને પરમાત્મા આરોપથી કહી દેવો તે ભાવી નૈગમનયથી છે એમ જ્ઞાની જાણે છે.

હવે અભવીની વાત કરે છે મિથ્યાદૃષ્ટિ અભવી જીવ વ્યક્તિરૂપે બહિરાત્મા છે. અંતર શુદ્ધ સ્વરૂપ છે તેને માનતો નથી. પુણ્ય-પાપ જેટલો જ આત્માને માને છે, શક્તિએ તો તે પણ અંતરાત્મા ને પરમાત્મા છે. પણ તેની વ્યક્તિ થતી નથી. જેમ અંધપાષણમાંથી સોનું છૂટું પડતું નથી, કોરડુ મગ લાખ મણ પાણીએ પણ ચડતા નથી, વાંઝણીને દીકરો હોય નહિ, તેમ અભવી કદી પણ મોક્ષ પામે નહિ.

ભવી ને અભવી અનાદિથી છે તે સર્વજ્ઞે જોયા છે કોઈએ તેને કરેલ નથી, જે છે તેને કોઈ કરે નહિ ને ન હોય તે નવા થાય નહિ.

કોઈ લાકડાને કદી પાણીમાં તરવાનો પ્રસંગ ન આવ્યો હોય ને બહારમાં રહીને તે બળી જાય છતાં તેનો તરવાનો સ્વભાવ જતો નથી, તેમ અભવ્ય કદી તરે નહિ તો પણ તરવાનો સ્વભાવ તો તેનામાં શક્તિ રૂપે છે. પણ પ્રગટ ધર્મ કે મોક્ષદશા તે પ્રગટાવે તેમ બનતું નથી, કોરડું મગ લાખ મણ પાણીથી પણ ઓગળે નહિ પણ ભરડે ભૂકો થાય તેમ તીર્થંકરોના ઉપદેશના ધોધ પડે તો પણ અભવી મોક્ષમાર્ગ પામે નહિ, ક્રિયાકાંડ ઘણાં કરે ને મરી જાય પણ સમ્યગ્દર્શન પામે નહિ તેથી ભાવી નૈગમનયથી પણ અભવી જીવ અંતરાત્મા તથા પરમાત્મા કહી શકાતો નથી આમ ભવી ને અભવીનું જ્ઞાન કરાવ્યું, પુણ્ય-પાપ મૂળ વસ્તુ નથી, મૂળ વસ્તુ તો આત્મા શુદ્ધ આનંદ કંદ છે એમ ભરોસો કરી એકાગ્ર થાય તો શાંતિ ને ધર્મ થાય એમ છે.

## પ્રસાદ નં. – ૩૧૯

**વી. નિ સં. ૨૪૭૮, ભાદરવા વદ ૧૦, વર્ષ ૨જું. પુસ્તક અગિયારમું,**
**સોનગઢ, તા. ૧૩-૯-૫૨, શનિવાર.**
**શ્રી દ્રવ્યસંગ્રહ ગાથા–૧૪**
**(ભાદરવા વદ ૪, રવિવાર, ૭-૯-૫૨)**

આ જીવ દ્રવ્યનો અધિકાર છે. બહિરઆત્મા. અંતરાત્મા ને પરમાત્મા એમ જીવની ત્રણ અવસ્થા છે જે જીવ પરને પોતાનું માને પુણ્ય-પાપને પોતાના માને તે બહિરાત્મા છે ભવ્ય મિથ્યાદૃષ્ટિ છે તેને વ્યક્ત બહિરાત્મપણું છે પણ શક્તિ તો અંતરાત્મા ને પરમાત્મારૂપે થવાની છે. તે જીવ પોતાની શક્તિનો ભરોસો કરી ભવિષ્યમાં અંતરાત્માને પરમાત્મા થશે તેથી ભાવી નૈગમનયથી વર્તમાનમાં અંતરાત્મા ને પરમાત્માનો આરોપ કરી શકાય છે. એક સમયમાં એક જીવને ત્રણે અવસ્થા સાથે ન હોય.

(૧) જે જીવ કેવળજ્ઞાન શક્તિરૂપે માને છે તેની દૃષ્ટિ સ્વભાવ સન્મુખ થાય છે તે અંતર તરફ વળે છે તેને મોક્ષ માર્ગની શરૂઆત થઈ છે.

(૨) જે જીવ કેવળજ્ઞાન સત્તારૂપે માને છે તેની દૃષ્ટિ આવરણ ટાળવા ઉપર રહેશે કારણ કે તે માને છે કે કર્મનું આવરણ ટળવાથી કેવળજ્ઞાન પ્રગટશે. આવી માન્યતાથી તેની દૃષ્ટિ વ્યવહાર ઉપર રહેશે તેથી તેવી માન્યતાવાળાને કદી ધર્મ થતો નથી.

(૩) પણ જે જીવ કેવળજ્ઞાન શક્તિરૂપે માને છે. તે વિચારે છે કે વર્તમાન દશા પૂર્ણ નથી, પણ પૂર્ણ થવાનું કારણ તો અંતરમાં છે તેથી તેનું વલણ અંતર તરફ જશે ને આમ અંતર તરફ વળવાનું કહેનાર સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને તે માને છે પણ તેથી વિપરીત કહેનારનું તે માનતો નથી.

દરેક જીવમાં કેવળજ્ઞાનની શક્તિ છે એવી શક્તિવાળા અનંત પ્રભુ છે હું પોતે પણ ભગવાન છું મારું ભગવાનપણું મારા આશ્રયે પ્રગટ થાય તેમ છે પણ પર તરફના વલણથી તે પ્રગટ થાય તેમ નથી. દેવ-ગુરુ-શાસ્ત્ર એમ કહે છે ને એમ તે માને છે. આમ ભવી જીવમાં

લાયકાત હોવાથી ભાવીનૈગમ નયથી તેને વર્તમાનમાં અંતરાત્મા ને પરમાત્મા કહી શકાય છે.

હવે અભવીની વાત કરે છે. અભવી મિથ્યાદૃષ્ટિ વર્તમાનમાં બહિરાત્મા છે. શક્તિ એને પણ અંતરાત્મા ને પરમાત્મા રૂપે છે પણ તે કદી વ્યક્ત કરવાનો નથી. તેથી ભાવી નૈગમનયથી તેને અંતરાત્મા કે પરમાત્મા કહી શકાતો નથી અભવી ક્રિયાકાંડ કરે છે. અંતર શુદ્ધ સ્વભાવની વાત તેને રુચતી નથી એવા અભવીની જાત છે એમ માત્ર તેની ઓળખાણ કરાવી છે.

જૈન એટલે જીતનાર વસ્તુશક્તિની પરિપૂર્ણતાની પ્રતીતિ ને સ્થિરતા કરે તે જૈન છે. વસ્તુની શક્તિ એટલે કે આત્મામાં કેવળજ્ઞાન શક્તિ ભરી છે તેનો ભરોસો કરે તે જૈન છે. 'સમયસાર'માં ૪૭ શક્તિઓનું વર્ણન છે. તેમાં એક સર્વજ્ઞશક્તિ કહી છે. તે આત્મદ્રવ્યમાં ત્રિકાળ પડેલી છે તેના ભરોસે મોક્ષમાર્ગ પ્રગટે છે આમ માનનારની દૃષ્ટિ અંતરમાં વળે છે ને રાગવાળી અવસ્થામાં આવી શક્તિ મનાવનાર સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે તેને રાગ હોય ને કુદેવાદી પ્રત્યે રાગ ટળી જાય.

શ્વેતાંબર સંપ્રદાય કેવળજ્ઞાન સત્તારૂપે માને છે તે મોટી ભૂલ છે કેવળજ્ઞાન પ્રગટરૂપ છે પણ કર્મના વાદળાથી ઢંકાએલુ માને છે ને આવરણ ટાળવા માગે છે તેથી તેનું વજન કર્મ ટાળવા ઉપર ને વ્યવહાર ઉપર જાય છે. યશોવિજયજી કહે છે કે વહેવારી તે સમકિતી તે મોટી ભૂલ છે.

'કુંદકુંદાચાર્ય' કહે છે કે નિશ્ચય નયાશ્રિત મુનીવરો પ્રાપ્તિ કરે નિર્વાણની. જેને નિશ્ચયશક્તિનો આશ્રય છે તે મુક્તિ પામે છે. સ્વભાવના આશ્રયે વીતરાગતા પ્રગટે છે આમ બંનેના શાસ્ત્રોમાં મોટો ફેર છે માટે જીવે યથાર્થ નિર્ણય કરવો જોઈએ.

હવે શંકાકાર કહે છે કે અભવ્ય જીવમાં પરમાત્મા શક્તિરૂપે રહે છે તો અભવી કેમ હોય ? 'સર્વ જીવ છે સિદ્ધ સમ' તો પછી તેને અભવી કેમ કહેવાય ?

ઉત્તર :– અભવી જીવને પણ તેના આત્મામાં તો પરમાત્મા થવાની શક્તિ છે પણ તેનો ભરોસો તેને બેસતો નથી. તેનું જ્ઞાન – રાગમાં અટકે છે તેથી તેને અનંતજ્ઞાન દર્શન આનંદ વીર્ય પ્રગટ નહિ થાય. જેમ અંધપાષણમાંથી સોનું જુદું પડતું નથી. તેમ અભવ્ય ને કદી ધર્મ થતો નથી પણ તેથી કરીને તેની શક્તિ કેવળજ્ઞાનાદીની છે તે જતી નથી.

શુદ્ધનયથી પરમાત્મારૂપ શક્તિ તો ભવ્ય ને અભવ્ય બંન્નેમાં સમાન છે જો અભવ્ય જીવમાં કેવળજ્ઞાનરૂપ શક્તિ ન માનવામાં આવે તો કેવળજ્ઞાનાવરણીય કર્મ સિદ્ધ થતું નથી. સંપ્રદાયમાં એક સાધુ સાથે વાતચીત થતાં તેણે કહ્યું કે 'અભવીને જ્ઞાનાવરણીયની ત્રણ પ્રકૃતિ હોય છે તેને મનઃપર્યયજ્ઞાન ને કેવળજ્ઞાન કદી પ્રગટ થવાનું નથી માટે તેને મનઃપર્યય જ્ઞાનાવરણીય ને કેવલજ્ઞાનાવરણીય પ્રકૃતિ ન હોઈ શકે.' આમ તેણે દલીલ કરી પણ તે વાત ખોટી છે. ભવી કે અભવી બધાને જ્ઞાનાવરણીયની પાંચે પ્રકૃતિ હોય છે. વળી તે સાધુ એમ કહેતા કે અભવીને અનાદીથી મોહનીયની છવીસ પ્રકૃતિ સત્તામાં હોય છે કારણ કે અભવીને સમ્યક્દર્શન

કદી થવાનું નથી ને ભવીને સમ્યગ્દર્શન થવાનું છે - માટે સમ્યક્ મોહીનીય ને મિશ્ર મોહીનીય થઈને ૨૮ પ્રકૃતિ હોય કારણ કે તે પ્રકૃતિ હોય તો તેનો નાશ કરી સમકિત પ્રગટ કરે. તે મુજબ પુસ્તક પણ બહાર પાડેલ પણ તે વાત ખોટી છે. ભવી કે અભવી અનાદિ મિથ્યાદૃષ્ટિ બંનેને ૨૬ પ્રકૃતિ સત્તામાં હોય છે ને ભવી સાદી મિથ્યાદૃષ્ટિને ૨૮ પ્રકૃતિ સત્તામાં હોય છે કારણ કે એકવાર સમ્યગ્દર્શન થયું હોય તે દર્શનમોહના ત્રણ ટુકડા થતાં ૨૮ થાય છે આમ સમજણ કરવી જોઈએ.

આ પ્રમાણે ભવી અભવી બંનેમાં કેવળજ્ઞાન શક્તિરૂપે છે ભવી અભવીના ભેદ અશુદ્ધનયથી છે.

જેવી રીતે મિથ્યાદૃષ્ટિમાં ત્રણ પ્રકારે આત્માનું નય ભાગથી વર્ણન કર્યું તેવી રીતે બાકીના તેર ગુણસ્થાનમાં વિચારવું.

બહિરાત્માની દશા વખતે અંતરાત્મા તથા પરમાત્મા શક્તિરૂપે રહે છે તથા ભાવીનૈગમ નયથી વ્યક્તિરૂપ સમજવા જોઈએ.

હવે અંતરાત્મામાં ઉતારે છે. હું આત્મા શુદ્ધ છું, જ્ઞાતા છું કર્મ શરીર જડ છે ને દયા, દાનાદિના ભાવ વિકાર છે તે આત્માનું ખરું સ્વરૂપ નથી એમ ભાન થયું તે અંતરાત્મા છે. મારું સ્વરૂપ, મારામાં છે પર જ્ઞેયો પરમાં છે પર્યાયમાં થતો રાગ પણ વ્યવહાર જ્ઞેય છે નિશ્ચય જ્ઞેય પોતે છે એવી નિર્વિકલ્પ પ્રતીતિ થઈ તેને અંતરાત્મા કહે છે તે અંતરાત્મા ભૂતપૂર્વ ન્યાયથી બહિરાત્મા છે જેમ ઘીનો ઘડો પૂર્વે ઘી ભરેલો હોય તેને વર્તમાનમાં ઘી નહી હોવા છતાં ઘીના ઘડાથી ઓળખાવે છે તેમ સમ્યક્દૃષ્ટિને પૂર્વે બહિરાત્માપણું હતું તેથી ભૂતપૂર્વન્યાયથી બહિરાત્મા કહેવાય ને પરમાત્મા સ્વરૂપ શક્તિરૂપે છે તથા ભાવી નૈગમનયથી સિદ્ધ સમાન વર્તમાનમાં કહી શકાય. જેમ લીંડી પીપરમાં તીખાશ શક્તિથી ભરેલ છે તેમાંથી તે વ્યક્ત થાય છે. તો જેને અંદર શક્તિનો ભરોસો આવ્યો છે તેને પરમાત્મપણું પ્રગટ થશે. તેને વર્તમાનમાં આરોપથી સિદ્ધ કહી દેવાય છે. 'શ્રીમદ્ રાજચંદ્રજી' એ કહ્યું છે કે કેવળજ્ઞાન મુખ્ય નયના હેતુથી વર્તે છે એ અત્રે કહેવું છે. નારકીમાં રહેલા સમ્યક્દૃષ્ટિ અંતરાત્માને વર્તમાન પરમાત્મા આ નયથી કહેવાય છે.

હવે પરમાત્માની વાત કહે છે પરમાત્માને અંતર આત્મા તથા બહિરાત્મા કહેવા તે બંને ભૂતપૂર્વ નયથી કહી શકાય છે. જેને પરમાત્માપણું પ્રગટ થયું છે તે ભવિષ્યમાં પણ પરમાત્મા રહેવાના છે તેથી શક્તિ ખાલી થઈ ગઈ એમ નથી એવી ને એવી દશા ભવિષ્યમાં રહેવાની છે.

આ પ્રમાણે ત્રિકાળ દ્રવ્ય સાથે સંધિ કરી વાત કહી છે હવે તેનો સાર (૧) જીવની ત્રણ પ્રગટ પર્યાયના ભેદો એક વખતે એક પર્યાય પ્રગટરૂપે હોય.

(૧) બહિરાત્મા (૨) અંતરઆત્મા (૩) પરમાત્મા.

(૨) તેમાં ભવી ને અભવી એમ બે જાત બતાવી.

(૩) ભવી મિથ્યાદૃષ્ટિને વર્તમાનમાં પ્રગટપણે બહિરાત્માપણું છે ને અંતરઆત્મપણું તથા પરમાત્માપણું શક્તિરૂપે છે. ને ભાવી નૈગમનયથી અંતરઆત્મપણું તથા પરમાત્મપણું વર્તમાનમાં કહી શકાય છે.

(૪) અભવી મિથ્યાદૃષ્ટિને વર્તમાનમાં પ્રગટપણે બહિરાત્મપણું છે ને અંતરઆત્મપણું તથા પરમાત્માપણું શક્તિરૂપે છે પણ ભવિષ્યમાં પ્રગટ કરવાનો નથી તેથી ભાવી નૈગમનયથી અંતરાત્મા તથા પરમાત્મા કહી શકાતો નથી.

(૫) અંતરાત્માને વર્તમાનમાં આત્માનું ભાન છે તેથી પ્રગટ અંતરાત્મા છે શક્તિરૂપે પરમાત્મા છે. ભૂતપૂર્વ ન્યાયથી બહિરાત્મા કહી શકાય ને ભાવી નૈગમનયથી પરમાત્મા કહી શકાય.

(૬) પરમાત્મા છે તે શક્તિ અને વ્યક્તરૂપે પરમાત્મા છે ને ભૂતપૂર્વ ન્યાયથી બહિરાત્મા તથા અંતરાત્મા કહી શકાય. ભવિષ્યનો આરોપ નથી.

આ પ્રમાણે ત્રિકાળી દ્રવ્ય સાબિત કરી. પર્યાયમાં પલટન બતાવ્યું. શક્તિ સ્વભાવ બતાવ્યો. મિથ્યાદૃષ્ટિને વર્તમાનમાં બહિરાત્મપણું બતાવ્યું તે પલટી અંતરાત્મપણું પ્રગટી શકે છે તે બતાવ્યું ને કેટલું પ્રગટ કરવું બાકી છે એમ પણ જ્ઞાન કરાવ્યું. તે ઉપરથી નીચેની વાત નક્કી થાય છે.

(૧) કેટલાક જીવો દેવ-ગુરુ-શાસ્ત્રથી તથા તેના પ્રત્યેના રાગથી ધર્મ માને છે તે વાત ખોટી ઠરે છે. અમૃતના અવલંબને અમૃત પ્રગટે છે. વ્યવહારથી નિશ્ચય પ્રગટે તે વાત ખોટી ઠરે છે.

(૨) પ્રથમ વ્યવહાર હોય ને પછી નિશ્ચય પ્રગટે એમ કેટલાક માને છે તે વાત ખોટી છે શક્તિની પ્રતીતિ કરે ત્યારે ધર્મ પ્રગટે છે તે વખતે જે રાગ હોય તેને વ્યવહાર કહે છે.

(૩) અધ્યાત્મ દૃષ્ટિમાં મુખ્ય તે નિશ્ચય છે ને ગૌણ તે વ્યવહાર છે તે વાત સાબિત થાય છે.

(૪) આત્મામાં અંતર જ્ઞાન શક્તિ ભરી છે એવી કબૂલાત કરતા આત્મામાં કેવળજ્ઞાન સત્તારૂપે છે એ વાતનો નિષેધ થાય છે આવી રીતે આત્મામાં શક્તિ ભરેલી છે એમ જીવ શ્રદ્ધા-જ્ઞાન કરે તો અંતરાત્મા થઈ પૂર્ણ પરમાત્મા થાય.

હવે એ ત્રણ પ્રકારને ગુણસ્થાનોમાં યોજિત કરે છે.

મિથ્યાત્વ, સાસાદન બીજું, મિશ્ર ત્રીજું એમ ત્રણ ગુણસ્થાનોમાં તારતમ્ય ન્યૂનાધિક ભાવથી બહિરાત્મપણું જાણવું જોઈએ. અવિરતિ નામના ચતુર્થ ગુણસ્થાનમાં તેને યોગ્ય અશુભ લેશ્યાથી પરિણિત જીવ જઘન્ય અંતરાત્મા જાણવો. આત્મા શુદ્ધ ચિદાનંદ છે એવા ભાનવાળા ચોથા ગુણસ્થાનમાં અસંખ્ય પ્રકાર છે તેમાં અશુભ લેશ્યાવાળો કહી જઘન્ય લેવો છે. તે ભૂમિકામાં

કોઈને લડાઈના પરિણામ હોય વિષયોમાં દેખાતો હોય છતાં સ્વભાવની રુચિ ખસતી નથી તે જઘન્ય અંતરાત્મા જાણવો ચતુર્થ ગુણસ્થાનવાળા શુભ લેશ્યાવાળાને મધ્યમ અંતરાત્મા જાણવા તેવા અંતરાત્માથી માંડીને અગિયારમા ગુણસ્થાન સુધીના જીવો મધ્યમ અંતરાત્મા જાણવા ને બારમા ગુણસ્થાનવાળા જીવને ઉત્કૃષ્ટ અંતરાત્મા જાણવા. દરેક ગુણસ્થાનમાં જે જે પરિણામ હોય તે તે દ્રવ્યની પર્યાય છે તે કર્મને લીધે નથી કોઈ કર્મનો ઉદય આવ્યો માટે અશુભ પરિણામ થાય છે એમ નથી આમ સ્વતંત્ર દશા બતાવે છે.

હવે તેરમા ગુણસ્થાનની સયોગી દશા અને ચૌદમાની અયોગી દશા તે વિવક્ષિત એક દેશ શુદ્ધનયથી સિદ્ધ સમાન છે.

હવે હેય ઉપાદેયની વાત કરે છે. શરીર અને પુણ્યથી ધર્મ માને તેવું બહિરાત્માપણું છોડવા જેવું છે ને સિદ્ધના અનંત સુખનું સાધન અંતરાત્મા છે તેથી અંતરાત્મા ઉપાદેય છે ને પૂર્ણ પરમાત્મા સાક્ષાત્ ઉપાદેય છે.

હવે અજીવ અધિકાર બતાવે છે.

ભગવાન આત્મા શુદ્ધ છે જ્ઞાનનો ગાંગડો છે ચિદાનંદ એક સ્વભાવનો ધારક પરમાત્મા જ ઉપાદેય છે તો પણ હેયરૂપ જે અજીવ દ્રવ્ય છે તેનું આઠ ગાથા દ્વારા નિરુપણ કરે છે. પ્રથમ હેય તત્ત્વનું જ્ઞાન થવાથી પછી ઉપાદેય પદાર્થનો સ્વીકાર થાય છે તે વ્યવહારનું કથન છે. ખરેખર તો શુદ્ધ આત્મા ઉપાદેય છે એવું જ્ઞાન થતાં હેય તત્ત્વનો આદર છૂટી જાય છે.

## ગાથા-૧૫

**अज्जीवो पुण णेओ पुग्गलधम्मो अधम्म आयासं।**
**कालो पुग्गल मुत्तो रुवादिगुणो अमुत्ति सेसा दु (हु)।।१५।।**

**ગાથા ભાવાર્થ :–** પુદ્ગલ ધર્મ-અધર્મ આકાશ તથા કાળ આ પાંચેને અજીવ દ્રવ્ય જાણવા જોઈએ તેમાંથી પુદ્ગલ તો મૂર્તિમાન દૃશ્ય પદાર્થ છે. કેમકે સ્પર્શ, રસ, ગંધ, વર્ણ આ ગુણોનું ધારક છે દાળ ભાત રોટલા પૈસા વગેરે પુદ્ગલ છે, રૂપી છે ને બાકીના ચાર ધર્મ અધર્મ આકાશ ને કાળ અરૂપી છે જીવથી અજીવનું સ્વરૂપ જુદું છે એમ બતાવી જીવ આદરણીય છે ને અજીવ હેય છે એમ કહેશે.

**ભગવાનપણું દર્શાવનાર ભગવાન સદ્ગુરુ દેવનો જય હો.**

### ભાદરવા વદ ૫, સોમવાર, ૮-૮-૫૨

'દ્રવ્યસંગ્રહ' ગાથા-૧૫ ભાવાર્થ :– જીવ પદાર્થની વ્યાખ્યા કર્યા પછી અજીવની વ્યાખ્યા કરે છે. અજીવમાં જીવપણું નથી એમ બતાવે છે. પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ અજીવ છે. જીવમાં જ્ઞાન દર્શનાદિ છે તે અજીવમાં નથી. કેવો છે જીવ ?

(૧) જીવ ઉપયોગ લક્ષણ વાળો છે જેમાં ઉપયોગ નથી તે અજીવ છે.

(a) સંપૂર્ણ રૂપથી વિમળ અર્થાત્ દ્રવ્ય-ગુણ-પર્યાયનું પ્રકાશક કેવળજ્ઞાન છે. જે બધાને દેખે છે તે કેવળદર્શન છે. જીવ પોતાનું ભાન કરી પરિપૂર્ણ દશા પ્રગટ કરે તે જાણવા-દેખવાની પર્યાયને શુદ્ધ ઉપયોગ કહે છે. તે અજીવમાં નથી.

(b) વળી જીવને છદ્મસ્થ અવસ્થામાં મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યયજ્ઞાન હોય છે. તે અધૂરાં છે, તેથી તેને અશુદ્ધ કહ્યાં છે. આ પ્રમાણે શુદ્ધ ઉપયોગને અશુદ્ધ ઉપયોગ અજીવમાં નથી, અજીવને કાંઈ ખબર નથી. જ્ઞાનીને સ્વ-પરપ્રકાશક જ્ઞાન ખીલ્યું છે. તે જાણે છે કે જગતમાં ઉપયોગ વિનાના જડ પદાર્થો છે.

(૨) (a) આત્મામાં સુખ-દુઃખ, રતિ-અરતિના અનુભવને કર્મફળચેતના કહે છે.

વિકારી ફળનું અનુભવવું તે કર્મફળચેતના છે. પૈસો આવતાં હરખ થવો, નીરોગતામાં રાજીપો, રોગમાં શોક થવો ઇત્યાદિ હાસ્ય, રતિ, અરતિના પરિણામ થવા તે કર્મફળચેતના છે. જ્ઞાનાનંદ આત્મા હરખ-શોકના ફળમાં એકાગ્ર થયો તે કર્મફળચેતના છે. તેવા હરખ-શોકનું થવું જડમાં નથી, શરીરને સુખ-દુઃખ નથી, અજ્ઞાની માને છે કે શરીરનાં દુઃખ શરીર ભોગવે પણ તે વાત ખોટી છે. શરીરને જ્ઞાન નથી. તેમજ સુખ-દુઃખ નથી. જગતનાં સુખ-દુઃખની વાત ચાલે છે. આ ઠીક પડ્યું ને આ ઠીક ન પડ્યું વગેરે પ્રકારની કલ્પનાને જીવ ભોગવે છે તે જીવની પર્યાયમાં છે, જીવના દ્રવ્ય-ગુણમાં નથી તેમ જ અજીવમાં નથી.

કોઈ પ્રશ્ન કરે કે શરીરમાં વા થવાથી રાડ પાડે છે ને ?

સમાધાન :– ના, શરીરમાં વેદન નથી, શરીરને લીધે નથી. પોતાના અજ્ઞાનના કારણે એટલે કે શરીર ઉપરની મમતાના કારણે છે. હું શરીર છું ને જડ છું એવી શરીરને ખબર નથી. કર્મ, શરીર, વાણી, પૈસા, લાડવા, દાળ, ભાતને ખબર નથી કે અમો કોણ છીએ ને અમારા ઉપર કોણ રાગ કરે છે ? જીવ બધું જાણે છે. શરીરની રોગ કે નીરોગ અવસ્થા જીવપદમાં જણાય છે, અજ્ઞાની જીવ શરીર, કપડાં, દાગીના વગેરે ને પોતાનાં માની હરખ-શોક વેદે છે. તે વેદન જીવમાં છે, જડમાં નથી, અજીવમાં કર્મફળચેતના હોતી નથી.

(b) કર્મચેતના :– અજીવમાં કર્મચેતના નથી. મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યય એ ચાર જ્ઞાન અધૂરાં છે તેથી ચારેને અશુદ્ધ ઉપયોગ કહે છે. આત્મા જ્ઞાતા દૃષ્ટા છે, તે ચાર અધૂરી

અવસ્થામાં રોકાય તે અશુદ્ધ કાર્ય છે. શુદ્ધ કાર્ય નથી. તે કર્મચેતના છે, વળી નિજ ચેષ્ટાપૂર્વક ઇષ્ટ તથા અનિષ્ટરૂપથી રાગ-દ્વેષરૂપ જે પરિણામ થાય તે પણ કર્મચેતના છે. આત્મા રાગમાં ચેતાઈ ગયો છે. જડનું કાર્ય તો આત્મા કરતો જ નથી, અધૂરા જ્ઞાનરૂપી કાર્ય તથા રાગ-દ્વેષરૂપી કાર્યને કર્મચેતના કહે છે. તે અજીવમાં નથી. કેવળજ્ઞાનને શુદ્ધચેતના કહે છે. આત્મા શુદ્ધ સ્વભાવમાં પરિપૂર્ણ ચેતાઈ ગયો તે શુદ્ધચેતના છે. આત્માના ભાન પછી કેવળજ્ઞાન પ્રગટે તે શુદ્ધચેતના છે.

આ પ્રમાણે કહ્યાં તેવા લક્ષણવાળા ઉપયોગ તથા ચેતના જેમાં નથી તે અજીવ છે. અહીં ઉપયોગ એટલે જ્ઞાનનો વ્યાપાર અને ચેતના એટલે જેમાં એકાગ્ર થાય તેને ચેતના કહી છે. શરીર, કર્મ, મન, વાણી આદિ પુદ્‌ગલો. તેમ જ ધર્મ, અધર્મ, આકાશ અને કાળ કોઈને જ્ઞાનનો ઉપયોગ નથી. તેમ જ તેઓને કોઈ ચીજમાં એકાગ્ર થવાનું હોતું નથી. આમ બતાવી જીવ અને અજીવ વચ્ચે ભેદજ્ઞાન કરાવે છે. આત્મા આત્મામાં છે, શરીર શરીરમાં છે. કર્મ કર્મમાં છે, આત્મા શરીરને કે કર્મને અડતો નથી. જીવ ઉપયોગ સ્વરૂપ છે, કાંતો અધૂરું જ્ઞાન કરે અથવા તો પૂરું જ્ઞાન કરે અથવા રાગ-દ્વેષ કરી હરખ-શોકને ભોગવે તે જીવનું કાર્ય છે તે જડનું કાર્ય નથી. તે જડમાં નથી, જડને લીધે નથી એમ ભેદજ્ઞાન કરાવે છે.

હવે અજીવના ભેદ બતાવે છે.

(૧) પુદ્‌ગલ :– જે પૂરાય છે ને ગળે છે તે પુદ્‌ગલ છે, રૂપી છે, અનંતાનંત છે.

(૨) ધર્મદ્રવ્ય :– જીવ અને પુદ્‌ગલ સ્વયં ગતિ કરે તેમાં નિમિત્ત થાય છે, તે અરૂપી અખંડ લોકાકાશપ્રમાણ છે.

(૩) અધર્મદ્રવ્ય :– જીવ અને પુદ્‌ગલ ગતિપૂર્વક સ્થિતિને પ્રાપ્ત થાય તેમાં નિમિત્ત છે તે અરૂપી અખંડ લોકાકાશપ્રમાણ છે.

(૪) આકાશ :– બધા દ્રવ્યોને અવગાહનમાં નિમિત્ત છે તે લોકાલોકમાં વ્યાપેલું છે.

(૫) કાળદ્રવ્ય :– બધા દ્રવ્યોને પરિણમનમાં નિમિત્ત છે. લોકાકાશના એક એક પ્રદેશે સ્થિત એવા અસંખ્ય કાળાણું છે. રત્નના રાશિની જેમ રહેલા છે. સર્વજ્ઞે પ્રત્યક્ષ જોયેલ છે ને યુક્તિ તથા આગમથી સિદ્ધ થઈ શકે છે. આ પાંચે અજીવ દ્રવ્યો છે.

(૧) પુદ્‌ગલદ્રવ્ય :– જેમાં પૂરણ-ગલન સ્વભાવ છે તે પુદ્‌ગલ છે. પૃથ્વી વગેરે પુદ્‌ગલની પર્યાય છે, શરીર જુવાન હોય તો પુષ્ટ લાગે છે. વૃદ્ધ હોય તો નબળું લાગે, પૈસો આવે ને જાય, કર્મો આવે ને જાય, કોઈ પૂરાય કે ખંડરૂપ થાય તે બધું પુદ્‌ગલનું કાર્ય છે, શરીર, મન, વાણી વગેરેને પુદ્‌ગલની અવસ્થા જાણવી, જીવ પુદ્‌ગલનો જાણનાર છે, તેનો કર્તા-હર્તા નથી. આમ માને તો પરનું અભિમાન ટળી જાય, વેપારી અભિમાન કરે છે કે હું દુકાને ન બેસું તો દુકાન કેમ ચાલે ? દુકાન અને તેમાં રહેલાં પદાર્થો પુદ્‌ગલ છે તે તેના કારણે આવે જાય છે. અજ્ઞાની અભિમાન કરે છે, પાણીમાંથી બરફ થાય, બરફમાંથી પાણી થાય,

દાળ, ભાત, શાક થાય, તે બધો પુદ્‌ગલનો સ્વભાવ છે, જીવનો નથી, આમ જાણી પરનું અભિમાન છોડવું ને પોતે જ્ઞાન સ્વભાવમાં રહેવું.

(૨-૩-૪-૫) ધર્મદ્રવ્ય, જીવ અને પુદ્‌ગલને ગતિમાં નિમિત્ત છે. અધર્મદ્રવ્ય સ્થિતિમાં નિમિત્ત છે. આકાશ, બધા પદાર્થોને અવગાહન આપે એવા લક્ષણ વાળું છે. કાળ બધાને પરિણમનમાં નિમિત્ત છે. આ પ્રમાણે જાણવું.

વળી તેમાં પુદ્‌ગલદ્રવ્ય મૂર્ત એટલે સ્પર્શ, રસ, ગંધ, વર્ણવાળું છે. શરીર, મન, વાણી, દાળ, ભાત, રોટલા વગેરે રૂપી છે – મૂર્ત છે.

ધર્મ-અધર્મ, આકાશ ને કાળ અમૂર્ત છે અથવા અરૂપી છે, આત્મા પણ અરૂપી છે ને અજીવમાં ચાર અરૂપી ને એક રૂપી છે એમ જાણવું.

વળી જેવી રીતે સર્વ જીવોમાં અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ, અનંતવીર્ય સાધારણ છે. ભવી કે અભવી બધામાં તે શક્તિરૂપે છે.

તેવી રીતે સ્પર્શ, રસ, ગંધ, વર્ણ આ ચાર ગુણો બધાં પુદ્‌ગલોમાં સાધારણ છે, અગ્નિમાં રસ પણ છે, પાણીમાં ગંધ પણ છે, બધા ગુણો રહેલા છે. કોઈ પુદ્‌ગલ એવું નથી કે જેમાં આ ચારે ગુણો ન હોય, દરેકમાં આ ચાર ગુણો રહેલા છે, પુદ્‌ગલને ખબર નથી કે મારામાં આ ચાર ગુણો છે, આત્મા તે બધાને જાણે છે, મારામાં જ્ઞાનાદિ ગુણો છે ને પુદ્‌ગલમાં સ્પર્શાદિ ગુણો છે આમ ભેદજ્ઞાન કરાવે છે.

વળી જેવી રીતે શુદ્ધ બુદ્ધિ એક સ્વભાવના ધારક સિદ્ધ જીવમાં, કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતવીર્ય, અનંતસુખ એમ અનંત ચતુષ્ટય અતીન્દ્રિય છે. તે ઇન્દ્રિયથી જણાય તેવાં નથી તેમ શુદ્ધ પરમાણુમાં રૂપ, ગંધ, રસ ને સ્પર્શ ઇન્દ્રિયથી દેખાય તેવાં નથી.

કોઈ પ્રશ્ન કરે કે પરમાણુ મૂર્ત છે માટે દેખાવા જોઈએ ? ના, એવો નિયમ નથી, પરમાણુ દ્રવ્ય પણ અતીન્દ્રિય છે.

ખરી રીતે તો છએ દ્રવ્ય અતીન્દ્રિય છે, આ બધું દેખાય છે તે તો જડની વૈભાવિક અવસ્થા છે, તે મૂળ દ્રવ્ય નથી, મૂળ દ્રવ્ય પરમાણુ છે ને તે અતીન્દ્રિય છે.

કોઈ પૂછે કે આમાં ધર્મ શો આવ્યો ?

સમાધાન :– છએ પદાર્થો અતીન્દ્રિય છે, જે ઇન્દ્રિયોથી જણાય છે તે સ્થૂલ છે તે મારી ચીજ નથી ને સૂક્ષ્મ પરમાણુ તે પણ મારી ચીજ નથી, હું તો અતીન્દ્રિય જ્ઞાનસ્વભાવી આત્મા છું એમ ભેદજ્ઞાન કરવું તે ધર્મ છે.

હવે સ્થૂલ પુદ્‌ગલોની વાત કરે છે.

જેવી રીતે સંસાર દશામાં રાગ-દ્વેષને લીધે કર્મ બંધાય છે ને જ્ઞાન, દર્શન, સુખ ને વીર્ય એમ ચારેમાં અશુદ્ધતા આવે છે, કર્મને લીધે અશુદ્ધતા નથી, પોતાના કારણે અશુદ્ધતા છે, તેવી રીતે લુખાશ ને ચીકાશના કારણે બે અણુના સ્કંધથી અનંતા પરમાણુના સ્કંધ સુધીમાં અશુદ્ધતા

થાય છે, અહીં સ્કંધને અશુદ્ધ કહ્યો છે, શરીર, કર્મ, હીરા, માણેક, શુદ્ધ આહાર, ભગવાનનું સમવસરણ, પરમ ઔદારિક શરીર વગેરે બધા સ્કંધો અશુદ્ધ છે. કારણ કે અનંતા પરમાણુ મળીને તે સ્કંધ થયા છે. એકલો પરમાણુ સિદ્ધની જેમ શુદ્ધ કહેવાય છે પણ સિદ્ધ ફરી અશુદ્ધ થતા નથી, જ્યારે પરમાણુ ફરી અશુદ્ધ થાય છે, એટલો ફેર છે.

અહીં અશુદ્ધતામાં પણ જીવ અને પુદ્‌ગલની સ્વતંત્રતા બતાવે છે, પોતાની સ્વતંત્રતા માને તે પરની સ્વતંત્રતા માને, મારી અશુદ્ધ દશા કર્મને લીધે નથી પણ મારે લીધે છે એમ સમજે, પર ઉપરથી દૃષ્ટિ ઉઠાવે ને વિકાર ક્ષણિક છે ને આત્મા શુદ્ધ ચૈતન્ય નિત્ય પદાર્થ છે એમ શ્રદ્ધા-જ્ઞાન કરી મોક્ષદશા પામે.

વળી, પરમાણુની જીવ સાથે શુદ્ધતામાં સરખામણી કરે છે.

આ આત્મા પર પ્રત્યેની મમતા રહિત છે, તેવા શુદ્ધ પરમાત્માની ભાવનાથી એટલે કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના બળથી રાગ-દ્વેષ આદિનો નાશ થાય છે. કોઈ ક્રિયાકાંડથી કે શુભ ભાવથી રાગનો નાશ થતો નથી. નિજ પરમાત્માની શ્રદ્ધા-જ્ઞાન ને રમણતાની એકતાના બળ વડે રાગાદિ ચીકાશનો નાશ થાય છે ને જ્ઞાન, દર્શન, સુખ ને વીર્ય એવાં અનંત ચતુષ્ટય શુદ્ધ રૂપ પ્રગટે છે તેવી રીતે પરમાણુમાં લુખાશ-ચીકાશ જઘન્ય હોવાથી બીજા સાથે બંધાતો નથી જેવી રીતે આત્મામાં રાગ-દ્વેષના છેલ્લા અંશો બંધનું કારણ નથી તેમ પરમાણુમાં લુખાશ-ચીકાશના છેલ્લા અંશો બંધનું કારણ નથી, તેથી પરમાણુમાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણ એ ચતુષ્ટય શુદ્ધ સમજવા જોઈએ.

આ પ્રમાણે પુદ્‌ગલનું સ્વરૂપ બતાવ્યું, ને જીવની સાથે સરખામણી કરી કહ્યું કે જીવ – રાગ-દ્વેષ કરે તો અશુદ્ધ થાય છે ને જીવ રાગ-દ્વેષ ટાળે તો શુદ્ધ થાય છે. માટે વીતરાગતા આદરણીય છે પણ રાગ-દ્વેષ આદરણીય નથી ।।૧૫।।

**જગતનો પ્રેમ ઘટાડ્યા સિવાય પરમેષ્ઠીના હૃદયમાં શું છે ? તેના કાળજામાં શું છે ? - તે સમજાય નહિ. માટે પરમેષ્ઠીનું સ્વરૂપ જાણવા જગતનો પ્રેમ ઘટાડવો.**
**(પરમાગમસાર–૧૧૧)**

## પ્રસાદ નં. – ૩૨૧

**વી. નિ સં. ૨૪૭૮, ભાદરવા વદ ૧૨, વર્ષ ૨જું. પુસ્તક અગિયારમું,**
**સોનગઢ, તા. ૧૫-૯-૫૨, સોમવાર.**
**શ્રી દ્રવ્યસંગ્રહ ગાથા–૧૬**
**(ભાદરવા વદ ૬, સોમવાર, ૯-૯-૫૨ બપોર)**

હવે પુદ્‌ગલદ્રવ્યની વ્યંજનપર્યાયનું પ્રતિપાદન કરે છે. આત્મા જ્ઞાનસ્વરૂપી છે એમ જાણ્યું તેના સ્વ-પરપ્રકાશક સ્વભાવમાં જડ પદાર્થો જડના કારણે પરિણમી રહ્યા છે. જીવને લીધે નહિ – એમ ખ્યાલ આવે છે. અહીં અજીવ પદાર્થમાં પુદ્‌ગલદ્રવ્યની વ્યંજનપર્યાયની વાત કરે છે. વ્યંજનપર્યાય એટલે એકલા પ્રદેશત્વગુણનો પર્યાય એવો અત્રે અર્થ કરવાનો નથી પણ પુદ્‌ગલ દ્રવ્યમાં જે વિકાર તથા આકૃતિ થાય છે તે આખા દ્રવ્યની પર્યાયને વ્યંજનપર્યાય અત્રે કહેવી છે.

**ગાથા-૧૬**

**सद्दो बंधो सुहुमो थूलो संठाणभेदतमछाया।**
**उज्जोदादवसहिया पुग्गलदव्वस्स पज्जाया।।१६।।**

**ગાથા ભાવાર્થ :–** શબ્દ, બંધ, સૂક્ષ્મ, સ્થૂલ, સંસ્થાન ભેદ તમ, છાયા, ઉદ્યોત અને આતપ આ પ્રમાણે બધાં પુદ્‌ગલ દ્રવ્યનો પર્યાય છે.

**વ્યાખ્યાર્થ :–** શબ્દ, બંધ, સૂક્ષ્મત સ્થૂલતા, સંસ્થાન ભેદ, તમ, છાયા, ઉદ્યોત અને આતપ પુદ્‌ગલ દ્રવ્યનો પર્યાય છે. હવે તે વિષયને વિસ્તારથી કહે છે.

આત્મા જ્ઞાન સ્વરૂપી છે. તે પુદ્‌ગલની પર્યાયનો જાણનાર છે. પણ તે પુદ્‌ગલનાં પર્યાયનો

કરનાર નથી તેમજ જીવનું અસ્તિત્વ છે માટે તે પુદ્‌ગલની પર્યાયનું અસ્તિત્વ છે એમ પણ નથી પુદ્‌ગલની પર્યાયનું અસ્તિત્વ સ્વતંત્ર છે. આત્મા તેનો જ્ઞાયક છે એમ યથાર્થ શ્રદ્ધા-જ્ઞાન કરવાં તે ધર્મ છે. અહીં તો રાગ-દ્વેષને ભાવબંધ ગણી પુદ્‌ગલદ્રવ્યની વ્યંજનપર્યાય કહેશે. નિગ્રંથ દિગંબર મુનિઓ ગ્રંથ દીઠ વિવિધ પદ્ધતિથી દ્રવ્યનું સ્વરૂપ સ્પષ્ટ કરે છે.

(૧) જગતમાં જુદા જુદા જીવો દેખાય છે. એવા અનંતા જીવો છે એમ નક્કી કરતાં જગતમાં એક જ જીવ છે એવી માન્યતાનો નિષેધ થાય છે.

(૨) જીવ કહેતા તેના પ્રતિપક્ષો, અજીવ પદાર્થો, પુદ્‌ગલાદિ છે એમ નક્કી થાય છે તેથી જગતમાં પુદ્‌ગલાદિ દ્રવ્ય નથી એવી માન્યતાનો નિષેધ થાય છે.

(૩) જીવનું અસ્તિત્વ છે માટે પુદ્‌ગલની અવસ્થા થાય છે. એ માન્યતા ખોટી ઠરે છે જડની પર્યાય ભિન્ન ભિન્ન દેખાય છે તે પર્યાય પોતાના દ્રવ્યમાંથી થાય છે, જીવનો તેમાં અધિકાર નથી. જીવ જાણનાર છે આમ નક્કી કરે તો સમ્યક્‌જ્ઞાન થાય.

હવે અવસ્થાના દસ ભેદો બતાવે છે. તેમાં પ્રથમ શબ્દની વાત કરે છે.

(૧) **શબ્દ :–** તે બે પ્રકારે છે, ૧. **ભાષાત્મક** ૨. **અભાષાત્મક.**

તેમાં પણ ભાષાત્મકમાં અક્ષરાત્મક અને અનઅક્ષરાત્મક બે પ્રકારે છે.

અક્ષરાત્મક ભાષા :– સંસ્કૃત, ગુજરાતી, પ્રાકૃત, અંગ્રેજી તથા હિન્દી અને અપભ્રંશરૂપ પૈસા આદિ ભાષા આર્ય તથા મ્લેચ્છ મનુષ્યના વ્યવહારનું કારણ હોવાથી અક્ષરાત્મક ભેદથી અનેક પ્રકારની છે.

ગમે તે ભાષા હોય પણ તે જીવથી બોલાતી નથી ભાષા પુદ્‌ગલોના સ્કંધનો વ્યંજનપર્યાય છે તે પુદ્‌ગલદ્રવ્યના કારણે છે જીવને લીધે નથી.

વળી કોઈ પૂછે કે આત્મા નિમિત્ત છે માટે ભાષા બોલાય છે ને ? ના. શબ્દનું અસ્તિત્વ પુદ્‌ગલદ્રવ્યના કારણે છે. જીવના અસ્તિત્વના લીધે નથી આત્મા ભાષારૂપ થતો નથી પણ એકબીજાને સમજવામાં ભાષા નિમિત્તમાત્ર છે તેથી વ્યવહાર કહેવાય છે.

વળી કોઈ કહે કે જગતમાં ભાષાનો ક્યાં તૂટો છે ? માટે આપણે સારી ભાષા બોલવી તો તેનો ખુલાસો એ છે કે આત્મા ભાષા બોલી શકતો નથી તેથી સારી બોલવી કે ખરાબ બોલવી તે વાત રહેતી નથી. ત્યાં તો જીવે બોલવામાં સભ્યતાના ભાવ રાખવા એટલું બતાવવું છે. પુદ્‌ગલદ્રવ્યો જગતનાં તત્ત્વો છે તેમાં ભાષાવર્ગણામાંથી શબ્દ થવાને લાયક પરમાણુઓ શબ્દરૂપે પરિણમે છે.

પ્રશ્ન :– તો પછી લાકડામાંથી ધ્વનિ કેમ નીકળતો નથી ?

સમાધાન :– ભાષાનો કાળ નથી માટે પરમાણુઓ તે રૂપે પરિણમતા નથી. અહીં પણ જીવની ઇચ્છાને લીધે ભાષા થતી નથી ઇચ્છાનું અસ્તિત્વ જીવદ્રવ્યમાં જાય છે અને ભાષાનું અસ્તિત્વ પુદ્‌ગલમાં જાય છે પુદ્‌ગલ દ્રવ્યમાંથી તે પર્યાય થાય છે.

જગતમાં પુદ્‌ગલ દ્રવ્ય છે. તો તેનું વર્તમાન પરિણમન પણ છે અને તેનું પરિણમન ભાષારૂપે થવા યોગ્ય હોય ત્યારે ભાષારૂપે થાય છે.

મહાવિદેહક્ષેત્રમાં સીમંધર ભગવાનના ૐ ધ્વનિમાં આમ જ આવ્યું છે. સંતો મહામુનિઓ પણ આમ જ કહી રહ્યાં છે કે તું ભાષાના કર્તૃત્વનું અભિમાન ઉડાડ 'અમો આવો ઉપદેશ આપીયે એ તો શ્રોતા ઉપર બહુ અસર થાય ને ધર્મ માટે પૈસા ભેગા કરી શકીએ' એ બધું અભિમાન છે ઉપદેશરૂપ ભાષા જડની છે આત્મા તેનો જ્ઞાતા છે એમ સમજાવીને જગતનો અહંકાર ઉડાડે છે.

(b) અનક્ષરાત્મક ભાષા :– બે ઇન્દ્રિય, ત્રીઇન્દ્રિય, ચૌરેન્દ્રિય અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચની ભાષાને અનક્ષરાત્મક ભાષા કહે છે, મચ્છર કે માખો ગણગણાટ કરે છે તે પુદ્‌ગલને લીધે છે. મચ્છરનો જીવ છે માટે તે બોલાય છે એમ નથી. જો જીવની હાજરીને લીધે બોલાતું હોય તો બધી વખત બોલાવું જોઈએ. વ્યવસ્થિત ધારાવાહી બોલવાનો ભાવ હોવા છતાં તોતડુ બોલાય છે. તે બતાવે છે કે ભાષા સ્વતંત્ર છે જીવની ઇચ્છાને આધીન નથી. બોલવા માગે કાંઈક ને બોલાય જાય કાંઈક એમ પણ ઘણીવાર બને છે.

વળી સર્વજ્ઞ તીર્થંકર ભગવાનનો ૐ ધ્વનિ અનક્ષરાત્મક છે તે પુદ્‌ગલની અવસ્થા છે તીર્થંકરનો આત્મા તેનો કર્તાહર્તા નથી.

સંપ્રદાયના એક મોટા આચાર્ય કહે છે કે સર્વજ્ઞ ભગવાન પણ ભાષા ગ્રહે છે ને છોડે છે પણ તે વાત મિથ્યા છે. ભાષા પરદ્રવ્ય છે આત્મા પરદ્રવ્યને ગ્રહે કે છોડે તે આત્માને વિષે નથી. અજ્ઞાની રાગ-દ્વેષને ગ્રહે છે, જ્ઞાની રાગ-દ્વેષને છોડે છે તે ધર્મને ગ્રહે છે.

વળી કોઈ કહે કે ગૌતમસ્વામી આવ્યા માટે મહાવીર ભગવાનની વાણી નીકળી તેપણ જૂઠ વાત છે. છૂટવાના કાળે ધ્વનિ છૂટ્યો છે તીર્થંકરને લીધે નહિ. તેમના શરીરને લીધે નહિ આત્માને લીધે વાણી નીકળી એમ માનનાર અધર્મી છે. કોઈ પૂછે કે આમાં ધર્મ શો આવ્યો ?

સમાધાન :– ભાષાને ભાષામાં રાખ, તું તારામાં રહે, પુદ્‌ગલનું હોવાપણું પુદ્‌ગલમાં જ છે, તું તારે લીધે છો, ભાષા પુદ્‌ગલદ્રવ્યનો પર્યાય છે. આત્મા તેનો કર્તા નથી એમ જીવ અને પુદ્‌ગલ વચ્ચે ભેદ જ્ઞાન કરવું તે ધર્મ છે.

પ્રશ્ન :– આત્મા નિમિત્ત તો ખરો ને ?

સમાધાન :– તે ભાષા તેના કાળે થઈ તો નિમિત્ત કહેવાય છે.

પ્રશ્ન :– તો સર્વના ભગવાનને ઇન્દ્રો વગેરે પૂછે તો જવાબ મળે છે ને ? અજ્ઞાની પૂછે તો જવાબ કેમ મળતો નથી ?

સમાધાન :– દિવ્યધ્વનિ તો તેના કાળે નીકળે છે તે પુદ્‌ગલની અવસ્થા છે. ઇન્દ્રોએ પૂછ્યું માટે વાણીને નીકળવું પડ્યું એમ નથી. ભાષા વાણીનો વાણીરૂપે પરિણમવાનો તે સ્વકાળ છે. તેમાં ઇન્દ્રોનાં પુણ્યના ઉદયનું નિમિત્ત છે એવો સહજ નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે. અજ્ઞાની

નિમિત્ત નૈમિત્તિકના બહાને મોટો ગોટો કરે છે.

હવે અભાષાત્મક શબ્દના પ્રકાર કહે છે. તે પ્રાયોગિક તથા વૈસ્ત્રસિક બે પ્રકારે છે. તેમાં પ્રાયોગિકના ભેદ કહે છે. તત-વીણા વગેરેથી જે શબ્દ ઉત્પન્ન થાય છે. તેને તત કહે છે. તે વીણાનો સ્વર વીણાના તારને લીધે કે આંગળીના લીધે કે જીવની ઇચ્છાને લીધે નથી.

પ્રશ્ન :– તો પછી દાર્શનિક પૂરાવો ખોટો પડે છે ?

સમાધાન :– અજ્ઞાનીના બધા પૂરાવા ખોટા છે. પુદ્‌ગલદ્રવ્ય પોતાના કારણે તતરૂપે પરિણમે છે. તેમ નહિ માનતાં પરથી થયું માને છે તે ભ્રમ છે. કમળાવાળાને બધી ચીજો પીળી દેખાય છે. તેમ અજ્ઞાની સંયોગથી ભાળે છે તેથી તેની બધી વાત ખોટી છે.

વિતત - ઢોલ વગેરેથી જે શબ્દ થાય છે તે વિતત છે. તે શબ્દ, ઢોલ, દાંડી, હાથ કે આત્માથી જુદો છે.

પ્રશ્ન :– દાંડી ન લાગે તો અવાજ થતો નથી ને ?

સમાધાન :– વિતતરૂપે પરિણમન પુદ્‌ગલદ્રવ્યનું છે. એવી નૈમિત્તિક અવસ્થા પ્રગટે તો દાંડીને નિમિત્ત કહેવાય છે. નિમિત્ત છે માટે અવાજ નીકળે છે એમ નથી. ઘન-મંજીરા તથા તાલથી જે શબ્દ ઉત્પન્ન થાય તેને ઘન કહે છે. શબ્દ વર્ગણા પોતે અભાષાત્મક ઘનરૂપે પરિણમે છે. મંજીરાને લીધે નહિ.

સુષિર :– બંસી, સીટી, પીપુડી વગેરેના નિમિત્તે અભાષાત્મક શબ્દ નીકળે છે. તેને સુષિર કહે છે.

આ પ્રમાણે ચાર પ્રકારના શબ્દોમાં જીવનું નિમિત્ત છે માટે તેને પ્રાયોગિક કહે છે. જીવના પ્રયોગના લીધે શબ્દો નીકળતા નથી. જો તેમ હોય તો જીવ અને પુદ્‌ગલ સ્વતંત્ર રહેતાં નથી.

વૈસ્ત્રસિક :– સ્વાભાવિક ઉત્પન્ન થતાં શબ્દોને વૈસ્ત્રસિક કહે છે. મેઘગર્જનાનો કર્તા કોઈ ઇશ્વર નથી પણ પુદ્‌ગલદ્રવ્યની તે અવસ્થા થાય છે.

હવે વિશેષ વાત બતાવે છે આત્મા શબ્દથી રહિત છે તેવા શુદ્ધ ચૈતન્ય સ્વભાવના શ્રદ્ધા-જ્ઞાન ચૂકે છે. તેને કર્મ બંધન થાય છે. પોતામાં સુખ નહિ માનતાં જે મનોજ્ઞ તથા અમનોજ્ઞ પાંચે ઇન્દ્રિયના વિષયોમાં આસક્તિ કરે છે તે જીવ સુસ્વર તથા દુસ્વર નામકર્મનું ઉપાર્જન કરે છે. તે કર્મો સત્તામાંથી તેના કાળે ઉદયમાં આવે છે. ત્યારે જીવમાં શબ્દ દેખાય છે તેથી વ્યવહારનયથી જીવના શબ્દો એમ કહેવાય છે. નિશ્ચયનયથી શબ્દ પુદ્‌ગલદ્રવ્યની પર્યાય છે. તે આત્માના કારણે નથી.

પ્રશ્ન :– વ્યવહારનો અર્થ શો ?

સમાધાન :– શબ્દની પર્યાય પુદ્‌ગલથી થઈ છે તે નિશ્ચય ને તે વખતે બીજી ચીજની ઉપસ્થિતિ છે એમ જ્ઞાન કરવું તે વ્યવહાર. પરથી શબ્દ થાય એમ માનવામાં આવે તો વ્યવહાર અને નિશ્ચય એક થઈ જાય છે.

અજ્ઞાનીને આ વાત બેસતી નથી તેથી તે પ્રશ્ન કરે છે કે અમો નિમિત્ત છીએ તો ભાષા થાય છે ને ? તેનો ઉત્તર :– ના ભાષાનું અસ્તિત્વ ભાષામાં છે જીવમાં નથી. જીવના અસ્તિત્વને લીધે નથી. ભાષા થાય ત્યારે બીજી ચીજ નિમિત્ત કહેવાય છે. નિમિત્ત જ્ઞાન કરવા માટે બરાબર છે પણ નિમિત્ત છે માટે ભાષાપર્યાય થાય છે એમ નથી.

આ પ્રમાણે શબ્દના ભેદ બતાવી પરનો અહંકાર છોડવાનું કહે છે. શબ્દો તેના કારણે પરિણમે છે અને આત્મા જ્ઞાનસ્વરૂપ છે એમ ભેદજ્ઞાન કરવું તે ધર્મ છે.

(૨) **બંધ :–** હવે બંધનું નિરુપણ કરે છે. માટીમાંથી ઘડો થાય છે. તે પુદ્‌ગલ દ્રવ્યની વ્યંજનપર્યાય છે તે કુંભારને લીધે નથી જીવ તેનો જાણનાર છે. અજ્ઞાની જીવ મારાથી થયો એમ માની અભિમાન કરે છે. માટી પોતે ઘડારૂપે થયેલ છે જ્ઞાનથી કે ઇચ્છાથી તે થયેલ નથી. કોઈ પ્રશ્ન કરે કે ચાકડો ફેરવે તો ઘડો થાય ને ? નિમિત્ત ન હોય તો ક્યાંથી થાય ? સમાધાન :– નિમિત્ત ન હોય તો એ પ્રશ્ન અસ્થાને છે, તું જીવ નહોત તો જાણત કોણ ? નિમિત્ત છે ખરું ? પણ નિમિત્ત છે માટે ઘડો થાય છે એ મોટી ભ્રમણા છે. ઘડારૂપી નૈમિત્તિક દશા અને કુંભાર ચાકડો વગેરે નિમિત્તને કાળ ભેદ નથી. જો નિમિત્ત આવ્યા પછી નૈમિત્તિક દશા માનવામાં આવે તો બન્ને વચ્ચે કાળભેદ થઈ જાય છે. પણ તેમ છે જ નહિ. બન્ને એક સમયે છે. નિમિત્તને લીધે નૈમિત્તિક અવસ્થા માનવામાં આવે તો દ્રવ્યની પર્યાયો પરાધીન થતાં દ્રવ્ય પણ પરાધીન માન્યું તે મોટો દોષ છે. બંધની પર્યાય તે પુદ્‌ગલ દ્રવ્યની છે. પરના અસ્તિત્વને લીધે નથી આત્મા તેનો જાણનાર–દેખનાર છે એમ ભેદજ્ઞાન કરવું તે ધર્મ છે.

## શ્રી દ્રવ્યસંગ્રહ ગાથા–૧૬
## ભાદરવા વદ ૭, બુધવાર, ૧૦-૯-૫૨

આ ગાથા પુદ્‌ગલદ્રવ્યની વ્યંજનપર્યાયનું પ્રતિપાદન કરે છે. આત્મા જ્ઞાનસ્વભાવી છે. એમ સ્વને જાણતાં આ જીવને યથાર્થ જાણે છે. જડની પર્યાયનું અસ્તિત્વ જડને લીધે છે, આત્માને લીધે નથી. ભાષા પુદ્‌ગલદ્રવ્યની અવસ્થા છે. આત્માથી થતી નથી તે વાત આવી ગઈ છે. આજે બંધની વ્યાખ્યા ચાલે છે.

માટી આદિનું પીંડરૂપ થવું તે પુદ્‌ગલની વિભાવ વ્યંજનપર્યાય છે. તેને આત્મા કરી શકતો નથી. લાકડું લાખથી જોડાતું નથી. મકાન લાખ, લાકડાં, લાડવા વગેરેની સ્કંધરૂપ બંધ અવસ્થા થવી તે પુદ્‌ગલની વ્યંજનપર્યાય છે. તે જીવના કારણે નથી.

અજ્ઞાનીને ભ્રમણા થાય છે કે જીવ ન હોય તો આ મકાનાદિ કેવી રીતે થાત ? મકાન

જીવને લીધે તો થતું નથી પણ જીવ નિમિત્ત છે માટે થાય છે એ વાત પણ અહીં કરી નથી. જો આત્માના નિમિત્તપણાને લીધે મકાન, રોટલી, લાડવા વગેરે બનતા હોય તો આત્માનું નિમિત્ત નીકળી ગયા પછી પણ તે પદાર્થો લાંબો વખત સુધી બંધરૂપ અવસ્થાપણે જોવામાં આવે છે. તે બંધરૂપે રહેવા ન જોઈએ. કડીયો ચાલ્યા ગયા પછી મકાન વરસો સુધી રહે છે. બાઈ હાજર ન હોવા છતાં લાડવા વગેરે બંધરૂપ અવસ્થાપણે જોવામાં આવે છે. જો નિમિત્તના અસ્તિત્વને લીધે નૈમિત્તિકનું અસ્તિત્વ હોય તો નિમિત્ત ખસી જતાં નૈમિત્તિક મકાન, લાડવા વગેરેનું અસ્તિત્વ રહેવું ન જોઈએ. પણ એમ તો દેખાતું નથી. કડિયા વગેરે નિમિત્તો અલ્પકાળ શરૂમાં દેખાય છે અજ્ઞાનીની અલ્પકાલિન દૃષ્ટિ હોવાના કારણે નિમિત્ત ઉપર તેની નજર જાય છે. તે ભ્રાંતિ છે પુદ્ગલો સ્વયંસિદ્ધ બંધરૂપ અવસ્થાને પામ્યા છે એમ કહ્યું છે. અહીં નિમિત્ત પણ બતાવ્યું નથી કારણ કે નિમિત્ત અમુક કાળ રહી છૂટી જાય છે. માટે તેને ગણ્યું નથી. પુદ્ગલનો બંધ કહી દીધો. પુસ્તક, સોનાનો ઢાળિયો, રોટલી, ગોરણાં વગેરે સ્વતંત્ર પુદ્ગલની વ્યંજનપર્યાય છે. આત્મા તેનો કર્તા-હર્તા નથી આવી અવસ્થા કેમ થઈ એવા પ્રશ્નને અવકાશ નથી તેની પર્યાય તેનાથી થાય છે. તેનો હું જાણનાર છું. 'તે સંબંધી મારું જ્ઞાન પણ મારાથી થાય છે એમ સમજી ભેદજ્ઞાન કરવું તે ધર્મ છે.'

હવે કર્મ તથા નોકર્મ (શરીર)રૂપ બંધ છે તે જીવ તથા પુદ્ગલના સંયોગથી છે. તેની વાત કરે છે જ્ઞાનાવરણીય દર્શનાવરણીય આદિ આઠ કર્મો તથા શરીર તે પુદ્ગલની અવસ્થા છે. આત્મા એ કર્મ બાંધ્યાં નથી તેમજ આત્મા શરીરનું કાંઈપણ કરી શકતો નથી. કર્મ ને નોકર્મ રૂપ બંધ પુદ્ગલની વિભાવ વ્યંજનપર્યાય છે આત્મા તેનો જાણનાર–દેખનાર છે પણ કર્તા–હર્તા નથી.

ઘટ વગેરેના બંધથી કર્મ-શરીર વગેરેના બંધને જુદો બતાવાનું કારણ એ છે કે ઘડા મકાનાદિમાં કુંભાર, કડિયા વગેરે નિમિત્ત અમુકકાળ ઉપસ્થિત દેખાય છે. પણ મકાન જ્યાં સુધી ટકે ત્યાં સુધી તેનું નિમિત્ત સદાય ઉપસ્થિત દેખાતું નથી. જ્યારે કર્મને નોકર્મ રૂપી અવસ્થામાં જીવનું નિમિત્તપણું સદાય ઉપસ્થિત દેખાય છે. તેથી કર્મ ને નોકર્મના બંધને જુદો પાડ્યો છે પહેલા ગુણસ્થાનથી ચૌદમા ગુણસ્થાન સુધીના બધા જીવને શરીર ને કર્મ સાથે નિમિત્ત નૈમિત્તિક સંબંધ રહેલો છે. કર્મ ને શરીરની બંધરૂપ અવસ્થા પુદ્ગલદ્રવ્યના કારણે થાય છે. તે નૈમિત્તિક ને જીવની તેમાં સંયોગરૂપે સહાય હાજરી છે તે નિમિત્ત આમ નિમિત્ત–નૈમિત્તિક સંબંધ બન્યો રહેતો હોવાથી આ બંધને જુદો પાડેલ છે. પણ તેથી કરીને આત્મા કર્મની તેમજ શરીરની અવસ્થાને કરી શકે છે એવો તેનો અર્થ છે જ નહિ. આત્મા ધ્યાન રાખે તો શરીર નીરોગ રહે તેમ બનતું નથી. શરીર જેવું રહેવું હોય તેવું રહે છે. આત્મા તેનો જાણનાર-દેખનાર છે.

વળી ખાસ વાત એ છે કે કર્મ બંધનથી ભિન્ન પોતાનો આત્મા શુદ્ધ છે એવી ભાવનાથી

જે રહિત છે. તેને અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહારનયથી દ્રવ્ય બંધ છે. અહીં અજ્ઞાનીને જ દ્રવ્ય બંધ છે તેમ કહે છે. હું દાન કરું ને વ્રત કરું તો કલ્યાણ થાય, એવી માન્યતાવાળા મિથ્યાદૃષ્ટિ જીવને કર્મનો બંધ છે. આત્મા શુદ્ધ ચૈતન્યસ્વરૂપી છે, ચિદાનંદ જ્ઞાયક છે દ્રવ્ય પોતે મુક્તસ્વરૂપ છે. એવી જેને ખબર નથી અને જે વર્તમાન પર્યાયબુદ્ધિમાં ને રાગમાં જોડાએલો છે તે જીવ કર્મથી બંધાય છે. અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહાર નયથી બંધ છે કર્મનું આત્માના ક્ષેત્રે નજીકપણું છે. મકાનાદિ બાહ્ય પદાર્થની જેમ તે દૂર નથી. ક્ષેત્રે નજીક માટે અનુપચરિત કર્મ આત્માનું સ્વરૂપ નથી માટે અસદ્‌ભૂત ને કર્મ નિમિત્ત છે માટે વ્યવહાર એમ અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહારનયથી અજ્ઞાનીને દ્રવ્યબંધ છે.

અહીં અજ્ઞાનીને દ્રવ્યબંધ કહ્યો છે. જ્ઞાનીને દ્રવ્યબંધ નથી. ‘સમયસાર’ ગાથા-૧૦૦માં કહ્યું છે કે જ્ઞાની નવાં કર્મમાં નિમિત્ત નથી અજ્ઞાની જ નવાં કર્મમાં નિમિત્ત છે. જ્ઞાની જીવ સ્વભાવની અધિકતારૂપે પરિણમતો અબંધ છે. કારણ કે તેને ભેદજ્ઞાન વર્તે છે. કર્મનો પર્યાય કર્મમાં છે. મારી પર્યાય મારામાં છે એમ જ્ઞાની સમજે છે તેથી તે અબદ્ધસ્પષ્ટપણે તરતો રાગ અને શરીરની એકતાને તોડતો હોવાથી તેને બંધન નથી. કર્મ નહિ વિકાર નહિ હું તો જ્ઞાનસ્વભાવી આત્મા છું એવી દૃષ્ટિમાં અંતર સન્મુખ થતો તે બંધાતો નથી. જેને આત્મસ્વભાવનું ભાન વર્તે છે તેને ભાવબંધ નથી, તેમજ દ્રવ્યબંધ નથી ને જેને આત્મસ્વભાવનું ભાન નથી તેને ભાવબંધ ને દ્રવ્યબંધ બન્ને છે.

અશુદ્ધ નિશ્ચનયથી રાગાદિરૂપ પરિણામને ભાવબંધ કહે છે તોપણ શુદ્ધનિશ્ચયનયથી તે પણ પુદ્‌ગલનો બંધ છે. રાગાદિ પરિણામ જીવની અવસ્થામાં પોતાના કારણે થાય છે માટે નિશ્ચય પણ તે વિકારી પરિણામ છે માટે અશુદ્ધ કહ્યાં. આમ અશુદ્ધ નિશ્ચયનયથી દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ પણ ભાવબંધ છે. ધર્મી જીવને અબંધ સ્વભાવની મુખ્યતા હોવાથી, ભાવબંધ નથી એમ ગણવામાં આવેલ છે. વ્યવહાર રત્નત્રયના પરિણામ પર્યાયમાં ભૂતાર્થ હોવા છતાં જ્ઞાનીને પર્યાય ઉપર દૃષ્ટિ નહિ હોવાના કારણે ને સ્વભાવની દૃષ્ટિ હોવાના કારણે વ્યવહાર રત્નત્રયના પરિણામને અભૂતાર્થ કહ્યાં છે – ખોટા કહ્યાં છે. મૂળ વસ્તુ સ્વભાવમાં તે નથી એમ કહેવામાં આવ્યું છે.

અજ્ઞાની માને છે કે વ્યવહાર રત્નત્રય જેટલો જ હું છું ને તેનાથી મારું કલ્યાણ થશે એવી દૃષ્ટિમાં રાગમાં તે અટકેલો હોવાથી તેને ભાવબંધ થાય છે. તેને અંશના અસ્તિત્વની રુચિ હોવાથી તે અંશી – સ્વભાવના અસ્તિત્વને ચૂકી જાય છે. કર્મને લીધે રાગ થાય એમ માનનાર તો સ્થૂલ મિથ્યાદૃષ્ટિ છે પણ શુદ્ધ સ્વભાવને અધિક નહિ માનતો દયાદાનાદિ પર તરફના વલણને જ માનતો જીવ અંશમાં અટકે છે તેને અશુદ્ધ નિશ્ચયનયથી ભાવબંધ કહ્યો છે.

જે શાસ્ત્ર દયાદાનાદિના શુભ પરિણામથી સંસાર છૂટે એમ કહે તે શાસ્ત્ર સાચાં નથી.

જે પરિણામથી ભાવબંધ થાય તે પરિણામ સમ્યગ્દર્શનનું કે આ બંધ દશાનું કારણ થાય ? ન જ થાય.

જ્ઞાની સમજે છે કે રાગ ને કર્મની મારા ત્રિકાળી સ્વભાવમાં નાસ્તિ છે ને મારા ત્રિકાળી સ્વભાવની રાગ અને કર્મમાં નાસ્તિ છે. એકના અસ્તિત્વમાં બીજાનું અસ્તિત્વ રહેતું નથી. આમ યથાર્થ જ્ઞાનસ્વભાવનું જ્ઞાન થતાં જ્ઞાનીને ભાવબંધને દ્રવ્યબંધનું પણ જ્ઞાન થાય છે. કર્મ કર્મમાં છે આત્મામાં નથી વિકાર એક સમયની પર્યાયમાં છે ત્રિકાળ સ્વભાવમાં નથી એમ ભેદજ્ઞાન થતાં સ્વ-પરપ્રકાશક જ્ઞાન પ્રગટે છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો કે વ્યવહાર રત્નત્રયનો રાગ પર્યાયમાં હોવા છતાં જ્ઞાનીને પર્યાયબુદ્ધિ નહિ હોવાથી અને સ્વભાવબુદ્ધિ હોવાથી તે પરિણામ ત્રિકાળ સ્વભાવમાં નથી. તેથી તેને વ્યવહાર કહી અભૂતાર્થ કહેલ છે. તેમ જ રાગ અને કર્મને એક ગણી તેને શુદ્ધ નિશ્ચયનયથી પુદ્‌ગલનો બંધ કહ્યો છે.

કોઈ પ્રશ્ન કરે કે વિકાર દ્રવ્ય ગુણમાં નથી તો પછી વિકાર કર્મને લીધે થતો હશે ?

સમાધાન :– ના. વિકાર કર્મને લીધે નથી. તે આત્માની પર્યાયમાં થાય છે. પણ વિકાર જેટલો જ હું છું એમ સ્વીકારનારની દૃષ્ટિ ક્યાં જશે ? હું જ્ઞાયક છું એવી અંતરદૃષ્ટિના અભાવને કારણે અને વિકારના અંશને સ્વીકારનાર હોવાથી તે જીવ સ્વભાવને ભાળશે નહિ પણ સંયોગને ભાળશે. 'આટલું કરવું જોઈએ, અમોએ આટલાં પુણ્ય કર્યાં, આટલાં કર્મો બાંધ્યાં અને તેના આ ફળ મળ્યાં' એમ અજ્ઞાનીની રુચિ, વિકાર, કર્મ અને સંયોગ ઉપર જાય છે. તેથી તે સંસારમાં રખડે છે. વ્યવહાર રત્નત્રયના પરિણામને જ જોનારો પુદ્‌ગલને ભાળે છે પણ સ્વભાવને ભાળતો નથી. દયાદાનાદિની વાત આવે, ઉપવાસ કરવાની વાત આવે તો એની અજ્ઞાનીને મજા આવે છે ને મિથ્યાત્વને સેવીને નિર્જરા થઈ એમ માને છે પણ આત્મા જ્ઞાયક છે, કર્મને વિકારથી રહિત છે, એવી સમજણ કરવામાં અપૂર્વ પુરુષાર્થ છે તે તેને સૂઝતો નથી જે પોતાના જ્ઞાનમાં વીર્યનું વજન લાવતો નથી તે આત્માની સમજણ કેવી રીતે કરી શકે ? ને નિશ્ચય આત્માના ભાન વિના દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાના રાગરૂપ વ્યવહાર વ્યર્થ છે.

જેને ગૃહીત મિથ્યાદર્શન છે. તેના નિશ્ચય અને વ્યવહાર બન્ને ખોટા છે. તેની તો વાત નથી પણ સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર સનાતન જૈન માર્ગ કહ્યાં છે તે પ્રમાણે માને તેના પણ રાગની મુખ્યતા કોને થાય ? જેને સ્વભાવ ગૌણ વર્તે છે તેને અને તેવા જીવને ભાવબંધ થાય છે અને તે પુદ્‌ગલ દ્રવ્યબંધની એકતા કરે છે. પણ તેને શુદ્ધ સ્વભાવની સાથે એકતા થતી નથી.

આ ગાથામાં 'સમયસાર' ગાથા-૧૧ નો ન્યાય મૂક્યો છે.

વ્યવહારનય અભૂતાર્થ છે અને શુદ્ધનય ભૂતાર્થ છે. ભૂતાર્થને આશ્રિત જીવ સમ્યગ્દૃષ્ટિ હોય છે. આમાં આ સાર છે.

અહીં બંધનો અધિકાર છે. બંધને જાણનાર બંધ રૂપે નથી. બંધ અને આત્માની એકતા બુદ્ધિવાળો બંધના સ્વરૂપને નહિ જાણી શકે વિકાર અને કર્મ મારામાં નથી હું તો જ્ઞાયક છું

એવી સ્વભાવબુદ્ધિવાળો પોતાને જાણતો બંધને યથાર્થ જાણી શકે છે.

ધર્મીજીવ સમજે છે કે વિકાર, વિકારનું ફળ, કર્મ અને પૈસો તથા સંયોગો વગેરે છે તેનો હું જાણનાર છું તેનો હું કરનાર નથી. ધર્મ ચક્રવર્તી બળદેવ આદિ હતા તેમની દૃષ્ટિ વર્તમાન પુણ્યના ભાવ ઉપર નથી તો પછી પૂર્વે મેં પુણ્ય કર્યાં હતાં ને તેના ફળમાં આ સંયોગો મળ્યા એમ માની તેના ધણી તેઓ થતા નથી. જ્ઞાની કોઈ પર પદાર્થને કે વિકારને મારા માનતા નથી.

જે જીવ રૂપિયા વગેરેને પોતાના માને છે, તે આત્માના અસ્તિત્વને પૃથક માનતો નથી. રૂપિયા વગેરે પુદ્‌ગલદ્રવ્યની વ્યંજનપર્યાય છે. જો તે તારે લીધે હોય તો તારા ખસી જવાથી તે પણ ખસી જવા જોઈએ પણ તેમ બનતું નથી. પોતાના કારણે પૈસા આદિ માનવા તે તો સ્થૂલની ભૂલ છે પણ પોતાના કારણે વિકાર છે એમ પણ ધર્મી જીવ માનતો નથી. નબળાઈથી થતા વિકારનો મારા સ્વભાવમાં અભાવ છે. તો લક્ષ્મી, બૈરાં-છોકરાં તોત ઘણાં દૂર રહ્યાં એક સમયના સંયોગના અસ્તિત્વને, કર્મના અસ્તિત્વને પોતાનાં માને તેને ત્રિકાળ જ્ઞાયકની રુચિ નથી તેને ધર્મ થતો નથી.

જેને જ્ઞાયકની રુચિ છે તેને નબળાઈથી થતા વિકારને અભૂતાર્થ ગણીને તે ભાવબંધને પુદ્‌ગલમાં નાખી દીધો છે. બંધનની વ્યાખ્યામાં અબંધ ભગવાનને સાબિત કર્યો છે. ભાવબંધ તથા દ્રવ્યબંધથી આત્માને પ્રથક કર્યા વિના ભાવબંધ કે દ્રવ્યબંધનું યથાર્થ જ્ઞાન થાય નહિ. શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિમાં ભાવબંધને પુદ્‌ગલબંધ આત્મામાંથી આવેલ નથી તેવું જ્ઞાન કરે તેને મુક્તિના ભણકાર વાગ્યા વિના રહે નહિ.

## પ્રસાદ નં. – ૩૨૩

### વી. નિ સં. ૨૪૭૮, ભાદરવા વદ ૧૪, વર્ષ ૨જું. પુસ્તક અગિયારમું, સોનગઢ, તા. ૧૭-૯-૫૨, બુધવાર. શ્રી દ્રવ્યસંગ્રહ ગાથા–૧૬ (ભાદરવા વદ ૮, ગુરુવાર, ૧૧-૯-૫૨)

પુદ્‌ગલદ્રવ્યની જે વર્તમાન પર્યાય થાય છે તેમાં જીવનો અધિકાર નથી. આત્મા જાણનાર દેખનાર છે આત્મા છે માટે પુદ્‌ગલમાં અવસ્થા થાય છે એમ નથી એમ નક્કી કરે તો પરથી ઉપેક્ષા લાવી સ્વમાં એકાગ્ર થાય અને ધર્મ થાય.

અહીં પુદ્‌ગલદ્રવ્યની વિભાવિક વ્યંજનપર્યાયની વાત ચાલે છે. શબ્દને બંધની વાત આવી ગઈ હવે સૂક્ષ્મત્વની વાત કરે છે.

(૩) **સૂક્ષ્મત્વ :–** સૂક્ષ્મત્વ સમજાવવા માટે દાખલો આપે છે. બિલ્વફળની અપેક્ષાએ બોર આદિ ફળમાં સૂક્ષ્મતા છે. બોર ને બીલામાં ફળમાં જીવે બોરના શરીરને કર્યું નથી, બોરના ફળનું સૂક્ષ્મ શરીર જીવે કર્યું નથી તે તેની યોગ્યતાના કારણે સૂક્ષ્મ છે (અહીં બિલ્વની સરખામણીની અપેક્ષાએ સૂક્ષ્મ કહેલ છે) અંદર એકેન્દ્રિય જીવ તો જાણનાર દેખનાર છે પણ તે જીવને તેવી ખબર નથી તેથી ભ્રાંતિ સેવે છે પણ ભ્રાંતિને લીધે સૂક્ષ્મ અથવા બાદર શરીર થયું નથી. શ્રીફળ રૂપી શરીર તેની અંદરના જીવે બનાવ્યું નથી કારણ પુદ્‌ગલની અવસ્થા સ્વતંત્ર છે જીવ અરૂપી પણ સ્વતંત્ર છે બન્ને વચ્ચે અત્યંત અભાવ છે જીવે જડનું કંઈ કર્યું નથી.

પ્રશ્ન :– નાળિયેર વાવવા વાળાએ નાળિયેરી કરીને ?

સમાધાન :– ના, જે પદાર્થો તેના કાળે સ્કંધરૂપ થવાના હોય તે થાય છે, જીવને લીધે થતા નથી. કોઈ પુદ્‌ગલો જમરૂખ થાય તો અંદર જીવ આવ્યો ને પૂર્વે એવું કર્મ ઉપાર્જન કર્યું હતું માટે આ અવસ્થા કે દશા થઈ ને ? ના, જીવ તથા કર્મને લીધે છે જ નહિ આ પુદ્‌ગલની વ્યંજન પર્યાયની વાત ચાલે છે અજ્ઞાની જીવ અભિમાન કરે છે કે હું એની અવસ્થાને કરું છું.

બોરની સૂક્ષ્મતા પુદ્‌ગલના કારણે છે પરમાણુમાં સાક્ષાત્ સૂક્ષ્મતા છે. તેમાં કોઈની અપેક્ષા નથી તેને જીવ બનાવતો નથી.

(૪) **સ્થૂલત્વ :–** બોર આદિ ફળોની અપેક્ષાએ બિલ્વ આદિ ફળોમાં સ્થૂલત્વ – મોટાપણું છે ને ત્રણ લોકમાં વ્યાપ્ત અચેતન મહાસ્કંધ છે તે સર્વથી સ્થૂળ છે – મોટો છે. અહીં સ્થૂળનો અર્થ મોટાપણું લેવું છે, સ્થૂલપણું હોવું તે પુદ્‌ગલની વિભાવ વ્યંજનપર્યાય છે તે જીવના લીધે નથી જીવ જાણનાર દેખનાર છે.

(૫) **સંસ્થાન :–** છ પ્રકારના સંસ્થાન છે, શરીરની આકૃતિ ઉપર નીચે ને મધ્યમાં સરખી હોય તેને સમચતુરસ કહે છે. નીચેના અંગ નાના ને ઉપરના અંગ મોટા હોય તેને ન્યગ્રોધ કહે છે. નીચેના અંગ મોટાને ઉપરના અંગ પાતળા હોય તેને સ્વાતિ કહે છે. કુબડું શરીર હોય તે કુબ્જક છે. શરીર ઠીંગણું હોય તેને વામન કહે છે, જેના અંગ ઉપાંગ ખાસ બેડોળ આકારના ન હોય તેને હુંડક કહે છે. આ છ પ્રકારના સંસ્થાનના ભેદો વ્યવહારનયથી જીવના કહેવાય છે તો પણ આત્મા તો સંસ્થાનથી શૂન્ય છે ચૈતન્યચમત્કાર પરિણામવાળો છે તે સંસ્થાનથી આત્મા જુદો છે. તેથી નિશ્ચયથી તે બધા આકારો પુદ્‌ગલના પર્યાયના ભેદો છે. જુદાં જુદાં શરીરના આકારો બ્રહ્માએ તો બનાવ્યા નથી પણ જોડે રહેલા આત્માએ તેની સૃષ્ટિ કરી નથી. પુદ્‌ગલની સૃષ્ટિ એટલે બનવું પુદ્‌ગલથી થાય છે.

પ્રશ્ન :– જીવ ન હોય તો એવા આકારો અધરોઅધર થતા નથી ?

સમાધાન :– જીવ નિમિત્તમાત્ર છે તેથી વ્યવહારથી તેના બોલાય છે પણ જીવ છે માટે જુદા જુદા આકાર થાય છે એમ નથી. કોઈ જાડા, કોઈ પાતળા, કોઈ ઠીંગણા થાય તે પુદ્‌ગલની સમય સમયની યોગ્યતા મુજબ થાય છે. અજ્ઞાની જીવ ભ્રાંતિ સેવે છે કે મને ઠીંગણું શરીર મળ્યું મને આવો આકાર મળ્યો મારી આંખો ફૂટી ગઈ પણ તે બધી પુદ્‌ગલની અવસ્થા છે જીવને લીધે નથી. અજ્ઞાની જીવો શરીરના અંગોના વખાણ કરે ને હરણ જેવી આંખો ને કેળ જેવા પગો વગેરેની ઉપમા આપે છે પણ તે બધી માંસની પર્યાયો છે. આત્મા તો સંસ્થાન શૂન્ય છે. ચૈતન્ય ચમત્કાર માત્ર છે. અહીં જીવના રાગ દ્વેષ પણ લીધા નથી, જીવને સંસ્થાનથી ભિન્ન રાગ દ્વેષથી ભિન્ન માત્ર જાણવા દેખવાના પરિણામવાળો કહ્યો છે માટે જડનું અભિમાન છોડ ને ચૈતન્ય ચમત્કારની પ્રતીતિ કર, એમ કહેવાનો સાર છે.

હવે જીવના નિમિત્તપણા વિનાના આકારોની વાત કરે છે :–

ગોળ, ત્રિકોણ, ચૌકોર વગેરે પ્રગટ તથા અપ્રગટ અનેક પ્રકારના આકાર છે તે પુદ્‌ગલના કારણે છે માનસ્તંભનો આકાર, અંદર આરસનો ચોરસ આકાર, સૂર્યના કિરણો નાના કાણામાંથી નીકળતા ગોળ તલ્લક ચાંદરડાનો આકાર થવો તે તે કાળના પુદ્‌ગલની યોગ્યતા છે પરના કારણે નથી તે આકારનો તેમ જ રાગાદિ પરિણામનો જીવ જાણનાર માત્ર છે.

(૬) **ભેદ :–** ઘંઉનો લોટ તથા ઘી, ખાંડ આદીરૂપથી અનેક પ્રકારના ભેદ - કટકા

જાણવા, તે ઘંઉનો, બાજરીનો લોટ થવો લોટ જાડો થવો કે ઝીણો થવો તે ઘંટીને લીધે કે દળનારના લીધે નથી તે પુદ્‌ગલની વિભાવ અવસ્થા છે.

પ્રશ્ન :– ઘંટી ફેરવે છે તેનું કાંઈ નહિ ?

સમાધાન :– ઘંટી કોઈ ફેરવે છે ? ફેરવનારને લીધે ઘંટી ફરતી નથી ને ઘંટી ફરવાને લીધે લોટ થતો નથી. જીવ અભિમાન કરે છે. ઘંઉમાંથી લોટ રૂપે ભેદ થવો તે પુદ્‌ગલની અવસ્થા છે. જામી ગયેલા ઘી આંગળીથી કે છરીથી ભેદ પડે તે જીવને લીધે નથી અને છરીથી પણ નથી. સાકરના કે રોટલીના ટુકડા થવા તે દાંતને લીધે નહિ પણ પુદ્‌ગલને લીધે છે વળી લોટમાં ઘણીવાર આખા દાણા રહી જાય છે નાના મોટા ભેદ થાય છે. જો ઘંટીને લીધે હોય તો બધો ભેદ એક સરખો થવો જોઈએ પણ એમ નથી. સાકરના ટુકડા થવા, લાકડાના ફાડીયા થવા, પત્થરના ટુકડા થવા, ગોળના ટુકડા થવા તે ભેદનો સ્વભાવ છે. તેની ભેદ રૂપ વર્તમાન અવસ્થા તારાથી થાય તો તે પુદ્‌ગલને માન્યા નથી, તારો પ્રયત્ન તારામાં છે જડની ભેદરૂપ અવસ્થા જડને લીધે છે આમ જડની પર્યાય સ્વતંત્ર છે એમ કબૂલે તે પોતાની સ્વતંત્રતા કબૂલ્યા વિના રહે નહિ.

પ્રશ્ન :– પુદ્‌ગલથી ચૈતન્ય વિજાતિ છે માટે આત્મા પુદ્‌ગલનું કરી ન શકે પણ પુદ્‌ગલ સજાતિ પુદ્‌ગલનું તો કરી શકે ને ?

સમાધાન :– એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ પણ કરી શકે નહિ. તે તેના કારણે છે, તું જ્ઞાનસ્વરૂપ છો ચૈતન્યમૂર્તિ અભેદ સ્વભાવના આશ્રયે જે ચૈતન્ય પરિણામરૂપ ભેદ અવસ્થા થાય તે તારા કારણે છે તે પરિણામ કોઈ પરને લીધે નથી, પૈસા-લાકડા, તુવેરદાલ વગેરેમાં ભેદરૂપ દશા થાય છે તે તેનાથી થાય છે આત્માથી થતી નથી.

પ્રશ્ન :– આ બધું માનવા માટે બાવા થવું પડશે ?

સમાધાન :– હા, પ્રથમ શ્રદ્ધામાં બાવા થવું જોઈએ, સાચી સમજણ તો કરો સાચી સમજણ વિના સાધુ થઈ જાય પણ વસ્તુ સ્વરૂપનું ભાન નથી તેથી તે મિથ્યાત્વને પોષે છે.

'કુંદકુંદાચાર્ય ભગવાન' મૂલાચાર પા.-૪૯૨ ગાથા-૯૬માં કહ્યું છે કે :–

'वरं गणपवेसादो विवाहस्थ पवेसणं.

विवाहे राग उप्पति गणो... दोसाण मागरो।।९६।।'

અર્થ :– જે સાધુ ખોટી કુળ પરંપરામાં રહે છે જેની કુળ પરંપરા તૂટી ગઈ છે. જેને મિથ્યાત્વ ને કષાયથી નિવૃત્તિ નથી જે પોતે મિથ્યાત્વવશ થયો થકો ગણમા રહે છે તેવા ખોટા ગણમાં રહેવા કરતાં લગ્ન કરી ગૃહસ્થ થયો હોત તો સારું હતું એટલે કે ખોટા ગણમાં સર્વ દોષ આવે છે જેમાં મિથ્યાત્વ, અસંયમ, કષાય ને રાગ-દ્વેષાદિ ઉત્પન્ન થાય છે. પરંતુ વિવાહમાં મિથ્યાત્વની ઉત્પત્તિ થતી નથી, કેમકે પોતે પર પદાર્થથી ને રાગથી જુદો છે એવું ભાન ગૃહસ્થદશામાં રાખે તો વિવાહાદિ રાગનો દોષ અલ્પ છે, અહીં લગ્ન કરવાનું કહ્યું નથી પણ આત્માના

ભાનપૂર્વક વિવાહનો રાગ ચારિત્રનો દોષ લાવે છે તે અલ્પ દોષ છે જ્યારે ભાન વિના સાધુ થાય ને પોતાના માન કષાય માટે ખોટી પરંપરા ચલાવે, ખોટા સાધુનો સંપર્ક કરે, આમ થવાથી પોતે પોતાને સાધુના નામે ઠગે છે ને અન્ય જનો પણ તેવા સાધુના નિમિત્તે ઠગાય છે, એથી તેમાં મિથ્યાત્વનો મોટો દોષ લાગે છે તેથી મોટો દોષ છોડાવવા આ કથન કર્યું છે.

'બુદ્ધિ વિનાના બાવા થયાને ભવસાગરમાં ડૂબી મુઆ' 'અષ્ટપાહુડ'માં કહ્યું છે કે :– જે જિનાગમ-સૂત્રથી ભ્રષ્ટ થઈ ખોટા સૂત્રો રચે છે તે જીવ ખોટા ગચ્છ ને સંપ્રદાયના નામે એકલા મિથ્યાત્વનું પોષણ કરે છે. જેણે સાચા દેવ-ગુરુ-શાસ્ત્રથી વિરુદ્ધ કહી શાસ્ત્ર ખોટા લખ્યા તે તથા તેના માનનાર ગૃહિત મિથ્યાદૃષ્ટિ છે. અત્યારે સંપ્રદાયમાં આત્માની વાતો કરનારા ઘણાં નીકળી પડ્યા છે, સનાતન જૈન માર્ગ સિવાય બીજા સંપ્રદાયો ભ્રષ્ટ થયેલા છે. એવા ખોટા ગચ્છની પુષ્ટિ જે સાધુ કરે છે તેને 'કુંદકુંદાચાર્ય' કહે છે કે કુસાધુ થવાને બદલે તું સ્ત્રી પરણ્યો હોત તો બીજા તને ગુરુ તો ન માનત ને સ્વચ્છંદને પોષત નહિ, સંપ્રદાયના સાધુને હજુ વ્યવહાર શ્રદ્ધાના પણ ઠેકાણા નથી તો પછી તું આત્માની વાત લાવ્યો ક્યાંથી ? મોટા વૈરાગ્ય વાળા ને જુની દીક્ષાવાળા એ પણ આ વાત સાંભળી નથી માટે માન કષાયને પોષવાને સાધુ માનવા ને મનાવવા તે મિથ્યાત્વને પોષે છે. સનાતન જૈન દિગંબર માર્ગ સિવાય બીજે ક્યાંય પણ આ વાત નથી.

અહીં પુદ્‌ગલના ભેદની વાત ચાલે છે. ઘી, લાકડા, ચુનો વગેરેમાં ભેદ પડે તે આત્માને કારણે નથી, તે પુદ્‌ગલદ્રવ્યની વિભાવ વ્યંજનપર્યાય છે.

(૭) **તમ :–** દૃષ્ટિને રોકવાવાળો જે અંધકાર છે તેને તમ કહે છે, તે પુદ્‌ગલદ્રવ્યની પર્યાય છે. દીવો ઓલવી નાખ્યો માટે અંધારું થયું ? ના, તે વાત ખોટી છે અજ્ઞાની માને છે કે દીવો આવ્યો માટે અજવાળું થયું ને દીવો ઓલવાઈ ગયો માટે અંધારું થયું અથવા વાદળાંને લીધે અંધારું માને છે તે બધી ભ્રમણા છે તમ અથવા અંધારું પુદ્‌ગલની પર્યાય છે પરને લીધે નથી.

પ્રશ્ન :– આમાં ધર્મ શો આવ્યો ?

સમાધાન :– જે જીવો પરને લીધે અંધકાર માને છે તે સંયોગને જોનારો છે, અંધકાર સ્વતંત્ર થાય છે એમ જાણ્યા વિના અજ્ઞાન અંધકાર ટળશે નહિ. જે જીવ સ્વભાવથી જુએ તે પોતાના સ્વભાવને સ્વતંત્ર ભાળે છે. પુદ્‌ગલની અવસ્થા સ્વતંત્ર છે, એમ જે માને છે તે જીવ પોતાની અવસ્થા સ્વતંત્ર છે એમ માન્યા વિના રહેવાનો નથી પોતાની અવસ્થાને દ્રવ્ય સ્વતંત્ર માનનાર પોતાના સ્વભાવ તરફ વળતાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય પ્રગટ કરવાનો ને તે જ ધર્મ છે.

(૮) **છાયા :–** વૃક્ષના નિમિત્તે થતી છાયા પુદ્‌ગલની અવસ્થા છે છાયા ઝાડને લીધે નથી, છાયા ને વૃક્ષ જુદા જુદા સ્કંધો છે. વૃક્ષ કપાયા પછી ભેગા થતા નથી માટે તે સ્થૂલ

સ્થૂલ છે ને છાયા સ્થૂલ સૂક્ષ્મ છે તે આંખે દેખાય છે માટે સ્થૂલ ને હાથથી ન પકડાય માટે સૂક્ષ્મ એમ સ્થૂલ સૂક્ષ્મ છે બન્ને સ્કંધની જાત જુદી છે. સ્કંધના છ ભેદો કહ્યા છે તે જીવને લીધે નથી પણ પુદ્‌ગલને લીધે છે. એકબીજાને લીધે હોય તો છ રહેતા નથી આમ સ્વતંત્ર છાયા છે એમ સમજી આત્મા માત્ર જાણનાર-દેખનાર છે એમ જ્ઞાન કરવું તે ધર્મ છે.

## નિરાંલબી તત્ત્વ સન્માર્ગ પ્રવર્તક શ્રી સદ્‌ગુરુદેવનો જય હો !!!

### ભાદરવા વદ ૯, શુક્રવાર, ૧૨-૯-૫૨

આત્મા જ્ઞાનસ્વભાવી છે તે જ ઉપાદેય છે એમ દૃષ્ટિ કરીને સમ્યક્‌દર્શન પ્રગટ થતાં સમ્યક્‌જ્ઞાન પ્રગટે છે, તે અજીવાદિ પરપદાર્થો સ્વતંત્ર છે એમ જાણે છે, એકબીજાને લીધે પરાધીન માને તેનું જ્ઞાન મિથ્યા છે અહીં પુદ્‌ગલની સ્કંધરૂપ અવસ્થા – વિભાવ વ્યંજન પર્યાયની સ્વતંત્રતાની વાત ચાલે છે.

**(૭) તમ :–** દૃષ્ટિને અંધકાર રોકે છે એમ કથન કર્યું છે તે નિમિત્તથી કથન છે દૃષ્ટિની એવી યોગ્યતા છે તેથી અંધારામાં જોઈ શકતો નથી અહીં દૃષ્ટિ સિદ્ધ કરવી નથી પણ અંધકાર સિદ્ધ કરવો છે. દીવો લઈ લીધો માટે અંધકાર થયો એમ માનનાર સંયોગને જોનારો છે, અંધકાર પુદ્‌ગલની સ્કંધરૂપ વ્યંજન પર્યાય છે તે આંખથી દેખાય છે માટે સ્થૂલ ને હાથે પકડાતો નથી માટે સૂક્ષ્મ તેથી સ્થૂલ સૂક્ષ્મ કહે છે.

**(૮) છાયા :–** છાયામાં વૃક્ષની છાયા ને મનુષ્યાદિની છાયા બે જુદી પાડવી છે વૃક્ષની છાયા વૃક્ષને લીધે નથી. છાયા જુદી છે ને વૃક્ષ જુદું છે, પુદ્‌ગલ સ્કંધના છ ભેદો ભગવાને કહ્યાં છે.

(૧) સ્કંધો છૂટા પડ્યા પછી ભેગા ન થાય તે સ્થૂલ સ્થૂલ છે જેમકે લાકડા, પૃથ્વી વગેરે.

(૨) સ્કંધો છૂટા પડ્યા પછી એની મેળે ભેગા થાય તે સ્થૂલ છે જેમકે તેલ-ઘી વગેરે.

(૩) જે સ્કંધો આંખથી દેખાય ને બીજી ઈન્દ્રિયથી પકડાય નહિ તે સ્થૂલ સૂક્ષ્મ છે જેમકે છાંયો વગેરે.

(૪) જે સ્કંધો આંખથી ન દેખાય પણ બીજી કોઈ ઇન્દ્રિયથી પકડાય તે સૂક્ષ્મ સ્થૂલ છે જેમકે શબ્દ.

(૫) કોઈ ઇન્દ્રિયોથી પણ ન પકડાય તે સૂક્ષ્મ જેમકે કાર્મણ સ્કંધો.

(૬) કાર્મણથી સૂક્ષ્મ સ્કંધો બે પરમાણુથી અનંતા પરમાણુ સુધીના સ્કંધો તે સૂક્ષ્મ સૂક્ષ્મ છે.

વૃક્ષ સ્થૂલ સ્થૂલ છે છાયા સ્થૂલ સૂક્ષ્મ છે આંગળા સ્થૂલ સ્થૂલ છે. તેનો પડછાયો સૂક્ષ્મ સ્થૂલ છે આમ સ્કંધોની જાત જ જુદી છે.

સળીયા સ્થૂલ સ્થૂલ છે તેની તડકામાં છાયા પડે છે તે સ્થૂલ સૂક્ષ્મ છે માણસનું શરીર સ્થૂલ સ્થૂલ છે ને તેનો પડછાયો સ્થૂલ સૂક્ષ્મ છે, વળી પવનથી ઝાડ ચાલે છે તેમાં ઝાડ સ્થૂલ સ્થૂલ છે પણ તેમાં તેની છાયા ક્ષેત્રાતંર થતી નથી. માણસ ચાલતી વખતે તેનો પડછાયો જાણે દોડતો દેખાય છે પણ પડછાયો દોડતો નથી. જમીન ઉપરના જુદા જુદા પરમાણુ કાળા-કાળા રૂપે પરિણમતા દેખાય છે. વળી આ આંગળી તડકામાં રાખી માટે તેના લીધે તેની છાયા કાળારૂપે દેખાય છે ? એમ એક પંડિતને પ્રશ્ન કરવામાં આવેલ તેણે કહ્યું કે છાયો આંગળીને લીધે છે પણ તે વાત તદ્દન ખોટી છે, આંગળી સ્થૂલ સ્થૂલ છે, છાયો સ્થૂલ સૂક્ષ્મ છે બન્ને જાત જુદી છે. અજ્ઞાની સંયોગ ને ભાળે છે, જ્ઞાની સ્વભાવને ભાળે છે, દરેક પર્યાય સ્વતંત્ર છે તે પોતાથી થઈ રહી છે. જીવને લીધે તો નથી પણ બીજા પુદ્ગલોને લીધે પણ નથી. હું તો તે પર્યાયનો જાણનાર છું એમ કહેવું તે પણ વ્યવહાર છે, સ્વનું જ્ઞાન થતાં છાયાનું જ્ઞાન થઈ જાય છે. આમ યથાર્થ જ્ઞાન કરવું તે ધર્મ છે દરેક પદાર્થ સ્વયંસિદ્ધ છે મારું જ્ઞાન સંયોગ વિનાનું છે જ્ઞાનરૂપે પરિણમે છે તે મારી ચીજ છે, રાગ હોવા છતાં જેને જ્ઞાનની મુખ્યતા છે તે જીવ જ્ઞાનરૂપે પરિણમતો પરને વ્યવહારે જાણે છે.

આ 'દ્રવ્યસંગ્રહ' છે. દરેક દ્રવ્ય તેની વર્તમાન પર્યાય સહિત સ્વતંત્ર છે એમ સિદ્ધ કરવું છે.

મનુષ્યનું શરીર સ્થૂલ સ્થૂલ છે ને તેનું પ્રતિબિંબ અરીસામાં પડે છે તે અરીસાની પર્યાય છે તે પણ સ્થૂલ સ્થૂલ છે, પ્રતિબિંબ ને પડછાયો જુદી ચીજ છે, મનુષ્યના શરીરનો પડછાયો સ્થૂલ સૂક્ષ્મ છે ને અરીસાનું પ્રતિબિંબ સ્થૂલ સ્થૂલ છે, અરીસામાં ચકલું દેખાય છે તે અરીસાની સ્વચ્છતા છે તે સ્થૂલ સ્થૂલ છે. ચકલાને લીધે નથી, છાયો કે પ્રતિબિંબ કોઈના લીધે નથી, પુદ્ગલની પર્યાય પરને લીધે હોય તો પુદ્ગલ દ્રવ્ય સાબિત થતું નથી. અહીં દ્રવ્યોની સ્વતંત્રતા બતાવી ભેદજ્ઞાન કરાવે છે. દરેક દ્રવ્યનો વર્તમાન પર્યાય સ્વતંત્ર છે તે તેના લીધે છે ને મારો વિકાર પણ મારા કારણે છે પરને લીધે નથી વળી વિકાર ક્ષણિક છે. દ્રવ્ય ત્રિકાળ છે, ક્ષણિકને લીધે ત્રિકાળ નથી આમ નક્કી કરતાં ક્ષણિકનો આશ્રય છૂટી ત્રિકાળી સ્વરૂપનો આશ્રય લેતા યથાર્થ જ્ઞાન પ્રગટે છે. આમ સ્વ-પર પ્રકાશક જ્ઞાન પ્રગટતાં પુદ્ગલાદિનું યથાર્થ જ્ઞાન થાય છે.

**(૯) ઉદ્યોત :–** ચંદ્રમાના, વિમાનના પ્રકાશને તથા આગિયા વગેરે તિર્યંચ જીવોના શરીરનાં

પ્રકાશને ઉદ્યોત કહે છે, તે ઉદ્યોત પુદ્‌ગલ દ્રવ્યના વિભાવ વ્યંજન પર્યાય છે. ચંદ્રમાના વિમાનમાં એકેન્દ્રિય જીવ છે અથવા પતંગિયાના શરીરમાં જીવ છે માટે ઉદ્યોત છે એમ નથી. સિંહની આંખમાં પ્રકાશ દેખાય છે તે જીવને લીધે નથી પણ તે ઉદ્યોત પુદ્‌ગલ દ્રવ્યની વિભાવ વ્યંજન પર્યાય છે.

**(૧૦) આતપ :–** સૂર્યના, વિમાનના પ્રકાશને તથા સૂર્યકાંત મણીના પ્રકાશને આતપ કહે છે, તેની અંદર એકેન્દ્રિય જીવ છે માટે પ્રકાશ છે એમ નથી. પુદ્‌ગલ દ્રવ્ય સત્ - ગુણ સત્ ને પર્યાય સત્ છે. પર્યાય પરને લીધે હોય તો પર્યાય સાબિત થતી નથી. આતપ પુદ્‌ગલ દ્રવ્યની વિભાવ વ્યંજન પર્યાય છે.

પુદ્‌ગલમાં લુખાશ ને ચિકાશના કારણે બંધ થાય છે તે જીવનું દૃષ્ટાંત આપીને સમજાવે છે. અહીં એવો આશય છે કે શુદ્ધ નિશ્ચયનયથી જીવના નિજ આત્માની પ્રાપ્તિરૂપ સિદ્ધ સ્વરૂપમાં સ્વભાવ વ્યંજન પર્યાય છે, આત્મા જ્ઞાન ને આનંદ સ્વરૂપ છે એવા આત્માનાં શ્રદ્ધા-જ્ઞાન ને રમણતા કરી પૂર્ણ શુદ્ધતા પ્રગટ થાય તે સિદ્ધ દશા છે. તે દશા સ્વભાવ વ્યંજન પર્યાય છે. અહીં આખા દ્રવ્યના પર્યાયની વાત ચાલે છે. આવી શક્તિ દરેક જીવમાં રહેલી છે તો પણ અનાદિકાળથી અજ્ઞાની જીવ કર્મને તાબે થયેલો પુદ્‌ગલના ચિકાશને લુખાશના સ્થાનભૂત રાગ-દ્વેષરૂપ પરિણામ કરે છે કર્મો તેને તાબે કરતા નથી, પણ પોતાને દયા દાનાદિ વિકાર જેટલો માની અથવા કર્મો વગેરે નિમિત્તને આધિન થઈ મિથ્યાત્વ રાગ ને દ્વેષરૂપ પરિણમે છે ને તેથી આત્માના શુદ્ધ સ્વભાવના આશ્રયે થતી સ્વાભાવિક પરમ આનંદ સ્વાસ્થાભાવથી ભ્રષ્ટ થાય છે એટલે કે આત્માની નીરોગ દશા-આનંદ દશા ઉત્પન્ન કરતો નથી, આત્માનો મૂળ સ્વભાવ તો જ્ઞાનરૂપ છે ને તેનું જ્ઞેય સ્વ આત્મા પોતે છે તેમ પોતે પોતામાં એકાકાર થઈ આનંદનો અનુભવ લેવો જોઈએ તે આનંદ લેતો નથી, પોતાનો એકરૂપ જાણવાનો સ્વભાવ છોડીને આ બહારના પદાર્થો હોય તો ઠીક ને આ હોય તો ઠીક નહિ એમ જ્ઞેયોમાં ઠીક અઠીક કરી ભંગ પાડી જ્ઞાન મિથ્યાભ્રાંતિ રાગ ને દ્વેષમાં અટકે છે તેથી અજ્ઞાની જીવ મનુષ્ય નારક આદિ વિભાવ વ્યંજનપર્યાયરૂપ થાય છે. મનુષ્ય ને નારકના શરીરની પર્યાયની વાત નથી અંદર આત્મા તે રૂપ પરિણામ ને આકાર રૂપ થયો તે અરૂપી આત્માની વિભાવ વ્યંજનપર્યાયની વાત છે. હું શેઠીયો છું, હું પૈસા વાળો છું એમ અભિમાન કરી સ્વભાવથી ભ્રષ્ટ થઈ ચાર ગતિમાં રખડે છે.

પોતાનું જ્ઞાન સ્વ-પર પ્રકાશક છે તે જ્ઞાન પ્રગટ થતાં અવિનાભાવી આનંદ પ્રગટ થાય છે તે આનંદ કેવો છે તે જ્ઞાન જાણે છે. અહીં આનંદની મુખ્યતાથી વાત કરે છે પોતાના શુદ્ધ આત્માના શ્રદ્ધા-જ્ઞાન કરી પૂર્ણતા પ્રગટ કરે તો પરમ આનંદ દશા - નીરોગ દશા પ્રગટે પણ જે કર્મને આધીન થાય છે. તેને આકુળતા થાય છે ને ચાર ગતિરૂપ પરિણામ થાય છે. સિદ્ધના જીવો સ્વભાવ વ્યંજન પર્યાયવાળા છે ને પરને તાબે થયેલા જીવો વિભાવ વ્યંજન

પર્યાયવાળા છે આ જીવનું દૃષ્ટાંત પૂરું થયું તેનો સિદ્ધાંત હવે પુદ્‌ગલમાં ઉતારે છે.

તેવી રીતે પુદ્‌ગલમાં પરમાણુ શુદ્ધ નિશ્ચયનયથી સ્વભાવ વ્યંજન પર્યાયવાળો છે. તો પણ પુદ્‌ગલમાં ચિકાશ તથા લૂખાશના કારણે બંધ થાય છે એ નિયમ મુજબ જીવના રાગ-દ્વેષ સ્થાનીય પુદ્‌ગલમાં લુખાસ-ચિકાશના કારણે બે પરમાણુથી અનંતા પરમાણુ પોતાની યોગ્યતાના કાળે સ્કંધરૂપ અવસ્થા ધારણ કરે છે.

પૂર્વે શબ્દ બંધ સ્થૂલ સૂક્ષ્મ વગેરે સ્કંધોના દસ ભેદો બતાવ્યા તે બધા લુકાશ - ચિકાશના કારણે થાય છે, શબ્દ બોલાય છે તે આત્માથી તો બોલાતો નથી પણ હોઠથી બોલાતો નથી, હોઠ આહાર વર્ગણામાંથી બનેલ છે શબ્દો ભાષા વર્ગણામાંથી લુખાશ ચિકાશના કારણે બનેલ છે કર્મનો બંધ પડે તે આત્માના રાગ-દ્વેષના કારણે નહિ પણ લુખાશ ચિકાશના કારણે કર્મો બંધાય છે, ઘડો કુંભારને લીધે નહિ, લોટ ઘંટીને લીધે નહિ, આમ શબ્દ, બંધ, સૂક્ષ્મ-સ્થૂલ સંસ્થાન-ભેદ-અંધકાર, છાયા, ઉદ્યોત ને આતપ આમ દસે સ્કંધના ભેદો લુખાશ-ચિકાશના કારણે થાય છે તે બધી પુદ્‌ગલની પર્યાયો છે આમ સ્વતંત્રતા બતાવી નિમિત્તો ઉપરની દૃષ્ટિનો નિષેધ કરાવ્યો.

વળી તેવી રીતે શાસ્ત્રોએ બતાવેલ લક્ષણ ને ધારક આકુંચન પ્રસારણ આદિને વિભાવ વ્યંજન પર્યાય જાણવી.

શરીરનું સંકોચ પામવું દુબળું થવું તે પુદ્‌ગલની અવસ્થા છે. શ્વાર ઊંચો લેતા શરીર સંકોચ પામે છે તે જીવને લીધે તો નથી પણ શ્વાસને લીધે નથી, શ્વાસ જોરથી ધમણની જેમ ચાલવો પગનું અકડાઈ જવું, પહોળો થવો તે બધી પુદ્‌ગલની પર્યાય છે જીવનો તેમાં અધિકાર નથી.

દૂધમાંથી દહીં થવું, દૂધ વગેરે નીકળવું, તલમાંથી તેલ નીકળવું મુસંબીમાંથી પાણી નીકળવું, વીજળી થવી, ધનુષ્યમાંથી બાણની ગતિ રૂપ અવસ્થા થવી તે બધી પુદ્‌ગલની અવસ્થા છે, બરફમાંથી ભૂકો થાય ને પાછો ભેગો થાય તે દાબનારને લીધે નથી પણ તેના લુખાશ ચિકાશ ગુણના કારણે છૂટા અથવા ભેગા થાય છે તેનો તે રૂપનો વિભાવ વ્યંજન પર્યાયનો કાળ છે આમ સ્વભાવથી સમજણ કરે તેને ભેદજ્ઞાન થાય છે.

## પ્રસાદ નં. – ૩૨૫

**વી. નિ સં. ૨૪૭૮, ભાદરવા વદ ૭, વર્ષ ૨જું. પુસ્તક અગિયારમું,**
**સોનગઢ, તા. ૧૯-૯-૫૨, શુક્રવાર.**
**શ્રી દ્રવ્યસંગ્રહ ગાથા–૧૬, ૧૭**
**(ભાદરવા વદ ૧૦, શનિવાર, ૧૩-૯-૫૨ બપોર)**

આ જગતમાં જડ ને ચૈતન્ય અનાદિ અનંત વસ્તુ છે જીવ જ્ઞાન સ્વભાવી આદિને અંત વિનાનો છે તેની પર્યાયમાં રાગ-દ્વેષ રૂપ સંસાર છે તે રાગ-દ્વેષ મૂળ વસ્તુમાં નથી, મૂળ વસ્તુ તો શુદ્ધ જ છે એમ ભાન થતાં સ્વ-પર પ્રકાશક જ્ઞાન ખીલે છે તે જ્ઞાનમાં આત્મા પોતે નિશ્ચય જ્ઞેય છે ને વ્યવહારે બીજા જ્ઞેયોને પણ જાણે છે કે વિકારમાં અન્ય પદાર્થ નિમિત્ત છે વળી બીજા પુદ્‌ગલ દેખાય છે તે પણ અજીવ છે તે જીવ નથી જે ન હોય તે નવા થાય નહિ ને જે હોય તે સર્વથા નાશ થાય નહિ તેનું ભાવાંતર થાય વસ્તુ કાયમ રહીને પલટે.

આ અજીવ અધિકારમાં ૧૫મી ગાથામાં પુદ્‌ગલના ગુણો બતાવ્યા પુદ્‌ગલના જથ્થાને સ્કંધ કહે છે ને નાનામાં નાના પુદ્‌ગલના અણુને પરમાણુ કહે છે તે બધામાં સ્પર્શ-રસાદિ ગુણ અનાદિ અનંત છે, દ્રવ્ય ગુણ કાયમ રહે છે ને અવસ્થા પલટાય છે. ૧૬મી ગાથામાં પુદ્‌ગલની અવસ્થાઓ દસ પ્રકારે થાય છે એમ બતાવ્યું. આમ પુદ્‌ગલમાં દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે સિદ્ધ કર્યા, શબ્દ, બંધ આદિ પર્યાય થાય છે તે પુદ્‌ગલની દશા છે તે તેનાથી થાય છે. જીવથી થતી નથી આત્માને સ્વ-પર પ્રકાશક યથાર્થ જ્ઞાન થતાં જડની દશાનો યથાર્થ ખ્યાલ આવે છે. આ ભાષા બોલાય છે તે આત્માથી તો નથી બોલાતી પણ હોઠથી પણ બોલાતી નથી, હોઠ આહાર વર્ગણામાંથી બનેલ છે ને શબ્દ ભાષા વર્ગણામાંથી બનેલ છે બન્ને વર્ગણા જુદી છે, આમ ભાષાનું પરિણમન થાય છે એમ જ્ઞાન જાણે છે પણ જ્ઞાનને લીધે ભાષા નથી ને ભાષાને લીધે જ્ઞાન નથી, ભાષા ભાષાથી છે જ્ઞાન જ્ઞાનથી છે આમ સમજ્યા વિના ધર્મ થાય નહિ.

કર્મનો બંધ પુદ્‌ગલનો વિભાવ વ્યંજન પર્યાય છે વળી આત્માની પર્યાયમાં થતા દયા-દાનાદિના પરિણામ ને કામક્રોધના પરિણામ આત્માની મૂળ વસ્તુ નથી, જો મૂળમાં હોય તો વિકાર કદી ટળે નહિ, તેથી સ્વભાવ દૃષ્ટિએ વિકારને અભૂતાર્થ ગણી પુદ્‌ગલનો વિકારી વ્યંજન

પર્યાય કહી દીધો છે.

સંસ્થાન, ભેદ વગેરે પુદ્ગલની અવસ્થા છે. લોટ ઘંટીથી થયો નથી તે વખતની ભેદરૂપ અવસ્થા પુદ્ગલના કારણે છે. અજ્ઞાની જીવ સંયોગને ભાળે છે. સંયોગને લીધે પરમાં ફેરફાર થતો નથી. સંયોગો આત્મામાં ફેરફાર કરતા નથી. આત્મા સંયોગમાં ફેરફાર કરે નહિ, અંધકાર થાય છે તે પુદ્ગલની પર્યાય છે. દીવો ઓલવાઈ ગયો માટે અંધકાર થયો એમ છે જ નહિ, છાયા વૃક્ષથી થતી નથી. વૃક્ષ સ્થૂલ સ્થૂલ છે. છાયા સ્થૂલ સૂક્ષ્મ છે, આંગળી તડકામાં રહેતા છાયો દેખાય છે તે આંગળીને લીધે નથી. તેમજ જીવને લીધે નથી, વળી જડની અવસ્થા થાય છે માટે જડમાં અવસ્થા થાય છે એમ પણ નથી. એમ ઉદ્યોત આતાપ વગેરે દસ પ્રકાર બતાવ્યા તે પુદ્ગલની વિભાવ વ્યંજન પર્યાય છે.

જેમ આત્મા ત્રિકાળ વસ્તુ, તેના જ્ઞાનાદિ ગુણો ત્રિકાળ, ને તેની જ્ઞાનાદિ પર્યાયો સમયે સમયે પલટે છે તેમ પુદ્ગલ દ્રવ્યને સ્પર્શાદિ ગુણો ત્રિકાળી છે ને તેની પર્યાય સમયે સમયે પલટે છે તે પર્યાયોના દસ ભેદ બતાવ્યા, દ્રવ્ય-ગુણ કાયમ રહે ને પર્યાયમાં નવું નવું થયા કરે તે કોઈને લીધે નથી. શબ્દ, બંધ વગેરે દસ પ્રકારે સ્કંધોની અવસ્થા થાય છે તેની જડને ખબર નથી. પણ જ્ઞાની જાણે છે કે આ પુદ્ગલની અવસ્થા પુદ્ગલના કારણે થાય છે ને તે આત્માના જ્ઞાનમાં જણાય છે તે પણ વ્યવહારે છે. ખરેખર આત્મા પોતાને જાણે છે તે નિશ્ચય છે. પુદ્ગલો તેના કારણે દસ પ્રકારના સ્કંધરૂપે પરિણમે છે તે તેનો નિશ્ચય છે. આત્મા તેને જાણે છે. એ વ્યવહાર છે ને પોતાને જાણે છે એ નિશ્ચય છે આ પ્રમાણે બે ગાથામાં પુદ્ગલનું વર્ણન સંક્ષેપમાં કર્યું ॥૧૬॥

અન્ય મતમાં જીવ પુદ્ગલ વગેરે ને તેમની માન્યતા મુજબ માને છે પણ ધર્મ-અધર્મ દ્રવ્યનું નામ ક્યાંય નથી, ધર્મ-અધર્મ સર્વજ્ઞ ભગવાને જોયા છે તેનું હવે વર્ણન કરે છે.

### ગાથા-૧૭

**गइपरिणयाण धम्मो पुग्गलजीवाण गमणसहयारी।**
**तोयं जह मच्छाणं अच्छंताणेव सा णेई।।१७।।**

**ગાથા-ભાવાર્થ :–** જીવ પુદ્ગલ પોતાના કારણે ગમન કરે છે અથવા ક્ષેત્રાંતર કરે છે તેમાં ધર્મદ્રવ્ય નિમિત્ત છે જેવી રીતે માછલીને ચાલવામાં પાણી સહકારી કારણ છે, પાણી

માછલીને પરાણે ચલાવતું નથી તેવી રીતે નહિ ગમન કરતા જીવ તથા પુદ્‌ગલોને ધર્મ દ્રવ્ય કદાપિ પરાણે ગમન કરાવતું નથી.

**વ્યાખ્યાર્થ :–** જે જીવ પુદ્‌ગલો ગમનક્રિયા સહિત છે તેને ધર્મદ્રવ્ય સહકારી કારણ થાય છે. દૃષ્ટાંત – જેવી રીતે માછલીને ગમનમાં જળ સહાયક છે તેવી જ રીતે જીવ પુદ્‌ગલને ગમનમાં ધર્મદ્રવ્ય નિમિત્ત છે. પરંતુ જે જીવ ને પુદ્‌ગલો સ્વયં સ્થિર છે તેને ધર્મ દ્રવ્ય પરાણે ચલાવતું નથી, સિદ્ધ પોતાના કારણે સ્થિર છે. તેને ધર્મ દ્રવ્ય પરાણે ચલાવતું નથી. જે ચાલે છે તેને નિમિત્ત કહેવાય છે.

હવે બીજો દૃષ્ટાંત આપે છે. સિદ્ધ ભગવાન અમૂર્ત છે. સ્પર્શ, રસ, ગંધ, વર્ણ વિનાના છે વળી તે અક્રિય છે એટલે ગતિ કરતા નથી, પોતામાં જ્ઞાનદર્શન ચારિત્ર આનંદનું રૂપાંતર થાય છે પણ ક્ષેત્રાતંર થતું નથી, માટે ક્રિયા રહિત છે તથા 'તું મારું ધ્યાન કર' એવી કોઈને પ્રેરણા કરતા નથી માટે પ્રેરણા રહિત છે. આ જગતમાં અનંતા જીવો રખડે છે છતાં તેને ઉપદેશ આપવા જતા નથી 'જેમકે પુણ્ય-પાપમાં ધર્મ નથી, તારા આત્મામાં ધર્મ છે' એવો ઉપદેશ આપવા જતા નથી તો પણ તે સિદ્ધ ભગવાન ભવ્ય જીવોને સિદ્ધ ગતિમાં સહકારી કારણ થાય છે, તે કેવી રીતે ? ભવ્ય જીવ વિચારે છે કે 'હું સિદ્ધ સમાન છું અનંત જ્ઞાન-દર્શન ને ચારિત્રને વીર્ય આદિ ગુણોનો ભંડાર છું સિદ્ધની જાતને મારી જાત એક છે અનંત ચતુષ્ટય તથા સ્વચ્છત્વ, વિભુત્વ, પ્રભુત્વ વગેરે શક્તિનો હું ધારક છું પર્યાયમાં જરા રાગ ઊઠે છે તે મારું ખરું સ્વરૂપ નથી. નિશ્ચયથી હું તો સિદ્ધ સમાન છું.' આમ જે વ્યવહારથી સિદ્ધ ભક્તિનો એટલે આત્માની ભક્તિનો ધારક છે તથા નિશ્ચયથી પોતાના ચિદાનંદ સ્વરૂપ આત્માનું નિર્વિકલ્પ ધ્યાન વર્તે છે તેવા જીવને સિદ્ધ નિમિત્ત થાય છે. પ્રથમ સિદ્ધ સાથે પોતાના આત્માને સરખાવતાં રાગની વૃત્તિનું ઉત્થાન થાય છે ને વિચારે કે સિદ્ધ અશરીરી છે, વિકાર રહિત છે, તેમને બધી પર્યાયો શુદ્ધ પ્રગટી છે તેમ મારામાં એવી જ શક્તિ છે ને હું પણ સંપૂર્ણ શુદ્ધદશા પ્રગટાવી શકીશ એવો રાગ સહિત વિચાર કરવો તે વ્યવહાર છે પણ તે વ્યવહાર ક્યારે કહેવાય ? તે વ્યવહારનો નિષેધ વર્તે છે ને પોતાના આત્મામાં શુદ્ધ ઉપાદાનના કારણે નિર્વિકલ્પ ધ્યાન પ્રગટ કરેલ છે તેને વ્યવહારે સિદ્ધ ભક્તિ કહેવાય છે. હું સિદ્ધ છું એવા વિકલ્પથી નિર્વિકલ્પ ધ્યાન પ્રગટતું નથી પણ હું ચિદાનંદ સ્વરૂપ છું એવા વિકલ્પ રહિત અંતરમાં એકાગ્રતા કરવાથી નિર્વિકલ્પતા પ્રગટે છે.

પ્રશ્ન :– સિદ્ધ તો શુદ્ધ છે માટે તે કંઈ પરદ્રવ્ય કહેવાય ?

સમાધાન :– હા, સિદ્ધ પરદ્રવ્ય છે. પરદ્રવ્યના રાગ સહિત વિચારથી લાભ થતો નથી, જો ત્રણલોકના નાથથી કલ્યાણ થતું હોય તો બધાનું કલ્યાણ થવું જોઈએ, તેમના લક્ષે ધ્યાન થતું નથી, તેના ઉપરથી લક્ષ ઉઠાવી પોતામાં એકાગ્ર થાય તો નિર્વિકલ્પ ધ્યાન પ્રગટે છે.

પ્રશ્ન :– આ ક્યા ગુણસ્થાનકની વાત કરો છો ?

સમાધાન :– આ ચોથેથી નિર્વિકલ્પ ધ્યાનની શરૂઆત થાય છે. ચોથે ને પાંચમે ને સાતમે ને તેની ઉપરના ગુણસ્થાનકે નિર્વિકલ્પ ધ્યાન હોય શકે છે. મુનિઓને નિર્વિકલ્પ ધ્યાન વારંવાર આવે છે મુનિને એક વસ્ત્રનો તાણોવાણો હોઈ ન શકે મુનિ નિર્ગ્રંથ દશાવાળાને બાહ્યમાં નગ્ન અવસ્થાવાળા હોય છે.

એવા મહાન મુનિ 'નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તી' એ 'દ્રવ્ય સંગ્રહ'ની ગાથા ૫૮ની અંદર આખા લોકાલોકનું – છ દ્રવ્યનું સ્વરૂપ બહુ અદ્ભૂત રીતે ગાગરમાં સાગરની જેમ સમાડી દીધું છે. જુઓ, અહીં તો ધર્માસ્તિકાયનું ગમનમાં સહકારીપણું બતાવવું છે, પણ તેમાં દૃષ્ટાંત સિદ્ધ ભગવાનનો આપ્યો. જે ભવ્ય જીવને પોતાના આત્માનું ભાન થઈ નિર્વિકલ્પ ધ્યાન પ્રગટ થયું છે તેવો જીવ શુભરાગ વખતે વિચારે છે કે હું જ્ઞાનાનંદ છું એવો વિકલ્પ શુભરાગ છે ધર્મ નથી. સિદ્ધ અનંતજ્ઞાની અનંતદર્શી થયા ને હું પણ થવાનો છું વર્તમાન રાગ તે અપરાધ છે તે અપરાધ તથા અલ્પજ્ઞતા શુદ્ધ સ્વભાવના આશ્રયે ટળી જશે, હું વીતરાગી સિદ્ધદશા અનંતજ્ઞાની અનંતદર્શી પ્રગટરૂપે થઈશ એવો જે નિશ્ચયના ભાન સહિત સિદ્ધનો વિચાર કરે છે, પુરુષાર્થ લાવી નિર્વિકલ્પ ધ્યાન લાવી સિદ્ધદશા પ્રગટાવે છે તેને સિદ્ધ ભગવાન સિદ્ધ ગતિમાં સહકારી કારણ થાય છે, પોતે પોતાના કારણે સિદ્ધદશા પ્રગટ કરે છે તો અમૂર્તિક અક્રિય ને અપ્રેરક સિદ્ધ ભગવાન તે ભવ્ય જીવને નિમિત્ત કહેવાય છે.

પણ જે સિદ્ધનો વિચાર કરતા નથી ને વેપારાદિની રુચિમાં મશગુલ રહે છે તેને સિદ્ધ પરાણે વિચાર કરાવતા નથી, 'હે જીવ ! તું રખડી મરીશ આ શરીરરૂપી પુદ્ગલ પરમાણુના સ્કંધો છે તે કોઈ તારી સાથે આવશે નહિ તે અમારા થયા નથી તેમ તારા થશે નહિ તે રૂપી છે તું અરૂપી છો તું માત્ર જ્ઞાનસ્વરૂપ છો' એવા પ્રકારનો ઉપદેશ કે પ્રેરણા કરવા સિદ્ધ આવતા નથી. જે અજ્ઞાની જીવ સમજતો નથી તેને નિમિત્ત કહેવાતા નથી. જો સિદ્ધને લીધે જીવો તરતા હોય તો બધા તરી જવા જોઈએ પણ જે સમજે ને ધ્યાન કરે ને સિદ્ધગતિ પ્રાપ્ત કરે તેને સિદ્ધ સહકારી કારણ કહેવાય છે. આ જીવનો દૃષ્ટાંત પૂરો થયો તે ઉપરથી ધર્માસ્તિકાયમાં સિદ્ધાંત ઉતારે છે. તેવી રીતે ધર્માસ્તિકાય પણ ક્રિયા રહિત છે, ક્ષેત્રાતંર કરતું નથી, અમૂર્ત એટલે સ્પર્શ, રસ, ગંધ ને વર્ણ રહિત છે તેમજ પ્રેરણા રહિત છે. એટલે કે કોઈને ચાલવાની પ્રેરણા કરતું નથી, સિદ્ધની જેમ ધર્માસ્તિકાયના ત્રણ ગુણો કહ્યાં, જે જીવને પુદ્ગલો પોતાના ઉપાદાન કારણથી ક્ષેત્રાંતર કરે છે તેને ધર્મદ્રવ્ય નિમિત્ત થાય છે. જેમ સિદ્ધ બીજા જીવોને ધ્યાન કે ભક્તિનું પરાણે કહેતા નથી. પણ જે ધ્યાનાદિ કરે છે તેને નિમિત્ત છે તેમ ધર્મદ્રવ્ય, જીવ, પુદ્ગલોને પરાણે ચલાવી દેતું નથી. પણ જે જીવને પુદ્ગલ સ્વયં ગતિ કરે છે તેને ધર્મદ્રવ્ય સહકારી કારણ એટલે નિમિત્ત છે.

લોકમાં પ્રસિદ્ધ દૃષ્ટાંત છે કે જેવી રીતે માછલીને ગમનમાં જળ વગેરે સહકારી કારણ છે, જળ માછલીને ચલાવી દેતું નથી પણ જે માછલી ચાલે તેને જળ નિમિત્ત છે તેમ જીવ

પુદ્‌ગલના ગમનમાં ધર્મદ્રવ્ય સહકારી કારણ જાણવું જોઈએ આ પ્રમાણે ધર્મદ્રવ્યના વ્યાખ્યાન રૂપે ગાથા સમાપ્ત થઈ ॥૧૭॥

**ભાદરવા વદ ૧૧, રવિવાર, ૧૪-૯-પર**

ભગવાને છ દ્રવ્યો જોયા છે કોઈ દ્રવ્ય કોઈને લીધે નથી એકબીજાના લીધે તેનું હોવાપણું હોય તો છ ની અસ્તિ સિદ્ધ થતી નથી, દ્રવ્યો જાતિ અપેક્ષા એ છ છે. તેમાં આત્મા અનંતા છે. પુદ્‌ગલો અનંતાઅનંત છે, ધર્મ એક, અધર્મ એક, આકાશ એક, ને કાળાણુ અસંખ્ય છે. એમ અનંતા દ્રવ્યો છે, વળી સ્વતંત્ર કહેતા તેના દ્રવ્ય ગુણ પર્યાય એમ ત્રણે સ્વતંત્ર છે. દ્રવ્ય ગુણ તો સ્વતંત્ર છે પણ તેની પર્યાય - જીવની વિકારી કે અવિકારી પર્યાય પોતાના લીધે છે. પરના લીધે નથી, એક દ્રવ્યને બીજા દ્રવ્ય સાથે આધાર–આધેય સંબંધ નથી. દ્રવ્ય કહેતા દ્રવ્ય-ગુણ-પર્યાય થઈને દ્રવ્ય આખું પૂરું થાય છે તેની પર્યાયો પણ સ્વતંત્ર છે.

પુદ્‌ગલો સ્કંધરૂપે સ્વતંત્રપણે પરિણમે છે. પૈસો આવવો તે આત્માના લીધે આવતો નથી ને પૈસો આત્માને મમતા કરાવતો નથી.

પ્રશ્ન :– તો પછી પૈસા અમુક જગ્યાએ કેમ રહે છે ?

સમાધાન :– અનંતા દ્રવ્યો લોકમાં રહેલ છે તે લોકને છોડીને અલોકમાં જાય તો પ્રશ્ન રહે પણ લોકના દ્રવ્યો લોકને છોડીને ક્યાંય જતાં જ નથી. જીવ અભિમાન કરે છે કે પૈસા મારા ખિસ્સામાં રહે છે ખીસું પુદ્‌ગલનું છે, જીવનું નથી. માણસો કહે કે ફલાણા જીવ પાસે પૈસા છે પણ તે જીવ લોકમાં છે લોકની બહાર નથી. પૈસો પુદ્‌ગલનો છે જીવનો નથી, જીવ મમતા કરે છે, તે મમતા જીવદ્રવ્યની છે તે મમતા જીવ ઘટાડી શકે છે ને સ્વભાવના આશ્રયે મમતાનો અભાવ કરી શકે છે.

એક દ્રવ્ય બીજા દ્રવ્યથી છે એમ માનવમાં આવે તો છ દ્રવ્યો રહેતા નથી. એક દ્રવ્ય બીજા અનંત દ્રવ્યોથી બેકાર છે આ જગતમાં અનંતા જીવો, અનંતા અનંત પુદ્‌ગલો, ધર્મ, અધર્મ, આકાશ ને અસંખ્ય કાળ એમ અનંતા દ્રવ્યો છે. દરેક આત્મા ને દરેક પુદ્‌ગલ ભિન્ન ભિન્ન છે તે પોતપોતામાં કામ કરે છે. જો એકને લીધે બીજામાં કાર્ય માનશો તો અનંતા દ્રવ્યો રહેશે નહિ ને તો લોક પણ રહેશે નહિ. વળી મમતાની પર્યાય પરને લીધે માનવામાં આવે અથવા મમતા પર્યાયમાં નથી એમ માનવામાં આવે તો જીવદ્રવ્ય રહેશે નહિ. પુણ્ય-પાપની અશુદ્ધ પર્યાય કે અવિકારી શુદ્ધ પર્યાય જીવ દ્રવ્યમાં છે એક પર્યાયને કાઢી નાખો તો આખા જીવનો નાશ

થાય છે.

પ્રશ્ન :– એક પર્યાયને ન માનવામાં આખા જીવનો કેવી રીતે નાશ થાય ?

સમાધાન :– સો વર્ષના આયુષ્યમાંથી એક સમય કાઢી નાખો સો વરસનું આયુષ્ય રહેતું નથી, આ પછેડીમાંથી એક તાણોવાણો કાઢી નાખો તો પછેડી આખી રહેશે નહિ, તેવી રીતે ચારિત્રગુણની વિકારી પર્યાયને પરને લીધે કહો તો એક પર્યાય નીકળી જતાં ચારિત્રગુણ અખંડ રહ્યો નહિ ને એક ચારિત્રગુણ નીકળી જતાં અનંતા ગુણોનો પિંડ દ્રવ્ય રહેશે નહિ. દ્રવ્ય તો જેમ છે તેમ છે પણ તેની શ્રદ્ધામાં અખંડ દ્રવ્ય આવશે નહિ, એટલે કે મિથ્યાશ્રદ્ધા થશે.

સર્વજ્ઞ ભગવાનની વાણીમાં છ જાતિના છ દ્રવ્યો અને સંખ્યાએ અનંતા દ્રવ્યો આવ્યા છે, તેના દ્રવ્ય-ગુણ-પર્યાય સ્વતંત્ર છે પર્યાય વિકારી હો કે અવિકારી હો તે પરને લીધે માનવામાં આવે તો લોકાલોકનો નાશ થાય છે, પાનસો મંકોડાની એક સાંકળમાંથી એક મંકોડાને કાઢી નાખવામાં આવે તો સાંકળ રહેતી નથી, તૂટી જાય છે. દરેક દ્રવ્યને અનાદિ અનંત કાળમાં ભૂત ભવિષ્ય ને વર્તમાનકાળની પર્યાયો છે અથવા ત્રણ કાળની પર્યાયનો પિંડ તે દ્રવ્ય છે.

(૧) દ્રવ્યની જે ભૂતકાળની પર્યાય થઈ – ગઈ તે તો ઘટાડી શકાય નહિ.

(૨) દ્રવ્યની ભવિષ્યની પર્યાય થવાની છે તે ઘટાડી શકાય નહિ.

(૩) હવે વર્તમાન એક સમયની પર્યાયમાં અજ્ઞાની જીવ ઘાલમેલ કરે છે. 'આ રાગ પરને લીધે થયો,' 'શબ્દને લીધે જ્ઞાન પર્યાય થઈ' એમ એક સમયની પર્યાયને પરાધીન માનતા ને પોતાને કારણે નહિ માનતાં દ્રવ્ય ખંડખંડ થઈ જાય છે. એક સમયમાં તારા પરિણામ તારાથી નથી એમ માનવામાં આવે તો તું વર્તમાનરૂપે સાબિત નહિ થતા ત્રિકાળ તું રહેતો નથી. રાગ થાય તો તારાથી, દ્વેષ થાય તો તારાથી, સમ્યગ્દર્શન થાય તો તારાથી ને વીતરાગતા થાય તો તારાથી. અહો ! વીતરાગનાં વચનો ! એક શબ્દમાં અનંતા આગમો ભર્યા છે એવી કોઈ રચના છે.

એક સમયનો પર્યાય પરને લીધે માને તો દ્રવ્ય સાબિત થતું નથી ને કેવળજ્ઞાન પણ સાબિત થશે નહિ. છ દ્રવ્યોમાંથી એક દ્રવ્ય ઓછું કરે, એક ગુણ ઓછો કરે, એક પર્યાય પરને લીધે માને, અથવા કાળદ્રવ્ય એકને ન માને તો જ્ઞાન ને શ્રદ્ધા ખંડખંડ થઈ જાય છે. વસ્તુનો ખંડ ને જ્ઞેયોનો ખંડ થઈ જાય છે. એક પણ વાત રહેતી નથી, આત્મા કોણ છે તેને સ્વતંત્ર જાણ્યા વિના ને અંતર સમતા સ્વભાવ જાણ્યા વિના સામાયિક થાય નહિ.

એક સમયનો પર્યાય સ્વતંત્ર છે એમ નક્કી કરતાં જીવ દ્રવ્ય નક્કી થાય છે ને કેવળજ્ઞાન પણ નક્કી થાય છે.

જુઓ, મહા નિર્ગ્રંથ મુનિઓ એ અદ્‌ભૂત રચના કરી છે, 'ધરસેનમુનિ' એ ગિરનારની ગુફામાં 'પુષ્પદંત' ને 'ભૂતબલી' મુનિઓને 'ષટખંડ આગમ'નું જ્ઞાન આપેલ તે ઉપરથી તે બે મુનિઓએ 'ષટ્‌ખંડ આગમ'ની રચના જેઠ સુદ ૫ ના રોજ કરી, આ ગ્રંથના કર્તા 'નેમિચંદ્ર

સિદ્ધાંત ચક્રવર્તી' છે. ચક્રવર્તી છ ખંડને સાધે છે તેમ 'નેમિચંદ્ર આચાર્યે' મતિજ્ઞાન વડે 'ષટ્ખંડ આગમ'ને સાધેલ છે તેથી સિદ્ધાંત ચક્રવર્તી કહેવાય છે. આ 'બૃહદ્-દ્રવ્યસંગ્રહ'માં આખો લોકાલોક ભરી દીધો છે.

પુદ્ગલની પર્યાયો છાયા-તમ વગેરે પરને લીધે હોય, ભાષા જીવને લીધે હોય તો પુદ્ગલ સ્વતંત્ર રહેતા નથી, એમ કહી પુદ્ગલનું સ્વતંત્રપણું બતાવ્યું. જીવ ને પુદ્ગલ ગમન કરે તેમાં ધર્મ નિમિત્તછે, નિમિત્તના લીધે ગમન કરે તો દ્રવ્યના ગમન પર્યાયનો નાશ થતાં દ્રવ્યનો નાશ થાય છે. ભવી જીવ સિદ્ધનો વિચાર કરે છે તે નિમિત્ત ને લીધે વિચાર હોય તો વિકલ્પ સ્વતંત્ર રહેતો નથી માટે વિકલ્પ પણ સ્વતંત્ર છે એમ માનીને વિકલ્પ તે મારું ત્રિકાળી સ્વરૂપ નથી હું તો જ્ઞાનમાત્ર છું એમ ઉપાદાન દૃષ્ટિ થતાં સમ્યગ્દર્શન ને ધ્યાન પ્રગટે છે તેમાં સિદ્ધ નિમિત્ત છે. સિદ્ધ પરાણે પરિણમન કરાવતા નથી તેવી રીતે જીવ પુદ્ગલો સ્વયં ગતિ કરે તેને ધર્મદ્રવ્ય નિમિત્ત છે, ધર્મદ્રવ્ય પરાણે ગતિ કરાવતા નથી.

હવે અધર્મદ્રવ્યની વાત કરે છે જીવ ને પુદ્ગલ ગમન કરતા સ્વયં અટકે તેમાં અધર્મ નિમિત્ત છે.

## ગાથા-૧૮

**ठाणजुदाण अधम्मो पुग्गलजीवाण ठाणसहयारी।**
**छाया जह पहियाणं गच्छंता णेव सो धरई।।१८।।**

**ગાથા ભાવાર્થ :–** જે જીવ તથા પુદ્ગલ સ્થિતિ સહિત છે તેની સ્થિતિમાં સહકારી કારણ અધર્મદ્રવ્ય છે જેવી રીતે મુસાફરીને સ્થિતિમાં છાયા સહકારી છે. ઝાડ મુસાફરોને પરાણે ઊભા રખાતું નથી પણ ઊભા રહે તેને નિમિત્ત છે તેમ અધર્મદ્રવ્ય જીવ-પુદ્ગલને પરાણે ઊભા રાખતું નથી પણ જે સ્વયં ઊભા રહે તેને અધર્મદ્રવ્ય નિમિત્ત છે.

**વ્યાખ્યાર્થ :–** જે પુદ્ગલ તથા જીવ સ્થિતિ સહિત છે તેની સ્થિતિમાં સહકારી કારણ અધર્મદ્રવ્ય છે જેવી રીતે છાયા મુસાફરને સ્થિતિમાં સહકારી કારણ છે, વળી જીવ ને પુદ્ગલો જે સ્વયં ચાલતા હોય છે તેને અધર્મદ્રવ્ય કદી પરાણે સ્થિતિ કરાવતું નથી તે માટે સિદ્ધનું દૃષ્ટાંત આપે છે જેવી રીતે પોતાના આત્મજ્ઞાનથી ઉત્પન્ન સુખામૃત રૂપી પરમ સ્વાસ્થ્ય નિજરૂપમાં સ્થિતિ કરવાનું નિશ્ચય કારણ પોતે છે તોપણ હું સિદ્ધ સમાન છું. એવી સિદ્ધની ભક્તિ કરવારૂપ

વિકલ્પદશા નિજરૂપ સ્થિતિમાં નિમિત્ત કારણ છે ને તે વિકલ્પમાં સિદ્ધ નિમિત્ત છે માટે સિદ્ધને નિજરૂપમાં સ્થિતિમાં બહિરંગ સહકારી કારણ કહેવાય છે. તેવી રીતે પોતાના કારણે સ્થિતિ કરતા જીવ-પુદ્‌ગલને અધર્મ નિમિત્ત છે, હવે દૃષ્ટાંતનો વિસ્તાર :–

પોતાના આત્મજ્ઞાનથી ઉત્પન્ન સુખામૃતરૂપ પરમ સ્વાસ્થ્ય કહ્યું. હું આત્મા છું, પુણ્ય-પાપ વિકાર છે, તે મારું સ્વરૂપ નથી, હું જ્ઞાનાદિ અનંત શક્તિનો ધણી છું એવા આત્મજ્ઞાનથી સુખ ઉત્પન્ન થાય છે, કોઈ ગુરુની કૃપાથી કે શાસ્ત્રથી જ્ઞાન થાય છે તે વાત કાઢી નાખી, તેમજ શાસ્ત્રનું જ્ઞાન કે નવ તત્ત્વનું જ્ઞાન કહ્યું નથી પણ આત્મજ્ઞાન કહ્યું છે, હું આત્મા છું એવું અસ્તિના જોરે બીજા તત્ત્વોરૂપે હું નથી એવું જ્ઞાન આવી જાય છે. પુણ્ય-પાપ ઉપાધી છે તે રૂપે હું નથી હું તો ત્રિકાળી શુદ્ધ છું આવા આત્મજ્ઞાનથી આનંદ ઉત્પન્ન થાય છે બીજી કોઈ વિધિથી આનંદ ઉત્પન્ન થતો નથી. આનંદ કહો, શાંતિ કહો, ધર્મ કહો તે જ આત્માનું પરમ સ્વાસ્થ્ય છે.

તારી તંદુરસ્તી તારા શરીરમાં નથી પણ પુણ્ય-પાપના પરિણામમાં નથી પુણ્ય-પાપના ભાવ રોગ છે. દયા પાળું દાન કરું એવી વૃત્તિ ઊઠવી તે રોગ છે આત્માની નીરોગદશા નથી. શુદ્ધ આત્માનાં શ્રદ્ધા-જ્ઞાન ને રમણતાથી ઉત્પન્ન થયેલ પરમ સુખામૃતમાં આત્માનું સ્વાસ્થ્ય અથવા નીરોગતા રહેલી છે, તેને ધર્મદશા કહો શાંતિનો માર્ગ કહો, નીરોગદશા કહો એક જ છે. 'આ રુગ્ગ બોહિ લાભં' એ લોગ્ગસમાં પાઠ આવે છે, હે પ્રભુ ! આવા આરોગ્યનો લાભ આપો એવો એનો અર્થ છે.

અજ્ઞાની જીવો પરાધીનતા ડગલે ને પગલે સેવે છે. આ વિના ન ચાલે તેમ માની દુઃખ સેવે છે દુઃખ કહો અધર્મ કહો એક જ છે. દુઃખ તે જ અધર્મ છે.

પ્રશ્ન :– આ દુઃખ સદી (ટેવાઈ) ગયું છે ?

સમાધાન :– ના, દુઃખની દશા અજ્ઞાની જીવ નવી નવી રસ પૂર્વક વેદી રહ્યો છે. તેને તે દુઃખ હોય તો તે સદી રહ્યું કહેવાય પણ પૂર્વની પર્યાય તો રહેતી નથી, ટળી જાય છે તેથી સદી રહ્યું નથી પણ નવી નવી રુચિના કારણે વિકારમાં મજા જાણી બેઠો છે તેથી દુઃખ લાગતું નથી, વિષ્ટાના કીડાને વિષ્ટામાં મજા આવે તેમ અજ્ઞાની જીવોને જગતના પદાર્થોમાં પ્રીતિ લાગે છે તે દુઃખનું કારણ છે.

જેને શાંતિ જોઈતી હોય તેણે આત્મજ્ઞાન દ્વારા પોતામાંથી શાંતિ પ્રગટ કરવી પડશે, શાંતિ બહારમાં ક્યાંય નથી, લોકો પણ કહે છે કે 'પરાધીનતામાં સ્વપ્ને સુખ નથી' પોતાના સ્વભાવને ચૂકી પરવશ થઈ જે પુણ્ય-પાપના ભાવ કરે તે ઝેર છે. દુઃખ છે, તે પરને લીધે નથી, પોતાને કારણે છે પણ તે અશુદ્ધતા વખતે ત્રિકાળી શુદ્ધ સ્વભાવ સુખની ખાણ અંદર ભરેલો પડ્યો છે તેની દૃષ્ટિ કરી આત્મામાં સ્થિરતા કરવી તે આનંદનું કારણ છે. સર્વાર્થસિદ્ધિના દેવોને ૩૩ હજાર વરસે આહારની ઇચ્છા થાય ત્યારે તેને કંઠમાંથી અમૃત ઝરે તેના સ્વાદ આડે

તેઓ કલ્પવૃક્ષની ઇચ્છા કરતા નથી તેમ ધર્મી જીવને હું શુદ્ધ ચિદાનંદ છું એવા ભાનથી ઉત્પન્ન થતા આનંદના આડે પરપદાર્થની કે પુણ્યની રુચિ થતી નથી, જેમ મિઠાઈમાં તલ્લિન થયેલા જીવને બીજો કોઈ બોલાવે તો ખ્યાલ રહેતો નથી. તેમ ધર્મી જીવ પોતાના આત્મજ્ઞાનથી ઉત્પન્ન થયેલા અમૃતરસના સ્વાદમાં બીજાને યાદ કરતો નથી.

આ પ્રમાણે નિજરૂપમાં સ્થિતિનું કારણ નિશ્ચયથી પોતે છે. હવે તેનું વ્યવહાર કારણ કહે છે, હું સિદ્ધ છું જેવા સિદ્ધ અશરીરી છે, શરીર કર્મ ને વિકાર વિનાના આનંદ સ્વરૂપી છે તેવો હું છું. સિદ્ધની જાત ને મારી જાત એક જ છે એવો વિકલ્પ દ્વારા વિચાર કરે છે. રાગની વૃત્તિ ઊઠે છે પણ તે મારા ત્રિકાળી સ્વરૂપમાં નથી તેથી હું શુદ્ધ છું, જ્ઞાન-દર્શન-ચારિત્ર-વીર્ય વગેરે અનંતા ગુણોનો ધરનાર છું.

વળી મારું ક્ષેત્ર શરીરપ્રમાણ છે લોકાલોક વ્યાપક નથી. લોકાલોક વ્યાપક હોય તો બહારથી આનંદ આવવો જોઈએ. વળી વીંછી કરડતાં તે ક્ષેત્રે મને ખબર પડે છે પણ બીજો જીવ તે ભાગને હાથ અડાડે તો તેને દુઃખ થતું નથી માટે આત્મા પોતાના શરીરપ્રમાણ છે. વળી હું નિત્ય છું મારો કદી નાશ થતો નથી. વળી હું શુદ્ધ છું એવો વિચાર પર્યાયમાં થાય છે. પર્યાય અનિત્ય છે એમ પણ સાબિત થાય છે. પર્યાય પલટવા છતાં આત્મા દ્રવ્યે ને ગુણે નિત્ય રહે છે માટે હું નિત્ય છું, હવે ક્ષેત્ર સાબિત કરે છે. હું અસંખ્ય પ્રદેશી છું, એક પરમાણુ આકાશની જેટલી જગ્યા રોકે તેને પ્રદેશ કહે છે તેવા અસંખ્ય પ્રદેશવાળો છું. હું સ્પર્શ, રસ, ગંધ, વર્ણ વિનાનો છું. અત્યારે જ અરૂપી છું આમ ધર્મી જીવ સિદ્ધનો વિચાર કરી પોતાના સ્વરૂપનો વિચાર કરે છે. વિકલ્પવાળી દશામાં સિદ્ધ નિમિત્ત કહેવાય છે. નિર્વિકલ્પ દશા થવામાં વિકલ્પ અંતરંગ સહકારી કારણ છે ને સિદ્ધ ભગવાન બહિરંગ નિમિત્ત કારણ છે.

આમ જેવી રીતે ભવ્ય જીવની નિજરૂપમાં સ્થિતિમાં ઉપાદાન કારણ પોતે છે ને બહિરંગ સહકારી કારણ સિદ્ધ ભગવાન છે તેમ જીવ તથા પુદ્ગલો સ્થિતિને પ્રાપ્ત થાય તેમાં ઉપાદાન કારણ પોતે છે તથા અધર્મદ્રવ્ય સહકારી - નિમિત્ત કારણ છે. જેમ સિદ્ધ જીવોને પરાણે સ્વરૂપમાં સ્થિતિ કરાવતા નથી પણ જે સ્વરૂપ સ્થિત થાય તેને નિમિત્ત છે તેમ અધર્મદ્રવ્ય જીવ પુદ્ગલોને પરાણે સ્થિર કરતા નથી. પણ જે પોતાના કારણે ગમનપૂર્વક સ્થિર થાય છે. તેને અધર્મદ્રવ્ય નિમિત્ત કારણ છે. જેવી રીતે લોકવ્યવહારમાં છાયા તથા પૃથ્વી જે મુસાફરો સ્થિરતા કરે છે તેને નિમિત્ત કહેવાય છે. છાયા તથા પૃથ્વી જબરજસ્તીથી સ્થિર કરાવતા નથી. તેમ અધર્મદ્રવ્ય જબરજસ્તીથી સ્થિર કરાવતા નથી પણ જીવ પુદ્ગલો સ્વયં સ્થિતિ કરે તેને નિમિત્ત થાય છે.

આ પ્રમાણે પરને લીધે સ્થિતિ નથી. તેમજ પરપદાર્થ નથી એમ પણ નથી. નિમિત્ત પ્રેરક થઈને સ્થિતિ કરાવતું નથી. આમ યથાર્થ જ્ઞાન કરવું જોઈએ, આ પ્રમાણે અધર્મદ્રવ્યનું વ્યાખ્યાન પૂરું થયું ॥૧૮॥

## પ્રસાદ નં. – ૩૨૭

**વી. નિ સં. ૨૪૭૮, આસો સુદ ૨, વર્ષ ૨જું. પુસ્તક બારમું,**
**સોનગઢ, તા. ૨૧-૯-૫૨ રવિવાર.**
**શ્રી દ્રવ્યસંગ્રહ ગાથા–૧૯**
**(ભાદરવા વદ ૧૨, સોમવાર, ૧૫-૯-૫૨ બપોર)**

આ જગતમાં છ દ્રવ્યો છે. તે પોતાના સ્વરૂપથી સત્ છે. તે પરસ્વરૂપથી અસત્ છે. તેમાં આકાશની વાત કરે છે. આકાશ લોક અને અલોકમાં વ્યાપક છે. જે જીવાદિ દ્રવ્યોને અવકાશ આપે છે, એટલે કે જેમાં પાંચ દ્રવ્યો રહે છે. તેમાં આકાશ નિમિત્ત છે. તે લોકઅલોકમાં રહેલું છે. લોકાકાશ ને અલોકાકાશ એ ભેદોથી આકાશ બે પ્રકારનું છે.

વ્યાખ્યાર્થ :– હે શિષ્ય ! જીવાદિ દ્રવ્યોને અવકાશ દેવાની જેનામાં યોગ્યતા છે. તેને જિનેન્દ્ર ભગવાન આકાશ કહે છે, એમ તું જાણ. તે આકાશ લોકાકાશ તથા અલોકાશ એમ બે પ્રકારથી છે. આકાશનો અંત આવતો નથી. અનંત અનંત ક્ષેત્ર એમ જ્ઞાનને લંબાવો તો ક્યાંય... અંત આવે નહિ એવું અનંત પ્રદેશી આકાશ છે. પણ આકાશ ક્ષેત્રે આવડું અનંત પ્રદેશી છે. તેની આકાશને ખબર નથી પણ આત્મા તેને જાણે છે, આત્મા જ્ઞાનસ્વભાવી છે, વર્તમાન પર્યાયમાં રાગમાં અટકેલો હોવાથી અલ્પજ્ઞતા જણાય છે. પણ સ્વભાવનું ભાન કરી કેવળજ્ઞાન પ્રગટ કરે તો કેવળજ્ઞાનની પર્યાયમાં આકાશ પ્રત્યક્ષ દેખાય છે. આખો લોકાલોક અનંત દ્રવ્યથી ભરેલો છે, આકાશ એક જ દ્રવ્ય નથી. આવડું અમાપ-અમાપ આકાશ હોવા છતાં આકાશ એક જ દ્રવ્ય નથી. બીજા અનંત દ્રવ્યો જગતમાં રહેલાં છે. તે અનંતા દ્રવ્યોનાં દ્રવ્ય-ગુણ-પર્યાયને એક સમયમાં જાણી લે તેવી કેવળજ્ઞાનની તાકાત છે. એટલે અનંતા દ્રવ્યોની અપેક્ષાએ આકાશ અનંતમે ભાગે થઈ ગયું તેથી આકાશનું મહાત્મ્ય નથી. પણ અનંતા પદાર્થોને જાણનાર જ્ઞાનનું મહાત્મ્ય છે. તેવું કેવળજ્ઞાન પ્રગટ કરી શકું એવી તાકાતવાળો, હું જ્ઞાનસ્વભાવી પદાર્થ છું તેમ પ્રતીતિ કરી સ્વસંવેદન જ્ઞાન પ્રગટ કરે તો આકાશ અને બીજા અનંતા પદાર્થોનું જ્ઞાન યથાર્થ થાય છે.

આ ઉપરમાં ધોળું દેખાય છે. તે આકાશ નથી. પુદ્ગલનો પર્યાય છે. આકાશ ધોળું નથી તેમ જ કાળું નથી. આકાશ અરૂપી છે, તે જીવાદિ દ્રવ્યોને રહેવાની જગ્યા આપે છે. તેને જ્ઞાન જાણે છે.

પોતાના ઘરમાં બસો પાંચસો ચીજો હોય તો હું એનો ને તે ચીજો મારી એમ મમતા કરી અજ્ઞાની અટકે છે. તે ચીજોથી અનંતગુણી ચીજો જગતમાં પડેલી છે. આકાશ ક્ષેત્રે મોટું છે, પણ સંખ્યાએ એક છે. તે સિવાય અનંતા જીવો, અનંતા પુદ્ગલોના દ્રવ્યો જગતમાં છે. તે દ્રવ્યો તારાં નથી પણ તેનો તું જાણનાર છો પણ અજ્ઞાનીને પોતાના જ્ઞાનનો મહિમા આવતો નથી. અજ્ઞાની જીવ કાંતો થોડી ચીજ મારી માની... મમતા કરે છે. કાંતો આકાશ આવડું મોટું અમાપ છે એમ પરજ્ઞેયના મહિમામાં રોકાઈ ગયો છે. પણ તેને પોતાની જ્ઞાનશક્તિનો મહિમા આવતો નથી. તો પછી ધર્મ ક્યાંથી થાય ? આકાશ અમાપ છે. તે અમાપ આકાશનું માપ કરનારો ને તેનાથી સંખ્યાએ અનંતા દ્રવ્યો છે તેનું માપ કરનારો તું છો તેનો મહિમા લાવ.

હવે આકાશદ્રવ્યનું વર્ણન વિસ્તારથી કરે છે.

**अवगासदाणजोग्गं जीवादीणं वियाण आयासं।**
**जेण्हं लोगागासं अल्लोगागासमिदि दुविहं।।१९।।**

સિદ્ધ જીવ નિશ્ચયથી પોતાના અસંખ્ય પ્રદેશમાં રહે છે. કેવા છે સિદ્ધ ? સ્વાભાવિક તથા શુદ્ધ સુખરૂપ અમૃતરસના આસ્વાદરૂપ પરમસમરસી ભાવની પૂર્ણ અવસ્થાથી યુક્ત છે. અહીં સિદ્ધને સ્વાભાવિક સુખ કહ્યું છે. લોકો બહારના પદાર્થોમાં સુખ માને છે, તે સુખ નથી સુખ આત્મામાં છે સિદ્ધ સાક્ષીરૂપ છે. કોઈના કર્તા–હર્તા નથી આત્મા પૂર્ણ દશાને પામ્યો પછી તેને વિષમતા રહેતી નથી. વળી એક આત્મા પોતાના આત્માનાં શ્રદ્ધા જ્ઞાન કરી પૂર્ણ દશા પ્રાપ્ત કરવા માગે તો જેટલો કાળ રખડવામાં ગયો તેટલો કાળ સિદ્ધદશા પ્રાપ્ત કરવામાં જતો નથી તેને અનંત કાળ ન જોઈએ. પણ અલ્પકાળમાં સિદ્ધદશાને પામે. જો અલ્પકાળમાં એક જીવ પરમાત્મદશાને પામી શકે છે તો પછી અનંત કાળમાં સિદ્ધો અનંત થયા હોવા જોઈએ. તે લોકાકાશ જેટલા પોતાના અસંખ્ય પ્રદેશમાં નિશ્ચયથી રહેલા છે. તો પણ ઉપચરિત અસદ્ભૂત વ્યવહારનયથી સિદ્ધ ભગવાન સિદ્ધશિલામાં બિરાજે છે.

સંસારદશામાં પણ બધા જીવો સિદ્ધની જેમ નિશ્ચયથી પોતપોતાના અસંખ્ય પ્રદેશમાં જ રહેલા છે. નિગોદથી માંડી બધા જીવો પોતાના ગુણોના આધારભૂત અસંખ્ય પ્રદેશમાં પોતાની

યોગ્યતારૂપે પરિણમતા રહેલા છે. સંસારી જીવો શરીરમાં રહે છે એમ કહેવું તે વ્યવહાર છે. શરીર સાથે આત્મા એકમેક થઈ જતો નથી. તેમ સિદ્ધ ભગવાન મોક્ષશિલામાં રહે છે. તેમ કહેવું તે નિમિત્તનું કથન છે. ત્યાં મોક્ષશિલા અગર આકાશ સાથે એકમેક થયા નથી.

વળી જીવ જે ક્ષેત્રમાં આત્માનાં જ્ઞાન-ધ્યાન કરી કર્મ રહિત થાય છે ત્યાં છે. અન્યત્ર બીજે નહીં. સિદ્ધના જીવ શુકલધ્યાન પ્રગટાવી કર્મ રહિત અહીં થાય છે. ને ઊર્ધ્વગમન સ્વભાવથી લોકાગ્રે જાય છે જે સમયે મુક્ત થાય છે તે જ સમયે લોકાગ્રે પહોંચી જાય છે. પ્રથમ જીવને સમ્યગ્દર્શન થાય પછી મુનિપણું અંગીકાર કરે. પછી શુકલધ્યાનમાં લીન થઈ કેવળ પામીને સિદ્ધદશા પામે છે. સિદ્ધદશા આત્માની પર્યાયમાં થાય છે. બીજે થતી નથી. કોઈ ઉપવાસથી સિદ્ધ થવાતું નથી. ધ્યાનને એકને જ કારણ કહ્યું છે. સમ્યગ્દર્શન ધ્યાન છે, ચારિત્ર ધ્યાન છે ને શુકલધ્યાન પણ ધ્યાન છે. તે એક જ ઉપાય છે. કેવળજ્ઞાન થતાં ચાર કર્મોનો નાશ થયો ને સિદ્ધ થતાં બાકીના ચાર કર્મોનો નાશ થાય છે. શરીર પણ છૂટી જઈ પોતાનો આત્મા એકલો રહી જાય છે. મોક્ષદશા પોતાની પર્યાયમાં પ્રગટે છે. છતાં ઉપચારથી લોકાગ્રને મોક્ષનું સ્થાન કહેવાય છે.

જ્યાં મહા ધર્માત્માઓ બિરાજતા હોય, આત્માનું જ્ઞાનધ્યાન કરતા હોય તે ભૂમિને... તીર્થક્ષેત્ર વ્યવહારથી કહેવાય છે. ખરેખર તો જે આત્માનું જ્ઞાન-ધ્યાન કરે છે તેજ ખરેખર તીર્થ છે. પોતે તરે છે ને બીજાને તરવામાં નિમિત્ત છે એમ તરવાનો ઉપાય કરી રહેલો જીવ પોતે તીર્થ છે છતાં તે ભૂમિને વ્યવહારથી તીર્થક્ષેત્ર કહેવાય છે. તે પર્વત તથા નદી ધર્મ કરાવતા નથી. પર્વત ઉપર તિર્યંચો હોય છે. નદીમાં માછલાં હોય છે. રોજ સ્નાન કરે છે છતાં તેનાં પરિણામ પણ સારાં હોતા નથી. માટે જે તરે તેને ભૂમિનો આરોપ આવે છે. તેવી રીતે સિદ્ધ જ્યાં બિરાજે છે ત્યાં નિગોદનો જીવ છે. તે અનંતી આકુળતા ભોગવે છે. માટે કોઈ સ્થળ ધર્મ કે શાંતિનું કારણ નથી. આત્માની પૂર્ણ દશા સુખનું કારણ છે. આત્મા દ્રવ્યે, ગુણે ને પર્યાયે અરૂપી છે. આત્મા પોતાના ગુણપર્યાયમાં રહેલો છે. પોતાના આત્માની ગુણ પર્યાય અસંખ્ય પ્રદેશમાં છે. તે પોતાનું ક્ષેત્ર છે. દરેક વસ્તુ પોતામાં છે. આકાશમાં નથી, છતાં સિદ્ધ લોકાગ્રે રહે છે અથવા આત્મા આકાશમાં રહે છે એમ કહેવું તે અસદ્‌ભૂત વ્યવહારનું કથન છે.

પોતાના મકાન આડો કોઈ ભીંત ચણે તો જીવ કજીયા કરે છે, ભાઈ તું અભિમાન છોડ મકાનાદિ તારી વસ્તુ નથી. જીવ પોતાના મકાનમાં રહે છે કે આકાશમાં રહે છે, એમ કહેવું તે ઉપચાર છે. દરેક જીવ પોતાના અસંખ્ય પ્રદેશમાં રહેલા ગુણ પર્યાયરૂપે પરિણમે છે. પર રૂપે પરિણમતો નથી. પોતાના સ્વરૂપમાં બિરાજી ને શોભી રહ્યો છે. તો પણ ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહારનયથી લોકાકાશમાં બધાં દ્રવ્યો રહેલાં છે એમ કહેવાય છે.

### ગાથા-૨૦

**धम्माऽधम्मा कालो पुग्गलजीवा य संति जावदिये।**
**आयासे सो लोगो तत्तां परदो अलोगुत्ति।।२०।।**

**ગાથા ભાવાર્થ :–** ધર્મ, અધર્મ, કાળ, પુદ્‌ગલ ને જીવ આ પાંચ દ્રવ્યો જેટલા આકાશમાં રહે છે તેને લોકાકાશ કહે છે ને લોકાકાશની આસપાસ ચારેબાજુ અલોકાકાશ છે.

**વ્યાખ્યાર્થ :–** જીવ અને પુદ્‌ગલની ગતિમાં નિમિત્ત ધર્મદ્રવ્ય છે ને સ્થિતિમાં નિમિત્ત અધર્મદ્રવ્ય છે. અસંખ્ય કાળાણું પરિણમનમાં નિમિત્ત છે અનંતા પુદ્‌ગલો રૂપી છે ને અનંતા જીવો અરૂપી છે. આમ પાંચ દ્રવ્યો જ્યાં રહેલાં છે તે લોકાકાશ છે. જ્યાં જીવને જડ પદાર્થો દેખાય છે તે લોક - ચૌદ બ્રહ્માંડ અસંખ્ય જોજન પ્રમાણ છે ને તે લોકની પાર ખાલી, ખાલી જગ્યા અમાપ છે. ક્યાંય ભીંત નથી એકલી ખાલી જગ્યા... માપ વગરની અંત વગરની છે તે અલોક છે.

આકાશ આવડું મોટું ક્ષેત્રમાં હોવા છતાં કેવળજ્ઞાનમાં તે પ્રત્યક્ષ જણાઈ જાય છે. કેવળજ્ઞાનમાં આકાશ અનંતમે ભાગે છે. કેમકે જગતમાં અનંતા પદાર્થો છે. આકાશ ક્ષેત્રે મોટું હોવા છતાં સંખ્યાએ એક છે. તેનાથી અનંતગુણા જીવો છે ને જીવોથી અનંતગુણા પુદ્‌ગલો છે. આમ અનંતાનંત પદાર્થો લોકમાં રહેલાં છે. તે બધાને કેવળજ્ઞાન એક સમયમાં જાણે છે. આકાશ અનંત માંહેલો એક પદાર્થ હોવાથી કેવળજ્ઞાનના જ્ઞેયોના અનંતમાં ભાગમાં આકાશ આવી જાય છે.

અહીં આકાશની વાત કરે છે પણ આકાશ ક્ષેત્રે મોટું છે, તેનો મહિમા નથી પણ તેને જાણનાર જ્ઞાનનો મહિમા છે.

જીવોએ અભ્યાસ કરવો જોઈએ, આત્મા શું, દ્રવ્ય-ગુણ-પર્યાય શું, તેમાં જ્ઞાનની તાકાત કેટલી, તે બધું જાણવું જોઈએ. આત્માની સાચી સમજણ વિના ધર્મ થતો નથી.

હવે સોમ નામના રાજ શ્રેષ્ઠી પ્રશ્ન કરે છે કે ભગવાન કેવળજ્ઞાનના જ્ઞેયોના અનંતમા ભાગ પ્રમાણ આકાશદ્રવ્ય છે. જુઓ, પ્રશ્ન કરનાર મોટા નગરશેઠ છે. ઘણો અભ્યાસ કરેલ છે, તે આકાશના લોકાકાશ ને અલોકાકાશ એમ બે ભાગ છે. આકાશમાં વચમાં લોક છે. તેથી લોક આકાશના અનંતમા ભાગે છે.

કોઈ પ્રશ્ન પૂછે કે લોક આકાશના એક ખૂણામાં રહેતો હોય તો ?

સમાધાન :– ખૂણે કહો તો ત્યાં છેડો આવી જાય છે. ક્યાંય પણ – આકાશનો અંત

નથી. દશે દિશામાં ક્યાંય આકાશનો અંત નથી. માટે લોક આકાશની મધ્યમાં રહેલો છે.

વળી તે લોક આદિ ને અંત વિનાનો છે. તેનો કોઈ કર્તા-હર્તા નથી. જો લોકનો કોઈ કર્તાહર્તા હોય તો તે નિત્ય રહેતો નથી. કોઈ તેનો વિનાશ કરતો નથી. કોઈ તેને ધારણ કરતો નથી. કોઈ બ્રહ્માએ તેને બનાવ્યો નથી. વિષ્ણુ તેની રક્ષા કરતો નથી ને શંકર તેનો નાશ કરતો નથી. શેષનાગ પૃથ્વીને ધારી રાખે છે. તે વાત બધી ગપ છે. જે વસ્તુ હોય તે જાય નહિ ને જે હોય તે કાયમ રહીને રૂપાંતર થાય. વળી લોક અસંખ્ય પ્રદેશનો ધારક છે. આવા લક્ષણવાળા અસંખ્ય પ્રદેશ ધારક લોકાકાશમાં અનંતા જીવ, તેથી અનંતગુણા પુદ્ગલો, લોકાકાશના પ્રદેશ જેટલા અસંખ્ય કાળાણુ, ધર્મદ્રવ્ય ને અધર્મદ્રવ્ય જેનાં પૂર્વ લક્ષણ કહેવાઈ ગયાં છે એવાં દ્રવ્યો કેવી રીતે રહેલાં હશે ? વાસણ નાનું અને વસ્તુ ઝાઝી કેવી રીતે રહેતી હશે ? તે શંકાનો ઉત્તર આપો એમ સોમ નામના રાજશ્રેષ્ઠી પ્રશ્ન પૂછે છે. જુઓ, આ સમજવાની જિજ્ઞાસા બતાવે છે. નગરશેઠ હોવા છતાં ધર્મસંબંધી તત્ત્વચર્ચા કરે છે ને પ્રશ્ન પૂછે છે. પંચમકાળના મુનિને પંચમકાળના નગરશેઠે પૂછ્યું છે. સમજવા માટે નિવૃત્તિ લેવી જોઈએ. છ દ્રવ્યોનો અભ્યાસ કર્યો છે એ પૂછે છે કે અસંખ્યાત પ્રદેશો લોકમાં અનંતા જીવો, અનંતા પુદ્ગલો વગેરે કેવી રીતે સમાઈ શકે ?

### ભાદરવા વદ ૧૩, મંગળવાર, ૧૬-૯-૫૨

આકાશ દ્રવ્યની વાત ચાલે છે. જડનો સ્વભાવ અચિંત્ય છે પણ જડના સ્વભાવને જડ જાણતું નથી. ચૈતન્યનો ચૈતન્ય ચમત્કાર છે. જડને ખબર નથી આકાશ જડ દ્રવ્ય છે. લોક-અલોકમાં રહેલું છે. તેમાં લોક અસંખ્ય પ્રદેશી છે. છતાં તેમાં અનંતા જીવોને પુદ્ગલો કેમ સમાણા તેનો પ્રશ્ન પૂછે છે. આત્મા અરૂપી અસંખ્ય પ્રદેશી છે. લોકાકાશના પ્રદેશો જેટલા દરેક જીવના પ્રદેશો છે. સંસારમાં શરીરપ્રમાણ હોવા છતાં દરેક જીવના પ્રદેશો અસંખ્ય છે, લોકાકાશ જેટલા સંખ્યાએ છે. તો પછી અનંતા જીવોને તેનાથી અનંતગુણા પુદ્ગલો લોકાકાશમાં કેમ સમાણા ?

સમાધાન :– જેવી રીતે એક દીવાના પ્રકાશમાં અનેક દીવાના પ્રકાશ સમાઈ જાય છે. અનેક દીવાનો પ્રકાશ આવતાં પ્રકાશને ભીસ પડતી નથી, પણ અનેક સાથે રહી શકે છે. તેવી રીતે આકાશમાં અનંતા પદાર્થ રહે છે. વળી જેવી રીતે એક ગૂઢ રસથી ભરેલા શીશામાં સોનું સમાય છે. પારામાં સોનું સમાય છે, તથા રાખથી ભરેલા શીશામાં ઘણી સોય સમાય છે અથવા

ઊંટડીનું દૂધ સમાઈ જાય છે. તેવી રીતે વિશેષ અવગાહનશક્તિના કારણે અસંખ્યાત પ્રદેશવાળા લોકમાં પૂર્વે કહેલા જીવ-પુદ્‌ગલાદિના રહેવામાં વિરોધ આવતો નથી. એટલે કે આકાશમાં બધાં દ્રવ્યો રહી શકે છે.

અને એ પ્રમાણે અવગાહન શક્તિ ન હોય તો લોકના અસંખ્યાત પ્રદેશોમાં માત્ર અસંખ્યાત પરમાણુનો જ નિવાસ થઈ શકે. લોકના પ્રદેશો અસંખ્ય છે. એક પ્રદેશે એક પરમાણું રહી શકતો હોય અને વધારે ન રહી શકતા હોય તો આખા લોકમાં થઈને અસંખ્ય પરમાણુ હોવા જોઈએ અને આખા લોકમાં અસંખ્ય પરમાણુ માનવામાં આવે તો જેવી રીતે આત્મા નિશ્ચયનયથી શુદ્ધ બુદ્ધ એક સ્વભાવનો ધારક છે. તેવી રીતે વ્યવહારનયથી વ્યક્તરૂપે શુદ્ધ થઈ જાય પણ જીવ પર્યાયમાં શુદ્ધ નથી માટે અસંખ્ય પરમાણુ હોય તે વાત ખોટી ઠરે છે.

નિશ્ચયનયથી જીવતો શુદ્ધ ને આવરણ રહિત છે. નિત્ય સ્વભાવને આવરણ હોય તો જીવનો સ્વભાવ આવરણ વાળો થઈ જાય. જેને સ્વભાવ હોય તેને આવરણ ન હોય. વળી જીવ જ્ઞાનનો પિંડ એક સ્વભાવનો ધારક છે. નિગોદથી માંડીને બધા જીવો. ભવી તેમ જ અભવી સ્વભાવે તો શુદ્ધ બુદ્ધ છે. પણ તેની પર્યાયમાં આવરણ છે. પર્યાયમાં આવરણ ન હોય તો કેવળજ્ઞાન ને સુખ પ્રગટ હોવું જોઈએ પણ વર્તમાન દુઃખ દેખાય છે, માટે પર્યાયમાં આવરણ છે.

હવે એક જીવની વાત લેવામાં આવે તો એક જીવમાં જ્ઞાનદર્શાનાદિ અનંત શક્તિઓ છે ને તેની અનંત પર્યાય છે. હવે જ્ઞાન-દર્શન-વીર્યની દશા હીણી થવામાં ને શ્રદ્ધા ચારિત્રની દશા વિપરીત થવામાં નિમિત્તરૂપે કર્મોના પરમાણુ અનંતા હોવા જોઈએ. દરેક ગુણની શક્તિ અનંતી છે. એવી અનંત શક્તિ પ્રગટ થતી નથી. તે પોતાના કારણે છે. પણ અનંતતા નહિ પ્રગટ થવામાં નિમિત્તરૂપે અનંતા કર્મ પુદ્‌ગલ પરમાણુ હોવા જોઈએ, એક જ્ઞાનને આવરવામાં અનંતા કર્મ પુદ્‌ગલો હોવા જોઈએ એમ બીજા ગુણો લેતા એક જીવમાં અનંતા કર્મ પુદ્‌ગલો આવરણરૂપે સાબિત થાય છે. આ જગતમાં એવા અનંતા જીવો છે. તેમની શુદ્ધદશા પ્રગટ નહિ થવામાં અનંતા કર્મ પુદ્‌ગલો હોવાં જોઈએ. અસંખ્ય હોઈ શકે નહિ જો ઉપર કહ્યું તે પ્રમાણે લોકમાં અસંખ્ય પરમાણુ માનવામાં આવે તો જ્ઞાનાદિ ગુણોની અવસ્થામાં આવરણ આવતું નથી તો પછી જ્ઞાનાદિ ગુણોની અવસ્થા પરિપૂર્ણ શુદ્ધ હોવી જોઈએ. પણ વર્તમાનમાં એમ દેખાતું નથી માટે જીવોને સંસાર અવસ્થામાં નિમિત્તરૂપે કર્મો અનંતા છે. માટે આ લોકમાં અનંતા પરમાણુ છે એમ સાબિત થાય છે. આકાશ ને અનંતા પરમાણુને જગ્યા આપી શકે છે. એમ સાબિત થતાં જીવાદિ બધાને જગ્યા આપી શકે છે એમ સાબિત થયું.

જગત કેટલું પહોળું છે ? તે અસંખ્ય જોજનમાં છે. પછી અનંત-અનંત ખાલી આકાશ છે. લોકનું ક્ષેત્ર અસંખ્ય પ્રદેશી છે. આત્માનું ક્ષેત્ર પણ અસંખ્ય પ્રદેશ છે. ક્ષેત્રનું માહાત્મ્ય નથી પણ સ્વભાવનું માહાત્મ્ય બતાવવું છે. જેમ આત્માનું માહાત્મ્ય તેના જ્ઞાનસ્વભાવમાં છે,

તેમ આકાશનું માહાત્મ્ય તેના સ્વભાવમાં છે પણ ક્ષેત્રમાં નથી. લોક અસંખ્ય પ્રદેશી હોવા છતાં અનંતા પદાર્થો તેમાં રહે તેવું તેનું માહાત્મ્ય છે તે પરમાણુથી સમજાવે છે. લોકમાં અસંખ્ય પરમાણુ માનવામાં વિરોધ આવે છે કારણ કે દરેક જીવમાં પરિણામની વિવિધતા ને વિચિત્રતા રહેલી છે. એક જ્ઞાનગુણની પર્યાયમાં હીનાધિકતા દેખાય છે. તો બીજા ગુણોની પર્યાયમાં જ્ઞાનનું ઓછું થવું, વધુ થવું વગેરે બન્યા કરે છે. આમ અશુદ્ધતાના તેમજ હીનાધિકતાના અનંત પ્રકારો દેખાય છે. તો તેને આવરવામાં નિમિત્તરૂપે વિવિધ પ્રકરાનાં અનંત કર્મો હોવાં જોઈએ. અશુદ્ધતાના અનંત પ્રકાર વિના ને નિમિત્તરૂપે અનંતા કર્મોના આવરણ વિના બધા જીવો શુદ્ધ હોવા જોઈએ. પણ વર્તમાનમાં તો પ્રગટ દુઃખ દેખાય છે. માટે સંસારમાં એક પ્રકારની અશુદ્ધતા છે ને તેમાં નિમિત્તરૂપે કર્મો પણ અનંત છે. આ એક જીવની વાત થઈ એવા અનંતા આત્મા છે. અનંતો કાળ ગયા ને અનંતા મુક્તિમાં ગયા છતાં હજુ સંસારમાં અનંતા જીવો છે તેને અશુદ્ધતામાં નિમિત્તરૂપે અનંતા કર્મ પુદ્‌ગલો સાબિત થાય છે માટે આકાશમાં અનંત પુદ્‌ગલો રહેલાં છે. તેમજ અનંત જીવો પણ રહેલા છે એમ સાબિત થાય છે.

વળી જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ ને કાળ એ પાંચ દ્રવ્યો આકાશ ક્ષેત્રમાં રહે છે. માટે તે બધા કરતાં આકાશ મોટું હોવું જોઈએ. આકાશ અનંત પ્રદેશી છે. તથા લોકની અચિંત્ય અવગાહનશક્તિ કેવી છે તે બતાવે છે.

નગરશેઠનો પ્રશ્ન હતો કે અસંખ્ય પ્રદેશી લોકાકાશમાં છ દ્રવ્યો કેવી રીતે સમાય ? તેનો જવાબ પ્રથમ અસ્તિથી આપેલ કે રાખમાં સોય સમાય છે ને પારામાં સોનું સમાય છે તેમ લોકાકાશમાં બધાં દ્રવ્યો સમાય છે. એમાં વિરોધ નથી. એમ અસ્તિથી વાત કરેલી ને હવે નાસ્તિથી કહે છે. જો લોકાકાશના અસંખ્ય પ્રદેશમાં અસંખ્ય પરમાણુ છે એમ કહેશો તો વિરોધ આવે છે. સંસારી જીવોને ક્રોધાદિની હીનતા અધિકતા દેખાય છે. શ્રદ્ધા તથા જ્ઞાનાદિની પર્યાયમાં વિચિત્રતા પુણ્ય-પાપના ભાવોની વિચિત્રતા દેખાય છે. આમ પર્યાયમાં અશુદ્ધતારૂપી નૈમિત્તિક દશા અનેક પ્રકારની છે. તો તેને આવરણમાં નિમિત્તરૂપે અનંતા કર્મો હોવા જોઈએ. આમ અનંતા કર્મો સાબિત થતાં અનંતા પુદ્‌ગલો સાબિત થઈ ગયાં ને નૈમિત્તિક દશાવાળા જીવો પણ અનંતા છે. એમ કહેતા અનંતા જીવો પણ ત્યાં રહેલા છે એમ સાબિત થયું કોઈ ઓછા જ્ઞાનવાળો, કોઈ વધારે જ્ઞાનવાળો, કોઈ ક્રોધ, માન, માયા, લોભવાળો કોઈ નાસ્તિક, કોઈ આત્માની હા પાડવાવાળો, કોઈ સાધારણ માન્યતાવાળો, કોઈ હા પાડી સમ્યગ્દર્શન પ્રગટાવી ધર્મ પામનારો. આમ અનેક જીવો છે. ને લોકમાં પરમાણુ અસંખ્ય હોય તો વિવિધતા ને વિચિત્રતાવાળી નૈમિત્તિક પર્યાયવાળા જીવોને તેવી વિવિધતાવાળા નિમિત્તરૂપે કર્મો સાબિત થશે નહિ.

એક કીડીનો જીવ છે, કોઈ નિગોદનો જીવ છે. બે ઇન્દ્રિયો - પંચેન્દ્રિય સુધીના જીવો છે. કોઈ વેપારી છે, કોઈ વકીલ છે, એમ જીવોની પ્રગટ દશામાં ફેર દેખાય છે. આવરણમાં અનંત કર્મ પરમાણુ સાબિત કર્યા વિના વિવિધતા સાબિત થશે નહિ ને અસંખ્ય પરમાણુ માનવામાં

આવે તો પ્રત્યક્ષ તથા આગમથી વિરોધ આવે છે. અશુદ્ધતાની વિવિધતા પ્રત્યક્ષ દેખાય છે. જો અસંખ્ય પરમાણુ માનવામાં આવે તો પ્રત્યક્ષ શુદ્ધતા દેખાવાં જોઈએ પણ તેમ દેખાતું નથી. શાસ્ત્ર કહે છે કે, પર્યાયમાં વિકાર છે. છતાં કોઈ કહે કે વિકાર નથી તો તે શાસ્ત્રથી વિરુદ્ધ છે. વળી વિકાર રહિત શુદ્ધદશા બધાને પ્રગટ હોય તો શાસ્ત્રનો ઉપદેશ કોને ? માટે અસંખ્ય પરમાણુ માનવાથી પર્યાયમાં શુદ્ધતા માનવી પડે છે. તે શાસ્ત્રથી વિરોધ છે. શાસ્ત્ર કહે છે કે તમોને તમારી પર્યાયમાં કેવળજ્ઞાન ને વીતરાગતા નથી, તો તમારી દશામાં ભૂલ છે ને તે ભૂલમાં કર્મ નિમિત્ત હોવું જોઈએ. સ્વના લક્ષે ભૂલ ન હોય, પણ પરલક્ષે ભૂલ હોય છે. ને તે ભૂલમાં બીજી ચીજ કર્મ નિમિત્ત સાબિત થાય છે. આવી રીતે નિમિત્તરૂપે અનંતા કર્મો સાબિત થતાં અનંતા પુદ્‌ગલો સાબિત થયાં. નૈમિત્તિક પર્યાયની અશુદ્ધતાની વિચિત્રતા સાબિત થતાં અનંતા જીવો સાબિત થાય ને કર્મનો અભાવ કરી શુદ્ધ થઈ ગયેલા જીવો પણ અનંતા સાબિત થાય છે. આ પ્રમાણે લોકમાં અનંતા જીવો, અનંતા પુદ્‌ગલો, ધર્મ, અધર્મ, કાળને રહેવામાં વિરોધ નથી. પણ તેમાં તે દ્રવ્યો રહેલાં છે, એમ સાબિત કર્યું આ પ્રમાણે આકાશદ્રવ્યનું નિરૂપણ પૂરું થયું ॥૨૦॥

હવે નિશ્ચયકાળ તથા વ્યવહારકાળના સ્વરૂપનું વર્ણન કરે છે.

### ગાથા-૨૧

**दव्वपरिवट्टरूवो जो सो कालो हवेइ ववहारो।**
**परिणामादीलक्खो वट्टणलक्खो य परमट्ठो।।२१।।**

**ભાવાર્થ :–** દ્રવ્યોના પરિવર્તનરૂપ પરિણામ જોવામાં આવે છે તે વ્યવહારકાળ છે. એટલે કે તે પરિણામ વ્યવહારકાળ નથી પણ તે પરિણામની સ્થિતિ વ્યવહારકાળ બતાવે છે. તથા વર્તતા લક્ષણનું ધારક જે કાળ હોય છે. તે નિશ્ચયકાળ છે.

આત્મા, પરમાણુ વગેરે બધાં દ્રવ્યો કાયમ રહીને અવસ્થામાં પલટે છે. જો આત્મા માત્ર કૂટસ્થ હોય તો કાર્ય ન બને ને તો દુઃખ કે આનંદનો અનુભવ ન થાય પણ એમ નથી માટે આત્મા પર્યાયે પલટે છે. તેમજ બીજાં બધાં દ્રવ્યો પણ પર્યાયે પલટે છે. તે દરેકનો પોતપોતાના પરિણામ થાય તે તેનો નિશ્ચય છે. પણ તેની સ્થિતિનું માપ વ્યવહારકાળ છે દિવસ, કલાક, ઘડી વગેરેને વ્યવહારકાળ કહેવાય.

વર્તના લક્ષણના ધારક પદાર્થને કાળ કહે છે. તે નિશ્ચયકાળ પદાર્થ છે એવા અસંખ્ય કાળાણું છે. શ્વેતાંબર કાળને ઉપચાર માને છે. તે વાત ખોટી છે. કાળ શબ્દવાચક છે. તો તેનો વાચ્ય પદાર્થ હોવો જોઈએ. ગોળ શબ્દ છે તે ગોળ પદાર્થને બતાવે છે. તેમ કાળ શબ્દ કાળ પદાર્થને બતાવે છે. કાળ ન માને તો વાચક–વાચ્ય સંબંધ રહેતો નથી. સત્પદ પ્રરૂપણા છતાં પદાર્થનું કથન કરવું તે છે. જો કથનમાં કાળ શબ્દ આવ્યો તો કાળ પદાર્થ છતો છે એમ માનવું જોઈએ. કાળ શબ્દ છે તો તેનો વાચ્યકાળ પદાર્થ છે ને તે બધા પદાર્થોના પલટનમાં નિમિત્ત છે.

**જે સમયે જે પ્રકારની જે પર્યાય જ્યાં થાય તેની નોંધ કેવળજ્ઞાનમાં છે. કેવળજ્ઞાની એક સમયની પર્યાય ત્રણલોકની ત્રણકાળની પર્યાયોને પ્રત્યક્ષ જાણે છે. જે પર્યાય થઈ નથી. તેને પણ ભવિષ્યમાં જે વખતે થશે તેવી વર્તમાનમાં પ્રત્યક્ષ જાણે છે. નિગોદનો જીવ ક્યે સમયે સિદ્ધ થવાનો છે તેને કેવળી વર્તમાનમાં પ્રત્યક્ષ જાણે છે. કેવળજ્ઞાનનો જેને આવો નિર્ણય થાય તેની દ્રષ્ટિ પર્યાયમાંથી ખસીને દ્રવ્યમાં જાય અને તેના ભવ ભગવાને દીઠા નથી. કેવળજ્ઞાનની હૈયાતીનો સ્વીકાર જેને આવે તેને જ્ઞાનસ્વભાવનો નિર્ણય આવ્યા વિના રહે નહીં. અનાદિ અનંત જે સમયે જે પર્યાય થવાની છે તે ત્યારે જ થશે. અનંત પર્યાયનો તે સમયનો તે કાળ આઘો-પાછો ન થાય, ક્રમસર જ થાય. ૧૨૫.**

**ક્રમબદ્ધ સિદ્ધ કરવાનો હેતુ એકર્તાપણું બતાવવું છે. એક તત્ત્વના પરિણામ બીજું તત્ત્વ કરે એમ ત્રણ કાળમાં બનતું નથી. જે સમયે જે દ્રવ્યની જે ક્રમબદ્ધપર્યાય થાય છે. તેનો કર્તા અન્ય દ્રવ્ય નથી એમ કહીને સિદ્ધ એમ કરવું છે કે જીવ છે તે રાગનો કર્તા નથી, જીવ તો જ્ઞાન શ્રદ્ધા આનંદનું કાર્ય કરે છે. ૧૨૬**

**(પરમાગમસાર)**

**પ્રસાદ નં. – ૩૨૯**
**શ્રી દ્રવ્યસંગ્રહ ગાથા–૨૧**
**વી. નિ સં. ૨૪૭૮, આસો સુદ ૪, વર્ષ ૨જું. પુસ્તક બારમું,**
**સોનગઢ, તા. ૨૩-૯-૫૨, મંગળવાર.**

આ કાળનો અધિકાર છે. કાળાણુ અસંખ્ય છે. આત્માનું જ્ઞાન છયે દ્રવ્યોને યથાર્થ જાણે છે. આત્મા જ્ઞાનપ્રમાણ છે ને જ્ઞાન જ્ઞેયપ્રમાણ છે. લોકાલોકમાં રહેલાં છ દ્રવ્યો જ્ઞેય છે ને તેના પ્રમાણમાં જ્ઞાન છે. જગતમાં જેટલી ચીજો છે તેટલીથી ઓછી માને તો જ્ઞાનનું યથાર્થપણું રહેતું નથી. આત્મા વસ્તુ છે. જાણવું તેનો સ્વભાવ છે. સંસાર પર્યાયમાં રાગ-દ્વેષ થાય છે તેને લીધે અલ્પજ્ઞતા રહે છે. સ્વભાવના આશ્રયે રાગ-દ્વેષ ટળતાં વીતરાગતા થાય છે ને કેવળજ્ઞાન પ્રગટે છે. કેવળજ્ઞાન જગતના બધા પદાર્થોને જાણે છે. જેટલાં જગતના પદાર્થો છે તેના કરતાં જ્ઞાન ઓછું જાણે એમ કોઈ કહે તો જ્ઞાનની પૂર્ણતા સાબિત થતી નથી. એક સંપ્રદાય કાળદ્રવ્યને માનતો નથી. બીજા પણ માનતા નથી કાળને નહિ માનતાં કેટલાં દોષ આવે છે તે બતાવવા વાત ચાલે છે.

'પ્રવચનસાર'માં જ્ઞાન આત્માપ્રમાણ છે એમ કહ્યું છે, ગોળનું ગળપણ ગોળના ગાંગડા પ્રમાણ છે, ઓછું વત્તું ન હોય તેમજ આત્માનું જ્ઞાન શરીરમાં ન હોય જ્ઞાન વસ્તુના પ્રમાણમાં પહોળું છે પરથી જ્ઞાન ને લાભ માનનાર ભિખારા છે. જેને ચિદાનંદ આત્માનું જ્ઞાન કેવું છે તેની ખબર નથી તે જીવ પરમાં આશા રાખ્યા વિના રહે નહિ આત્મા જ્ઞાનસ્વભાવી વસ્તુ છે ને તેમાં સર્વજ્ઞ થવાની તાકાત છે. આવી પૂર્ણદશા પ્રગટ થઈ તે અર્હંતદશા છે.

'પ્રવચનસાર'માં કહ્યું છે કે અર્હંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને જે જીવ આત્મ સન્મુખ થઈને જાણે તેનો મોહ નાશ પામે છે એટલે કે તેને ધર્મ થાય છે. અર્હંતના સ્વરૂપને જાણી જીવ વિચારે કે મારો સ્વભાવ સર્વજ્ઞ થવાનો છે. રાગ-દ્વેષમાં અટકવું ને ઓછું જાણવું તે મારું સ્વરૂપ નથી. લોકાકાશના જેટલા પદાર્થો છે તેને જાણવાનો મારો સ્વભાવ છે. અનંતા આત્મા, અનંતા

પુદ્‌ગલો, એક ધર્મ, એક અધર્મ, એક આકાશ, અસંખ્ય કાળાણુ, જગતનાં દ્રવ્યો છે. તેને ન માને કે ઓછાં માને તો ગુણ પૂર્ણ દશા રૂપે પરિણમતાં કેટલી તાકાતવાળો છે તેની તેને ખબર નથી. તો પછી ગુણનો ધરનાર આત્મા કેવડો છે તેની તેને ખબર હોઈ શકે નહિ.

કોઈ ઘણાં પૈસાવાળો માણસ હોય પણ તે લોભી હોય તો બહારમાં વધુ પૈસા ન દેવા પડે તે ખાતર તે કદાચ ખોટું બોલે કે મારી પાસે પૈસા ઓછા છે. છતાં તેનું જ્ઞાન ઓછા પૈસાને કબૂલતું નથી પણ જેટલી મૂડી છે તેનો ખ્યાલ તેને વર્તે છે. તેમ આત્મામાં સર્વજ્ઞ દશા પ્રગટ થાય તો તેની તાકાત લોકાલોકને જાણવાની છે. જ્ઞાન ઓછા જ્ઞેયોને કબૂલે નહિ આવી સર્વજ્ઞશક્તિની પ્રતીતિ જેને આવે છે તેને ધર્મદશા પ્રગટે છે.

લોકમાં છ દ્રવ્યો છે. તે બધાંની પ્રતીતિ હોવી જોઈએ. કાળદ્રવ્ય નથી એમ જે કહે છે તેણે બધાં જ્ઞેયોને કબૂલ્યાં નહિ જેથી પોતાના જ્ઞાનગુણની તાકાતને કબૂલી નહિ. ગુણને નહિ કબૂલતાં પોતાના આત્માને કબૂલ્યો નહિ, તેણે અર્હંતને પણ જાણ્યા નથી.

બધાં થઈને એક આત્મા કહે તો તેનું જ્ઞાન ખોટું છે. અનંતા પરમાણુથી ઓછા માને તેનું જ્ઞાન ખોટું છે. ધર્મ, અધર્મ, આકાશ એક એક છે એને ન કબૂલે તો જ્ઞાન ખોટું ને અસંખ્ય કાળાણુ છે તેને ન કબૂલે તો પણ જ્ઞાન ખોટું ઠરે છે. આ 'દ્રવ્ય સંગ્રહ' છે. છ દ્રવ્યોની યથાર્થ પ્રતીતિ ને જ્ઞાન કરાવે છે. યથાર્ત પ્રતીતિ વિના દેવ-ગુરુ-શાસ્ત્રની સાચી શ્રદ્ધા રહેતી નથી.

હવે કાળને સિદ્ધ કરે છે :–

ગાથા-૨૧ વ્યાખ્યાર્થ :– આત્મા અને પરમાણુ વગેરે પદાર્થો કાયમ રહીને પલટે છે. એકરૂપ રહેતા હોય તો કાર્ય ન થાય ને પલટવા છતાં નિત્ય ન રહેતા હોય તો પદાર્થો રહેતા નથી. માટે દ્રવ્ય નિત્ય રહીને પલટન પામે છે. જે દ્રવ્ય પરિવર્તનરૂપ છે તે વ્યવહાર કાળ છે એમ પાઠમાં લખ્યું છે. તેનો અર્થ એમ સમજવો કે પરિવર્તન તો તે તે દ્રવ્યની પર્યાય છે. તે કાળ નથી પણ પરિવર્તનના સમયનું માપ કહેવું તે વ્યવહાર કાળ છે.

જગતમાં કાળ નામનાં અસંખ્ય દ્રવ્ય છે. જેમ ગોળ શબ્દ ગોળ પદાર્થને બતાવે છે. તેમ કાળ શબ્દ કાળ પદાર્થને બતાવે છે. તેમાં નિશ્ચય ને વ્યવહાર એવા બે પ્રકાર છે. તે વ્યવહાર કાળ પરિણામ ક્રિયા પરત્વ અપરત્વથી જાણી શકાય છે. તેથી પરિણામાદિ લક્ષ્ય છે. હવે નિશ્ચય કાળનું કથન કહે છે. જે વર્તના લક્ષણ કાળ છે તે નિશ્ચય કાળ છે.

સાકરના ગાંગડાની ધોળી પર્યાય છે. તેટલામાં સાકર આખી આવી જાય છે. પર્યાયનું ક્ષેત્ર ને દ્રવ્યનું ક્ષેત્ર સરખું છે. પર્યાય અને પદાર્થ આઘા પાછા ન હોય એક પરમાણુ એક પ્રદેશથી બીજે પ્રદેશે મંદ ગતિએ જાય તો એક સમય લાગે છે. તે કાળની પર્યાય છે. તો પર્યાયવાન કાળ પદાર્થ એટલામાં હોવો જોઈએ. આઘો પાછો ન હોય માટે ત્યાં કાળાણુ પદાર્થ સાબિત થાય છે. એક પ્રદેશે એક એવા અસંખ્ય પ્રદેશે અસંખ્ય કાળાણુ છે.

અહીં કાળનું પ્રધાનપણું નથી જગતમાં જેટલા જ્ઞેયો છે તેટલા જ્ઞેયોને માનવામાં જ્ઞાનનું સામર્થ્ય બતાવવું છે. શ્વેતાંબરાદિ સંપ્રદાયો કાળદ્રવ્યને માનતા નથી જેણે કાળને માન્યા નથી તેણે બધાં જ્ઞેયોને માન્યા નહિ બધાં જ્ઞેયોને નહિ માનતા જ્ઞેયો ને જાણનાર જ્ઞાનનો પૂર્ણ પર્યાય પ્રગટ કરવાનો પુરુષાર્થ ઊપડતો નથી. બધા જ્ઞેયોને જાણનાર મારું જ્ઞાન પરિપૂર્ણ છે એવી પ્રતીતિ તેને આવતી નથી. તેથી તેની પ્રતીતિ ખોટી છે. તેને કદાચ કષાય મંદતા હોય તો પુણ્ય પરિણામ થશે પણ તે જીવ ધર્મ અથવા આત્મકલ્યાણ પામશે નહિ.

જેણે કાળદ્રવ્યને માન્યું છે તેણે બધાં દ્રવ્યોને માન્યાં જોયાં ને સંપૂર્ણ જાણવાની જ્ઞાન ગુણની શક્તિની પ્રતીતિ આવી. એટલે સ્વભાવનો ભરોસો આવ્યો. પહેલાં ભરોસો નહતો પછી ભરોસો આવ્યો તે તેનો સ્વકાળ છે. આમ સ્વકાળ જોયો તેને નિમિત્ત રૂપે કાળાણુ હોય છે. એમ તે જાણે છે. કેવળજ્ઞાન પૂરો સ્વકાળ છે. પોતાને જાણતાં સ્વ-પર પ્રકાશન જ્ઞાન ખીલતાં કાળ વગેરે ને જાણી લ્યે છે. આમ જે જીવ કાળને માને તે સ્વની પ્રતીતિ કરશે ને તે ધર્મ પામશે. પણ જે કાળને માનતો નથી તેને પુણ્ય પરિણામ થશે પણ ધર્મ થશે નહિ.

હવે વ્યવહાર તથા નિશ્ચય કાળનું વર્ણન કરે છે :– જીવ તથા પુદ્‌ગલ દ્રવ્યોમાં જુની પર્યાયનો નાશ થાય છે ને નવી પર્યાયનો ઉત્પાદ થાય છે. જેમકે આ કપડું નવામાંથી જૂનું થયું તે પર્યાયની સમય, ઘડી આદિરૂપ સ્થિતિ તેને વ્યવહાર કાળ કહે છે. જેમકે આ ચોખા ને ચડવા મૂક્યા. કેટલો સમય થયો ? જવાબ દસ મિનિટ. આ મકાનને બનાવ્યા ચૌદ વર્ષ થયાં એમ જગતના પદાર્થોની સ્થિતિને વ્યવહાર કાળ કહે છે. આ જીવને મનુષ્ય પર્યાયમાં આટલાં વર્ષ થયાં ને વ્યવહાર કાળ છે. તે પર્યાયને અથવા દ્રવ્યને વ્યવહાર કાળ કહેવાતો નથી. પર્યાય પલટી જાય તે વ્યવહાર કાળ નથી પણ પર્યાયની સ્થિતિના માપને વ્યવહાર કાળ કહે છે. વળી એક સમય બે સમય એમ માપમાં આવે છે. માટે તે નિશ્ચય નથી પણ વ્યવહાર છે.

મહાવિદેહમાં અત્યારે જીવો સિદ્ધ થાય છે તેમાં કોઈ હમણાં સિદ્ધ થયો હોય ને પૂછવામાં આવે કે તેને સિદ્ધ થયાં કેટલો વખત થયો ? તો એમ કહેવામાં આવે કે અમુક કાળ થયો તો તે સમય, ઘડી વગેરેને વ્યવહાર કાળ કહે છે. સિદ્ધની પર્યાય તે વ્યવહાર કાળ નથી દરેક આત્મા અને પરમાણુ પલટે છે તે પલટતી પર્યાય વ્યવહાર કાળ નથી પણ તેની સ્થિતિના માપને વ્યવહાર કાળ કહે છે.

વળી દરેક વસ્તુ પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી છે. આત્મા ગુણ પર્યાયનો પિંડ તે દ્રવ્ય છે. અસંખ્ય પ્રદેશી તેનું ક્ષેત્ર છે. સમય સમયની પર્યાય તે તેનો સ્વકાળ છે ને જ્ઞાનાદિ ગુણો તેનો ભાવ છે. અહીં જે કાળ કહ્યો તે નિશ્ચય કાળ છે કે વ્યવહાર કાળ ?

સમાધાન :– તે નિશ્ચય અગર વ્યવહાર બેમાંથી એકે કાળ નથી. તે તો પોતાની પર્યાય છે. પણ તે પર્યાયની સ્થિતિ ટાંકવી તે કાળ છે. આ પ્રમાણે પર્યાય સંબંધી સ્થિતિને વ્યવહાર

કાળ કહે છે. તેથી વ્યવહારકાળ જીવ અને પુદ્‌ગલના પરિણામરૂપ પર્યાયથી જાણી શકાય છે. બીજા દેશમાં સંચાલન રૂપથી ગાયો દોહવાનો કાળ થયો તેથી કાળ જાણવામાં આવે છે. દૂરના કાળે આ બનાવ બન્યો હતો. આ વાત હમણાંની છે. આ કાલ સવારની વાત છે. એ ઉપરથી કાળ જાણી શકાય છે. માટે વ્યવહાર કાળને પરિણામ, ક્રિયા, પરત્વ ને અપરત્વ લક્ષણનો ધારક કહેવાય છે.

હવે નિશ્ચયકાળ જે દ્રવ્યરૂપ છે તેનું કથન કરવામાં આવે છે. દરેક પદાર્થ - જીવ કે અજીવ સ્વયં પોતાના ઉપાદાનરૂપ કારણથી પરિણમે છે. પરને લીધે પરિણમતા નથી. કોઈ કહે છે કે સિદ્ધ બિચારાને કાળને લીધે પરિણમવું પડે છે. તો તે વાત ખોટી છે. સિદ્ધ પોતાના કારણે પલટે છે. સંસારી જીવ સમ્યગ્દર્શન પ્રગટ કરે તે પોતાના કારણે છે. શબ્દનું પરિણમન થાય તે પોતાના કારણે થાય છે. નિમિત્ત પરિણમાવતું નથી. નિમિત્ત આવે પછી ઉપાદાનમાં કાર્ય થાય એમ કહે છે તે વાત ખોટી છે. ઉપાદાન અને નિમિત્ત વચ્ચે કાળભેદ નથી. બન્ને એકી સમયે છે. દરેક પદાર્થ પોતાના કારણે પરિણમે ત્યારે તેમાં અનુકૂળ જે બીજી ચીજ હોય તેને નિમિત્ત કહેવાય છે. અજ્ઞાની જીવો કર્મને પ્રેરક કહી આત્મામાં તે વિકાર કરાવે છે એમ કહે છે પણ તે ભૂલ છે. નિગોદથી માંડીને સિદ્ધ સુધીના જીવો, પુદ્‌ગલો, ધર્મ, અધર્મ, આકાશ ને કાળ પોતાની ઉપાદાનશક્તિથી સ્વયં પરિણમે છે.

અજ્ઞાની જીવોને દ્રવ્યની સમય સમયની પર્યાયની સ્વતંત્રતાની વાત બેસતી નથી. તેથી તે પરને લીધે કાર્ય થાય છે. તેમ માને છે. 'હું કરું હું કરું એ જ અજ્ઞાનતા, શકટનો ભાર જેમ શ્વાન તાણે.' પણ અહીં કહે છે કે દરેક તત્ત્વ પોતાના ઉપાદાન કારણથી, સ્વયં પરિણમન કરે છે. આમ સ્વયં પરિણમતા પદાર્થોને વર્તના સહકારી કારણ છે ને વર્તના લક્ષણનો ધારક પદાર્થ કાળાણુરૂપ નિશ્ચયકાળ છે. જેવી રીતે કુંભારના ચાકડામાં નીચેની શીલા સહકારી કારણ છે. કુંભારનું ચક્ર સ્વયં ચાલે છે. હાથથી અથવા લાકડીથી ચાલતું નથી. શિલામાત્ર નિમિત્ત છે. વળી જેવી રીતે શિયાળામાં વિદ્યાર્થીને અભ્યાસમાં અગ્નિ સહકારી છે વિદ્યાર્થી પોતાની તાકાતથી ભણે છે. અગ્નિ કાંઈ મદદ કરતો હોય તો બધાને સરખું ભણતર હોવું જોઈએ પણ એમ નથી. જે ભણે તેને અગ્નિ નિમિત્ત છે તેવી રીતે બધાં દ્રવ્યો પોતપોતાના કારણે પરિણમે છે. તેમાં વર્તના લક્ષણવાળા કાળાણુ નિમિત્ત છે. કાળ પરાણે કોઈ પરને પરિણમાવતા નથી. આ પ્રમાણે નિશ્ચય કાળાણુ સિદ્ધ થાય છે.

### ભાદરવા વદ ૧૪, ગુરુવાર, ૧૮-૯-૫૨

(૧) આ અધિકાર સૂક્ષ્મ છે. આત્મા વસ્તુ છે. જ્ઞાન તેનો સ્વભાવ છે. વર્તમાન પોતે સંસારદશામાં ને અધૂરી દશામાં છે પણ પોતા પહેલાં સર્વજ્ઞ પૂર્ણ પુરુષ થયા છે કે નહિ તે જાણવું જોઈએ. આત્માનું ભાન કરી, લીનતા કરી, વીતરાગદશા પ્રગટ કરી, સર્વજ્ઞ થયા હોવા જોઈએ. તેમનાં જ્ઞાનમાં બધું પ્રત્યક્ષ ભાસે છે. અનંત કાળથી જીવ કેમ રખડ્યો; કેવી રીતે તરી શકે વગેરે બધું સર્વજ્ઞના જ્ઞાનમાં પ્રત્યક્ષ ન હોય તો પૂર્ણ હકીકત કોઈ જાણી ન શકે ને સંસારમાંથી તરવાનો ઉપાય બતાવી ન શકે. માટે ત્રણકાળ ત્રણલોકના પદાર્થોને પ્રત્યક્ષ જ્ઞાનમાં જાણનાર પુરુષ સર્વજ્ઞ હોવા જોઈએ એમ માનવું જોઈએ.

(૨) વળી અર્હંતદશા થઈને તુરત જ બધા સિદ્ધ થઈ જતા હોય તો તેમના જ્ઞાનમાં શું આવ્યું તે ખબર પડે નહિ તેમજ કોઈ પણ સર્વજ્ઞને નિમિત્તરૂપે વાણી ન હોય તો દ્રવ્યનું સ્વરૂપ જાણવાનું નિમિત્ત બની શકે નહિ. જોકે જ્ઞાન જ્ઞાનના કારણે છે વાણી વાણીના કારણે છે. છતાં પૂર્ણ સ્વરૂપને બતાવનારી વાણીનો યોગ તીર્થંકરને હોય છે એમ માનવું જોઈએ.

(૩) વળી તે વાણી અનુસાર શાસ્ત્ર ક્યાં સાચાં છે તેનો નિર્ણય કરવો જોઈએ. ભગવાનને નામે ખોટાં શાસ્ત્ર રચાએલાં છે માટે સાચાં શાસ્ત્રો ક્યા છે તેનો પણ નિર્ણય કરવો જોઈએ.

(૪) વળી વાણીમાં એમ આવ્યું છે કે, જગતમાં છ દ્રવ્યો છે. આત્મા જાતિ અપેક્ષાએ એક છે પણ સંખ્યાએ અનંત છે. અનંતા જીવો સર્વજ્ઞ થયા, અનંતા સર્વજ્ઞ થવાના છે ને અનંતા કોઈ કાળે સર્વજ્ઞ થશે નહિ એવા પ્રકારો અનંતની સંખ્યા વિના બની શકે નહિ. એમ અનંતા જીવો, અનંતાનંત પુદ્‌ગલો, એક ધર્મ, એક અધર્મ, એક આકાશ ને અસંખ્ય કાળાણુ – આમ છ જાતિનાં દ્રવ્યો છે એમ નિર્ણય કરવો જોઈએ.

આ 'દ્રવ્ય સંગ્રહ' છે. તેમાં વીતરાગની વાણી અનુસાર છ દ્રવ્યોનું સ્વરૂપ બતાવે છે. તેમાં કાળદ્રવ્યની વાત ચાલે છે. શ્વેતાંબર સંપ્રદાય કાળને માનતો નથી. એટલે અહીં ન્યાયથી ને દલીલથી કાળને સિદ્ધ કરે છે. વ્યવહારકાળ પરિણામની સ્થિતિથી જાણી શકાય છે ને વર્તના લક્ષણવાળો પદાર્થ જે કાળાણુ તે નિશ્ચયકાળ છે.

શંકા :– હવે અહીં કોઈ કહે કે જે સમય, ઘડી, દિવસ, રાત્રિ આદિ છે. તેજ નિશ્ચયકાળ છે તેનાથી જુદો કોઈ નિશ્ચયકાળ નથી કેમકે અમારા જોવામાં આવતો નથી.

ઉત્તર :– જીવ પણ જોવામાં આવતો નથી તો શું તેને નહિ માનો ? જે જોવામાં ન આવે તે માનવું નહિ, તે વાત ન્યાયસર નથી. વળી સમય, કલાક વગેરે કાળને સૂચવે છે. પણ જીવ કે પુદ્‌ગલને સૂચવતા નથી. વળી કેટલા ગાઉ ચાલ્યા ? તે વાક્ય જેમ ક્ષેત્રને સૂચવે છે તેમ કેટલો વખત થયો તે વાક્ય કાળને સૂચવે છે. સમય, ઘડી વગેરે કાળની પર્યાય છે.

વળી કોઈ પૂછે કે સમય કાળની પર્યાય કેવી રીતે છે ?

સમાધાન :– પર્યાય હોય છે, તે ઉત્પન્ન ધ્વંસી છે – એમ શાસ્ત્ર કહે છે. એક સમય થયો તે ઉત્પાદ બતાવે છે ને અમુક સમય ગયો તે ધ્વંસને બતાવે છે. આમ સમય, ઘડી, ઉત્પાદ-વ્યય બતાવતા હોવાથી પર્યાયને સૂચવે છે પણ દ્રવ્યને સૂચવતા નથી કારણ કે ઉત્પાદ-વ્યય દ્રવ્યમાં હોઈ શકે નહિ. વળી તે પર્યાય દ્રવ્ય વિના હોઈ શકે નહિ. જેમ જ્ઞાનપર્યાયમાં ઓછુવત્તું થયું તે જ્ઞાનગુણના આધાર વિના હોઈ શકે નહિ ને જ્ઞાનગુણ જીવ-દ્રવ્યના આધાર વિના હોઈ શકે નહિ. તેમ પુદ્‌ગલની લીલી અવસ્થામાંથી પીળી અવસ્થા થાય તો તેના આધાર રૂપ રંગ ગુણ વિના તે હોઈ શકે નહિ. તે ગુણ દ્રવ્ય વિના ન હોય માટે પર્યાય હોય તે દ્રવ્યના આધારે હોવી જોઈએ એમ સાબિત થાય છે. આ રીતે સમય, ઘડી વગેરે પર્યાયને માનીએ તો તેના આધારરૂપ કાળદ્રવ્યને માનવું પડશે. અથવા સમયને કાળ માની લ્યો તો તે સમયરૂપ પર્યાય કાળના ઉપાદાન કારણભૂત દ્રવ્ય છે તે પણ કાળરૂપ હોવો જોઈએ.

જેવી રીતે ઈંધન અને અગ્નિના નિમિત્તે પાકતા ચાવલનું ઉપાદાન કારણ ચાવલ પોતે છે. મૂળ કારણ અગ્નિ કે લાકડું હોય તો અગ્નિ કે લાકડાની પર્યાય ચોખામાં આવી જવી જોઈએ. પણ એમ બનતું નથી. વળી કુંભાર, ચાક વગેરે બહિરંગ નિમિત્તના કારણે ઘડી આદિ બને છે તેનું ઉપાદાન કારણ માટીનો પિંડ છે. કુંભાર કે ચાકડો મૂળ કારણ હોય તો કુંભાર કે ચાકડો ઘડામાં આવી જવા જોઈએ પણ એમ બનતું નથી. માટીનો મૂળ ગુણ ઘડામાં આવે છે માટે માટી ઉપાદાન કારણ છે.

તેવી રીતે સમય આદિ પર્યાય છે, તેનું ઉપાદાન કારણ કાળદ્રવ્ય છે. જો તે સમયરૂપી પર્યાય જીવ તથા પુદ્‌ગલની માનવામાં આવે તો જીવ તથા પુદ્‌ગલના ગુણો સમય, ઘડી આદિમાં આવી જવા જોઈએ પણ એમ બનતું નથી. ચોખામાં ચોખાનો ગુણ આવે છે પણ અગ્નિનો ગુણ આવતો નથી. ઘડામાં માટીનો ગુણ આવે છે પણ કુંભારનો ગુણ આવતો નથી. તેમ સમયમાં કાળનો ગુણ આવે છે પણ જીવ પુદ્‌ગલનો ગુણ આવતો નથી. અહીં સમય ઉપરથી કાળદ્રવ્યની વાત સિદ્ધ કરવી છે.

વળી અહીં ઉપાદાન નિમિત્તની વાત પણ સ્પષ્ટ થાય છે. નિમિત્તના ગુણ ઉપાદાનમાં આવી જતા નથી માટે નિમિત્તથી ઉપાદાનમાં કાર્ય થતું નથી. કડાં, કુંડલ વગેરેનું કારણ સોનું પોતે છે. જેનો ગુણ પહેલાં ને પછી સદૃશપણે સચવાઈ રહે તે તેનું કારણ હોય, બીજું કારણ હોઈ શકે નહિ. ચોખા રાંધતી વખતે કોઈ બાઈ તીખી પ્રકૃતિવાળી હોય અને કોઈ ક્ષમાવાળો હોય. હવે જો બાઈને લીધે ચોખા પાકા થતા હોય તો બાઈનો ક્રોધ અથવા ક્ષમા ચોખામાં આવી જવાં જોઈએ પણ એમ બનતું નથી.

જે કારણથી જેનો ગુણ સચવાઈ રહે તે તેનું કારણ છે. શ્વેતાંબર સૂત્રમાં પાઠ છે કે જીવ અને પુદ્‌ગલની પર્યાયને કાળ કહે છે પણ તે વાત ખોટી છે. જો જીવ અને પુદ્‌ગલની

પર્યાય કાળ હોય તો જીવ અને પુદ્‌ગલના ગુણો કાળમાં આવી જવા જોઈએ પણ એમ બનતું નથી. સમયરૂપ પર્યાય કાળ સૂચક છે. માટે તેના કારણરૂપ દ્રવ્ય તેવા ગુણવાળું હોવું જોઈએ.

જે જીવ કાળદ્રવ્યને માનતો નથી. તેની નવે તત્ત્વોમાં ભૂલ છે. પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ ને કાળ પાંચ અજીવને બદલે ચાર અજીવને માન્યા તે અજીવ તત્ત્વમાં ભૂલ છે. પાંચે અજીવને જાણે તેવું જ્ઞાનનું સામર્થ્ય છે. છતાં ચારને જાણે તેવું જ્ઞાન માન્યું તે જ્ઞાનમાં ભૂલ છે. એટલે જીવતત્ત્વમાં ભૂલ છે ને કાળને નહિ માનતાં આત્મા બધા પદાર્થોનો જ્ઞાતા-દૃષ્ટા છે એમ ન માન્યો તેથી પૂર્ણ સ્વભાવની પ્રતીતિ ન થઈ એ સંવરમાં ભૂલ છે.

કેવળજ્ઞાન બધા દ્રવ્યોને ગુણ-પર્યાય સહિત જાણે તેવું છે. છતાં કાળને ન જાણે એમ કહે તે કેવળજ્ઞાનમાં એટલે મોક્ષતત્ત્વમાં ભૂલ છે. આ પ્રકારે નવે તત્ત્વોમાં ભૂલ આવે છે.

સમય કાળને સૂચવે છે. તે ઉત્પન્ન ધ્વંસી છે. એક સમય ગયો, બીજો થયો – આમ ઉત્પાદ-વ્યય છે. તે પર્યાય દ્રવ્ય વિના ન હોય માટે કાળદ્રવ્ય છે એમ સાબિત થાય છે. જો જડ અને ચેતન પદાર્થ સમય આદિના ઉપાદાન કારણ હોય અથવા સમય તેની પર્યાય હોય તો સમયમાં ચેતનપણું ને સ્પર્શ, રસ, ગંધ, વર્ણ આવી જવાં જોઈએ પણ તેમ બનતું નથી. કાળના ગુણને ધરનાર દ્રવ્ય હોવું જોઈએ કે જેનાથી આ ગુણ આવ્યો છે.

કોઈ પૂછે કે ધર્મ માટે આ બધું શીખવું પડતું હશે ? ઝાઝું જાણવાથી રાગ-દ્વેષ થાય ?

સમાધાન :– ના જ્ઞેયોને લીધે જ્ઞાનમાં રાગ-દ્વેષ થતાં નથી. જેટલાં જ્ઞેયો છે તેટલા જાણવા તે જ્ઞાનની તાકાત છે. તે જ્ઞાનરૂપી પર્યાય ધર્મને ધરનાર આત્મા કેવડો છે ? એક આત્માને જાણવાની તાકાતવાળો છે કે માત્ર પાંચ દ્રવ્યોને જાણવાની તાકાતવાળો છે ? ના. પોતે સહિત છ દ્રવ્યને જાણવાની તાકાતવાળો છે. એમ જીવના દ્રવ્ય પર્યાયને માને ને સાચું જ્ઞાન કરે તો ધર્મ થાય.

વળી નર, નારક આદિ જીવની અરૂપી પર્યાય છે. તેનું ઉપાદાન કારણ જીવ પોતે છે. નર, નારકના શરીરની વાત નથી. શરીર તો જડ છે પણ અંદરની અરૂપી પર્યાયની વાત ચાલે છે. નર, નારકપણે થવાની જીવની યોગ્યતા છે. તેનું કારણ જીવ પોતે છે. ચાવલમાં અગ્નિનું નિમિત્ત પણ કહ્યું હતું, અહીં તો કર્મનું નિમિત્ત પણ લીધું નથી. કર્મને લીધે નર, નારકની પર્યાય હોય તો કર્મનો ગુણ નર, નારકમાં આવી જવો જોઈએ. નિગોદના જીવોની વર્તમાન લાયકાત તેના જીવદ્રવ્યના કારણે છે. કર્મને લીધે નહિ. નિમિત્ત ભલે હો, પણ નિમિત્તના ગુણો કે કર્મના સ્પર્શ, રસ, ગંધ, વર્ણ ગુણો જીવમાં આવી જતા નથી.

તેવી રીતે સમય, ઘડી, કલાક વગેરે કાળસૂચક અવસ્થા છે. તેનું ઉપાદાન કારણ કાળ દ્રવ્ય હોવું જોઈએ ને જીવ ને પુદ્‌ગલ તેનું ઉપાદાન કારણ હોય તો જીવ અને પુદ્‌ગલના ગુણો સમય અને ઘડીમાં આવી જવા જોઈએ પણ એમ નથી માટે સમય આદિનું ઉપાદાન કારણ કાળ છે.

કારણ કે એવો નિયમ માનવામાં આવ્યો છે કે પોતાના ઉપાદાન કારણ સમાન કાર્ય હોય છે. દરેક આત્મા, પુદ્‌ગલ વગેરે દ્રવ્યના મૂળ કારણ અનુસાર કાર્ય હોય છે. લીંબડામાંથી લીંબોળી થાય પણ કેરી ન થાય ઘઉંના બીજમાંથી ઘઉં થાય પણ બાજરો ન થાય. ચેતનમાંથી જડ ન થાય અને જડમાંથી ચેતન ન થાય. દરેક દ્રવ્યના કાર્યનું કારણ પોતે છે. શિષ્યને સમજવાની પર્યાયનું કારણ સર્વજ્ઞની વાણી હોય તો વાણી એક સરખી છે તો બધા સરખી રીતે સમજે પણ એમ બનતું નથી. જેની જેની સમજવાની યોગ્યતા હોય છે તે તે પ્રકારે કાર્ય થાય છે. પરને લીધે તે નથી માટે કારણ કાર્યમાં સમાનતા છે. માટે સમયાદિ કાળસૂચક છે માટે તે પર્યાયનું દ્રવ્ય કાળ સૂચક કાળ પદાર્થ હોવો જોઈએ.

શંકા :–

(૧) હવે કદાચિત્ કોઈ એમ કહે કે, સમય, ઘડી વગેરે કાળ પર્યાયનું ઉપાદાન કારણ કાળદ્રવ્ય નથી પણ સમયરૂપ પર્યાયની ઉત્પત્તિમાં મંદ ગતિએ ચાલતો પુદ્‌ગલ પરમાણુ ઉપાદાન કારણ છે.

(૨) નિમેષ (કાળનું માપ છે)નો ઉત્પત્તિનું મૂળ કારણ આંખનો ટમકો ખાવો તે છે.

(૩) ઘડો રૂપ કાળની ઉત્પત્તિનું મૂળ કારણ રેતીનો ઘડો અથવા જે પુરુષ હાથથી તડકો માપે છે તેવા પુરુષનો પ્રયોગ કારણ છે.

(૪) દિવસ રૂપ કાળની ઉત્પત્તિનું મૂળ કારણ સૂર્યનું બિંબ છે.

ઉપર મુજબ ચાર પ્રકારે માનવામાં આવે તો તે ઠીક નથી.

સમાધાન :– જેવી રીતે કાચા ચાવલ રૂપ ઉપાદાન કારણથી પાકા ચાવલની પર્યાય થઈ છે. અગ્નિથી કે રાંધનારથી ભાત થયા નથી. ચાવલ મૂળ કારણ છે કેમકે કાચા ચાવલમાં જેવા ગુણો હતા તેવા ભાતમાં છે. સફેદ કે કાળો આદિ રંગ, સારો અથવા બૂરી ગંધ, ચીકણા અથવા લુખા આદિ સ્પર્શ મધુર આદિ રસ જેવા કાચા ચોખામાં હતા તેવા ભાતમાં દેખાય છે. તેવી રીતે સમયાદિમાં જો ઉપર કહ્યાં તે ઉપાદાન કારણ હોય તો ઉપાદાન કારણના ગુણો સમયાદિમાં આવવા જોઈએ.

મંદગતિએ ચાલતા પરમાણુના સ્પર્શાદિ ગુણ સમયમાં દેખાવા જોઈએ. આંખના પલકારાના સ્પર્શાદિ ગુણ નિમેષમાં, રેતીની ઘડીનો ગુણ ઘડીમાં, સૂર્યના ગુણો દિવસમાં દેખાવા જોઈએ કેમકે ઉપાદાન કારણના સમાન કાર્ય થાય છે એવું શાસ્ત્રવચન છે પણ કાળ પર્યાયમાં સ્પર્શાદિ ગુણો દેખવામાં આવતા નથી પણ કાળદ્રવ્યમાંથી તે પર્યાયો થઈ છે.

કાળાણુ આદિને અંત વિનાના છે. સ્પર્શ, રસ, ગંધ, વર્ણ વિનાના છે, નિત્ય છે, સમયાદિનું ઉપાદાન કારણ છે તોપણ સમય ઘડી આદિના ભેદો તેમાં પડતા નથી એવો કાળાણુ તે નિશ્ચય કાળ છે. રત્નના રાશિની જેમ આકાશના એક પ્રદેશે એક એવા અસંખ્ય કાળાણુ દ્રવ્ય છે.

કાળને પોતાને પોતાની ખબર નથી. આત્મા તેને જાણે છે. માટે કાળ કરતાં આત્મા

સૂક્ષ્મ છે. અસંખ્ય કાળાણુ જ્ઞેયો છે. પોતાના જ્ઞાનમાં નિમિત્ત છે માટે કાળનું જ્ઞાન યથાર્થ કરવું જોઈએ.

વળી સમય, ઘડી વગેરે જે કહ્યાં તે આદિ તથા અંતવાળા છે. તથા વિવક્ષિત વ્યવહારે વિકલ્પોથી સહિત છે. તે નિશ્ચય કાળની પર્યાય ભૂત વ્યવહાર કાળ છે.

અહીં તાત્પર્ય એ છે કે જીવ કાળલબ્ધિ અનુસાર અનંત સુખનું ભાજન થાય છે. એટલે કે પોતાના સ્વકાળે મુક્તિ થાય છે. આડે અવળે વખતે મુક્તિ થતી નથી. સ્વકાળે થાય છે. તોપણ વિશુદ્ધ જ્ઞાનદર્શન સ્વભાવના ધારક જે પોતાના પરમાત્માનું સ્વરૂપ છે. તેનાં સમ્યક્ શ્રદ્ધા ને, જ્ઞાન ને આચરણ તથા સંપૂર્ણ બાહ્ય દ્રવ્યોની ઇચ્છા દૂર કરવાના લક્ષણનું ધારક તપશ્ચરણ એમ, દર્શનજ્ઞાન ચારિત્ર ને તપરૂપ ચાર પ્રકારની આરાધના જીવના અનંત સુખની પ્રાપ્તિમાં ઉપાદાન કારણ છે એમ જાણવું જોઈએ. કાળ ઉપાદાન કારણ નથી. કારણ કાળના ગુણો જીવમાં આવતા નથી પણ આરાધનાનો ગુણ જીવમાં આવે છે. માટે આરાધના ઉપાદાન કારણ છે ને જે જીવ આરાધના કરી મુક્તિ પામે તેને કાળ નિમિત્તિ કહેવાય પણ કાળ ઉપાદાન કારણ નથી. માટે કાળ છોડવા યોગ્ય છે. નિમિત્ત મદદ કરતું નથી માટે તેના ઉપરની દૃષ્ટિ છોડાવતાં કાળને હેય કહી દીધેલ છે ॥૨૧॥

**દુષ્કર લાગે તોપણ એ સિવાય ચાર ગતિના રઝળપાટ નહીં ટળે બાપુ ! જ્ઞાનની જે વર્તમાન પર્યાય છે તેના પર અનાદિનું લક્ષ છે પણ તેની સમીપમાં જે પરમ પુરુષ નીકટ બિરાજે છે. સર્વોત્કૃષ્ટ પ્રભુ છે, તેનું લક્ષ કદી કર્યું નથી. તેથી હવે એ પર્યાયને ત્યાં અંતરમાં વાળ ભાઈ !**

**(પરમાગમસાર–૧૩૩)**

## પ્રસાદ નં. – ૩૩૧

**વી. નિ સં. ૨૪૭૮, આસો સુદ ૬, વર્ષ ૨જાું. પુસ્તક બારમું,**
**સોનગઢ, તા. ૨૫-૯-૫૨, ગુરુવાર.**
**શ્રી દ્રવ્યસંગ્રહ ગાથા–૨૨**
**(ભાદરવા વદ ૦), શુક્રવાર, ૧૯-૯-૫૨ બપોર)**

હવે નિશ્ચય કાળની સ્થિતિનું ક્ષેત્ર તથા કાળને દ્રવ્યોમાં કેમ ગણવામાં આવેલ છે તે વિષયનું પ્રતિપાદન કરે છે.

આ જગતમાં છ વસ્તુ છે. તેનું પ્રથક્ પ્રથક્ જ્ઞાન કરી પોતે જ્ઞાનસ્વરૂપી એકાકાર છે એવું ભાન કરે તો એકાગ્ર થાય. પ્રથમ બે વસ્તુ તો નક્કી કરવી જોઈએ, એક જ વસ્તુ હોય તો એકને શું ભૂલ હોય ? વર્તમાનમાં ભૂલ પોતે કરે છે તેમાં બીજી ચીજ-કર્મ પુદ્‌ગલ નિમિત્ત છે. પોતાના શુદ્ધ સ્વરૂપને ચૂકી નિમિત્તના સંગે થતા વિકાર જેટલો જ હું છું એમ માની જીવ રખડી રહ્યો છે, આમ જીવ અને પુદ્‌ગલ બે દ્રવ્ય સાબિત થયાં. તે સિવાય ધર્મ, અધર્મ, આકાશ ને કાળ એવાં ચાર દ્રવ્યો મળી કુળ છ દ્રવ્યો સર્વજ્ઞ ભગવાને જોયાં છે. છ દ્રવ્યોને જ્ઞેય તરીકે જાણે તો જ્ઞાનનું સામર્થ્ય પૂરું કબૂલ્યું કહેવાય.

કાળનું સ્વરૂપ બતાવે છે.

### ગાથા-૨૨

**लोयायासपदेसे इक्किक्के जे ठिया हु इक्किक्का।**
**रयणाणं रासी इव ते कालाणू असंखदव्वाणि।।२२।।**

**ગાથા-ભાવાર્થ :–** જે લોકાકાશના એક-એક પ્રદેશમાં રત્નોની રાશિની જેમ પરસ્પર જુદા રહ્યાં છે દરેક પ્રદેશે એક-એક છે તે કાળાણુ છે ને તે અસંખ્ય છે.

**વ્યાખ્યાર્થ :–** એક-એક કાળાણુ લોકાકાશના એક-એક પ્રદેશે એક એવી રત્નની રાશીની જેમ જુદા જુદા રહેલા છે તે કાળાણુ છે તે લોકાકાશના અસંખ્ય પ્રદેશ જેટલા અસંખ્ય કાળાણુ છે.

કાળ શબ્દ વાચક છે તો તેનો વાચ્ય પદાર્થ હોવો જોઈએ. કાળ પદાર્થ નથી એમ કોઈ કહેતો કાળ શબ્દના અસ્તિત્વનું કારણ શું ? ગોળ શબ્દ છે ને ગોળ પદાર્થ ન હોય તો ગોળ શબ્દની હયાતિ નિરર્થક થાય છે પણ એમ નથી. કાળ બે અક્ષરનું પદ છે. સત્પદ પ્રરૂપણા એટલે હોવાવાળા પદાર્થને બતાવનારા પદનું કથન કાળ શબ્દ છે તો કાળ પદાર્થ સત્ હોવો જોઈએ ને તે કાળ પદાર્થ જ્ઞાનનો વિષય છે તેને જ્ઞાન ન જાણે તો જ્ઞાન ખોટું ઠરે છે.

સંસારમાં પોતાનાં માબાપ શું મૂડી મૂકી ગયા છે તેનો બરાબર ખ્યાલ જીવ કરે છે. નામું, ચોપડાં, પટારા બધું તપાસે છે કારણ કે તેમાં જીવને રુચિ છે. અહીં સર્વજ્ઞ ભગવાન ધર્મપિતા શું વારસોને મૂડી મૂકી ગયા છે તથા તેમના જ્ઞાનમાં ને વાણીમાં શું આવ્યું તે બરાબર તપાસવું જોઈએ, પરપદાર્થથી ને વિકારથી રહિત પોતાના આત્માનાં શ્રદ્ધા-જ્ઞાન ને સ્થિરતા કરી ભગવાન કેવળજ્ઞાન પામી મુક્ત થયા, મુક્ત થવા પહેલાં તેમની વાણીમાં આવ્યું કે જગતમાં છ દ્રવ્યો છે તે જેવાં છે તેવું જ્ઞાન કર.

આ જગતમાં કોઈપણ શબ્દ હોય તો તેનો વાચ્ય પદાર્થ હોવો જોઈએ. જીવ શબ્દ છે તો જીવ પદાર્થ હોવો જોઈએ. જીવ શબ્દમાં જીવ નથી છતાં જીવ શબ્દ જ્ઞાનાદિ અનંત સ્વભાવના ધારક જીવ પદાર્થને બતાવે છે. પુદ્ગલ શબ્દ પુદ્ગલ પદાર્થને બતાવે છે. તેવી રીતે બહિરાત્મા, અંતરાત્મા, પરમાત્મા, શબ્દ છે તો તેવા જીવો પણ છે. વળી ધર્મ, અધર્મ, આકાશ શબ્દો છે તો તે શબ્દ તે તે પદાર્થને બતાવે છે. આવો વાચક વાચ્ય સંબંધ સ્વતંત્ર છે. કાળ શબ્દ છે તો તે કાળ નામના પદાર્થને બતાવે છે.

હવે તે કાળદ્રવ્યની સિદ્ધિ કરવા દૃષ્ટાંતથી સમજાવે છે. આ આંગળી વાંકી થઈ તે વાંકી દશાનો જે સમયે ઉત્પાદ છે તે સમયે તેની સીધાપણાનો નાશ થયો ને આંગળીના રૂપે આંગળી ધ્રુવ રહેલી છે. ત્રણે એક સાથે છે તે ઉપરથી કાળદ્રવ્ય સાબિત કરશે. સોનાના કુંડળની ઉત્પત્તિ, કડાનો નાશ ને પીળાપણું વગેરે ગુણોનું ધરનાર સોનું ધ્રુવ રહે છે. માણસ પર્યાયનો નાશ, દેવ પર્યાયની ઉત્પત્તિ ને જીવનું ધ્રુવપણું એક સમયે છે. લોટનો નાશ, રોટલીની પર્યાયનો ઉત્પાદ ને પરમાણુ ધ્રુવપણે રહેલા છે એમ ત્રણે એક સમયે છે તેથી દ્રવ્યની સિદ્ધિ થાય છે આમ જ્ઞાન કરવું જોઈએ.

વેપારી પોતાના ચોપડાનું જ્ઞાન બરાબર કરે છે, કારણ કે તેમાં તેને રુચિ છે, છતાં પૈસો મળવો કે ન મળવો તે પુણ્યાધીન છે ને પુણ્યથી મળેલા પૈસામાંથી પણ એક રજકણ જીવની સાથે આવવાનો નથી પૈસા મને મળ્યા એવી મમતા જીવ કરે છે તે મમતા પોતાની આત્મશક્તિને લૂંટે છે, મમતા વિનાનો હું ત્રિકાળી જ્ઞાનસ્વભાવી છું, જગતની પરચીજો મને લાભ કે નુકસાનકારક નથી, જગતનું જ્ઞાન કરવું ને પોતાના જ્ઞાનનું માહાત્મ્ય લાવવું તે ધર્મ છે. અહીં સર્વજ્ઞ ભગવાનના

ચોપડામાં કેટલી ચીજો આવી છે તે તપાસવું જોઈએ એમ જ્ઞાન કરવા કહે છે.

અહીં કાળદ્રવ્યની સિદ્ધિ માટે આંગળીનું દૃષ્ટાંત આપ્યું હવે જીવનું દૃષ્ટાંત આપે છે.

જેવી રીતે કેવળજ્ઞાનાદિ પર્યાયનો ઉત્પાદ થાય છે ને નિર્વિકલ્પ ધ્યાન જે કેવળજ્ઞાનનું કારણ છે તેનો નાશ થાય છે ને એ બન્નેના આધારભૂત જે પરમાત્મ દ્રવ્ય છે તે રૂપે જીવ ધ્રુવ છે. આ રીતે જીવદ્રવ્યની સિદ્ધિ થાય છે. તે દૃષ્ટાંતનો વિસ્તાર – આત્મા જ્ઞાનાનંદ સ્વભાવી છે, રાગ-દ્વેષ વિકાર છે, અલ્પજ્ઞદશા દેખાય છે તે આત્માનું ખરું સ્વરૂપ નથી, હું આત્મામાં એકાગ્ર થાઉં તો મને કેવળજ્ઞાન પ્રગટે એમ છે એમ પ્રથમ જ્ઞાન કરવું જોઈએ. શરીર, મન, વાણી એક ક્ષેત્રે હોવા છતાં તે પુદ્‌ગલદ્રવ્ય છે. પૈસો ટકો, કુટુંબાદિ પર છે તેનું રહેવું કે જવું તે જીવના હાથની વાત નથી. જો તે જીવના હાથની વાત હોય તો પૈસા જવા જ ન દે, તેમજ બૈરાં વગેરેને મરવા ન દે, પણ તેમ બનતું નથી. જીવ મમતા કરે અથવા મમતા રહિત આત્માની શ્રદ્ધા કરે, જીવ પરથી પૃથક્ છે પણ મમતાથી સર્વથા પૃથક્ નથી. મમતા પોતામાં પોતાની ભૂલથી કરે છે. પર મમતા કરાવતું નથી એમ જ્ઞાન કર્યા પછી મમતા અનિત્ય છે ને આત્મા જ્ઞાનસ્વભાવી મમતા રહિત નિત્ય પદાર્થ છે એમ આત્માનાં શ્રદ્ધા-જ્ઞાન કરી મમતા ઘટાડી શકાય તેમ જ તેનો અભાવ કરી શકાય એટલે કે યથાર્થ ભાન કરી, લીનતા કરી, વીતરાગતા પ્રગટતાં કેવળજ્ઞાન પ્રગટે છે તે જ વખતે ધ્યાનનો નાશ થાય છે.

કેવું છે ધ્યાન ? નિર્વિકલ્પ ધ્યાન છે ને તે કેવળજ્ઞાન પ્રગટવાનું કારણ છે. પોતાના જ્ઞાનાનંદ સ્વભાવને ચૂકીને શરીરની ક્રિયા હું કરી શકું છું પુણ્ય-પાપ હું કરું છું એવી વાસનાની ગંધ તે વિકાર છે તે ભૂંડું ધ્યાન છે, અજ્ઞાની જીવો બહારમાં મજા માને છે. જગતની ક્રિયા જગતને લીધે થાય છે પણ અજ્ઞાનીને તે વાત બેસતી નથી. એક માણસે નાતનાં વાસણ વેચીને નાત જમાડીને કહ્યું કે 'નાતનો માલ નાત જમે છે. મુસાભાઈના વા પાણી' જેમ મુસાભાઈ નાતને ઠગવા માટે જૂઠું બોલ્યો તેમ અજ્ઞાની જીવ પણ જૂઠું બોલી મમતા કરે છે. જગતના પદાર્થો જગતના કારણે છે એમ નહિ માનતા અમો આટલું જગતનું કરીએ છીએ એમ અભિમાન કરી જૂઠું માની રહ્યો છે તે ભૂંડું ધ્યાન છે.

ધર્મી જીવ વિચાર કરે કે સંયોગો મારાથી ભિન્ન છે. તેના પરિણામ કે ક્રિયા તેનાથી થાય છે. હું જાણનાર છું, મારામાં મારા કારણે રાગ-દ્વેષ થાય છે તે દુઃખદાયક છે, વિકાર રહિત શુદ્ધ સ્વભાવના શ્રદ્ધા-જ્ઞાન કરવાં તે સુખદાયક છે એમ સત્ સ્વભાવની રુચિ થતાં વિકારને ભ્રાંતિની રુચિ તૂટી જાય છે તે જીવને વિશેષ સ્થિરતા કરતાં નિર્વિકલ્પ ધ્યાન થાય છે. સંસારના સમજુ ને દુનિયાના ડાહ્યા જીવો મમતામાં પાકા છે. અહીં આચાર્ય કહે છે કે તારું સ્વરૂપ તો સચ્ચિદાનંદમય છે. સત્ = કાયમ રહેનારો, ચિત્ = જ્ઞાન, આનંદ = આલ્હાદ, જ્ઞાન અને આનંદ મારું કાયમી સ્વરૂપ છે એમ ધર્મી વિચારે છે. શરીર, પૈસા વગેરે અત્રે પડ્યા રહે છે તે મારા નથી, પર્યાયમાં કલ્પના થાય છે તે ઉપાધિ છે. કલ્પના રહિત જ્ઞાન ને આનંદ

તે મારું સ્વરૂપ છે એમ પ્રતીતિ ને સ્થિરતા કરતાં નિર્વિકલ્પ ધ્યાન પ્રગટે છે તે મોક્ષમાર્ગ છે ને કેવળજ્ઞાન અને મુક્તિનું કારણ છે માટે તેને કારણસમયસાર કહેવાય છે.

મોક્ષમાર્ગનો અથવા ધ્યાનરૂપી વીતરાગી પર્યાયનો નાશ, કેવળજ્ઞાનનો ઉત્પાદ ને આત્માની ધ્રુવતા આમ ત્રણે એકીસાથે છે. કેવળજ્ઞાનના ઉત્પાદનો ને મોક્ષમાર્ગના વ્યયનો આધાર ધ્રુવ જીવ પદાર્થ છે.

વેપારીમાં કહેવાય છે કે 'હિસાબ કોડીનો ને બક્ષીસ લાખની' તેમ સર્વજ્ઞ કહે છે કે પ્રથમ હિસાબ એટલે પ્રતીતિ તો યથાર્થ કર કે આજ સત્ય માર્ગ છે, સ્થિરતા થઈ ન શકે તો ચારિત્રનો દોષ છે પણ ચારિત્ર હોવું જોઈએ, તે વિના કેવળજ્ઞાન અને મુક્તિ ન હોય એમ યથાર્થ પ્રતીતિ તો કર, આત્માની શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા રૂપી પર્યાય એ એક જ કેવળજ્ઞાનનું કારણ છે.

હવે કાળમાં ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય લાગુ પાડે છે, એક પરમાણુ આકાશના એક પ્રદેશથી બીજે પ્રદેશે મંદ ગતિથી ગમન કરે તેમાં એક સમય લાગે છે તે સમયમાં પરમાણુ નિમિત્ત છે ને ઉપાદાન કારણ કાળાણુ છે તેનાથી વર્તમાન સમયની ઉત્પત્તિ થઈ તે ઉત્પાદ છે, તે જ વખતે પૂર્વે સમયનો નાશ થયો છે તે વ્યય છે તથા વર્તમાન તથા ભૂત સમયના આધારભૂત કાળદ્રવ્યની ધ્રુવતા સાબિત થાય છે. આ ચીજ હમણાં આવી તે સમયનો ઉત્પાદ, પૂર્વે બીજે હતી તે પૂર્વ સમયનો નાશ ને કાળનું ધ્રુવપણું આમ ઉત્પાદ-વ્યય-ધ્રુવ લક્ષણના ધારક કાળદ્રવ્યની સિદ્ધિ થાય છે, જેટલામાં કાળની પર્યાય રહેલી છે તેટલામાં કાળદ્રવ્ય રહેલું છે.

આત્મામાં જ્ઞાન પર્યાયમાં નવુ જાણવાનું મળતાં નવી પર્યાયનો ઉત્પાદ, જુનીનો વ્યય ને આત્મા ધ્રુવ ટક્યો છે, જ્ઞાન પર્યાય આત્માપ્રમાણ ક્ષેત્રમાં છે ને આત્મા પણ તેની પર્યાય જેટલા ક્ષેત્રમાં છે. વળી આત્મામાં એક ભવનો અંત ને તે જ સમયે બીજા ભવનો ઉત્પાદ છે. એક સમયે અંત આવે ને બીજે સમયે ઉત્પાદ થાય એમ નથી. એક સમયે બન્ને છે ને તે જ સમયે જીવ ધ્રુવ છે.

એક સમય થયો એમ કહેતાં વર્તમાન સમયની ઉત્પત્તિ, પૂર્વના સમયનો વ્યય ને બન્નેમાં કાયમ રહેનાર કાળની ધ્રુવતા એમ ઉત્પાદ-વ્યય-ધ્રુવ લક્ષણવાળું કાળદ્રવ્ય સિદ્ધ થાય છે. જો કાળ ત્રિકાળ દ્રવ્ય ન હોય એમ કોઈ માને તો ત્રિકાળી દ્રવ્ય વિના આ સમય થયો એવું સૂચન ક્યાંથી હોય ? કાળ સૂચક ત્રિકાળી દ્રવ્ય વિના કાળ સૂચક સમય રૂપી પર્યાય હોઈ શકે નહિ માટે સમય, ઘડી આદિ ઉપરથી ત્રિકાળી કાળ દ્રવ્ય સાબિત થાય છે.

એવા અરૂપી, અસંખ્ય કાળાણુ છે તેને જે ન માને તેને આત્માના જ્ઞાનની મોટપ આવતી નથી.

પાંચ મણ ચોખાની લીલાપટાની ગુણો આવે છે, તેનું વજન કરવા માટે સામેના છાબડામાં પાંચ મણનું કાટલું મૂકવું જોઈએ તેને બદલે કોઈ મજૂર ચાર મણનું કાટલું મૂકે તો તે મૂર્ખ

છે તેને ચોખા જોખતા આવડતું નથી, તેમ આ જગતમાં છ દ્રવ્યો છે, છ દ્રવ્યોનું જ્ઞાન કરવાની આત્માની તાકાત છે છતાં છ ને બદલે પાંચ દ્રવ્યો કહે તો પોતાના જ્ઞાનમાં જ્ઞેયોને (તોળતાં) માપતાં આવડતું નથી તેને કેવળી ભગવાન મૂર્ખ કહે છે.

માટે જેને મૂર્ખાઈ ટાળવી હોય તેણે જગતમાં છ દ્રવ્યો છે તે જેમ છે તેમ જ્ઞાનમાં લેવાં જોઈએ, આમ જ્ઞાન કરે તેનું જ્ઞાન સમ્યક્ થાય ને તે ધર્મ પામે.

### આસો સુદ ૧, શનિવાર, ૨૦-૯-૫૨

આત્માનું કલ્યાણ કરવું હોય તેણે સર્વજ્ઞને સ્વીકારવા જોઈએ. પોતાના હિત માટે માનવા લાયક સર્વજ્ઞ દેવનું જ્ઞાન કરવું જોઈએ, પૂર્ણ દશા થયા વિના પૂર્ણ શાંતિ મળે તેમ નથી. રાગ-દ્વેષનો ને અલ્પજ્ઞતાનો નાશ થયા વિના પૂર્ણ શાંતિ નથી. પ્રથમ સર્વજ્ઞની ઓળખાણ હોવી જોઈએ. તેમને પૂર્ણજ્ઞાન થયું છે કે નહિ તેની પરીક્ષા કરવી જોઈએ, તેમની વાણી તથા તે અનુસારે લખેલાં આગમોને તથા આત્માના સાધકોને તથા તેમણે કહેલાં તત્ત્વોને ઓળખવાં જોઈએ. તે વિના વાસ્તવિક તત્ત્વ સમજાય તેમ નથી. 'રત્નકરંડ શ્રાવકાચાર'માં 'સમંતભદ્ર આચાર્યે' કહ્યું છે કે મૂળપુરુષ ગુરુ ને શાસ્ત્રની જેને ખબર નથી તે મિથ્યાદૃષ્ટિ છે. સર્વજ્ઞના આગમ વિના ક્યાંય પણ છ દ્રવ્યની યથાર્થ વાત નથી. એકલા આત્મા નથી, એકલા પુદ્ગલો નથી, જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ એવાં છ દ્રવ્યો છે તેમાં કાળદ્રવ્યને ઉત્પાદ, વ્યય, ધ્રુવથી સિદ્ધ કરે છે.

આત્મા પોતાના જ્ઞાનાનંદ સ્વભાવનાં શ્રદ્ધા-જ્ઞાન કરી, લીનતા કરી, કેવળદશાને પામે ત્યારે કેવળદશાનો ઉત્પાદ, પૂર્વની ધ્યાનદશાનો વ્યય ને બન્નેમાં આત્મા ધ્રુવ રહે છે. આમ ત્રણ થઈને વસ્તુ છે. આંગળી વાંકી થતાં વાંકાપણાનો ઉત્પાદ, સરળપણાનો નાશ ને આંગળી ધ્રુવપણે બન્નેમાં રહી આમ ત્રણ થઈને વસ્તુ છે. તેમ આ એક સમય થયો એમ કહેતાં વર્તમાન સમયનો ઉત્પાદ, પૂર્વ સમયનો વ્યય ને કાળદ્રવ્ય ધ્રુવ નિત્ય છે એમ કાળદ્રવ્યની સિદ્ધિ થાય છે.

શ્વેતાંબર શાસ્ત્ર પાંચ દ્રવ્યોને જ માને છે. કાળને માનતા નથી તે તેમની ભૂલ છે. કોઈ સત્તા પ્રિય રાજા હોય ને તેને તાવ આવ્યો હોય તો તેને તાવ આવ્યો એમ ન કહેવાય પણ 'આપના દુશ્મનને તાવ આવ્યો છે માટે દાકતરને બોલાવું ?' આવી રીતે બોલાય. વળી રાજા મરી જાય તો મરી ગયા ન કહેવાય પણ 'મહારાજા સાહેબ પોઢ્યા છે' એમ કહેવાય. જગતના અજ્ઞાની સત્તા પ્રિય માણસને પણ પોતા વિષે હીણું બોલાય એ સાંભળવું ગમતું નથી તો પછી

આત્મા જ્ઞાનાનંદ સ્વભાવી છે. ચૈતન્ય રાજા છે, પોતાની સત્તાની રુચિ છે તેવી રુચિવાળા ચૈતન્ય રાજાને પોતાના જ્ઞાનમાં છે. દ્રવ્યથી એક પણ દ્રવ્ય ઓછું જાણે એવું પાલવતું નથી, એક દ્રવ્ય ઓછું જાણે તો જ્ઞાનનો પૂર્ણ સ્વભાવ જ સાબિત થતો નથી.

પાંચ મણની ચોખાની ગુણને તોળવા માટે ચાર મણ વજન મૂકે તો મૂર્ખ કહેવાય તેમ ભગવાન ચૈતન્યસ્વરૂપ છે તેના જ્ઞાનરૂપી પ્રમાણમાં પ્રમેય છ પદાર્થો છે, તે જ્ઞાનમાં જણાવા યોગ્ય છે તેમાંથી એકપણ ઓછું કરે તો હીણી દશા થાય છે તેને ધર્મ થતો નથી. કાળને ઉત્પાદ-વ્યય-ધ્રુવથી સાબિત કર્યો હવે તેમાં શંકા કરી પ્રશ્ન કરે છે.

શંકા :– લોકના બાહ્ય ભાગમાં કાળાણુ નથી તો અલોકાકાશમાં પરિણમન કેવી રીતે થતું હશે ? અલોકાકાશના પરિણમન માટે કાળાણુની હાજરી અથવા નિમિત્તતા જોઈએ, લોક પછી ખાલી ભાગ છે, ક્યાંય ભીંત આવતી નથી, પાર વિનાની ખાલી જગ્યા અથવા અલોક અનંત જોજનમાં છે. આવો અનંત પ્રદેશી અરૂપી અલોક છે તેમાં કાળાણુનો અભાવ છે તો કાળના નિમિત્તપણા વિના અલોકનું પરિણમન કેમ થાય છે ? આકાશ એકરૂપ રહેતું નથી, દરેક પદાર્થમાં જૂની અવસ્થાનો વ્યય થવો, નવીન ઉત્પાદ થવો ને દ્રવ્યનું ધ્રુવપણે રહેવું થાય છે. આમ આકાશમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ થયા કરે છે તો અલોકમાં કાળ વિના કેવી રીતે પરિણમન હશે ?

ઉત્તર :– આકાશ એક અખંડ દ્રવ્ય છે. જેવી રીતે કુંભારના ચાકડાના એક ભાગમાં દંડની નિમિત્તતાથી સંપૂર્ણ ચાકડો પરિભ્રમણ કરે છે આખા ચાકને દંડનું લાકડું અડતું નથી. તે તો અમુક ભાગમાં છે, છતાં આખો ચાક ચાલે છે તેમ આકાશ અખંડ દ્રવ્ય છે, લોકમાં જે કાળાણુ રહેલા છે તે અખંડ આકાશને પરિણમનમાં નિમિત્ત થાય છે.

ઉપર કાળુ ધોળું દેખાય છે તે આકાશ નથી. તે તો પુદ્‌ગલની પર્યાય છે તે સ્પર્શ, રસ, ગંધ, વર્ણ વાળું છે આકાશ અરૂપી રંગ વિનાનું છે લોકાકાશમાં છ દ્રવ્યો રહેલાં છે. જગ્યા આપનાર દ્રવ્ય બધાથી મોટું હોવું જોઈએ તે અખંડ આકાશમાં લોકમાં રહેલાં કાળાણુ નિમિત્ત થાય છે.

બીજું દૃષ્ટાંત આપે છે. વીંછી અમુક જગ્યાએ કરડે તો પણ તેનું વેદન આખા આત્મામાં થાય છે. એકદેશમાં સ્પર્શેન્દ્રિય દ્વારા અમુક વિષયનો અનુભવ લેતાં સમસ્ત શરીરમાં સુખનો અનુભવ થાય છે તેવી રીતે લોકની અંદર રહેલા કાળાણુદ્રવ્યને ધારણ કરવાવાળું એકદેશ આકાશ છે તેથી સર્વ આકાશમાં પરિણમન થાય છે અર્થાત્ લોકમાં રહેલા કાળાણુના નિમિત્તે આખા આકાશમાં પરિણમન થાય છે.

શંકા :– જેવી રીતે કાળદ્રવ્ય જીવ તથા પુદ્‌ગલ આદિ દ્રવ્યોના પરિણમનમાં સહકારી કારણ છે તેવી રીતે કાળદ્રવ્યના પરિણમનમાં સહકારી કારણ કોણ છે ?

ઉત્તર :– જેવી રીતે આકાશ સંપૂર્ણ દ્રવ્યોને આધારમાં નિમિત્ત છે ને પોતાનો આધાર

પોતે છે તેવી રીતે કાળદ્રવ્ય બાકીનાં બધાં દ્રવ્યોને પરિણમનમાં નિમિત્ત છે ને પોતે પોતાને પણ નિમિત્ત છે.

શંકા :– જેવી રીતે કાળદ્રવ્ય પોતાના પરિણમનમાં ઉપાદાન કારણ છે ને સહકારી કારણ છે તેવી રીતે દરેક દ્રવ્યને પોતાના પરિણમનમાં ઉપાદાન અને સહકારી કારણ બન્ને પોતાને જ માનો, તેમાં કાળદ્રવ્યનું સહકારી કારણ તરીકે શું પ્રયોજન છે ?

ઉત્તર :– એમ નથી, જો પોતાથી ભિન્ન બહિરંગ સહકારી કારણથી પ્રયોજન નથી એમ જે તમો કહો છો તો ગતિમાં ધર્મદ્રવ્યની જરૂર નથી, તમો કહો છો તે પ્રમાણે પરિણમનમાં કાળના સહકારીપણાની જરૂર નથી તો જીવ અને પુદ્‌ગલ ગતિ કરે તેમાં ધર્મદ્રવ્યના સહકારીપણાની જરૂર નહી રહે અને જીવ તથા પુદ્‌ગલ સ્થિતિ કરે તેમાં અધર્મદ્રવ્યના સહકારી પણાની જરૂર નહિ રહે, બધાં દ્રવ્યો અવગાહન લ્યે તેમાં આકાશના સહકારીપણાની જરૂર નહિ રહે, માટે કાળની જેમ ધર્મ, અધર્મ ને આકાશના સહકારીપણાની જરૂર નથી એમ તમારે માનવું પડશે.

વળી કાળની પર્યાય જે સમય, ઘડી, બે ઘડી, કલાક, રાત્રિ, દિવસ વગેરે રૂપ કાર્ય પ્રત્યક્ષ દેખાય છે, એક દિવસ થયો, બે દિવસ થયાં, રાત્રિ થઈ વગેરે રૂપ કાર્ય પ્રત્યક્ષ દેખાય છે ને તે કાળની પર્યાય છે. જ્યારે ધર્મ, અધર્મ ને આકાશનું કાર્ય તો પ્રત્યક્ષ દેખાતું નથી, માત્ર આગમના કથન અનુસાર માનવામાં આવે છે. તેનું કોઈ કાર્ય પ્રત્યક્ષ દેખાતું નથી. હવે જેની પર્યાયનું કાર્ય પ્રત્યક્ષ દેખાય એવા કાળાણુનો તમો અભાવ માનશો તો પછી ધર્મ, અધર્મ ને આકાશ દ્રવ્યોનો પણ અભાવ થશે.

છ દ્રવ્યોના અવગાહનમાં દરેક દ્રવ્ય પોતે પોતાનું ઉપાદાન કારણ ને નિમિત્ત પણ પોતે છે એમ માનશો તો આકાશનો અભાવ માનવો પડશે. જીવ-પુદ્‌ગલની ગતિમાં ઉપાદાન કારણ પોતે ને નિમિત્ત કારણ પણ પોતે છે એમ માનશો તો ધર્મદ્રવ્યનો અભાવ માનવો પડશે, જીવ ને પુદ્‌ગલની સ્થિતિમાં ઉપાદાન કારણ ને સહકારી કારણ બન્ને પોતે છે એમ માનશો તો અધર્મદ્રવ્યનો અભાવ માનવો પડશે – આમ કાળનો અભાવ માનતાં બીજા ત્રણનો અભાવ માનવો પડશે એમ ચારેયનો અભાવ થતાં જીવ તથા પુદ્‌ગલ બે જ દ્રવ્ય રહેશે ને બે દ્રવ્યો માનતાં શાસ્ત્રનો વિરોધ આવશે કારણ કે શાસ્ત્રમાં તો છ દ્રવ્યો કહ્યાં છે.

વળી બધાં દ્રવ્યોનાં પરિણમનમાં સહકારી થવું તે કાળદ્રવ્ય એકલાનો જ ગુણ છે. બીજાં દ્રવ્યોમાં તે ગુણ નથી. જેવી રીતે નાકથી રસનો ખ્યાલ ન આવે, કાળું, ધોળું દેખાય નહિ, જે જેનું કામ હોય તે કરે, જીભથી રસ ચખાય, આંખથી દેખાય, એકનું કામ બીજી ઇન્દ્રિય કરે નહિ, તેવી રીતે અન્ય દ્રવ્યનો ગુણ અન્ય દ્રવ્યમાં હોઈ શકે નહિ. પરિણમનમાં નિમિત્ત થવાનો ગુણ કાળદ્રવ્યનો છે તે બીજાં દ્રવ્યમાં હોઈ શકે નહિ, એટલે કે બીજું કોઈ દ્રવ્ય પરિણમનમાં નિમિત્ત થઈ શકે નહિ.

વળી જો એક દ્રવ્યનો ગુણ બીજામાં માનવામાં આવે તો દ્રવ્ય સંકરના દોષનો પ્રસંગ આવશે. જડ અને ચૈતન્ય પદાર્થો ભિન્ન રહેશે નહિ. કાળનો પરિણમનહેતુત્વગુણ જીવમાં આવી જાય તો જીવ અને કાળ જુદા રહેશે નહિ એવી રીતે શંકરદોષ આવશે. માટે તે ઉચિત નથી. તેથી કાળને બધાં દ્રવ્યોના પરિણમનમાં હેતુ માનવો.

શંકા :– અહીં કોઈ કહે કે જેટલા કાળમાં પરમાણુ એક આકાશના પ્રદેશથી બીજે પ્રદેશે જાય છે તેટલા કાળના માપને સમય કહેવામાં આવ્યો છે એમ શાસ્ત્રમાં કથન છે પરંતુ શાસ્ત્રમાં એમ પણ કહ્યું છે કે એક પુદ્‌ગલ પરમાણુ એક સમયમાં ચૌદ રાજુ પ્રમાણ જાય છે તો તે કથન કેવી રીતે સંભવે ?

સમાધાન :– એક પરમાણુ એક પ્રદેશેથી બીજે પ્રદેશે જાય છે ને તેમાં એક સમય લાગે છે એમ કહ્યું છે તે મંદગતિની અપેક્ષાએ કથન છે ને ચૌદ રાજલોક એક સમયમાં જાય છે તે શીઘ્ર ગતિની અપેક્ષાએ કથન છે તેનું દૃષ્ટાંત :– જેવી રીતે દેવદત્ત ધીરી ચાલથી ચાલે તો સો જોજન સો દિવસમાં જાય પણ વિદ્યાના પ્રભાવથી શીઘ્ર ગતિથી ચાલે તો સો જોજન એક દિવસમાં જાય છે. અત્યારે એરોપ્લેનમાં ભાવનગરથી મુંબઈ દોઢ કલાકમાં પહોંચી જાય ને ટ્રેનને વીસ કલાક લાગે, એ પ્રમાણે પરમાણુની શીઘ્ર ગતિથી ચૌદ રાજલોક જાય તો એક સમય લાગે છે. હવે આત્મામાં ઉતારે છે.

આત્માનો નિજ સ્વભાવ તો વિષયોના અનુભવથી રહિત છે. સ્પર્શ, રસ, ગંધ, વર્ણ ને શબ્દ તરફ વલણ તે વિકાર છે. તે વિકાર ક્ષણિક ઉપાધિ છે, આત્માનું મૂળ શુદ્ધ સ્વરૂપ નથી, પર્યાયમાં વિકારનો અનુભવ હોવા છતાં દ્રવ્યસ્વભાવ વિકાર રહિત છે. શુદ્ધ છે આમ હોવા છતાં બીજાએ દેખેલા ને સાંભળેલા વિષયના અનુભવનું મનમાં સ્મરણ કરીને જે જીવ વિષયોની ઇચ્છા કરે છે તેને અપધ્યાન અથવા ભૂંડું ધ્યાન કહે છે.

તે વિષયોની અભિલાષાથી લઈને સંપૂર્ણ વિકલ્પોનો જે સમૂહ છે તેનાથી જે રહિત છે તથા પોતાના શુદ્ધ આત્મામાં શ્રદ્ધા, જ્ઞાન ને રમણતાથી જે સ્વાભાવિક આનંદરૂપ સુખના રસથી સહિત છે તે વીતરાગ ચારિત્ર સાથે વ્યાપક છે તે જ નિશ્ચય સમ્યક્ત્વ તથા વીતરાગ સમ્યક્ત્વ કહેવાય છે.

સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની પ્રતીતિ કરવી તે સરાગ સમ્યક્ત્વ છે, તે શુભરાગ છે પણ તે આવ્યા વિના રહેતો નથી. રાગ રહિત આત્માની પ્રતીતિ તે નિશ્ચય સમકિત છે. છ દ્રવ્યોને માનવાં તે વ્યવહાર સમકિત છે. તે નિશ્ચય સમકિત નથી, છતાં તે વ્યવહાર આવ્યા વિના રહેતો નથી, છ દ્રવ્યની પ્રતીતિ વિના નિશ્ચય સમકિત થયું નથી. આત્માની નિર્વિકલ્પ પ્રતીતિરૂપ નિશ્ચય સમકિત સહિત વીતરાગ ચારિત્ર લાભદાયક છે. અહીં ચારિત્રની વિશેષ શુદ્ધતા વખતે વર્તતા સમકિતને વીતરાગ સમ્યક્ત્વ કહ્યું છે.

## પ્રસાદ નં. – ૩૩૩

**વી. નિ સં. ૨૪૭૮, આસો સુદ ૮, વર્ષ ૨જું. પુસ્તક બારમું,**
**સોનગઢ, તા. ૨૭-૯-૫૨, શનિવાર.**
**શ્રી દ્રવ્યસંગ્રહ ગાથા–૨૨**
**(આસો સુદ ૨, રવિવાર, ૨૧-૯-૫૨ બપોર)**

કાળાદિ છ દ્રવ્યો છે, તેની ના પાડે તો વસ્તુનો નાશ થતો નથી પણ પોતાનું જ્ઞાન ખોટું ઠરે છે. મુક્તિનું કારણ તો પોતાના આત્માનો ત્રિકાળી સ્વભાવ છે છતાં છ દ્રવ્યોની પ્રતીતિ આવ્યા વિના રહેતી નથી.

અહીં તો કાળને સિદ્ધ કર્યા પછી કહે છે કે વીતરાગી ચારિત્રમાં રહેલું સમ્યક્ત્વ મુક્તિનું કારણ છે, કાળ મુક્તિનું કારણ નથી.

આત્મા પાંચ ઇન્દ્રિયોના વિષયોના અનુભવથી રહિત છે, વસ્તુ સ્વભાવથી તો પરમાનંદનો અનુભવ કરવો તે જ તેનું સ્વરૂપ છે પણ તેને ચૂકીને અજ્ઞાની જીવ બીજાની સંપત્તિ અને ખાવાપીવાના પદાર્થો દેખી કલ્પના કરે છે કે આવા સંયોગો મને હોય તો ઠીક, ઇન્દ્રો અને દેવો નજરે દેખાતા નથી પણ તેની ઋદ્ધિ શાસ્ત્રમાં સાંભળે કે ઇન્દ્રો ને દેવો ચામર ઢાળે છે, તેને આવા સંયોગો છે તે મને હોય તો ઠીક એમ તે ભાવે છે, અજ્ઞાની જીવ વિષયોને સંભારે છે. રૂપાળાં શરીર દેખી તેને ભાવે છે, રાગ-દ્વેષના વિકલ્પો ઉઠાવે છે તેને બૂરું ધ્યાન કહે છે. કોઈ કરોડપતિને દેખીને પોતાને કરોડપતિપણે થવું ગમે, કોઈનો સ્વર સારો હોય તો પોતાને એવો સ્વર હોય તો ઠીક, કોઈની વ્યાખ્યાન શૈલી સારી હોય તો મને આવી વ્યાખ્યાન શૈલી આવડે તો ઠીક, કોઈનાં મકાન સારાં જોઈ હરખાઈ જાય વગેરે પ્રકારના પરિણામને ભૂંડું ધ્યાન કહે છે.

તારે આત્મા જોઈએ છીએ કે સંયોગો જોઈએ છે ? અજ્ઞાનીની દૃષ્ટિ સંયોગ ઉપર હોવાથી સંયોગના કારણભૂત પુણ્યની રુચિ તેને ખસતી નથી ને આત્માની રુચિ થતી નથી. ઇન્દ્ર તથા ચક્રવર્તીનાં પુણ્યના - સંયોગના કથન શાસ્ત્રમાં આવે ને સાંભળે ત્યાં અજ્ઞાનીને ગલગલિયાં

થાય છે. તે કથનો લલચાવવા માટે કહ્યાં નથી પણ પુણ્યના નિમિત્તે જડનાં સંયોગો કેવા હોય છે તે બતાવવા કહ્યું છે. અજ્ઞાની જીવ ચૈતન્ય આનંદ સ્વભાવને ભૂલી ને પુણ્ય-પાપની વૃત્તિની પીંજણ પીંજે છે તેને ભૂડું ધ્યાન કહે છે.

આત્માનો સ્વભાવ તેવા વિકલ્પોથી રહિત છે તેમજ દયા, દાન, વ્રત, પૂજાના ભાવ કૃત્રિમ છે. તેનાથી પણ આત્મા રહિત છે. આત્મા શુદ્ધ સ્વભાવી છે, તેના શ્રદ્ધા-જ્ઞાન કરી જે અંતર સ્થિરતા થાય છે તેને વીતરાગી ચારિત્ર કહે છે. આત્મજ્ઞાનથી ચારિત્ર થાય છે પણ શાસ્ત્ર જ્ઞાનથી થતું નથી પણ આત્મજ્ઞાનથી ઉત્પન્ન સ્વાભાવિક આનંદરૂપ સુખના રસના આસ્વાદ સહિત હોય તેને વીતરાગ ચારિત્ર કહે છે તથા તેની સાથે રહેલા સમકિતને નિશ્ચય સમકિત અથવા વીતરાગ સમકિત કહે છે. આ લખાણ ઉપરથી કેટલાક જીવો ઊંધો અર્થ કરે છે કે નિશ્ચય સમકિત સાતમે ગુણસ્થાનથી હોય છે. પણ ચોથેથી હોતું નથી, પણ તે વાત ખોટી છે, નિશ્ચય સમકિત તો ચોથે હોય છે. અહીં સમકિત ઉપરાંત વિશેષ ચારિત્રની વાત છે. નિશ્ચય સમ્યગ્દર્શન એકલાથી મોક્ષ થતો નથી એ બતાવવા ચારિત્ર પ્રધાન સમકિત કથન કર્યું છે. છ દ્રવ્યોની માન્યતાનો શુભ રાગ આવે છે તેનો સ્વભાવમાં સ્થિરતા દ્વારા અભાવ કરે તો વીતરાગતા પ્રગટ થશે ને કલ્યાણ થશે એટલે અહીં અપેક્ષાથી કથન કરેલ છે તે નિશ્ચય સમ્યક્ત્વ ભૂત, ભવિષ્ય ને વર્તમાન એમ ત્રણે કાળ મુક્તિનું કારણ છે.

આ પ્રમાણે આત્માનાં શ્રદ્ધા-જ્ઞાન ને રમણતા એ મુક્તિનું કારણ છે એમ સમજી જે મોક્ષમાર્ગ પ્રગટાવે છે તેને કાળ નિમિત્ત કહેવાય છે ને જે નિશ્ચય સમ્યક્ત્વ પ્રગટ કરતો નથી તેને કાળ સહકારી કારણ કહેવાતો નથી માટે કાળદ્રવ્ય હેય છે.

અહીં કાળદ્રવ્ય હેય છે એમ કહ્યું માટે કાળ નિમિત્ત પણ નથી એમ નથી નિમિત્તથી કાર્ય થતું નથી એમ કહેવામાં આવે એટલે નિમિત્ત અથવા વ્યવહાર ગમે તે હોય તો પણ ચાલે એમ અજ્ઞાની જીવ કહે છે પણ તે ભૂલ છે. નિમિત્ત યથાયોગ્ય જ હોય છતાં નિમિત્તને લીધે કાર્ય નથી.

યશોવિજયજી દલીલ કરે છે કે 'સમયસાર' માં કહ્યું છે કે લિંગ મુક્તિનું કારણ નથી, આત્માના અવલંબને મોક્ષ છે તો પછી બાહ્યલિંગ ગમે તે હોય, વસ્ત્ર સહિત હોય કે નગ્ન અવસ્થાવાળું હોય તો પણ ચાલે, માટે મુનિને વસ્ત્ર રહિત દશા હોય એમ આગ્રહ શું કામ રાખો છો ? ને 'સમાધિશતક'માં કહ્યું છે કે 'જેને લિંગનો આગ્રહ છે તે શાસ્ત્રને જાણતો નથી' આવી રીતે અજ્ઞાની જીવો દલીલ કરે છે તે નિમિત્ત નૈમિત્તિક સંબંધને સમજતા નથી. આત્માના આશ્રયે મોક્ષદશા થાય છે તે વાત તો એમ જ છે પણ મોક્ષ વખતે તથા મુનિપણામાં નગ્નદશા હોયા વિના હોતી નથી. પણ તેથી કરીને નગ્નદશા મોક્ષનું કારણ છે એમ માને તો પણ ભૂલ છે ને ગમે તે લિંગ હોય એટલે કે વસ્ત્ર સહિતપણું હોય ને મોક્ષ થાય એમ માને તો પણ ભૂલ છે. જેમ કેસર લેવા જતી વખતે ડબો અથવા બારણી હોય પણ કોથળો

ન હોય છતાં ડબો તે કેસર નથી. ડબો દૂધપાકમાં નાખવામાં કામ ન આવે છતાં કેસર વખતે ગમે તે બારદાન હોય તો ચાલે એમ પણ નથી, ડબો જ હોય, તેમ ચૈતન્ય સ્વરૂપનું ભાન કર્યા પછી મુનિદશા વખતે શરીરની નગ્ન અવસ્થા જ હોય ને મહાવ્રતનો વિકલ્પ આવ્યા વિના રહે નહિ છતાં નગ્ન અવસ્થા ને વિકલ્પ તે મુક્તિનું કારણ નથી.

અહીં કહે છે કે બહુ કથનથી શું પ્રયોજન છે ? જે શ્રેષ્ઠ મનુષ્યો ભૂતકાળમાં સિદ્ધ થયા, અત્યારે થાય છે ને ભવિષ્યમાં થશે તે બધો સમ્યક્ત્વનો મહિમા છે. અહીં તાત્પર્ય એ છે કે કાળદ્રવ્ય તથા અન્ય દ્રવ્યોના વિષયમાં જે કંઈ વિચારવાનું છે તે પરમઆગમથી અવિરોધરૂપથી વિચારવું જોઈએ. અહીં કાળદ્રવ્યની વાત ચાલે છે, જે કોઈ કાળદ્રવ્યની ના પાડે છે તે 'ષટ્ખંડ આગમ' વગેરેનો વિરોધ કરે છે. ભગવાનની વાણી અનુસાર શાસ્ત્ર રચાણાં છે તેમાં વિરોધ આવવો જોઈએ નહિ. છ દ્રવ્યની યથાર્થ પ્રતીતિ હોવી જોઈએ, જે લોકોએ પોતાની કલ્પનાથી જે કલ્પિત શાસ્ત્રની રચના કરી છે તે ભગવાનની વાણીથી વિરુદ્ધ છે માટે અવિરોધપણે વિચાર કરવો જોઈએ, વીતરાગ સર્વજ્ઞ ભગવાનનું વચન પ્રમાણ છે એમ મનમાં નિશ્ચય કરી ને ભગવાનના કથનમાં વિવાદ કરવો જોઈએ નહિ.

આ કથન 'જયસેન આચાર્ય'ની કથન શૈલીને મળતું આવે છે, તેમણે પણ 'પ્રવચનસાર'ની ટીકામાં કહ્યું છે કે સ્ત્રી પર્યાયમાં કેવળદશા ન હોય, વસ્ત્ર સહિત મુનિપણું ન હોય આત્મા મોક્ષ પામે ત્યારે પુરુષ દેહે નગ્ન દિગંબર દશા હોય, આડુંઅવળું થશે તો વિરોધ થઈ જશે, અજ્ઞાની જીવ કુતર્ક મૂકે છે પણ તેથી પાર આવે એમ નથી, ન્યાયથી વિચારે તો કામ આવે એમ છે.

નિમિત્ત છે, વ્યવહાર છે પણ તેથી કલ્યાણ નથી પણ આત્માના આશ્રયે કલ્યાણ થાય છે, અને ત્યારે યથાયોગ્ય નિમિત્ત અથવા વ્યવહાર ન હોય એમ પણ નથી. અજ્ઞાની કહે છે કે :– 'નિમિત્ત ઉપાદાનમાં કાર્ય કરે તો નિમિત્તને માન્યું કહેવાય' એજ મોટી ભૂલ છે. અહીં નિમિત્ત ને વ્યવહાર જેમ છે તેમ સ્થપાય છે. મુનિદશામાં નગ્નદશા હોય છે, ધર્મીને છ દ્રવ્યોનો વિકલ્પ હોય છે. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા હોય છે પણ તેનાથી ધર્મ થતો નથી પણ કોઈ દલીલ કરે કે સાચા દેવ-ગુરુથી ધર્મ થતો નથી તો પછી ગમે તેવા કુદેવાદિને માનો એમ કહે તો તે પણ ભૂલ છે. ધર્મીને નિમિત્તરૂપે સાચા દેવાદિની શ્રદ્ધા હોય છે. છ દ્રવ્યોનો વિકલ્પ હોય. મુનિને નગ્નદશા હોય છતાં નિમિત્તથી કલ્યાણ નથી માટે અજ્ઞાનીની સાથે વાદવિવાદ કરવો નહિ, વિવાદથી રાગ-દ્વેષ ઉત્પન્ન થાય છે ને તે રાગ-દ્વેષથી સંસારની વૃદ્ધિ થાય છે ॥૨૨॥

આ પ્રમાણે કાળ દ્રવ્યના વ્યાખ્યાનની મુખ્યતાથી પંચમ સ્થલમાં બે સૂત્ર સમાપ્ત થયા

તથા તે રીતથી આઠ ગાથાના સમુદાયથી પાંચ સ્થલોથી પુદ્ગલ આદિ પાંચ પ્રકારના અજીવ દ્રવ્યના નિરૂપણરૂપથી બીજો અંતર અધિકાર સમાપ્ત થયો.

તે પછી પાંચ સૂત્રપર્યંત પંચાસ્તિકાયનું વ્યાખ્યાન કરે છે તથા તેમાં પ્રથમ ગાથાના પૂર્વાર્ધથી છ દ્રવ્યોના વ્યાખ્યાનનો ઉપસંહાર તથા ઉત્તરાર્ધથી પંચાસ્તિકાયનું વ્યાખ્યાન શરૂ કરે છે.

### ગાથા-૨૩

**एवं छब्भेयमिदं जीवाजीवप्पभेददो दव्वं।**
**उत्तं कालविजुत्तं णादव्वा पंच अत्थिकाया दु।।२३।।**

**ગાથા ભાવાર્થ :–** એ પ્રકારે દરેક જીવદ્રવ્ય તથા પાંચ અજીવદ્રવ્ય એમ છ પ્રકારથી દ્રવ્યનું નિરૂપણ કર્યું તે છ દ્રવ્યોમાં એક કાળ સિવાય પાંચ અસ્તિકાય જાણવા જોઈએ.

**વ્યાખ્યાર્થ :–** એ પ્રમાણે પૂર્વે કહ્યા પ્રમાણે જીવ તથા અજીવના ભેદથી દ્રવ્ય છ પ્રકારનાં કહેવામાં આવ્યાં છે. તેમાં કાળ સિવાય પાંચ દ્રવ્યો પાંચ અસ્તિકાય સમજવા જોઈએ.

અસ્તિકાય સંબંધી પાંચની સંખ્યા જાણવામાં આવી છે તેથી અસ્તિત્વ તથા કાયત્વનું નિરૂપણ કરે છે.

### ગાથા-૨૪

**संति जदो तेणेदे अत्थित्ति भणंति जिणवरा जह्मा।**
**काया इव बहुदेसा तह्मा काया य अत्थिकाया य।।२४।।**

**ગાથા ભાવાર્થ :–** પૂર્વ કહેલા જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ પાંચે દ્રવ્ય વિદ્યમાન છે તેથી જિનેશ્વર તેને 'અસ્તિ' કહે છે તથા કાયની જેમ તેના ઘણા પ્રદેશો છે તેથી તેને કાય કહે છે. અસ્તિ તથા કાય બન્ને મળવાથી અસ્તિકાય થાય છે.

**વ્યાખ્યાર્થ :–** જીવથી માંડીને આકાશ સુધીનાં પાંચ દ્રવ્ય વિદ્યમાન છે તેથી તેને અસ્તિ કહે છે તથા શરીરની જેમ બહુ પ્રદેશના ધારક છે તેથી તેને કાયપણ કહે છે. જેમ શરીર ઘણા પરમાણુનો પિંડ છે તેમ આત્માની કાયા અસંખ્ય પ્રદેશ છે એક પરમાણુ જેટલી જગ્યા રોકે તેને પ્રદેશ કહે છે એવા માપથી આત્માને માપવાથી તે અસંખ્ય પ્રદેશી થાય છે. આત્માનો

એક પ્રદેશ તે બીજો પ્રદેશ નથી છતાં આત્મા ખંડખંડ થતો નથી તે તો એક અખંડ દ્રવ્ય છે, આત્માને શરીરની કાય નથી, શરીર જડ છે, રૂપી છે, ખંડ થઈ જાય છે. આત્માને અખંડ અરૂપી અસંખ્ય પ્રદેશી કાય છે, ધર્મ, અધર્મને પણ અસંખ્ય પ્રદેશ છે. આકાશ અનંત પ્રદેશી છે. પુદ્‌ગલને સંખ્ય, અસંખ્ય ને અનંત પ્રદેશ છે.

આ પ્રમાણે પાંચ પ્રકારના દ્રવ્યો કેવલ અસ્તિ સંજ્ઞાવાળા નથી તેમજ કેવળ કાય સંજ્ઞાવાળા નથી પણ બન્ને મીલાવવાથી અસ્તિકાય સંજ્ઞાના ધારક છે.

હવે પાંચેનો સંજ્ઞા, લક્ષણ તથા પ્રયોજન આદિથી પરસ્પર ભેદ છે તથાપિ અસ્તિત્વની અપેક્ષાએ અભેદ છે. જીવનું નામ જીવ, પુદ્‌ગલનું નામ પુદ્‌ગલ વગેરે પ્રકારે નામ ભેદ છે, જીવનું લક્ષણ ચેતના, ધર્મ દ્રવ્યનું લક્ષણ ગતિ હેતુત્વ વગેરેથી લક્ષણમાં ભેદ છે. તેવી રીતે પ્રયોજન વગેરેમાં પણ ભેદ છે, છતાં બધાના હોવાપણામાં ભેદ નથી, જેમકે શુદ્ધ જીવાસ્તિકાયમાં, સિદ્ધત્વ લક્ષણ શુદ્ધ દ્રવ્ય વ્યંજન પર્યાય કહે છે. કેવળજ્ઞાન, આનંદ વગેરે તેના વિશેષ ગુણો છે ને અસ્તિત્વ, વસ્તુત્વ વગેરે સામાન્ય ગુણો છે.

નિગોદ આદિ જીવોમાં શુદ્ધરૂપે અવસ્થા નથી, છતાં સિદ્ધના હોવાપણામાં ને નિગોદના હોવાપણામાં ફેર નથી. દશાશ્રીમાલીમાં કોઈ તવંગર હોય ને કોઈ ગરીબ હોય છતાં દશાશ્રીમાલીની નાતે સરખા છે તેમ સિદ્ધમાં કેવળજ્ઞાન છે, અલ્પજ્ઞને નથી છતાં સિદ્ધ અને અલ્પજ્ઞના હોવાપણામાં સમાનતા છે.

વળી મુક્તદશામાં અવ્યાબાધ અર્થાત્ બાધા રહિત અનંત સુખાદિ અનંત ગુણોની પ્રગટતા રૂપી કાર્ય સમયસારનો ઉત્પાદ લ્યો, તો તેવો ઉત્પાદ રાગી જીવને નથી. રાગીને રાગનો ઉત્પાદ, અજ્ઞાનીને અજ્ઞાનનો ઉત્પાદ, ધર્મીને સમ્યગ્દર્શનનો ઉત્પાદ એમ ઉત્પાદની પર્યાયમાં ફેર હોવા છતાં ઉત્પાદની અપેક્ષાએ બધા સત્ છે, કોઈને યાદ ન રહે, કોઈને યાદ રહે, કોઈને નિગોદની પર્યાયની ઉત્પત્તિ, કોઈની સ્વર્ગમાં ઉત્પત્તિ, કોઈ સિદ્ધમાં જાય, કોઈ વિષ્ટામાં અવતરે, એમ ઉત્પાદમાં ફેર હોવા છતાં ઉત્પાદના અસ્તિત્વમાં ફેર નથી. સિદ્ધના પર્યાયની ઉત્પત્તિને સત્ કહેવી ને નિગોદની પર્યાયની ઉત્પત્તિને અસત્ કહેવી એમ નથી. પાંચ અસ્તિકાયના ઉત્પાદ જુદા હોવા છતાં ઉત્પાદની અપેક્ષાએ સમાનતા છે. એકને મિથ્યાત્વની ઉત્પત્તિ એક ચાર જ્ઞાનનો ધણી થાય તેને સાચા જ્ઞાનની ઉત્પત્તિ પરમાણુની કાળી પર્યાય મટીને લીલી પર્યાય થાય, કોઈ કીડી કાગડા રૂપે થાય, કોઈને દુઃખ હોય, કોઈને સુખ હોય એમ ઉત્પાદમાં ફેર હોવા છતાં ઉત્પાદના સત્‌ની અપેક્ષાએ ફેર નથી.

હવે વ્યયપણે સરખાપણું બતાવે છે, સિદ્ધદશા ઉત્પન્ન થતાં રાગ આદિ વિભાવેથી શૂન્ય પરમ સ્વાસ્થ્ય સ્વરૂપ કારણ સમયસારનો નાશ થાય છે.

આ પ્રમાણે સિદ્ધને સંસારનો નાશ, કોઈને નરકનો નાશ, કોઈને સમકિતનો નાશ, કોઈને મિથ્યાત્વનો નાશ, કોઈ પરમાણુમાં કાળી પર્યાયનો નાશ એમ નાશના પ્રકાર જુદા જુદા છે

પણ નાશ છે એ અપેક્ષાએ ફેર નથી. અસ્તિમાં જુદાપણું નથી એમ સિદ્ધ કરવું છે.

❖❖❖

**આસો સુદ ૩, શનિવાર, ૨૩-૮-૫૨**

દરેક દ્રવ્યના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં સંજ્ઞા, લક્ષણ, પ્રયોજન આદિ ભેદે ભેદ છે પણ હોવાપણાની અપેક્ષાએ ભેદ નથી, સિદ્ધનો જીવ કે નિગોદનો જીવ તે બન્નેના ઉત્પાદમાં ફેર હોવા છતાં હોવાપણામાં ફેર નથી, એક પરમાણુ કે અનંતા પરમાણુના અચેત મહાસ્કંધ વચ્ચે નામ ભેદ છે પણ હોવાપણામાં ભેદ નથી, અસ્તિમાં સમાનતા છે, સિદ્ધના જીવને પૂર્ણ શુદ્ધ પર્યાય છે ને સંસારી જીવને હીણી પર્યાય છે પણ અસ્તિ તરીકે સમાનપણું છે.

હવે ઉત્પાદ સત્ છે એમ સિદ્ધ કરે છે. જેનો જે પર્યાય ઉત્પાદ થયો તે સત્ છે. અજ્ઞાનીનું અજ્ઞાન પર્યાયપણે સત્ છે. કેવળજ્ઞાન પણ સત્ છે. સત્‌નો અર્થ એ છે કે જે ક્ષણે જે પર્યાય થવાની હોય તે વખતે તે જ થાય, આડીઅવળી ન થાય. દરેક વસ્તુ સત્ છે ને સત્ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય લક્ષણવાળું છે. એક સમયે એક વસ્તુમાં ત્રણે અંશો છે ને તે સત્ છે.

હવે વ્યયની વાત કરે છે. પરમાત્મદશા થતાં રાગાદિ વિભાવથી શૂન્ય એવા મોક્ષમાર્ગનો વ્યય થયો, તે વ્યય પણ સત્ છે. વ્યય બિલકુલ અભાવરૂપ છે એમ નથી. વ્યય પણ સત્ છે. મોક્ષમાર્ગરૂપી દશાનો વ્યય થવો, પૂર્ણ મોક્ષરૂપ દશાનો ઉત્પાદ થવો ને ઉત્પાદ અને વ્યયના આધારભૂત વસ્તુ ધ્રુવ એકરૂપ છે – એમ ત્રણે અંશો સત્ છે.

સિદ્ધદશામાં તેની શુદ્ધ વ્યંજન પર્યાયની વાત કરીને કેવળજ્ઞાનાદિ વિશેષ ગુણો તથા અસ્તિત્વાદિ સામાન્યગુણોની વાત કરી. તેની અને નિગોદાદિ બીજા જીવની પર્યાયમાં ફેર હોવા છતાં 'છે' ની અપેક્ષાએ ફેર નથી. તેવી રીતે સિદ્ધમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય કહીને બીજાનાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સાથે સરખાવી સંજ્ઞા-લક્ષણમાં ભેદ હોવા છતાં હોવાપણાની અપેક્ષાએ ફેર નથી. આમ પાંચે દ્રવ્યોમાં અસ્તિરૂપે ફેર નથી એમ બતાવ્યું.

પાંચ દ્રવ્યો પ્રદેશવાળાં છે એમ પ્રદેશરૂપથી કાંઈ ભેદ નથી. સિદ્ધને અસંખ્ય પ્રદેશ, ધર્મ-અધર્મને અસંખ્ય પ્રદેશ, આકાશને અનંત પ્રદેશ, સ્કંધ બેથી માંડીને અનંત પ્રદેશી છે એમ પ્રદેશની સંખ્યામાં ફેર હોવા છતાં પ્રદેશના હોવાપણાની અથવા કાયપણાની અપેક્ષાએ બધામાં સમાનતા છે. બે પરમાણુઓ સ્કંધ સપ્રદેશી છે ને અચેત મહાસ્કંધ અનંતપ્રદેશી તે પણ સપ્રદેશી છે ને સિદ્ધ પણ સપ્રદેશી છે માટે સપ્રદેશીપણામાં ફેર નથી.

સિદ્ધમાં પાંચ બોલ સાબિત થાય છે. સિદ્ધના ગુણ-પર્યાય તથા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય એમ પાંચે સાબિત થાય છે. એક બોલ કાઢી નાખો તો આત્મા સાબિત થતો નથી. સિદ્ધની શુદ્ધ વ્યંજન પર્યાય ને કેવળજ્ઞાનાદિ ગુણોથી સિદ્ધનો જીવ સાબિત થાય છે તેમ જ પરમાત્મદશાનો ઉત્પાદ, મોક્ષમાર્ગનો વ્યય ને બન્નેમાં ધ્રુવપણું – આથી સિદ્ધ સાબિત થાય છે. એ પ્રમાણે ગુણ, પર્યાય વગેરે મુક્ત આત્માની સત્તાને તથા મુક્ત આત્મા ગુણ પર્યાયની સત્તાને પરસ્પર સાબિત કરે છે.

કોઈ કહે છે કે 'માણસ મરી ગયા પછી અનંતમાં ભળી જાય છે, આત્મા ને શરીર જુદું પડતાં શરીર પડ્યું રહે છે ને આત્મા પંચમહાભૂતમાં ભળી જાય છે.' પણ તે વાત ખોટી છે. પંચમહાભૂત જડ છે ને આત્મા ચેતન છે તેમ જ આત્મા કોઈ પરપદાર્થમાં ભળે તેવો નથી. અહીં અસ્તિ સાબિત કરે છે. વસ્તુ પોતે નાશ થાય તો વસ્તુ રહેતી નથી. વસ્તુ વિના કાર્ય હોઈ શકે નહિ ને વસ્તુ ધ્રુવમાત્ર હોય ને ઉત્પાદ ન હોય તો ઉત્પાદ વિના કાર્ય શેમાં થાય ? માટે વસ્તુ કાયમ રહીને અવસ્થામાં ઉત્પાદ-વ્યય થાય છે. જે સમયે જે પર્યાય થાય તે સત્ છે. ઓછી દશા અથવા અલ્પજ્ઞ દશા છે માટે તે અસત્ ને કેવળજ્ઞાન પૂરી દશા છે માટે તે સત્ – એમ નથી. નિગોદમાં પણ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય છે. તેની ભલે તેને ખબર નથી છતાં નવી અલ્પજ્ઞ પર્યાયનો ઉત્પાદ, પૂર્વ અલ્પજ્ઞ પર્યાયનો વ્યય ને જીવનું ધ્રુવપણું – આમ ત્રણે ત્યાં પણ છે. ત્યાં જાણવાનું ઘણું હીણું છે છતાં તે અધૂરી પર્યાય પણ સત્ છે. બધું સત્ છે એમ વિચાર કરે તો વીતરાગતા આવે ને સ્વભાવના આશ્રયે કેવળજ્ઞાન પ્રગટે.

કોઈ કસાઈખાનું માંડે તો તેની પર્યાય પણ સત્ છે ને કોઈ ધર્મ પામે તો તે પર્યાય પણ સત્ છે – આમ નક્કી કરે તો 'આને વિકાર કેમ ? આને મુક્તિ કેમ ?' – એવો પ્રશ્ન રહેતો નથી. અગિયારમી ભૂમિકાવાળો કર્મના જોરને લીધે પહેલે ગુણસ્થાને આવે છે ? – ના. કોઈ અંતર્મુહૂર્તમાં સિદ્ધ થાય ને કોઈ સમ્યગ્દર્શન પામી મિથ્યાત્વી થઈ જાય છે. દરેક પર્યાય સત્ છે. વિકાર સત્ છે, સમ્યગ્દર્શન સત્ છે, લક્ષણ ભેદે ભેદ હોવા છતાં હોવાપણામાં ભેદ નથી. આમ સ્વતંત્ર સમજે ને કોઈને લીધે કોઈ નથી એમ સમજે તો પરાધીન દૃષ્ટિ ટળે ને વીતરાગ દૃષ્ટિ થાય.

હવે કાયનું નિરૂપણ કરે છે. શરીર અનંતા પરમાણુનું બનેલું છે તેથી શરીરને કાય કહે છે. તથા બહુ પ્રદેશમાં વ્યાપ્તપણું દેખી તેને કાય કહે છે. તેવી રીતે અનંત જ્ઞાન-દર્શન વગેરે ગુણોના આધારભૂત, લોકાકાશ પ્રમાણ અસંખ્યાત શુદ્ધપ્રદેશ છે તેનો સમૂહ દેખીને સિદ્ધને કાયત્વનો વ્યવહાર આવે છે – એટલે સિદ્ધ પણ અસંખ્ય પ્રદેશી છે – એમ કહેવાય છે.

કોઈ કહે કે અસંખ્ય પ્રદેશી તો વ્યવહારે છે માટે તેવા પ્રદેશો હોતા નથી તો તે વાત ખોટી છે. અસંખ્ય પ્રદેશ ખરેખર તો નિશ્ચયથી છે પણ આત્મા અભેદ એકરૂપ છે. તેને અસંખ્ય પ્રદેશવાળો કહેવો એ વ્યવહાર છે પણ અસંખ્ય પ્રદેશ જ નથી – એમ ન સમજવું.

જેવી રીતે સિદ્ધ ભગવાન કેવળજ્ઞાનાદિ શુદ્ધ ગુણો અને શુદ્ધ વ્યંજનપર્યાયથી સત્ છે તથા પરમાત્મદશાના ઉત્પાદથી ને સંસારદશાના વ્યયથી તથા પોતે ધ્રુવરૂપે સત્ છે, તેમાં સત્‌ની અપેક્ષાએ સરખાપણું બતાવ્યું તેવી રીતે સંસારી સર્વ જીવોમાં, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ ને કાળ દ્રવ્યોમાં યથાસંભવ પરસ્પર અભેદતા સમજવી એટલે કે હોવાપણાની અપેક્ષાએ સમાનતા સમજવી.

એક જીવ વિરોધ કરી નિગોદમાં જાય, એક જીવ અનાદિનો વિરાધક ને ક્ષણમાં વિરોધ ટાળી સમ્યગ્દર્શન પામી અલ્પકાળમાં સિદ્ધ દશા પામે તે બધા છે. આમ કેમ ? તે પ્રશ્નને અવકાશ નથી. અભવી જીવ અને સિદ્ધનો જીવ – બધા સત્‌રૂપે છે. એક પુદ્‌ગલ પરમાણુ એક સમયે સફેદ છે, બીજા સમયે કાળો થાય તો પણ તે સત્ છે. એવી રીતે ધર્મ, અધર્મ, આકાશ, કાળ બધામાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સિદ્ધની જેમ થઈ રહ્યાં છે માટે સત્ છે. '**છે**'માં બધું આવી જાય છે. 'સંસારી છે ને સિદ્ધ નથી' – એમ નથી. 'પરમાણુ છે ને સ્કંધ નથી' – એમ પણ નથી. બધું છે, '**છે**'નું પેટ મોટું છે.

પરમાણુ સત્ છે, કાળ પણ સત્ છે, બધું છે તથા કાળ દ્રવ્યને છોડીને બધાં દ્રવ્યોને કાયરૂપથી અભેદ સમજવાં એટલે કે કાયપણું બધામાં છે ॥૨૪॥

હવે પ્રદેશીપણાના વ્યાખ્યાનમાં જે પહેલાં પ્રદેશોના હોવાપણાનું સૂચન કર્યું હતું તેનું વિશેષ વ્યાખ્યાન કરે છે. તે ગાથાની ભૂમિકા છે ને કેટલાં દ્રવ્યોને કેટલા પ્રદેશો છે તે બીજી ભૂમિકા પ્રતિપાદન કરે છે.

## ગાથા-૨૫

**होंति असंखा जीवे धम्माधम्मे अणंत आयासे।**
**मुत्ते तिविह पदेसा कालस्सेगो ण तेण सो काओ।।२५।।**

**ગાથા ભાવાર્થ :–** જીવ, ધર્મ, અધર્મ દ્રવ્યમાં અસંખ્ય પ્રદેશ છે ને આકાશમાં અનંત પ્રદેશ છે. રૂપી પુદ્‌ગલમાં સંખ્યાત, અસંખ્યાત તથા અનંત પ્રદેશ છે અને કાળને એક પ્રદેશ છે. તેથી કાળ કાય નથી.

**વ્યાખ્યાર્થ :–** પ્રદીપ સમાન સંકોચ તથા વિસ્તારયુક્ત એક જીવમાં અસંખ્ય પ્રદેશ છે. જીવ હાથીમાં હોય કે કીડીમાં હોય તો પણ બધાના પ્રદેશો સરખા છે. બટાટાના એક શરીરમાં

અનંતા જીવો છે તે દરેક જીવના અસંખ્ય પ્રદેશ છે ને કોઈ કેવળજ્ઞાની સમુદ્ઘાત કરે તો પણ અસંખ્ય પ્રદેશ છે ને સ્વભાવથી વિસ્તારને પ્રાપ્ત થયેલા ધર્મ, અધર્મ દ્રવ્યમાં અસંખ્ય પ્રદેશ છે તેમાં સંકોચ-વિસ્તાર હોતો નથી, તથા આકાશ દ્રવ્યમાં અનંત પ્રદેશ છે. પુદ્‌ગલદ્રવ્યમાં સંખ્યાત, અસંખ્યાત તથા અનંત પરમાણુના સ્કંધ છે. તે ત્રણ પ્રકારના પ્રદેશ કહેવાય છે પણ ક્ષેત્રરૂપ પ્રદેશ ત્રણ પ્રકારના નથી. પુદ્‌ગલ અનંત પ્રદેશી હોવા છતાં તેને માટે અનંત પ્રદેશી ક્ષેત્ર જોઈએ – એમ નથી. અનંત પ્રદેશી સ્કંધો એક, બે કે અસંખ્ય પ્રદેશમાં સમાઈ જાય છે. પુદ્‌ગલ અનંત પ્રદેશી હોવા છતાં અનંત પ્રદેશી ક્ષેત્રમાં રહેતું નથી. કાળદ્રવ્ય એક પ્રદેશી છે તે કારણે તે કાય નથી.

હવે કાળને એક પ્રદેશી હોવામાં યુક્તિ કહે છે. જેવી રીતે સિદ્ધત્વ પર્યાયનું ઉપાદાન કારણ શુદ્ધ આત્મદ્રવ્ય છે તે દ્રવ્ય સિદ્ધની પર્યાય જેટલું પહોળું છે, સિદ્ધની પર્યાય અંતિમ શરીરથી કિંચિત્ ન્યૂન છે. શ્વેતાંબર સંપ્રદાય સિદ્ધનું અવગાહન છેલ્લા શરીરના ૨/૩ ભાગ જેટલું કહે છે તે વાત ખોટી છે. સિદ્ધની પર્યાયનું માપ છેલ્લા શરીરથી કિંચિત્ ન્યૂન છે. સિદ્ધની પર્યાય તેના દ્રવ્ય જેવડી છે. તેવી રીતે કાળની પર્યાય પ્રમાણે કાળાણુદ્રવ્ય છે તે સાબિત કરશે. આ પેન્સિલની પર્યાયની પહોળાઈ જેટલામાં છે તેટલામાં તેનું દ્રવ્ય છે, રબ્બર સંકોચ પામીને પર્યાય ટૂંકી થાય તો તેટલામાં તેનું દ્રવ્ય છે ને પહોળું થાય તો તેટલામાં તેનું દ્રવ્ય છે. તે જ પ્રમાણે સમય એક પ્રદેશમાં રહેલ છે તો કાળદ્રવ્ય પણ એક પ્રદેશમાં રહેલ છે તે વાત હવે સાબિત કરશે.

**દરેક દ્રવ્યની પર્યાય તેના સ્વકાળે ષટ્‌કારકથી સ્વતંત્ર જ પરિણમે છે. આ સૂક્ષ્મ વાત છે. જૈનદર્શન વસ્તુસ્થિતિનું વર્ણન કરે છે.**

**(પરમાગમસાર–૧૬૧)**

## પ્રસાદ નં. – ૩૩૫

### વી. નિ સં. ૨૪૭૮, આસો સુદ ૧૧, વર્ષ ૨જું. પુસ્તક બારમું, સોનગઢ, તા. ૨૯-૯-૫૨, સોમવાર. શ્રી દ્રવ્યસંગ્રહ ગાથા–૨૫ (આસો સુદ ૪, મંગળવાર, ૨૩-૯-૫૨)

આત્માનો સ્વભાવ જ્ઞાન છે. જેણે હિત કરવું હોય તેણે જ્ઞાનની દશાનું સામર્થ્ય કેટલું છે તે જાણવું જોઈએ. ધર્મ બહારની ચીજ નથી. વસ્તુનો સ્વભાવ તે જ ધર્મ છે. જ્ઞાનમાં જણાતાં જ્ઞેયો મારી ચીજ નથી છતાં મારા જ્ઞાનથી તે જણાય તેવાં છે. વર્તમાનમાં રાગ-દ્વેષ ને અલ્પજ્ઞતા હોવા છતાં સ્વભાવના આશ્રયે તે ટળી જાય છે ને વીતરાગતા તથા કેવળજ્ઞાન પ્રગટે છે. તે જ્ઞાનમાં છ દ્રવ્યો પ્રત્યક્ષ જણાય છે. તેમાં કાળ નામના પદાર્થની વાત ચાલે છે.

આ બનાવને પચાસ વર્ષ થયાં અને સાત વર્ષ થયાં વગેરે સ્થિતિ સૂચક વ્યવહારકાળ છે તે કાયમ રહેતો નથી. નિશ્ચયકાળ અસંખ્ય કાળાણુ છે. તે જ્ઞાનનો વિષય છે. છદ્મસ્થને પણ અનુમાનજ્ઞાનમાં આવી શકે છે. કાળને ન માને તો જ્ઞાનની પૂર્ણ શક્તિ જાણી ન શકે. જ્ઞાનનું સામર્થ્ય અનંતા આત્મા, અનંતાનંત પુદ્‌ગલો, ધર્મ એક, અધર્મ એક, આકાશ એક ને અસંખ્ય કાળાણુને જાણે તેવું છે – આમ પ્રતીતિ કરે તો ધર્મ થાય.

હવે કાળદ્રવ્ય એકપ્રદેશી છે એમ સાબિત કરે છે. તેમાં પ્રથમ સિદ્ધનું દૃષ્ટાંત આપે છે :–

આત્મા પોતાના જ્ઞાનસ્વભાવનાં શ્રદ્ધા-જ્ઞાન ને લીનતા કરી સિદ્ધ પરમાત્મા થાય છે. તેનો આકાર છેલ્લા શરીરથી કિંચિત્ ન્યૂન હોય છે. અનાદિથી અનંત શરીર ધારણ કર્યાં તેમાં છેલ્લા શરીરથી કિંચિત્ ન્યૂન હોય છે. તે સિદ્ધપર્યાયનું કારણ તો શુદ્ધ આત્મદ્રવ્ય છે તે દ્રવ્ય સિદ્ધની પર્યાય જેટલું પ્રમાણમાં હોય છે.

દીવાસળી સળગાવવાથી ભડકો થાય છે તે નવી પર્યાય પ્રગટે છે, તે ત્રિકાળી વસ્તુ નથી. દીવાસળીમાં શક્તિરૂપે અગ્નિ છે. ટોપકામાં પ્રથમ પરમાણુ ઠંડા હોય છે, પણ તેમાં ભડકો થવાની તાકાત છે તો ભડકો થાય છે. સફેદ ભાગને ઘસવાથી ભડકો થતો નથી, કારણ કે

તેમાં ભડકાની તાકાત નથી પણ ટોપકામાં સ્વભાવ ભર્યો છે તેમાંથી ભડકો થાય છે તો ઘસવાને નિમિત્ત કહેવાય છે. રજકણોની ઠંડી અવસ્થા પલટી ગરમ અવસ્થા થઈ, તે કાયમી વસ્તુ નથી. ભડકાનો ઉત્પાદ, ઠંડીનો વ્યય ને પરમાણુનું કાયમ રહેવું – આમ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય થઈ રહ્યાં છે. ત્યાં પરમાણુ દ્રવ્ય કેટલું પહોળું ? તો કે જે વખતે જે પર્યાય જેટલી પહોળી તેટલું દ્રવ્ય પહોળું છે.

આત્મા સાત હાથનો હોય તો તેની મતિજ્ઞાનપર્યાય આત્માપ્રમાણ છે, અસંખ્યપ્રદેશી આત્મા છે તેનો મતિજ્ઞાનનો પર્યાય આત્માપ્રમાણ છે, તે મતિજ્ઞાનનો વ્યય થઈ, કેવળજ્ઞાન પ્રગટ થાય તો કેવળજ્ઞાનની પહોળાઈ પણ દ્રવ્ય જેટલી છે ને દ્રવ્ય પણ કેવળજ્ઞાનપ્રમાણ છે.

સંસારમાં રાગ થાય છે તે રાગનો કાળ ક્ષણિક છે પણ રાગનું ક્ષેત્ર કેટલું ? જેટલો આત્મા પહોળો છે તેટલો ચારિત્રગુણ પહોળો છે, તેનો વિકાર પણ આત્મા પ્રમાણે પહોળો છે. સંસારદશાનો વ્યય થઈ, સિદ્ધદશા થાય તો સિદ્ધપર્યાય પ્રમાણે આત્મા રહેલો છે. પર્યાય મોટી થાય ને દ્રવ્ય નાનું રહી જાય અને દ્રવ્ય મોટું રહે ને પર્યાય નાની થઈ જાય – એમ બને નહિ.

આત્મા અસંખ્યપ્રદેશી છે, તેનાં યથાર્થ શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા તે ધર્મ છે. તે ધર્મ પર્યાય છે – ક્ષણિક છે. દ્રવ્ય કાયમી છે પણ ધર્મની પર્યાય આત્માપ્રમાણ છે ને આત્મા પર્યાય પ્રમાણ છે. નાનાં-મોટાં ન હોય.

સિદ્ધનો દાખલો આપ્યા પછી બીજો દાખલો આપે છે. મનુષ્ય, દેવ આદિ પર્યાયમાં ઉપાદાનકારણ સંસારી જીવનું દ્રવ્ય છે, તે દ્રવ્ય મનુષ્ય અથવા દેવ પર્યાયપ્રમાણે છે. મનુષ્ય શરીરની વાત નથી, તે રૂપે આત્માનો અરૂપી આકાર છે તેની વાત છે. તે આકાર પ્રમાણે તેનો આત્મા છે. શરીરથી સ્વતંત્ર તે આકાર છે.

તું કોણ છો ને કેવડો છો તે બતાવે છે. શરીર તારી ચીજ નથી, તું શરીરથી ભિન્ન તત્ત્વ છો, શરીર જડ છે. આત્મા અરૂપી જ્ઞાનઘન છે શરીર પ્રમાણે આત્મા ભિન્ન બિરાજે છે.

સંસારદશામાં જુદાં-જુદાં શરીરો નિમિત્તરૂપે દેખાય છે. કોઈને જીર્ણ શરીર, કોઈને સારું શરીર હોય છે. સંસારી જીવના આત્માનો આકાર શરીરના પ્રમાણમાં, શરીરથી જુદો પોતાની લાયકાતથી થયો છે, તે આકારનું કારણ પોતે છે.

માંસ ખાનારા, શિકાર કરનારા વગેરે ભૂંડા ભાવ કરનારા નરકમાં જાય છે ત્યાં પહેલી નરકમાં ૭।।। ધનુષ્ય ૬ આંગળનું શરીર છે ને સાતમી નરકમાં પાંચસો ધનુષ્યપ્રમાણ શરીર છે. તો ત્યાં તે તે શરીર પ્રમાણે તે આત્માની આકૃતિ છે ને તે અવસ્થાની જેટલી પહોળાઈ છ તેટલો તેનો આત્મા પહોળો છે.

કોઈ આત્મા ઘણાં પુણ્ય કરી ઊંચે સ્વર્ગમાં જાય તેનું શરીર નાનું હોય છે ને કોઈ

ઘણાં પાપ કરી નીચે નરકમાં જાય તેનું શરીર મોટું હોય છે. મનુષ્ય-દેવ આદિ પર્યાયનું કારણ પોતે છે. બીજાથી તે પર્યાય થઈ નથી. તે પર્યાયનું કારણ પોતે છે. જેવા ભાવ કરે તેવું ફળ આવે છે. નિગોદ, કીડી, કાગડા, હાથી, નારકી, દેવ, મનુષ્ય અથવા નિગોદથી સિદ્ધ સુધીની બધી અવસ્થાનું કારણ આત્મા પોતે છે ને જેટલામાં તે પર્યાય છે તેટલું આત્મદ્રવ્ય પહોળું છે. મારી દશા મારા કારણે થાય છે. આકાર આવો હોવા છતાં મારો સ્વભાવ જ્ઞાન છે એમ શ્રદ્ધા-જ્ઞાન કરીને સ્થિરતા કરે તો કેવળજ્ઞાન પ્રગટી સિદ્ધદશા થાય.

અજ્ઞાની જીવ પર્યાયને પોતાનું કાયમનું સ્વરૂપ માની લ્યે છે. દશા જેવડો દ્રવ્યનો આકાર છે પણ પર્યાયસ્વભાવ જેટલો દ્રવ્યનો સ્વભાવ નથી. દ્રવ્યસ્વભાવમાં અનંત શક્તિ ભરેલી છે. સંસારદશામાં વિકાર થાય છે તે પર્યાયમાં થાય છે તે વિકારનું કારણ પરદ્રવ્ય કે કર્મ નથી, વિકારનું કારણ પોતે છે ને વિકારની પર્યાયના પ્રમાણમાં આત્મદ્રવ્ય રહેલું છે, છતાં પર્યાય સ્વભાવ જેવડો દ્રવ્યસ્વભાવ નથી. ક્ષણિક એક સમય પૂરતી છે, ને આત્મદ્રવ્ય ત્રિકાળ છે ને શુદ્ધ છે. અનંતી શક્તિનો ભરેલો છે. આમ જ્ઞાન કરે તો ધર્મ થાય.

(૧) જે જે પર્યાય થાય તે પર્યાયનું કારણ દ્રવ્ય પોતે છે.

(૨) પર્યાયસ્વભાવ જેટલો દ્રવ્યસ્વભાવ નથી, દ્રવ્યસ્વભાવ અનંત શક્તિથી ભરેલો છે.

(૩) છતાં પર્યાય જેટલામાં રહેલી છે તેટલામાં આત્મદ્રવ્ય રહેલું છે.

હવે આ બધાં દૃષ્ટાંતો ઉપરથી કાળદ્રવ્ય એકપ્રદેશી છે એમ સાબિત કરે છે.

એક પરમાણુ મંદ ગતિથી આકાશના એક પ્રદેશથી બીજા પ્રદેશે જાય તો ત્યાં કાળનું નાનામાં નાનું એટલે કે એક સમયનું માપ આવી જાય છે. એક સમયનું માપ આવતાં ત્યાં કાળદ્રવ્ય રહેલું છે એમ સાબિત થાય છે. સમય તો કાળની પર્યાય છે તેનું ઉપાદાન કારણ કાળદ્રવ્ય છે. સમયની પર્યાયનું ક્ષેત્ર એક પ્રદેશમાં પૂરું થઈ જાય તો પર્યાયવાન કાળદ્રવ્યનું ક્ષેત્ર એક પ્રદેશી સાબિત થાય છે માટે કાળ એકપ્રદેશી સાબિત થયો.

મંદગતિથી ગમન કરતાં પુદ્ગલ પરમાણુને આકાશના એક પ્રદેશ પર્યંત કાળદ્રવ્ય સહકારી કારણ થાય છે તે ઉપરથી જાણી શકાય છે કે કાળદ્રવ્ય એક પ્રદેશનું ધારક છે, તે તેટલા ક્ષેત્રમાં જ રહેલું છે, આગળપાછળ નથી. મહાન આચાર્યો 'ષટ્ખંડ આગમ' વગેરેમાં પણ કાળદ્રવ્યને કહે છે ને ન્યાયથી વાત સિદ્ધ કરે છે.

આટલી દલીલો ન્યાયસંગત આપવા છતાં અજ્ઞાની જીવો કાળદ્રવ્યની ના, ના પાડે છે. જેમ કોઈ નાના છોકરા પાસેથી ચૂસણિયું લઈ લ્યે તો તે કજીયો કરે છે ને પછી તેને પેડા-ગાંઠીયા આપે અથવા એ ને એ ચૂસણિયું પાછું આપે તો પણ તે ઉંહું ઉંહું કર્યા કરે છે, તેમ કાળદ્રવ્યને નહિ માનનારાને ગમે તેટલી દલીલ ને યુક્તિ આપ્યા કરો તો પણ તેઓ નકાર કર્યા કરે છે. યુક્તિ ને ન્યાયથી સિદ્ધ કરે છે તો પણ છોકરાની જેમ પોતાની ભૂલની તેમને ખબર પડતી નથી.

અહીં કોઈ કહે કે એક સમયમાં પરમાણુ શીઘ્ર ગતિએ ચૌદ રાજુ ચાલ્યો જાય છે ને? તો તેનું સમાધાન :– અહીં ગતિના તીવ્ર-મંદપણાનું માપ લેવુ નથી, પણ કાળનું માપ લેવું છે. મંદ ગતિએ એક પરમાણુ એક પ્રદેશેથી બીજે પ્રદેશે ગયો તે કાળનું માપ લેવું છે ને તેમાં એક સમય લાગ્યો તે પર્યાય થઈ. તે કાયમની ચીજ નથી માટે તે પર્યાયનો ધરનાર કાળપદાર્થ તેટલામાં રહેલો છે.

જેવી રીતે ચારિત્રગુણની વિકારી કે અવિકારી અવસ્થા થાય તો તેનો કાળ થોડો છે. દ્રવ્યનો કાળ ત્રિકાળ છે પણ પર્યાયના ક્ષેત્ર જેટલું આત્માનું ક્ષેત્ર છે. તેવી રીતે એક સમય કાળસૂચક છે તે પર્યાય છે માટે પર્યાયવાન કાળસૂચક કાળાણુ ત્યાં હોવો જોઈએ.

હવે અહીં કોઈ પ્રશ્ન કરે કે પરમાણુની ગતિમાં સહકારી કારણ ધર્મદ્રવ્ય વિદ્યમાન છે તો કાળદ્રવ્યનું શું પ્રયોજન છે ?

સમાધાન :– તારી વાત સાચી નથી. ધર્મદ્રવ્ય વિદ્યમાન હોવા છતાં માછલીને ગતિમાં જળ નિમિત્ત છે. ગતિમાં એક જ નિમિત્ત હોવું જોઈએ તેમ સાબિત થતું નથી. મનુષ્યને ચાલવામાં ધર્મદ્રવ્ય નિમિત્ત છે તો પણ ગાડી, ઘોડા, બળદ, એરોપ્લેઈન વગેરે પણ નિમિત્ત હોય છે. એકથી વધારે નિમિત્ત હોય છે. તેવી રીતે પરમાણુને ગતિમાં ધર્મદ્રવ્ય નિમિત્ત હોવા ઉપરાંત કાળ નિમિત્ત હોઈ શકે છે. તેમાં વિરોધ નથી.

વળી કોઈ કહે છે કે 'ઘણાં કારણો ભેગા થાય તો કાર્ય થાય છે' તે વાત તો ખોટી જ છે. કોઈ પણ કાર્ય થાય છે તે પોતાના કારણે થાય છે. તેમાં બીજા પદાર્થો નિમિત્ત હોય છે.

અહીં કોઈ કહે કે કાળદ્રવ્ય પુદ્‌ગલની ગતિમાં સહકારી કારણ છે એમ ક્યા શાસ્ત્રમાં કહ્યું છે ? તો કહે છે કે 'શ્રી કુંદકુંદાચાર્યદેવે' 'પંચાસ્તિકાય' નામના પ્રાભૃતમાં 'पुग्गलकरणा जीवा खंधा खलु कालकरणादु' ધર્મદ્રવ્ય વિદ્યમાન હોવા છતાં જીવોની ગતિમાં કર્મ, નોકર્મ, પુદ્‌ગલ સહકારી કારણ છે એટલે કે જીવ પોતાના કારણે સ્વયં ચાલે છે તેમાં પુદ્‌ગલ નિમિત્તમાત્ર છે તથા અણુ તથા સ્કંધ એવા પુદ્‌ગલોની ગતિમાં કાળદ્રવ્ય સહકારી કારણ છે. ॥૨૫॥

**આસો સુદ ૫, બુધવાર, ૨૫-૯-૫૨ બપોર**

હવે પુદ્‌ગલ પરમાણુ એક પ્રદેશી છે. તથાપિ ઉપચારથી એને કાય કહેવામાં આવે છે. એવો ઉપદેશ કરે છે.

ગાથા-૨૬

**एयपदेसो वि अणू णाणाखंधप्पदेसदो होदि।**
**बहुदेसो उवयारा तेण य काओ भणंति सव्वण्हु।।२६।।**

અર્થ :– એક પ્રદેશનો ધારક પરમાણુ પણ અનેક સ્કંધરૂપ બહુ પ્રદેશો વડે ઘણાં પ્રદેશી છે. તે કારણથી સર્વજ્ઞદેવ ઉપચારથી પરમાણુને કાય કહે છે.

કાય કોને કહેવો ? એની વાત ચાલે છે. આત્માને અસંખ્ય પ્રદેશ છે. એટલે એને તો કાય કહેવાય છે. બીજા ધર્મ-અધર્મ, આકાશને પણ કાય કહેવાય. કાળદ્રવ્યને કાયપણું લાગુ પડતું નથી. પરમાણુને કાયસંજ્ઞા લાગુ પડે છે. કેમકે સંખ્ય-અસંખ્ય અને અનંત પરમાણુનો સ્કંધ થાય છે. એટલે ઉપચારથી તેને કાય કહેવાય છે. શરીરને વ્યવહારે કાયા કહેવાય છે. ઘણાં પરમાણુના કાર્મણ સ્કંધને કાય કહેવો તે પણ વ્યવહાર છે.

આત્મા અસંખ્ય પ્રદેશી હોવાથી નિશ્ચયથી કાયવાળો છે પણ તે શરીરાદિ પરની કાયાવાળો નથી. પરમાણુ એક હોવા છતાં એને ઉપચારથી કાયવાળો કહેલ છે. જોકે પુદ્‌ગલ પરમાણુ એકપ્રદેશી છે છતાં અનેક પરમાણુના સ્કંધરૂપ ઘણાં પ્રદેશોના કારણે બહુપ્રદેશી થાય છે. જીવના કારણે તે બહુપ્રદેશી થાય છે એમ નથી. આખી દુનિયાના કોઈપણ સ્કંધો લ્યો તો તે બધા પરમાણુના પિંડનો જથ્થો પોતાના પ્રદેશોના કારણે બહુપ્રદેશી થાય છે. માટે સર્વજ્ઞ ભગવાને એક પુદ્‌ગલ પરમાણુને પણ ઉપચારથી કાય કહેલ છે.

વ્યાખ્યાર્થ :– પુદ્‌ગલ પરમાણુ એકપ્રદેશી છે. તોપણ ઘણાં પ્રકારથી બેથી માંડી અનંત પરમાણુનો સ્કંધ થાય છે. માટે તેને વ્યવહારનયથી કાય કહેવાય છે.

હવે આ વાતને સ્પષ્ટ કરે છે. જેવી રીતે આ પરમાત્માનું વસ્તુરૂપે સામાન્ય સ્વરૂપ જુઓ તો તે શુદ્ધ છે અને એક છે. દેહથી, કર્મથી ભિન્ન છે અને અવસ્થાને ગૌણ કરો તો શુદ્ધ નિશ્ચયનયથી આ આત્મા શુદ્ધ અને એક છે. પર્યાયો - ભેદો જે વ્યવહારનો વિષય છે. એને ગૌણ કરો તો દરેક આત્મા સ્વભાવે એક સ્વરૂપે છે અને શુદ્ધ છે.

આ તો દૃષ્ટાંત છે પછી પરમાણુ ઉપર ઉતારશે. જડની વાતમાં પણ બધેય આત્માને યાદ કરે છે. પુદ્‌ગલ પરમાણુને કાયનો આરોપ આવે છે. ને કોની જેમ ? તે કહેતાં કહે છે કે, જેમ આત્મા એક અને શુદ્ધ દ્રવ્યદૃષ્ટિએ છે. તો પણ આત્મા અનાદિથી કર્મબંધને વશ પોતે થયો છે કર્મ જડ છે આત્માને તે પરાધીન કરતું નથી. પોતાના ઊંધા પુરુષાર્થથી પરને વશ થાય છે. માટે અનાદિ સંસારમાં પોતાના કારણે રખડે છે. આ વાતને સમજતા નથી.

તે કર્મ બંધના કારણે રખડવું પડે છે. એમ માને છે પણ એમ નથી. વ્યવહારનયથી આત્મા પોતે અનાદિથી કર્મબંધને વશ થઈને ચારગતિરૂપ સંસારમાં રખડે છે.

આત્મા પોતાના જ્ઞાન દરિયોને ચૂકે છે. તો પરને વશ થાય છે એમ કહેવાય છે. આત્મા સ્વભાવે શુદ્ધ અને એક હોવા છતાં એને અનેક પ્રકારવાળો અશુદ્ધ કેમ કહેવો ? એ વાત ચાલે છે. પુદ્ગલ એક પ્રદેશવાળો હોવા છતાં તેને કાયવાળો કેમ કહેવો ? એની સાથે મેળવે છે.

આત્મા પોતે પોતાના સ્વરૂપને ચૂકીને મિથ્યાત્વ, રાગ-દ્વેષાદિની અવસ્થાને ધારણ કરે છે. તે વ્યવહારનયથી અનેક પ્રકારવાળો થાય છે. પુદ્ગલમાં ચીકાશ લૂખાશથી સ્કંધ થાય છે તેમ આત્મા રાગ-દ્વેષના કારણે અનેક પ્રકારવાળો થાય છે. જેમ આત્માના સ્વભાવમાં સંસાર નથી તેમ તેની પર્યાયમાં પણ સંસાર નથી – એમ નથી. જીવ એકસ્વભાવી વીતરાગી જ્ઞાયક હોવા છતાં એવા સ્વભાવને ચૂકીને વ્યવહારનયથી મનુષ્ય છું, દેવ છું, નારકી છું, ઢોર છું – એમ વૈભાવિક પર્યાયમાં એકત્વબુદ્ધિ કરીને રાગ-દ્વેષને વશ થાય છે. જ્ઞેયોમાં આ ઠીક અને આ ઠીક નહિ એમ ભેદ પાડે છે. તે વ્યવહારનયે – પર્યાયદૃષ્ટિએ મનુષ્ય-દેવાદિની પર્યાયરૂપે અનેક પ્રકારે થાય છે. એકપણાને ચૂક્યો ને અનેકપણે થાય છે. સ્વભાવને ચૂક્યો તે વિભાવરૂપે થાય છે.

આ રીતે પુદ્ગલ પરમાણુ સ્વભાવથી એક અને શુદ્ધ છે. તો પણ આત્મામાં રાગ-દ્વેષના કારણે અનેકતા કહી હતી. તેમ પુદ્ગલમાં ચીકાશ અને લૂખાશનાં કારણે બે અણુથી માંડીને અનંત પરમાણુના સ્કંધરૂપ પર્યાય થાય છે. તે કારણે ઘણાં પ્રદેશોને ધારણ કરે છે. તેથી ઘણાં પ્રદેશપણાને લીધે ભગવાને તેને ઉપચારથી કાય કહેલ છે.

હવે કાળાણુ સાથે મેળવીને વધારે સ્પષ્ટ કરે છે જુઓ, અહીં કહે છે કે, ઘણાં પ્રદેશપણાના કારણે કાય કહેવામાં આવી તો કાળાણુની પર્યાયનો સમૂહ થઈને ઘડી-દિવસ આદિ થાય છે તો એને પણ કાય કહેવામાં આવે તો શું વાંધો છે ?

આ શંકાનું સમાધાન કરે છે કે, પરમાણુમાં ચીકાશ લૂખાશના કારણે સ્કંધ થાય છે. કાળદ્રવ્યમાં ચીકાશ લૂખાશનો અભાવ છે. માટે જેમ પુદ્ગલમાં કાયપણાનો ઉપચાર આવે છે. તેમ કાળમાં ઉપચાર આવતો નથી. કાળાણુ એક પ્રદેશી છે. તે પણે રહેવાનો એનો સ્વભાવ છે એમ સર્વજ્ઞદેવ વર્ણન કરે છે.

હવે શંકા કરે છે કે કાળાણુ કહ્યું છે. તો અણુ તો પુદ્ગલને કહેવાય છે. કાળને કેમ અણુ કહેલ છે ?

એનો ઉત્તર કહે છે કે, અણુ છે તેને વ્યવહારે પુદ્ગલ કહેવાય છે. નિશ્ચયથી તો પુરાવું અને ગળાવું એ સ્વભાવ છે માટે એને પુદ્ગલ કહેવાય છે. પુદ્ગલમાં વર્ણ-ગંધ-રસ-સ્પર્શ અધિકપણે કે ઓછાપણે પરિણમે છે. માટે ખરેખર એને પુદ્ગલ કહેવાય છે.

પરમાણુ શબ્દ છે તે અતિ સૂક્ષ્મ પદાર્થને કહેવાવાળો છે. અથવા તો તે સૂક્ષ્મવાચક અણુ શબ્દ વિભાગ રહિત પુદ્‌ગલની વિવક્ષામાં પુદ્‌ગલ અણુને કહેવામાં આવે છે. એવી રીતે વિભાગ રહિત કાળદ્રવ્યને કહેવું હોય તો તેને પણ કાળાણુ કહેવાય છે.

હવે પ્રદેશનું લક્ષણ બતાવે છે.

**ગાથા-૨૭**

**जावदियं आयासं अविभागीपुग्गलाणुउट्ठद्धं।**
**तं खु पदेसं जाणे सव्वाणुट्ठाणदाणरिहं।।२७।।**

**અર્થ :–** જેટલા આકાશના નાનામાં નાના ભાગને એક પરમાણુ રોકે છે એને બધા પરમાણુને સ્થાન દેવાવાળો પ્રદેશ જાણો. એક પરમાણુ જેટલી જગ્યા રોકે એને પ્રદેશ કહે છે. એ આકાશ પ્રદેશની તાકાત એવી છે કે તેમાં આખી દુનિયાના બધા પુદ્‌ગલો સૂક્ષ્મ રૂપે થઈને આવે તો સમાઈ જાય છે. જેમ આત્માના જ્ઞાનમાં બધા જ્ઞેયને સમાડી દેવાની તાકાત છે, ધર્માસ્તિકાયમાં અનંતા જીવ તથા પુદ્‌ગલ દ્રવ્યોને ગતિમાં નિમિત્ત થવાની તાકાત છે અને અધર્માસ્તિકાયમાં તે અનંત દ્રવ્યોને સ્થિતિમાં નિમિત્ત થવાની તાકાત છે. તેમ આકાશના એક પ્રદેશમાં જેટલાં દ્રવ્યો આવે તેને જગ્યા આપવાની નિમિત્તરૂપે શક્તિ છે.

જ્ઞાનમાં જે જ્ઞેયો જણાય છે એનો અપરિમિત સ્વભાવ છે. તો એનો જાણનાર એવો આત્મા એનો સ્વભાવ પણ અપરિમિત છે. એક સમયની જ્ઞાનપર્યાયમાં એ બધાને જાણી લે. એવો તારો સ્વભાવ છે. પણ અજ્ઞાનીને એ બેહદતાનું માહાત્મ્ય આવતું નથી. રાગ-દ્વેષાદિ કષાયનું અને પર જ્ઞેયોનું માહાત્મ્ય આવે છે. આકાશ તે જ્ઞેય છે, એના એક પ્રદેશની તાકાતનું વર્ણન કર્યું છે એને જ્ઞાન જાણે છે. એ જ્ઞાનનું માહાત્મ્ય છે. એ બતાવવા માટે આ વાત કરી છે.

**વ્યાખ્યાર્થ :–** હે શિષ્ય ! જેટલો આકાશનો ભાગ પુદ્‌ગલ પરમાણુથી વ્યાપ્ત છે. તેને સ્પષ્ટ રીતે પ્રદેશ જાણો તે પ્રદેશ કેવો છે ? બધા પરમાણુ સૂક્ષ્મરૂપે થાય તો તેને જગ્યા દેવાની એ પ્રદેશમાં તાકાત છે. જેમ લાકડાના ગજમાં ગમે તેટલું કાપડ હોય તોપણ તેને માપવાની તાકાત છે અને જ્ઞાનમાં ગમે તેટલા જ્ઞેયો જણાય તો તે બધાને જાણવાની તાકાત છે. તેમ એક આકાશના પ્રદેશમાં બધાં દ્રવ્યોને જગ્યા આપવાની તાકાત છે.

## પ્રસાદ નં. – ૩૩૭

**વી. નિ સં. ૨૪૭૮, આસો સુદ ૧૩, વર્ષ ૨જાું. પુસ્તક બારમું,**
**સોનગઢ, તા. ૧-૧૦-૫૨, બુધવાર.**
**શ્રી દ્રવ્યસંગ્રહ ગાથા–૨૭**
**(આસો સુદ ૬, ગુરુવાર, ૨૫-૯-૫૨ બપોર)**

સર્વજ્ઞ ભગવાને કહેલાં છ દ્રવ્યની વ્યાખ્યા ચાલે છે. તેમાં અહીં આકાશની વાત ચાલે છે. પ્રદેશ કોને કહેવો ? એનું લક્ષણ કહે છે.

આકાશનો જે નાનામાં નાનો ભાગ એક પરમાણુ રોકે તેને પ્રદેશ કહે છે અને એ આકાશનો એક પ્રદેશ એટલી શક્તિવાળો છે કે આ જગતના જેટલા પરમાણુ છે તે બધાં સૂક્ષ્મ પરિણમન કરે તો એમાં સમાઈ જાય છે. એ રીતે બધાં પુદ્‌ગલોને અવગાહન આપવાની શક્તિ એક આકાશના પ્રદેશમાં છે. તેની આકાશદ્રવ્યને ખબર નથી, તેનો જાણનારો તો આત્મા છે. આકાશના એક પ્રદેશનું માહાત્મ્ય બતાવવું નથી પણ તેનો જાણનાર જ્ઞાયકસ્વભાવી આત્મા છે તેનું માહાત્મ્ય બતાવે છે.

વ્યાખ્યાર્થ :– હે શિષ્ય ! એક પરમાણુ જેટલા આકાશના ભાગને રોકે છે તેને સ્પષ્ટરૂપથી પ્રદેશ જાણો. તે પ્રદેશ કેવો છે ? 'सव्वाणुट्ठाणंदाणरिहं' બધા પરમાણુ અથવા તો સૂક્ષ્મ સ્કંધોને અવકાશ આપવામાં સમર્થ છે. આ પ્રમાણે આકાશની અવગાહ દેવાની શક્તિ હોવાથી અસંખ્યાત પ્રદેશી જે લોકાકાશ છે તેમાં અનંતાનંત જીવ અને તે જીવથી પણ અનંતગુણા પુદ્‌ગલો રહે છે. એવી આકાશક્ષેત્રની શક્તિ છે. અહીં ક્ષેત્રના મહિમાની મુખ્યતા નથી પણ અસંખ્યાત પ્રદેશી આત્મા જેનો સ્વભાવ સ્વ-પરપ્રકાશક છે તે પોતાને અને પરને જાણનાર છે. બીજાં પાંચ દ્રવ્યો અજીવ છે, તેની એને પોતાને ખબર નથી પણ ખબર કરનારો એક આત્મા જ છે. તે રાગને, પુણ્યને અને બીજાં બધાં દ્રવ્યોને જાણે છે. આત્માનો જાણવાનો સ્વભાવ છે, તે જાણવામાં રોકાય તો ધર્મ થાય છે અને રાગ-દ્વેષ અને પરમાં રોકાય તો અધર્મ થાય છે.

જીવ અને પુદ્‌ગલોને અવગાહ આપવાનું સામર્થ્ય આકાશદ્રવ્યમાં છે એવો વિષય આગમમાં

આવે છે. ત્યાં કહે છે કે : એક નિગોદના શરીરમાં ભૂતકાળની અંદર જેટલા સિદ્ધો થઈ ગયા તેના કરતાં અનંત ગુણા જીવો છે તે બધા આત્મા જ્ઞાનાનંદની મૂર્તિ છે એમ ભગવાને પોતાના કેવળજ્ઞાનમાં જોયું છે.

વળી આ આખો લોક વિવિધ તથા અનંતાનંત સૂક્ષ્મ અને બાદર પુદ્‌ગલ કાયોથી ઠાંસોઠાંસ ભરેલો છે એ બધાને જાણવાની તાકાત આત્માની છે એવું આત્માનું માહાત્મ્ય આવે તો પરનું, રાગનું અને વ્યવહારાદિનું માહાત્મ્ય રહે નહિ. દયા, દાન, ભક્તિ આદિ વ્યવહાર છે. તે શુભ વિકલ્પ છે અને ચારિત્રગુણની વિપરીત દશા છે અને તે વિભાવ છે માટે અધર્મ છે. એનું માહાત્મ્ય સમ્યગ્દૃષ્ટિને થતું નથી. રાગની ઉત્પત્તિ થવા ન દેવી તે જ અહિંસા છે અને રાગની ઉત્પત્તિ થવી તે હિંસા છે.

હવે અહીં પ્રશ્ન થાય છે કે :– કદાચિત્ એવો મત હોય કે મૂર્તિમાન પુદ્‌ગલોના અણુ, બે અણુ સ્કંધ વગેરે ભાગલા પડે એમાં તો વિરોધ આવતો નથી પરંતુ અખંડ અને અમૂર્ત આકાશ દ્રવ્યના ભાગલાની કલ્પના કેવી રીતે થાય ? એટલે કે પુદ્‌ગલ દ્રવ્યમાં એક પરમાણુ બે પરમાણુ અને સ્કંધ વગેરે જુદા ભાગલા પડી શકે પણ આકાશમાં ભાગલા કેમ પડે ? તો તેને કહે છે કે :–

સમાધાન :– તારી વાત ઠીક નથી. કેમકે અમૂર્ત અને અખંડ આકાશ દ્રવ્ય હોવા છતાં એમાં અંશ કલ્પના થઈ શકે છે. એ માટે અહીં બે મુનિઓનો દાખલો આપે છે. આ વાત 'જયસેન આચાર્ય'ની ટીકામાં પણ આવે છે.

રાગાદિ ઉપાધિથી રહિત નિજ આત્માની પ્રત્યક્ષ ભાવનાથી ઉત્પન્ન જે સુખરૂપ અમૃતરસ છે એના આસ્વાદથી તૃપ્ત એવા બે મુનિઓને રહેવાનું સ્થાન એક છે કે અનેક ? જુઓ અહીં દૃષ્ટાંતમાં પણ બે મુનિ ભાવલિંગી છઠ્ઠી સાતમી ભૂમિકામાં ઝૂલતા સંતો છે એની વાત લીધી છે. એમને પ્રથમ આત્માના અનુભવરૂપ સમ્યગ્દર્શન તો થયું છે. તે ઉપરાંત લીનતા થતાં ઘણાં રાગાદિનો અભાવ થયો છે. તે મુનિ છે એમ મુનિની વ્યાખ્યા પણ સાથે કરી છે. તે મુનિને અઠ્ઠાવીસ મૂળ ગુણોનો વિકલ્પ આવે છે તે ઉપાધિ છે. એમ તેઓ સમજે છે. ઉપાધિરહિત આત્માના શાંત જ્ઞાનાનંદમાં – નિર્વિકલ્પદશાના અનુભવમાં લીનતા થઈ છે એવા બે મુનિને રહેવાનું સ્થાન એક છે કે બે ?

જો બન્ને મુનિને રહેવાનું ક્ષેત્ર એક હોય તો બન્નેની એકતા થઈ, બે જુદાજુદા રહ્યાં નહિ. પણ એમ બને નહિ. માટે નક્કી થાય છે કે બન્નેનાં ક્ષેત્ર જુદાં છે. જેમ ઘટ આકાશ, પટ આકાશ છે એ રીતે અખંડ આકાશદ્રવ્યમાં ભાગલાની કલ્પના સિદ્ધ થઈ. આકાશ અખંડ હોવા છતાં મુનિઓ જુદાં જુદાં ક્ષેત્રમાં છે. માટે અખંડ આકાશમાં ભિન્ન ભિન્ન પ્રદેશ કલ્પના નક્કી થાય છે. જે આકાશના ભાગમાં ઘડો છે. ત્યાં વસ્ત્ર નથી અને જ્યાં વસ્ત્ર છે ત્યાં ઘડો નથી. માટે બન્નેના આકાશ પ્રદેશો ભિન્ન ભિન્ન છે એમ નક્કી થાય છે.

આ રીતે પાંચ સૂત્રો દ્વારા પાંચ અસ્તિકાયનું નિરૂપણ કરી આ અધિકાર પૂરો થયો. આ ગાથા ૨૭ પહેલા અધ્યાયની થઈ, 'શ્રી નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તી' એ નાનું 'દ્રવ્યસંગ્રહ' તરીકે પ્રથમ કરેલ હતું. હવે ગાથા ૨૮થી જે અધિકાર આવશે તે 'બૃહદ દ્રવ્ય સંગ્રહ' તરીકે રચેલ છે.

હવે બીજો અધિકાર શરૂ કરે છે.

## બીજો અધિકાર

હવે છ દ્રવ્યોની ચૂલિકા એટલે ઉપસંહાર તરીકે વિશેષ વ્યાખ્યાન કરે છે. જુઓ બે ગાથાઓનો આધાર આપ્યો છે તે 'વસુનંદી શ્રાવકાચાર'ની ગાથા ૨૩-૨૪ છે અને 'જયેસનાચાર્યે' 'પંચાસ્તિકાય'ની ટીકા કરી છે. એમાં ગાથા ૨૭ની ટીકામાં આ ગાથા મૂકી છે. એટલે આ ગાથાઓ મૂળ 'દ્રવ્યસંગ્રહ'ની નથી પણ અહીં ચાલતા અધિકાર સાથે મેળવાળી હોવાથી આધાર તરીકે મૂકી છે.

**परिणामि-जीव-मुत्तं, सपदेसं एय-खेत्त-किरिया य।**
**णिच्चं कारणकत्ता, सव्वगदमिदरंहि यपवेसे।।१।।**
**दुण्णि य एयं एयं, पंच त्तिय एय दुण्णि चउरो य।**
**पंच य एयं एयं, एदेसं एय उत्तरं णेयं ।।युग्मम्।।२।।**

**અર્થ :–** પૂર્વે કહેલાં છ દ્રવ્યોમાં પરિણામી દ્રવ્યજીવ અને પુદ્‌ગલ બે છે, ચેતનદ્રવ્ય એક છે, મૂર્તિમાન એક પુદ્‌ગલદ્રવ્ય છે, પ્રદેશ સહિત જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ – એ પાંચ દ્રવ્ય છે, એક સંખ્યાવાળા ધર્મ, અધર્મ અને આકાશ તે ત્રણ દ્રવ્ય છે, ક્ષેત્રવાન એક આકાશદ્રવ્ય છે, ક્રિયા સહિત જીવ અને પુદ્‌ગલ બે દ્રવ્ય છે. નિત્યદ્રવ્ય ધર્મ, અધર્મ, આકાશ અને કાળ એ ચાર છે.

કારણદ્રવ્ય :– પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ પાંચ છે, કર્તાદ્રવ્ય એક જીવ છે. સર્વગત્ દ્રવ્ય એક આકાશ છે અને આ છએ દ્રવ્યો પ્રવેશ રહિત છે. અર્થાત્ એક દ્રવ્યમાં બીજા દ્રવ્યનો પ્રવેશ થતો નથી. આ બન્ને ગાથાનો સાથે અર્થ કર્યો છે. વિશેષ વ્યાખ્યા હવે કહે છે.

જુઓ, અહીં મૂળમાં કહેલ છે કે એક દ્રવ્ય બીજા દ્રવ્યમાં પ્રવેશ કરતું નથી માટે છરીના નિમિત્તે શરીરમાં ઘા પડ્યો અને લોહી નીકળતું દેખાય છે, તે છરીથી નીકળ્યું નથી, છરી આવી છે માટે નીકળ્યું નથી. ખરેખર છરી છે તે શરીરને અડી જ નથી. કેમકે એક દ્રવ્ય

બીજા દ્રવ્યમાં પ્રવેશ કરતું નથી. માટે છરીના કારણે લોહી નીકળ્યું એ વાત ખોટી છે અને શરીરમાં ઘા વાગ્યો અને આત્માને દુઃખ થયું એ વાત પણ ખોટી છે. વળી આંગળીના કારણે છરી ચાલી છે – એમ પણ નથી. કેમકે છરીમાં અને આંગળીમાં બન્નેમાં ક્રિયાવતી નામની શક્તિ છે. બન્નેની ક્રિયા એક બીજામાં પ્રવેશ કર્યા વિના સ્વતંત્ર થાય છે. વળી છરી અને શરીર તે એક છે કે બે ? જો એક છે તો બન્ને ભિન્ન - ભિન્ન, રહેતાં નથી અને જો બે છે તો બન્નેની ક્રિયા પણ ભિન્ન છે – એમ સમજવું. આ વાતને સમજ્યા વગર જેટલું કરવામાં આવે તે બધું એકડા વિનાના મીંડા જેવું છે.

અહીં તો કહે છે કે :– એક પરમાણુ બીજા પરમાણુમાં પ્રવેશ કરતો નથી. તો પછી અનંત પુદ્‌ગલ પરમાણુનો સ્કંધ બીજા સ્કંધમાં પ્રવેશ કરીને નુકસાન કરે – એમ તો બનતું જ નથી. આમ બધા પદાર્થો ભિન્ન ભિન્ન છે અને બધાની ક્રિયા સ્વતંત્ર થઈ રહી છે. એવા વ્યવહારજ્ઞાન વિના પ્રતીતિ પણ સાચી થતી નથી. આ આંગળીથી લાકડું ચાલે છે – એમ અજ્ઞાનીને લાગે છે કેમકે તે સંયોગને દેખે છે. લાકડાનો ક્ષેત્રાંતર થવાનો સ્વભાવ છે એને તે દેખતો નથી. આત્મામાં કર્મનો પ્રવેશ નથી અને કર્મમાં આત્માનો પ્રવેશ નથી. શરીરનો આત્મામાં પ્રવેશ નથી, આત્માનો શરીરમાં પ્રવેશ નથી. આમ યથાર્થ જ્ઞાન કર્યા વિના વ્યવહાર શ્રદ્ધા પણ નથી. તો તેને નિશ્ચય શ્રદ્ધા તો હોય જ નહિ.

**વ્યાખ્યાર્થ :–** 'परिणामि'ની વ્યાખ્યા કરે છે. સ્વભાવ અને વિભાવ પર્યાયોના પરિણમનવાળા પરિણામી દ્રવ્યજીવ અને પુદ્‌ગલ બે છે અને બાકીનાં ચાર દ્રવ્યો ધર્મ, અધર્મ, આકાશ તથા કાળને વિભાવ વ્યંજન પર્યાય નહિ હોવાથી તે અપરિણામી છે. અહીં જીવ અને પુદ્‌ગલ બે દ્રવ્યને જ પરિણામી કહ્યાં છે. ખરેખર પરિણમન સ્વભાવ તો છએ દ્રવ્યોનો છે, પણ અહીં વિભાવ વ્યંજન પર્યાયની મુખ્યતાથી વાત કરી છે. જીવને સંકોચ-વિસ્તારપણું છે અને પુદ્‌ગલમાં પ્રદેશત્વ ગુણ છે. તેનો આકાર વિભાવ રૂપે થાય છે. બીજાં ચાર દ્રવ્યોનો આકાર ફરતો નથી. એ અપેક્ષા અહીં લીધી છે.

અનંત આત્માઓ અને અનંત પરમાણુઓ સ્વભાવરૂપે કે વિભાવરૂપે પોતાની તાકાતથી પરિણમે છે. કેમકે તે બન્નેનો પરિણમન સ્વભાવ છે. કોઈ કહે કે જીવ સ્વભાવરૂપે તો પોતે પોતાના કારણે પરિણમે છે. પણ વિભાવરૂપે તો કર્મના કારણે પરિણમે છે. તો તે વાત ખોટી છે. એમ આ ઉપરથી સિદ્ધ થાય છે. સ્વભાવ કે વિભાવરૂપે પોતે પોતાની લાયકાતથી થાય છે. મન વિનાના પ્રાણીને કર્મનું જોર છે માટે વિભાવરૂપે પરિણમે છે એ વાત પણ ખોટી છે. વિભાવ પરિણતિમાં કર્મનું નિમિત્ત છે એ વાત પણ અહીં લીધી નથી. કેમકે પરિણમન સ્વભાવ છે તે પરની અપેક્ષા રાખતો નથી.

વળી આત્મા સ્વભાવરૂપે પરિણમે છે. તે કર્મોનો અભાવ થયો છે, માટે પરિણમે છે – એમ પણ નથી. શરીરના કામ થાય તે પુદ્‌ગલનો વિભાવ પરિણતિરૂપ સ્વભાવ છે. તે

કારણે થાય છે. છરીના કારણે કટકા થયા નથી. પરમાણુ એકલો પરિણમે કે સ્કંધરૂપ થઈને પરિણમે તે બન્નેમાં પોતાની યોગ્યતાના કારણે પરિણમે છે પરના કારણે નહિ. એક પરમાણુથી માંડીને અચેતન મહાસ્કંધ સુધીનું પરિણમન છે. તે બધાં પુદ્ગલ દ્રવ્યોનું પરિણમન પોતાના કારણે છે.

જીવ અને પુદ્ગલ બે દ્રવ્યોમાં ક્ષેત્રાંતર થવાની યોગ્યતા છે, બીજાં ચાર દ્રવ્યોમાં નથી. એનો અર્થ એવો થયો કે જીવ અને પુદ્ગલમાં એવો સ્વભાવ છે પણ પરના કારણે એનું ક્ષેત્રાંતર નથી. એ ઉપરથી એમ સિદ્ધાંત નક્કી થયો કે આત્મામાં સંકોચ-વિસ્તાર થાય છે તે કર્મના કારણે નથી. સંકોચ-વિસ્તારમાં કર્મ નિમિત્ત છે પણ અહીં એ વાત લીધી નથી. ઉત્પાદ, વ્યય અને ધ્રુવ એ ત્રણે સત્‌ના અંશ છે એ ત્રણમાંથી એક અંશ પણ પરના કારણે માનવામાં આવે તો સત્ રહેતું નથી. સમ્યગ્દૃષ્ટિને ચારિત્રમોહના કારણે સંસારમાં રહેવું પડે છે એમ નથી. 'ગોમ્મટસાર'માં નિમિત્તનું કથન આવે છે પણ જેને નિમિત્તની દૃષ્ટિ અથવા તો રુચિ છે તેને આત્માની રુચિ થતી નથી. આ રીતે પરિણામી બે દ્રવ્ય છે એમ સિદ્ધ કર્યું છે. અહીં વિભાવ વ્યંજન પર્યાયની મુખ્યતાથી વાત છે. એનો અર્થ એવો છે કે બીજાં ચાર દ્રવ્યોમાં વિભાવવ્યંજન પર્યાય નથી માટે તેને અપરિણામી કહ્યાં છે.

જીવ શબ્દની વ્યખ્યા કરે છે. શુદ્ધ નિશ્ચયનયથી નિર્મળ જ્ઞાન તથા દર્શન સ્વભાવનું ધારક જે શુદ્ધ ચૈતન્યદ્રવ્ય છે. તેને પ્રાણ કહેવામાં આવે છે. તે શુદ્ધ ચૈતન્ય રૂપી પ્રાણથી જે જીવે છે તે જીવ છે. શુદ્ધ દ્રવ્ય દૃષ્ટિથી જુઓ તો આત્મા જ્ઞાતાદૃષ્ટા ચૈતન્ય પ્રાણનો ધારણ કરવાવાળો છે. એટલે કે બધા આત્માઓ શુદ્ધ ચૈતન્ય પ્રાણથી જીવે છે સમ્યગ્દર્શનનો વિષય પણ શુદ્ધ ચૈતન્ય પ્રાણ છે. વ્યવહારનયથી કર્મોના ઉદયથી ઉત્પન્ન દ્રવ્ય ભાવરૂપ ચાર પ્રકારના પ્રાણ છે. ઇન્દ્રિય, બળ, આયુ અને શ્વાસોશ્વાસ એ ચાર પ્રાણ છે. એનાથી જીવે છે. જીવશે અને ભૂતકાળમાં જીવતા હતા તે જીવ છે. જડ અને ચૈતન્ય બન્ને ભિન્ન દ્રવ્યો હોવા છતાં જીવને નિમિત્તરૂપે જડ પ્રાણો હોય છે, અને પાંચ ઇન્દ્રિયાદિની યોગ્યતા જીવમાં છે તેનાથી જીવે છે એમ કહેવું તે પણ વ્યવહારનયનો વિષય છે. જડપ્રાણ અને અશુદ્ધભાવ પ્રાણ તે બન્ને જાણવા યોગ્ય છે પણ આદરણીય નથી. આદરણીય તો એક શુદ્ધ ચૈતન્ય પ્રાણ છે. આમ માને તો પ્રમાણજ્ઞાન થાય છે. જીવ તો આ એકજ છે બાકીનાં પાંચ દ્રવ્યો અજીવ છે.

**આસો સુદ ૭, શુક્રવાર, ૨૬-૯-૫૨ બપોર**

બીજા શાસ્ત્રની બે ગાથાનો આધાર આપેલ છે તે ચાલે છે. બન્ને ગાથાનો ભેગો અર્થ લીધો છે. આ 'બૃહદ્ દ્રવ્યસંગ્રહ' છે. છ દ્રવ્યો સ્વતંત્ર છે એમ જ્ઞાન જાણે છે. એવા જ્ઞાનના સામર્થ્યની પ્રતીતિ થવી તે ધર્મ છે. સ્વને જાણતાં પર જણાય છે. એવો જ્ઞાનનો સ્વભાવ છે. દ્રવ્ય છે, તે સત્ છે એટલે કે હોવાપણું તે દ્રવ્યનું લક્ષણ છે. તેવાં છ દ્રવ્યો છે, તેને જાણનાર તો આત્મા છે. જ્ઞાન જેમ છે, તેમ બધું યથાર્થ જાણે છે. સ્વલક્ષ તે સાધકપણું છે અને પરલક્ષ તે બાધકપણું છે. તે બાધકપણું પરના કારણે છે એમ માને તો મિથ્યાત્વ છે.

ઉત્પાદ-વ્યય-ધ્રુવવાળાં દ્રવ્યો છે. એમાં ધ્રુવ આત્મદ્રવ્યનું અવલંબન લેતો, સાધકદશા થાય છે. દરેક દ્રવ્યમાં ઉત્પાદ-વ્યય તો થયા જ કરે છે. તો હવે જીવે શું કરવાનું રહે છે ? એમ પ્રશ્ન થાય તો કહે છે કે – એક પછી એક પર્યાય થાય છે. એના અવલંબને ધર્મ થાય નહિ પણ ધ્રુવનું અવલંબન લે તો ધર્મ થાય. તે ઉત્પાદ જે સમયે થાય છે તે સમયે જ થાય છે એની ધારા તૂટતી નથી. તે ધારા ધ્રુવના અવલંબને ક્રમબદ્ધ થાય છે. એવી પ્રતીતિ જેને થઈ તેને સ્વલક્ષી ઉત્પાદ થાય છે. પર્યાયના લક્ષે ક્રમબદ્ધનો નિર્ણય થતો નથી. દ્રવ્યસ્વભાવમાં રુચિ થાય છે માટે ક્રમબદ્ધના નિર્ણયમાં પર્યાયબુદ્ધિ રહેતી નથી. આ રીતે ઉત્પાદ-વ્યય-ધ્રુવની ધારા તૂટતી નથી. પર્યાય તો જે થવાની તે જ થાય છે. પણ પરની રુચિ હતી તે રુચિ બદલી, સ્વની રુચિ થતાં, સમ્યગ્દર્શનરૂપે ધારા ચાલે છે. પર્યાયદૃષ્ટિમાં સંસારની ધારા હતી. આ રીતે પરિણતિ ક્રમબદ્ધ છે. એવો નિર્ણય પર્યાયના અવલંબને થતો નથી પણ પરિણતિ થાય છે તે ધ્રુવના અવલંબને થાય છે એવો નિર્ણય થયો એજ પુરુષાર્થ છે.

કોઈ શાસ્ત્ર કે કોઈ પણ ગાથા કે શબ્દ, અથવા તો કોઈ પણ અનુયોગની વાત કરો – તે બધાનું તાત્પર્ય વીતરાગતા છે. દ્રવ્ય છે એમ કહેતાં તે પરથી ભિન્ન છે. માટે પરના કારણે નથી અને પરના આશ્રયે નથી. એમ નક્કી થતાં પરની રુચિ ટળી ધ્રુવબુદ્ધ થાય છે. એમાં વીતરાગતા થયા વિના રહેતી નથી. માટે છ દ્રવ્ય, પંચાસ્તિકાય, સાત તત્ત્વ, નવપદાર્થ એ બધામાં દ્રવ્યદૃષ્ટિની જ વાત આવે છે અને એમાં જ વીતરાગતા છે. પુદ્ગલની પર્યાય ક્રમબદ્ધ થાય છે. એટલે તેના સામે મારે જોવાનું રહેતું નથી. મારી પર્યાય પણ ક્રમબદ્ધ જ થાય છે. એમ નક્કી થતાં તેમાં દ્રવ્યનું અવલંબન આવે છે. દ્રવ્યદૃષ્ટિ કહો, ક્રમબદ્ધનો નિર્ણય કહો કે સમ્યગ્દર્શન કહો તે બધું એક જ છે. આ રીતે દ્રવ્યનો ઉત્પાદ-વ્યય-ધ્રુવ એવા ત્રણ અંશો સત્ છે એની વાત થઈ.

જુઓ, અહીં જીવ અને પુદ્ગલને વિભાવ વ્યંજન પર્યાય હોય છે માટે એ બે દ્રવ્યોને પરિણામી કહ્યાં છે, બીજાં ચાર દ્રવ્યોને વિભાવ વ્યંજન પર્યાય નથી તેથી તે અપરિણામી છે.

લોકોને એવો ભ્રમ છે કે આત્મા છે માટે શરીર ચાલે છે અને આંગળીના કારણે લાકડું ઊંચું થાય છે. આ ભ્રમ ભાંગવા માટે અહીં આ ગાથામાં સ્પષ્ટ કર્યું છે કે જીવ-પુદ્‌ગલ બન્નેમાં વિભાવ વ્યંજન પર્યાય થાય છે. તેથી જીવના કારણે શરીરની પર્યાય થાય એમ બનતું નથી. બે પુદ્‌ગલોમાંથી અનંત પુદ્‌ગલોનો સ્કંધ કેમ થયો અને અનંત પુદ્‌ગલોના સ્કંધમાંથી ઓછાં પુદ્‌ગલો કેમ થયાં ? એ પ્રશ્ન રહેતો નથી. કેમકે એ એની વિભાવ વ્યંજન પર્યાયના કારણે થાય છે. તે જીવદ્રવ્યના કારણે નથી. શ્રેણિક રાજાને નરકનું આયુષ્ય બંધાણું હતું માટે તે નરકમાં ગયા – એમ નથી. પોતાની વ્યંજન પર્યાયની યોગ્યતાના કારણે ગયા છે. વળી કોઈ કહે કે પૂર્વે નરકના પરિણામ કર્યાં હતા તેથી અત્યારે નરકના પરિણામ છે – એમ પણ નથી. કેમકે પૂર્વ પર્યાયનો તો વર્તમાન પર્યાયમાં અભાવ છે માટે તે અભાવના કારણે વર્તમાન પર્યાય હોય એમ બને નહિ.

પ્રશ્ન :– આત્મામાં કે પુદ્‌ગલમાં સ્વભાવ પર્યાય થાય ત્યારે બીજી ચીજની જરૂર પડતી નથી પણ વિભાવ પર્યાય તો બીજ ચીજ હોય તો જ થાય નહિતર ન થાય. તેનો ઉત્તર કહે છે કે જીવ અને પુદ્‌ગલ બન્નેમાં વિભાવ વ્યંજન પર્યાયરૂપ પરિણમન થવાની યોગ્યતા છે. તે પરના કારણે નથી એમ આ ગાથા ઉપરથી સિદ્ધ થાય છે. કેવળીને પણ સિદ્ધદશા થયા પહેલાં વિભાવ વ્યંજન પર્યાય હોય છે પણ તે પર્યાય કર્મના કારણે નથી, એમને પણ હજુ અશુદ્ધતા છે તે કારણે વિભાવ વ્યંજન પર્યાય છે.

અહીં જીવની વ્યાખ્યા કરતાં ચૈતન્ય પ્રાણથી જીવી રહ્યો છે તે ખરેખર જીવ છે અને દ્રવ્ય પ્રાણના નિમિત્તે અને અશુદ્ધ ભાવ પ્રાણની યોગ્યતાથી જીવે છે એમ કહેવું તે વ્યવહાર છે. શાસ્ત્રનો કોઈ પણ બોલ લ્યો તો એમાં દ્રવ્યદૃષ્ટિ જ કરાવે છે અને જો એ પ્રમાણે દ્રવ્યનો આશ્રય કરે તો પર્યાયનું જ્ઞાન યથાર્થ થાય છે, વર્તમાન પર્યાયમાં યોગ્યતા છે એટલો જ જીવ નથી કેમકે યોગ્યતા ક્ષણિક એક સમય પૂરતી છે અને જે ધ્રુવ શુદ્ધ ચૈતન્ય પ્રાણથી જીવી રહ્યો છે તે જીવ છે.

હવે 'મુત્તં' શબ્દનો અર્થ કરે છે. અમૂર્ત શુદ્ધ આત્મા છે. એનાથી વિલક્ષણ સ્પર્શ, રસ, ગંધ તથા વર્ણવાળી વસ્તુ છે. તેને મૂર્ત કહે છે. એવો મૂર્તપણાને ધારણ કરવાવાળો અથવા તો એ મૂર્તપણાનો સદ્‌ભાવ તો પુદ્‌ગલદ્રવ્યમાં જ છે તેથી પુદ્‌ગલદ્રવ્ય મૂર્ત છે. આ મૂર્ત પદાર્થને જ્ઞાન નથી. આત્મા મૂર્ત અને અમૂર્ત બન્નેને જાણે છે. તેથી પ્રથમ અમૂર્ત આત્માની વાત કરી છે અને એનાથી વિલક્ષણ પુદ્‌ગલ મૂર્ત છે એમ કહેલ છે. પુદ્‌ગલ સિવાય બીજાં પાંચે દ્રવ્ય અમૂર્ત છે. આ વાતને જે સમજતા નથી તે આત્મા પણ મૂર્ત છે એમ માને છે તેનો ખુલાસો હવે કરે છે.

જીવદ્રવ્ય અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહારનયથી મૂર્ત છે તોપણ શુદ્ધ નિશ્ચયનયથી અમૂર્ત છે અને ધર્મ, અધર્મ, આકાશ ને કાળ અમૂર્ત છે.

ભગવાનઆત્મા તો ચિદાનંદ અમૂર્ત છે, પણ પર્યાયમાં જે વિકાર થાય છે તેમાં નિમિત્ત કર્મ છે તે મૂર્ત છે એનું નજીકપણું છે. એ બતાવવા અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહારનયથી આત્માને મૂર્ત કહ્યો છે. પણ અમૂર્ત આત્મા મૂર્તના સંબંધથી મૂર્ત થઈ જાય છે એમ નથી. આથ્માની પર્યાય તો અમૂર્ત જ રહે છે, સ્પર્શાદિ રૂપ થઈ જતી નથી.

આત્માની પર્યાયમાં વિકાર થાય છે, તે આત્માના ત્રિકાળી સ્વભાવમાં નથી. એ વિકારનું નિમિત્ત કર્મ તો, આત્માની પર્યાયમાં પણ નથી. તેથી અસદ્‌ભૂત કહેલ છે અને નજીકનો સંબંધ છે એમ બતાવવા અનુપચરિત કહેલ છે. કર્મ પર હોવાથી વ્યવહાર છે. એ રીતે આત્માને અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહારનયથી મૂર્ત કહેલ છે. પણ ખરેખર આત્મા મૂર્ત નથી પણ અમૂર્ત છે. કર્મ અને આત્મા બન્ને ભિન્ન પદાર્થો છે. એ બતાવવા અસદ્‌ભૂત કહેલ છે. તેથી એમ સિદ્ધ થાય છે કે ભિન્ન એવા કર્મના કારણે આત્મામાં વિકાર થતો નથી. કર્મના કારણે વિકાર થાય છે એમ જે માને છે તેને વ્યક્ત સ્થૂલ જે રાગની પર્યાય પોતાની છે એની સ્વતંત્રતા ભાસતી નથી. તો તે જીવ એમ કહે કે અવ્યક્ત ત્રિકાળી ધ્રુવ આત્મસ્વભાવની સ્વતંત્ર દૃષ્ટિ અમને થઈ છે તો તે વાત ખોટી છે. જેને પર્યાયની સ્વતંત્રતા પણ બેસતી નથી તેને ધ્રુવ આત્માની શ્રદ્ધા ત્રણ કાળમાં થતી નથી.

નિશ્ચય વ્યવહાર બન્ને નયનું યથાર્થ જ્ઞાન તો ધર્મીને જ હોય છે, મિથ્યાદૃષ્ટિને હોતું નથી. પ્રથમ આત્મા નિશ્ચયનયથી અમૂર્ત છે એમ નક્કી કરે તેને વ્યવહારનયથી મૂર્ત કહેલો છે તેનું સાચું જ્ઞાન હોય છે. આત્મા અમૂર્ત છે તેનું યથાર્થ જ્ઞાન, અજ્ઞાનીને નથી. ધર્મ, અધર્મ, આકાશ અને કાળ એ અમૂર્ત છે એનું પણ એને યથાર્થ જ્ઞાન નથી. આત્માને જાણ્યા વિના શાસ્ત્રમાં લખેલા પ્રમાણે ધારણારૂપે જે જ્ઞાન હોય તે યથાર્થ જ્ઞાન નથી.

'**एय**' શબ્દનો અર્થ કહે છે. દ્રવ્યાર્થિકનયથી ધર્મ, અધર્મ અને આકાશ એ ત્રણે દ્રવ્ય એક એક છે અને જીવ, પુદ્‌ગલ તથા કાળ તે ત્રણે દ્રવ્ય અનેક છે. એટલે કે જીવ અનંતા છે, પુદ્‌ગલ અનંતાનંત છે અને કાળાણુ અસંખ્ય છે. આ છ દ્રવ્યોને વાસ્તવિક રીતે જાણીને આત્મા તત્ત્વનો આરાધક છે તે મોક્ષને પામે છે અને એનો વિરાધક નિગોદમાં જાય છે. તત્ત્વની વાસ્તવિક રુચિ વિના પરની રુચિ ટળે નહિ એમ કહે છે.

'**खेत्त**' બધાં દ્રવ્યોને અવકાશ આપવાનું સામર્થ્ય તો એક આકાશ દ્રવ્યમાં છે. બીજાં પાંચ દ્રવ્યોમાં નથી. આકાશમાં પાંચ દ્રવ્યો રહે છે માટે આકાશને ક્ષેત્ર કહેલ છે, ન્યાયથી બેસી જાય એવી વાત છે. ક્ષેત્રે આકાશ મોટું હોવા છતાં ગુણમાં બધાં દ્રવ્યો સરખાં છે, બધાં દ્રવ્યોમાં અનંતગુણો છે. એક પુદ્‌ગલ પરમાણુમાં અનંતા ગુણો છે. આમ જેનું જ્ઞાન કબૂલતું નથી તે ચૈતન્યસ્વભાવી આત્મા જાણનાર છે. એને કબૂલતો નથી – માનતો નથી.

'**किरिया य**' એક જગ્યાથી બીજી જગ્યાએ ગમન થવાની ક્રિયા અથવા તો હલન-ચલન રૂપ ક્રિયા છે તે જીવ અને પુદ્‌ગલ બે દ્રવ્યમાં જ છે અને ધર્મ, અધર્મ, આકાશ અને કાળ

એ ચાર દ્રવ્યોમાં ક્રિયા થતી નથી. માટે તે ક્રિયાશૂન્ય છે. સ્વસ્તિકવાળો અઢીસો મણનો પથ્થર જયપુરથી આવ્યો તે એની ક્રિયાવતી શક્તિના કારણે આવ્યો છે. રેલ્વેથી આવ્યો નથી. રેલ્વે હતી માટે આવ્યો છે એમ પણ નથી. જો બીજાના કારણે આવે એમ માનવામાં આવે તો તેનો ક્રિયા થવાનો સ્વભાવ છે. એને ન માનતાં તે વસ્તુ જ સિદ્ધ થશે નહિ. કેમકે એની પર્યાય સ્વતંત્ર છે. તે નહિ માનતાં દ્રવ્ય સ્વતંત્ર સિદ્ધ થતું નથી. એટલે કે પુદ્‌ગલદ્રવ્યને માનતો નથી. પુદ્‌ગલદ્રવ્યને નહિ માનતાં એનું જ્ઞાન ખોટું થાય છે. એટલે જ્ઞાનને માનતો નથી તે આત્માને પણ માનતો નથી.

> **`આત્મા જ્ઞાનમાત્ર છે' તેમ કહેતા આત્મા શરીરરૂપ નથી, વાણીરૂપ નથી, પુણ્ય-પાપરૂપ નથી ને એક સમયની પર્યાયમાત્ર નથી. `આત્મા જ્ઞાનમાત્ર છે' તેમ કહેતાં જ્ઞાન દર્શન, અકાર્યકારણ, ભાવ આદિ અનંત શક્તિમય આત્મા છે. પ્રભુ ! તારા ઘરની શી વાત ! તારામાં અનંતી શક્તિઓ ભરી પડી છે ને એક-એક શક્તિ અનંત સામર્થ્યવાન છે, એક-એક શક્તિ અનંત ગુણોમાં વ્યાપક છે, એક-એક શક્તિમાં બીજી અનંત શક્તિનું રૂપ છે, એક-એક શક્તિ બીજી અનંત શક્તિમાં નિમિત્ત છે. એવી એક-એક શક્તિમાં અનંતી પર્યાય પર્યાય છે, તે પર્યાય ક્રમે ક્રમે થતી હોવાથી તે ક્રમવર્તી છે. તથા અનંતી શક્તિઓ એક સાથે રહેતી હોવાથી તે અક્રમવર્તી છે. એ અક્રમવર્તી ને ક્રમવર્તી ગુણ-પર્યાયનો પિંડ તે આત્મદ્રવ્ય છે. દ્રવ્ય શુદ્ધ છે, ગુણ પણ શુદ્ધ છે તેથી તેની દૃષ્ટિ કરતાં પરિણમન પણ શુદ્ધ જ હોય.**
>
> **(પરમગામસાર–૧૬૯)**

## પ્રસાદ નં. – ૩૩૯

### વી. નિ સં. ૨૪૭૮, આસો સુદ ૧૫, વર્ષ ૨જું. પુસ્તક બારમું, સોનગઢ, તા. ૩-૧૦-૫૨, શુક્રવાર.
### શ્રી દ્રવ્યસંગ્રહ ગાથા–૨૭
### (આસો સુદ ૮, શનિવાર, ૨૭-૯-૫૨ બપોર)

જુઓ, છ દ્રવ્યો તો સ્વતંત્ર છે પણ એ દ્રવ્યોની પર્યાય પણ સ્વતંત્ર છે – એમ અહીં કહે છે. કોઈ પ્રેરક નિમિત્તના કારણે કોઈ દ્રવ્યની પર્યાય છે – એમ નથી. ઘોડો ગાડીને પ્રેરક નિમિત્ત છે માટે ગાડી ચાલે છે, પેટ્રોલના કારણે મોટર ચાલે, હાથીના કારણે ગજરથ ચાલે, ગાડી માણસને પ્રેરક નિમિત્ત છે. આમ પ્રેરક નિમિત્તના કારણે પરપદાર્થની ક્રિયા થાય છે એમ અજ્ઞાની કહે છે. તેનો ખુલાસો આ ગાથામાં કરેલ છે કે ક્રિયાવતીશક્તિના કારણે જીવ અને પુદ્‌ગલ બન્નેમાં ગમન થાય છે અથવા તો હલન-ચલન થાય છે.

'**किरिया य**' મૂળ ગાથામાં આ શબ્દ છે. ટીકાકાર એની ટીકા કરતાં કહે છે કે જીવ-પુદ્‌ગલમાં ક્ષેત્રાંતર થઈને ગમન કરવાની શક્તિ છે. બીજાં ચાર દ્રવ્યોમાં ગમન કરવાની શક્તિ નથી, અથવા બીજાં દ્રવ્યો ગમન કરતાં નથી. શાસ્ત્રમાં આવો પાઠ આવે એટલે કેટલાક તો એમ કહે છે કે જીવ-પુદ્‌ગલમાં ક્રિયા થાય છે એમ અમે માનીએ છીએ પણ એ ક્રિયા નિમિત્ત આવે તો થાય છે, નિમિત્ત વિના થતી નથી. તો આમ માનનાર ખરેખર ક્રિયાને માનતો જ નથી.

જુઓ, આ હાથ ચાલ્યો, તે ચાલવાની ક્રિયાનું વર્તમાન ઉપાદાન તે હાથના પરમાણુમાં છે. તે સ્વતંત્ર લાયકાતના કારણે ક્ષેત્રાંતર થાય છે. આત્મા હતો માટે ક્ષેત્રાંતર થયું છે અથવા તો ધર્માસ્તિકાયના કારણે થયું છે – એમ નથી. આત્મા પ્રેરક થઈને હાથને ચલાવતો નથી. આત્માનું ક્ષેત્રાંતર શરીરના કારણે નથી અને શરીરનું ક્ષેત્રાંતર આત્માના કારણે નથી. આત્માની સાથે કર્મને જવું પડે છે અને કર્મના કારણે આત્માને જવું પડે છે – એમ નથી. સંયોગના કારણે પરિણમન થાય છે, એમ જે માને છે તે કર્મના કારણે આત્મામાં વિકાર થાય છે એમ માન્યા વિના રહેતો નથી. ક્ષેત્રાંતરની ક્રિયા જીવ-પુદ્‌ગલ બેમાં છે તે એના કારણે સ્વયં થાય

છે – એમ ન માનતાં બીજાના કારણે થાય છે – એમ માનવામાં આવે તો બે દ્રવ્યો ક્રિયાવાન સાબિત થતાં નથી.

પાણીની વરાળના કારણે એન્જીન ચાલતું નથી. પેટ્રોલના કારણે મોટર ચાલતી નથી. ઘોડાના કારણે ગાડી ચાલતી નથી અને હાથીના કારણે ગજરથ ચાલતો નથી. પ્રેરક નિમિત્તના કારણે કોઈ વસ્તુ ચાલતી નથી. કેમકે એક પરમાણુ અથવા તો અનંત પરમાણુનો સ્કંધ છે તેમાં જે ક્ષેત્રાંતરની ક્રિયા થાય છે તે તેની વર્તમાન સ્વતંત્ર ઉપાદાનની લાયકાતના કારણે થાય છે. અષ્ટ સહસ્ત્રી આદિ શાસ્ત્રોમાં પણ પ્રેરક નિમિત્તના કારણે ક્રિયા થાય છે એમ કહેવાનો આશય નથી. પણ વેદાંતાદિ અન્ય મતવાળા નિમિત્તને માનતા જ નથી તેથી ત્યાં નિમિત્ત એક બીજી વસ્તુ છે એ સિદ્ધ કરવા વ્યવહારથી ત્યાં કથન કરેલ છે કે નિમિત્તના કારણે થાય છે પરંતુ નિમિત્તના કારણે ઉપાદાનમાં કોઈ પણ જાતની ક્રિયા થાય છે – એમ સમજવું નહિ.

દ્રવ્ય સ્વતંત્ર છે, તેમ એની પર્યાય પણ સ્વતંત્ર છે – એમ માન્યા વિના દ્રવ્યદૃષ્ટિ થાય નહિ. અત્યારે તો ત્યાગીઓ અને વિદ્વાનોમાં 'નિમિત્ત આવે તો' કે 'નિમિત્તના કારણે કાર્ય થાય છે' એવી જ પરંપરા ચાલી આવે છે. 'ફુલચંદજી પંડિતે' 'પંચાધ્યાયી'નો અનુવાદ કર્યો છે તેમાં લખ્યું છે કે :– નિમિત્તના કારણે ઉપાદાનમાં કાર્ય માનવામાં આવશે તો અનવસ્થા દોષ આવશે કેમકે હાથ આત્માની ઇચ્છાના કારણે ચાલે છે, આત્માની ઇચ્છા કર્મના કારણે થાય છે અને કર્મનું પરિણમન કાળના કારણે થાય છે – એમ માનવામાં આવે તો પછી કાળનું પરિણમન કોના કારણે માનશો ? ક્યાંય થંભાવ – અટકવું થશે નહિ અને તેથી અનવસ્થા દોષ આવશે.

વળી અજ્ઞાની એમ માને છે કે :– જો નિમિત્તથી ઉપાદાનમાં કંઈ કાર્ય થયું એમ માનો તો નિમિત્તને માન્યું કહેવાય નહિ તો નિમિત્તને માનતા નથી. તો તે વાત ખોટી છે. નિમિત્ત નિમિત્તમાં છે અને ઉપાદાન ઉપાદાનમાં છે, બન્નેનું કાર્ય સ્વતંત્ર થાય છે એમ માને તેણે જ નિમિત્તને યથાર્થ માન્યું કહેવાય. 'રાજવાર્તિક'માં લખાણ છે કે :– દવાથી રોગ મટતો ન હોય તો આ આયુર્વેદ બધું ખોટું ઠરશે તો ત્યાં કહેવાનો આશય એ છે કે જ્યારે રોગ મટે છે ત્યારે દવાનું નિમિત્ત હોય છે પણ દવાના કારણે રોગ મટે છે – એમ નથી.

જુઓ, અત્યારે ઘણે ઠેકાણે પોકાર ઊઠ્યો છે કે – આ નિમિત્ત-ઉપાદાનની ચર્ચા પહેલાં ક્યાંય ન હતી. સોનગઢમાંથી આ ચર્ચા ઉપડી છે. અનાદિથી ચાલ્યું આવતું હતું તે જ રીતે માનતા હતા. પણ તે ભૂલ હતી એમ જ્યાં સુધી ખ્યાલ ન આવે ત્યાં સુધી ભૂલ ટાળવાનો અવકાશ રહેતો નથી. રોટલી થાય છે તે સ્ત્રીના કારણે થતી નથી પરંતુ વેલણથી પણ થતી નથી અને વેલણ આંગળીથી ફરતું નથી, કેમકે વેલણ, રોટલી આદિ અનંત પુદ્‌ગલોનો સ્કંધ છે એને કોણ ફેરવે ? પુદ્‌ગલ પણ જડેશ્વર છે. ક્રિયા થવાનું સામર્થ્ય એનું છે તેને કોણ લૂંટી શકે ? જેની જે શક્તિ હોય તે કોઈ બીજો લૂંટી શકે નહિ અને ન હોય તે તેને આપી શકે

નહિ. આમ સ્વતંત્ર દૃષ્ટિ થયા વગર અનાદિની મૂઢતા ટળે એમ નથી. પરથી ભિન્ન, સ્વતંત્ર દ્રવ્ય અને પર્યાય છે એમ જાણી સ્વભાવદૃષ્ટિ કરવી તે જ ધર્મ છે.

'**णिच्चं**' શબ્દનો અર્થ કરે છે. ધર્મ, અધર્મ, આકાશ અને કાળ એ ચારે દ્રવ્યો અર્થપર્યાયની અપેક્ષાએ અનિત્ય છે. તોપણ મુખ્યવૃત્તિથી એમાં વિભાવવ્યંજન પર્યાય નથી તેથી તે નિત્ય છે અને દ્રવ્યાર્થિકનયથી જીવ પુદ્‌ગલ બન્ને દ્રવ્યો નિત્ય છે તોપણ અગુરુલઘુ પરિણામની અપેક્ષાએ અને વિભાવવ્યંજનપર્યાયની અપેક્ષાએ બન્ને અનિત્ય છે.

જુઓ, છ દ્રવ્યોમાં કોઈ પણ પદાર્થ એકાંત નિત્ય નથી અને એકાંત અનિત્ય પણ નથી. નિત્યાનિત્ય છે. કેમકે ઉત્પાદ-વ્યય અને ધ્રુવ એ ધારાવાહી બધાં દ્રવ્યોનું સ્વરૂપ છે. પણ અહીં બીજી વાત કરે છે. અહીં તો અર્થ પર્યાયનું પરિણમન થઈ રહ્યું હોવા છતાં વિભાવ વ્યંજન પર્યાય નથી માટે ચાર દ્રવ્યોને નિત્ય કહ્યાં છે. અસ્તિત્વાદિ અનંતગુણોનું પરિણમન થઈ રહ્યું છે એની મુખ્યતા ન લેતાં વિભાવ વ્યંજન પર્યાયની મુખ્યતાએ નિત્ય અને અનિત્યનો ભેદ પાડ્યો છે.

જીવ પુદ્‌ગલમાં વિભાવવ્યંજન પર્યાય છે, એ અપેક્ષાએ તેને અનિત્ય કહેલ છે. જીવ-પુદ્‌ગલની વિભાવવ્યંજન પર્યાય પણ પરના કારણે થતી નથી એમ સિદ્ધ થાય છે. 'જૈન સિદ્ધાંત પ્રવેશિકા'માં વિભાવ વ્યંજન પર્યાયની વ્યાખ્યા લીધી છે ત્યાં બીજાના નિમિત્તથી જે થાય તેને વિભાવ વ્યંજન પર્યાય કહી છે. તે વ્યાખ્યામાં વિભાવવ્યંજન પર્યાયમાં નિમિત્ત હોય છે એટલું બતાવવું છે. અહીં તો નિમિત્તની વાત પણ લીધી નથી માટે જે અપેક્ષાનું કથન હોય તેને બરાબર સમજવું જોઈએ.

માથા ઉપર પોટલું હોય તે માથાના આધારે રહ્યું નથી. પોટલું પોટલામાં છે અને માથું માથામાં છે. એક પરમાણુ ઉપર પોટલું ન રહે તો માથા ઉપર પોટલું રહે એ કેમ બને ? બને જ નહિ. કેમકે માથામાં રહેલાં અનંત પુદ્‌ગલો ભેગાં થયાં જ નથી. બધાં જુદે જુદાં છે – એટલે પોટલું પોટલાની લાયકાતથી રહ્યું છે. પંદર માણસોએ ભેગા થઈને પથ્થરને ઊંચો કર્યો એ વાત જ સાચી નથી. કેમકે પંદર માણસની શક્તિ ભિન્ન ભિન્ન છે, તે એક થઈ નથી. એક માણસ ન ઉપાડી શકે તો પંદર માણસ ઉપાડી શકે એ વાત આવી ક્યાંથી ? માટે પથ્થર પથ્થરથી ઊંચો થયો છે, માણસો તો નિમિત્તમાત્ર છે. પુદ્‌ગલ પરમાણુનો સ્કંધ થયો છે એ વ્યવહાર છે તેમ બધાએ ભેગા મળીને કામ કર્યું એમ કહેવું તે વ્યવહાર છે. એક પરમાણુ આત્માને વિકાર કરાવે નહિ તો અનંત પરમાણુ ભેગા થઈને કર્મરૂપે થયા તે આત્માને રાગ કરાવે – એમ બને નહિ.

પરમાણુનું સૂક્ષ્મ પરિણમન છે. તે પરમાણુ સ્થૂલરૂપે પરિણમે ત્યારે સ્થૂલ પરમાણુનો સ્કંધ હતો માટે સ્થૂલરૂપે પરિણમે છે – એમ નથી. પણ સ્થૂલપણે પરિણમવાનો તેનો કાળ હતો ત્યારે પોતાના કારણે પરિણમે છે. એમાં સ્થૂલ પુદ્‌ગલ સ્કંધ નિમિત્ત છે. આમ વસ્તુનું પરિણમન

સ્વતંત્ર થાય છે એમ માન્યા વિના વસ્તુ સિદ્ધ થતી નથી. વિભાવરૂપે પરિણમન થાય છે તે પણ પારિણામિકભાવે છે. પર્યાય પરથી થાય છે એમ જો માનવામાં આવે તો પરથી ભિન્ન થવાનો પ્રસંગ રહેતો નથી. આમ સત્ય વાત જાહેરમાં આવી છે ત્યારે પંડિતો અને ત્યાગીઓ જે દિગંબર શાસ્ત્રોના અભ્યાસી છે તે વિરોધ કરે છે. હવે જેના ઘરની આ વાત છે તેને પણ યથાર્થ ખબર નથી તો પછી એ સિવાયના અન્યમતી આનો વિરોધ કરે તો એમાં કંઈ નવાઈ છે જ નહિ. કેમકે એનાં શાસ્ત્રો જ સાચાં નથી. એમાં તો એકલા ગૃહીત મિથ્યાત્વની જ વાત છે.

આ ગાથામાં પ્રથમ परिणामि કહીને જીવ-પુદ્‌ગલ બે દ્રવ્યને વિભાવવ્યંજનપર્યાય હોવાના કારણે પરિણામી કહ્યાં હતાં અને બીજાં ચાર દ્રવ્યોને અપરિણામી કહ્યાં હતાં. અહીં 'णिच्चं' કહીને તે વાતને વધારે સ્પષ્ટ કરેલ છે. ચાર દ્રવ્યોમાં વિભાવવ્યંજનપર્યાય નથી માટે તે નિત્ય છે અને જીવ-પુદ્‌ગલમાં વિભાવવ્યંજન પર્યાય હોવાના કારણે તેને અનિત્ય કહેલ છે. એ રીતે પરિણામી બોલની સાથે મેળવેલ છે.

'कारण' શબ્દની વ્યાખ્યા કરે છે. ધર્મ, અધર્મ, આકશ, કાળ અને પુદ્‌ગલ – એ પાંચ દ્રવ્યો જીવને વ્યવહારનયથી કારણ છે અને ગુરુ શિષ્યનો આત્મા પરસ્પર એકબીજાને વ્યવહારનયથી ઉપકાર કરે છે. પણ પુદ્‌ગલાદિ પાંચ દ્રવ્યોને જીવ જરાપણ કારણ નથી. કંઈ પણ ઉપકાર કરતો નથી માટે જીવ અકારણ છે.

'તત્ત્વાર્થસૂત્ર'માં જીવને પુદ્‌ગલ ઉપકાર કરે છે એમ આવે છે. શરીર, વાણી આદિનું નિમિત્ત છે તેથી ઉપકાર કરે છે એમ કહેલ છે. આત્માને દુઃખમાં પણ પુદ્‌ગલનો ઉપકાર છે એમ કહેલ છે. જીવ પોતે દુઃખની અવસ્થા કરે છે ત્યારે નિમિત્તમાં આરોપ આપીને નિમિત્ત ઉપકાર કરે છે એમ કહેલ છે. ઉપકાર એટલે નિમિત્તકારણ છે. આત્માને સંસારમાં રખડવાનું નિમિત્તકારણ કર્મ અને નોકર્મ છે. આત્મા બોલવાનો ભાવ કરે છે ત્યારે વાણી તો એના કારણે નીકળે છે. એ જીવને ઉપકાર કરે છે એમ કહેવાય છે. જ્યાં પરદ્રવ્યથી કાર્ય કહે ત્યાં તે વ્યવહારનયથી કહ્યું છે એમ સમજવું. 'શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક' પૃષ્ઠ-૨૫૫માં કહ્યું છે કે – વ્યવહારનય સ્વદ્રવ્ય – પરદ્રવ્યને અથવા તેના ભાવોને અથવા કારણ-કાર્યાદિકને કોઈના કોઈમાં મેળવી નિરૂપણ કરે છે માટે એવા જ શ્રદ્ધાનથી મિથ્યાત્વ છે.

જીવ પોતે ગમન કરે છે ત્યારે ધર્માસ્તિકાયને ગતિમાં નિમિત્ત કારણ કહેલ છે. એમ સ્થિતિમાં અધર્માસ્તિકાય, અવગાહનમાં આકાશ અને પરિણમનમાં કાળનું નિમિત્ત છે. પુદ્‌ગલની વાત ઉપર આવી ગઈ છે. આ રીતે પુદ્‌ગલાદિને નિમિત્તરૂપે કારણ કહીને જીવ સિવાય બીજા પાંચ દ્રવ્યોની અસ્તિ છે એમ જણાવ્યું છે.

હવે જીવ જીવને ઉપકાર કરે છે તે પણ વ્યવહારનું કથન છે. શિષ્ય પોતાના ક્ષયોપશમના કારણે સમજે છે. ત્યારે ગુરુ નિમિત્તરૂપે ઉપકાર કરે છે એમ કહેવાય છે. ગુરુના આત્મામાં

પોતાની લાયકાત પ્રમાણે પરિણામ હોય છે. તેમાં શિષ્યની હાજરી હોય છે તેથી તે નિમિત્તરૂપે ઉપકાર કરે છે એમ કહેવાય છે. આત્માને આત્મા નિમિત્ત થાય છે એમ કહ્યું છે પણ આત્મા પુદ્‌ગલાદિ પાંચ દ્રવ્યોને નિમિત્તકારણ પણ નથી એ વાત અહીં કહેલી છે.

કેવળજ્ઞાનમાં જ્ઞેય તરીકે પાંચ દ્રવ્યો નિમિત્ત છે એ વાત પણ અહીં લીધી નથી. પુદ્‌ગલને નિમિત્તરૂપે પણ જીવ કારણ નથી. શરીર, વાણી, કર્મ આદિને નિમિત્તરૂપે આત્મા કારણ નથી. જીવ અને પુદ્‌ગલ અરસપરસ નિમિત્તરૂપે કારણ હોવા છતાં અહીં તો એમ કહેવું છે કે જીવ તેને કારણ નથી. ઘટ-પટાદિમાં જીવ કારણ નથી. આત્મા તેનો જાણનાર છે. રોટલી બનવામાં સ્ત્રીની ઇચ્છા અને યોગ નિમિત્તરૂપે પણ કારણ નથી એમ અહીં કહ્યું છે. જીવના કારણ વિના બધાં પુદ્‌ગલો પરિણમી રહ્યાં છે. એ વાતને તો પહેલાં નક્કી કર એમ પરથી ભેદજ્ઞાન કરાવે છે અને ભેદજ્ઞાન થતાં સમ્યગ્દર્શન થાય છે. પુદ્‌ગલના કાર્યમાં ઉપાદાનકારણ તો પુદ્‌ગલ પોતે છે. એટલે ઉપાદાનકારણ જીવ નથી પણ એમાં નિમિત્તકારણ પણ જીવ નથી. તેથી જીવ અકારણ છે – એમ અહીં વિશેષતા બતાવી છે.

## આસો સુદ ૧૦, રવિવાર, ૨૮-૯-૫૨

**કારણ :–** છ દ્રવ્યો પોતપોતાના કારણે પરિણમે છે એવું વ્યવહાર જ્ઞાન પણ જેને નથી તેને તો દ્રવ્યસ્વભાવની ખબર જ નથી. દરેક દ્રવ્યની વર્તમાન પર્યાય સ્વતંત્ર છે એમ યથાર્થ શ્રદ્ધા-જ્ઞાન જેને નથી તેને દ્રવ્યની સ્વતંત્રતાની વાત બેસતી નથી. જીવમાં નૈમિત્તિક દશા પોતાના કારણે થાય ત્યારે પુદ્‌ગલાદિ પાંચ દ્રવ્યને નિમિત્ત કહેવાય છે. તેથી પાંચ દ્રવ્યોને કારણ કહે છે.

હવે જીવદ્રવ્ય શેમાં કારણ છે ને શેમાં અકારણ છે. તે વાત બતાવે છે. ગુરુ-શિષ્ય રૂપથી પરસ્પર એક બીજાનો ઉપકાર કરે છે. અહીં એક જીવ બીજા જીવને નિમિત્ત કહ્યો છે. ગુરુના શબ્દનો શિષ્ય પ્રત્યે ઉપકાર એટલે પુદ્‌ગલ જીવમાં કારણ પડે છે. તે વાત તો આવી ગઈ છે. અહીં તો જીવ જીવને નિમિત્ત કહ્યો કેમકે ગુરુનો આત્મા શું કહેવા માગે છે તે શિષ્ય જાણે છે. માટે તે ગુરુનો ઉપકાર છે ને એવે વખતે ગુરુ શિષ્યનો વિનય જાણે છે. એમાં શિષ્યનો ગુરુ ઉપર ઉપકાર છે. અહીં ગુરુના ઉપદેશને તથા શિષ્યના હાથ વડે ગુરુની સેવા વગેરે થાય ને પુદ્‌ગલની વાત લીધી નથી. માત્ર જીવે જીવની વાત લીધી છે. તથાપિ પુદ્‌ગલ આદિ પાંચ દ્રવ્યો પ્રતિ જીવ કંઈપણ ઉપકાર કરતો નથી તેથી અકારણ છે.

નિગોદનો જીવ પોતાના કારણે પરિણમે છે. તેમાં કર્મ નિમિત્ત છે. જીવગતિ કરે તેમાં ધર્મ નિમિત્ત, સ્થિતિ કરે તેમાં અધર્મ નિમિત્ત છે, અવગાહન લ્યે તેમાં આકાશ નિમિત્ત ને પરિણમે તેમાં કાળ નિમિત્ત છે. એમ પાંચ દ્રવ્યો જીવને નિમિત્ત છે પણ પાંચે દ્રવ્યોના પરિણમનમાં જીવ નિમિત્ત નથી માટે અકારણ છે.

ઘડો થાય તેમાં કુંભાર નિશ્ચયકારણ તો નથી જ પણ વ્યવહારકારણ પણ નથી એમ અહીં કહેવું છે. ભાષાની પર્યાય સ્વતંત્ર થાય છે. તેમાં જીવ વ્યવહારે પણ કારણ નથી. કર્મની પર્યાય થાય તેમાં આત્મા અકારણ છે.

જુઓ, અહીં બહુ સરસ વાત લીધી છે. આત્મા વિકાર કરે તો કર્મ વગેરેને કારણ કહેવાય પણ આત્મા જડની પર્યાયમાં નિશ્ચયકારણ તો નથી પરંતુ વ્યવહારે પણ કારણ નથી.

ભાષામાં જીવ કારણ નથી શરીરનું ક્ષેત્રાંતર થાય તેમાં આત્મા કારણ નથી. આ વસ્ત્ર ઊંચું થાય છે તે પોતાના કારણે થાય છે. તેમાં જીવ નિમિત્તકારણ નથી. કેમકે જીવ પુદ્‌ગલને અકારણપણે છે. અજ્ઞાની માને છે કે પુદ્‌ગલમાં કંઈ તાકાત નથી તો તે વાત જૂઠી છે. પુદ્‌ગલ પણ દ્રવ્ય છે. તેનામાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ થઈ રહ્યાં છે તથા પોતાના કારણે તે ક્ષેત્રાંતરરૂપ થયા કરે છે.

પ્રશ્ન :– આ કાપડ હાથથી ઉપાડેલું દેખાય છે ને ?

સમાધાન :– ના, કાપડ એના કારણે ઊપડે છે. અહીં પુદ્‌ગલ નિમિત્ત છે તે પણ વાત લીધી નથી. દરેક પુદ્‌ગલનું રૂપાંતર થવું, ક્ષેત્રાંતર થવું, કર્મરૂપે થવું કે અન્ય કોઈ પર્યાયરૂપે થવું તે પોતાના કારણે છે. જીવ તેમાં વ્યવહારકારણ પણ નથી.

એક દ્રવ્યની પર્યાય બીજા દ્રવ્યની પર્યાયનો કર્તા તો નથી પણ અહીં જીવના વ્યવહારની પણ ના પાડે છે. જીવ બીજાની અવસ્થામાં કારણ નથી. અજ્ઞાની સંયોગદૃષ્ટિથી જુએ છે. તેથી અહીં કહે છે કે એકવાર નિર્ણય કરે કે પુદ્‌ગલાદિની અવસ્થા સ્વતંત્ર થાય છે તેમાં જીવ કારણ નથી. નિરપેક્ષ ક્રિયા સમજ્યા વિના સાપેક્ષપણું લાગુ પડતું નથી. આ પ્રમાણે જીવને અકારણ કહ્યો.

'**कर्ता**' હવે કર્તાની વાત કહે છે. શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી જીવ બંધ મોક્ષના કારણભૂત, દ્રવ્યભાવરૂપ પુણ્ય-પાપનો તથા ઘટપટ આદિનો કર્તા નથી. સમ્યગ્દર્શન પોતે વીતરાગી નિર્મળ પર્યાય છે પણ તેનો ધ્યેય પરમ સ્વભાવભાવ છે. શુદ્ધ દ્રવ્યને જોનારા જ્ઞાનનાં પડખાથી વાત કરે છે. શુદ્ધ દ્રવ્યાર્થિકનય, શુદ્ધ પરિણામિક સ્વભાવભાવ કે જે અનાદિ, અનંત એકરૂપ છે. તેને ગ્રહણ કરે છે એટલે કે જાણે છે. પુણ્ય-પાપની પર્યાયને અથવા મોક્ષમાર્ગની એક સમયની પર્યાયને ગૌણ કરીએ તો નિત્યાનંદ ધ્રુવ જ્ઞાયક આત્મા શુદ્ધ નિશ્ચયનયનો વિષય છે. તે દૃષ્ટિથી જોવામાં આવે તો મોક્ષના કારણભૂત સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી પર્યાયનો કર્તા નથી. તથા બંધના કારણભૂત પુણ્ય-પાપના ભાવનો કર્તા નથી. કર્તા કહેતાં પરિણમનારો. પરિણમનારો ને

પરિણામ એવા બે ભેદ શુદ્ધ દ્રવ્યાર્થિકનયના વિષયમાં નથી. સંસારના કારણરૂપ પુણ્ય-પાપનું પરિણમન ને મોક્ષના કારણભૂત સમ્યગ્દર્શનાદિ વીતરાગી પર્યાયનું પરિણમન એ બન્ને શુદ્ધ દ્રવ્યમાં નથી. દૃષ્ટિ તે પરિણમનને સ્વીકારતી નથી.

શુદ્ધ દ્રવ્યાર્થિકનયનો વિષય ધ્રુવ પદાર્થ છે. પરિણમન અથવા ઉત્પાદ-વ્યય વ્યવહારનયનો અથવા અશુદ્ધ નિશ્ચયનયનો વિષય છે. દરેક પદાર્થમાં ત્રણ અંશો એક સાથે છે. નવી પર્યાયનો ઉત્પાદ થવો, જુની પર્યાયનો નાશ થવો ને ધ્રુવ – સદૃશપણે કાયમ રહેવું – એમ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્તમ સત્ છે. તેમાંથી ઉત્પાદ-વ્યય તે પરિણમનરૂપ છે – બદલે છે. ક્ષણિક છે, એકરૂપ રહેતા નથી. તેથી તે વ્યવહારનય અથવા અશુદ્ધ નિશ્ચયનયનો વિષય છે. ધ્રુવ તો સદૃશ એવું ને એવું રહે છે. તેથી તે શુદ્ધ દ્રવ્યાર્થિકનયનો વિષય છે. આમ છ દ્રવ્યો ઉત્પાદવ્યય-ધ્રુવ સહિત છે.

શુદ્ધ દ્રવ્યાર્થિકનય પોતે શ્રુતજ્ઞાનની પર્યાય છે ને તે પર્યાય ઉત્પાદવ્યયવાળી છે. છતાં તેનો વિષય ધ્રુવ શુદ્ધ સ્વભાવ છે. આમ શુદ્ધ સ્વભાવનું જેને જ્ઞાન વર્તે છે. તે જીવ ઉત્પાદવ્યયને અશુદ્ધ નિશ્ચયનયથી જાણી લ્યે છે, તેનું જ્ઞાન યથાર્થ છે. હું એકરૂપ શુદ્ધ સ્વભાવી છું એવા ભાન વિનાના જીવોને નિશ્ચયનું જ્ઞાન તો સાચું નથી જ પણ વ્યવહારનું – પર્યાયનું જ્ઞાન પણ સાચું નથી.

કોઈ કહે છે કે ‘સર્વ જીવ છે સિદ્ધસમ’ એમ કહ્યું છે ને ?

સમાધાન :– સર્વ જીવ સિદ્ધસમાન છે. એ વાત સાચી છે. અજ્ઞાની પણ સિદ્ધ સમાન છે છતાં તેને તેનું ભાન નથી. શ્રુતજ્ઞાની જાણે છે કે અજ્ઞાની તેમજ જ્ઞાની બધા સિદ્ધ સમાન છે. શ્રુતજ્ઞાનીને નય હોય છે. આવી દૃષ્ટિ થયા વિના રાગનું, પર્યાયનું કે નિમિત્તનું યથાર્થ જ્ઞાન હોઈ શકે નહિ. માટે શુદ્ધ દ્રવ્યાર્થિકનયની વાત પહેલી મૂકી છે. એ જ્ઞાન જેને હોય તેને પછી પર્યાયનું જ્ઞાન અશુદ્ધનયથી કરાવશે.

શુદ્ધ દ્રવ્ય કેવું છે. તેનું જ્ઞાન કરાવે છે. શુદ્ધ આત્મદ્રવ્ય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાયનો કરનાર નથી. તેમજ પુણ્ય-પાપના ભાવનો કરનાર નથી. તથા ઘટ,પટ આદિ જડ પદાર્થનો કર્તા નથી. એક રજકણને આત્મા હલાવતો નથી. વર્તમાન પર્યાયમાં રાગ થાય છે તે વસ્તુમાં નથી. તેમજ સમ્યગ્દર્શનની પર્યાય પણ વસ્તુસ્વભાવમાં નથી. એવા ધ્રુવ પદાર્થનું જેને જ્ઞાન થાય છે તે જીવને રાગાદિનું યથાર્થ જ્ઞાન હોય છે તે બતાવે છે.

અશુદ્ધ નિશ્ચયનયથી શુભ તથા અશુભ ઉપયોગથી પરિણત થયેલા પુણ્ય-પાપનાા પરિણામનો જીવ કર્તા છે તથા તેના હરખ-શોકના પરિણામનો ભોક્તા છે. દયાદાનાદિના પરિણામ તથા હરખ-શોક, રતિ-અરતિના પરિણામ જીવની પર્યાયમાં થાય છે. અશુદ્ધનયે જીવમાં થાય છે તે જાણવા જોગ છે પણ તે પરિણામ શુદ્ધદ્રવ્યમાં નથી એમ શુદ્ધનયથી જાણવું.

આવી રીતે સાચી સમજણ ને જ્ઞાનની ક્રિયા કરવી તેનો મહિમા અજ્ઞાનીને આવતો નથી.

તે સમજ્યા વિના પડિમા ને મુનિપણું લઈ લ્યે તો બધું વ્યર્થ છે. પુણ્ય-પાપરૂપી લાગણીનાં લૂગડાં દ્રવ્યમાં નથી એવી શુદ્ધની દૃષ્ટિ કર્યા વિના પુણ્ય-પાપનો વ્યવહારે પણ જાણનાર કહેવાય નહિ.

પુણ્ય-પાપનાં પરિણામ જીવમાં કર્મને લીધે થાય છે એમ માનનારને વ્યવહારનયની પણ ખબર નથી. દયાદાનાદિના પરિણામ વિકારી છે માટે અશુદ્ધ ને પોતાનું પરિણમન છે. માટે નિશ્ચય અને અશુદ્ધ નિશ્ચયનયથી પુણ્ય-પાપના પરિણામનો કર્તા આત્મા છે.

કર્મનો ઉદય એવો આવ્યો કે અમારે વિકાર કરવો પડે છે એમ અજ્ઞાની કહે છે, તેને પર્યાયની ખબર નથી તો પછી દ્રવ્યની ખબર પડે જ નહિ. પોતાના શુભાશુભ ભાવનો કર્તા જીવ પોતે છે કર્મ રાગ-દ્વેષ કરાવતું નથી.

હરખ-શોકનો ભોક્તા જીવ છે. જડનો ભોક્તા નથી. અજ્ઞાની જીવ કહે છે કે 'દેહના દંડ દેહ ભોગવે', ને 'કરેલાં કર્મ ભોગવ્યા વિના છૂટકો નથી.' એ માન્યતા અજ્ઞાન છે. કર્મ, શરીર જડ છે. તેને આત્મા શું ભોગવે છે ? પોતે હરખ-શોકને ભોગવે છે, પણ કર્મને કે બાહ્ય પદાર્થને ભોગવતો નથી.

અહીં અશુદ્ધનયથી રાગ-દ્વેષનો કર્તા છે પણ શુદ્ધનયથી રાગ-દ્વેષનો કર્તા નથી. દ્રવ્ય તો શુદ્ધ છે એમ દ્રવ્ય અને પર્યાયનું પ્રમાણજ્ઞાન કરાવ્યું છે.

હવે અવિકારી દશાની વાત કરે છે. આત્મા વિશુદ્ધ જ્ઞાન-દર્શન સ્વભાવનો ધારક છે, એવી સાચી શ્રદ્ધા, એવું સાચું જ્ઞાન અને નિજ દ્રવ્યનું રાગરહિત આચરણ એમ ત્રણેરૂપ શુદ્ધોપયોગથી પરિણત જીવ મોક્ષનો કર્તા છે તથા મોક્ષના ફળનો ભોક્તા છે. પૂર્ણ શુદ્ધતાનો કર્તા છે. તો પછી અધૂરી શુદ્ધના એટલે કે મોક્ષમાર્ગનો કર્તા જીવ છે. તે વાત આવી જાય છે. પણ મોક્ષમાર્ગ અથવા મોક્ષપર્યાય ત્રિકાળી એક સ્વરૂપ સ્વભાવમાંથી ભેદરૂપ છે માટે તેનો અશુદ્ધ નિશ્ચયનયથી કર્તા કહ્યો.

મોક્ષનું ફળ પરમ આનંદનો આત્મા ભોક્તા છે. તે અશુદ્ધ નિશ્ચયનયથી છે. તે સાધકને માટે છે. કેવળી કે સિદ્ધને નય નથી તેમજ તેઓ અશુદ્ધનિશ્ચયનથી મોક્ષના ફળને ભોગવે છે એમ કહેવું નથી. તેને તો નય નથી જ પણ અહીં સાધકજીવની વાત છે. સાધકજીવ મોક્ષનો વિચાર કરે છે કે હું સાધકદશા ટાળી, મોક્ષદશા પ્રગટ કરીશ એમ મોક્ષનો વિચાર કરતાં ભેદ પડે છે. માટે અશુદ્ધનયથી મોક્ષના ફળનો ભોક્તા કહ્યો છે. પર્યાયને તથા ભેદને ગૌણ કરાવવા મોક્ષનો ભોક્તા અશુદ્ધ નિશ્ચયનયથી કહ્યો છે. કારણ કે દ્રવ્યની દૃષ્ટિ કરાવવી છે. સ્વભાવ તરફ ઢળવા માટે ને ભેદ ઉપરનું લક્ષ ઉઠાવવા માટે મોક્ષનો ભોક્તા અશુદ્ધ નિશ્ચયનયથી કહી દીધો. પણ તેથી કરીને સિદ્ધ ભગવાન અશુદ્ધનયથી મોક્ષને ભોગવે છે. એવો અર્થ નથી. સિદ્ધને કે કેવળીને નય નથી. અહીં સાધકની વાત છે. અપેક્ષા સમજવી જોઈએ.

## પ્રસાદ નં. – ૩૪૧

### વી. નિ સં. ૨૪૭૮, આસો વદ ૨, વર્ષ ૨જું. પુસ્તક બારમું, સોનગઢ, તા. ૫-૧૦-૫૨, રવિવાર.
### શ્રી દ્રવ્યસંગ્રહ ચૂલિકા
### (આસો સુદ ૧૧, સોમવાર, ૨૯-૯-૫૨ બપોર)

'**कर्ता**' – આત્મા પોતાના શુભ-અશુભ પરિણામને કરે અથવા શુદ્ધભાવને કરે, તે સિવાય બીજાનો કર્તા નથી. વિશુદ્ધ જ્ઞાન-દર્શન સ્વભાવનો ધારક પોતાનો આત્મા છે તેની સમ્યક્ શ્રદ્ધા, જ્ઞાન ને આચરણરૂપ શુદ્ધ ઉપયોગથી પરિણત થયેલો આત્મા મોક્ષનો કર્તા છે તથા મોક્ષનો ભોક્તા છે તે પણ અશુદ્ધ નિશ્ચયનયથી છે એમ સાધક જીવ વિચારે છે. કેમકે જીવદ્રવ્ય અને મોક્ષની પર્યાય એવો ભેદ પડે છે માટે અશુદ્ધ કહેલ છે. સિદ્ધને અશુદ્ધનય નથી પણ સાધકજીવને આવો વિચાર આ નય દ્વારા આવે છે.

અહીં બધી જગ્યાએ શુભ, અશુભ તથા શુદ્ધ પરિણામોનો કર્તા જીવને જાણવો. પોતે તે પરિણામ કરે છે, પરને લીધે તે પરિણામ નથી એમ સ્વતંત્ર કર્તાપણું બતાવે છે.

તથા પુદ્ગલ આદિ પાંચ દ્રવ્ય પોતે પોતાના પરિણામથી જે પરિણમન કરી રહ્યાં છે તેના કર્તા છે. કર્મનું પરિણમન કર્મને લીધે છે, આત્માના રાગને લીધે કર્મ થતા નથી. તેમ જ ઇચ્છાને લીધે ભાષા થતી નથી. શરીર કે ભાષાની પર્યાય પરમાણુથી થાય છે, તે આત્માથી થતી નથી. મકાનની અવસ્થા પરમાણુથી થાય છે, કડિયાથી થતી નથી. પૈસાની અવસ્થા તેના પરમાણુને લીધે છે, આત્માને લીધે નથી. અજ્ઞાની જીવ અભિમાન કરે છે. જે એમ માને છે કે જડની પર્યાયનો કર્તા આત્મા છે, તે જગતકર્તા ઈશ્વરની માન્યતાવાળાની જેમ મિથ્યાદૃષ્ટિ છે.

અહીં એક સિદ્ધાંત કહી દીધો કે દ્રવ્યનું જે જે પરિણમન થાય છે તેનો કર્તા તે તે દ્રવ્ય છે, બીજો કોઈ કર્તા નથી. આમ વિચારે તો પરનો અહંકાર ટળી જાય છે.

જડ ને ચૈતન્ય પદાર્થ પોતપોતાને કારણે પરિણમે છે, નિમિત્ત આવ્યું તો આવી અવસ્થા

થઈ એ વાત તો છે જ નહિ. આ 'દ્રવ્યસંગ્રહ' શાસ્ત્ર છે. તેમાં છ દ્રવ્યોનું પરિણમન સ્વતંત્ર બતાવે છે. પુદ્ગલ દ્રવે છે – પરિણમે છે. શરીર, મકાન વગેરેની જે જે અવસ્થા થાય છે તે પુદ્ગલથી થાય છે. માટી ઘડાનો કર્તા છે, કુંભાર ઘડાનો કર્તા નથી; રોટલીનો કર્તા પરમાણુ છે, બાઈ કર્તા નથી. અજ્ઞાની જીવને પરના કર્તૃત્વનું અભિમાન થાય છે. જડમાં પણ પરિણમનની શક્તિ છે તે વાત તેને બેસતી નથી.

ખરેખર તો જીવના પુણ્ય-પાપરૂપી પરિણામનો કર્તા કર્મ નથી, રાગ પોતાના કારણે થાય છે. પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ ને કાળ એ પાંચે દ્રવ્ય જીવના પરિણામના અકર્તા છે. પુણ્ય-પાપ, આસ્રવ, બંધ વગેરે વિકારી પરિણામનો કર્તા કર્મ નથી. કર્મને લીધે ઉપસર્ગ આવે, કર્મને લીધે અમુક ગતિમાં જવું પડે વગેરે વાત ખોટી છે. 'બુદ્ધિ કર્માનુસારી' એ જે બોલાય છે તે નિમિત્તથી કથન છે. કર્મ પરાણે – બળજોરીથી વિકાર કરાવતું નથી.

કાળલબ્ધિ આવે તો મુક્તિ થાય અથવા કર્મ મંદ પડે તો નિગોદમાંથી જીવ બહાર નીકળે – તે વાત ખોટી છે. કાળ અથવા કર્મ પુણ્ય-પાપ કરાવતાં નથી, જીવ પોતે પોતાના પરિણામનો કર્તા છે.

'સમયસાર' માં પણ જીવને પુણ્ય-પાપના પરિણામનો કર્તા કહ્યો નથી પણ ત્યાં બીજી અપેક્ષા છે. વર્તમાન પરિણામ સ્વતંત્ર સ્વીકાર્યા પછી ત્રિકાળી સ્વભાવમાં અશુદ્ધતા નથી એમ બતાવીને સ્વભાવની અધિકતા ગણીને પુણ્ય-પાપનો કર્તા ધર્મી જીવ નથી એમ ત્યાં દ્રવ્યદૃષ્ટિ કરાવવા કથન કર્યું છે. પણ જે જીવ કર્મને લીધે પોતાના પરિણામ માને તેને દ્રવ્યદૃષ્ટિ થઈ શકે નહિ.

ધર્મી જીવે પૂર્ણ આત્માને શ્રદ્ધામાં લીધો છે છતાં ચારિત્ર કેમ લેતા નથી ? અજ્ઞાની કહે છે કે ચારિત્રમોહનીય કર્મને લીધે ચારિત્ર લઈ શકતા નથી – પણ તે વાત ખોટી છે. બળદેવ વાસુદેવનું મડદું છ માસ લઈને ફર્યા તે કર્મના કારણે નથી અને ચારિત્રમોહનીય કર્મ નબળું પડ્યું માટે બળદેવને વૈરાગ્ય થયો તે વાત પણ ખોટી છે. દરેક પરિણામ પોતાના કારણે છે. પુદ્ગલ કર્મ જીવના પરિણામનો અકર્તા છે.

**સર્વગત :–** આકાશ લોક તથા અલોકમાં વ્યાપેલું છે માટે તેને સર્વગત કહે છે, તથા લોકમાં ધર્મ તથા અધર્મદ્રવ્ય વ્યાપેલાં છે માટે તેને સર્વગત કહે છે તથા જીવદ્રવ્યમાં બધા જીવો સમુદ્ઘાત કરતા નથી તેથી અસર્વગત છે પણ આકાશમાં બધે જીવો રહેલા છે એ અપેક્ષાએ તે સર્વગત છે. તથા પુદ્ગલદ્રવ્ય લોકાકાશ તુલ્ય મહાસ્કંધની અપેક્ષાએ સર્વગત છે તથા બાકીનાં પુદ્ગલોની અપેક્ષાએ અસર્વગત છે. વળી એક કાળાણુની અપેક્ષાએ કાળદ્રવ્ય સર્વગત નથી ને લોકાકાશ પ્રમાણે અસંખ્ય કાળાણુની અપેક્ષાએ કાળદ્રવ્ય લોકમાં સર્વગત છે.

વળી વ્યવહારનયની અપેક્ષાએ બધાં દ્રવ્યો પરસ્પર એક ક્ષેત્રે રહે છે. આત્મા અને કર્મ એક ક્ષેત્રે છે છતાં કર્મ આત્મામાં પ્રવેશ કરતાં નથી. જો એક દ્રવ્ય બીજામાં પ્રવેશ કરે તો

અનંતા દ્રવ્યો રહે નહિ, કર્મ કર્મમાં છે, આત્મામાં નથી; આત્મા આત્મામાં છે, કર્મમાં નથી. દરેક પદાર્થ પોતપોતામાં પરિણમી રહ્યો છે. એક આકાશક્ષેત્રે રહેલા હોવાથી જીવ અને કર્મ સાથે છે એમ બોલાય છે. પણ અજ્ઞાની જીવ વ્યવહાર કથનનો અર્થ નહિ સમજતો હોવાથી ભૂલ કરે છે. જીવનો ચેતનાગુણ કર્મમાં પ્રવેશ કરતો નથી, કર્મનું રૂપીપણું આત્મામાં પ્રવેશતું નથી, ધર્મનો ગતિહેતુત્વગુણ જીવમાં પ્રવેશ કરતો નથી, જીવ પોતાનું જીવપણું છોડે નહિ, પુદ્ગલ પોતાનું રૂપીપણું છોડે નહિ. વ્યવહારનય બીજી ચીજનું જ્ઞાન કરાવે છે પણ ચીજો એક બીજામાં પ્રવેશ કરતી નથી. વ્યવહાર જ્ઞાન કરવા માટે છે પણ આદરણીય નથી. દરેક વસ્તુ સ્વતંત્ર છે.

અહીં કોઈ પ્રશ્ન કરે કે મંત્રથી સાપનું ઝેર ઉતરી જાય છે ને ?

સમાધાન :– એક પરમાણુ બીજા પરમાણુને અડતો નથી. મંત્ર બોલાય છે તે ભાષા વર્ગણામાંથી શબ્દનું પરિણમન થાય છે તે અનંતા પરમાણુનો સ્કંધ છે ને શરીરના પરમાણુનો સ્કંધ છે તે તેનાથી જુદો છે. ભાષાના પરમાણુ શરીરના પરમાણુને તો અડતા નથી પરંતુ સ્કંધમાં પણ એક પરમાણુ બીજા પરમાણુને અડતોનથી. એક પરમાણુની પર્યાયનો બીજા પરમાણુની પર્યાયમાં અન્યોન્ય અભાવ છે. અભાવવાળી વસ્તુ બીજામાં પ્રવેશ કરે તેમ બનતું નથી. એક પરમાણુ બે ગુણ ચીકાશવાળો છે તે ચાર ગુણ ચીકાશવાળા બીજા પરમાણુ સાથે ભળી જઈને ચાર ગુણ ચીકાશવાળો થાય છે તે પણ પોતાની તેવી યોગ્યતાને કારણે થયો છે, બીજા સાથે ભળ્યો માટે નહિ. આવી રીતે છયે દ્રવ્યો પરસ્પર પ્રવેશરહિત છે.

હવે તે કથનનું તાત્પર્ય કહે છે. છયે દ્રવ્યોમાં પુણ્ય-પાપ રહિત શુદ્ધ આત્મા ઉપાદેય છે – એમ બતાવે છે.

દરેક આત્મા પર પદાર્થથી રહિત છે. વળી કેવો છે આત્મા ? તેનો સ્વભાવ રાગરહિત છે. જ્ઞાન ને આનંદ તેનું સ્વરૂપ છે, એકરૂપ શુદ્ધ છે, તથા દયાદાનાદિ શુભભાવ, હિંસા આદિ અશુભભાવ તથા મન-વચન-કાયાના નિમિત્તે થતા કંપનથી રહિત આત્મા શુદ્ધ છે તે જ ઉપાદેય છે.

અહીં પર્યાયદૃષ્ટિ ઉડાડી છે ને દ્રવ્યદૃષ્ટિ કરાવી છે. પ્રથમ જ્ઞાન કરાવ્યું હતું કે આત્માના રાગને લીધે કર્મ નથી ને કર્મને લીધે રાગ નથી, દરેકના પરિણામ સ્વતંત્ર છે. હવે કહે છે કે શુભાશુભ ભાવો તથા યોગનું કંપન ક્ષણિક છે, તે અશુદ્ધ ભાવ છે, તારું ત્રિકાળ સ્વરૂપ નથી, માટે પર્યાયની રુચિ છોડ ને ત્રિકાળી સ્વભાવની રુચિ કર એમ કહે છે.

જે જીવ પરથી પોતામાં કાર્ય માને તથા કર્મને લીધે પોતાના પરિણામ માને તે તો નિમિત્તથી પણ જુદો પડ્યો નથી, તો પછી તે પર્યાયથી જુદો પડી દ્રવ્યદૃષ્ટિ શી રીતે કરી શકે ? ન જ કરી શકે, એટલે અહીં નિમિત્તથી પાછો ખસેડી ને પુણ્ય-પાપ અને કંપનરૂપ પર્યાયની રુચિ છોડાવીને દ્રવ્યબુદ્ધિ કરાવવા કહ્યું છે કે શુદ્ધ આત્મા ઉપાદેય છે.

પર પદાર્થો તથા નિમિત્તો આદરણીય નથી, શરીર, કર્મ આદરણીય નથી, પૈસા સુખરૂપ નથી, પરમાં સુખ છે એવી કલ્પના પણ શુદ્ધ આત્મામાં નથી, પુણ્ય-પાપના ભાવથી રહિત શુદ્ધ આત્મા એક જ આદરણીય છે.

પણ જે જીવ પરમાં અટકેલો છે તે દ્રવ્યદૃષ્ટિ કરી શકશે નહિ માટે ભાવકર્મનો કર્તા તું છો એમ પ્રથમ નક્કી કર. 'કાળ આવો આવ્યો માટે ધર્મ ન થાય, વરસાદ ન આવે ને અનાજની ખેંચ પડે એમાં અમે ધર્મ કેવી રીતે કરીએ ?' એમ કહેનારની દૃષ્ટિ પર ઉપર છે તું તારામાં છો, પર પદાર્થો પરમાં છે. તારા પરિણામ પરને લીધે નથી ને પરની પર્યાય તારે લીધે નથી માટે પર ઉપરની દૃષ્ટિ છોડી, પુણ્ય-પાપ તારી પર્યાયમાં તારાથી થાય છે એમ પ્રથમ જ્ઞાન કરી, તે પણ તારું કાયમી સ્વરૂપ નથી એમ શ્રદ્ધા કર. આત્મા તો ત્રિકાળ શુદ્ધ છે એમ શુદ્ધ દ્રવ્યની રુચિ કરાવે છે.

અજ્ઞાની કહે છે કે કર્મને લીધે રાગ કરવો પડે તો તે વાત ખોટી છે. જીવ રાગ કરે તો કર્મને નિમિત્ત કહેવાય ને તેણે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ માન્યો કહેવાય. પણ એક બીજાને લીધે કાર્ય માનવામાં આવે તો કર્તા કર્મ સંબંધ માનતાં બન્ને દ્રવ્ય પરાધીન થઈ ગયાં – પણ એમ નથી. પર્યાયમાં થતો વિકાર પણ સ્વતંત્ર માન્યા પછી કહે છે કે વિકાર અશુદ્ધ છે, ક્ષણિક છે, તેની રુચિ છોડ ને ત્રિકાળી આત્મા શુદ્ધ છે તેની રુચિ કર. ધર્મ નિમિત્તમાંથી, કર્મમાંથી કે શરીરની ક્રિયામાંથી આવતો નથી તેમ જ પુણ્ય-પાપમાંથી આવતો નથી પણ ધર્મ ધર્મી એવા આત્મામાંથી આવે છે માટે શુદ્ધ આત્મા એક જ ઉપાદેય છે.

### આસો સુદ ૧૨, મંગળવાર, ૩૦-૯-૫૨

આ અધિકાર છ દ્રવ્યોનો છે. ભગવાન સર્વજ્ઞદેવે છ દ્રવ્યો ગુણ પર્યાય સહિત જોયાં છે. હવે તેમાં ક્યા દ્રવ્યો હેય છે તથા ક્યા ઉપાદેય છે તેનો વિચાર કરે છે. પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ ને કાળ એ પાંચ દ્રવ્યો આદરણીય નથી. શરીર કર્મ વગેરે જ્ઞાનનાં જ્ઞેય છે. પણ તે અંગીકાર કરવા જેવાં નથી. હવે જીવદ્રવ્યની વાત કરે છે. શુદ્ધ નિશ્ચયનયથી જોવામાં આવે તો બધા જીવો શક્તિરૂપે શુદ્ધ છે. જ્ઞાન ને આનંદના પિંડ છે, એક સમયની વિકારી પર્યાયને ગૌણ કરીએ તો બધા જીવો આનંદકંદ છે, જ્ઞાનરૂપ એક સ્વભાવના ધરનાર છે. સર્વ જીવો પરમાત્મા સમાન છે એમ નક્કી કરનારને પોતાની શક્તિની પ્રતીતિ થઈ કે પોતે પણ પરમાત્મા સમાન છે. આમ પોતાનો નિર્ણય કરનારને બધા જીવો શક્તિરૂપે પૂર્ણ છે એમ જાણવા

જેવા છે એમ પોતાના આત્માના શ્રદ્ધા-જ્ઞાન થતાં બધા આત્માઓ જ્ઞાન ને આનંદની શક્તિથી ભરેલા છે. એમ જ્ઞાન થઈ જાય છે માટે સર્વ જીવો ઉપાદેય છે એમ કહ્યું છે.

વ્યક્તિ રૂપથી અર્હંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ પાંચ પરમેષ્ઠી ઉપાદેય છે. અર્હંત ને સિદ્ધ પૂર્ણ છે અને આચાર્ય, ઉપાધ્યાય, સાધુ અલ્પજ્ઞ છે. તેમાંથી અર્હંત ને સિદ્ધ બે ઉપાદેય છે ને તેમાંથી નિશ્ચયની અપેક્ષાએ એક સિદ્ધ ઉપાદેય છે કે જે પરમાનંદનો અનુભવ કરી રહ્યાં છે.

વળી પરમ નિશ્ચયથી જોવામાં આવે તો ભોગોની અભિલાષાથી રહિત તથા સંપૂર્ણ વિકલ્પોથી રહિત પરમ ધ્યાનના સમયે સિદ્ધના સમાન જે નિજ શુદ્ધ આત્મા છે. તે જ ઉપાદેય છે. શરીર, મન, વાણી, આત્માથી જુદાં છે. તે જે વ્યવહાર રત્નત્રયના વિકલ્પ ઊઠે છે તે પણ હેય છે. તેનાથી રહિત આત્મા શુદ્ધ ચિદાનંદ પ્રભુ છે. ચિદાનંદ આત્મા છે તે જ્ઞાતા છે. પોતે જ જ્ઞેય છે ને વર્તમાન પર્યાય તે જ્ઞાનપર્યાય છે – એમ જ્ઞાનપર્યાયની સ્વ જ્ઞેયમાં એકતા થાય છે તે પરમ ધ્યાન છે. જેવી રીતે સિદ્ધને નિર્વિકલ્પ અનુભવ છે તેવો અંશે અનુભવ સાધકને ધ્યાન વખતે હોય છે ને એકલા ચિદાનંદ આત્માને પોતાના જ્ઞાનમાં જ્ઞેય બનાવે છે તે વખતનો નિજ શુદ્ધ આત્મા ઉપાદેય છે, ધ્યાન ચોથે, પાંચમે, સાતમે ને તેની ઉપરના ગુણસ્થાને હોય છે.

સાધક જીવને રાગ વખતે નિમિત્ત તરફ લક્ષ જાય છે પણ દૃષ્ટિ તો શુદ્ધ ચૈતન્યને જ સ્વીકારે છે છતાં નિર્વિકલ્પ ધ્યાન વખતે શ્રદ્ધા ઉપરાંત સ્થિરતા કરીને શુદ્ધ ચૈતન્યને અંગીકાર કર્યો એ એક જ ઉપાદેય છે. એમ અત્રે કહેવું છે. રાગની ભૂમિકા વખતે કુદેવાદિનો વિનય ટળ્યો છે ને સુદેવાદિનો વિનય કરે છે છતાં દૃષ્ટિ તો એક સ્વભાવને જ સ્વીકારે છે.

અન્ય સર્વ દ્રવ્ય હેય છે એમ તાત્પર્ય છે હવે શુદ્ધબુદ્ધ એક સ્વભાવનો શો અર્થ છે એમ પૂછે તો તેનો ઉત્તર :–

મિથ્યાત્વ રાગ-દ્વેષ આદિ સંપૂર્ણ વિભાવથી રહિત હોવાના કારણે આત્મા શુદ્ધ છે, કેવળજ્ઞાન, કેવળદર્શન આદિ ગુણોથી ભરેલો હોવાના કારણે આત્મા બુદ્ધ છે એવો આત્માનો શુદ્ધ બુદ્ધ એકરૂપ સ્વભાવ છે. આ પ્રકારે જ્યાં જ્યાં શુદ્ધ બુદ્ધ એક સ્વભાવ પદ આવે ત્યાં ત્યાં સર્વત્ર પૂર્વે કહેલ લક્ષણ સમજવું જોઈએ. 'શ્રીમદ્ રાજચંદ્રજી'એ 'બૃહદ્ દ્રવ્યસંગ્રહ' ઇડરમાં વાંચેલ હતું, તેમની 'આત્મસિદ્ધિ'માં પણ આ શબ્દો આવે છે.

'શુદ્ધ બુદ્ધ ચૈતન્ય ઘન સ્વયં જ્યોતિ સુખ ધામ'

ત્યાં પણ એજ અર્થ સમજવો.

આ પ્રમાણે છ દ્રવ્યોની ચૂલિકા પૂરી થઈ. હવે ચૂલિકા શબ્દનો અર્થ કરે છે. કોઈ પણ પદાર્થનું વિશેષ વ્યાખ્યાન કરવું અથવા કહેલા વિષયમાં જે વાત ન આવી હોય તે કહેવી તથા બન્ને મેળવીને કહેવું એ ચૂલિકા છે.

હવે તે ચૂલિકા પછી જીવ તથા પુદ્‌ગલદ્રવ્યની પર્યાયરૂપ જે આસ્રવ આદિ સાત પદાર્થ છે. તેનું અગિયાર ગાથા દ્વારા બીજા અધિકારમાં વ્યાખ્યાન કરે છે.

હવે અહીં શિષ્ય પ્રશ્ન કરે છે કે, ગુરુ ! જીવ તથા અજીવ બે દ્રવ્ય સર્વથા પરિણામી હોય તો સંયોગ પર્યાયરૂપ એક જ પદાર્થ સિદ્ધ થાય છે. બે પદાર્થો સર્વથા પરિણમ્યા જ કરે ને વસ્તુમાં ધ્રુવતા રહેતી ન હોય તો જીવ પલટીને પરમાણુ થશે ને પરમાણુ પલટીને જીવ થશે. પરમાણુ પલટીને ધર્મદ્રવ્ય થશે, કાળ પલટતાં પલટતાં જીવ થઈ જશે. તો છ દ્રવ્ય સિદ્ધ થશે નહિ.

અને જો સર્વથા અપરિણામી હોય તો જીવ અને અજીવ બે પદાર્થ સિદ્ધ થશે. પણ પુણ્ય-પાપ, આસ્રવ બંધ સંવર નિર્જરા ને મોક્ષ તે સાત પર્યાયો સિદ્ધ થશે નહિ.

સમાધાન :– પદાર્થો કથંચિત્ પરિણામી હોવાના કારણે સાત પદાર્થોનું કથન સંગત છે. 'कथंचित् परिणामित्व' તેનો શો અર્થ છે તે સાંભળો.

વસ્તુ પોતે જ પલટે છે કોઈના કારણે પલટતી નથી. પોતાનું ધ્રુવપણું રાખીને અવસ્થામાં પલટે છે. જેવી રીતે મણિઓના પ્રકારમાં જે સ્ફટિકમણિ છે તે સ્વભાવથી નિર્મળ છે. તોપણ જયાપુષ્પના નિમિત્તે તે લાલ પર્યાયરૂપ થાય છે. લાલ ફુલના કારણે મણિ લાલરૂપે પરિણમતો નથી. જો તેને લીધે હોય તો લાકડાની નજીક જયાપુષ્પ રાખવાથી લાકડું લાલરૂપે પરિણમવું જોઈએ. પણ તેમ બનતું નથી. જુદાં જુદાં રંગવાળા ફુલના નિમિત્તે સ્ફટિકમણિ અનેરારૂપે પરિણમે છે. જોકે સ્ફટિકમણિ જુદી જુદી ઝાંયરૂપે થાય છે. તોપણ તે નિશ્ચયથી પોતાના સ્વચ્છ સ્વભાવને છોડતો નથી. તેવી રીતે શુદ્ધ દ્રવ્યાદિક નયથી જીવ શુદ્ધ જ્ઞાનને આનંદ સ્વભાવનો ધારક છે. તોપણ અનાદિથી કર્મને વશ થઈ પરદ્રવ્યને આધીન થઈને રાગાદિરૂપ થાય છે. પરદ્રવ્યજનિતનો અર્થ એ છે કે કર્મ વિકાર કરાવતું નથી. પોતાના કારણે વિકાર થાય છે. પણ સ્વભાવના આશ્રયે વિકાર થતો નથી. પણ નિમિત્ત અથવા પરદ્રવ્યના વલણથી વિકાર થાય છે. માટે પરદ્રવ્યજનિત કહેલ છે.

અજ્ઞાની જીવો કહે છે કે કર્મના ઉદયના પ્રમાણમાં રાગ કરવો જ પડે. જો એમ હોય તો સંસારનો કદી અંત આવે નહિ. જે જીવ પરને લીધે પર્યાય માને તેને સ્વ આશ્રયની શ્રદ્ધા થાય નહિ. દોષ પરથી થાય એમ માનવામાં આવે તો તે કદી ટળે નહિ. પરના આશ્રયે જીવ પોતે દોષ કરે છે ને સ્વના આશ્રયે જીવ પોતે દોષને ટાળે છે.

આત્મા શુદ્ધ ચૈતન્ય રૂપ હોવા છતાં સંસારમાં વિકારરૂપે પોતે પરિણમે છે ને પરિણમતો હોવા છતાં સ્વરૂપે એકરૂપ ધ્રુવ રહે છે. અહીં 'પરદ્રવ્યજનિત' શબ્દ વાપર્યો છે. એનો અર્થ એમ નથી કે પરદ્રવ્ય વિકાર કરાવે છે. પણ પોતે વિકાર કરે છે તો થાય છે. તેમાં પરદ્રવ્ય નિમિત્ત છે. 'તત્ત્વાર્થસૂત્ર'માં પાંચ ભાવો કહ્યાં છે તેમાં દયાદાનાદિ ઔદયિકભાવને જીવનું સ્વતત્ત્વ કહ્યું છે તે પોતાના તત્ત્વનું પરિણમન છે. જડનું પરિણમન નથી. તેમજ જડને લીધે નથી. વિકારી

ભાવ શુદ્ધ સ્વભાવમાં નથી પણ પરલક્ષે થાય છે એ અપેક્ષાએ અહીં પરદ્રવ્ય જનિત કહેલ છે.

અનાદિ કાળથી પરદ્રવ્યના લક્ષે જીવ રાગાદિરૂપે પરિણમે છે. પહેલાં શુદ્ધ હતો ને પછી અશુદ્ધ થયો – એમ નથી. અનાદિથી સમયે સમયે પોતાના સ્વભાવને ચૂકીને વિકાર રૂપે પરિણમે છે. વસ્તુસ્વભાવ શુદ્ધ છે ને પર્યાય અશુદ્ધ છે, આમ અનાદિથી છે. નિમિત્ત કર્મ બીજી વસ્તુ છે. પણ એને લીધે વિકાર થાય છે એમ નથી પોતાના કારણે વિકાર કરતો હોવા છતાં પોતાનો શુદ્ધ સ્વભાવ છોડતો નથી.

**આત્મ-અનુભવ સિવાય બધાં મીંડા છે. લાખ કષાયની મંદતા કરે કે લાખ શાસ્ત્ર ભણે પણ અનુભવ વિના બધાં મીંડા છે અને કાંઈ ન આવડે છતાં અનુભવ થયો તો બધું આવડે છે, જવાબ દેતાં પણ ન આવડે પણ કેવળજ્ઞાન લેશે. ૧૯૪.**

**થોડું પણ સાચુ ગ્રહણ કરે તો તેટલામાં કેવળજ્ઞાન પ્રગટ કરવાની તાકાત છે. અને થોડું પણ વિપરીત ગ્રહણ કરે તો તેટલામાં અનંતા નિગોદના ભવ કરવાની તાકાત છે. ૧૯૫.**

**ક્રોધમાં રંગાયેલો કહે કે અમે ક્રોધના જ્ઞાતા છીએ તો એમ નથી એ તો ક્રોધથી રંગાયેલો છે. જ્ઞાતા નથી. જ્ઞાનથી જે રંગાયેલો છે. એ જ ક્રોધના પરિણામનો જ્ઞાતા છે. ૧૯૬**

**(પરમાગમસાર)**

## પ્રસાદ નં. – ૩૪૩

**વી. નિ સં. ૨૪૭૮, આસો વદ ૪, વર્ષ ૨જું. પુસ્તક બારમું,**
**સોનગઢ, તા. ૭-૧૦-૫૨, મંગળવાર.**
**શ્રી દ્રવ્યસંગ્રહ ચૂલિકા**
**(આસો સુદ ૧૩, બુધવાર, ૧-૧૦-૫૨ બપોર)**

શિષ્યે પ્રશ્ન કર્યો છે કે બધાં દ્રવ્યો સર્વથા પલટે છે કે બિલકુલ પલટતાં જ નથી ? જો સર્વથા બદલતાં જ હોય તો એક જ પદાર્થ સિદ્ધ થશે અને બિલકુલ બદલતાં જ ન હોય તો જીવ-અજીવ બે પદાર્થ સિદ્ધ થશે, પણ તે સિવાયનાં સાત તત્ત્વો સાબિત થશે નહિ. એનો જબાવ આપ્યો હતો કે જીવ-અજીવ બધા પદાર્થો કથંચિત્ પરિણામી છે. જેમ સ્ફટિક પોતાનો સ્વચ્છ સ્વભાવ છોડ્યા વિના કાળા-રાતાપણે પરિણમે છે તેમ આત્મા પોતાનો જ્ઞાનાનંદ સ્વભાવ છે તેને ધ્રુવપણે રાખીને બંધપર્યાયરૂપ પલટે છે. એમ પુદ્‌ગલ પણ બીજાના નિમિત્તે પોતે પર્યાયપણે પલટે છે.

એટલા માટે પરસ્પર અપેક્ષાસહિત હોવાથી દ્રવ્યો કથંચિત્ પરિણામી છે. આ પ્રમાણે દ્રવ્ય કથંચિત્ પરિણામી સિદ્ધ થવાથી જીવ અને પુદ્‌ગલના સંયોગી પરિણામથી બનેલા આસ્રવાદિ સાત પદાર્થ સિદ્ધ થાય છે અને આસ્રવાદિ સાત તત્ત્વો પૂર્વે કહેલા જીવ અને અજીવદ્રવ્યની સાથે કુલ નવ પદાર્થ થાય છે. જુઓ, અહીં સંવર, નિર્જરા અને મોક્ષ તત્ત્વને પણ જીવ-પુદ્‌ગલના સંયોગે ઉત્પન્ન થયેલ છે એમ કહેલ છે. એનો અર્થ એ છે કે તેમાં કર્મના અભાવની અપેક્ષા લાગુ પડે છે, માટે જીવ-પુદ્‌ગલના સંયોગે કહેલ છે. હવે, એ નવ પદાર્થોમાંથી પુણ્ય-પાપતત્ત્વને સાત તત્ત્વોમાં અંતર્ભાવ કરીએ અથવા તો પુણ્ય-પાપને બંધતત્ત્વમાં સમાડી દઈએ તો સાત તત્ત્વ કહેવામાં આવે છે. જુઓ, અહીં પુણ્ય-પાપને બંધતત્ત્વમાં સમાડી દીધા છે, બીજે આસ્રવતત્ત્વમાં સમાડ્યા છે, તેમાં કંઈ વિરોધ નથી. કેમકે પુણ્ય-પાપ બન્ને બંધભાવ છે.

હવે, અહીં શિષ્ય પ્રશ્ન કરે છે કે :– હે ભગવાન ! તમે જીવ-અજીવને કથંચિત્ પરિણામી કહીને ભેદપ્રધાન પર્યાયાર્થિકનયની અપેક્ષાએ નવ પદાર્થ તથા સાતતત્ત્વ સિદ્ધ કર્યા પણ એનાથી

શું પ્રયોજન સિદ્ધ થયું ? કેમકે જેમ અભેદનયથી પુણ્ય-પાપને સાત તત્ત્વોમાં સમાડી દીધાં એ પ્રમાણે જરા આગળ વધીને અભેદનયની અપેક્ષા રાખીને આસ્રવાદિને જીવ-અજીવ પદાર્થોમાં સમાડી દેવામાં આવે તો જીવ અને અજીવ બે પદાર્થો સિદ્ધ થશે એટલે કે શિષ્યનો પ્રશ્ન છે કે :– જેમ નવ પદાર્થને સાતમાં અંતર્ભાવ કર્યા તેમ સાત તત્ત્વને બે તત્ત્વમાં સમાવેશ કરી દો તો શું વાંધો છે ?

હવે આ શંકાનો જવાબ આપે છે કે, હે શિષ્ય ! ક્યું તત્ત્વ હેય છે અને ક્યું તત્ત્વ ઉપાદેય છે એ વિષયનું જ્ઞાન કરવા માટે આસ્રવાદિ પદાર્થોનું નિરૂપણ કરવું યોગ્ય છે માટે આ વિષયને આગળ કહે છે.

## અવિનાશી અનંતસુખ છે તે જ ઉપાદેય છે

જેને સુખ જોઈએ છે તેને તે સુખ નાશ ન થાય એવું અને પરિપૂર્ણ જોઈએ છે. તે અક્ષય અનંત સુખનું કારણ મોક્ષ છે, તે સુખ પોતે મોક્ષ છે અને મોક્ષનું કારણ સંવર-નિર્જરા બે પદાર્થો છે. વિકારને રોકવો તે સંવર છે અને શુદ્ધિની વૃદ્ધિ થવી તે નિર્જરા છે અને તે સંવર-નિર્જરાનું કારણ વિશુદ્ધ જ્ઞાન-દર્શન સ્વભાવનો ધારક જે નિજાત્મા છે તે છે, એના સ્વરૂપના સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાન અને આચરણરૂપ નિશ્ચયરત્નત્રય છે. જુઓ, સંવર-નિર્જરાનું કારણ તો પોતાનો આત્મા છે અને તે આત્માના આશ્રયે સમ્યગ્દર્શન આદિ થાય છે અને તે નિશ્ચય રત્નત્રયને સાધવાવાળાં વ્યવહાર રત્નત્રય છે.

સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચ પરમેષ્ઠી, નવ તત્ત્વ આદિનું યથાર્થ જ્ઞાન તથા અણુવ્રત-મહાવ્રતાદિના પાલનરૂપ શુભભાવ એ વ્યવહાર રત્નત્રય છે. તે નિજ આત્માના આશ્રયે થતા નિશ્ચય રત્નત્રયનું નિમિત્ત છે, માટે તેને સાધનાર કહેલ છે. કુદેવાદિની શ્રદ્ધા વગેરે નિમિત્તપણે પણ નથી તે બતાવે છે. જેણે દેવાદિના સ્વરૂપને પણ યથાર્થ જાણ્યું નથી એટલે કે જેને વ્યવહારનાં પણ ઠેકાણાં નથી એને નિશ્ચય રત્નત્રય હોય એમ બને નહિ અને નિશ્ચય રત્નત્રય તે સંવર-નિર્જરાનું કારણ છે. પણ વ્યવહાર રત્નત્રય કારણ નથી એમ કહે છે. આ રીતે મોક્ષતત્ત્વના ઉપાદેયપણામાં સંવર-નિર્જરા પણ ઉપાદેય છે એમ સમજવું. અપેક્ષા બરાબર સમજવી જોઈએ.

હવે હેય તત્ત્વની વાત કરે છે.

આકુળતાથી ઉત્પન્ન એવા નરકાદિનાં દુઃખ અને ઇન્દ્રિયોના વિષયરૂપ જે સુખ તે હેય તત્ત્વ છે એનું કારણ સંસાર છે અને સંસારનું કારણ આસ્રવ તથા બંધ છે અને તેનું કારણ પૂર્વે કહેલાં નિશ્ચય-વ્યવહારરૂપ રત્નત્રયથી વિપરીત લક્ષણવાળાં મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, મિથ્યાચારિત્ર એ ત્રણ છે.

નરકાદિમાં જે આકુળતામય પરિણામ છે એ જ દુઃખ છે અને ઇન્દ્રિયોના વિષયોમાં જે

સુખ લાગે છે તે પણ દુઃખ છે તેથી તે હેય છે, એ બધો સંસાર છે. જુઓ, અહીં સંસાર છે તે છોડવા યોગ્ય છે એમ કહ્યું છે. એટલે કે સંસારનું કારણ જે આસ્રવ અને બંધ તે પણ છોડવા યોગ્ય છે, અને આસ્રવ-બંધનું કારણ એવા કુદેવાદિનાં શ્રદ્ધા, જ્ઞાન અને આચરણ પણ છોડવા યોગ્ય છે. એ પ્રમાણે હેય-ઉપાદેય તત્ત્વનું નિરૂપણ કરવાથી સાત તત્ત્વ અને નવ પદાર્થ સ્વયંસિદ્ધ થાય છે.

હવે ક્યા પદાર્થનો કોણ કર્તા છે એ વિષયને ઉપદેશે છે. નવ પદાર્થોમાં ક્યો જીવ ક્યા પદાર્થોનો કર્તા થાય છે તે વાતને સ્પષ્ટ કરે છે. નિજ નિરંજન શુદ્ધ આત્મા છે એની ભાવના એટલે કે ચિંતવન કરવાથી પરમ આનંદરૂપ લક્ષણ છે જેનું એવો સુખામૃતરસ ઉત્પન્ન થાય છે એ રસના આસ્વાદનથી રહિત જે જીવ છે તે બહિરાત્મા છે, તે બહિરાત્મા આસ્રવ, બંધ અને પાપ એ ત્રણ પદાર્થોનો કર્તા થાય છે.

આત્મા તો શુદ્ધ ચિદાનંદ છે એના આનંદથી રહિત છે તે બહિરાત્મા છે, તે મિથ્યાદૃષ્ટિ છે. તે મિથ્યાત્વભાવ વડે આસ્રવ, બંધ અને પાપભાવનો કર્તા થાય છે. વળી તે બહિરાત્માને કોઈ વખતે જ્યારે કષાય અને મિથ્યાત્વની મંદતા હોય છે ત્યારે તે ભોગોની અભિલાષા આદિરૂપ નિદાનબંધથી પાપની સાથે સંબંધ રાખવાવાળું પુણ્યતત્ત્વ છે તેનો કર્તા થાય છે.

જુઓ, અહીં મિથ્યાદૃષ્ટિને કદાચિત્ મંદકષાય થાય છે એમ કહ્યું છે. અભવી મિથ્યાદૃષ્ટિને મિથ્યાત્વ તો મંદ થાય છે કેમકે તેને દેવ-ગુરુ-શાસ્ત્રની યથાર્થ માન્યતા હોય છે. તેને પુણ્યનો બંધ થાય છે પણ તે મિથ્યાત્વની મંદતાથી ભાવનો અભાવ થતો નથી. મિથ્યાત્વનો નાશ કરે તો ભવનો અભાવ થાય. મંદ અને તીવ્ર કષાય એ બન્ને વ્યવહાર છે તેથી તેને પુણ્ય-પાપ હોય છે પણ કષાયનો અભાવ હોતો નથી. બહિરાત્માની દૃષ્ટિ સ્વભાવ ઉપર નથી પણ નિમિત્તને બદલાવવા ઉપર છે.

જેને આત્માના આનંદની ઉત્પત્તિની ભાવના નથી તે જીવ વધારેમાં વધારે ત્રસકાયમાં રહે તો બે હજાર સાગર સુધી રહે છે, પછી નિગોદમાં ચાલ્યો જાય છે. પછી પાછો નિગોદમાંથી અનંતકાળે ત્રસ થાય છે માટે બહિરાત્મા કોઈ કાળે પુણ્યના બંધનો કર્તા થાય છે એમ કહેલ છે. લાંબો કાળ ત્રસમાં રહેતો નથી માટે પુણ્યબંધ કોઈક કાળે હોય છે.

વસ્ત્રાદિ રાખીને કોઈ મુનિપણું માને-મનાવે તો તે નિગોદમાં જાય છે એમ 'શ્રી કુંદકુંદાચાર્યદેવે' કહેલ છે તે ન્યાયથી યથાર્થ છે. જેમ વસ્તુસ્થિતિ છે તેમ કહેલ છે. મિથ્યાદૃષ્ટિ છે તે કોઈકવાર પુણ્યબંધનો કર્તા થાય છે એનો વધારે કાળ તો નિગોદનો જ હોય છે.

લૌકિક વ્યવહારમાં પણ કહે છે કે – જે ઉપકારને ઓળવે છે તે કૃતઘ્ની છે. 'શ્રીમદ્' પણ નીતિ વાક્યોમાં કહ્યું છે કે – કોઈનો ઉપકાર ઓળવું નહિ. જે જીવ ધર્મના ઉપકારને ઓળવે તે કૃતઘ્ની છે. જેને લૌકિક નીતિનાં ઠેકાણાં નથી તેને લોકોત્તર એવો આત્માનો સ્વભાવ સમજાય એમ કદી બનતું નથી. દહીંમાં ને દૂધમાં પગ રાખે તે ચાલે નહિ. એક કાઠી ગરાસિયાને

દૂધની બાધા હતી. પછી બહારગામ મહેમાન થઈને ગયો ત્યાં ભાણામાં દૂધ આવ્યું ત્યારે વિચાર કર્યો કે આજે આપણે દહીંની બાધા રાખીએ. વળી બીજે ગામ ગયો ત્યાં ભાણમાં દહીં આવ્યું ત્યારે પાછો વિચાર કર્યો કે આજે આપણે દૂધની બાધા રાખીએ. આવી રીતે અહીં ચાલે એમ નથી. એક વાત મક્કમ રીતે નક્કી થઈ જવી જોઈએ. સત્યનો એક પણ અંશ ખંડિત કરવામાં આવે તો તે સત્ય રહેતું જ નથી. માટે સાચા દેવાદિના ઉપકારને ઓળવવો જોઈએ નહિ.

અહીં તો કહે છે કે – મિથ્યાદૃષ્ટિ બહિરાત્માને કોઈ શરીરના ખંડખંડ ટુકડા કરી નાખે તો પણ તે કષાય કરતો નથી એવો મંદકષાય હોય છે છતાં એનું બાહ્ય લક્ષ છે. તેથી પાપનુબંધી પુણ્યનો તે કર્તા થાય છે. પ્રતિકૂળતાના ગંજ હોય પણ વ્યવહારધર્મને ચૂકે નહિ, ધર્મ માટે માથું આપે પણ એક જૈનમાર્ગ સિવાય બીજા માર્ગને તે કબૂલે નહિ. છતાં તે જીવને સ્વભાવના આનંદની રુચિ નથી તેથી એને ભોગોની અભિલાષાની રુચિ ખરેખર છૂટી નથી. ભલે તે પોતે એમ માનતો હોય કે મને ભોગોની રુચિ નથી પણ જેને પુણ્યની - રાગની રુચિ છે તેને તેના ફળની રુચિ છૂટી નથી એને પરની જ ભાવના હોય છે, તેથી તેને પાપાનુબંધી એટલે કે પાપથી સંબંધ રાખવાવાળા પુણ્યનો બંધ થાય છે અને મિથ્યાદૃષ્ટિ તેનો કર્તા થાય છે.

કષાયની મંદતાની જેને રુચિ છે તેને આત્માની લેશમાત્ર રુચિ નથી. કદાચિત્ અનંતાનુબંધી કષાયની અને મિથ્યાત્વની મંદતા થાય. એકલા સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરે તો મિથ્યાત્વ મંદ થાય પણ મિથ્યાત્વનો અભાવ ન થાય, તો પછી જેને સાચા દેવાદિની શ્રદ્ધા હોય નહિ પણ કુદેવાદિની શ્રદ્ધા હોય તેને મિથ્યાત્વનો અભાવ ત્રણ કાળમાં થાય નહિ પણ મિથ્યાત્વની મંદતા પણ તેને થતી નથી.

કોઈ કહે કે કુદેવાદિની શ્રદ્ધા હોવા છતાં અમને આત્માની રુચિ છે તો તે વાત તદ્દન ખોટી છે. એમ કદી પણ બનતું નથી કેમકે હજુ મિથ્યાત્વની મંદતા પણ થઈ નથી તો મિથ્યાત્વના અભાવથી થતી આત્માની રુચિ તો એને કેમ હોય ? ન જ હોય. મિથ્યાત્વની મંદતાથી પુણ્યબંધ થાય છે. વળી તે વ્યવહારે અર્હંત, સિદ્ધાદિ પંચપરમેષ્ઠીના સ્વરૂપને અને ત્રણલોકના સ્વરૂપને રાગ અને વિકલ્પથી જાણે છે પણ રાગરહિત આત્માની શ્રદ્ધા કરતો નથી. ગૃહીત મિથ્યાત્વ ટળી ગયું હોય તે બધાને અગૃહીત ટળી ગયું હોય એમ નથી. ગૃહીત મિથ્યાત્વ ટળ્યું ન હોય અને અગૃહીત મિથ્યાત્વ ટળી જાય એમ પણ બને નહિ. જેને અગૃહીત મિથ્યાત્વ ટળ્યું હોય તેને ગૃહીત મિથ્યાત્વ હોય જ નહિ.

મિથ્યાદૃષ્ટિ જીવ પુણ્યબંધનો કર્તા થાય છે. આ રીતે બહિરાત્માની વાત કરી.

## આસો સુદ ૧૪, ગુરુવાર, ૨-૧૦-૫૨ બપોર

નવ પદાર્થોમાં ક્યા ક્યા પદાર્થોનો ક્યો ક્યો આત્મા કર્તા છે એ અધિકાર ચાલે છે. આત્મામાં પુણ્ય-પાપના ભાવો થાય છે એનો કઈ રીતે કર્તા છે ? તે વાત આવી ગઈ છે. તેમાં કહ્યું છે કે :–

આત્માનું સ્વરૂપ શુદ્ધ જ્ઞાયક છે. એની ભાવનાથી ઉત્પન્ન થયેલા આનંદનો જે સ્વાદ છે એનાથી જે રહિત છે તે બહિરાત્મા છે. તે બહિરાત્મા આસ્રવ, બંધ અને પાપનો કર્તા છે. એ વ્યાખ્યા આવી ગઈ છે. હવે એનાથી વિપરીત સમ્યગ્દૃષ્ટિ જીવ જાણે છે કે મારો આત્મા શુદ્ધ જ્ઞાયક છે અને એની ભાવના કરવા જેવી છે. પુણ્ય-પાપની ભાવના કરવા જેવી નથી એવી શ્રદ્ધા કરીને આત્માનો આસ્વાદી થઈને આનંદને અનુભવે છે. તે જીવ સંવર, નિર્જરા અને મોક્ષનો કર્તા થાય છે.

જેને પરની ભાવના છે તેને નિજઆત્માની ભાવના નથી આત્મામાં પાપના પરિણામ કરું તો ઠીક થાય એવી જેની બુદ્ધિ છે તે મિથ્યાદૃષ્ટિ છે. કોઈ કહે કે :– પાપમાં સુખબુદ્ધિ કેમ થાય ? તો કહે છે કે :– ઇન્દ્રિયોમાં સુખ છે, પૈસા આબરૂમાં સુખ છે, સ્ત્રી-પુત્રમાં સુખ છે – એવી જેની બુદ્ધિ છે તે પાપના પરિણામને સારાં માને છે તે મિથ્યાદૃષ્ટિ બહિરાત્મા છે. આત્માનું અંતરસ્વરૂપ તો ચિદાનંદ છે. એની જેને રુચિ નથી તેને પરની રુચિ છે. આત્મા અનાકુળ શાંત આનંદ સ્વરૂપ છે મારું શાંતિનું ધામ મારામાં છે. એવો જેને વિશ્વાસ નથી તે બહારમાં સુખ માટે વલખાં માર્યા વિના રહેતો નથી.

આત્મા ધ્રુવ વસ્તુ છે. તેની પર્યાયમાં પુણ્ય-પાપના ભાવો થાય છે. તે સંયોગી પદાર્થોની ભાવનામાં રોકાણો છે તેથી એને અસંયોગી આત્માની ભાવના નથી અને પુણ્ય-પાપ ઠીક છે એમ જેણે માન્યું તેને પુણ્ય-પાપ રહિત આત્મા ઠીક છે એમ માન્યું નથી. માટે એને આત્માનો આનંદ થતો નથી. તે બહિરાત્મા છે એનાથી વિપરીત સમ્યગ્દૃષ્ટિ છે, તે સંવર, નિર્જરા, મોક્ષ એ ત્રણ પદાર્થોનો કર્તા થાય છે. સમ્યગ્દૃષ્ટિ જીવ શું કરે છે ? અને શા રૂપે થાય છે ? તો કહે છે કે તે સંવર એટલે આત્મામાં અંશે શુદ્ધિ થવી અને નિર્જરા એટલે શુદ્ધિની વૃદ્ધિ થવી અને મોક્ષ એટલે પૂર્ણ શુદ્ધિરૂપે થવું એ ત્રણ પ્રકારની પર્યાયરૂપે થાય છે. મિથ્યાદૃષ્ટિને આ ત્રણ અવસ્થા હોતી નથી એને આસ્રવ બંધ અને પાપ અવસ્થા હોય છે અને પુણ્ય અવસ્થા તો કોઈ વખતે હોય છે.

શાસ્ત્રોમાં મુખ્યતા વીતરાગભાવની છે. તે વીતરાગદશા પૂર્ણ પ્રગટી છે તે સાચા દેવ છે. અંશે પ્રગટી છે તે ગુરુ છે અને એ વીતરાગતા જેમાં વર્ણવી હોય તે સાચા શાસ્ત્ર છે. એવા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા સમ્યગ્દૃષ્ટિને હોય છે. પણ એને તે વ્યવહાર શ્રદ્ધાની ભાવના

હોતી નથી મિથ્યાદ્દષ્ટિને એની ભાવના હોય છે એટલે તેને આસ્રવ-બંધ અને પાપની મુખ્યતા હોય છે. તેને પુણ્ય તો કોઈ વખતે હોય છે. અહીં સમ્યગ્દ્દષ્ટિને સંવર નિર્જરા મોક્ષની મુખ્યતા હોય છે તેથી તે સંવરાદિરૂપે થાય છે એમ કહેલ છે.

હવે તે સમ્યગ્દ્દષ્ટિ જીવ જે સમયે રાગાદિ વિભાવોથી રહિત જે પરમ સામાયિક છે તેમાં સ્થિત ન રહી શકે ત્યારે વિષય કષાયથી ઉત્પન્ન જે દુર્ધ્યાન છે એના વચનાર્થે અર્થાત્ અશુભ ભાવ ન થાય એ માટે સંસારની સ્થિતિનો નાશ કરતો, પુણ્યથી સંબંધ રાખવાવાળો તીર્થંકર નામ પ્રકૃતિ આદિ વિશિષ્ટ પુણ્ય પદાર્થનો કર્તા થાય છે.

સમ્યગ્દ્દષ્ટિ જ્યારે આત્મામાં લીન ન રહી શકે ત્યારે પુણ્યભાવમાં જોડાય છે તે વાત કરે છે. જ્યારે તે નિર્વિકલ્પ શાંતિ અને આનંદમાં ઠરી શકતો નથી અને તેને પુરુષાર્થની નબળાઈનો કાળ છે તે વખતે અશુભ ભાવ ન થાય. તે માટે શુભભાવમાં જોડાય છે ત્યારે તેને તીર્થંકર આદિ પુણ્ય પ્રકૃતિનો બંધ થાય છે તેથી વ્યવહારે એનો કર્તા છે એમ કહેલ છે. અહીં અશુભભાવ વચનાર્થે શુભભાવમાં જોડાય છે એમ કહેલ છે. એનો અર્થ એવો છે કે :— જ્યારે પુણ્યભાવ હોય છે ત્યારે અશુભભાવ હોતો નથી તેથી તેના વચનાર્થે એમ કહેલ છે. અશુભ ટળતાં સંસારની સ્થિતિ તૂટતી જાય છે માટે નાશ કરતો થકો પુણ્યભાવનો કર્તા થાય છે એમ કહેલ છે.

અહીં સાધદશામાં સંવર, નિર્જરા અને મોક્ષનો કર્તા થાય છે. અથવા તો એ રૂપે પરિણમે છે એમ કહેલ છે. સાધકદશામાં સંવર-નિર્જરા થાય છે પણ ત્યાં મોક્ષરૂપ પર્યાય નથી છતાં મોક્ષના કારણ રૂપ સંવર-નિર્જરામાં અંશે મોક્ષ છે તેથી મોક્ષનો કર્તા કહેલ છે. નિર્વિકલ્પ આત્માના ધ્યાનમાં રહી શકતો નથી ત્યારે તેને પુણ્યભાવ આવ્યા વિના રહેતો નથી. પણ પુણ્યભાવની સમ્યગ્દ્દષ્ટિને ભાવના હોતી નથી અને શુભભાવ વખતે તીર્થંકરાદિ પ્રકૃતિનું બંધન થાય છે તેથી વ્યવહારે તેનો કર્તા કહેવાય છે, છતાં એની પણ જ્ઞાનીને ભાવના નથી.

હવે કર્તાપણાનો વિષય નયો દ્વારા સમજાવે છે એટલે એમાં નય ઉતારે છે મિથ્યાદ્દષ્ટિ જીવ પુદ્‌ગલદ્રવ્યોની પર્યાયરૂપ એટલે જડકર્મ જે આસ્રવ, બંધ તથા પુણ્ય-પાપરૂપ પદાર્થ છે તેનો અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહારનયની અપેક્ષાએ કર્તા છે, આત્માના આનંદની ભાવના વિનાનો, સંસારની રુચિ અને ભાવનાવાળો છે તે જીવ કદાચ સાધુ કે શ્રાવક નામ ધરાવે તોપણ તે મિથ્યાદ્દષ્ટિ છે, તે જડકર્મોનો કર્તા કેવી રીતે છે ? તે કહે છે. અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહારનયથી મિથ્યાદ્દષ્ટિ આસ્ત્રવાદિનો કર્તા છે નય તે સમ્યક્‌ભાવશ્રુતજ્ઞાનનો અંશ છે માટે નય સમ્યગ્દ્દષ્ટિને જ હોય છે. મિથ્યાદ્દષ્ટિને હોતા નથી. વળી જેને દ્રવ્યશ્રુતનું યથાર્થ જ્ઞાન ન હોય તેને ભાવશ્રુત જ્ઞાન હોતું નથી. દ્રવ્યશ્રુત જ્ઞાન તો જેને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા હોય તેને જ હોય છે. કુદેવાદિની શ્રદ્ધાવાળાને હોતું નથી.

તીવ્ર મિથ્યાત્વ છૂટ્યા વિના મંદ મિથ્યાત્વ હોતું નથી અને મિથ્યાત્વની મંદતા થયા વિના

તેનો અભાવ થઈ સમ્યગ્દર્શન થતું નથી અને સમ્યગ્જ્ઞાન પણ તેને હોતું નથી. જેને કુદેવાદિની શ્રદ્ધા હોય તેને આત્માની રુચિ થાય નહિ. આજ કાલ ઘણાં લોકો અધ્યાત્મની વાતો કરવા લાગ્યા છે. 'મોક્ષમાર્ગ પ્રકાશ'માં તો શ્વેતાંબર, સ્થાનકવાસીને અન્યમતી કહેલ છે. કેમકે તે કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રને માનનારા છે. ઘણાં અધ્યાત્મના બહાના હેઠળ આત્માની વાતો કરવા લાગ્યા છે – નકલ કરવા લાગ્યા છે. જેમ નકલી બનાવટી માલ અસલ ડબામાં ભરીને વેચે તેમ જૈનના નામે કુદેવાદિને માનનારા આત્માની વાતો કરવા મંડી પડ્યા છે. પણ આત્માની યથાર્થ વાત કોણ કરી શકે ? કે જેને સર્વજ્ઞ કોણ છે ? નિર્ગ્રંથ ગુરુ કોણ છે ? અને એમનાં રચેલાં શાસ્ત્રો સાચાં ક્યા છે એની ઓળખાણ અને શ્રદ્ધા હોય તે જ કરી શકે તે સિવાય આત્માની વાતો કરે તે પોતાને છેતરનારા છે. ઘણાં વર્ષ પહેલાંની વાત છે કે સંપ્રદાયના સાધુ કહેતા હતા કે જૈનમાં નિમિત્ત-ઉપાદાન અને સ્વભાવ-વિભાવ નથી. જુઓ, આટલી પણ જેને ખબર નથી તેને આત્માનું કલ્યાણ કેમ થઈ શકે ? ન જ થાય.

અહીં તો નયની વાત ચાલે છે. નય સમ્યગ્દૃષ્ટિને હોય છે. મિથ્યાદૃષ્ટિને નય હોય નહિ. કેમકે નય કુશ્રુતજ્ઞાનમાં હોય નહિ. આસ્રવ, બંધ, પાપ અને પુણ્ય છે તે પુદ્ગલકર્મ છે. અનુપચરિત અસદ્ભૂત વ્યવહારનયથી મિથ્યાદૃષ્ટિ તેનો કર્તા છે. 'अनुपचरित' એટલે આત્માને અને કર્મને નિકટ સંબંધ છે માટે અનુપચરિત કહેલ છે. 'असद्‌भूत' આત્માના પરિણામમાં કર્મનો અભાવ છે માટે અસદ્ભૂત કહેલ છે. 'व्यवहार' કર્મ નિમિત્ત છે. માટે વ્યવહાર અને એનું સમ્યગ્દૃષ્ટિ જ્ઞાન કરે છે માટે નય આ રીતે અનુપચરિત અસદ્ભૂત વ્યવહારનયથી મિથ્યાદૃષ્ટિ આસ્રવાદિ દ્રવ્યકર્મોનો કર્તા છે.

સ્ત્રી આદિ દૂર પદાર્થોનો કર્તા કહેવો હોય તો તે ઉપચરિત અસદ્ભૂત વ્યવહારનયે કહેવાય પણ અહીં એની વાત લીધી નથી. કર્મની પર્યાયની આત્માના પરિણામમાં નજીકતા છે માટે અનુપચાર અને એકનો બીજામાં અભાવ છે માટે અસદ્ભૂત અને નિમિત્ત છે માટે વ્યવહાર કહેલ છે. આત્માના રાગાદિ પરિણામના કારણે કર્મ નહોતા આવવાના ને આવ્યા એમ કોઈ માને તો આત્મા વ્યવહાર કર્તા રહેતો નથી પણ નિશ્ચયે કર્તા થઈ જાય છે – પણ એમ નથી.

વળી મિથ્યાદૃષ્ટિ જીવ ભાવરૂપ પર્યાયોનો અશુદ્ધ નિશ્ચયથી કર્તા છે. મિથ્યાદૃષ્ટિને પુણ્ય-પાપના પરિણામ થાય છે. તે જીવપર્યાય છે, તે મલિન પર્યાય હોવાથી અશુદ્ધ અને તે પર્યાય પોતાની હોવાથી નિશ્ચય છે માટે અશુદ્ધ નિશ્ચયથી જીવ પોતાના પરિણામનો કર્તા છે. આત્માનો ત્રિકાળ ધ્રુવસ્વભાવ છે તે સામાન્ય છે અને એની પર્યાયમાં મિથ્યાત્વાદિ થાય છે. તેનો અશુદ્ધ નિશ્ચયનયથી આત્મા પોતે કર્તા છે. જુઓ, આ વાત સર્વજ્ઞના શાસ્ત્રો સિવાય બીજે નથી. માટે જેના દેવ-ગુરુ-શાસ્ત્ર સાચા નથી તે આત્માની વાતો કરતા હોય તો તે એના ઘરની નથી પણ અહીંની નકલ કરીને કહે છે એમ સમજવું.

સમ્યગ્દૃષ્ટિજીવ દ્રવ્ય એટલે જડકર્મરૂપ સંવર-નિર્જરા અને મોક્ષ પદાર્થનો કર્તા થાય છે તે પણ અનુપચરિત અસદ્ભૂત વ્યવહાર નયથી જ છે.

આત્મા જ્ઞાયક છે એવા સામાન્યસ્વભાવને મુખ્ય કરતો અને વિશેષજ્ઞાન એટલે પર્યાયને ગૌણ કરતો સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાનામાં શુદ્ધતા હોવાના કારણે રજકણો કર્મરૂપે થઈને જે આવવાના હતા તે ન આવ્યા અને જુનાં કર્મો અંશે ખરે છે અથવા સર્વથા છૂટી જાય છે. તે ત્રણ પ્રકારની કર્મની પર્યાયનો અનુપચરિત, અસદ્ભૂત વ્યવહારનયે કર્તા છે. ધર્માત્મા જીવને શુદ્ધદૃષ્ટિ થઈ છે એને જ્યારે શુદ્ધિની પ્રગટતા, શુદ્ધિની વૃદ્ધિ અને પૂર્ણ શુદ્ધિ થાય છે ત્યારે જડકર્મો એના કારણે ન આવવાના હતા તે ન આવ્યા, ખરવાનાં હતાં તે ખર્યાં અને કર્મોનો સર્વથા અભાવ થવાનો હતો તે થયો. તેનો કર્તા અનુપચરિત અસદ્ભૂત વ્યવહારનયથી કહેલ છે. કર્મોને નજીકનો સંબંધ છે માટે અનુપચરિત, કર્મોનો આત્મામાં અભાવ છે માટે અસદ્ભૂત તથા નિમિત્ત છે માટે વ્યવહાર – એમ કહેલ છે.

આત્મામાં શુદ્ધિ થઈ માટે કર્મો આવવાનાં હતાં તે અટકી ગયાં એમ માનવામાં આવે તો આત્મા વ્યવહારનયે કર્તા ન રહ્યો પણ નિશ્ચયનયે કર્તા થાય છે. પણ આત્મા નિશ્ચય નયથી કર્મોનો કર્તા નથી. તેથી આત્માના કારણે કર્મો અટક્યાં નથી. ધર્મી જીવના શુદ્ધ પરિણામ નિમિત્ત છે અને નવાં કર્મો એના કારણે અટક્યાં, જૂનાં ટળ્યાં અને પૂર્ણ નાશ થયો એનો વ્યવહારનયથી જીવ કર્તા છે એમ કહ્યું છે.

જુઓ, આ રીતે કર્મ તથા આત્માના યથાર્થ સ્વરૂપને સમજ્યા વિના ધર્મ થતો નથી. આ વાત ચોથા આરાના જીવો માટે છે એમ નથી પણ પાંચમા આરાના છેડા સુધી આ વાત રહેવાની છે. આ રીતે જે શાસ્ત્રો ન કહે તે શાસ્ત્રો નથી અને તેના લખનારા કુદેવાદિની શ્રદ્ધાવાળા હોવાથી, પ્રગટ મિથ્યાદૃષ્ટિ છે. ચોથા આરામાં બીજો ધર્મ હોય અને પાંચમા આરામાં બીજો હોય – એમ નથી. ત્રણે કાળે ધર્મ તો એક જ પ્રકારનો હોય છે. આ રીતે કર્મોના અટકવામાં, અંશે નાશ થવામાં અને પૂર્ણ નાશ થવામાં સમ્યગ્દૃષ્ટિ જીવ અનુપચરિત, અસદ્ભૂત વ્યવહાર નયથી કર્તા છે એમ કહેલ છે.

વળી સમ્યગ્દૃષ્ટિ જીવ જીવભાવ પર્યાયરૂપ પદાર્થોનો કર્તા છે તે વિવક્ષિત એકદેશ શુદ્ધ નિશ્ચયનયથી છે. આત્મામાં સંવર, નિર્જરા અને મોક્ષરૂપ વીતરાગી શુદ્ધપર્યાયનું પરિણમન થાય છે. તેનો એકદેશ શુદ્ધ નિશ્ચયનયથી જ્ઞાની કર્તા છે મોક્ષપર્યાયનો પણ એકદેશ શુદ્ધ નિશ્ચયનયે કર્તા છે એમ કહેલ છે. કેમકે તે પર્યાય છે માટે તે અંશ છે તેથી તે પણ એકદેશ શુદ્ધ નિશ્ચયનયનો વિષય છે. અહીં સમ્યગ્દૃષ્ટિ જીવ પુણ્ય-પાપનો કર્તા છે. એ વાત લીધી જ નથી. કેમકે તે પુણ્ય-પાપ આસ્રવ, બંધનો કર્તા નથી. હવે આગળ પરમ શુદ્ધ નિશ્ચયનયની વાત કરશે.

## પ્રસાદ નં. – ૩૪૫

**વી. નિ સં. ૨૪૭૮, આસો વદ ૬, વર્ષ ૨જું. પુસ્તક બારમું,**
**સોનગઢ, તા. ૯-૧૦-૫૨, ગુરુવાર.**
**શ્રી દ્રવ્યસંગ્રહ ચૂલિકા**
**(આસો સુદ ૧૫, શુક્રવાર, ૩-૧૦-૫૨ બપોર)**

આ અધિકાર સૂક્ષ્મ છે, નયોના વિષયની વાત ચાલે છે.

જે જીવની જ્ઞાયક સ્વભાવ ઉપર દૃષ્ટિ નથી પણ પુણ્ય-પાપ તથા સંયોગો ઉપર દૃષ્ટિ છે તે મિથ્યાદૃષ્ટિ છે. તે એક સમયની ક્ષયોપશમ પર્યાયમાં સર્વસ્વ માને છે, એવો જીવ આસ્રવ, બંધ અને પાપનો કર્તા થાય છે અને કોઈક વખત પુણ્યનો પણ કર્તા થાય છે. સમ્યગ્દૃષ્ટિ જીવને સ્વભાવ ઉપર દૃષ્ટિ છે, તેને રાગ અને પુણ્ય તરફનું વલણ નહિ હોવાથી એકદેશ શુદ્ધ નિશ્ચયનયથી તે સંવર, નિર્જરા અને મોક્ષનો કર્તા છે.

સમ્યગ્દૃષ્ટિ પાપનો કર્તા નથી કેમકે તે પાપી જીવ નથી. પાપી જીવ તો મિથ્યાદૃષ્ટિ છે, તે પાપનો કર્તા છે. સમ્યગ્દૃષ્ટિ જીવ કદાચિત્ સ્વભાવમાં ઠરી શકે નહિ તો પુણ્યનો કર્તા થાય છે. પણ પાપનો કર્તા તો તે થતો નથી. વળી અહીં નયોના કથનમાં તો ધર્મી પુણ્યભાવનો કર્તા છે એ વાત લીધી નથી. એક દેશ શુદ્ધ નિશ્ચયનયથી સંવર, નિર્જરા, મોક્ષનો કર્તા છે એ વાત આવી છે.

આ ધર્મની વાત ચાલે છે. ધર્મ કોને કહેવો ? અને તે ક્યાંથી આવે છે ? કોના આધારે થાય છે ? તે કહે છે. ધર્મ નવો થાય છે. કેમકે અનાદિ કાળથી ધર્મ એક સમયમાત્ર કર્યો નથી. ધર્મ પર્યાયમાં થાય છે માટે નવો થાય છે અને ધર્મ ધર્મી એવા દ્રવ્યમાંથી આવે છે. આત્મામાં શક્તિરૂપે ત્રિકાળ ધર્મ છે, એની દૃષ્ટિ કરવાથી પર્યાયમાં ધર્મ નવો પ્રગટ થાય છે. તેવો ધર્મી જીવ સંવર, નિર્જરા, મોક્ષરૂપે પરિણમે છે. તે એકદેશ શુદ્ધ નિશ્ચયનયનો વિષય છે.

પરમ શુદ્ધ નિશ્ચયનયની અપેક્ષાએ એટલે કે પરમાર્થ દૃષ્ટિએ જુઓ તો આ આત્મા નથી જન્મતો કે નથી મરતો અને નથી બંધ કરતો કે નથી મોક્ષ કરતો – એમ શ્રી જિનેન્દ્ર ભગવાન કહે છે. આ વચનથી જીવને બંધ કે મોક્ષ નથી.

વસ્તુદૃષ્ટિએ જુઓ તો જીવ નવો ઉત્પન્ન થતો નથી અને મરતો પણ નથી કેમકે ધ્રુવ સ્વભાવમાં ઉત્પાદ-વ્યય નથી. એમાં બંધ અને મોક્ષનો પણ અભાવ છે. ત્રિકાળ જ્ઞાયક એકરૂપ આત્માનું સ્વરૂપ છે, એની પર્યાયમાં બંધાવું–છૂટવું, અને ઉત્પાદ-વ્યયરૂપે થવું થાય છે. ત્રિકાળમાં તે પ્રકારો હોતા નથી. આ રીતે એકદેશશુદ્ધનિશ્ચયનયના વિષયની અને પરમ શુદ્ધ નિશ્ચયનયના વિષયની વાત કરી. હવે બીજી વાત કરે છે.

મૂળ સંસ્કૃતમાં કહે છે કે :– 'स च पूर्वोक्तविवक्षितैकदेशशुद्धनिश्चय आगमभाषया किं भण्यते' – આનો હિન્દી અર્થ એવો કર્યો છે કે :– 'इसलिये विवक्षितैकदेश शुद्ध निश्चयनय से ही जीवभावपर्यायों का जीव को कर्तृत्व है। अब आगमभाषा से क्या कहते हैं सो दर्शाते हैं।' આ અર્થ ખોટો છે. 'એકદેશ શુદ્ધ નિશ્ચયનય પૂર્વે કહ્યો છે એને આગમભાષાએ શું કહેવો તે હવે દર્શાવે છે.' આમ આનો અર્થ છે, તો કહે છે.

નિજ શુદ્ધ આત્માને સમ્યક્ શ્રદ્ધાન, જ્ઞાન અને આચરણરૂપ પર્યાય થાય છે તેને ભવ્ય કહે છે. આ પ્રકારથી જે ભવ્યત્વ સંજ્ઞાનો ધારક છે તેને પારિણામિકભાવથી સંબંધ રાખવાવાળી વ્યક્તિ કહી છે, અર્થાત્ ભવ્યને પારિણામિકભાવની પ્રગટતા છે.

નયની વાતમાં ભવ્ય અભવ્યની વાત કરી નથી. ત્યાં તો મિથ્યાદૃષ્ટિ અને સમ્યગ્દૃષ્ટિની વાત કરી હતી. અહીં આગમભાષાની અપેક્ષાએ જેને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર પર્યાય પ્રગટ થયાં છે તેને ભવ્ય કહે છે. તે ભવ્ય જીવને સમ્યગ્દર્શનાદિની પર્યાય પ્રગટ થઈ છે, તે પારિણામિકભાવની પ્રગટ દશા છે. એટલે નિત્ય ધ્રુવ શુદ્ધ સ્વભાવ છે એની એ પર્યાય છે. આ પર્યાય આત્માના અંતર સ્વભાવ સાથે સંબંધ રાખવાવાળી હોવાથી પારિણામિકભાવની અવસ્થા છે એમ કહેલ છે. જે શક્તિરૂપે હતી તેની પ્રગટ દશા છે. નિમિત્ત કે વ્યવહાર સાથે સંબંધ રાખવાવાળી તે અવસ્થા નથી કેમકે અહીં એકદેશ શુદ્ધ નિશ્ચયનયની વ્યાખ્યા આગમ અપેક્ષાએ કરી છે.

હવે એકદેશ શુદ્ધ નિશ્ચયનયને અધ્યાત્મ અપેક્ષાએ કહે છે.

અધ્યાત્મભાષાથી દ્રવ્ય શક્તિરૂપે શુદ્ધ ભાવ છે. એની ભાવના કરે છે, તે ભાવનાને બીજા નામથી કહેવામાં આવે તો તે દ્રવ્ય શક્તિરૂપ પારિણામિક ભાવની ભાવનાને નિર્વિકલ્પ ધ્યાન તથા શુદ્ધઉપયોગ આદિ કહે છે. આગમ ભાષાની અપેક્ષાએ એકદેશ શુદ્ધ નિશ્ચયનયને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એમ ત્રણ પ્રકારથી કહેલ હતા પણ અહીં અધ્યાત્મભાષાની અપેક્ષાએ તેને પારિણામિકભાવની ભાવના કહે છે. આગમ અપેક્ષામાં પણ વ્યવહારની વાત કરી નથી, ત્રણ પ્રકારથી વાત કરી છે, તો પછી અધ્યાત્મમાં વ્યવહારની વાત તો હોય જ નહિ, પણ ત્રણ પ્રકારની શુદ્ધતાના ભેદની વાત પણ અહીં લીધી નથી. માત્ર નિર્વિકલ્પ ધ્યાન તે ભાવના છે એમ કહેલ છે.

આત્માની સાથે સંબંધ રાખવાવાળી સમ્યગ્દર્શનાદિની પર્યાય થઈ એને અમે મોક્ષમાર્ગ

કહીએ છીએ. જ્યારે આત્મતત્ત્વ કે જે ત્રિકાળ ધ્રુવ છે એનું અવલંબન લેવામાં આવે છે ત્યારે મોક્ષમાર્ગ થાય છે, કોઈ વ્યવહારનું અવલંબન લેતાં તે પ્રગટ થાય છે – એમ નથી. પરમ પારિણામિકભાવમાં જે એકાગ્રતા છે તેને નિર્વિકલ્પ ધ્યાન અથવા તો શુદ્ધોપયોગ કહે છે. ભગવાન આત્મા અંતરમાં અનંત ગુણોથી ભર્યો પડ્યો છે એની સાથે સંબંધ રાખે તો ધર્મ થાય છે. નિમિત્ત સાથે કે પુણ્ય-પાપના વિકારી ભાવો સાથે સંબંધ રાખે તો ધર્મ થાય – એમ નથી. આત્મામાં બધું ભર્યું છે. બહારમાં લેવા જવું પડે એમ નથી. બહારના સંયોગો તો પાણીના લોઢની માફક આવે છે અને જાય છે, એ કોઈના રાખ્યા રહે એમ નથી. બહારના સંયોગો કોઈને નડતા નથી. ધર્મ તો ગમે ત્યારે અને ગમે તે ક્ષેત્રે કરવો હોય તો અંતરાત્માના અવલંબને થાય એમ છે. નરકમાં હો કે સમવસરણમાં હો, મહાવિદેહમાં હો કે ભરતમાં હો પણ ધર્મ તો પરમ પારિણામિકભાવ સાથે સંબંધ રાખવાવાળો છે, પરની સાથે સંબંધ રાખતો નથી.

'શ્રીમદ્ રાજચંદ્રે' આ 'બૃહદ્ દ્રવ્યસંગ્રહ'ની ૫૮ ગાથાઓ ઇડરના પહાડમાં શ્રી લલ્લુજી આદિને સંભળાવી હતી અને કહ્યું હતું કે 'જૂનું બધું છોડ્યે છૂટકો છે, માર્ગ કોઈ બીજો છે.' જેનો નિશ્ચય ખોટો, વ્યવહાર ખોટો, પરમેષ્ઠીનું સ્વરૂપ ખોટું, દ્રવ્યોનું સ્વરૂપ ખોટું, તત્ત્વોનું સ્વરૂપ ખોટું તેની એક પણ વાત સાચી નથી તેથી એ બધું છોડ્યે છૂટકો છે.

શુદ્ધ પારિણામિકભાવની ભાવના છે તે મુક્તિનું કારણ છે. માટે જે શુદ્ધ પારિણામિકભાવ છે તે ધ્યેયરૂપ છે એટલે કે ધ્યાન કરવા યોગ્ય છે, તે પારિણામિકભાવ ધ્યાનરૂપ નથી. 'સમયસાર'માં 'જયસેનઆચાર્ય'ની ટીકામાં પણ આવે છે કે ધ્યાન કરવા યોગ્ય અથવા તો ધ્યેય પરમ પારિણામિકભાવ એક છે, નિમિત્ત, રાગ કે ક્ષયોપશમભાવ એ કોઈ ધ્યાન કરવા યોગ્ય નથી. કેમકે ધ્યેય છે તે ધ્યાન નથી. સંવર, નિર્જરા, મોક્ષ તે ધ્યેય નથી, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે પણ ધ્યેય નથી. ધ્યાનનું ધ્યેય તો શુદ્ધ પરમ પારિણામિકભાવ છે.

અહીં કોઈને પ્રશ્ન થાય કે ધ્યેય ધ્યાનરૂપ કેમ થતું નથી ? તો તેનો ઉત્તર એ છે કે – ધ્યાનભાવના તો પર્યાય છે તેથી તે નાશવાન છે અને ધ્યેય તો દ્રવ્યરૂપ છે માટે અવિનાશી છે. જુઓ, જે ધ્યાન છે તે તો એક સમયની પર્યાય છે. એમાં ધ્યેય જે આખી વસ્તુ ત્રિકાળી છે તે આવી જતી નથી કેમકે આખી વસ્તુ એક સમયની પર્યાયમાં આવી જાય નહિ. શક્તિ તો એકરૂપ છે તેની વ્યક્તિ થતી નથી. જો શક્તિની વ્યક્તિ થાય તો વસ્તુ રહે નહિ માટે ધ્યેય છે તે ધ્યાનરૂપ થતું નથી. ત્રિકાળી દ્રવ્ય છે તે પર્યાયરૂપે પરિણમી જતું નથી, જે ધ્યેય છે તે થોડું પણ એટલે કે એક અંશ પણ ધ્યાનમાં આવી જાય તો શક્તિનો અભાવ થઈ જાય પણ ધ્યેય તો ધ્રુવ એકરૂપ જ રહે છે. મતિજ્ઞાનની હીણી અવસ્થા હોય છે ત્યારે કે કેવળજ્ઞાનરૂપ પૂર્ણ અવસ્થા થાય છે ત્યારે પણ ધ્યેય તો એકરૂપ ત્રિકાળ એવું ને એવું જ રહે છે.

પર્યાય પલટી જાય છે પણ દ્રવ્યસ્વભાવ તો એવો ને એવો રહે છે. એટલે કે દ્રવ્યસ્વભાવ

પલટતો નથી દ્રવ્ય પલટી જાય તો દ્રવ્યનો અભાવ થઈ જાય. ધ્યેય તે ધ્યેય જ છે, ધ્યાનમાં ધ્યેયનો વિષય હોય છે પણ ધ્યેય ધ્યાનરૂપ થતું નથી.

જુઓ, આ દ્રવ્ય અને પર્યાયની વાત છે. નિમિત્ત અને વ્યવહાર તો ધ્યેય નથી પણ ધ્યાનની પર્યાયનો વ્યય અને કેવળજ્ઞાનનો ઉત્પાદ તે પણ ધ્યાનનું ધ્યેય નથી. કેમકે ઉત્પાદ-વ્યય ધ્યાનનું ધ્યેય હોય નહિ, ધ્યાનનું ધ્યેય તો એકરૂપ શુદ્ધ પરમ પારિણામિકભાવ છે.

આ આગમ ભાષાની અપેક્ષાએ અને અધ્યાત્મ અપેક્ષાએ એકદેશ શુદ્ધ નિશ્ચયનયની વાત કરી. હવે આનું તાત્પર્ય શું છે તે કહેશે.

## આસો વદ ૧, શનિવાર, ૪-૧૦-૫૨ બપોર

અહીં એકદેશ શુદ્ધ નિશ્ચયનયને આગમ અપેક્ષાએ અને અધ્યાત્મ અપેક્ષાએ કેમ કહેવો એ વિષય કહ્યો. આ વાત સૂક્ષ્મ હતી. આત્મા સૂક્ષ્મ અને અરૂપી છે. તો એની વાત પણ સૂક્ષ્મ જ હોય ને ? પણ લોકોએ અનાદિથી સૂક્ષ્મ વાત સાંભળી નથી અને સૂક્ષ્મ વાતના કહેનારા દેવ-ગુરુ-શાસ્ત્રને પણ યથાર્થ જાણ્યા નથી. એટલે વ્યવહાર પણ ખરેખર જાણ્યો નથી, માટે પ્રથમ એ વ્યવહાર જ્ઞાન કર્યા વિના આ સૂક્ષ્મ આત્માનું જ્ઞાન થાય એમ નથી અને આ જ્ઞાન વિના કદી મુક્તિ થાય એમ નથી.

'શ્રીમદ્ રાજચંદ્રે' પણ કહ્યું છે કે :– 'જે જીવ સદૈવ સૂક્ષ્મ બોધનો અભિલાષી છે તે જિજ્ઞાસુ છે' માટે જેને સાચા જિજ્ઞાસુ થવુ હોય તેણે સૂક્ષ્મ જ્ઞાન કરવું જોઈએ. અહીં જે સૂક્ષ્મ અધિકારનય વગેરેનો આવી ગયો તેનું તાત્પર્ય શું છે ? તે હવે કહે છે.

અહીં તાત્પર્ય એ છે કે :– મિથ્યાત્વ–રાગાદિ જે વિકલ્પોનો સમૂહ છે તેનાથી રહિત જે નિજ શુદ્ધ આત્મા છે. તેની ભાવનાથી ઉત્પન્ન સહજ આનંદરૂપ એક સુખનું જ્ઞાન છે તેને ધારણ કરવાવાળી, ભાવના તે મુક્તિનું કારણ છે. તે ભાવનાને કોઈ પુરુષ નિર્વિકલ્પ ધ્યાન, શુદ્ધોપયોગાદિરૂપ અન્ય નામોથી કહે છે.

આત્મા અખંડ ચિદાનંદ એક સ્વભાવી છે, એની પર્યાયને અંતર સન્મુખ વાળવી તે ધ્યાન છે. પર્યાયને વાળવી એટલે શું ? તે સમજવું જોઈએ. જે પર્યાય થઈ એને શું વાળવી ? જે પર્યાય નથી થઈ એને શું વાળવી ? આત્મા સન્મુખ થઈને જે પર્યાયનો ઉત્પાદ થયો તેને પર સન્મુખથી વાળી એમ શાસ્ત્રનું કથન હોય છે. જે પર્યાય સ્વસન્મુખ થઈ તે ધ્યાન છે. અહીં તો તાત્પર્ય કહે છે પણ તે પહેલાં નવ તત્ત્વનું અને દેવ-ગુરુ-શાસ્ત્રનું યથાર્થ જ્ઞાન થવું જોઈએ.

જે પોતે પાત્ર થઈને સેવક થવાને લાયક થયો નથી તે જગતનો ગુરુ થવા માગે છે અને જગતની મોટપ લેવા માગે છે. તે અનંત સંસારી થાય છે. કેટલાક લોકો જગતની સેવામાં જૈન ધર્મને સમાડી દે છે. પણ તે એકલી મૂઢતા છે કેમકે તે જૈનધર્મને સમજ્યા નથી.

આત્માના ત્રિકાલી ધ્રુવ શુદ્ધ સ્વભાવથી ઉત્પન્ન જે સ્વભાવિક આનંદ અને એનું જ્ઞાન તેને ટકાવી રાખવું તે મુક્તિનું કારણ છે. તેને ભાવના, નિર્વિકલ્પધ્યાન, અને શુદ્ધોપયોગ વગેરે કહેવામાં આવે છે. પહેલાં પર્યાય સ્વસન્મુખ નહોતી પણ પરસન્મુખ હતી પછી સ્વસસન્મુખ થઈ તે મુક્તિનું કારણ છે.

આ ઉપર કહ્યાં પ્રમાણે અનેકાંત એટલે સ્યાદ્વાદના આશ્રયથી કથન કર્યું એનાથી સિદ્ધ થયું કે આસ્રવ, બંધ, પુણ્ય, પાપ એ ચાર પદાર્થ જીવ અને પુદ્ગલના સંયોગ પરિણામરૂપ જે વિભાવ થાય છે. એનાથી ઉત્પન્ન થાય છે. આત્મા છે, એને કર્મોનો સંયોગ છે, તેના આશ્રયે આસ્રવ, બંધ, પુણ્ય, પાપરૂપી ચાર પ્રકારની પર્યાય થાય છે અને સંવર, નિર્જરા તથા મોક્ષ એ ત્રણ પદાર્થ જીવ-પુદ્ગલના સંયોગરૂપ પરિણામના વિનાશથી ઉત્પન્ન જે વિવક્ષિત સ્વભાવ પર્યાય છે તેનાથી ઉત્પન્ન થાય છે. એ રીતે નવ પદાર્થ સિદ્ધ થાય છે.

સ્વભાવ સન્મુખ થતાં વિભાવભાવનો નાશ થાય છે અને કર્મના નિમિત્તનો પણ અભાવ થાય છે તે સંવર, નિર્જરા અને મોક્ષ છે, પણ સ્વભાવને ચૂકીને સંયોગનો આશ્રય કરે છે. ત્યારે આસ્રવાદિ પર્યાય થાય છે. આમ કથંચિત્ પરિણમન છે એમ સિદ્ધ કરીને નવ પદાર્થો સિદ્ધ કર્યા. સંયોગની અપેક્ષા રાખીને આત્માનું પરિણમન છે – એમ અહીં સિદ્ધ કર્યું છે. અહીં સંવર, નિર્જરા, મોક્ષની પર્યાયને સ્વભાવની પર્યાય કહી છે. 'નિયમસાર'માં ક્ષાયિક ભાવને પણ વિભાવભાવ કહેલ છે અને અહીં ક્ષયોપશમભાવને સ્વભાવભાવ કહેલ છે. તો અપેક્ષા સમજવી જોઈએ. અહીં તો નવ પદાર્થને સિદ્ધ કરતાં સંવરાદિની પર્યાયને સ્વભાવપર્યાય કહેલ છે અને 'નિયમસાર'માં ધ્રુવદૃષ્ટિ કરાવવા અને પર્યાયદૃષ્ટિનો નિષેધ કરવા એને વિભાવભાવ કહેલ છે. પર્યાયના લક્ષે રાગ થાય છે તેથી સ્વભાવદૃષ્ટિ કરાવવા ક્ષાયિકભાવને વિભાવભાવ કહેલ છે. અહીં તો સંયોગના સદ્ભાવે અને સંયોગના અભાવે થતી આત્માની પર્યાયમાં સાત પદાર્થ થાય છે તે સિદ્ધ કર્યું.

---

હવે ઉપર કહેલા પદાર્થોનું નિરૂપણ કરે છે તે આ પ્રમાણે છે.

### ગાથા-૨૮

**आसव बंधण संवर णिज्जर मोक्खो सपुण्णपावा जे।**
**जीवाजीवविसेसा तेवि समासेण पभणामो।।२८।।**

**ગાથા ભાવાર્થ :–** હવે જે આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ, પુણ્ય અને પાપ એ સાત તત્ત્વ છે. તે જીવ, અજીવના ભેદરૂપથી પદાર્થ છે. તેને સંક્ષેપમાં કહે છે.

**વ્યાખ્યાર્થ :– आसव** આસ્રવથી રહિત જે નિજ આત્માનું જ્ઞાન છે એનાથી વિલક્ષણ જે શુભાશુભ ભાવ છે તે પરિણામના નિમિત્તે જે શુભાશુભ કર્મોનું આગમન થાય છે. તે આસ્રવ છે. ત્રણ વાત કરી. એક તો આસ્રવથી રહિત, નિજ આત્માનું જ્ઞાન અને બીજું એનાથી રહિત શુભાશુભ પરિણામ, અને ત્રીજું તે પરિણામથી શુભાશુભ જડકર્મોનું આગમ એમાં શુભાશુભ પરિણામ તે ભાવઆસ્રવ છે અને જડકર્મો તે દ્રવ્યાસ્રવ છે.

'**बंधण**' બંધથી રહિત જે શુદ્ધાત્મા છે એની પ્રાપ્તિ સ્વરૂપ જે ભાવના છે. તે ભાવનાથી ચ્યુત થયેલો જે જીવ છે તેનો કર્મના પ્રદેશો સાથે પરસ્પર બંધ છે તેને બંધ કહે છે. ચિદાનંદ આત્મા તો ત્રણે કાળે બંધથી રહિત છે એટલે વિકારી પરિણામથી રહિત આત્મા છે એની ભાવના તે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે એમાંથી ભ્રષ્ટ થયેલા જીવને બંધન થાય છે. કોઈ કર્મે એને ચ્યુત કરાવ્યો એમ નથી પણ પોતે ચ્યુત થાય છે. ત્યારે એનું નિમિત્ત પામીને આત્માની સાથે એક ક્ષેત્રે કર્મો આવીને રહે છે તે દ્રવ્યબંધ છે.

'**संवर**' કર્મોના આસ્રવને રોકવામાં સમર્થ જે નિજ આત્મજ્ઞાન છે તે જ્ઞાનમાં પરિણત જીવને શુભ-અશુભ કર્મો આવતાં નથી તે સંવર છે. આત્મા જ્યારે વીતરાગી પર્યાયને કરવાને સમર્થ થાય છે એટલે આત્મા જ્યારે સ્વભાવરૂપે પરિણમે છે ત્યારે કર્મો આવવાને લાયક નહતાં તે કર્મોને રોક્યાં એમ કહેલ છે. એટલે શુભાશુભ કર્મો આવતાં નથી એને સંવર કહે છે. આ વાત બધાને સમજાય એવી છે. ન સમજાય એમ છે જ નહિ. અનંતા કેવળીઓ થઈ ગયા તે બધા આ આત્મા જેવા જ હતા. પૂર્વે અનંતા ભવો કર્યા એમાં ભિખારીની જેમ માબાપ ! રોટલો આપો ને ! વધ્યું ઘટ્યું આપો ને ! એમ ભીખ માગતા હતા. તે જીવો ભગવાન થાય છે. તે આત્મામાં ઊતર્યા ત્યારે ભગવાન થયા. જે આત્મા વિકારની પરિણતિ કરતો હતો તે આત્મા સ્વપરિણતિ કરવા લાગ્યો એટલે આત્માના આનંદનો ખોરાક ખાવા લાગ્યો. એને કર્મો આવતાં નથી એનું નામ સંવર છે. કર્મો આવવાનાં હતાં પણ જીવે સ્વપરિણામ કર્યાં માટે રોકાઈ ગયા એમ નથી.

'**णिज्जर**' શુદ્ધ ઉપયોગની ભાવનાના બળથી નીરસીભૂત એટલે શક્તિહીન થયેલાં કર્મ પુદ્‌ગલોનું એકદેશ ગલન એટલે નાશ થાય છે તેને નિર્જરા કહે છે. આત્માનો ઉપયોગ જે બહારમાં જાય છે તેને અંતરમાં ઉતારવો. તેને શુદ્ધઉપયોગ કહે છે. અંતરશક્તિનો ભરોસો આવ્યે તે અંતરમાં વળે છે. ત્યારે તેના બળથી નિર્જરા થાય છે એમ કહેલ છે. રોટલા ન ખાવાથી, માસખમણ કરવાથી નિર્જરા થાય છે એમ કહેલ નથી. કર્મ તરફનું વલણ છૂટી ગયું તે વખતે કર્મના રજકણોમાં રસ હોવા છતાં આત્મા પોતાના રસમાં લીન થયો એટલે કર્મ નીરસ થઈ ગયાં એમ કહેલ છે અને તે ખરે છે તેને નિર્જરા કહેલ છે.

આનો અર્થ એ છે કે :– આત્મા સ્વરૂપાનંદની ભાવના ચૂકીને પરની ભાવનાવાળો હતો ત્યારે કર્મને ફળ દેવાની તાકાતવાળા કહેવાય છે અને તેજ કર્મોને આત્મા સ્વભાવ સન્મુખ થયો એટલે નીરસ - શક્તિહીન કહેલ છે. કેવળીને કર્મોનો ઉદય હોવા છતાં તેમના ભાવને ક્ષાયિક કહેલ છે. કારણ કે સમયે સમયે કેવળીને નિર્જરા થાય છે. તેમ અહીં પણ કર્મોનો રસ હોવા છતાં જે આત્મા સ્વસન્મુખ થયો છે તેને માટે કર્મો નીરસ છે એમ કહેલ છે. દિગંબર સંતોની વાત જ કોઈ અનોખી હોય છે. શુદ્ધતાવાળો શુદ્ધતાને જ ભાળી રહ્યો હોય છે. આત્મામાં શુદ્ધતાની શક્તિ વધી એટલે કર્મો નિર્બળ થઈ ગયાં એમ કહેલ છે અને કર્મો ખરે છે તે દ્રવ્યનિર્જરા છે. આત્મામાં શુદ્ધિની વૃદ્ધિ થાય છે. તે ભાવનિર્જરા છે.

'**मोक्खो**' જીવ અને પુદ્‌ગલના પરસ્પર મિલનરૂપ જે બંધ છે એનો નાશ કરવામાં સમર્થ જે નિજ શુદ્ધાત્માની પ્રાપ્તિરૂપ પરિણામ તેને મોક્ષ કહે છે. આત્માની સાથે એક ક્ષેત્રે રહેલાં કર્મોને બંધ કહે છે. તે બંધનો નાશ થવો તે દ્રવ્યમોક્ષ છે અને નિજ શુદ્ધઆત્માની પ્રાપ્તિરૂપ પરિણામ તે ભાવમોક્ષ છે. તેના નિમિત્તે કર્મો નાશ થાય છે. તે દ્રવ્યમોક્ષ છે.

પુણ્ય-પાપ સહિત જે આસ્રવ-સંવરાદિ નવ પદાર્થો છે. તેને પહેલાં જીવ અને અજીવ કહેલ છે. તે પ્રકારે સંક્ષેપમાં હવે કહે છે. તે આસ્રવાદિ પદાર્થો કેવા છે ? જીવ તથા અજીવના વિશેષો છે. અર્થાત જીવ અને અજીવની પર્યાય છે. તાત્પર્ય એ છે કે :– આત્મા ચૈતન્ય છે. તેના આસ્રવાદિ પરિણામો છે તે જીવના અશુદ્ધ પરિણામ છે અને અચેતન જે કર્મ પુદ્‌ગલોની પર્યાય છે તે અજીવ છે. આ રીતે આસ્રવાદિ અધિકારસૂત્રની ગાથા સમાપ્ત થઈ.

હવે ત્રણ ગાથાઓમાં આસ્રવ પદાર્થની વ્યાખ્યા કરે છે. એમાં પ્રથમ ભાવાસ્રવ તથા દ્રવ્યાસ્રવની સૂચના કરે છે.

### ગાથા-૨૯

## आसवदि जेण कम्मं परिणामेणप्पणो स विण्णेओ।
## भावासवो जिणुत्तो कम्मासवणं परो होदि।।२९

**ગાથા ભાવાર્થ :–** જે પરિણામથી આત્માને કર્મનો આસ્રવ થાય એને જિનેન્દ્ર ભગવાન ભાવાસ્રવ કહે છે અને એ ભાવાસ્રવથી ભિન્ન જ્ઞાનાવરણાદિરૂપ કર્મોનો આસ્રવ છે તે દ્રવ્યાસ્રવ છે. દ્રવ્યાસ્રવનું કારણ તે ભાવાસ્રવ છે. જેવી રીતે તળાવમાં નાળા દ્વારા પાણી આવે છે. નાળાથી

પાણી જુદું છે. નાળું બંધ કરી દે તો પાણી અટકી જાય છે. તેમ આત્મામાં વિકારી ભાવ થાય છે તે ભાવાસ્રવ છે ને તે દ્વારા જડ કર્મો આવે છે. તે દ્રવ્યાસ્રવ છે. સ્વભાવ સન્મુખ થતાં ભાવાસ્રવરૂપી દ્વાર બંધ થઈ જાય છે. એટલે દ્રવ્યાસ્રવ અટકી જાય છે. અહીં તો આસ્રવ કેમ થાય છે એની વાત છે.

વ્યાખ્યાર્થ :– આત્માના જે પરિણામથી કર્મનો આસ્રવ થાય તે પરિણામ ભાવાસ્રવ છે. એમ જાણવું જોઈએ. જુઓ, અહીં ભાવાસ્રવ છે તે સિદ્ધ કરે છે. આત્મા છે તો તેને વર્તમાન મલિનતા છે કે નહિ ? જો વર્તમાન મલિનતા ન હોય તો પ્રગટ આનંદ હોવો જોઈએ. પણ પ્રગટ આનંદ નથી માટે મલિનતા છે. પણ મલિનતા પર્યાયમાં છે. ત્રિકાળી સ્વભાવ મલિન નથી. કેમકે સ્વભાવ મલિન હોય તો મલિનતાનો અભાવ થાય નહિ. ભાવાસ્રવ એક સમયની અવસ્થા છે. તે ભાવાસ્રવમાં આખો અમર્યાદિત આત્મા આવી જતો નથી. અમર્યાદિત ધ્રુવ સ્વભાવમાં ભાવાસ્રવ નથી. ગમે તેટલો અશુભભાવ હોય છતાં મર્યાદિત એક સમય પૂરતો છે. બે સમયનો આસ્રવ ભેગો થતો નથી. આવું ભાવાસ્રવનું સ્વરૂપ છે એમ જાણવું.

ભાવાર્થ એ છે કે :– કર્માસ્રવને દૂર કરવામાં સમર્થ જે શુદ્ધ આત્માની ભાવના છે તેનાથી પ્રતિપક્ષ એટલે વિરોધી પરિણામ છે. તેનાથી કર્મોનો આસ્રવ થાય છે. તે પરિણામ ભાવાસ્રવ છે. આત્મા જ્ઞાયક શુદ્ધ સ્વભાવી છે. એની ભાવના તે વીતરાગભાવ છે. એનાથી વિપરીત કામ, ક્રોધ, ધ્યાન, દાન, ભક્તિ આદિના પરિણામ છે તે બધા આત્માની ભાવનાથી વિરુદ્ધ પરિણામ છે. તેનાથી આસ્રવ થાય છે. માટે ભાવાસ્રવ છે તે સ્વભાવના સાધનથી ઉલટું સાધન છે. તે યથાર્થ સાધન નથી. પહેલાં પૃષ્ટ ૭૩માં વ્યવહાર રત્નત્રય સાધન અને નિશ્ચય રત્નત્રય સાધ્ય એમ કહેલ હતું ત્યાં તો નિમિત્તનું કથન કરેલ હતું, હવે તે ભાવાસ્રવ કેવો છે ? તે કહેશે.

## પ્રસાદ નં. – ૩૪૭

### વી. નિ સં. ૨૪૭૮, આસો વદ ૮, વર્ષ ૨જું. પુસ્તક બારમું, સોનગઢ, તા. ૧૧-૧૦-૫૨, શનિવાર.

### (આસો વદ ૨, રવિવાર, ૫-૧૦-૫૨ બપોર)

આ આસ્રવનો અધિકાર ચાલે છે. જીવ અને અજીવની વાત થઈ ગઈ છે. હવે, વીતરાગ સર્વજ્ઞદેવે આસ્રવ, બંધ આદિ સાત પર્યાયોનું સ્વરૂપ કેવું કહ્યું છે તે આચાર્યદેવ બતાવે છે. નેમિચંદ્ર આચાર્ય મહાનિર્ગ્રંથ મુનિવર છે, મહાસંત છે, તે વીતરાગ સર્વજ્ઞનો આધાર આપીને કહે છે કે 'આત્માના જે પરિણામથી કર્મનો આસ્રવ થાય છે તે પરિણામ ભાવાસ્રવ છે, એમ શ્રી વીતરાગ સર્વજ્ઞદેવે કહ્યું છે.' ભાવાસ્રવ જીવની મિથ્યાત્વ, રાગ-દ્વેષ આદિ વિકારી અવસ્થા છે. એક સમયના વિકારી પર્યાયમાં ઊંધી માન્યતા, રાગ-દ્વેષ થાય તેને ભાવાસ્રવ કહે છે અને ભાવાસ્રવથી પર એટલે ભાવાસ્રવથી જુદાં નવાં રજકણો આવે તે દ્રવ્યાસ્રવ છે, ભાવાસ્રવ જીવનો વિકાર છે અને દ્રવ્યાસ્રવ જડનો પુદ્ગલનો પર્યાય છે.

શંકા :– 'જેનાથી કર્મનો આસ્રવ થાય છે' એ પદથી દ્રવ્યાસ્રવની વાત આવી ગઈ તો પછી 'આનાથી ભિન્ન અર્થાત્ ભાવાસ્રવથી ભિન્ન કર્માસ્રવ (દ્રવ્યાસ્રવ) હોય છે' આ પદથી દ્રવ્યાસ્રવનું વ્યાખ્યાન શા પ્રયોજનથી કર્યું છે ?

ઉત્તર :– તારી શંકા વ્યાજબી નથી. કેમકે પહેલાં પદમાં 'જે પરિણામથી કર્મનો આસ્રવ થાય છે.' તેમાં આત્માના પરિણામનું નિમિત્તપણે સામર્થ્ય બતાવ્યું છે. જીવમાં આવો વિકાર હોય ત્યારે તે વિકારના નિમિત્તે આવા કર્મનો આસ્રવ થાય છે એટલું બતાવ્યું છે તે પદમાં દ્રવ્યાસ્રવનું કથન નથી કર્યું.

હવે કહે છે કે, જે વસ્તુ છે તેને પરિણામ હોય, એમ કોઈ માનતા નથી તેને આચાર્યદેવ કહે છે કે, ભાઈ ! આત્મા આદિ વસ્તુમાં જો પરિણામ - અવસ્થાનું બદલવું ન થતું હોય તો આત્માની અવસ્થામાંથી વિકાર ટળીને મોક્ષ કરવાનો રહેતો નથી. આત્માની અવસ્થામાં

આસ્રવ-બંધ છે અને તેને ટાળીને સંવર-નિર્જરા પ્રગટ કરી મોક્ષ થાય છે. માટે આચાર્ય દેવ આસ્રવાદિ પર્યાયો સમજાવે છે.

### ગાથા-૩૦

**मिच्छत्ताविरदिपमादजोगकोधादओऽथ विण्णेया।**
**पण पण पणदस तिय चदु कमसो भेदा दु पुव्वस्स।।३०।।**

**ગાથા ભાવાર્થ :–** ભાવઆસ્રવના – મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, યોગ અને ક્રોધાદિ કષાય – એ રીતે પાંચ ભેદ જાણવા અને મિથ્યાત્વાદિના ક્રમથી પાંચ, પાંચ, પંદર ત્રણ અને ચાર ભેદ જાણવા.

આત્મા અનાદિ અનંત ટકનારી વસ્તુ છે અને આવા આત્મા જગતમાં અનંત છે. આત્મા છે તે પોતાથી છે એમ સ્વતંત્રતાની જાહેરાત થઈ, સ્વતંત્ર હયાતીવાળા આત્મામાં સમયે સમયે અવસ્થાનું જે પરિણમન થાય છે તે પોતાના કારણે પોતાના પરિણમનના કાળે થાય છે. તે અવસ્થાનું બદલવું – કોઈ બીજી ચીજથી – નિમિત્તથી થતું નથી. દરેક પદાર્થનું પરિણમન – જીવનું કે જડનું – પોતપોતાથી થાય છે. જીવની અવસ્થા જીવથી થાય છે અને આ શરીરનું હાલવું–ચાલવું વગેરે પુદ્‌ગલથી થાય છે. પરંતુ લોકોને અજ્ઞાનને લઈને એવો ભ્રમ છે કે નિમિત્ત આવે તો આમાં (– ઉપાદાનમાં) કંઈ ફેરફાર થાય, પણ ખરેખર એમ નથી, વસ્તુ દરેક સમયે પોતાના સ્વકાળથી પોતાને લઈને પરિણમે છે તેના પર્યાયનો તે જ કાળ છે તે પર્યાય બીજાને લઈને – નિમિત્તને લઈને થતી નથી. અજ્ઞાનીને એમ લાગે છે કે વસ્તુની અવસ્થા એની મેળે કેમ થાય ? બીજી વસ્તુ આવી એટલે અવસ્થા થઈ, જેમકે આત્મામાં જ્ઞાન થવાની શક્તિ તો ત્રિકાળ પડી છે, પણ તેની જાણવારૂપ અવસ્થા જો પદાર્થ સામો આવે તો થાય; સામા પદાર્થ વિના જ્ઞાન કેમ થાય ?

તેનો ઉત્તર :– ભાઈ ! પદાર્થમાં – આત્મામાં જ્ઞાનની શક્તિ છે તે તો ત્રિકાળ દ્રવ્યરૂપ છે અને તેની અવસ્થા જાણવાની થાય છે, તે અવસ્થાના કાળે પોતાથી થાય છે, તે વખતે સામો પદાર્થ હોય જ છે. અહીં જ્ઞાન થવાનો અને ત્યાં પદાર્થ હોવાનો બન્નેને કાળભેદ નથી, શબ્દો આવ્યા માટે જ્ઞાન થયું એમ નથી. અહીં શબ્દને જાણવાનો જ્ઞાનનો સ્વ-કાળ પોતાથી છે અને તે કાળે શબ્દો શબ્દોના કારણે હોય છે.

## ઉપાદાન–નિમિત્તનું ક્રમબદ્ધ વ્યવસ્થિતપણું

પદાર્થની અવસ્થાનો જે કાળ હોય છે તે જ હોય છે અને તે કાળે જે પ્રકારની અવસ્થા થવાની હોય છે તે જ પ્રકારની થાય છે; અને નિમિત્તનો કાળ અને પ્રકાર તે જ વખતે તેવો જ હોય છે, જે વખતે જ્ઞાનનો જેવો પર્યાય થવાનો હોય તેવો અને તે જ થાય, અને નિમિત્ત પણ તે જ હોય, આમ ઉપાદાન-નિમિત્ત ક્રમબદ્ધ વ્યવસ્થિત છે. ત્યાં અજ્ઞાનીને ભ્રમ થાય છે કે તે જ વખતે એ જ પર્યાય અને એ જ નિમિત્ત કેમ ? બીજું કેમ નહિ ? વિકારી પરિણામ કેમ થયાં ? અજ્ઞાની કર્મનો ઉદય હતો તેથી વિકાર થયો માને છે, ભગવાન કહે છે કે :– આત્માના ગુણની અવસ્થામાં વિપરીતતાને કારણે વિકાર થયો છે. આવો જ વિકાર કેમ થયો ? તેની તે સમયની તેવી યોગ્યતાના કારણે તેવો વિકાર થયો છે એ જ પર્યાય અને એ જ નિમિત્ત હોય. યથાર્થ કે વિપરીત – જે પર્યાય થવાની હોય તે જ સમયે થાય અને નિમિત્ત જે હોવાનું હોય તે જ તે સમયે હોય, આમ **જેમ વર્તમાન એક સમયનું પરિણમન ક્રમ વ્યવસ્થિત છે. તેમ** બીજા, ત્રીજા, ચોથા એમ અનંત સમયનું **ત્રણે કાળનું પરિણમન વ્યવસ્થિત છે.**

આવું સાંભળતા અજ્ઞાનીને ધડાકો લાગે છે કે આમ બધું – દરેક સમયનું પરિણમન (–ઉપાદાનનું ઉપાદાનમાં અને નિમિત્તનું નિમિત્તમાં) જેમ છે તેમ છે – ત્યાં આઘું-પાછું કંઈ થતું નથી તો હવે કંઈ કરવાનો પુરુષાર્થ રહ્યો નહિ ? તો પછી શાસ્ત્રોમાં વાતો કરી છે કે સાચી સમજણમાં સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર નિમિત્ત હોય, ત્રણ કષાયના અભાવથી વીતરાગતા પ્રગટે ત્યારે વસ્ત્ર પાત્ર આદિ છૂટી જાય, તેનું શું સમજવું ?

ઉત્તર :– ભાઈ ! જરી શાંતિથી વિચાર કર ! દ્રવ્યનો જે પર્યાય થાય ત્યારે તેને યોગ્ય જે નિમિત્ત હશે તે જ હશે, પણ તે પર્યાયના ક્રમનો નિર્ણય કરતાં બુદ્ધિ પર્યાય તરફથી છૂટી ત્રિકાળ દ્રવ્યમાં ઢળે છે, જ્ઞાનનું જ્ઞાનમાં – દ્રવ્યમાં ઢળવું તે જ અનંતો પુરુષાર્થ છે. અજ્ઞાનીને, બુદ્ધિ દ્રવ્યમાં વળતાં જ્ઞાનનો અનંત પુરુષાર્થ પ્રગટે છે, તેનું માહાત્મ્ય આવતું નથી, તેને એમ લાગે છે કે ‘હું તો છું, જો મારાથી થતું તો કેવળજ્ઞાન વગેરે થતું નથી ? પણ ભાઈ ! તું તો દ્રવ્ય છો, દ્રવ્યમાં શક્તિ ભરી પડી છે પણ પર્યાયમાં જેવી યોગ્યતા પ્રગટ કરીશ ત્યારે તેવું જ નિમિત્ત તેના કારણે હશે, ભાઈ ! ધીરો થઈને જરી વિચાર કર ! તારી લાયકાત જે કાળે જેવી હશે ત્યારે તે પ્રકારનું નિમિત્ત હશે, પણ કોઈને લઈને કોઈ નથી, આ વાત અજ્ઞાનીને બેસતી નથી, આ વાત કહેતાં, આત્મા જાણે લોહલું હોય – એમ તેને લાગે છે, નિમિત્ત આવે તો પોતાનામાં કંઈક ફેરફાર થાય એ માન્યતા જ તેનું અજ્ઞાન છે.

## સ્વ-પરપ્રકાશક જ્ઞાનસ્વભાવની પ્રતીતિ અને નિઃશંકતા

આચાર્ય ભગવાન કહે છે કે પદાર્થ છે, છે તેની હયાતી તેના ગુણને લઈને જુદી પડે છે, આત્મા છે; તેની ભિન્નતા તેના જ્ઞાનગુણને લઈને પડે છે, જાણવા-દેખવાના સ્વભાવવાળો પદાર્થ તે આત્મા, તે કોને લઈને જુદો પડે છે ? જ્ઞાનગુણને લઈને જુદો પડે છે, પોતાના ગુણને લઈને આત્મા છે, પરને લઈને નહિ, નિમિત્તને લઈને નહિ એવી પ્રતીતિ જે લાવે તે સ્વ-પરને પ્રકાશક એવા જ્ઞાનની પર્યાયને લઈને આવે, આવા જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય થયો ત્યાં સ્વ-પરપ્રકાશક જ્ઞાનસ્વભાવ પ્રગટે છે. સંયોગ આવ્યો માટે સ્વ-પરપ્રકાશક સ્વભાવ પ્રગટ્યો એમ નથી પણ જ્ઞાનમાંથી સ્વ-પરપ્રકાશક સ્વભાવ આવ્યો છે એવી પ્રતીતિ થઈ તેને, આ આમ કેમ થયું ? તેની શંકા પડતી નથી.

વસ્તુ પ્રજ્ઞા-બ્રહ્મ સ્વરૂપ છે – તેના ગુણમાંથી પર્યાય પ્રગટે છે તે ગુણમાંથી પર્યાય આવે તે એકલા સ્વને જાણે કે પરને ? બન્નેને જાણવાનો તેનો સ્વભાવ છે ને જ્ઞાનમાં સ્વ-પરપ્રકાશક સ્વભાવમાં જણાય છે કે પ્રથમ જ્ઞાન થવામાં સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર જે નિમિત્ત હોય છે તે હોય જ છે. અજ્ઞાનીને સ્વ-પરપ્રકાશક જ્ઞાનસ્વભાવની ખબર નથી તેને પોતાની યોગ્યતા એટલે કે ઉપાદાનની કે સાચાં નિમિત્તની કોઈને ખબર નથી, તેથી તેને ગોટો ઉઠે છે.

## જ્ઞાન સ્વભાવનો નિર્ણય

ભગવાનઆત્માનો અનાદિ સ્વભાવ જાણવાનો છે, તે જેમ છે તેમ જાણે; પર્યાય પર્યાયનો જેવો ક્રમ છે અને તે જે રીતે છે તેને તે જ પ્રમાણે જાણે, આવા જ્ઞાનસ્વભાવનો જે નિર્ણય કર્યો, તેને દ્રવ્યદૃષ્ટિ કહો, ક્રમબદ્ધ પર્યાયનો નિર્ણય કહો, કેવળજ્ઞાનનો નિર્ણય કહો કે ઉપાદાન નિમિત્તનો નિર્ણય કહો, તેમાં બધું આવી ગયું, તત્ત્વનું એક પડખું યથાર્થ અવિરોધપણે બેઠું, તેમાં બધાં પડખાં આવી ગયા, એકમાં બધું સાબિત થયું.

અહીં આ ભાવાસ્રવની વાત છે. રાગ, દ્વેષ, દયા, દાન વગેરે જે વિકારી ભાવો આત્માની પર્યાયમાં થાય છે તે પરને લઈને થાય તે વાત જ અહીં કરી નથી, તું ચૈતન્ય આનંદકંદ વસ્તુ છો તેને ભૂલીને વિકાર કરે છે તે તારો સ્વભાવ છે અને તેને ભાવાસ્રવ કહ્યો છે. ભાવાસ્રવના નિમિત્તથી દ્રવ્યાસ્રવ આવે છે. તે ભાવ-આસ્રવ પોતાથી થયા છે એમ કહ્યું છે પણ કર્મથી થયા એમ કહ્યું નથી.

આત્મા સ્વભાવથી અબદ્ધ, શુદ્ધ, અમૂર્તિક અને નિરંજન છે. વર્તમાન પર્યાયમાં અશુદ્ધતા છે પણ તે અશુદ્ધતા વર્તમાન પર્યાય પૂરતી છે તેને ગૌણ કરી, સ્વભાવનું જ્ઞાન કરાવવા આત્માને અબદ્ધ આદિ કહેતાં હાલનાં પંડિત-ત્યાગીઓ ભડકે છે. તેઓ કહે છે કે આત્મા પ્રત્યક્ષ બદ્ધ -

અશુદ્ધ-મૂર્ત-સાંજન છે છતાં તેને અબદ્ધ આદિ કેમ કહો છો ?

તેનો ઉત્તર :– ભાઈ ! વર્તમાન પર્યાયમાં રાગ વિકાર છે અને તેનાં નિમિત્તો પણ છે તેની કોણે ના કહી, પણ વર્તમાન વિકાર જેટલો જ શું આત્મા છે ? નહિ, આત્માનો ત્રિકાળ સ્વભાવ તો અબદ્ધ-શુદ્ધ છે. આત્મા, વર્તમાન વિકાર તરફનું લક્ષ છોડી દે, તો સ્વભાવથી નિરંજન-શુદ્ધ છે. પણ તેને પર્યાયમાં વિકારનું પરિણમન છે તે ભાવ-બંધ છે, નિમિત્તમાં તેને જડકર્મનું બંધન છે સ્વભાવથી આત્મા અબદ્ધ છે, પર્યાયમાં ભાવબંધન તથા નિમિત્તનું દ્રવ્યબંધન છે. સ્વભાવથી તે નિરંજન છે છતાં પર્યાયમાં વિકારીભાવને લઈને સાંજન છે અને વ્યવહારે જડનું અંજનપણું પણ કહેવાય છે. પર્યાય જેમ છે તેમ જાણીને જે વસ્તુ સ્વભાવ - અબદ્ધ-શુદ્ધ નિરંજન-અમૂર્ત – જેમ છે તેમ ન સમજે – વસ્તુ સ્વભાવની દૃષ્ટિ ન કરે તો અશુદ્ધતા ટળશે નહિ, વર્તમાનમાં વિકાર છે તે વર્તમાનના આશ્રયે – પર્યાયના આશ્રયે તૂટશે નહિ, પણ દ્રવ્યસ્વભાવનો આશ્રય કરીશ તો તૂટશે.

ભાઈ ! ભગવાનઆત્મા છે તેની એકવાર તો હા પાડ ! પેલા ભરવાડ – બકરાંના ચારનાર પણ હા પાડતા ! અને અહીં શાસ્ત્રના ભણેલા પંડિતો પણ આત્માને ભગવાન કહેતાં – આત્માને શુદ્ધ કહેતાં રાડ નાખે છે. તેઓ ભરવાડમાંથી પણ જાય એવા છે.

## ભાવ-આસ્રવનું સ્વરૂપ

ભાવાસ્રવ તારી પર્યાયમાં છે તે જો બિલકુલ ન હોય તો સંસાર જ ન હોય અને જો તે તારામાં કાયમી હોય તો તો સંસાર કોઈ દિવસ ટળે નહિ માટે અવસ્થામાં એક ક્ષણ પૂરતો ભાવાસ્રવ છે – ત્રિકાળી સ્વભાવમાં નથી.

આ ૩૦મી ગાથામાં ભાવાસ્રવના ભેદ બતાવ્યા છે તેમાં પ્રથમ ભેદ જે મિથ્યાત્વ તેનું સ્વરૂપ બતાવે છે.

**મિથ્યાત્વ :–** અંતરંગમાં વીતરાગ નિજ શુદ્ધાત્મતત્ત્વના અનુભવની રુચિના વિષયમાં વિપરીત આગ્રહ ઉત્પન્ન કરવાવાળો જે ભાવ – તથા બાહ્ય વિષયમાં પરસંબંધી શુદ્ધાત્મતત્ત્વ એટલે કે સાચા દેવ, સાચા ગુરુ આદિથી માંડીને બધાં દ્રવ્યોસંબંધી જે વિપરીત આગ્રહને ઉત્પન્ન કરવાવાળો ભાવ તે **મિથ્યાત્વ છે.**

એક સમયનો પર્યાય છે તેને ગૌણ કરીને ત્રિકાળી વીતરાગ ચિદાનંદ સ્વભાવની રુચિથી વિરુદ્ધ એવાં દયા, દાન આદિ પુણ્ય હોય તો ધર્મ થાય, સારાં નિમિત્તો હોય તો આત્માને લાભ થાય એવો આગ્રહ – ઊંધી માન્યતા તે **મિથ્યાત્વ** છે. અથવા સ્વધ્યેય જે જ્ઞાનાનંદ સ્વરૂપ પોતાનો પરમાત્મા કે જે અખંડજ્ઞાયક શુદ્ધ બુદ્ધ એક સ્વભાવી છે તેના વિષયમાં ઊલટો આગ્રહ કરે તે **મિથ્યાત્વ** છે. અભ્યંતરમાં પોતાના શુદ્ધાત્મા સંબંધી ઊંધો આગ્રહ તથા બાહ્ય વિષયમાં

સર્વજ્ઞ અર્હંતદેવ અને સિદ્ધ ભગવાન તે બે દેવ છે અને આચાર્ય, ઉપાધ્યાય તથા નિર્ગ્રંથ સંતો – એ બધા ગુરુ છે. એ દેવ-ગુરુનું જેવું યથાર્થ સ્વરૂપ છે, તેનાથી વિપરીત માન્યતા તે **મિથ્યાત્વ** છે. સર્વજ્ઞ અર્હંત ભગવાને કહેલું જે સાચાં દેવ-ગુરુ-શાસ્ત્રનું સ્વરૂપ, છ દ્રવ્યનું સ્વરૂપ, નવ તત્ત્વનું સ્વરૂપ, તેનાથી વિરુદ્ધ માન્યતા તે **મિથ્યાત્વ** છે અને તે **ભાવાસ્રવ** છે.

**અવિરતિ :–** અભ્યંતરમાં નિજ પરમાત્માના સ્વરૂપની ભાવનાથી ઉત્પન્ન પરમ સુખરૂપ અમૃતમાં જે રતિ તેનાથી વિલક્ષણ – તથા બાહ્ય વિષયમાં વ્રત આદિ નહિ ધારણ કરવારૂપ આત્માનો જે પરિણામ તે અવિરતિ છે.

અભ્યંતરમાં સમ્યગ્દૃષ્ટિને આત્માનું ભાન તો થયું છે પણ આસક્તિની નિવૃત્તિ નથી થઈ, જ્ઞાનીને આસક્તિના પરિણામ થાય છે તે પોતાને લઈને થાય છે, કર્મના ઉદયને લઈને થાય છે એમ નથી કહ્યું, અજ્ઞાની કહે છે કે જો કર્મને લઈને કંઈ વિકાર નથી તો તમને કેવળજ્ઞાન લેવાનો ભાવ છે તો લઈ લો ને ? ભાઈ ! ધીરો થા, ભાવ કોને કહેવો ? શું કેવળજ્ઞાન લેવાની ઇચ્છાને ભાવ કહેવો ? ઇચ્છા તો રાગ છે – વિકાર છે – સ્વભાવને બાધક છે. ઇચ્છાને ભાવ કહેવો કે આત્માના ભાન સહિત અંદર રમણતારૂપ શુદ્ધોપયોગને ? સ્વભાવના ભાન સહિત સ્વરૂપમાં ક્રમે ક્રમે એકાગ્રતા થાય તેને ભાવ કહેવાય છે. જેટલી સ્વરૂપ રમણતા પ્રગટી છે તેટલી ભાવના નિરંતર હોય જ છે અને જેટલી બાકી છે તેટલી હજી વાર લાગે છે – જેટલો રાગ બાકી રહ્યો છે તેને લઈને અવિરતિ છે, કર્મનું જોર છે માટે અવિરતિ રહે છે એમ નથી.

તે અવિરતિનો ભાવાસ્રવ કેવો છે ? અભ્યંતરમાં સ્વભાવની એકાગ્રતાથી ઉત્પન્ન જે સુખરૂપ અમૃત તેમાં જે રતિ એટલે કે સ્વરૂપમાં વિશેષ લીનતા તે વિરતિ છે અને તેનાથી વિલક્ષણ અર્થાત્ આત્મા જ્ઞાયક છે તેની લીનતાથી વિલક્ષણ વિષયાદિની વાસના થાય તે અવિરતિ અર્થાત્ આસક્તિ છે.

સ્વરૂપમાં એકાગ્ર થવું તે પોતાનું કાર્ય છે તેનાથી જે ઊલટો ભાવ તેને છોડવાનો ભાવ નથી થતો તેને અવિરતિ કહે છે. આત્માની પર્યાયમાં અવિરતિ આદિ ભાવ-આસ્રવ છે, તેને જાણ્યા વિના તે રહિત ત્રિકાળી સ્વભાવની દૃષ્ટિ થઈ શકે નહિ.

જ્ઞાનીને પણ જ્યાં સુધી અમુક વિશેષ અંતર સ્થિરતા કરીને આનંદનો વિશેષ અનુભવ ન થાય ત્યાં સુધી સહજ - હઠ વિના - ત્યાગનો ભાવ આવતો નથી, યાવજ્જીવન બ્રહ્મચર્ય પાળવાનો ભાવ – અમુક વાસનાનો ત્યાગ સહજ આવતો નથી તેને પરિણતિમાં હઠ નથી, પ્રતિજ્ઞામાં ડામાડોળ ન થાય – એવો નિશ્ચળભાવ નથી થતો તેને અવિરતિ કહે છે.

ચોથા ગુણસ્થઆને આસક્તિના ભાવ પોતાની અસ્થિરતાના કારણે હોય છે ને પોતાની નબળાઈને લઈને થાય છે, પણ કર્મને લઈને થાય છે એમ કહ્યું નથી.

# પૂર્ણ સ્વાતંત્ર્યના સંદેશ દાતા પરમ પૂજ્ય સદ્ગુરુદેવશ્રીનો જય હો ! જય હો !

❖❖❖

**આસો વદ ૩, સોમવાર, ૬-૧૦-૫૨**

આસ્રવનું સ્વરૂપ ચાલે છે. આસ્રવ એ જીવની મલિન પર્યાય છે. તે મલિનતા જીવની પોતાની યોગ્યતાને કારણે છે. તે પરને લઈને હોય તો તે કાયમ રહ્યા કરે - તે ટળે નહિ. જો મલિનતા એક જ પ્રકારની હોય તો મલિનતાનું ભાન થતાં જ તે ટળી જવી જોઈએ, તરત જ મુક્તિ થઈ જવી જોઈએ, પણ એમ નથી; તે મલિનતામાં પાંચ પ્રકાર પડે છે.

પ્રશ્ન :– મલિનતા ક્યાં રહેતી હશે ?

ઉત્તર :– મલિનતા આત્માની પર્યાયમાં પોતે કરે છે. પર્યાયમાં પરમાનંદ પ્રગટ હોય તો રખડવાનું કે તેને ટાળવાનું રહેતું નથી. માટે તે મલિનતાના પાંચ પ્રકાર તેની પર્યાયમાં છે. તેમાં મિથ્યાત્વની વાત આવી ગઈ છે.

(૨) **અવિરતિ :–** અભ્યંતરમાં નિજ પરમાત્માના સ્વરૂપની ભાવનાથી ઉત્પન્ન જે પરમ સુખરૂપ અમૃત તેમાં જે રતિ – પ્રીતિ તે વિરતિ અને તેનાથી વિલક્ષણ તે અવિરતિ અને બાહ્ય વિષયમાં પાંચ મહાવ્રત નગ્નદશા આદિ દશા સહજ ન હોય તો સમજવું કે તે અવિરતિ છે. બાહ્યવસ્ત્ર - પાત્ર હોય તો સમજવું કે તે અવિરતિ છે – મુનિપણું નથી.

પરમાત્માની ભાવનાથી ઉત્પન્ન જે આનંદ, તેની પ્રીતિનો અભાવ તે અભ્યંતર અવિરતિ અને બાહ્યમાં ઉપાધિ - વસ્ત્રપાત્ર છૂટ્યાં ન હોય તે બાહ્ય અવિરતિ છે. અભ્યંતર અને બાહ્ય એમ બબ્બે લક્ષણ લીધાં છે.

(૩) **પ્રમાદ** :– અભ્યંતરમાં પ્રમાદ રહિત ભગવાનઆત્મા છે. શુદ્ધ જ્ઞાયકસ્વભાવી છે તેના આનંદમાંથી ચળવું તે અભ્યંતર પ્રમાદ છે અને બાહ્યમાં ૨૮ મૂળગુણ તથા ઉત્તરગુણમાં અતિચાર ઉત્પન્ન કરવા તેને પ્રમાદ કહે છે.

(૪) **યોગ :–** નિશ્ચયથી આત્મા કંપન વિનાનો છે. આ શરીર, વાણીની વાત નથી. કંપન થાય તે આત્માનો સ્વભાવ નથી. કંપન થાય છે તેને અભ્યંતરયોગ કહે છે. વીર્યાંતરાયના ક્ષયોપશમથી ઉત્પન્ન થનારું કંપન તેને યોગ કહે છે.

**(૫) કષાય :–** અભ્યંતરમાં પરમ શાંતસ્વભાવ તથા કેવળજ્ઞાન, આનંદ આદિ સ્વભાવસહિત

પરમાત્માનું સ્વરૂપ છે તેમાં ક્ષોભને ઉત્પન્ન કરે તેને કષાય કહે છે અને બાહ્ય ક્રૂરતા આદિ થાય તેને બાહ્યકષાય કહે છે.

આ આસ્રવ હેય છે પણ તેને જાણવો જોઈએ. આ પૂર્વોક્ત ભાવાસ્રવ છે તે અરૂપી – ઉદય-મલિન ભાવ છે. ધર્મી થવાના કામીએ આનું યથાર્થ જ્ઞાન કરવું જોઈએ એમ સિદ્ધાંત ચક્રવર્તીએ 'विण्णेया' શબ્દ મૂકીને કહ્યું છે. સાત પદાર્થનું જ્ઞાન હોવું જોઈએ. આ જ્ઞાન થાય તો – વ્યવહાર પહેલાં થાય તો નિશ્ચય થાય એમ નથી પણ પ્રથમ આવું જ્ઞાન હોવું જોઈએ.

મિથ્યાત્વાદિના ક્રમથી પાંચ ભેદ છે.

'ષટ્‌ખંડઆગમ' 'શ્રી ધરસેનાચાર્ય' મહારાજે 'પુષ્દંત'-'ભૂતબલિ'મુનિને ભણાવ્યું હતું. તેમાંથી 'ગોમ્મટસાર' 'સિદ્ધાંત ચક્રવર્તી' એ બનાવ્યું છે. તે 'ગોમ્મટસાર'ની ગાથા અહીં આધાર તરીકે લીધી છે.

મિથ્યાદૃષ્ટિના પાંચ ભેદ છે. અભેદમાં આ પાંચ ભેદ નથી પણ પર્યાયમાં ભૂલ છે તેના આ પાંચ ભેદ છે.

**(૧) એકાંત મિથ્યાત્વ :–** બૌદ્ધમતવાળા એકાંત મિથ્યાદૃષ્ટિ છે. તેણે દરેક આત્માને ક્ષણિક માન્યો છે તે એકાંત છે. જેણે કૂટસ્થ-નિત્ય માન્યો છે તે પણ એકાંત છે. એકલો આત્મા માને, ભેદ-અભેદસ્વરૂપ છે તેને ન માને તે બધા એકાંત ગૃહીત મિથ્યાદૃષ્ટિ છે. જન્મ્યા પછી નવું ધારેલું છે.

**(૨) વિપરીત મિથ્યાત્વ :–** હવનમાં બોકડા હોમવાથી, ઘી હોમવાથી હવા શુદ્ધ થશે, તેથી વરસાદ થશે એવી અજ્ઞાનીઓની ભ્રમણા છે. જન્મ્યા પછી આવી નવી ઊંધી રુચિ થઈ ગઈ છે, અનાદિનું મિથ્યાત્વ તો છે, અને આ નવું ગ્રહ્યું છે.

**(૩) વિનય મિથ્યાત્વ :–** બધાનો વિનય કરવો, કુગુરુનો વિનય કરવો તે વિનય મિથ્યાત્વ છે. અત્યારે કેટલાક લોકો ખીજડાપંથી – વિનયપંથી છે. તેઓ 'બધાને પગે લાગો' 'નમ્યો તે પ્રભુને ગમ્યો' – એમ માને છે અને કૂતરો સામો મળે તો કૂતરાને અને ગધેડો મળે તો તેને પણ પગે લાગે છે, તે વિનય મિથ્યાત્વી છે. પ્રણામપ્રવર્જ્યાવાળા પણ 'બધાને પગે લાગો' એમ માને છે. અથવા જૈનમાં રહીને 'ગુરુની કૃપા થશે તો મુક્તિ થશે' એમ માનવું તે પણ વિનય મિથ્યાત્વ છે.

શાસ્ત્રમાં 'વિનય એ ધર્મનું મૂળ છે' – ઇત્યાદિ કથન આવે પણ પોતાથી સમજે તો તેના નિમિત્તમાં કોણ છે તેની નિમિત્તથી વાત છે.

**(૪) સંશય મિથ્યાત્વ :–** ઇન્દ્રાચાર્ય કે જે શ્વેતાંબર ગુરુ હતા તે સંશય મિથ્યાત્વી છે. શ્વેતાંબર સ્ત્રી આદિને મોક્ષ નથી છતાં તેમને મોક્ષ માને છે. માટે તેમને વિપરીત મિથ્યાત્વમાં પણ લીધા છે. રાગથી ધર્મ થતો હશે કે વીતરાગતાથી ધર્મ થતો હશે ? રાગથી સંસાર થાય અને રાગથી સંસારપરિત પણ થાય – એમ બેય માને છે માટે સંશય મિથ્યાત્વ છે.

**(૫) અજ્ઞાન મિથ્યાત્વ :–** મશ્કરી આદિ અજ્ઞાન મિથ્યાત્વી છે. તેમ જ બહુ જાણવું શું – જાણે તે તાણે – બાળાભોળાના પરમેશ્વર – આંધળાની ગાયના અલ્લા રખવાળ – માટે આપણે અજ્ઞાની રહેવું. બહુ ચીપાચીપ ન કરવી – એમ જે માને છે તેને અહીં અજ્ઞાન મિથ્યાત્વ કહ્યું છે. દેવ-ગુરુ-શાસ્ત્રનું, નવ તત્ત્વનું, બધાનું જ્ઞાન હોવું જોઈએ. મને ખબર નથી એમ માનીશ તો રખડીશ, ખબર વગર ઝેર ખાઈશ તો મરીશ.

એ પ્રમાણે મિથ્યાત્વના પાંચ પ્રકાર છે.

હવે અવિરતિના પાંચ ભેદ છે તે કહે છે :– હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મચર્ય અને પરિગ્રહમાં ઇચ્છા થવી – એમ અવિરતિના પાંચ પ્રકાર છે. અથવા આ જ અવિરતિના પાંચ ઇન્દ્રિય તથા મનની પ્રવૃત્તિરૂપ છ ભેદ તથા છકાયના જીવોની વિરાધનારૂપ છ ભેદ એમ બન્ને મળીને – બાર પ્રકાર છે.

પ્રમાદના પંદર ભેદ છે. ૪ વિકથા = સ્ત્રીકથા, રાષ્ટ્રકથા, ભોજનકથા, રાજકથા – રાગથી કથા કરવી તે પ્રમાદ છે; ૪ કષાય = સંજવલનના ક્રોધ, માન, માયા, લોભ; ઇન્દ્રિયોના વિષયો ૫, નિદ્રા ૧ અને રાગ ૧ – એમ પ્રમાદના પંદર ભેદ છે.

યોગ = આત્માનું કંપન તે યોગ છે પણ અહીં શરીર, મન, વાણીની ક્રિયાને વ્યવહારથી યોગ કહ્યો છે. તેના ત્રણ પ્રકાર છે અને વિસ્તારથી ૧૫ પ્રકાર છે :– મનોવ્યાપારના ૪, વચનવ્યાપારના ૪ અને કાયવ્યાપારના ૭ એમ ૧૫ ભેદ છે.

કષાય = ક્રોધ, માન, માયા, લોભ એ ભેદથી કષાય ચાર પ્રકારનો છે અને વિસ્તારથી - ૧૬ કષાય, ૯ નોકષાય એવા ભેદોથી - પચ્ચીસ પ્રકારનો છે.

પૂર્વોક્ત ભાવાસ્રવના આ ભેદ પડે છે. તેને યથાર્થપણે જાણવા જોઈએ. પર્યાયમાં છે પણ ત્રિકાળી સ્વરૂપમાં તે નથી.

હવે તે મલિનતાના નિમિત્તે જે રજકણો – આવરણ આવ્યા તેની વ્યાખ્યા કરે છે.

**ગાથા–૩૧**

**णाणावरणादीणं जोग्गं जं पुग्गलं समासवदि।**
**दव्वासवो स णेओ अणेयभेओ जिणक्खादो।।३१।।**

જ્ઞાનાવરણાદિ કર્મને યોગ્ય. મૂળ પાઠમાં **'जोग्गं'** શબ્દ છે. તેને યોગ્ય છે તે આવે

છે. આત્માના પરિણામનું નિમિત્ત છે માટે આવવું પડ્યું – એમ નથી. વિકારી પરિણામના નિમિત્તે જડ પરમાણુઓ આવે તેને દ્રવ્યાસ્રવ – જડાસ્રવ કહે છે.

હવે જ્ઞાનાવરણાદિના પ્રકાર કહે છે.

**જ્ઞાનાવરણ :–** જ્ઞાન શબ્દથી કહેવા યોગ્ય પરમાત્મા છે. તે અનંત ગુણનો આધાર જે જ્ઞાન એટલે કે આત્મા, તેને જે આવરણ કરે તે જ્ઞાનાવરણ છે. આ અભેદ અપેક્ષાથી કથન છે. જ્ઞાનાવરણ કહો કે આત્માવરણ કહો – તે આત્માને આવરણ કરે – ઢાંકે તે જ્ઞાનાવરણ છે. આ નિમિત્તનું કથન છે. ખરેખર પોતાની દશામાં જ્ઞાનની હીણી દશા થઈ – ઉગ્રપણે પોતે પુરુષાર્થ ન કર્યો ત્યારે કર્મે ઢાંક્યું – એમ કહેવાય.

**દર્શનાવરણ :–** જે આત્માના દર્શનગુણના પર્યયાનો ઘાત કરે તેને દર્શનાવરણકર્મ કહે છે.

**વેદનીય :–** જે આત્માના અવ્યાબાધગુણના પર્યાયનો ઘાત કરે તેને વેદનીયકર્મ કહે છે.

**મોહનીય :–** જે આત્માના આનંદ-સુખને ઘાતે તેને મોહનીય કહે છે.

**આયુ :–** જે આત્માને નારક, તિર્યંચ, મનુષ્ય, દેવના શરીરમાં રોકી રાખે તેને આયુકર્મ કહે છે, અર્થાત્ આયુકર્મ આત્માના અવગાહનગુણને ઘાતે છે.

**નામ :–** જે જીવને ગતિ વગેરે જુદા જુદારૂપે પરિણમાવે અથવા શરીરાદિક બનાવે – આત્માના સૂક્ષ્મત્વગુણને ઘાતે તેને નામકર્મ કહે છે.

**ગોત્ર :–** ઉચ્ચ-નીચગોત્રની સ્વભાવમાં યોગ્યતા નથી, પર્યાયમાં જેના નિમિત્તે ઉચ્ચ-નીચપણું થાય તેને ગોત્રકર્મ કહે છે.

**અંતરાય :–** વીર્યાદિને હણવામાં જે નિમિત્ત થાય તે અંતરાયકર્મ છે.

જેટલા પ્રમાણમાં ચીકાશ તેટલા પ્રમાણમાં ધૂળ ચોંટે, ભગવાનઆત્મા કષાય રહિત છે એવા શુદ્ધ આત્માના જ્ઞાનથી રહિત છે તેને કર્મવર્ગણાયોગ્ય પુદ્ગલ આવે છે. તેને જ્ઞાનાવરણ આદિ કર્મ કહે છે. અહીં તો શુદ્ધ ભગવાન ચિદાનંદનું ભાન નથી તેને આવરણ આવે છે.

સમ્યગ્દૃષ્ટિને આસ્રવ-બંધ નથી, અજ્ઞાનીને જ છે. અજ્ઞાની કહે છે કે ૧૦મા ગુણસ્થાન સુધી ૬ પ્રકૃતિનો આસ્રવ-બંધ તો થાય છે. પણ ભાઈ ! દૃષ્ટિના જોરમાં દ્રવ્યનો સ્વભાવ એકરૂપ છે તે જ્યારે સાબિત કરે ત્યારે એકમાં અનેકતા હોય નહિ. શુદ્ધ-બુદ્ધ એક સ્વભાવમાં અનેકતાની પર્યાયની ઉત્પત્તિ હોવા છતાં તે ગૌણ છે. માટે એકતાના જોરમાં અનેકતા નથી એમ કહી દીધું. અકષાય છઠ્ઠા ગુણસ્થાનની દશા થાય ત્યારે વસ્ત્ર-પાત્રની વૃત્તિ ન રહે – એ વાત પણ કરી, પણ જે સ્થાને જે વાત હોય તે કરે. સમ્યગ્દૃષ્ટિને બંધન નથી એમ કહ્યું તે દૃષ્ટિની અપેક્ષાએ કહ્યું છે. અત્યારે તે વાત નથી. કેમકે અહીં પર્યાયનું જ્ઞાન કરાવવું છે.

જે કર્મ આવે તેને દ્રવ્યાસ્રવ કહે છે. તેના મૂળ પ્રકૃતિના આઠ ભેદ છે અને ઉત્તર પ્રકૃતિના જ્ઞાનાવરણીયના ૫, દર્શનાવરણીયના ૯, વેદનીયના ૨, મોહનીયના ૨૮, આયુના ૪, નામના

૯૩ અને અંતરાયના ૫ – એમ ૧૪૮ ભેદ છે.

તેમાં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય તે ઠેઠ ૧૨ સુધી છે અને ૧૦મા સુધી આવે છે, છતાં દૃષ્ટિના જોરમાં કહી દીધું કે જ્ઞાનીને તે આવતાં નથી.

એ પ્રમાણે ૧૪૮ પ્રકૃતિનો નાશ થવાથી તે સિદ્ધ થાય છે.

આ કથન શ્રી જિનેન્દ્રદેવે કહ્યું છે.

ગાથા–૩૨

**बज्झदि कम्मं जेण दु चेदणभावेण भावबंधो सो।**
**कम्मादपदेसाणं अण्णोण्णपवेसण इदरो।।३२।।**

**અર્થ :–** ભગવાન આત્મા ચિદાનંદ જ્ઞાયકસ્વભાવી છે તેને ચૂકી વિકારમાં અટકે તેને ભાવબંધ – ભાવજેલ કહે છે. ચૈતન્ય સ્વભાવને ભૂલીને જેટલા દયા-દાનના વિકલ્પ કરે છે તેમાં આત્માની શાંતિ લૂંટાય છે. તે ચૈતન્યભાવ તે ભાવબંધ છે.

આત્મા જાણનાર-દેખનાર સ્વભાવી છે. કોઈ પદાર્થ પોતાના સ્વભાવ વગરનો હોય નહિ. ગોળ ગળપણસ્વભાવી, લીંબુ ખટાશસ્વભાવી તેમ ચૈતન્યસ્વભાવી આત્મા છે તેને ચૂકી જેટલો વિકાર છે – જેટલો ચૈતન્યભાવ રોકાય છે તેટલો ભાવબંધ છે. ૧૨મા ગુણસ્થાને હીણી અવસ્થામાં ચૈતન્ય રોકાય છે માટે ત્યાં પણ ભાવબંધ સિદ્ધ થયો. ભલે રાગ-દ્વેષ નથી પણ અલ્પજ્ઞતામાં સ્વભાવ અટક્યો તે ભાવબંધ છે.

ભગવાનઆત્માએ જે વિકારની ભૂલ કરી તે ભાવબંધ છે અને એક ક્ષેત્રે જે રજકણો રહ્યા તેને દ્રવ્યબંધ કહે છે. તે વિકાર - ભાવબંધ ત્રિકાળ સ્વભાવમાં નથી – એમ જાણી તેનો આદર કરવો નહિ તે અહીં તાત્પર્ય છે.

## પ્રસાદ નં. – ૩૪૯

### વી. નિ સં. ૨૪૭૮, આસો વદ ૧૦, વર્ષ ૨જું. પુસ્તક બારમું, સોનગઢ, તા. ૧૩-૧૦-૫૨, સોમવાર.
### શ્રી દ્રવ્યસંગ્રહ ગાથા–૩૨
### (આસો વદ ૪, મંગળવાર, ૭-૧૦-૫૨ બપોર)

આ બંધનો અધિકાર ચાલે છે આત્માને બંધન બે પ્રકારે છે. નિશ્ચયથી ભાવનું બંધન છે અને વ્યવહારથી જડનું બંધન છે. આત્મા શુદ્ધ સ્વભાવી છે, તે સમજવા પહેલાં પર્યાયમાં અશુદ્ધતાના પડખાં ક્યા છે અને નિમિત્ત કોણ છે તે જાણવું જોઈએ. તેને જાણ્યા વિના અશુદ્ધતા ટળશે નહિ.

'શ્રી ગોમ્મટસાર'માં ચારે અનુયોગના આગ્રહીને કહ્યું છે તારા સાચા જ્ઞાન વિના ચરણાનુયોગ ફકત શુભ પરિણામ આપશે.

સૂક્ષ્મબુદ્ધિના આભાસી, તું આત્મા શુદ્ધ-શુદ્ધની વાતો કરે છે પણ તને શુદ્ધતાની યથાર્થ ખબર નથી, તને વસ્તુસ્થિતિની ખબર નથી. આત્મા, પુદ્‌ગલાદિ જડ, આત્માની પર્યાયમાં વિકાર, તેનાં નિમિત્ત દેવ-ગુરુ-શાસ્ત્ર એ બધાં પડખાં જાણ્યા વિના તને શુદ્ધતા પ્રગટશે નહિ. આત્મા-આત્મા કરે અને બીજાં વિશેષ પડખાંને જાણવાની તદ્દન અરુચિ બતાવે તો વિશેષતાના – અશુદ્ધતાના પ્રકાર જાણ્યા વિના શુદ્ધ આત્મા કેવો તે જાણી શકાશે નહિ.

જ્ઞાનાભ્યાસમાં મૂળ તત્ત્વ શું છે ? નવ તત્ત્વમાં નવે તત્ત્વ શું છે તે જાણ્યા વિના તથા સ્વના ભાન વિના નિષેધ કરશે શી રીતે ? માટે તેના નવ તત્ત્વના જ્ઞાનનો નિષેધ થાય નહિ - એ વગેરે પ્રકારે કહ્યું છે.

**વ્યાખ્યાર્થ :–** ચેતનના જે ભાવથી કર્મ બંધાય છે, તે ભાવબંધ છે. આત્મા છે, તેના જે ભાવના નિમિત્તે કર્મ આવે તે જડકર્મ છે કે નહિ ? આત્માની અવસ્થામાં રાગ-દ્વેષ-દયા-દાનાદિનો વિકાર થયો તેના નિમિત્તથી નવા જડ પુદ્‌ગલો આવ્યાં તે દ્રવ્યકર્મ છે.

વિકાર ચેતનનો ભાવ છે. આત્મા જ્ઞાનાનંદ સ્વભાવી છે તેને ચૂકીને જે ચેતનનો ભાવ

- મિથ્યાત્વ, દયા આદિ – વિકારરૂપે છે તે ભાવબંધ છે. તે આત્માનું મૂળ સ્વરૂપ નથી. તે વિકારના નિમિત્તથી જડ બંધાય છે તે દ્રવ્યકર્મ છે.

સંપૂર્ણ કર્મના બંધને નાશ કરવામાં સમર્થ તથા અખંડ પૂર્ણ પ્રત્યક્ષ જ્ઞાનસ્વરૂપ જે પરમ ચૈતન્ય આત્મા છે. તેમાં ખંડ પડે છે તે આત્માનું મૂળ સ્વરૂપ નથી.

સોનું સોળવલું જ હોય તેમ આત્મા જ્ઞાનસ્વભાવથી પૂરો છે. સ્વભાવમાં પૂરો તે 'ન જાણે' તેમ ન બને. તું ત્રિકાળી કેવડો છો ? એને ન માનવો તે મૂઢતા છે અને પર્યાયમાં ઓછો છે તે ન જાણ તો તે પણ અજ્ઞાન છે. પર્યાયમાં વિકાર છે તે બિલકુલ ન હોય તો પરમાનંદ પ્રગટ હોવો જોઈએ પણ વિકાર દુઃખ કાયમ રહે એવો વસ્તુનો સ્વભાવ હોઈ શકે નહિ.

એક જ્ઞાનસ્વરૂપ ચૈતન્યસ્વભાવ જેમાં ભેદ - અલ્પજ્ઞતા ન આવે એવો એક સ્વભાવ તે પરમ ચૈતન્યનો વિલાસ – એવા લક્ષણનો ધારક જે મારો જ્ઞાનગુણ છે તેના આધારભૂત આત્મા છે. કોઈ પણ વસ્તુ તેના ગુણ વિના ન હોય દરેક વસ્તુ તેના ગુણ વડે જુદી પડે છે, તો તું શેના વડે જુદો પડે છે ? જ્ઞાન વડે. ભાવબંધમાં અટકેલું જ્ઞાન અલ્પજ્ઞ છે. તે તારું સ્વરૂપ નથી તેને તોડી નાખનારો તારો સ્વભાવ અનંત શક્તિનો ધરનાર છે.

જ્ઞાન છે તેથી અસ્તિત્વગુણ સિદ્ધ થયો, જ્ઞાન પોતામાં રહે છે અને અન્યરૂપ થતું નથી તેથી અગુરુલઘુત્વગુણ સિદ્ધ થયો, જ્ઞાન અવસ્થામાં પલટે છે માટે દ્રવ્યત્વગુણ સિદ્ધ થયો – એમ એક જ્ઞાનગુણ થતાં અનંતગુણ સિદ્ધ થાય છે. એવા જ્ઞાનગુણનો આધાર આત્મા છે.

પરમ ચૈતન્ય વિલાસ લક્ષણવાળું જ્ઞાન છે; અભેદનયથી અનંતજ્ઞાન આદિ ગુણોનો આધારભૂત પોતાનો પરમાત્મા છે; અનંત જ્ઞાન આદિ સ્વરૂપ પરમાત્માની સાથે સંબંધ રાખનારી અનુભૂતિ છે. અહીં ત્રણ વાત લીધી છે. (૧) જ્ઞાનગુણ, (૨) તેનો આધાર પરમાત્મદ્રવ્ય, અને (૩) દ્રવ્ય સાથે સંબંધ રાખનાર અનુભૂતિ.

ગુણનો આધાર દ્રવ્ય છે અને દ્રવ્ય સાથે સંબંધ રાખનારી અનુભૂતિ તે પરમાત્મા સાથે સંબંધ રાખવાવાળી છે. તે કોઈ વ્યવહાર, નિમિત્ત કે દેવ-ગુરુ-શાસ્ત્ર આદિ પર સાથે સંબંધ રાખવાવાળી નથી.

જેમ જગતના પદાર્થો છે તેમ આત્મા પણ છે. ઘટ-પટની જેમ આત્મા પણ પદાર્થ છે. તે પોતાના ગુણ વડે બીજાથી જુદો પડે છે. 'गुण्यते पृथक्क्रियते द्रव्यं द्रव्यान्तराद्यैस्ते गुणाः' જેમ લાકડામાં તરવાનો ગુણ છે તેમ આત્માનો ગુણ જ્ઞાન છે. આત્માનો તે જ્ઞાનસ્વભાવ કેવો છે ? તે જ્ઞાનસ્વભાવ સંપૂર્ણ કર્મોનો નાશ કરવાને સમર્થ છે. આત્માના અનંત ભાવોમાં જાણનાર એક જ્ઞાન છે. તે જ્ઞાન શેમાંય બંધાય ? પેટીમાં વસ્તુ મૂકી હોય તો તે વસ્તુ બંધાય પણ જ્ઞાન બંધાય છે ? જ્ઞાન બંધાતું નથી. પર્યાયમાં જ્ઞાન અટકે છે, તે ખરેખર તેનો સ્વભાવ નથી. રાગમાં અટક્યો છે એવો ખ્યાલ તે ખરેખર બંધાયો નથી પણ અજ્ઞાનીને ભ્રાંતિ થાય છે કે 'હું બંધાયો છું' એવી માન્યતા કરી છે તેથી તે સંસારમાં ભ્રમણ કરે છે.

આ કર્મ છે – આ રાગ છે એમ ખ્યાલમાં આવ્યું ત્યાં અહો ! આ જ્ઞાનસ્વરૂપ આત્મા તો જાણનારો છે, તે બંધરૂપ નથી, અટકનારો નથી. એવો જ્ઞાનસ્વભાવી હું આત્મા છું, તે ખરેખર બંધાતો નથી.

અહીં ગુણથી વાત કરે છે. જ્ઞાન કે જે જાણનાર છે, તે બંધનમાં રહી શકે નહિ. જાણનાર છે તે પૂર્ણ, અબંધ, પ્રત્યક્ષ જ્ઞાનસ્વભાવી ચૈતન્ય વિલાસસ્વરૂપ એક જ્ઞાન છે, તે ગુણ છે અને તેનો આધાર આત્મા તે આત્મા છે, અભેદ વિવક્ષાથી તે આત્મા અનંત ગુણનો આધાર છે, એવું જેણે માન્યું તેણે આત્માને રાગનો કર્તા, રાગમાં અટકનાર – બંધાયેલો ન માન્યો પણ અનંત ગુણનો આધાર એવો જે આત્મા તેને પકડ્યો. અનંત ગુણવાળો આત્મા છે તેની સાથે અનુભૂતિ સંબંધ રાખે છે.

જ્ઞાન રાગમાં અટકે તે બંધનું કારણ છે અને જે જ્ઞાન રાગમાં ન અટકે અને અનુભૂતિ આત્મા સાથે સંબંધ રાખનારી છે – આવું કહેનાર તે સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર છે પણ જે એમ કહે કે તારો સંબંધ રાગ સાથે, બંધ સાથે છે તે સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર નથી. રાગમાં, બંધમાં એક થઈને જાણે તે સાચું જ્ઞાન ન કહેવાય. વ્યવહારને અને નિમિત્તને અડોઅડ થઈને જાણવા માગે તો જાણી ન શકાય.

બંધને જાણનારો હું છું, એવું જાણનાર જે જ્ઞાન, તેનો આધાર જે આત્મા, તેનો સંબંધ રાખવાવાળી નિર્મળ અનુભૂતિ છે. ગુણથી દ્રવ્યને લઈ અને દ્રવ્ય સાથે સંબંધ રાખવાવાળી અનુભૂતિ છે – એમ અહીં ત્રણ વાત લીધી છે.

આ શાસ્ત્રમાં નિશ્ચય-વ્યવહાર બન્નેની સાથે વાત કરી છે. કોઈ નિશ્ચય એકલું ન ખેંચી જાય માટે સાથે-સાથે બતાવે છે.

રાગનો બંધ છે એમ જે તારા ખ્યાલમાં આવ્યું તે જ્ઞાન કંઈ ભૂલવાળું નથી. તેમ જ્ઞાન થયું તેથી રાગ આવી ગયો નથી, માટે તે જ્ઞાન તારો સ્વભાવ છે. તેનો આધાર તારો પરમાત્મા છે. તેની સાથે સંબંધ રાખવાવાળી અનુભૂતિ છે. આ અનુભૂતિ તે ધર્મ છે.

પરમાત્મસ્વરૂપ દ્રવ્ય છે, અનુભૂતિ પર્યાય છે - ધર્મ છે અને જ્ઞાનસ્વભાવ પરમાત્માનો ગુણ છે – એમ દ્રવ્ય-ગુણ-પર્યાયનું કથન કર્યું.

પરમાત્મા સાથે સંબંધ રાખે છે તે ચૈતન્યની અનુભૂતિને અનાદિથી ચૂકેલો છે. પરમાત્માથી લાભ ન થતાં પુણ્ય – વ્યવહારથી લાભ માનવો, એવી અનુભૂતિથી વિપરીત તે પરિણતિને ભાવબંધ કહે છે. એટલે ખરેખર અહીં મિથ્યાદૃષ્ટિને ભાવબંધ ગણ્યો છે કેમકે ભાન થયા પછી અલ્પ બંધન થાય તેને બંધનમાં ગણ્યું નથી. સ્વભાવની અધિકતા થઈ ત્યાં અધિકતાને જ ગણી છે. જે અલ્પ રાગ-દ્વેષનો ભાવબંધ છે તે સમ્યગ્દૃષ્ટિને ગણ્યો નથી.

ગુણનો ધરનાર ભગવાનઆત્મા તેને સંબંધ રાખનારી અનુભૂતિ તેની અધિકતાને લીધે અલ્પ રાગ-દ્વેષના ભાવબંધને અહીં ગણ્યો નથી. પણ અનુભૂતિને ચૂકીને, પરમાત્મા સાથે સંબંધ

રાખનારી રુચિ છૂટી, મિથ્યાત્વ મલિન વિરુદ્ધ ભાવ મિથ્યાદૃષ્ટિને છે તેને અહીં ભાવબંધમાં ગણ્યો છે.

એકને આધારે સંબંધ રાખનારી અનુભૂતિ છે.

(૧) ગુણની, (૨) દ્રવ્યની, (૩) અનુભૂતિની અને તેનાથી રહિત (૪) વિકારનો ભાવબંધ છે, એમ ચાર વાત કરી.

હવે દ્રવ્યબંધની વાત કરે છે. 'कम्मादपदेसाणं अण्णोण्णपवेसणं इदरो' કર્મ અને આત્માના પ્રદેશોનું પરસ્પર એકક્ષેત્રે ભેગું રહેવું તે બીજો અર્થાત્ દ્રવ્યબંધ છે. પહેલો ભાવબંધ અને બીજો દ્રવ્યબંધ. બીજો કહ્યો એટલે સમયભેદ નથી. બે બન્ને એક જ સમયે.

આત્માના વિકારી ભાવના નિમિત્તથી જડ પુદ્‌ગલોનું આત્માના પ્રદેશો સાથે રહેવું તેને જડબંધ કહે છે. આત્મા અરૂપી સ્વભાવને ચૂક્યો તે ભાવબંધ તે નિમિત્ત અને તેની યોગ્યતાના કારણે જડકર્મો બંધાયાં તે નૈમિત્તિક - તે દ્રવ્યબંધ છે. આત્માના પ્રદેશો અને કર્મ રજકણો દૂધ-જળની માફક એક બીજા સાથે એક ક્ષેત્રાવગાહે રહે તેને દ્રવ્યબંધ કહે છે.

અત્યારે તો દ્રવ્યબંધને બીજો કહેવો છે. ખરેખર તો ભાવબંધ પણ બીજો છે. ચૈતન્યનું ત્રિકાળી શુદ્ધ સ્વરૂપ તે એક અને પર્યાયમાં રાગ તે આત્માથી બીજો છે. જેમ સ્ફટિકની સ્વચ્છતા તે એક અને લાલ ઝાંય તે સ્ફટિકના સ્વરૂપથી બીજી છે. તેમ રાગ આત્માના સ્વરૂપથી બીજો છે. પણ અહીં જ્યાં ભાવબંધને પહેલો કહ્યો છે એટલે તેનાથી જુદો પાડવા દ્રવ્યબંધને બીજો કહ્યો છે.

અહીં ટીકામાં 'संश्लेष' શબ્દ છે તેનો અર્થ એમ છે કે આત્મા અને કર્મનું નિમિત્ત-નૈમિત્તિક સંબંધરૂપે રહેવું. તે રૂપે રહેવું તે દ્રવ્યબંધ છે.

હવેની ગાથામાં બંધના પ્રકૃતિબંધ આદિ ચાર ભેદોને તથા પ્રકૃતિબંધ આદિના કારણને કહે છે.

**ગાથા-૩૩**

**पयडिट्ठिदिअणुभागप्पदेसभेदादु चदुविधो बन्धो।**
**जोगा पयडिपदेसा ठिदिअणुभागा कसायदो होंति।।३३।।**

હવે કહે છે કે કર્મમાં પ્રકૃતિ = સ્વભાવ, સ્થિતિ = કાળ, અનુભાગ = રસ, પ્રદેશ = કર્મોની સંખ્યા – તેના ભેદથી કર્મ ચાર પ્રકારના છે.

જેવા જડમાં પ્રકૃતિ બંધ આદિ ચાર પ્રકાર છે, તેમ જીવના ભાવબંધમાં તેવા ચાર પ્રકારની યોગ્યતાનું બંધન છે. નિગોદમાં પણ તેમ જ છે. જેટલા પ્રકાર કર્મમાં છે તેટલા જ પ્રકાર અહીં જીવના ભાવમાં છે. જેટલા પ્રકાર દ્રવ્યકર્મમાં છે તેટલા જ પ્રકાર જીવની યોગ્યતામાં પડે છે. પર્યાયની બંધનની લાયકાત તેટલા જ પ્રકારની તેટલા જ પ્રમાણમાં છે. અરિસાની સામે જેમ નામાં મોટા, નાળિયેર, જાંબુ વગેરે હોય છે તે પ્રકારની જ પર્યાયની યોગ્યતા હોવાથી અરિસો તે રૂપે પરિણમી જાય છે.

યોગના નિમિત્તથી કર્મમાં પ્રકૃતિ અને પ્રદેશબંધ પડે છે.

કષાય એટલે મિથ્યાત્વ અને રાગ-દ્વેષથી કર્મમાં સ્થિતિ અનુભાગ પડે છે,

નિમિત્તને અનુરૂપ સામે નૈમિત્તિક પર્યાય હોય, પણ તે નિમિત્તથી થયેલી નથી. જાંબુને અનુરૂપ દર્પણની પર્યાય છે. જાંબુ નિમિત્ત અને દર્પણની પર્યાય નૈમિત્તિક છે છતાં કોઈને લઈને કોઈ નથી. છતાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધ સંસારમાં અનિવાર્ય છે. જો તે ન હોય તો સંસાર સિદ્ધ થાય નહિ. તેનું સ્વરૂપ શું છે ? તે આગળ વિશેષતાથી બતાવશે.

### આસો વદ ૫, બુધવાર, ૮-૧૦-૫૨

બંધ ચાર પ્રકારનો છે. આત્મા વસ્તુ તો અરૂપી છે, સ્વભાવથી તે અબંધ છે પણ પર્યાયમાં સ્વભાવને ભૂલીને જ્ઞાન-દર્શનની હીણી અવસ્થા અથવા વિપરીત અવસ્થા થાય તેને અહીં ભાવબંધ કહે છે. આ આત્મા વસ્તુ મૂળ સ્વભાવે અંતરંગ ચૈતન્યસ્વભાવી નિર્મળ છે. તે વસ્તુ શી રીતે બંધાય ? વસ્તુ બંધાય તો વસ્તુનો અભાવ થઈ જાય. બહુ તો અવસ્થામાં બંધન થાય. મૂળ વસ્તુ બંધાય નહિ, પણ વર્તમાન પર્યાયમાં શુદ્ધતા - પૂર્ણતા પ્રગટ ન દેખાય તેને આવરણ કહીએ છીએ.

વસ્તુની ભૂલ થતાં તેને પર્યાયમાં ભાવબંધ હોય અને તે ભાવબંધ પર્યાયને જડબંધનો સંબંધ હોય પણ વસ્તુને જડબંધનો સંબંધ ન હોય. આત્મા વસ્તુ છે કે નહિ ? તે છે તે જાણનાર સ્વભાવવાળી છે. તે નહોતી ને નાશ થશે – એમ નથી માટે તે છે અને રહેશે એટલે વસ્તુ હોય તે કોઈ દિવસ ન હોય અને તેનો કદી નાશ થાય એમ બને નહિ. માટે વસ્તુ હોય તેને બંધાવું – આવરણ શું ? માટે અકારણીય આનંદવાળી વસ્તુ છે તેને બંધન નથી પણ પર્યાયમાં જે ભૂલ થઈ છે કે – પૂર્ણ આનંદ પ્રગટ કરી શકું એવો હું નહિ, અનંત જ્ઞાનવાળો હું નહિ, દર્શનશક્તિવાળો નહિ, અનંત વીર્યવાળો હું નહિ – એમ ચારે ઘાતી સામે

ચારે ગુણ આવી ગયા.

તે વિકારી દશાને અને જડબંધને સંબંધ છે પણ વસ્તુને અને જડબંધને સંબંધ નથી. તારી પર્યાયમાં હીનતા વર્તે તે ભાવબંધ છે અને તે ભાવબંધને નિમિત્ત જડબંધ છે.

વસ્તુ છે તેને આવરણ નથી અને જે વસ્તુ જેવી છે તેવી પર્યાયમાં જ્ઞાન-દર્શન-વીર્યપણે ન આવે ત્યાં સુધી પર્યાયમાં હીણી - વિકારીપણે - ભાવબંધપણે પરિણમે છે.

શિષ્યને પ્રશ્ન થાય કે આત્માની પર્યાયમાં પૂર્ણ વિકાસ નથી માટે નિમિત્ત કર્મ છે. તે કર્મનો સ્વભાવ શું ? એમ જિજ્ઞાસાવાળાને આચાર્ય ભગવાન ઉત્તર આપે છે.

વસ્તુ તે હું કોણ છું ? ક્યાંથી આવ્યો ? આ પરાધીનતા તે શું છે ? તેને ટળાવનાર કોઈ શાસ્ત્ર હશે ? આવી જિજ્ઞાસા ધરાવીને જે આવ્યો હોય તેને શ્રોતા કહેવાય છે અને અહીં જિજ્ઞાસાવાળો શ્રોતા લીધો છે. હું છું કોણ ? અને જો હું છું તો મારામાં શાંતિ કેમ દેખાતી નથી ? અને પર્યાયમાં જો અશાંતિ છે તો તેને નિમિત્તપણે રોકનાર કોણ છે ?

તું છો કોણ ? વર્તમાન આ ચારિત્ર દેખાય છે તે શું છે ? જિજ્ઞાસા અને કાર્યનો આંતરો શો ? માટે પરાધીનતા દેખાય છે તેને ટાળવાનો ઉપાય શો ? તો બંધન શું છે ? તેને ટાળવાનો ઉપાય શું છે ? એમ દુઃખ લાગતું હોય અને તેને ટાળવાનો જિજ્ઞાસુ થયો હોય એવા શિષ્યની અહીં વાત છે.

હે પ્રભુ ! આત્માનો જ્ઞાનસ્વભાવ, તેમાં અટકેલી જે દશા, તેમાં નિમિત્ત જે જડકર્મ છે તેનો સ્વભાવ શું છે ? તેનો ઉત્તર : જેમ પ્રતિમા આડું વસ્ત્ર આવે તો તે દેખાય નહિ તેમ ભગવાનઆત્મા પોતાના જ્ઞાનસ્વભાવ વડે આખો જણાવો જોઈએ પણ તે જણાતો નથી તો તેમાં નિમિત્ત એક જ્ઞાનાવરણીય કર્મ છે. ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપ ત્રિકાળી વસ્તુ છે તેને પ્રત્યક્ષ જાણવો જોઈએ પણ તે જણાતો નથી માટે તેમાં નિમિત્ત જ્ઞાનાવરણીય કર્મ છે. જે પોતાથી ઢંકાવાની લાયકાતવાળું છે તેને જ્ઞાનાવરણીયનું નિમિત્ત કહેવાય છે. જ્ઞાનની પોતાની યોગ્યતા હીણારૂપે થવાની છે ત્યારે કર્મને નિમિત્ત કહેવાય છે. જેની પોતાની યોગ્યતા ન હોય તેને કોણ ઢાંકી શકે ? અગ્નિને કપડાથી ઢાંકવા માગે તો શું ઢાંકી શકે ? ના, કપડું અગ્નિ ન ઢાંકી શકે પરંતુ તે અગ્નિ કપડાને જ બાળી મૂકે.

સામાન્યપણે આખો આત્મા દેખાવો જોઈએ, મહાસામાન્યપણે અવલોકનમાં આખો આત્મા પણ દેખાવો જોઈએ તે દેખાતો નથી. તે પોતાના હીણા પરિણમનના કારણે છે પણ તેમાં નિમિત્ત દર્શનાવરણીય કર્મ છે. જેમ દ્વારપાળ રાજાના દર્શન કરવામાં રોકે છે તેમ. પણ જેનામાં રોકવાની યોગ્યતા હોય તેને દ્વારપાળ નિમિત્ત છે. જો કોઈ જોરદાર હોય તો તે દ્વારપાળને ગણે નહિ, સીધો રાજાને પોકાર કરે, તેમ જે ઉગ્ર પુરુષાર્થવાળો હોય તે સીધો જે દ્રવ્યશક્તિ છે તે વડે આત્માને દેખવા માટે પોકાર કરે છે તેમાં કર્મ નિમિત્ત નથી.

શાતા-અશાતા નામના બે ભેદ વેદનીય કર્મના છે. આનંદનો અનુભવ અનંત અવ્યાબાધ

જે પૂરો સ્વભાવ છે તેને પૂરો ન કરે તેમાં નિમિત્ત વેદનીય કર્મ છે. જેમ તરવારની ધાર ઉપર મધ ચોપડ્યું હોય તેને જીભ વડે ચાટતાં જીભ કપાઈ જાય તેમ વેદનીયકર્મના ફળમાં જોડાતાં અલ્પ સુખ જેવું લાગે પણ ત્યાં આત્માનો અનંત આનંદ લૂંટાય છે.

આત્માનો સ્વભાવ આનંદ ચૂકીને રોકાયો ત્યાં સામગ્રી મળતાં અલ્પ આનંદ પામે પણ ત્યાં સ્વભાવનો આનંદ લૂંટાય છે, દુઃખી થાય છે. વેદનીય તરફ જોડાણના કારણે બંધાયેલું કર્મ અને તેના ફળમાં મળેલો સંયોગ તેમાં જોડાવાથી જે આનંદ મળે તે મધ ચોપડેલ તરવારને ચાટવાથી મળતા સુખ જેવો છે.

મોહનીયકર્મ મદિરા પીનારની જેમ જીવમાં વિવેક રહેવા દે નહિ – તેમાં નિમિત્ત થાય છે. આ હેય છે, આ ઉપાદેય છે. આ સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર છે, આ ખોટાં છે. તેનો કંઈ વિવેક રહે નહિ તેમાં મોહનીય કર્મનું નિમિત્ત છે. જીવોએ મોહરૂપી દારૂ પીધો છે. સંયોગીદૃષ્ટિ છોડવા જેવી છે તેને આદરવા જેવી માને છે. તે વિવેક રહિત છે. જેને મોહનો ભાવ નથી તેને કર્મ નિમિત્ત થતું નથી. જેને દારૂ પીવાનો ભાવ નથી તેને દારૂ પરાણે પાય તો તેને ચડતો નથી, તેમ જે પોતે મોહ – અવિવેક કરતો નથી તેને મોહનીયકર્મ નિમિત્ત થતું નથી.

જ્યાં સુધી મનુષ્યાદિ શરીરમાં રહેવાની સ્થિતિ હોય ત્યાં સુધી છૂટે નહિ તેમાં નિમિત્ત આયુકર્મ છે. આયુ શરીરમાં રહેવાની બેડી છે. બેડી સમાન શરીરમાં રોકવાનું નિમિત્ત તે આયુકર્મ છે. કોઈ કોઈને મારવા માટે બે રૂપિયાનું ઝેર આપે, શરીરની પીડાથી છૂટવા માટે બંદૂકની ગોળીએ મરણ માગે પણ જ્યાં સુધી આયુ હોય ત્યાં સુધી છૂટે નહિ.

નામકર્મ એક પ્રકૃતિ છે. જે નાના પ્રકારનાં શરીર છે, કબૂતર, સર્પ, મનુષ્ય, દેવ – વગેરે અનેક પ્રકારનાં શરીર છે. તે ચિતારાની માફક નામકર્મની પ્રકૃતિના નિમિત્તથી અનેક પ્રકારનાં શરીર થાય છે. વસ્તુ સ્વભાવની ખબર ન હોય કે 'હું કોણ છું, શું મારો સ્વભાવ છે' તે શરીરમાં મમતા કરીને જેવું નામકર્મ બાંધ્યું હોય તેવા આકારનાં શરીરમાં જન્મે છે. જેવા પૂર્વે ભાવ કર્યા તેના નિમિત્તથી નામકર્મ બંધાય છે અને તેના નિમિત્તથી નવાં શરીર મળે છે.

કુંભાર જેમ નાનાં મોટાં વાસણ કરે છે તેમ ગોત્રકર્મના નિમિત્તે કોઈ મોટા કુળમાં જન્મે, કોઈ નીચા કુળમાં જન્મે, કોઈ વાણિયાને ઘેર, કોઈ વાઘરીને ઘેર જન્મે વગેરે પ્રકાર ગોત્રકર્મના નિમિત્તે થાય છે.

અંતરાય – ભંડારીની જેમ. પૈસા તો તિજોરીમાં હોય પણ ભંડારી પૈસા નહિ દેવામાં નિમિત્ત થાય છે તેમ અંતરમાં દાન દેવાના ભાવ થાય પણ દાન દેવાનો સમય આવે ત્યારે વૃત્તિ ફરી જાય, એમાં નિમિત્ત કર્મ દાનાન્તરાયકર્મ છે.

દાનના, લાભના, ભોગના, ઉપભોગના અંતરાયમાં નિમિત્ત અંતરાય કર્મ છે.

ખાવાનો ભાવ હોય પણ ભોગવી ન શકે તેમાં અંદરની યોગ્યતા છે અને નિમિત્ત ભોગાન્તરાય કર્મ છે.

ચીજોના ઢગલા પડ્યા હોય પણ ભોગવી શકે નહિ. તેમાં ભોગાંતરાય કર્મ નિમિત્ત છે. ઉપભોગાંતરાયના નિમિત્તે વારંવાર ભોગવવાની વસ્તુને ભોગવી શકે નહિ.

તે આઠ કર્મના સ્વભાવને બતાવનારી અહીં ગાથા આપી છે.

**पडपडिहारसिमज्जाहलिचित्तकुलालभंडयारीणं।**
**जह एदेसिं भावा तहविह कम्मा मुणेयव्वा।।**

**અર્થ :–** પટ (વસ્ત્ર), પ્રતિહાર (દ્વારપાળ), તરવાર, મદ્ય, બેડી, ચિત્રકાર, કુંભાર અને ભંડારી એ આઠનો જેવો સ્વભાવ છે તેવો જ ક્રમથી જ્ઞાનાવરણ આદિ આઠે કર્મોનો સ્વભાવ છે.

**તાત્પર્ય :–** કર્મપુદ્‌ગલો તારી ભૂલનું નિમિત્ત પામી કર્મરૂપે પરિણમી જવા તેને પ્રકૃતિબંધ કહે છે.

બકરી, ગાય, ભેંદ આદિના દૂધમાં જેમ બે પહોર વગેરે સુધી પોતાના મધુર રસમાં રહેવાની સ્થિતિ કહેવાય છે અર્થાત્ બકરીનું દૂધ બે પહોર સુધી મીઠાશવાળું રહે છે તે સ્થિતિનું કથન છે તેમ જે કર્મ જેટલો વખત રહે તે મુદ્દતને સ્થિતિ કહે છે. આત્મા પોતાના સ્વભાવને ભૂલી જે કર્મ બાંધે તેમાં મુદ્દત પડે તેને સ્થિતિ કહે છે. અહીં તો કર્મ રહે તો તે કેટલી મુદ્દત રહે તેનું જ્ઞાન કરાવ્યુ છે. નહિતર પુરુષાર્થ ઉગ્ર કરે તો અલ્પ કાળમાં તોડી નાખે અને કર્મનો નાશ કરે.

આ નિમિત્ત પ્રધાનથી કથન છે પણ નિમિત્તપ્રધાનથી કાર્ય થાય છે એમ નથી. જીવ પોતાની લાયકાતને કારણે રોકાયો છે, કર્મને કારણે નહિ.

**રસ :–** પૂર્વોક્ત બકરી આદિના દૂધમાં તારતમ્યતાથી મીઠાશમાં ફેર છે. જેમ મીઠાશના રહેવામાં ફેર છે. તેમ તેના રસમાં – મીઠાશમાં ફેર છે. જેમ કર્મની મુદ્દતમાં ફેર છે તેમ તેના અનુભાગ – રસમાં પણ ફેર છે.

કર્મનો રસ આકરો છે તે બતાવતાં તારી ઊંધાઈ કેટલી છે તે બતાવી છે. ત્યાં કર્મનું જોર છે એમ બતાવ્યું નથી. એક મિયાણા પાછળ પાંચ પોલીસ છે, તે પોલીસનું બળ બતાવતા નથી પણ મિયાણાનું જોર બતાવે છે. તેમ કર્મના રસમાં અનુભાગ બતાવ્યો છે તે તારી ઊંધાઈ બતાવવા માટે બતાવ્યા છે. તે કર્મનું જોર નથી પણ તારી ઊંધાઈનું જોર છે.

કર્મની સ્થિતિ ઘણી હોય છતાં રસ ઓછો હોય.

કર્મની સ્થિતિ થોડી હોય અને રસ આકરો હોય.

પ્રકૃતિ તે સામાન્ય છે અને રસ તે વિશેષ છે. વિશેષ છે તે અનુભવમાં આવે છે.

ઘાતીકર્મના અનુભાગમાં ચાર પ્રકાર છે. જેટલા પ્રકાર કર્મમાં છે તેટલા પ્રકાર તારી પર્યાયમાં

છે – એમ પર્યાયમાં વિકાર અને તેના નિમિત્ત અને તેને કહેનારા સાચાં દેવ-ગુરુ-શાસ્ત્ર કેવા હોય તે બધું કહી દીધું.

જીવના પ્રદેશોમાં રહેલા કર્મોના પ્રદેશો છે તેની જે સુખ-દુઃખ દેવાની શક્તિ વિશેષ તેને અનુભાગ બંધ જાણવો જોઈએ અને તે ઘાતીકર્મની સાથે સંબંધ રાખવાવાળી શક્તિ વેલ, લાકડું, હાડકું અને પથ્થર એમ ચાર પ્રકારની છે. તે જ પ્રકારે અશુભ અઘાતીકર્મ સંબંધી શક્તિ પણ ચાર પ્રકારની – લીમડો, કાળી જીરી, ઝેર તથા હળાહળ ઝેરની જેમ છે. તથા શુભ અઘાતીકર્મ સંબંધી શક્તિ પણ ગોળ, સાકર, ખાંડ અને અમૃત – એમ ચાર પ્રકારની છે.

પર્યાયમાં આવું બંધન છે એમ જાણીને બધું હેય કરવા જેવું છે. દરેક જીવને દરેક સમયે સિદ્ધ ભગવાનની સંખ્યાથી અનંતમા ભાગમાં કર્મ રજકણો આવે છે અને અભવ્યની સંખ્યાથી અનંતગુણા કર્મરજકણો આવે છે. એક પરમાણુ જીવને નિમિત્ત ન થઈ શકે પણ અનંત રજકણો બંધાય તે જ વિકારમાં નિમિત્ત થઈ શકે – તે સંખ્યાનું માપ કહ્યું.

હવે બંધનું કારણ કહે છે :– જેવો જોગ - કષાય કર તેવો નવો બંધ પડે છે. રાગની તીવ્રતા કેટલી અને નિમિત્તમાં વલણ કેટલું તે બતાવીને અહીં કથન કર્યું છે.

**ભાઈ ! તું વિશ્વાસ લાવ કે મારા આનંદ આગળ બધી પ્રતિકૂળતા અને આખી દુનિયા ભુલાઈ જાય એવી વસ્તુ હું છું. ૧૯૭.**

**પાત્ર થવું કઠણ છે વાતુ કરતાં શીખી ગયો એટલે હું સમજી ગયો એમ માને તો એમ નથી આ તો બાપુ સમજવું બહુ દુષ્કર છે, કેટલી પાત્રતા, કેટલી સજ્જનતા, કેટલી લાયકાત હોય ત્યારે ઈ સમજવાને લાયક થાય. ૧૯૮.**

**(પરમાગમસાર)**

## પ્રસાદ નં. – ૩૫૧

**વી. નિ સં. ૨૪૭૮, આસો વદ ૧૨, વર્ષ ૨જું. પુસ્તક બારમું,**
**સોનગઢ, તા. ૧૫-૧૦-૫૨, બુધવાર.**
**શ્રી દ્રવ્યસંગ્રહ ગાથા–૩૩**
**(આસો વદ ૬, ગુરુવાર, ૯-૧૦-૫૨ બપોર)**

હવે બંધના કારણને કહે છે. 'जोगा पयडिपदेसा ठिदिअणुभागा कसायदो हुंति' જીવને બંધન કેટલા પ્રકારે થાય છે તે બતાવે છે. (૧) યોગથી પ્રકૃતિ અને પ્રદેશબંધ થાય છે અને (૨) કષાયથી સ્થિતિ ને અનુભાગબંધ થાય છે.

આત્માના અસંખ્ય પ્રદેશો કે જે અનંતગુણના ધારક છે, તેનો સ્વભાવ કંપન વિનાનો છે. નિશ્ચયનયથી ક્રિયારહિત શુદ્ધ આત્માના પ્રદેશ છે, તેનો વ્યવહારથી પરિસ્પંદ-કંપ થાય છે. તેને યોગ કહે છે. તે યોગ - પ્રકૃતિ=કર્મનો સ્વભાવ અને પ્રદેશ=કર્મના રજકણની સંખ્યા – તેના બંધનમાં નિમિત્ત થાય છે.

અહીં દ્રવ્યદૃષ્ટિની વ્યાખ્યા કરે છે. દોષ એટલે પર્યાયમાં વિકાર છે, તેનાથી રહિત આત્મવસ્તુ છે એવા ચિદાનંદ આત્માની એકાગ્રતા કહો, ધ્યાન કહો - ભાવના કહો કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહો બધું એક જ છે. તેનું ધ્યાન - એકાગ્રતા = ભાવનાને રોકવાવાળા મિથ્યાત્વ આદિ કષાય છે. અહીં મિથ્યાત્વને કષાયમાં લીધું છે. કેમકે સ્વભાવની અરુચિ અને પુણ્ય-પાપ વિષયોની રુચિ તે આત્માનો અણગમો અને આત્માના વેરીપણાનો ભાવ છે, તે જ આત્માના આનંદને રોકનાર છે, બીજું કોઈ રોકનાર નથી. અહીં કર્મ રોકનાર છે એમ ન કહ્યું. તારો જ્ઞાનાનંદ સ્વભાવ છે તેને તું પ્રગટ ન કર તે તારો દોષ છે. તું પ્રગટ ન કર ત્યારે કર્મને નિમિત્ત કહેવામાં આવે છે.

ભગવાનઆત્માના જ્ઞાનાનંદને રોકનાર સ્વઆનંદની ભાવના ન કરતાં રાગમાં એકતા કરવી તે સ્વ આનંદને રોકનાર છે, બીજું કોઈ રોકનાર નથી.

ભગવાને સાત તત્ત્વોમાં બધું સમાડી દીધું છે. સાત તત્ત્વમાં મોક્ષ છે તે સર્વોત્કૃષ્ટ છે.

સર્વજ્ઞ વીતરાગસ્વભાવ તે મોક્ષ છે. તે સ્વભાવના ધરનાર અર્હંત સિદ્ધ છે. જેને અર્હંત સિદ્ધના અખંડ વીતરાગસ્વભાવનું ભાન થયું તેને પોતાના મોક્ષસ્વભાવનો નિર્ણય થયો. એવા સર્વજ્ઞ વીતરાગસ્વભાવથી વિપરીત કહેનાર હોય તે કુદેવ-કુગુરુ છે તે આસ્રવ-બંધમાં જાય છે. અર્હંત સિદ્ધ આ આત્મામાં આવી જતા નથી પણ તે આત્માના ખ્યાલમાં આવી જાય છે કે તે આવા સર્વજ્ઞ-વીતરાગસ્વભાવવાળા હોય છે. તે કંઈ મને આપવાના સ્વભાવવાળા નથી પણ તે પોતે સર્વજ્ઞ વીતરાગસ્વભાવવાળા છે.

સાત તત્ત્વમાં જીવ મુખ્ય તત્ત્વ છે. તેનો સ્વભાવ શુદ્ધ છે. તેનો સ્વભાવ અહિંસા એટલે કે રાગરહિતતા છે. રાગની ઉત્પત્તિ ન થવી તે જ અહિંસા છે. વીતરાગદશા તે જ અહિંસા છે. કોઈને ન મારવા કે બચાવવા તે અહિંસા નથી.

સાત તત્ત્વમાં દેવ અને ધર્મની પ્રતીતિ આ રીતે આવી જાય છે.

સાતમાં સંવર-નિર્જરા ઉપાદેય છે, તે તત્ત્વ છે અને સંવર-નિર્જરાનો સ્વભાવ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. તેને ધરનારા આચાર્ય-ઉપાધ્યાય-સાધુ છે. તે કોઈ આપી દેતું નથી પણ તે આવા સ્વભાવના ધરનાર છે, આટલી તેની હદ છે. સંવર-નિર્જરા ઉપાદેય છે. તે વીતરાગ તત્ત્વના ધરનાર દેવ-ગુરુ-ધર્મ છે. તે ત્રણેય સાત તત્ત્વમાં આવી જાય છે.

જીવ શુદ્ધ, સંવર, નિર્જરા, મોક્ષ એ ચાર ઉપાદેય છે અને ત્રણ અજીવ, આસ્રવ, બંધ હેય છે. તેને ધરનારા કુદેવ-કુગુરુ-કુશાસ્ત્ર છે. જેણે વિરોધ માર્ગ ચલાવ્યો – પ્રરૂપણા કરી. અજીવ, આસ્રવ, બંધ તે પણ તત્ત્વ છે. સાત તત્ત્વની સાચી પ્રતીતિ થતાં જ્ઞાન પ્રધાન કથનમાં સાચા દેવ-ગુરુ-ધર્મની પ્રતીતિ આવી જાય છે અને કુદેવ આદિની હોવાપણાની પ્રતીતિ આવી જાય છે.

પુણ્ય-પાપ હેય છે તેને ઉપાદેય માને અને સ્વભાવ ઉપાદેય છે તેનું બહુમાન કરે નહિ તે ભાવબંધ છે. તેમાં નિમિત્ત જડબંધ છે, તેમાં રસ કેમ પડે છે ? મિથ્યાકષાયથી રસ પડે છે.

સાત તત્ત્વની વાત કરતાં સર્વજ્ઞતા શું ? અલ્પજ્ઞતા શું ? આદરણીય શું ? એક વાત કરતાં બધું આવી જાય છે. એક વાત લેતાં આખો કંપી ઊઠે છે.

વિદ્વજ્જનબોધકમાં આદિપુરાણનો આધાર આપીને કહ્યું છે કે, આપ્ત, આગમ, ગુરુ પ્રત્યે જેને સાચો પ્રમોદ - હરખ આવ્યો નથી તેને તત્ત્વ તરફની રુચિ બિલકુલ થતી નથી. જેને આપ્ત, આગમ તથા ગુરુ પ્રત્યે યથાર્થ પ્રમોદ આવે છે તેને જ તત્ત્વની રુચિ છે.

**आप्तागमपदार्थानां श्रद्धानं परया मुदा।**
**सम्यग्दशनमाम्नातं प्रथमं मुक्तिसाधनं।।१२८।।**

અર્થ :– આપ્ત, આગમ અને પદાર્થનું જે પરમહર્ષ સહિત શ્રદ્ધાન તે સમ્યગ્દર્શન છે અને તે સમ્યગ્દર્શન જ પ્રથમ મોક્ષનું સાધન માન્યું છે.

સત્ય દેવ, સત્ય ગુરુ પ્રત્યે જેને હરખ આવે છે અને ખોટા દેવ ગુરુ પ્રત્યે પ્રમોદ - હરખ ખસી ગયો છે તેને આત્માનો સાચો પ્રમોદ આવે છે. અર્હંત દેવ, નિર્ગ્રંથ ગુરુ સિવાય સ્વપ્ને પણ આદર આવે નહિ ત્યારે તેને વ્યવહારથી સમ્યક્ત્વ કહે છે.

અહીં શિષ્ય પ્રશ્ન પૂછે છે કે :– કદાચિત્ આસ્રવ અને બંધ થવામાં મિથ્યાત્વ, અવિરતિ આદિ કારણ સમાન છે, તેથી આસ્રવ અને બંધમાં શો તફાવત છે ? તેનો ઉત્તર :– એ શંકા ઠીક નથી, કેમકે પ્રથમ ક્ષણમાં જે કર્મસ્કંધોનું આગમન છે, તે તો આસ્રવ છે અને કર્મસ્કંધોના આગમન પછી બીજી, ત્રીજી આદિ ક્ષણમાં તે કર્મસ્કંધોનું જીવના પ્રદેશોમાં જે સ્થિત થવું તે બંધ છે. આસ્રવ અને બંધમાં આ તફાવત છે.

પ્રશ્ન :– રજકણો આવે અને તેનું બંધન થવું તેમાં શો આંતરો છે ?

ઉત્તર :– ખરેખર તો જે સમયે કર્મરજકણો આવે છે તે જ સમયે બંધ પડે છે પણ અહીં વ્યવહારથી કાળભેદ બતાવી સમજાવે છે. એક ક્ષણમાં કર્મનું આગમન છે તે તો આસ્રવ છે અને આગમન પછી આત્મપ્રદેશે સ્થિત થવું તે બંધ છે. ખરેખર તો જે સમયે આસ્રવ થયો તે જ સમયે આસ્રવ થયો તે જ તેનો બંધકાળ છે.

યોગ અને કષાયોથી પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ અને અનુભાગ – એ ચાર બંધ થાય છે તેથી બંધના નાશ કરવાને માટે યોગ તથા કષાયનો ત્યાગ કરીને પોતાના શુદ્ધાત્મામાં ભાવના કરવી જોઈએ – એ અહીં તાત્પર્ય છે. વસ્તુ આનંદમૂર્તિ છે – તેની શ્રદ્ધા-જ્ઞાન અને રમણતા કરવી તે યોગ કષાયના નાશનું કારણ છે – બીજો કોઈ ઉપાય નથી. કષાયનો ત્યાગ કરીને આત્મામાં ઊતરું તે તો ઉપદેશ કરવાની રીત છે, ખરેખર તો જ્ઞાનાનંદ આત્મામાં શ્રદ્ધા-જ્ઞાન-રમણતા કરતાં કષાય-યોગ ટળી જાય છે.

અહીં વ્યવહારની ભાવના કરવી – એમ ન કહ્યું, પણ વચ્ચે જ્ઞાન કરાવે છે કે સાચાં દેવ-ગુરુ સિવાય આ કથન ક્યાંય હોઈ શકે નહિ.

---

સંવર મોક્ષના કારણરૂપ પર્યાય છે. તેની બે ગાથા કહે છે. પહેલી ગાથામાં ભાવસંવરનું અને બીજી ગાથામાં દ્રવ્યસંવરનું સ્વરૂપ કહે છે.

### ગાથા-૩૪

**चेदणपरिणामो जो कम्मस्सासवणिरोहणे हेदू।**
**सो भावसंवरो खलु दव्वासवरोहणे अण्णो।।३४।।**

**ગાથા ભાવાર્થ :–** જે ચેતનના પરિણામ કર્મના આસ્રવને રોકવામાં કારણ છે તેને નિશ્ચયથી ભાવસંવર કહેવાય છે અને જે દ્રવ્યાસ્રવને રોકવામાં કારણ છે તે બીજો અર્થાત્ દ્રવ્યસંવર છે.

જે આત્માના પરિણામ કર્મને રોકવામાં નિમિત્ત છે તેને ત્રિલોકનાથ ભગવાન ભાવસંવર કહે છે.

**વ્યાખ્યાર્થ :–** 'चेदणपरिणामो जो कम्मस्सासवणिरोहणे हेदू सो भावसंवरो खलु' ચેતનના જે પરિણામ કર્મના આસ્રવને રોકવામાં કારણ થાય છે, તે નિશ્ચયથી ભાવસંવર છે. દ્રવ્યઆસ્રવ ન આવ્યા તેને દ્રવ્યસંવર કહે છે.

હવે સંવરદશા કેમ ઉત્પન્ન થાય છે તે બતાવે છે.

ચેતનના પરિણામ સંવરરૂપ, સંવર એટલે આવરણને રોકવા - નવા અશુદ્ધ પરિણામની ઉત્પત્તિ ન થાય અને અશુદ્ધ પરિણામને રોકે તેને સંવર કહે છે.

ચૈતન્ય છે તે ત્રિકાળી દ્રવ્યરૂપ વસ્તુ છે, તેના પરિણામ તે વર્તમાન પર્યાય છે. ચેતન વસ્તુને અહીં ટીકામાં પરમાત્મા કહ્યો છે. નિશ્ચયનયથી એ પરમાત્મા **સ્વયંસિદ્ધ** છે. કોઈ દિવસ ન હતો એમ નથી - સદાય છે. પોતાનો કારણભગવાન **અન્ય કારણની અપેક્ષાથી રહિત છે.** વસ્તુને શું કારણ હોય ? વસ્તુને કારણ હોય તો તે વસ્તુ જ રહેતી નથી.

આ વ્યાખ્યા ચેતનની ચાલે છે. ગાથામાં વાત તો સંવરનું કારણ જે 'ચેતન પરિણામ' તેની વાત કરી છે, પણ ટીકાકાર પહેલાં ચેતન દ્રવ્યની વ્યાખ્યા કરે છે.

ચેતનસત્તાને કોઈ કારણ હોઈ શકે નહિ. તે અપેક્ષાથી શૂન્ય છે, અને નિરપેક્ષતાથી તેની અસ્તિ છે.

ચેતનદ્રવ્ય છે. તેના આશ્રયે થયેલા પરિણામ તે સંવર છે. સંવર તે અહિંસાસ્વરૂપ છે. તેમાં નિમિત્ત જે દેવ અર્હંત ભગવાન તેને આરોપથી અહિંસાનું નિમિત્ત કહેવાય છે. આવી સંવરની વ્યાખ્યા કરી કોણે ? નિર્ગ્રંથ દેવ-ગુરુએ કરી છે કે ભગવાનઆત્મા ચિદાનંદ છે. છે તે અવિનાશી છે, તેથી નિત્ય છે. પરમ ઉદ્યોતસ્વભાવી છે. કેવો છે ચેતન ? પરમ પ્રકાશ જ તેનો સ્વભાવ છે. અંધકાર અને વિકાર તેના સ્વભાવમાં જ નથી. તો સ્વ ને પરને પ્રકાશવાની તાકાતવાળો છે. કેમ ? કે તેને ચેતનનો પરમ પ્રકાશ સ્વભાવ છે. અહીં ત્રિકાળી ચૈતન્યની વાત છે. કેમકે તેના અવલંબને સંવર પ્રગટે છે.

ચેતનની શરૂઆત નથી - મધ્ય નથી અને અંત નથી. માટે તેને આદિ મધ્ય-અંત વિનાનું કહ્યું છે.

અનાદિ કહેતાં લોકો મુંઝાય છે. આદિ જાણી શક્યા નથી માટે અનાદિ કહો છો ? પણ ભાઈ ! જે છે તેની શરૂઆત નથી. જેની આદિ નથી તેની આદિ કેમ જણાય - અનાદિ તે અનાદિપણે જ જણાય છે. નથી જણાયું માટે અનાદિ કહે છે એમ નથી પણ વસ્તુ સ્વભાવથી

જ અનાદિ છે, તેમ અનાદિ જણાય છે.

જોયેલા, સાંભળેલા અને અનુભવેલા ભોગોની આકાંક્ષારૂપ નિદાનબંધ આદિ સમસ્ત રાગાદિક વિભાવ મળથી રહિત હોવાને કારણે ચૈતન્ય પરમાત્મા અત્યંત નિર્મળ છે.

આ સંવરના નવા પરિણામ ઉત્પત્તિરૂપ થાય છે, અને જૂનાં આસ્રવ-વિભાવનો નાશ થાય છે તેનું કારણ કોણ છે ? કે આત્માના ત્રિકાળી ચૈતન્યસ્વભાવના આશ્રયે તેનો નાશ થાય છે.

કેવો છે ચેતન પરમાત્મા ? પરમ ચૈતન્ય વિલાસરૂપ લક્ષણનો ધારક હોવાથી ચૈતન્ય પરમાત્મા ચિત્ ચમત્કારસ્વરૂપ છે. સ્વ-પરપ્રકાશક ચૈતન્ય ચમત્કાર સ્વરૂપમાં એકાગ્ર થતાં અંતર્મુહૂર્તે, ખરેખર કહીએ તો પહેલા સમયનો વ્યય કરીને બીજે સમયે કેવળજ્ઞાનને ઉત્પન્ન કરે એવો ચૈતન્ય ચમત્કાર છે. કેવળજ્ઞાન પ્રગટ કરે એવો ચમત્કાર ચૈતન્યમાં છે. જ્યાં મતિ રહેતું ત્યાં કેવળજ્ઞાન પ્રગટ કરે એવો ચમત્કાર ચૈતન્યમાં છે.

(૭) કેવો છે આત્મા ? સ્વભાવિક પરમસુખની મૂર્તિનો ધરનાર છે. એકલી આનંદની અણઘડેલી મૂર્તિ છે કેમકે તે પરમસ્વાભાવિક સુખસ્વરૂપ છે.

(૮) કેવો છે ભગવાન ચૈતન્ય ? ભગવાન ચૈતન્ય શક્તિનો ભંડાર, સહજ સ્વભાવ વસ્તુ છે. તેમાં મિથ્યાત્વાદિ પાંચ નથી. તેનો દ્રવ્યસ્વભાવ સર્વ કર્મ રોકવાને સમર્થ છે.

આ ચૈતન્ય પરમાત્મવસ્તુની વ્યાખ્યા ચાલે છે. તે ચૈતન્યના અવલંબને સંસાર પરિત થાય છે. પૂર્વોક્ત લક્ષણ પરમાત્માના છે, તેના સ્વભાવથી ઉત્પન્ન જે આ શુદ્ધ ચેતનપરિણામ તે ભાવસંવર છે.

ભાવસંવર ક્યાંથી થયો ? બાહ્ય મહાવ્રત પાળવાથી ? ક્રિયાકાંડ કરવાથી ? નગ્ન થવાથી થયો ? ના. અંતર ચૈતન્યસ્વભાવના આશ્રયે થાય છે. છતાં બાહ્યમાં તે હોય છે ખરું. વળી કોઈ માની લે કે ગમે તેવું લિંગ હોય અને સંવર - મુનિપણું પ્રગટે – એમ ન બને.

સ્વભાવના આશ્રયે પ્રગટેલું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ને શુદ્ધ ચેતન પરિણામ તે ભાવસંવર છે. ચૈતન્ય દ્રવ્ય પારિણામિકભાવે વસ્તુ છે અને પરિણામ છે તે ઉપશમ-ક્ષયોપશમ-ક્ષાયિક ભાવે પર્યાય છે. હવે તે શુદ્ધ ચેતનપરિણામરૂપ સંવરનું સ્વરૂપ આગળ વિશેષ કહે છે.

## પ્રસાદ નં. – ૩૫૩

**વી. નિ સં. ૨૪૭૮, આસો વદ ૧૪, વર્ષ ૨જાું. પુસ્તક બારમું, સોનગઢ, તા. ૧૭-૧૦-૫૨, શનિવાર.**

**(આસો વદ ૭, શુક્રવાર, ૧૦-૧૦-૫૨ બપોર)**

આ ભાવસંવર અને દ્રવ્યસંવરનો અધિકાર છે. અહીં ચેતન આત્માનું આઠ બોલથી વર્ણન કર્યું. તે ચેતનનો શુદ્ધ પરિણામ તે ભાવસંવર છે. જડ રજકણો અટકવામાં ભાવસંવરનું નિમિત્ત હતું અને તેના નિમિત્તથી નવા રજકણો ન આવ્યા તેને દ્રવ્યસંવર કહે છે.

હવે સંવરના વિષયમાં નયોનો વિભાગ કહે છે. આત્મા ત્રિકાળ ચૈતન્ય છે તેના અવલંબને જે નિર્વિકારી પરિણામ થાય છે તેને ભાવસંવર કહે છે અને રજકણો અટક્યા તેને દ્રવ્યસંવર કહે છે. તે આ પ્રકારે છે.

મિથ્યાત્વ ગુણસ્થાનથી માંડીને ક્ષીણકષાય નામના બારમા ગુણસ્થાન પર્યંત ઉપર ઉપર મંદતાને લીધે તારતમ્યપણે અશુદ્ધ નિશ્ચય વર્તે છે. મિથ્યાત્વ ગુણસ્થાનથી માંડીને બારમા ક્ષીણમોહ ગુણસ્થાન સુધી અશુદ્ધતા વર્તે છે. મિથ્યાત્વ એટલે ભ્રાંતિ – જે વિપરીત બુદ્ધિ તે પ્રથમ ગુણસ્થાનથી માંડી બારમા ગુણસ્થાન સુધી અશુદ્ધતા વર્તે છે. મિથ્યાત્વ, સાસાદન અને મિશ્ર – એ ત્રણ ગુણસ્થાનમાં ઉપર ઉપર મંદતાથી અશુભ ઉપયોગ ગણ્યો છે. તેને શુભ ઉપયોગ ગણવામાં આવ્યો નથી, નવમી ગ્રૈવેયકે જાય પણ તેને અશુભ ગણવામાં આવ્યો છે. જેને સાચાં દેવ-ગુરુ-શાસ્ત્રની પ્રતીત નથી, અને કોઈને કદાચ તેની પ્રતીતિ થઈ, પણ જો તેને આત્માની અંદર પ્રતીત નથી તો તેને અશુભ ઉપયોગ ગણવામાં આવ્યો છે. પછી ભલે તે નગ્ન મુનિ થયો હોય.

આત્મા અખંડ ચિદાનંદસ્વભાવ છે. તેની અંતરદૃષ્ટિ જેને થઈ નથી તે નગ્ન મુનિ થાય તો પણ તેને મુખ્યપણે અશુભ ઉપયોગી કહેવામાં આવ્યો છે.

પહેલા ગુણસ્થાનમાં મુખ્યપણે અશુભોપયોગ છે, તેનાથી મંદ અશુભોપયોગ બીજા સાસાદન

ગુણસ્થાનમાં છે અને તેનાથી મંદ અશુભોપયોગ ત્રીજા મિશ્રગુણસ્થાનમાં છે.

કોઈ શરીરના ખંડખંડ કરે અને રાડ ન નાખે, તોપણ તેને અશુભ ઉપયોગ કહ્યો છે. જેને સાચાં દેવ-ગુરુ-શાસ્ત્રની ખબર નથી તેને તીવ્ર મિથ્યાદૃષ્ટિ અને અશુભોપયોગી કહ્યો છે. પણ વ્યવહારથી જેણે સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર માન્યા છે પણ અંદર નિશ્ચય આત્માનું સ્વરૂપ જાણ્યું નથી તેને અશુભોપયોગી કહ્યો છે.

જેને આ સત્ય સાંભળતાં છતાં હજી કુદેવ-કુગુરુ-કુશાસ્ત્ર છૂટતાં નથી તેને તીવ્ર અશુભોપયોગી કહ્યો છે. કોઈને કદાચ છૂટી જાય પરંતુ અંતર આત્માનું ભાન ન કરે તો પણ તે મિથ્યાદૃષ્ટિ અશુભોપયોગી છે.

એ રીતે પહેલા, બીજા અને ત્રીજા ગુણસ્થાને મંદતાથી અશુભોપયોગ હોય છે. તેનાથી આગળ એટલે કે અસંયત સમ્યગ્દૃષ્ટિ, શ્રાવક અને પ્રમત્ત નામના ત્રણ ગુણસ્થાનોમાં પરંપરાથી શુદ્ધોપયોગનો સાધક ઉપર ઉપર તારતમ્યતાથી શુભઉપયોગ પ્રવર્તે છે. ૪-૫-૬ ગુણસ્થાનમાં શુદ્ધોપયોગ મુખ્ય ગણ્યો નથી. સાતમા ગુણસ્થાનથી શુદ્ધોપયોગ મુખ્ય ગણ્યો છે. તે પહેલાં એટલે કે ચોથા, પાંચમા અને છઠ્ઠા ગુણસ્થાનમાં શુદ્ધોપયોગનો પરંપરાએ સાધક અર્થાત્ નિમિત્ત એવો શુભોપયોગ મુખ્ય કહ્યો છે. ૪-૫-૬ ગુણસ્થાનવાળાને શુદ્ધોપયોગ પ્રગટ્યો તો છે, અંદર આત્માનું નિર્વિકલ્પ વેદન થયું છે, પણ તે મુખ્ય નથી. કેમકે ૪-૫-૬ ગુણસ્થાનવાળાને શુભોપયોગ, દેવ-ગુરુ-શાસ્ત્રના વિકલ્પ વધારે રહ્યા કરે છે. તેથી તેને શુભોપયોગ પ્રધાન ગણીને શુદ્ધોપયોગમાં પરંપરાએ સાધન ગણ્યું છે.

ત્યાર પછી અપ્રમત્ત ગુણસ્થાનથી માંડીને ક્ષીણકષાય ગુણસ્થાન સુધી, છ ગુણસ્થાનોમાં જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ ભેદથી વિવક્ષિત એકદેશ શુદ્ધનયરૂપ શુદ્ધોપયોગ વર્તે છે તે છ ગુણસ્થાનોમાં શુદ્ધોપયોગ ક્રમે ક્રમે વધારે છે. તે એકદેશ શુદ્ધનયનો વિષય ગણ્યો છે કેમકે ત્રિકાળ શુદ્ધનયનો વિષય આખું દ્રવ્ય છે.

જેને કુદેવાદિનો આદર છે તેને સમ્યગ્દર્શન નથી, બીજા ગુણસ્થાનમાં મિથ્યાત્વનો અભાવ ગણી ૧૬ પ્રકૃતિનો સંવર ગણ્યો છે. ત્યાં અનંતાનુબંધીનો ઉદય છે. મિથ્યાત્વનો ઉદય નથી. પહેલા ગુણસ્થાનમાં ૧૬ પ્રકૃતિ આવતી તે બીજા ગુણસ્થાનમાં આવતી નથી તેથી સંવર છે.

બીજા ગુણસ્થાનમાં ૨૫ પ્રકૃતિ બંધાતી તે ચોથે ગુણસ્થાને બંધાતી નથી. લડાઈમાં હોય તો પણ તે ૧૬+૨૫=૪૧ પ્રકૃતિ બાંધતો નથી. તેનો સંવર વર્ત્યા કરે છે. આત્માનું ભાન થયું છે તેને ૪૧ પ્રકૃતિનો સંવર વર્તે છે અને જેને આત્માનું ભાન નથી તે ભલે મુનિ થયો હોય, ક્રિયાકાંડ કરે, ગમે તેવો બાહ્ય સંયમ લોકો કહેતા હોય તોપણ તેને એક રજકણ અટકતો નથી. તેને સંવર બિલકુલ થતો નથી. અનાદિ નિગોદથી માંડીને ૪૧ પ્રકૃતિ ચાલી આવતી તે સમ્યગ્દર્શન થતાં બંધાતી નથી એટલે કે તેનો સંવર થાય છે.

જેને લઈને કર્મનું આવવું અટકે અને અશુદ્ધતા ન થાય તે પરિણામને સંવર કહે છે.

અશુદ્ધનિશ્ચયનયના વિષયમાં મિથ્યાદૃષ્ટિ આદિ ગુણસ્થાનોમાં અશુભ, શુભ અને શુદ્ધ ત્રણે ઉપયોગનું વ્યાખ્યાન કર્યું. ત્યાં જેટલી શુદ્ધતા પ્રગટી તે શુદ્ધનયનો વિષય છે પણ સાથે જે અશુદ્ધતા રહી તેને અશુદ્ધ નિશ્ચયનયનો વિષય કહ્યો છે.

પ્રશ્ન :– ચોથા થી બારમા ગુણસ્થાન સુધી અશુદ્ધનયનો વિષય છે અને તમે કહો છો કે ત્યાં શુદ્ધોપયોગ છે તો અશુદ્ધનયમાં શુદ્ધનય કઈ રીતે સાબિત થાય ? ચોથા ગુણસ્થાનથી બારમા ગુણસ્થાન સુધી નય અશુદ્ધ છે તેમાં શુદ્ધોપયોગ છે ? તે કઈ રીતે બને ?

ઉત્તર :– શુદ્ધોપયોગમાં શુદ્ધ, બુદ્ધ એક સ્વભાવનો ધારક જે નિજ આત્મા છે તે ધ્યેય થાય છે. તે કારણથી શુદ્ધ ધ્યેય (ધ્યાન કરવાયોગ્ય પદાર્થ) હોવાથી શુદ્ધ અવલંબન (આધાર)પણાથી તથા શુદ્ધ આત્મસ્વરૂપનો સાધક હોવાથી શુદ્ધોપયોગ સિદ્ધ થાય છે.

દેહ જડ છે, હિંસાદિ ભાવ અશુભ છે, દયાદિભાવ શુભ છે, તે રહિત જ્ઞાયક નિજાત્મા જ ધ્યેય છે. ત્રિકાળ જ્ઞાનાનંદ શુદ્ધ બુદ્ધ એક સ્વભાવ તે શુદ્ધોપયોગનું ધ્યેય છે તેથી શુદ્ધ ધ્યેય હોવાથી, પુણ્ય-પાપ લાગણી વિનાનો એકરૂપ ભગવાનઆત્મા શુદ્ધોપયોગનો ધ્યેય હોવાથી, શુદ્ધોપયોગનું અવલંબન - આધાર છે. પુણ્ય-પાપ-દયા-દાન શુદ્ધોપયોગનું અવલંબન નથી, વ્યવહાર કે વિકાર પણ અવલંબન નથી કેમકે તેનું ધ્યેય પરનિમિત્ત ઉપર જાય છે. તેનું અવલંબન પર છે, આધાર પર છે.

પુણ્ય-પાપના પરિણામનું ધ્યેય પર છે, અવલંબન પર છે, બંધનું સાધક છે, શુદ્ધોપયોગનું ધ્યેય આત્મા છે, અવલંબન આત્મા છે અને શુદ્ધોપયોગનું સાધક આત્મા છે. પુણ્ય-પાપ રહિત શુદ્ધોપયોગનું ધ્યેય ભગવાન ચિદાનંદ આત્મા છે, શુદ્ધોપયોગનું અવલંબન આત્મા છે અને શુદ્ધોપયોગનું સાધક આત્મા છે. એકાગ્રતાનું ધ્યેય આત્મા, એકાગ્રતાનું અવલંબન આત્મા અને એકાગ્રતાનું સાધન આત્મા છે. આત્માનું ધ્યાન કરનારને તે શુદ્ધોપયોગ સાબિત થાય છે. તે છે તો અશુદ્ધનયનો વિષય, છતાં તેને શુદ્ધોપયોગ કેમ સાબિત થાય છે તે બતાવે છે.

સંવર અને શુદ્ધોપયોગ બન્ને એક જ વાત છે. આત્મા જ્ઞાયક ચિદાનંદ ભગવાન છે તેના અવલંબને પ્રગટેલો પરિણામ તેને શુદ્ધોપયોગ કહો કે સંવર કહો બન્ને એક જ છે. તે સંવર સંસારના કારણભૂત મિથ્યાત્વ રાગ-દ્વેષ જેવો અશુદ્ધ નથી, અને ફળભૂત જે કેવળ પર્યાય તેની જેમ શુદ્ધ પણ નથી. શુદ્ધોપયોગ - ભગવાનઆત્મા પોતામાં અંતર્લીન થતાં પ્રગટતું જે કેવળ-અત્યંત નિર્મળદશા – તેના જેવો શુદ્ધ પણ નથી અને મિથ્યાત્વ, રાગ-દ્વેષ જેવો અશુદ્ધ પણ નથી.

ચોથા ગુણસ્થાનમાં શુદ્ધોપયોગ ગૌણ છે અને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનો વિકલ્પ ઘણો કાળ હોવાથી તેને શુદ્ધોપયોગ ગૌણ કહ્યો છે. શુભોપયોગ મુખ્ય કહ્યો છે.

ચોથા ગુણસ્થાનમાં નિર્વિકલ્પ અનુભવ થોડો કાળ હોય છે. પાંચમા ગુણસ્થાને ચોથા કરતાં વધારે હોય છતાં પણ થોડો છે. માટે તેને પણ શુદ્ધોપયોગ ગૌણ કહ્યો છે.

શુદ્ધોપયોગ ચોથા-પાંચમા અને છઠ્ઠા ગુણસ્થાને ગૌણપણે છે અને સાતથી બારમા ગુણસ્થાન સુધી જઘન્ય-મધ્યમ-ઉત્કૃષ્ટપણે મુખ્યપણે છે ને ચોથાથી બારમા ગુણસ્થાન સુધીને અશુદ્ધનયનો વિષય કેમ કહીએ છીએ કે સાધક છે તે સંપૂર્ણ નિર્મળ નથી તેમ સંપૂર્ણ અશુદ્ધ નથી. જો તદ્દન અશુદ્ધ હોય તો સાધકભાવ કેમ કહેવાય ? અને જો સર્વથા શુદ્ધતા થઈ હોય તો પણ સાધક કેમ કહેવાય. માટે સાધકદશા છે તેને એકદેશ અશુદ્ધનય કહ્યો છે. કારણ કે પૂર્ણ શુદ્ધતા થઈ નથી.

તે શુદ્ધ અને અશુદ્ધ બન્ને પર્યાયથી વિલક્ષણ - પૂર્ણ શુદ્ધતા પ્રગટી નથી માટે તેને પૂર્ણ અશુદ્ધ કહેવો અથવા તેને પૂર્ણ શુદ્ધ કહેવો ? ના. જેટલી શુદ્ધતા પ્રગટી છે તે અપેક્ષાએ તેને શુદ્ધ કહેવો અને જેટલી મલિનતા બાકી છે તેટલી અપેક્ષાએ અશુદ્ધ કહેવો એમ બે અપેક્ષાએ કહેવાય છે.

મુનિરાજને લખવા વખતે શુભ વિકલ્પ છે, તે કહે છે કે અમને શુદ્ધોપયોગ ગૌણ છે, અમે અંતરમાં લીન થઈએ ત્યારે અમને શુદ્ધોપયોગ મુખ્ય છે. તે શુદ્ધ, અશુદ્ધ, મિથ્યાત્વ - રાગ-દ્વેષ વગેરે પર્યાયથી આનું લક્ષણ બીજી જાતનું છે અને પૂર્ણ કેવળજ્ઞાનપર્યાયથી આનું લક્ષણ જુદું છે.

આ શુદ્ધોપયોગ આત્માના અનુભવ સ્વરૂપ છે તે એકદેશ પ્રગટરૂપ તેને એક અંશે આવરણ રહિત અને એક અંશે આવરણ સહિત છે એવી તૃતીય અવસ્થાન્તરરૂપ છે.

ત્રિકાળ વસ્તુને જ માને પણ પર્યાયની તારતમ્યતાને ન માને તે પણ વસ્તુને સમજતો નથી અને તારતમ્યતાને જ માને પણ ત્રિકાળ સ્વભાવને ન માને તે પણ વસ્તુને સમજતો નથી.

મુનિને કે સમ્યગ્દ્રષ્ટિને શુભોપયોગ કરું તેની મુખ્યતા નથી પણ સહજ - હઠ વિના શુભ આવી જાય છે તેની મુખ્યતા કરીને શુદ્ધોપયોગ ગૌણ કહ્યો છે. મુનિને પોતાને યોગ્ય બાહ્યક્રિયા જેમ બને તેમ બને છે પણ તેને ખેંચીતાણી તેઓ કરતા નથી, તે શુદ્ધોપયોગના ઉદ્યમી હોય છે.

કેવળ જેવી શુદ્ધપર્યાય નથી અને મિથ્યાત્વ, રાગ જેવી તીવ્ર અશુદ્ધતા નથી એવી દશાને સાધકદશા કહી છે. સર્વથા શુદ્ધ નહીં અને સર્વથા અશુદ્ધ નહિ એવી ત્રીજી સાધકદશા છે.

## પ્રસાદ નં. – ૧

### વી. નિ સં. ૨૪૭૯, કારતક સુદ ૧, વર્ષ ત્રીજું પુસ્તક પહેલું, સોનગઢ, તા. ૧૯-૧૦-૫૨, રવિવાર.
### શ્રી દ્રવ્યસંગ્રહ ગાથા–૩૪
### (આસો વદ ૮, શનિવાર, ૧૧-૧૦-૫૨ બપોર)

એક ચેતન અને ચેતનનાં પરિણામ – એ બેનો અધિકાર ચાલે છે. આ ભાવસંવર એટલે કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ તેનો અધિકાર છે. ચેતન અને ચેતનના પરિણામ – એમ બે વસ્તુ છે તેમાં પરિણામનો અધિકાર ચાલે છે.

મોક્ષ છે તે પૂર્ણ પવિત્ર દશા છે. તે દશાનું કારણ કોણ ? એ દશા પ્રગટી ક્યાંથી ? આત્માની આનંદદશા, તેના કારણરૂપ ભાવસંવર પર્યાય તેનો અધિકાર છે. તો આચાર્યે ખુલાસો કર્યો કે ભાવસંવરનું કારણ કોણ ? તે તે પરિણામનું કારણ ત્રિકાળી ચેતન આત્મા છે. વસ્તુ સ્વ-પરપ્રકાશક પરિપૂર્ણ ચૈતન્ય તેને દ્રવ્ય કહીએ, તેના આધારે ભાવસંવર પરિણામ થાય છે.

'चेतनपरिणामो' = એક પદ છે. તેને ભાવસંવર કહે છે. એટલે કે તેને ધર્મ કહે છે અને તે મોક્ષદશાનું કરાણ છે અને તે સંવર પર્યાયનું કારણ ત્રિકાળી ચૈતન્યદ્રવ્ય છે. એ ચૈતન્યદ્રવ્યને જૈનના અન્ય સંપ્રદાય બીજી રીતે કહેતા હોય તો અહીં સ્પષ્ટ કરી આપ્યું કે આને અમે ચૈતન્ય કહીએ છીએ.

ભગવાનઆત્મા ચૈતન્ય જ્ઞાયક છે તેના અવલંબને થયેલા પરિણામ તે ભાવસંવર છે.

શિષ્ય પૂછે છે કે :– ભગવાન ! તે પૂર્ણદશા નથી માટે તે અશુદ્ધનયનો વિષય છે. તો તે પરિણામને શુદ્ધતા કેમ લાગુ પડે ?

ઉત્તર :– સાંભળ ! સાતમી ભૂમિકાથી મુખ્યપણે શુદ્ધોપયોગ થાય છે. ગૌણપણે ચોથા ગુણસ્થાનથી શરૂ થાય છે. સાતમા ગુણસ્થાનથી મુખ્યપણે શુદ્ધોપયોગ હોવા છતાં તેમાં જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એવા ભેદ પડે છે. આવા પર્યાયના પ્રકારની ખબર ન પડે તો સમજાય નહિ. ભલે કેવળ નથી છતાં રાગનો અભાવ થઈ આત્માનો અનુભવ થયો છે તેથી તેને શુદ્ધતા પ્રગટી છે એમ પણ કહીએ છીએ.

આચાર્ય ભગવાનની ધ્વનિ ઊંડી છે, કે તે ચેતન છે તે જ્ઞાન છે તે અંતરમાં સ્વ-પરપ્રકાશક છે ને અંતરમાં ઉતરે ત્યારે જ્ઞાયકના પરિણામ થાય છે, કંઈ રાગ-દ્વેષના પરિણામ થતા નથી.

ચેતનના પરિણામરૂપ સંવરભાવ તેને શુદ્ધોપયોગ કહ્યો હતો ને તે નીચલાની અપેક્ષાએ શુદ્ધ અને ઉપલા ગુણસ્થાનની અપેક્ષાએ અશુદ્ધ કહ્યો છે. તે ચેતન પરિણામ માટે હવે બીજો પ્રશ્ન ઉઠાવે છે.

પ્રશ્ન :– કેવળજ્ઞાન સમસ્ત આવરણ રહિત અને શુદ્ધ છે માટે કેવળજ્ઞાનનું કારણ પણ સમસ્ત આવરણ રહિત અને શુદ્ધ હોવું જોઈએ કારણ કે શાસ્ત્રનું વચન છે કે 'ઉપાદાનકારણ જેવું કાર્ય હોય છે'. ચેતન પરિણામ સંવર તે એક અંશે આવરણ રહિત છે અને એક અંશે પ્રગટરૂપ છે. આ આત્માને સંવર થયો તે કેવળજ્ઞાનનું કારણ કહ્યો છે અને તે સંવરનું કારણ ચેતન કહો છો પણ તે પૂર્ણ નિરાવરણનું કારણ પૂરું નિરાવરણ હોવું જોઈએ.

આ આત્મામાં સ્વભાવના અવલંબને પ્રગટેલા પરિણામ તેને કેવળનું કારણ કહો તે કેવળજ્ઞાન તદ્દન નિરાવરણ છે ને તેનું કારણ એકદેશ પ્રગટરૂપ ને એકદેશ આવરણ રહિત એવો ભાવસંવર કેમ હોઈ શકે ?

ભગવાનઆત્મા ચૈતન્યપ્રભુ છે તેને અવલંબને સમ્યગ્દર્શન થયું ને એકદેશ શુદ્ધતાની પ્રગટતા થઈ. મોક્ષનો માર્ગ સંવરદશા તે એક અંશે આવરણ રહિત છે અને કેવળજ્ઞાન સંપૂર્ણ આવરણ રહિત છે. વળી સંવર એકદેશ પ્રગટ થયો છે અને કેવળજ્ઞાનની સંપૂર્ણ પ્રગટતા છે. તેથી તે એકદેશ આવરણ રહિત અને એકદેશ પ્રગટતા તે સર્વદેશ નિરાવરણ અને સર્વથા પ્રગટ એવા કેવળજ્ઞાનનું કારણ કેમ હોઈ શકે ?

ઉપાદાન કારણ સદૃશ કાર્ય થાય છે તે સદૃશતા કઈ જાતની છે તે પૂછવા માગે છે.

સંવરને એક અંશે આવરણરહિત કહ્યું અને કેવળજ્ઞાનને સર્વ આવરણ રહિત કહ્યું છે. તે કારણ સમાન કાર્ય રહ્યું નહિ. પૂર્ણ શુદ્ધનું કારણ પૂર્ણ શુદ્ધ હોય એ તો બરાબર એમ પણ તમે કહો છો તેમાં સદૃશતા આવતી નથી.

શંકાનો ઉત્તર :– અહીં નિમિત્ત કારણની તો વાત જ લીધી નથી. દ્રવ્ય ઉપાદાનકારણ છે પણ અત્યારે તે વાત નથી. અહીં પર્યાય ઉપાદાનકારણની વાત છે.

સોનું ૧૬ વલાનું અધોભાગ ૧૫ વલું છે. તે ૧૫ વલામાં જે સોનાપણું છે તે સોનાની સદૃશ કાર્ય થયું છે. અહીં ભિન્ન–અભિન્ન – કાળભેદની વાત નથી. સમય અભેદ છે.

સોળવલું સોનું કાર્ય છે અને પંદર વલાનો વ્યય – તે બન્નેનો સમય એક છે.

'पुव्वपरिणामजुत्तं दव्वं कारणं અને उत्तर परिणामजुतं दव्वं कार्य' અભેદ લેવું છે તે સોનામાંથી સોનું તે અભેદ છે અને ૧૫ વલામાંથી સોળ અને ૧૫નો વ્યય અને ૧૬નો ઉત્પાદ તે ભેદ છે એમ ભેદ અને અભેદ બંને છે.

સમાનતાની વ્યાખ્યામાં સોળવલામાં સોનું - પંદર વલુ સોનું – તેમાં સોનુ-સોનુ તે સમાન

કારણ છે. સોળવલાનું કારણ સોળવલું હોઈ શકે નહિ. પરિણામના તારતમ્યનું વર્ણન છે પણ કાળભેદનું વર્ણન નથી. અહીં સમયભેદ છે એમ સિદ્ધ નથી કરવું પણ અહીં સોનાનું સામર્થ્ય છે. તેની તારતમ્યતાનું ભેદ-અભેદનું વર્ણન કરવું છે. સોળવલું જે કાર્ય તેનાથી પંદરવલું – તે એકદેશ ભિન્ન હોય છે કાર્યથી કારણ એકદેશ ભિન્ન હોય છે.

માટીનું કાર્ય જે ઘડો તેનું કારણ મૃત્તિકા-પિંડ-સ્થાસ-કોશ-કુશૂલ વગેરે દશાઓ ઉપાદાન કારણ છે.

અહીં સમાન-અસમાન પોતાની અપેક્ષાએ છે, પરની અપેક્ષાએ નથી. સોનામાં ૧૫ વલામાં અસમાનતા છે તે તાંબાના કારણે છે એમ નથી. પિંડદશા છે તે માટીના છે અને ઘડો પણ માટીની જ દશા છે. માટે માટી અપેક્ષાએ સમાન છે, પર્યાયની સ્વતંત્રતા – તારતમ્યતા અને સદૃશતાની અપેક્ષાએ ભેદ–અભેદપણું માટીમાં જ છે, પરમાં નથી.

સોનાની પર્યાય પલટીને ૧૬ વલું થાય તે સ્વતંત્ર છે. સોનાપણું બંનેમાં સદૃશ છે. તેથી સમાનતાએ અભેદ છે. ૧૬ વલાથી ૧૫ વલામાં એકદેશે ભિન્નદશા છે. છતાં સોના અપેક્ષાએ સમાનતા છે, કેમકે ૧૫ વલામાં કપડું હતું અને ૧૬ વલામાં માટી આવી – એમ નથી.

ભગવાન ! ભાવસંવરના પરિણામ પૂર્ણ નિરાવરણ નથી તે પૂર્ણ નિરાવરણનું કારણ કેમ થાય ?

જો સર્વથા કારણ-કાર્યનો અભેદ અથવા ભેદ હોય તો કારણ-કાર્ય ભેદ જ સિદ્ધ નહિ થાય. તો ૧૬ વલાનું કારણ ૧૬ વલું, કેવળજ્ઞાનનું કારણ કેવળજ્ઞાન, સિદ્ધદશાનું કારણ સિદ્ધદશા – એ રીતે કોઈ મેળ જ ખાશે નહિ.

કારણ-કાર્યમાં સમાનતા પણ છે અને ભેદ પણ છે – એમ અહીં અનેકાંત સિદ્ધ કર્યું.

જેમ ઘડાનું કારણ ઘડો, કેવળનું કારણ કેવળ – એમ હોઈ શકે ? અહીં અધૂરું વ્યય તરીકે વ્યય સિદ્ધ કરવો છે. અહીં દ્રવ્ય ઉપાદાનકારણ સિદ્ધ નથી કરવું. દ્રવ્ય તો ઉપાદાનકારણ છે જ, પણ પરિણામની સ્વતંત્રતા બતાવવા પરિણામનું કારણ કહેવુ છે.

ચૈતન્ય સંવરનું કારણ છે તે પરમ શુદ્ધનિશ્ચયથી છે પણ ચેતનપર્યાય કારણ અને કેવળ કાર્ય છે. જો સર્વથા અભેદ હોય તો કેવળ કેવળનું કારણ – એમ થશે. તો પર્યાયમાં તારતમ્યતા સિદ્ધ થશે નહિ.

સંવર એકદેશ શુદ્ધ છે ને શુદ્ધતાની અપેક્ષાએ તે ચેતન જ પૂર્ણ શુદ્ધતારૂપ થઈ જશે. ચેતનના પરિણામની અપેક્ષાએ સદૃશતા અને પરિણામની હીનાધિકતાની અપેક્ષાએ અસદૃશતા છે.

જેને નિમિત્તનો પલટો થયો નથી તેને ઉપાદાનનો પલટો થાય એમ ત્રણ કાળમાં બને નહિ. 'શ્રી નેમિચંદ્ર સિદ્ધાંતચક્રવર્તી' 'ગોમ્મટસાર'માં કહે છે કે જેણે કુદેવ-ગુરુ-શાસ્ત્ર માન્યા તેને ગૃહીત મિથ્યાત્વ ટળ્યું નથી, કેમકે કુદેવાદિ ગૃહીત મિથ્યાત્વનું નોકર્મ છે, તે મિથ્યાત્વનું

આયતન છે.

એકદેશ નિરાવરણ અને એકદેશ વ્યક્તિરૂપ તે ક્ષાયોપશમિકભાવ છે, ને કેવળજ્ઞાન ક્ષાયિકભાવ છે અને ભાવસંવર ક્ષાયોપશમિકજ્ઞાન છે. એકદેશ શુદ્ધતા - સંવર તે એકદેશ શુદ્ધનય છે ને પૂર્ણ શુદ્ધતાનું કારણ છે. ક્ષાયોપશમિકજ્ઞાન ક્ષાયિકજ્ઞાનનું કારણ છે અને એકદેશ શુદ્ધતા - સંવર પૂર્ણ શુદ્ધતાનું કારણ છે.

ક્ષયોપશમ = ઓછું જ્ઞાન, નીચે ભાવસંવર થયો તે એકદેશ શુદ્ધ છે અને જે જ્ઞાન છે તે એકદેશ નિરાવરણ ઉઘાડ છે.

એકદેશ નિરાવરણ તે જ્ઞાન છે અને એકદેશ શુદ્ધતા તે ભાવસંવર છે. તે બંને સંપૂર્ણ નિરાવરણ અને પૂર્ણ શુદ્ધતાનું કારણ છે.

સમાનતા અને અસમાનતા બંને છે. અંશે શુદ્ધ અને અંશે નિરાવરણ તે પૂર્ણ શુદ્ધતા અને પૂર્ણ નિરાવરણનું કારણ છે કે નહિ ? તે બતાવવું છે. તે ક્ષયોપશમજ્ઞાનને વિશેષ સિદ્ધ કરવા દાખલો આપીને કહે છે.

**જયવંત વર્તો શાસન પ્રભાવક શ્રી સદ્ગુરુદેવ**
**અને**
**તેમની શાસન પ્રભાવના !**

